Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

નમઃ સર્વજ્ઞાય।

**શ્રીમદ્મૃતચન્દ્રસૂરિવિરચિત**

**સંસ્કૃત કળશ સહિત**

**કવિવર બનારસીદાસજી રચિત**

# નાટક સમયસાર

(સરળ ટીકા સહિત)

❄

ટીકાકાર
**દેવરી (સાગર) નિવાસી બુદ્ધિલાલ શ્રાવક**

❄

અનુવાદક
**શ્રી બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ**
બી.એ.ઓનર્સ, એસ.ટી.સી., રાષ્ટ્રભાષારત્ન

❄

પ્રકાશક
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & our Request

This shastra has been kindly donated by Sanjeev Madhubhai Shah, London, UK who has paid for it to be "electronised" and made available on the internet in memory of Mrs Hiruben Rajpar Shah and Mrs Savitaben Jivraj Shah.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of the Gujarati Shree Naatak Samaysaar is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

પ્રથમાવૃતિઃ પ્રત ૨૧૦૦
વીર સંવત્ ૨૪૯૯
દ્વિતીયવૃતિઃ પ્રત ૧૧૦૦
વીર સંવત્ ૨૫૦૨
તૃતીયાવૃતિઃ પ્રત ૨૦૦૦
વીર સંવત્ ૨૫૨૩

*

# પ્રકાશકીય નિવેદન

શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસારજી શાસ્ત્રની રચના કરીને જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે, શ્રી અમૃતચંદ્રાચાર્યે આ શાસ્ત્રની આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા કરીને ગહન વિષયને પણ સરળ કર્યો છે તથા તેમણે આ શાસ્ત્રના કળશો સંસ્કૃત પદ્યોમાં રચ્યા છે. વિદ્વદ્વર્ય શ્રી પાંડે રાજમલજીએ કળશો ઉપર બાલબોધિની ટીકા કરી છે અને તેના ઉપરથી વિદ્વાન પં. કવિવર શ્રી બનારસીદાસજીએ આ સમયસાર નાટકની રચના કરી છે. આ ગ્રંથ અધ્યાત્મનું એક ઉજ્જવલ રત્ન છે અને પઠન-પાઠન માટે અત્યુપયોગી છે. પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આ ગ્રંથ ઉપર પોતાની સચોટ અને સુબોધ શૈલીથી રોચક પ્રવચન કર્યાં છે. તેથી આ સર્વ આત્માનુભવી મહાત્માઓનો જૈન જગત ઉપર પરમ ઉપકાર છે.

શ્રી બુદ્ધિલાલજી શ્રાવક દ્વારા સંપાદિત સમયસાર નાટકનો આધાર લઈને આ સંસ્થા તરફથી આ ગ્રંથ હિન્દીમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેનો ગુજરાતી અનુવાદ વઢવાણ નિવાસી સદ્ધર્મપ્રેમી બ્ર. ભાઈશ્રી વ્રજલાલ ગિરધરલાલ શાહે જિનવાણી પ્રત્યેની ભક્તિવશ, અત્યંત ઉલ્લાસપૂર્વક, તદ્દન નિઃસ્પૃહ ભાવે કરી આપ્યો છે. તે બદલ તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

II

આ ગ્રંથનું મુદ્રણકાર્ય અજિત મુદ્રણાલયના સંચાલક શ્રી મગનલાલજી જૈને કર્યુ છે. તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

"નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ" પંડિતજીના આ કથનાનુસાર જે કોઈ ભવ્ય જીવ આ ગ્રંથના ઉચ્ચ આશયને અંતરમાં પરિણમાવશે તેનાં હૃદય-કબાટ ખૂલી જશે અને તેમનું આત્મકલ્યાણ અવશ્ય થશે.

સોનગઢ સાહિત્યપ્રકાશન
સમિતિ
વિ.સં ૨૦૨૯ વૈશાખ સુદ ૨ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
શ્રી કાનજીસ્વામીની ૮૪ મી સોનગઢ(સૌરાષ્ટ્ર)
જન્મજયંતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| કવિવર બનારસીદાસજીનું જીવનચરિત્ર | | અજીવનું વર્ણન | ૧૭ |
| હિન્દી ટીકાકારનું મંગલાચરણ | ૧ | પુણ્યનું વર્ણન | ૧૭ |
| ગ્રંથકારનું મંગલાચરણ | | પાપનું વર્ણન | ૧૭ |
| શ્રી પાર્શ્વનાથજીની સ્તુતિ | ૨ | આસ્રવનું વર્ણન | ૧૭ |
| શ્રી સિદ્ધની સ્તુતિ | ૫ | સંવરનું વર્ણન | ૧૮ |
| શ્રી સાધુની સ્તુતિ | ૫ | નિર્જરાનું વર્ણન | ૧૮ |
| સમ્યગ્દ્રષ્ટિની સ્તુતિ | ૬ | બંધનું વર્ણન | ૧૮ |
| ઉત્થાનિકા | | મોક્ષનું વર્ણન | ૧૯ |
| મિથ્યાદ્રષ્ટિનું લક્ષણ | ૮ | વસ્તુનાં નામ | ૧૯ |
| કવિસ્વરૂપનું વર્ણન | ૯ | શુદ્ધ જીવ દ્રવ્યનાં નામ | ૧૯ |
| કવિની લઘુતાનું વર્ણન | ૧૦ | સામાન્ય જીવ દ્રવ્યનાં નામ | ૨૦ |
| ભગવાનની ભક્તિથી અમને | | આકાશનાં નામ | ૨૦ |
| બુદ્ધિબલ પ્રાપ્ત થયું છે. | ૧૧ | કાલનાં નામ | ૨૧ |
| નાટક સમયસારનો મહિમા | ૧૨ | પુણ્યનાં નામ | ૨૧ |
| અનુભવનું વર્ણન | ૧૩ | પાપનાં નામ | ૨૧ |
| અનુભવનું લક્ષણ | ૧૩ | મોક્ષનાં નામ | ૨૧ |
| અનુભવનો મહિમા | ૧૩ | બુદ્ધિનાં નામ | ૨૧ |
| જીવદ્રવ્યનું સ્વરૂપ | ૧૪ | વિચક્ષણ પુરુષનાં નામ | ૨૨ |
| પુદ્ગલ દ્રવ્યનું લક્ષણ | ૧૫ | મુનીશ્વરનાં નામ | ૨૨ |
| ધર્મ દ્રવ્યનું લક્ષણ | ૧૫ | દર્શનનાં નામ | ૨૨ |
| અધર્મ દ્રવ્યનું લક્ષણ | ૧૫ | જ્ઞાન અને ચારિત્રનાં નામ | ૨૩ |
| આકાશ દ્રવ્યનું લક્ષણ | ૧૬ | સત્યનાં નામ | ૨૩ |
| કાલ દ્રવ્યનું લક્ષણ | ૧૬ | જૂઠનાં નામ | ૨૩ |
| જીવનું વર્ણન | ૧૬ | નાટક સમયસારના બાર અધિકાર | ૨૩ |

| **વિષય** | **પૃષ્ઠ** | **વિષય** | **પૃષ્ઠ** |
|---|---|---|---|
| **૧. જીવ દ્વાર** | | તીર્થંકર ભગવાનના શરીરની સ્તુતિ | ૪૪ |
| ચિદાનંદ ભગવાનની સ્તુતિ | ૨૫ | જિનરાજનું યથાર્થ સ્વરૂપ | ૪૬ |
| સિદ્ધ ભગવાનની સ્તુતિ | ૨૫ | પુદ્‌ગલ અને ચૈતન્ય ભિન્ન સ્વભાવ | |
| જિનવાણીની સ્તુતિ | ૨૬ | ઉપર દૃષ્ટાંત | ૪૬ |
| કવિ વ્યવસ્થા | ૨૭ | તીર્થંકરના નિશ્ચય સ્વરૂપની સ્તુતિ | ૪૬ |
| શાસ્ત્રનું માહાત્મ્ય | ૨૮ | નિશ્ચય અને વ્યવહાર નયની અપેક્ષા શરીર અને | |
| નિશ્ચયનયની પ્રધાનતા | ૨૯ | જિનવરનો ભેદ | ૪૮ |
| સમ્યગ્દર્શનનું સ્વરૂપ | ૩૦ | વસ્તુસ્વરૂપની પ્રાપ્તિમાં ગુપ્ત લક્ષ્મીનું દૃષ્ટાંત | ૪૮ |
| જીવની દશાપર અગ્નિનું દૃષ્ટાંત | ૩૧ | ભેદવિજ્ઞાનની પ્રાપ્તિમાં ધોબીના | |
| જીવની દશાપર સોનાનું દૃષ્ટાંત | ૩૧ | વસ્ત્રનું દૃષ્ટાંત | ૫૦ |
| અનુભવની દશામાં સૂર્યનું દૃષ્ટાંત | ૩૩ | નિજાત્માનું સત્ય સ્વરૂપ | ૫૧ |
| શુદ્ધનયની અપેક્ષાએ જીવનું સ્વરૂપ | ૩૪ | તત્ત્વજ્ઞાન થયા પછી જીવની અવસ્થાનું વર્ણન | ૫૧ |
| હિતોપદેશ | ૩૪ | વસ્તુસ્વભાવની પ્રાપ્તિમાં નટીનું દૃષ્ટાંત | ૫૨ |
| સમ્યગ્દષ્ટિના વિલાસનું વર્ણન | ૩૫ | પ્રથમ અધિકારનો સાર | ૫૩ |
| ગુણ-ગુણી અભેદ છે | ૩૬ | **૨. અજીવ દ્વાર** | |
| જ્ઞાનીઓનું ચિંતવન | ૩૭ | અજીવ અધિકારનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા | ૫૫ |
| સાધ્ય-સાધકનું સ્વરૂપ અથવા દ્રવ્ય અને ગુણ- | | મંગલાચરણ-ભેદવિજ્ઞાન દ્વારા પ્રાપ્ત | |
| પર્યાયોની અભેદ-વિવક્ષા | ૩૮ | પૂર્ણજ્ઞાનની વંદના | ૫૫ |
| દ્રવ્ય અને ગુણ-પર્યાયોની ભેદવિવક્ષા | ૩૮ | શ્રી ગુરુની પારમાર્થિક શિક્ષા | ૫૬ |
| વ્યવહાર નયથી જીવનું સ્વરૂપ | ૩૯ | જીવ અને પુદ્‌ગલનું લક્ષણ | ૫૭ |
| નિશ્ચય નયથી જીવનું સ્વરૂપ | ૪૦ | આત્મજ્ઞાનનું પરિણામ | ૫૮ |
| શુદ્ધ નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ | ૪૦ | જડચેતનની ભિન્નતા | ૫૮ |
| શુદ્ધ અનુભવની પ્રશંસા | ૪૦ | દેહ અને જીવની ભિન્નતા ઉપર દૃષ્ટાંત | ૫૯ |
| જ્ઞાતાની અવસ્થા | ૪૧ | જીવ અને પુદ્‌ગલની ભિન્નતા | ૫૯ |
| ભેદવિજ્ઞાનનો મહિમા | ૪૨ | દેહ અને જીવની ભિન્નતા ઉપર બીજું દૃષ્ટાંત | ૬૦ |
| પરમાર્થની શિક્ષા | ૪૩ | આત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ | ૬૦ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| અનુભવ વિધાન | ૬૧ | પદાર્થ પોતાના સ્વભાવનો કર્તા છે | ૮૦ |
| મૂઢ સ્વભાવ વર્ણન | ૬૨ | જ્ઞાનનો કર્તા જીવ જ છે અન્ય નથી | ૮૦ |
| જ્ઞાતાનો વિલાસ | ૬૩ | આ વિષયમાં શિષ્યની શંકા | ૮૦ |
| ભેદવિજ્ઞાનનું પરિણામ | ૬૪ | ઉપરની શંકાનું સમાધાન | ૮૧ |
| બીજા અધિકારનો સાર | ૬૫ | શિષ્યનો ફરીથી પ્રશ્ન | ૮૨ |
| **૩. કર્તા કર્મ ક્રિયા દ્વાર** | | ઉપરની શંકાનું સમાધાન | ૮૨ |
| પ્રતિજ્ઞા | ૬૭ | મિથ્યાત્વીની કર્તાપણાની સિદ્ધિ પર | |
| ભેદવિજ્ઞાનમાં જીવ | | કુંભારનું દૃષ્ટાંત | ૮૩ |
| કર્મનો કર્તા નથી, નિજસ્વભાવનો કર્તા છે | ૬૭ | જીવને અકર્ત્તા માનીને આત્મધ્યાન | |
| આત્મા કર્મનો કર્તા નથી માત્ર જ્ઞાતાદૃષ્ટા છે | ૬૯ | કરવાનો મહિમા | ૮૪ |
| ભેદવિજ્ઞાની જીવ લોકોને કર્મનો | | જીવ નિશ્ચયનયથી અકર્ત્તા અને | |
| કર્તા દેખાય છે પણ ખરેખર તે અકર્તા છે | ૭૦ | વ્યવહારનયથી કર્ત્તા છે | ૮૫ |
| જીવ અને પુદ્‌ગલના જુદા જુદા સ્વભાવ | ૭૦ | નયજ્ઞાન દ્વારા વસ્તુસ્વરૂપ જાણીને | |
| કર્તા કર્મ અને ક્રિયાનું સ્વરૂપ | ૭૧ | સમરસ ભાવમાં રહેનારાઓની પ્રશંસા | ૮૬ |
| કર્તા કર્મ અને ક્રિયાનું એકત્વ | ૭૨ | સમ્યગ્જ્ઞાનથી આત્મસ્વરૂપની | |
| કર્તા કર્મ અને ક્રિયાપર વિચાર | ૭૩ | ઓળખાણ થાય છે | ૮૭ |
| મિથ્યાત્વ અને સમ્યક્ત્વનું સ્વરૂપ | ૭૪ | જ્ઞાનીના આત્માનુભવમાં વિચાર | ૮૭ |
| જેવું કર્મ તેવો કર્તા | ૭૫ | આત્માનુભવની પ્રશંસા | ૮૮ |
| ભેદજ્ઞાનનું રહસ્ય મિથ્યાદૃષ્ટિ નથી | | અનુભવના અભાવમાં સંસાર અને | |
| જાણતો એના ઉપર દૃષ્ટાંત | ૭૬ | સદ્‌ભાવમાં મોક્ષ છે, પ એના પર દૃષ્ટાંત | ૮૯ |
| જીવને કર્મનો કર્ત્તા માનવો મિથ્યાત્વ છે | | મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો કર્ત્તા છે | ૯૦ |
| એના પર દૃષ્ટાંત | ૭૭ | મિથ્યાત્વી જીવ કર્મનો કર્ત્તા | |
| ભેદવિજ્ઞાની જીવ કર્મનો કર્ત્તા નથી | | અને જ્ઞાની અકર્ત્તા છે | ૯૦ |
| માત્ર દર્શક છે | ૭૮ | જે જ્ઞાની છે તે કર્ત્તા નથી | ૯૧ |
| મળેલા જીવ અને પુદ્‌ગલની જુદી-જુદી | | જીવ કર્મનો કર્ત્તા નથી | ૯૧ |
| ઓળખાણ | ૭૯ | શુદ્ધ આત્માનુભવનું માહાત્મ્ય | ૯૨ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ત્રીજા અધિકારનો સાર | ૯૩ | શિષ્યનો પ્રશ્ન | ૧૧૨ |
| **૪. પુણ્ય-પાપ એકત્વ દ્વાર** | | શિષ્યની શંકાનું સમાધાન | ૧૧૩ |
| પ્રતિજ્ઞા | ૯૫ | રાગ દ્વેષ મોહ અને જ્ઞાનનું લક્ષણ | ૧૧૪ |
| મંગલાચરણ | ૯૫ | રાગ દ્વેષ મોહ જ આસ્રવ છે | ૧૧૪ |
| પુણ્ય-પાપની સમાનતા | ૯૬ | સમ્યગ્દષ્ટિ જીવ નિરાસ્રવ છે | ૧૧૪ |
| પાપ-પુણ્યની સમાનતામાં શિષ્યની શંકા | ૯૭ | નિરાસ્રવી જીવોનો આનંદ | ૧૧૫ |
| શિષ્યની શંકાનું સમાધાન | ૯૮ | ઉપશમ અને ક્ષયોપશમ ભાવોની અસ્થિરતા | ૧૧૬ |
| મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગ જ ઉપાદેય છે | ૯૯ | અશુદ્ધ નયથી બંધ અને શુદ્ધ નયથી મોક્ષ છે | ૧૧૭ |
| શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર | ૧૦૦ | જીવની બાહ્ય તથા અંતરંગ અવસ્થા | ૧૧૭ |
| મુનિ શ્રાવકની દશામાં બંધ અને | | શુદ્ધ આત્મા જ સમ્યગ્દર્શન છે | ૧૧૮ |
| મોક્ષ બને છે | ૧૦૧ | પાંચમા અધિકારનો સાર | ૧૧૯ |
| મોક્ષ પ્રાપ્તિ અંતર્દષ્ટિથી છે | ૧૦૧ | **૬. સંવર દ્વાર** | |
| બાહ્યદષ્ટિથી મોક્ષ નથી | ૧૦૨ | પ્રતિજ્ઞા | ૧૨૧ |
| આ વિષયમાં શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર | ૧૦૨ | જ્ઞાનરૂપ સંવરને નમસ્કાર | ૧૨૧ |
| માત્ર જ્ઞાન મોક્ષમાર્ગ છે | ૧૦૩ | ભેદવિજ્ઞાનનું મહત્ત્વ | ૧૨૨ |
| જ્ઞાન અને શુભાશુભ કર્મોનું વર્ણન | ૧૦૪ | સમ્યકત્વથી સમ્યગ્જ્ઞાન અને | |
| યથાયોગ્ય કર્મ અને જ્ઞાનથી મોક્ષ છે | ૧૦૫ | આત્મસ્વરૂપની પ્રાપ્તિ | ૧૨૩ |
| મૂઢ ક્રિયા તથા વિચક્ષણ ક્રિયાનું વર્ણન | ૧૦૬ | સમ્યગ્દષ્ટિનો મહિમા | ૧૨૪ |
| ચોથા અધિકારનો સાર | ૧૦૭ | ભેદજ્ઞાન સંવર નિર્જરા અને | |
| **૫. આસ્રવ અધિકાર** | | મોક્ષનું કારણ છે | ૧૨૫ |
| પ્રતિજ્ઞા | ૧૦૯ | આત્મસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી | |
| સમ્યગ્જ્ઞાનને નમસ્કાર | ૧૦૯ | ભેદજ્ઞાન હેય છે | ૧૨૬ |
| દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવ અને સમ્યગ્જ્ઞાનનું | | ભેદજ્ઞાન પરંપરા મોક્ષનું કારણ છે | ૧૨૬ |
| લક્ષણ | ૧૧૦ | ભેદજ્ઞાનથી આત્મા ઉજ્જવલ થાય છે | ૧૨૭ |
| જ્ઞાતા નિંરાસ્રવી છે | ૧૧૧ | ભેદવિજ્ઞાનની ક્રિયાના દષ્ટાંત | ૧૨૭ |
| સમ્યગ્જ્ઞાની નિંરાસ્રવ રહે છે | ૧૧૧ | મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન છે | ૧૨૮ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| છઠ્ઠા અધિકારનો સાર | ૧૨૯ | જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી | ૧૪૪ |
| **૭. નિર્જરા દ્વાર** | | જ્ઞાનનો મહિમા | ૧૪૫ |
| પ્રતિજ્ઞા | ૧૩૦ | અનુભવની પ્રશંસા | ૧૪૬ |
| મંગલાચરણ | ૧૩૦ | સમ્યગ્દર્શનની પ્રશંસા | ૧૪૭ |
| જ્ઞાન-વૈરાગ્યના બલથી શુભાશુભ | | પરિગ્રહના વિશેષ ભેદ કથન | |
| ક્રિયાથી પણ બંધ થતો નથી | ૧૩૧ | કરવાની પ્રતિજ્ઞા | ૧૪૮ |
| ભોગ ભોગવવા છતાં જ્ઞાનીઓને | | સામાન્ય-વિશેષ પરિગ્રહનો નિર્ણય | ૧૪૯ |
| કર્મ-કાલિમા લાગતી નથી | ૧૩૧ | પરિગ્રહમાં રહેવા છતાં જ્ઞાની | |
| વૈરાગ્ય-શક્તિ વર્ણન | ૧૩૩ | નિષ્પરિગ્રહી છે | ૧૪૯ |
| જ્ઞાન-વૈરાગ્યથી મોક્ષની પ્રાપ્તિ છે | ૧૩૩ | પરિગ્રહમાં રહેવા છતાં જ્ઞાની | |
| સમ્યગ્જ્ઞાન વિના સંપૂર્ણ ચારિત્ર નિસ્સાર છે | ૧૩૪ | જીવોને પરિગ્રહ રહિત કહેવાનું કારણ | ૧૫૦ |
| ભેદવિજ્ઞાન વિના સમસ્ત ચારિત્ર | | પરિગ્રહમાં રહેવા છતાં જ્ઞાની જીવ | |
| નિસ્સાર છે | ૧૩૫ | નિષ્પરિગ્રહી છે એના ઉપર દૃષ્ટાંત | ૧૫૦ |
| શ્રી ગુરુનો ઉપદેશ અજ્ઞાની જીવ | | જ્ઞાની જીવ સદા અબંધ છે | ૧૫૨ |
| માનતા નથી | ૧૩૭ | જ્ઞાનરૂપી દીપકની પ્રશંસા | ૧૫૩ |
| જીવની શયન અને જાગ્રત દશા | | જ્ઞાનની નિર્મળતા પર દૃષ્ટાંત | ૧૫૪ |
| કહેવાની પ્રતિજ્ઞા | ૧૩૮ | વિષયવાસનાઓથી વિરક્ત | |
| જીવની શયન અવસ્થા | ૧૩૮ | રહેવાનો ઉપદેશ | ૧૫૫ |
| જીવની જાગૃત દશા | ૧૩૯ | જ્ઞાની જીવ વિષયોમાં નિરંકુશ રહેતો નથી | ૧૫૬ |
| જાગૃત દશાનું ફલ | ૧૩૯ | જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે જ હોય છે | ૧૫૬ |
| આત્મઅનુભવ ગ્રહણ કરવાની શિખામણ | ૧૪૦ | અજ્ઞાની જીવોની ક્રિયા બંધનું | |
| સંસાર સર્વથા અસત્ય છે | ૧૪૦ | કારણ અને જ્ઞાની જીવોની ક્રિયા | |
| સમ્યગ્જ્ઞાનીનું આચરણ | ૧૪૧ | નિર્જરાનું કારણ છે | ૧૫૬ |
| સમ્યગ્જ્ઞાનને સમુદ્રની ઉપમા | ૧૪૨ | જ્ઞાનીના અબંધ અને અજ્ઞાનીના | |
| જ્ઞાનરહિત ક્રિયાથી મોક્ષ થતો નથી | ૧૪૩ | બંધ પર કીડાનું દૃષ્ટાંત | ૧૫૭ |
| વ્યવહારલીનતાનું પરિણામ | ૧૪૪ | જ્ઞાની જીવ કર્મનો કર્તા નથી | ૧૫૭ |

| **વિષય** | **પૃષ્ઠ** | **વિષય** | **પૃષ્ઠ** |
|---|---|---|---|
| સમ્યગ્જ્ઞાનીનો વિચાર | ૧૫૮ | જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિ પર દૃષ્ટાંત | ૧૭૮ |
| જ્ઞાનની નિર્ભયતા | ૧૫૯ | જેવી ક્રિયા તેવું ફળ | ૧૭૯ |
| સાત ભયનાં નામ | ૧૬૦ | જ્યાં સુધી જ્ઞાન છે ત્યાં સુધી વૈરાગ્ય છે | ૧૭૯ |
| સાત ભયનું જુદું જુદું સ્વરૂપ | ૧૬૦ | ચાર પુરુષાર્થ | ૧૮૦ |
| આ ભવ-ભય મટાડવાનો ઉપાય | ૧૬૧ | ચાર પુરુષાર્થ ઉપર જ્ઞાની અને | |
| પરભવ-ભય મટાડવાનો ઉપાય | ૧૬૨ | અજ્ઞાનીનો વિચાર | ૧૮૧ |
| મરણનો ભય મટાડવાનો ઉપાય | ૧૬૩ | આત્મામાં જ ચારે પુરુષાર્થ છે | ૧૮૧ |
| વેદનાનો ભય મટાડવાનો ઉપાય | ૧૬૩ | વસ્તુનું સત્ય સ્વરૂપ અને મૂર્ખનો વિચાર | ૧૮૨ |
| અરક્ષાનો ભય મટાડવાનો ઉપાય | ૧૬૪ | ઉત્તમ, મધ્યમ, અધમ અને અધમાધમ | |
| ચોરભય મટાડવાનો ઉપાય | ૧૬૫ | જીવોનો સ્વભાવ | ૧૮૪ |
| અકસ્માતનો ભય મટાડવાનો ઉપાય | ૧૬૬ | ઉત્તમ પુરુષનો સ્વભાવ | ૧૮૪ |
| સમ્યગ્જ્ઞાની જીવોને નમસ્કાર | ૧૬૭ | મધ્યમ પુરુષનો સ્વભાવ | ૧૮૫ |
| સમ્યગ્દર્શનના આઠ અંગોનાં નામ | ૧૬૮ | અધમ પુરુષનો સ્વભાવ | ૧૮૬ |
| સમ્યક્ત્વનાં આઠ અંગોનું સ્વરૂપ | ૧૬૮ | અધમાધમ પુરુષનો સ્વભાવ | ૧૮૭ |
| ચૈતન્ય નટનું નાટક | ૧૬૯ | મિથ્યાદૃષ્ટિની અહંબુદ્ધિનું વર્ણન | ૧૮૮ |
| સાતમા અધિકારનો સાર | ૧૭૦ | મૂઢ મનુષ્ય વિષયોથી વિરક્ત હોતા નથી | ૧૮૯ |
| **૮. બંધ દ્વાર** | | અજ્ઞાની જીવની મૂઢતા ઉપર મૃગજળ અને | |
| પ્રતિજ્ઞા | ૧૭૨ | આંધળાનું દૃષ્ટાંત | ૧૯૦ |
| મંગલાચરણ | ૧૭૨ | અજ્ઞાની જીવ બંધનથી છૂટી શકતો નથી | |
| જ્ઞાનચેતના અને કર્મચેતનાનું વર્ણન | ૧૭૩ | તેના ઉપર દૃષ્ટાંત | ૧૯૧ |
| કર્મબંધનું કારણ અશુદ્ધ ઉપયોગ છે | ૧૭૪ | અજ્ઞાની જીવની અહંબુદ્ધિ પર દૃષ્ટાંત | ૧૯૧ |
| જોકે જ્ઞાની અબંધ છે તોપણ પુરુષાર્થ કરે છે | ૧૭૬ | અજ્ઞાનીની વિષયાસક્તતા ઉપર દૃષ્ટાંત | ૧૯૨ |
| ઉદયની પ્રબલતા | ૧૭૭ | જે નિર્મોહી છે તે સાધુ છે | ૧૯૩ |
| ઉદયની પ્રબલતા ઉપર દૃષ્ટાંત | ૧૭૭ | સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મસ્વરૂપમાં | |
| મોક્ષમાર્ગમાં અજ્ઞાની જીવ પુરુષાર્થહીન | | સ્થિર થાય છે | ૧૯૩ |
| અને જ્ઞાની પુરુષાર્થી હોય છે | ૧૭૮ | શિષ્યનો પ્રશ્ન | ૧૯૪ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| શિષ્યની શંકાનું સમાધાન | ૧૯૫ | જ્ઞાની જીવ જ ચક્રવર્તી છે | ૨૧૬ |
| જડ અને ચૈતન્યની પૃથક્પણું | ૧૯૬ | નવ ભક્તિનાં નામ | ૨૧૭ |
| આત્માની શુદ્ધ પરિણતિ | ૧૯૭ | જ્ઞાની જીવોનું મંતવ્ય | ૨૧૮ |
| શરીરની અવસ્થા | ૧૯૭ | આત્માના ચેતન લક્ષણનું સ્વરૂપ | ૨૧૯ |
| સંસારી જીવોની દશા ઘાણીના બળદ જેવી છે | ૨૦૦ | આત્મા નિત્ય છે | ૨૨૦ |
| સંસારી જીવોની હાલત | ૨૦૧ | સુબુદ્ધિ સખીને બ્રહ્મનું સ્વરૂપ સમજાવે છે | ૨૨૧ |
| ધનસંપત્તિનો મોહ દૂર કરવાનો ઉપદેશ | ૨૦૨ | આત્મ-અનુભવનું દષ્ટાંત | ૨૨૧ |
| લૌકિકજનોથી મોહ દૂર કરવાનો ઉપદેશ | ૨૦૨ | હેય-ઉપાદેય ભાવો ઉપર ઉપદેશ | ૨૨૨ |
| શરીરમાં ત્રણલોકનો વિલાસ ગર્ભિત છે | ૨૦૩ | જ્ઞાની જીવ ચાહે ઘરમાં રહે, ચાહે | |
| આત્મવિલાસ જાણવાનો ઉપદેશ | ૨૦૪ | વનમાં રહે, પણ મોક્ષમાર્ગ સાધે છે | ૨૨૨ |
| આત્મસ્વરૂપની ઓળખાણ જ્ઞાનથી થાય છે | ૨૦૪ | મોક્ષમાર્ગી જીવોની પરિણતિ | ૨૨૩ |
| મનની ચંચલતા | ૨૦૫ | સમ્યગ્દષ્ટિ જીવ સાધુ છે અને | |
| મનની ચંચલતા ઉપર જ્ઞાનનો પ્રભાવ | ૨૦૬ | મિથ્યાદષ્ટિ ચોર છે | ૨૨૪ |
| મનની સ્થિરતાનો પ્રયત્ન | ૨૦૭ | દ્રવ્ય અને સત્તાનું સ્વરૂપ | ૨૨૫ |
| આત્માનુભવ કરવાનો ઉપદેશ | ૨૦૭ | સત્તાનું સ્વરૂપ | ૨૨૫ |
| આત્માનુભવ કરવાની વિધિ | ૨૦૮ | છ દ્રવ્યથી જ જગતની ઉત્પત્તિ છે | ૨૨૬ |
| આત્મનુભવથી કર્મબંધ થતો નથી | ૨૦૯ | આત્મસત્તાનો અનુભવ નિર્વિકલ્પ છે | ૨૨૭ |
| ભેદજ્ઞાનીની ક્રિયા | ૨૦૯ | જે આત્મસત્તાને જાણતો નથી તે | |
| ભેદજ્ઞાનીનું પરાક્રમ | ૨૧૦ | અપરાધી છે | ૨૨૮ |
| આઠમા અધિકારનો સાર | ૨૧૧ | મિથ્યાત્વની વિપરીત વૃત્તિ | ૨૨૯ |
| **૯. મોક્ષ દ્વાર** | | સમ્યગ્દષ્ટિ જીવોનો સદ્વિચાર | ૨૩૦ |
| પ્રતિજ્ઞા | ૨૧૨ | સમાધિ-વર્ણન | ૨૩૨ |
| મંગલાચરણ | ૨૧૨ | શુભક્રિયાઓનું સ્પષ્ટીકરણ | ૨૩૩ |
| સમ્યગ્જ્ઞાનથી આત્માની સિદ્ધિ થાય છે | ૨૧૩ | શુદ્ધોપયોગમાં શુભોપયોગનો નિષેધ | ૨૩૩ |
| સુબુદ્ધિનો વિલાસ | ૨૧૪ | જ્ઞાનમાં સર્વ જીવ એકસરખા ભાસે છે | ૨૩૬ |
| સમ્યગ્જ્ઞાનીનું મહત્વ | ૨૧૫ | અભિમાની જીવોની દશા | ૨૩૭ |

| **વિષય** | **પૃષ્ઠ** | **વિષય** | **પૃષ્ઠ** |
|---|---|---|---|
| જ્ઞાની જીવોની દશા | ૨૩૮ | આ વિષયમાં શ્રીગુરુ સમાધાન કરે છે | ૨૫૩ |
| સમ્યક્ત્વી જીવોનો મહિમા | ૨૩૯ | કર્મનો કર્તા-ભોક્તા બાબતમાં | |
| સમ્યગ્દષ્ટિ જીવોને વંદન | ૨૪૦ | એકાંત પક્ષ ઉપર વિચાર | ૨૫૪ |
| મોક્ષપ્રાપ્તિનો ક્રમ | ૨૪૦ | સ્યાદ્વાદમાં આત્માનું સ્વરૂપ | ૨૫૫ |
| આઠ કર્મો નાશ પામવાથી આઠ | | આ વિષયમાં એકાંતપક્ષનું ખંડન | |
| ગુણોનું પ્રગટ થવું | ૨૪૧ | કરનાર સ્યાદ્વાદનો ઉપદેશ | ૨૫૫ |
| નવમા અધિકારનો સાર | ૨૪૨ | આ વિષયમાં બૌદ્ધમતવાળાઓનો વિચાર | ૨૫૬ |
| **૧૦. સર્વવિશુદ્ધિ દ્વાર** | | બૌદ્ધમતવાળાઓનો એકાંત વિચાર | |
| પ્રતિજ્ઞા | ૨૪૪ | દૂર કરવા માટે દષ્ટાંત દ્વારા સમજાવે છે | ૨૫૭ |
| સર્વ ઉપાધિ રહિત શુદ્ધ આત્માનું સ્વરૂપ | ૨૪૪ | બૌદ્ધ જીવદ્રવ્યને ક્ષણભંગુર | |
| વાસ્તવમાં જીવ કર્મનો કર્તા-ભોક્તા નથી | ૨૪૫ | કેવી રીતે માની બેઠા એનું કારણ | ૨૫૮ |
| અજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા જ છે | ૨૪૬ | દુર્બુદ્ધિની દુર્ગતિ જ થાય છે | ૨૫૯ |
| જેમ જીવ કર્મનો અકર્તા છે | | દુર્બુદ્ધિની ભૂલ પર દષ્ટાંત | ૨૫૯ |
| તેમ અભોક્તા પણ છે | ૨૪૬ | દુર્બુદ્ધિની પરિણતિ | ૨૬૦ |
| અજ્ઞાની જીવ વિષયોનો ભોક્તા છે | | અનેકાંતનો મહિમા | ૨૬૧ |
| જ્ઞાની નથી | ૨૪૭ | છ એ મતવાળાઓનો જીવપદાર્થ પર વિચાર | ૨૬૩ |
| જ્ઞાની કર્મના કર્તા-ભોક્તા નથી એનું કારણ | ૨૪૮ | પાંચે મતવાળા એકાંતી અને | |
| અજ્ઞાની જીવ કર્મનો કર્તા-ભોક્તા છે | | જૈનો સ્યાદ્વાદી છે | ૨૬૩ |
| એનું કારણ | ૨૪૯ | પાંચે મતોના એક એક અંગનું | |
| વાસ્તવમાં જીવ કર્મનો અકર્તા છે | | જૈનમત સમર્થન કરે છે | ૨૬૪ |
| એનું કારણ | ૨૫૦ | સ્યાદ્વાદનું વ્યાખ્યાન | ૨૬૫ |
| અજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા અને જ્ઞાનમાં | | નિર્વિકલ્પ ઉપયોગ જ અનુભવવા યોગ્ય છે | ૨૬૬ |
| અકર્તા છે | ૨૫૧ | અનુભવમાં વિકલ્પ ત્યાગવાનું દષ્ટાંત | ૨૬૬ |
| અજ્ઞાની જીવ અશુભ ભાવોનો | | કયા નયથી આત્મા કર્મોનો કર્તા છે | |
| કર્તા હોવાથી ભાવકર્મનો કર્તા છે | ૨૫૨ | અને કયા નયથી નથી | ૨૬૭ |
| આ વિષયમાં શિષ્યનો પ્રશ્ન | ૨૫૩ | જ્ઞાનનું જ્ઞેયાકારરૂપ પરિણમન હોય છે | |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| પણ તે જ્ઞેયરૂપ થઈ જતું નથી | ૨૬૮ | જ્ઞાન અને ચારિત્ર ઉપર પાંગળા | |
| જગતના પદાર્થ પરસ્પર અવ્યાપક છે | ૨૬૯ | અને આંધળાનું દૃષ્ટાંત | ૨૮૬ |
| કર્મ કરવું અને ફળ ભોગવવું એ | | જ્ઞાની અને ક્રિયાની પરિણતિ | ૨૮૬ |
| જીવનું નિજસ્વરૂપ નથી | ૨૭૦ | કર્મ અને જ્ઞાનનો ભિન્ન ભિન્ન પ્રભાવ | ૨૮૭ |
| જ્ઞાન અને જ્ઞેયની ભિન્નતા | ૨૭૦ | જ્ઞાનની આલોચના | ૨૮૭ |
| જ્ઞેય અને જ્ઞાન સંબંધમાં અજ્ઞાનીઓનો હેતુ | ૨૭૧ | જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાનદશા | |
| આ વિષયમાં અજ્ઞાનીઓને સંબોધન | ૨૭૧ | દૂર થઈ જાય છે | ૨૮૮ |
| સ્યાદ્વાદી સમ્યગ્દષ્ટિની પ્રશંસા | ૨૭૨ | કર્મ-પ્રપંચ મિથ્યા છે | ૨૮૯ |
| જ્ઞાન જ્ઞેયમાં અવ્યાપક છે એનું દૃષ્ટાંત | ૨૭૩ | મોક્ષમાર્ગમાં ક્રિયાનો નિષેધ | ૨૯૦ |
| આત્મપદાર્થનું યથાર્થ સ્વરૂપ | ૨૭૪ | ક્રિયાની નિંદા | ૨૯૦ |
| પરમાત્મપદની પ્રાપ્તિનો માર્ગ | ૨૭૪ | જ્ઞાનીઓનો વિચાર | ૨૯૧ |
| રાગ-દ્વેષનું કારણ મિથ્યાત્વ છે | ૨૭૫ | વૈરાગ્યનો મહિમા | ૨૯૩ |
| અજ્ઞાનીઓના વિચારમાં રાગ-દ્વેષનું કારણ | ૨૭૬ | જ્ઞાનીની ઉન્નતિનો ક્રમ | ૨૯૪ |
| અજ્ઞાનીઓને સત્યમાર્ગનો ઉપદેશ | ૨૭૭ | શુદ્ધાત્મ દ્રવ્યને નમસ્કાર | ૨૯૫ |
| જ્ઞાનનું માહાત્મ્ય | ૨૭૭ | શુદ્ધ આત્મદ્રવ્ય અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ | ૨૯૫ |
| અજ્ઞાની જીવ પરદ્રવ્યમાં જ લીન રહે છે | ૨૭૮ | મુક્તિનું મૂળ કારણ દ્રવ્યલિંગ નથી | ૨૯૭ |
| અજ્ઞાનીને કુમતિ અને જ્ઞાનને સુમતિ | | આત્મા સિવાય બીજે જ્ઞાન નથી | ૨૯૮ |
| ઉપજે છે | ૨૭૮ | જ્ઞાન વિના વેષધારી વિષયના ભિખારી છે | ૨૯૯ |
| દુર્મતિ અને કુબ્જાની સમાનતા | ૨૭૯ | અનુભવની યોગ્યતા | ૨૯૯ |
| સુબુદ્ધિ સાથે રાધિકાની તુલના | ૨૮૧ | આત્મ-અનુભવનું પરિણામ | ૩૦૦ |
| કુમતિ અને સુમતિનું કાર્ય | ૨૮૨ | આત્મ-અનુભવ કરવાનો ઉપદેશ | ૩૦૧ |
| દ્રવ્યકર્મ, ભાવકર્મ અને વિવેકનો નિર્ણય | ૨૮૨ | આત્મ-અનુભવ વિના બાહ્ય ચારિત્ર હોવા | |
| કર્મના ઉદય ઉપર ચૌપાટનું દૃષ્ટાંત | ૨૮૨ | છતાં પણ જીવ અવ્રતી છે | ૩૦૧ |
| વિવેકચક્રના સ્વભાવ ઉપર શેતરંજનું દૃષ્ટાંત | ૨૮૩ | અજ્ઞાની અને જ્ઞાનીઓની | |
| કુમતિ કુબ્જા અને સુમતિ રાધિકાના કાર્ય | ૨૮૪ | પરિણતિમાં ભેદ છે | ૩૦૩ |
| જ્યાં શુદ્ધ જ્ઞાન છે ત્યાં ચારિત્ર છે | ૨૮૪ | સમયસારનો સાર | ૩૦૪ |

| **વિષય** | **પૃષ્ઠ** | **વિષય** | **પૃષ્ઠ** |
|---|---|---|---|
| અનુભવ યોગ્ય શુદ્ધ આત્માનું સ્વરૂપ | ૩૦૫ | બારમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૯ |
| ગ્રંથકર્તાનુ નામ અને ગ્રંથનો મહિમા | ૩૦૬ | તેરમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૩૦ |
| નવરસોનાં નામ | ૩૦૭ | ચૌદમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૩૧ |
| નવ રસોનાં લૌકિક સ્થાન | ૩૦૭ | સ્યાદ્વાદની પ્રશંસા | ૩૩૨ |
| નવ રસોનાં પારમાર્થિક સ્થાન | ૩૦૮ | અગિયારમા અધિકારનો સાર | ૩૩૨ |
| દસમા અધિકારનો સાર | ૩૧૦ | **૧૨. સાધ્ય-સાધક દ્વાર** | |
| **૧૧. સ્યાદ્વાદ દ્વાર** | | પ્રતિજ્ઞા | ૩૩૫ |
| સ્વામી અમૃતચંદ્ર મુનિની પ્રતિજ્ઞા | ૩૧૨ | જીવની સાધ્ય-સાધક અવસ્થાઓનું વર્ણન | ૩૩૫ |
| સ્યાદ્વાદ સંસાર-સાગરથી તારનાર છે | ૩૧૪ | સાધક અવસ્થાનું સ્વરૂપ | ૩૩૬ |
| નય સમૂહ વિષે શિષ્યની શંકા અને | | સદ્‌ગુરુને મેઘની ઉપમા | ૩૩૮ |
| ગુરુનું સમાધાન | ૩૧૪ | ધન-સંપત્તિથી મોહ દૂર કરવાનો ઉપદેશ | ૩૩૮ |
| પદાર્થ સ્વ-ચતુષ્ટયની અપેક્ષા અસ્તિરૂપ | | કુટુંબી વગેરેનો મોહ દૂર કરવાનો ઉપદેશ | ૩૩૯ |
| અને પરચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે | ૩૧૫ | ઇન્દ્રાદિ ઉચ્ચ પદની ઈચ્છા અજ્ઞાન છે | ૩૪૦ |
| સ્યાદ્વાદના સાત ભંગ | ૩૧૭ | સમતાભાવમાં જ સુખ છે | ૩૪૦ |
| એકાંતવાદીઓના ચૌદ નય-ભેદ | ૩૧૮ | જે ઉન્નતિની પછી અવનતિ ( આવે ) છે | |
| પ્રથમ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૧૯ | તે ઉન્નતિ નથી | ૩૪૧ |
| બીજા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૦ | શ્રીગુરુના ઉપદેશમાં જ્ઞાની જીવ | |
| ત્રીજા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૧ | રુચિ કરે છે અને મૂર્ખ સમજતા જ નથી | ૩૪૧ |
| ચતુર્થ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૨ | ઉપરોક્ત કથનનું દષ્ટાંત દ્વારા સમર્થન | ૩૪૨ |
| પંચમ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૩ | પાંચ પ્રકારના જીવ | ૩૪૪ |
| છઠ્ઠા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૪ | ડૂંઘા જીવનું લક્ષણ | ૩૪૪ |
| સાતમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૪ | ચૂંઘા જીવનું લક્ષણ | ૩૪૪ |
| આઠમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૫ | સૂંઘા જીવનું લક્ષણ | ૩૪૪ |
| નવમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૬ | ઊંઘા જીવનું લક્ષણ | ૩૪૫ |
| દશમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૭ | ઘૂંઘા જીવનું લક્ષણ | ૩૪૫ |
| અગિયારમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન | ૩૨૮ | ઉપર્યુક્ત પાંચ પ્રકારના જીવોનું | |

| **વિષય** | **પૃષ્ઠ** | **વિષય** | **પૃષ્ઠ** |
|---|---|---|---|
| વિશેષ વર્ણન | ૩૪૫ | **૧૩. ચૌદ ગુણસ્થાનાધિકાર** | ૩૬૫ |
| ચૂંઘા જીવનું વર્ણન | ૩૪૬ | મંગળાચરણ | ૩૬૫ |
| સાત વ્યસનનાં નામ | ૩૪૬ | જિન–પ્રતિબિંબનું માહાત્મ્ય | ૩૬૬ |
| વ્યસનોના દ્રવ્ય અને ભાવરૂપ ભેદ | ૩૪૭ | જિન–મૂર્તિપૂજકોની પ્રશંસા | ૩૬૮ |
| સાત ભાવવ્યસનોનું સ્વરૂપ | ૩૪૭ | ચૌદ ગુણસ્થાનોનાં નામ | |
| સાધક જીવનો પુરુષાર્થ | ૩૪૮ | મિથ્યાત્વ ગુણસ્થાનમાં પાંચ પ્રકારના | ૩૬૯ |
| ચૌદ ભાવરત્ન | ૩૪૮ | મિથ્યાત્વનો ઉદય રહે છે | ૩૬૯ |
| ચૌદ રત્નોમાં કયું હેય અને કયું ઉપાદેય છે | ૩૪૯ | એકાંત મિથ્યાત્વનું સ્વરૂપ | ૩૭૦ |
| મોક્ષમાર્ગના સાધક જીવોની અવસ્થા | ૩૫૦ | વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ | ૩૭૦ |
| શુદ્ધ અનુભવથી મોક્ષ અને | | વિનય મિથ્યાત્વનું સ્વરૂપ | ૩૭૦ |
| મિથ્યાત્વથી સંસાર છે | ૩૫૦ | સંશય મિથ્યાત્વનું સ્વરૂપ | ૩૭૦ |
| આત્મ–અનુભવનું પરિણામ | ૩૫૧ | અજ્ઞાન મિથ્યાત્વનું સ્વરૂપ | ૩૭૧ |
| જ્ઞાનક્રિયાનું સ્વરૂપ | ૩૫૨ | મિથ્યાત્વના બે ભેદ | ૩૭૧ |
| સમ્યક્ત્વથી ક્રમેક્રમે જ્ઞાનની પૂર્ણતા | | સાદિ મિથ્યાત્વનું સ્વરૂપ | ૩૭૧ |
| થાય છે | ૩૫૨ | અનાદિ મિથ્યાત્વનું સ્વરૂપ | |
| સમ્યક્ત્વનો મહિમા | ૩૫૩ | સાસાદન ગુણસ્થાનનું વર્ણન કરવાની | ૩૭૧ |
| સમ્યગ્જ્ઞાનનો મહિમા | ૩૫૪ | પ્રતિજ્ઞા | ૩૭૨ |
| અનુભવમાં નયપક્ષ નથી | ૩૫૪ | સાસાદન ગુણસ્થાનનું સ્વરૂપ | ૩૭૨ |
| આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, | | ત્રીજાં ગુણસ્થાન કહેવાની પ્રતિજ્ઞા | ૩૭૩ |
| ભાવથી અખંડિત છે | ૩૫૬ | ત્રીજા ગુણસ્થાનનું સ્વરૂપ | ૩૭૪ |
| જ્ઞાન અને જ્ઞેયનું સ્વરૂપ | ૩૫૬ | ચોથા ગુણસ્થાનનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા | ૩૭૪ |
| સ્યાદ્વાદમાં જીવનું સ્વરૂપ | ૩૫૮ | ચોથા ગુણસ્થાનનું વર્ણન | ૩૭૫ |
| સાધ્યસ્વરૂપ કેવળજ્ઞાનનું વર્ણન | ૩૬૧ | સમ્યક્ત્વના આઠ વિવરણ | ૩૭૫ |
| અમૃતચંદ્રકળાના ત્રણ અર્થ | ૩૬૧ | સમ્યક્ત્વનું સ્વરૂપ | ૩૭૫ |
| ગ્રંથના અંતમાં ગ્રંથકારની આલોચના | ૩૬૨ | સમ્યક્ત્વની ઉત્પત્તિ | ૩૭૫ |
| બારમા અધિકારનો સાર | ૩૬૪ | સમ્યક્ત્વના ચિન્હ | |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| સમ્યગ્દર્શનના આઠ ગુણ | ૩૭૬ | પ્રતિજ્ઞા | ૩૮૫ |
| સમ્યક્ત્વના પાંચ ભૂષણ | ૩૭૬ | અગિયાર પ્રતિમાઓનાં નામ | ૩૮૫ |
| સમ્યગ્દર્શન પચ્ચીસ દોષ વર્જિત હોય છે | ૩૭૬ | પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૬ |
| આઠ મહામદના નામ | ૩૭૬ | દર્શન પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૬ |
| આઠ મળનાં નામ | ૩૭૬ | વ્રત પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૬ |
| છ અનાયતન | ૩૭૭ | સામાયિક પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૬ |
| ત્રણ મૂઢતાનાં નામ અને પચ્ચીસ | | ચોથી પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૭ |
| દોષોનો સરવાળો | ૩૭૭ | પાંચમી પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૭ |
| પાંચ કારણોથી સમ્યક્ત્વનો વિનાશ થાય છે | ૩૭૭ | છઠ્ઠી પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૮ |
| સમ્યગ્દર્શનના પાંચ અતિચાર | ૩૭૮ | સાતમી પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૮ |
| મોહનીય કર્મની સાત પ્રકૃતિઓના | | નવ વાડનાં નામ | ૩૮૮ |
| અનુદયથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે | ૩૭૮ | આઠમી પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૯ |
| મોહનીય કર્મની સાત પ્રકૃતિઓ | ૩૭૮ | નવમી પ્રતિમાનું સ્વરૂપ | ૩૮૯ |
| સમ્યક્ત્વના નામ | ૩૭૯ | દસમી પ્રતિમાનું સ્વરૂપ | ૩૯૦ |
| સમ્યક્ત્વના નવ ભેદોનું વર્ણન | ૩૮૦ | અગિયારમી પ્રતિમાનું સ્વરૂપ | ૩૯૦ |
| ક્ષયોપશમ સમ્યક્ત્વના ત્રણ ભેદોનું વર્ણન | ૩૮૦ | પ્રતિમાઓ સંબંધમાં મુખ્ય ઉલ્લેખ | ૩૯૦ |
| વેદક સમ્યક્ત્વના ચાર ભેદ | ૩૮૧ | પ્રતિમાઓની અપેક્ષાએ શ્રાવકોના ભેદ | ૩૯૦ |
| અહીં ક્ષાયિક અને ઉપશમ સમ્યક્ત્વનું | | પાંચમા ગુણસ્થાનનો કાલ | ૩૯૧ |
| સ્વરૂપ ન કહેવાનું કારણ | ૩૮૧ | એક પૂર્વનું પ્રમાણ | ૩૯૧ |
| નવ પ્રકારના સમ્યક્ત્વોનું વિવરણ | ૩૮૧ | અંતર્મુહૂર્તનું માપ | ૩૯૧ |
| પ્રતિજ્ઞા | | છઠ્ઠા ગુણસ્થાનના વર્ણનની પ્રતિજ્ઞા | ૩૯૧ |
| સમ્યક્ત્વના ચાર પ્રકાર | ૩૮૨ | છઠ્ઠા ગુણસ્થાનનું સ્વરૂપ | ૩૯૨ |
| ચોથા ગુણસ્થાનના વર્ણનનો ઉપસંહાર | ૩૮૩ | પાંચ પ્રમાદોનાં નામ | ૩૯૨ |
| અણુવ્રત ગુણસ્થાનનું વર્ણન પ્રતિજ્ઞા | ૩૮૩ | સાધુના અઠ્ઠાવીસ મૂળગુણ | ૩૯૨ |
| શ્રાવકના એકવીસ ગુણ | ૩૮૩ | પાંચ અણુવ્રત અને પાંચ મહાવ્રતનું સ્વરૂપ | ૩૯૩ |
| બાવીસ અભક્ષ | ૩૮૪ | પાંચ સમિતિનું સ્વરૂપ | ૩૯૩ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| છ આવશ્યક | ૩૯૩ | કેવળજ્ઞાની પ્રભુના પરમૌદારિક | |
| સ્થવિરકલ્પી અને જિનકલ્પી | | શરીરના અતિશય | ૪૦૪ |
| સાધુઓનું સ્વરૂપ | ૩૯૪ | ચૌદમા ગુણસ્થાનના વર્ણનની પ્રતિજ્ઞા | ૪૦૫ |
| વેદનીય કર્મજનિત અગિયાર પરીષહ | ૩૯૪ | ચૌદમા ગુણસ્થાનનું સ્વરૂપ | |
| ચરિત્રમોહજનિત સાત પરીષહ | ૩૯૫ | બંધનું મૂળ આસ્રવ અને | |
| જ્ઞાનાવરણીયજનિત બે પરીષહ | ૩૯૬ | મોક્ષનું મૂળ સંવર છે | ૪૦૬ |
| દર્શનમોહનીયજનિત એક અને | | સંવરને નમસ્કાર | ૪૦૬ |
| અંતરાયજનિત એક પરીષહ | ૩૯૬ | ગ્રંથના અંતમાં સંવરસ્વરૂપ જ્ઞાનને નમસ્કાર | ૪૦૬ |
| બાવીસ પરીષહોનું વર્ણન | ૩૯૬ | તેરમા અધિકારનો સાર | ૪૦૭ |
| સ્થવિરકલ્પી અને જિનકલ્પી | | ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ | |
| સાધુની તુલના | ૩૯૭ | ગ્રંથ-મહિમા | ૪૧૦ |
| સાતમા ગુણસ્થાનનું વર્ણન | ૩૯૮ | જીવ-નટનો મહિમા | ૪૧૦ |
| આઠમા ગુણસ્થાનનું વર્ણન | ૩૯૯ | ત્રણકવિઓનાં નામ | ૪૧૧ |
| નવમા ગુણસ્થાનનું વર્ણન | ૩૯૯ | સુકવિનું લક્ષણ | ૪૧૨ |
| દસમા ગુણસ્થાનનું વર્ણન | ૪૦૦ | કુકવિનું લક્ષણ | ૪૧૩ |
| અગિયારમા ગુણસ્થાનનું વર્ણન | ૪૦૦ | વાણીની વ્યાખ્યા | ૪૧૪ |
| બારમા ગુણસ્થાનનું વર્ણન | ૪૦૧ | જૂઠું ગુણગાન કથન | ૪૧૫ |
| ઉપશમશ્રેણીની અપેક્ષાએ ગુણસ્થાનોનો | | સમયસાર નાટકની વ્યવસ્થા | ૪૧૬ |
| કાળ | ૪૦૧ | ગ્રંથના સર્વ પદ્યોની સંખ્યા | ૪૨૧ |
| ક્ષપકશ્રેણીમાં ગુણસ્થાનોનો કાળ | ૪૦૧ | ઈડર-ભંડારની પ્રતિનો અંતિમ અંશ | ૪૨૩ |
| તેરમા ગુણસ્થાનનું વર્ણન | ૪૦૨ | સમયસારના પદ્યોની વર્ણાનુક્રમણિકા | ૪૨૫ |
| કેવળજ્ઞાનીની મુદ્રા અને સ્થિતિ | ૪૦૩ | શ્રીમદમૃતચંદ્રસૂરિ વિરચિત | |
| કેવળી ભગવાનને અઢાર દોષ હોતા નથી | ૪૦૪ | નાટક સમયસાર કળશોની વર્ણાનુક્રમણિકા | ૪૩૯ |

# કવિવર બનારસીદાસજી

( સંક્ષિપ્ત જીવન-પરિચય )

જો કે જૈન ધર્મના ધારક અનેક વિદ્વાનો ભારત-ભૂમિને પવિત્ર બનાવી ગયા છે તો પણ કોઈએ પોતાનું જીવન-ચરિત્ર લખીને આપણી અભિલાષા તૃપ્ત કરી નથી. પરંતુ આ ગ્રંથના નિર્માતા સ્વર્ગીય પંડિત બનારસીદાસજી આ દોષથી મુક્ત છે. તેમણે પોતે પોતાની કલમથી પંચાવન વર્ષ સુધીનું અંતર્બાહ્ય સત્ય ચરિત્ર લખીને જૈનસાહિત્યને પવિત્ર કર્યું છે અને એક ઘણી મોટી ત્રુટિને પૂરી કરી છે.

શ્રીમાન્‌નું પવિત્ર ચરિત્ર 'બનારસીવિલાસ' માં જૈન ઈતિહાસના આધુનિક શોધક શ્રીમાન્ પં. નાથૂરામજી પ્રેમીએ છપાવ્યું હતું, તેના આધારે સંક્ષિપ્તરૂપે અહીં ઉદ્ધૃત કરીએ છીએ.

મધ્ય ભારતમાં રોહતકપુર પાસે બિહોલી નામનું એક ગામ છે. ત્યાં રજપૂતોની વસ્તી છે. એક વખતે બિહોલીમાં જૈનમુનિનું શુભાગમન થયું. મુનિરાજના વિદ્વત્તાપૂર્ણ ઉપદેશ અને પવિત્ર ચારિત્રથી મુગ્ધ થઈને ત્યાંના બધા રજપૂતો જૈન થઈ ગયા. અને-

**પહિરી માલા મંત્રકી, પાયો કુલ શ્રીમાલ;**
**થાપ્યો ગોત બિહોલિયા, બીહોલી-રખપાલ.**

નવકારમંત્રની માળા પહેરીને શ્રીમાળ કુળની સ્થાપના કરી અને બિહોલીયા ગોત્ર રાખ્યું. બિહોલીયા કુળે ખૂબ વૃદ્ધિ પ્રાપ્ત કરી અને દૂર દૂર સુધી ફેલાઈ ગયું. આ કુળમાં પરંપરાગત સંવત્ ૧૬૪૩ ના મહા મહિનામાં શ્રી બનારસીદાસજીનો જન્મ થયો.

## બાલ્યકાળ

**હરષિત કહૈ કુટુંબ સબ, સ્વામી પાસ સુપાસ;**
**દુહુંકો જનમ બનારસી, યહ બનારસીદાસ.**

બાળક ખૂબ લાડકોડથી મોટો થવા લાગ્યો. માતા-પિતાનો પુત્ર ઉપર અસીમ પ્રેમ હતો. એક ઉપર પુત્ર કોને પ્રેમ ન હોય? સંવત ૧૬૪૮માં પુત્ર સંગ્રહણી નામના

રોગથી પીડાયો. માતા–પિતાના શોકનો પાર ન રહ્યો. જેમતેમ કરીને મંત્ર–તંત્રના પ્રયોગથી સંગ્રહણીનો રોગ શાંત થયો ત્યાં શીતળાએ ઘેરી લીધો. આ રીતે લગભગ એક વર્ષ સુધી બાળકને અત્યંત કષ્ટ પડયું. સંવત ૧૬૫૦ માં બાળકે પાઠશાળામાં જઈને *પાંડે રૂપચન્દજીની પાસે વિદ્યા મેળવવાનું શરૂ કર્યું. બાળકની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હતી, તે બે–ત્રણ વર્ષમાં જ સારી રીતે હોશિયાર બની ગયો.

જે વખતનો આ ઈતિહાસ છે તે વખતે દેશમાં મુસલમાનોની પ્રબળતા હતી. તેમના અત્યાચારોના ભયથી બાળ–વિવાહનો વિશેષ પ્રચાર હતો. તેથી ૯ વર્ષની ઉંમરે જે ખૈરાબાદના શેઠ કલ્યાણમલજીની કન્યા સાથે બાળક બનારસીદાસજીની સગાઈ કરી દેવામાં આવી, અને બે વર્ષ પછી સં. ૧૬૫૪ માં મહા સુદ ૧૨ ને દિવસે વિવાહ થઈ ગયા. જે દિવસે વહૂ ઘરમાં આવી તે જ દિવસે ખરગસેનજીને ત્યાં એક પુત્રીનો જન્મ થયો અને તે જ દિવસે તેમની વૃદ્ધ દાદીમાં મુત્યુ પામ્યાં. આ બાબતમાં કવિ કહે છેઃ–

**નાની મરન સુતા જનમ, પુત્રવધૂ આગૌન;**
**તીનોં કારજ એક દિન, ભયે એક હી ભૌન.**
**યહ સંસાર વિડંબના, દેખ પ્રગટ દુઃખ ખેદ;**
**ચતુર-ચિત્ત ત્યાગી ભયે, મૂઢ ન જાનહિં ભેદ.**

બનારસીદાસજીની ઉંમર આ વખતે ૧૪ વર્ષની થઈ ગઈ હતી, બાલ્યકાળ વીતી ગયો હતો અને યુવાવસ્થાની શરૂઆત હતી. આ વખતે પંડિત દેવદત્તજી પાસે ભણવું એ જ તેમનું એક માત્ર કામ હતું. ધનંજયનામમાળા આદિ કેટલાંક પુસ્તકો તેઓ શીખી ગયા હતા. જેમ કે–

**પઢી નામમાલા શત દોય, ઔર અનેકારથ અવલોય;**
**જ્યોતિષ અંલકાર લઘુલોક ખંડસ્કુટ શત ચાર શ્લોક.**

## યૌવનકાળ

યુવાવસ્થાની શરૂઆત ખરાબ હોય છે. ઘણા માણસો આ અવસ્થામાં શરીરના મદથી ઉન્મત થઈને કુળની પ્રતિષ્ઠા, સંપત્તિ, સંતતિ વગેરે સર્વનો નાશ કરી નાખે છે. આ અવસ્થામાં વડીલોનો પ્રયત્ન જ રક્ષણ કરી શકે છે, નહિ તો કુશળતા રહેતી નથી.

---

* જિનેન્દ્ર–પંચકલ્યાણકના રચયિતા પાંડે રૂપચંદજી અધ્યાત્મના વિદ્વાન અને પ્રસિદ્ધ કવિ હતા.

બનારસીદાસ પોતાના માતા-પિતાના એકના એક પુત્ર હતા તેથી માતાપિતા અને દાદીમાનો તેમના ઉપર અતિશય પ્રેમ હોવો સ્વાભાવિક છે. અસાધારણ પ્રેમને લીધે વડીલોનો પુત્ર પર જેટલો ભય હોવો જોઈએ, એટલો બનારસીદાસજીને નહોતો તેથી-

**તજિ કુલકાન લોકકી લાજ, ભયૌ બનારસિ આસિખબાજ.**

આપણા ચરિત્રનાયક યુવાવસ્થામાં અનંગના રંગમાં મગ્ન થઈ રહ્યા હતા, તે વખતે જૌનપુરમાં ખડતર ગચ્છીય યતિ ભાનુચન્દ્રજી (મહાકવિ બાણભટ્ટકૃત કાદમ્બરીના ટીકાકાર)નું આગમન થયું. યતિ મહાશય સદાચારી અને વિદ્વાન હતા. તેમની પાસે સેંકડો શ્રાવક આવતા જતા હતા. એક દિવસ બનારસીદાસજી પોતાના પિતાની સાથે યતિજીની પાસે ગયા. યતિજીએ તેમને સારી રીતે સમજી શકે તેવા જોઈને સ્નેહ બતાવ્યો. બનારસીદાસ પ્રતિદિન આવવા જવા લાગ્યા. પછી એટલો સ્નેહ વધી ગયો કે આખો દિવસ યતિની પાસે જ પાઠશાળામાં રહેતા, માત્ર રાત્રે ઘેર જતા હતા. યતિજીની પાસે, પંચસંધિની રચના અષ્ઠૌન, સામાયિક, પ્રતિક્રમણ, છન્દશાસ્ત્ર, શ્રુતબોધ, કોષ અને અનેક છૂટક શ્લોકો વગેરે વિષયો કંઠસ્થ કર્યા. આઠ મૂળગુણ પણ ધારણ કર્યા. પણ હજી શૃંગારરસ છૂટયો નહોતો.

કેટલાક સમય પછી બનારસીદાસજીના વિચારોમાં પરિવર્તન થયું, સમ્યગ્જ્ઞાનની જ્યોત જાગૃત થઈ અને શૃંગારરસ પ્રત્યે અરુચિ થવા લાગી. એક દિવસ તેઓ પોતાની મિત્રમંડળી સાથે ગોમતીના પુલ ઉપર સંધ્યા સમયે હવા ખાઈ રહ્યા હતા અને નદીના ચંચળ મોજાંઓને ચિત્તવૃત્તિની ઉપમા આપતાં કાંઈક વિચાર કરી રહ્યા હતા, પાસે એક પોથી પડી હતી. કવિવર પોતાની મેળે જ ગણગણવા લાગ્યા, "લોકો પાસેથી સાંભળ્યું છે કે જે કોઈ એકવાર પણ જૂઠું બોલે છે, તે નરક-નિગોદના અનેક દુઃખોમાં પડે છે, પણ મારી કોણ જાણે કેવી દશા થશે, જેણે જૂઠનો એક સમૂહ બનાવ્યો છે? મેં આ પુસ્તકમાં સ્ત્રીઓના કપોલકલ્પિત નખ-શિખની રચના કરી છે. હાય! મેં એ સારું નથી કર્યું. હું તો પાપનો ભાગીદાર થઈ જ ગયો અને હવે બીજા માણસો પણ એ વાંચીને પાપના ભાગીદાર થશે તથા લાંબા સમય સુધી પાપની પરંપરા વધશે." બસ, આ ઉચ્ચ વિચારથી તેમનું હૃદય ડગમગવા માંડયું. તેઓ બીજું કંઈ વિચારી શકયા નહિ અને ન તો કોઈની રજા લીધી, ચૂપચાપ તે પુસ્તક ગોમતીના અથાહ અને વેગીલા પ્રવાહવાળા જળમાં ફેંકી દીધું. તે દિવસથી બનારસીદાસજીએ એક નવીન અવસ્થા ધારણ કરી-

**તિસ દિનસોં બાનારસી, કરી ધર્મકી ચાહ;**
**તજી આસિખી ફાસિખી[1], પકરી કુલકી રાહ.**

ખરગસેનજી પુત્રની પરિણતિમાં આ પરિવર્તન જોઈને બહુ જ રાજી થયા અને કહેવા લાગ્યા–

**કહૈ દોષ કોઉ ના તજૈ, તજૈ અવસ્થા પાય;**
**જૈસે બાલકકી દશા, તરુણ ભયે મિટ જાય.**

અને–

**ઉદય હોત શુભ કર્મકે, ભઈ અશુભકી હાનિ;**
**તાતેં તુરત બનારસી, ગહી ધર્મકી બાનિ.**

જે બનારસી સંતાપજન્ય રસના રસિયા હતા, તે હવે જિનેન્દ્રના શાન્તરસમાં મસ્ત રહેવા લાગ્યા. લોકો જેમને ગલી–કૂંચિયોમાં ભટકતા જોતા હતા, તેમને હવે જિનમંદિરમાં અષ્ટદ્રવ્ય લઈને જતા જોવા લાગ્યા. બનારસીને જિનદર્શન વિના ભોજનત્યાગની પ્રતિજ્ઞા હતી. તેઓ ચૌદ નિયમ, વ્રત, સામાયિક પ્રતિક્રમણાદિ અનેક આચાર–વિચારમાં તન્મય દેખાવા લાગ્યા.

**તબ અપજસી બનારસી, અબ જસ ભયો વિખ્યાત.**

આગ્રામાં અર્થમલ્લજી નામના અધ્યાત્મ–રસના રસિક એક સજ્જન હતા. કવિવરનો તેમની સાથે વિશેષ સમાગમ રહેતો હતો. તેઓ કવિવરની વિલક્ષણ કાવ્યશક્તિ જોઈને આનંદિત થયા હતા, પરંતુ તેમની કવિતામાં આધ્યાત્મિક–વિદ્યાનો અભાવ જોઈને કોઈ કોઈ વાર દુઃખી પણ થતા હતા. એક દિવસ અવસર પામીને તેમણે કવિવરને પં.રાજમલ્લજીકૃત સમયસાર–ટીકા આપીને કહ્યું કે આપ એકવાર વાંચો અને સત્યની ખોજ કરો. તેમણે તે ગ્રંથ કેટલીયે વાર વાંચ્યો, પરંતુ ગુરુ વિના તેમને અધ્યાત્મનો યથાર્થ માર્ગ સૂઝયો નહિ અને તેઓ નિશ્ચયનયમાં એટલા તલ્લીન થઈ ગયા કે બાહ્ય ક્રિયાઓથી વિરક્ત થવા લાગ્યા–

**કરનીકૌ રસ મિટ ગયો, ભયો ન આતમસ્વાદ;**
**ભઈ બનારસિકી દશા જથા ઊંટકૌ પાદ.**

---

૧. પાપકાર્ય

તેમણે જપ, તપ, સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ બિલકુલ છોડી દીધી, ત્યાંસુધી કે ભગવાનને ચડાવેલું નૈવેદ્ય પણ ખાવા લાગ્યા. આ દશા ફક્ત તેમની જ નહોતી થઈ પણ તેમના મિત્ર ચન્દ્રભાણ, ઉદયકરણ અને થાનમલ્લજી આદિ પણ આ જ અંધારામાં પડી ગયા હતા અને નિશ્ચયનયનું એટલા એકાંતરૂપે ગ્રહણ કરી લીધું હતું કે–

**નગન હોંહિં ચારોં જનેં, ફિરહિં કોઠરી માહિં;**
**કહહિં ભયે મુનિરાજ હમ, કછૂ પરિગ્રહ નાહિં.**

સૌભાગ્યવશ પં. રૂપચંદજીનું આગ્રામાં આગમન થયું. પંડિતજીએ તેમને અધ્યાત્મના એકાંત રોગથી ગ્રસિત જોઈને ગોમ્મટસારરૂપ ઔષધનો ઉપચાર કર્યો. ગુણસ્થાન અનુસાર જ્ઞાન અને ક્રિયાઓનું વિધાન સારી રીતે સમજતાં જ તેમની આંખો ખુલી ગઈ–

**તબ બનારસી ઔરહિ ભયો, સ્યાદ્વાદ પરિણતિ પરણયો;**
**સુનિ સુનિ રૂપચંદકે બૈન, બનારસી ભયો દિઢ જૈન.**
**હિરદેમેં કછુ કાલિમા, હુતી સરદહન બીચ;**
**સોઉ મિટી સમતા ભઈ, રહી ન ઊંચ ન નીચ.**

કેટલાક વર્ષોમાં તેમણે સૂક્તિમુક્તાવળી, અધ્યાત્મબત્તીસી, મોક્ષપૈડી, ફાગ, ધમાલ, સિન્ધુચતુર્દશી, છૂટક કવિત્ત, શિવપચ્ચીસી, ભાવના, સહસ્રનામ, કર્મછત્તીસી, અષ્ટક ગીત, વચનિકા આદિ કવિતાઓની રચના કરી. આ બધી કવિતાઓ જિનાગમને અનુકૂળ જ થઈ છે–

**સોલહ સૌ બાનવે લૌં, ક્યિો નિયત રસ પાન;**
**પૈ કવીસુરી સબ ભઈ, સ્યાદ્વાદ પરમાન.**

ગોમ્મટસાર વાંચી લીધા પછી જ્યારે તેમના હૃદયનાં પડ ખુલી ગયાં, ત્યારે ભગવાન કુંદકુંદાચાર્ય પ્રણીત સમયસારનો ભાષા પદ્યાનુવાદ કરવાનું શરૂ કર્યું. ભાષા–સાહિત્યમાં આ ગ્રંથ અદ્વિતીય અને અનુપમ છે. એમાં ઘણી સરળતાથી અધ્યાત્મ જેવા કઠિન વિષયનું વર્ણન કર્યું છે. સંવત્ ૧૬૯૬માં એમનો એકનો એક પ્રિય પુત્ર પણ આ અસાર સંસારમાંથી વિદાય થઈ ગયો. આ પુત્રશોકનો તેમના હૃદય ઉપર ઘણો ઊંડો આઘાત થયો. તેમને આ સંસાર ભયાનક દેખાવા લાગ્યો. કારણ કે–

**નૌ બાલક હૂએ મુવે, રહે નારિનર દોય;**
**જ્યોં તરુવર પતઝાર હ્વૈ, રહેં ઠૂઠસે હોય.**
**તેઓ વિચાર કરવા લાગ્યા કે-**
**તત્ત્વદ્રષ્ટિ જો દેખિયે, સત્યારથકી ભાંતિ;**
**જ્યોં જાકૌ પરિગ્રહ ઘટૈ, ત્યોં તાકો ઉપશાંતિ.**

પરંતુ–

**સંસારી જાનેં નહીં, સત્યારથકી બાત;**
**પરિગ્રહસોં માને વિભવ, પરિગ્રહ બિન ઉતપાત.**

કમભાગ્યે કવિવરનું પૂર્ણ જીવનચરિત્ર પ્રાપ્ત નથી. શુભોદયથી જે કાંઈ પ્રાપ્ત છે, તે તેમની ૫૫ વર્ષની અવસ્થા સુધીનું વૃત્તાન્ત છે અને તે પુસ્તક અર્દ્ધકથાનકના નામથી પ્રસિદ્ધ છે. તેને કવિવરે પોતે પોતાની કલમથી લખ્યું છે. લેખકે ગ્રંથમાં પોતાના ગુણ અને દોષ બન્નેનું નિષ્પક્ષપણે વર્ણન કર્યું છે. કવિવરના જીવનની અનેક જનશ્રુતિઓ પ્રચલિત છે, તેમાંથી કેટલીક અહીં અંકિત કરવામાં આવી છે.

કવિવર શેતરંજના મહાન ખેલાડી હતા. શાહજહાં બાદશાહ એમની જ સાથે શેતરંજ રમ્યા કરતા હતા. બાદશાહ જે વખતે પ્રવાસમાં નીકળતા હતા, તે વખતે પણ તેઓ કવિવરને સાથે રાખતા હતા. આ કથા સંવત ૧૬૯૮ પછીની છે જ્યારે કવિવરનું ચરિત્ર નિર્મળ થઈ રહ્યું હતું અને જ્યારે તેઓ અષ્ટાંગ સમ્યક્ત્વને પૂર્ણપણે ધારણ કરી રહ્યા હતા. કહેવાય છે કે તે વખતે કવિવરે એક દુર્ધર પ્રતિજ્ઞા ધારણ કરી હતી. હું જિનેન્દ્રદેવ સિવાય કોઈની પણ આગળ મસ્તક નમાવીશ નહિ. જ્યારે આ વાત ફેલાતાં ફેલાતાં બાદશાહના કાને પહોંચી ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા પણ ક્રોધાયમાન ન થયા. તેઓ બનારસીદાસજીના સ્વભાવથી અને ધર્મશ્રદ્ધાથી સારી રીતે પરિચિત હતા, પરંતુ તે શ્રદ્ધાની સીમા અહીં સુધી પહોંચી ગઈ છે એ તેઓ જાણતા નહોતા, તેથી જ વિસ્મિત થયા. આ પ્રતિજ્ઞાની પરીક્ષા કરવા માટે બાદશાહને એક મજાક સૂઝી. પોતે એકએવી જગ્યાએ બેઠા જેનું દ્વાર બહુ નાનું હતું અને જેમાં માથું નીચું કર્યા વિના કોઈ પ્રવેશ કરી શકે તેમ નહોતું. પછી કવિવરને એક નોકર દ્વારા બોલાવવામાં આવ્યા. કવિવર બારણા પાસે આવીને અટકી ગયા અને બાદશાહની ચાલાકી સમજી ગયા અને ઝટ દઈને બેસી

ગયા પછી તરત જ બારણામાં પગ નાખીને દાખલ થઈ ગયા. આ ક્રિયાથી તેમને મસ્તક નમાવવું ન પડયું. બાદશાહ તેમની આ બુદ્ધિમત્તાથી ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યાઃ કવિરાજ, શું ઈચ્છો છો? આ વખતે જે માગો તે મળશે. કવિવરે ત્રણ વાર વચનબદ્ધ કરીને કહ્યું, જહાંપનાહ! એ ઈચ્છું છું આજ પછી ફરી કોઈ વાર દરબારમાં મને બોલાવવામાં ન આવે. બાદશાહ વચનબદ્ધ હોવાથી બહુ દુઃખી થયા અને ઉદાસ થઈને બોલ્યા, કવિવર આપે સારું ન કર્યું. આટલું કહીને તે અંતઃપુરમાં ચાલ્યા ગયા અને કેટલાય દિવસો સુધી દરબારમાં ન આવ્યા. કવિવર પોતાના આત્મધ્યાનમાં લવલીન રહેવા લાગ્યા.

એક વાર ગોસ્વામી તુલસીદાસજી બનારસીદાસની કાવ્ય-પ્રશંસા સાંભળીને પોતાના કેટલાક શિષ્યો સાથે આગ્રા આવ્યા અને કવિવરને મળ્યા. કેટલાક દિવસોના સમાગમ પછી તેઓ પોતાની બનાવેલી રામાયણની એક પ્રત ભેટ આપીને વિદાય થઈ ગયા અને પાર્શ્વનાથ સ્વામીની સ્તુતિ બે-ત્રણ કવિતાઓ સહિત જે બનારસીદાસજીએ ભેટ આપી હતી તે સાથે લેતા ગયા. ત્યાર પછી બે-ત્રણ વર્ષે જ્યારે બન્ને શ્રેષ્ઠ કવિઓનો ફરીથી મેળાપ થયો, ત્યારે તુલસીદાસજીએ રામાયણના સૌન્દર્ય વિષે પ્રશ્ન કર્યો, જેના ઉત્તરમાં કવિવરે એક કવિતા તે જ સમયે બનાવીને સંભળાવી-

**વિરાજૈ રામાયણ ઘટમાંહિં;**
**મરમી હોય મરમ સો જાનૈ, મૂરખ માનૈ નાહિં;**
**વિરાજૈ રામાયણ૦૧.**
**આતમ રામ જ્ઞાન ગુન લછમન, સીતા સુમતિ સમેત;**
**શુભપયોગ વાનરદલ મંડિત, વર વિવેક રનખેત...વિરાજૈ...૨.**
**ધ્યાન ધનુષ ટંકાર શોર સુનિ, ગઈ વિષયદિતિ[૧] ભાગ;**
**ભઈ ભસ્મ મિથ્યામત લંકા, ઉઠી ધારણા આગ...વિરાજૈ...૩.**
**જરે અજ્ઞાન ભાવ રાક્ષસકુલ, લરે નિકાંછિત સૂર;**
**જૂઝે રાગદ્વેષ સેનાપતિ, સંસૈ ગઢ ચકચૂર...વિરાજૈ...૪.**

---

૧. સૂર્પનખા સાક્ષસી.

વિલખત કુંભકરણ ભવ વિભ્રમ, પુલકિત મન દરયાવ;
થક્તિ ઉદાર વીર મહિરાવણ, સેતુબંધ સમભાવ...વિરાજૈ...૫.
મૂર્છિત મંદોદરી દુરાશા, સજગ ચરન હનુમાન;
ઘટી ચતુર્ગતિ પરણતિ સેના, છુટે છપકગુણ બાન...વિરાજૈ...૬.
નિરખિ સકતિ ગુન ચક્રસુદર્શન, ઉદય વિભીષણ દીન;
ફિરૈ કબંધ મહી રાવણકી, પ્રાણભાવ શિરહીન...વિરાજૈ...૭.
ઈહ વિધિ સકલ સાધુ ઘટ અંતર, હોય સહજ સંગ્રામ;
યહ વિવહારદષ્ટિ રામાયણ, કેવલ નિશ્ચય રામ...વિરાજૈ..૮.
(બનારસીવિલાસ પૃષ્ઠ ૨૪૨)

તુલસીદાસજી આ અધ્યાત્મચાતુર્ય જોઈને બહુ જ પ્રસન્ન થયા અને બોલ્યા, “આપની કવિતા મને બહુ જ પ્રિય લાગી છે, હું તેના બદલામાં આપને શું સંભળાવું? તે દિવસે આપની પાર્શ્વનાથ-સ્તુતિ વાંચીને મેં પણ એક પાર્શ્વનાથ સ્તોત્ર બનાવ્યું હતું,

તે આપને જ અર્પણ કરું છું.” એમ કહીને “ભક્તિબિરદાવલી” નામની એક સુંદર કવિતા કવિવરને અર્પણ કરી. કવિવરને તે કાવ્યથી ઘણો સંતોષ થયો અને પછી ઘણા દિવસો સુધી બન્ને સજ્જનોનો મેળાપ વખતોવખત થતો રહ્યો.

કવિવરના દેહોત્સર્ગનો સમય જાણવામાં નથી. પરંતુ મૃત્યુ સમયની એક દંતકથા પ્રસિદ્ધ છે કે અંતસમયે કવિવરનો કંઠ રુંધાઈ ગયો હતો, તેથી તેઓ બોલી શકતા નહોતા. અને પોતાના અંત સમયનો નિશ્ચય કરીને ધ્યાનાવસ્થિત થઈ ગયા હતા. લોકોને ખાતરી થઈ ગઈ હતી કે એ હવે કલાક બે કલાકથી વધારે જીવતા નહિ રહે. પરંતુ જ્યારે કલાક બે કલાકમાં કવિવરની ધ્યાનાવસ્થા પૂરી ન થઈ ત્યારે લોકો જાતજાતના વિચાર કરવા લાગ્યા. મૂર્ખ માણસો કહેવા લાગ્યા કે એમના પ્રાણ માયા અને કુટુંબીઓમાં અટકી રહ્યા છે, જ્યાં સુધી કુટુંબીજનો એમની સામે નહિ આવે અને પૈસાની પોટલી એમની સમક્ષ નહિ મૂકવામાં આવે ત્યાંસુધી પ્રાણ જશે નહિ. આ પ્રસ્તાવમાં બધાએ અનુમતી આપી, કોઈએ પણ વિરોધ ન કર્યો. પરંતુ લોકોના આ મૂર્ખાઈ ભરેલા વિચારો કવિવર સહન ન કરી શકયા. તેમણે આ લોકમૂઢતા ટાળવા ઈચ્છા કરી. તેથી એક પાટી અને કલમ લાવવા માટે નજીકના લોકોને ઈશારો કર્યો. મહામહેનતે લોકો તેમનો આ

સંકેત સમજ્યા. જ્યારે કલમ આવી ત્યારે તેમણે બે શ્લોક રચીને લખી દીધા. તે વાંચીને લોકો પોતાની ભૂલ સમજી ગયા અને કવિવરને કોઈ પરમ વિદ્વાન અને ધર્માત્મા સમજીને તેમની સેવામાં લાગી ગયા.

**જ્ઞાન કુતક્કા હાથ, મારિ અરિ મોહના;**
**પ્રગટયૌ રૂપ સ્વરૂપ, અનંત સુ સોહના.**
**જા પરજૈકો અંત, સત્ય કર માનના;**
**ચલે બનારસિદાસ, ફેર નહિં આવના.***

**દેવરીકલાં ( સાગર )**
**કાર્તિક વદ ૧૪**
**વીર સં. ૨૪૫૪**

**સજ્જનોનો સેવક-**
**હીરાલાલ નેગી.**

---

* અહીં શ્રી હીરાલાલજી નેગી દ્વારા લિખિત જીવનચરિત્રનું સંક્ષિપ્ત રૂપ આપવામાં આવ્યું છે.

શ્રી પરમાત્મને નમઃ

સ્વ. પં. બનારસીદાસવિરચિત

# સમયસાર નાટક

ભાષાટીકાનો ગુજરાતી અનુવાદ

*

## હિન્દી ટીકાકારનું મંગલાચરણ

( દોહરા )

નિજ સ્વરૂપકૌ પરમ રસ, જામૈં ભરૌ અપાર;
વન્દૌં પરમાનન્દમય, સમયસાર અવિકાર...૧.

કુંદકુંદ મુનિ-ચન્દવર, અમૃતચન્દ મુનિ-ઈન્દ;
આત્મરસી બનારસી, બન્દૌં પદ અરવિન્દ...૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગ્રંથકારનું મંગળાચરણ

### શ્રી પાર્શ્વનાથજીની સ્તુતિ

(વર્ણ ૩૧ મનહર છંદ. ચાલ-ઝંઝરાની)

करम-भरम जग-तिमिर-हरन खग,
उरग-लखन-पग सिवमगदरसी[१]।
निरखत नयन भविक जल बरखत,
हरखत अमित भविकजन-सरसी।।
मदन-कदन-जित परम-धरमहित,
सुमिरत भगति भगति सब डरसी।
सजल-जलद-तन मुकुट सपत फन,
कमठ-दलन जिन नमत बनरसी।। १।।

**શબ્દાર્થઃ-** ખગ=(ખ=આકાશ, ગ=ગમન) સૂર્ય. કદન=યુદ્ધ. સજલ=પાણી સહિત. સહિત. જલદ=(જલ=પાણી, દ=આપનાર) વાદળ. સપત=સાત.

**અર્થઃ-** જે સંસારમાં કર્મના ભ્રમરૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્યસમાન છે, જેમના ચરણમાં સાપનું ચિહ્ન છે, જે મોક્ષનો માર્ગ દેખાડનાર છે, જેમના દર્શન કરવાથી ભવ્ય જીવોનાં નેત્રોમાંથી આનંદના આંસુ વહે છે અને અનેક ભવ્યરૂપી સરોવર પ્રસન્ન થઈ જાય છે, જેમણે કામદેવને યુદ્ધમાં હરાવી દીધો છે, જે ઉત્કૃષ્ટ જૈનધર્મના હિતકારી છે, જેમનું સ્મરણ કરવાથી ભક્તજનોના બધા ભયો દૂર ભાગે છે, જેમનું શરીર પાણીથી ભરેલા વાદળા જેવું નીલ (રંગનું) છે, જેમનો મુગટ[૨] સાત ફેણોનો છે, જે કમઠના જીવને અસુર પર્યાયમાં હરાવનારછે; એવા પાર્શ્વનાથ જિનરાજને (પંડિત) બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૧.

---

૧. આ છંદમાં અંત વર્ણ સિવાયના બધા અક્ષર લઘુ છે, મનહર છંદમાં 'અંત ઈક ગુરુ પદ અવશહિં ધરિકેં' એવો છંદ શાસ્ત્રનો નિયમ છે.

૨. જ્યારે ભગવાન પાર્શ્વનાથ સ્વામીની મુનિ અવસ્થામાં કમઠના જીવે ઉપસર્ગ કર્યો હતો ત્યારેપ્રભુની રાજ્ય અવસ્થામાં ઉપદેશ પામેલ નાગ-નાગણીના જીવે ધરણેન્દ્ર પદ્માવતીની પર્યાયમાં ઉપસર્ગનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**છંદ છપ્પા ( આ છંદમાં બધા વર્ણ લઘુ છે. )**

सकल-करम-खल-दलन,
कमठ-सठ-पवन कनक-नग।
धवल परम-पद-रमन,
जगत-जन-अमल-कमल-खग।।
परमत-जलधर-पवन,
सजल-घन-सम-तन समकर।
पर-अघ-रजहर जलद,
सकल-जन-नत-भव-भय-हर।।
जमदलन नरकपद-छयकरन,
अगम अतट भवजलतरन।
वर-सबल-मदन-वन-हरदहन,
जय जय परम अभयकरन।।२।।

**શબ્દાર્થઃ-** કનક-નગ=( કનક=સોનું, નગ=પહાડ ) સુમેરુ. પરમત= જૈનમત સિવાયના બીજા બધા મિથ્યામત. નત=વંદનીય. હર દહન=રુદ્રની અગ્નિ.

**અર્થઃ-** જે સંપૂર્ણ દુષ્ટકર્મોનો નાશ કરનાર છે, કમઠના ( ઉપસર્ગરૂપ ) પવનની સામે મેરુ સમાન છે અર્થાત્ કમઠના જીવે ચલાવેલા ઉગ્ર આંધીના ઉપસર્ગથી ચલિત થનાર નથી, નિર્વિકાર સિદ્ધપદમાં રમણ કરે છે, સંસારી જીવો રૂપ કમળોને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન છે, મિથ્યામતરૂપ વાદળાંને ઉડાડી મૂકવા માટે પ્રચંડ વાયુરૂપ છે, જેમનું શરીર પાણીથી ભરેલા વાદળા સમાન નીલવર્ણનું છે, જે જીવોને સમતા દેનાર છે, અશુભ કર્મોની ધૂળ ધોવા માટે વાદળ

---

નિવારણ કર્યું હતું અને સાત ફેણવાળા સાપ બનીને પ્રભુની ઉપર છાયા કરીને અખંડ જળવૃષ્ટિથી રક્ષણ કર્યું હતુ, તે જ હેતુથી આ ભગવાનની પ્રતિમા ઉપર સાત ફેણોનું ચિહ્ન પ્રચલિત છે અને તેથી જ કવિએ મુગટની ઉપમા આપી છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમાન છે, સમસ્ત જીવો દ્વારા વંદનીય છે, જન્મ-મરણનો ભય દૂર કરનાર છે, જેમણે મૃત્યુને જીત્યું છે, જે નરકગતિથી બચાવનાર છે, જે મહાન અને ગંભીર સંસાર-સાગરથી તારનાર છે, અત્યંત બળવાન કામદેવના વનને બાળવા માટે [1]રુદ્રની અગ્નિ સમાન છે, જે જીવોને બિલકુલ નીડર બનાવનાર છે, તે (પાર્શ્વનાથ ભગવાન) નો જય હો! જય હો!! ૨.

**(સવૈયા એકત્રીસા)**

जिन्हिके वचन उर धारत जुगल नाग,
भए धरनिंद पदुमावति पलकमैं।
जाकी नाममहिमासौं कुधातु कनक करै,
पारस पखान नामी भयौ है खलकमैं।।
जिन्हकी जनमपुरी-नामके प्रभाव हम,
अपनौ स्वरुप लख्यौ भानुसौ भलकमैं।
तेई प्रभु पारस महारसके दाता अब,
दीजै मोहि साता दृगलीलाकी ललकमैं।। ३।।

**શબ્દાર્થ:-** કુધાતુ=લોઢું. પારસ પખાન=પારસ પથ્થર. ખલક=જગત. ભલક=તેજ. મહારસ=અનુભવનો સ્વાદ. સાતા=શાંતિ.

**અર્થ:-** જેમની વાણી હૃદયમાં ધારણ કરીને સર્પનું જોડું ક્ષણમાત્રમાં ધરણેન્દ્ર અને પદ્માવતી થયું, જેમના નામના પ્રતાપથી જગતમાં પથ્થર પણ પારસના નામથી પ્રસિદ્ધ છે કે જે લોઢાને સોનું બનાવી દે છે, જેમની જન્મભૂમિના નામના પ્રભાવથી અમે અમારું આત્મસ્વરૂપ જોયું છે-જાણે કે સૂર્યની જ્યોતિ જ પ્રગટ થઈ છે, તે અનુભવ-રસનો સ્વાદ આપનાર પાર્શ્વનાથ જિનરાજ પોતાની પ્રિય દૃષ્ટિથી અમને શાંતિ આપો. ૩.

---

૧. આ વૈષ્ણવમતનું દૃષ્ટાંત છે, તેમના મતમાં કથન છે કે મહાદેવજીએ ત્રીજું નેત્ર ખોલ્યું અને કામદેવને ભસ્મ કરી નાખ્યો. જોકે જૈનમતમાં આ વાર્તા પ્રમાણભૂત નથી તો પણ દૃષ્ટાંત માત્ર પ્રમાણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**( શ્રી સિદ્ધની સ્તુતિ. અડિલ્લ છંદ )**

अविनासी अविकार परमरसधाम हैं।
समाधान सरवंग सहज अभिराम हैं।।
सुद्ध बुद्ध अविरुद्ध अनादि अनंत हैं।
जगत शिरोमनि सिद्ध सदा जयवंत हैं।। ४।।

**શબ્દાર્થઃ-** સરવંગ (સર્વાંગ)=સર્વ આત્મપ્રદેશે. પરમરસ=આત્મસુખ. અભિરામ=પ્રિય.

**અર્થઃ-** જે નિત્ય અને નિર્વિકાર છે, ઉત્કૃષ્ટ સુખનું સ્થાન છે, સહજ શાંતિથી [૧]સર્વાંગે સુંદર છે. નિર્દોષ છે, પૂર્ણજ્ઞાની છે, વિરોધરહિત છે, અનાદિ અનંત છે; તે લોકના શિખામણિ સિદ્ધ ભગવાન સદા જયવન્ત હો! ૪.

**( શ્રી સાધુ સ્તુતિ. સવૈયા એકત્રીસા )**

ग्यानकौ उजागर सहज-सुखसागर,
सुगुन-रतनागर विराग-रस भर्‌यौ है।
सरनकी रीति हरै मरनकौ न भै करै,
करनसौं पीठि दे चरन अनुसर्‌यौ है।।
धरमकौ मंडन भरमको विहंडन है,
परम नरम ह्वैकै करमसौं लर्‌यो है।
ऐसौ मुनिराज भुवलोकमैं विराजमान,
निरखि बनारसी नमस्कार कर्‌यौ है।। ५।।

**શબ્દાર્થઃ-** ઉજાગર=પ્રકાશક. રતનાગર=(રત્નાકર) =મણિઓની ખાણ. ભૈ (ભય)= ડર. કરન (કરણ) = ઈન્દ્રિય. ચરન (ચરણ) = ચારિત્ર. વિહંડન = વિનાશ કરનાર. નરમ = કોમળ અર્થાત્ કષાયરહિત. ભુવ (ભૂ) =પૃથ્વી.

---

૧. જેમનો પ્રત્યેક આત્મપ્રદેશ વિલક્ષણ શાંતિથી ભરપૂર છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** જે જ્ઞાનના પ્રકાશક છે, [૧] સહજ આત્મસુખના સમુદ્ર છે, સમ્યક્ત્વાદિ ગુણરત્નોની ખાણ છે, વૈરાગ્યરસથી પરિપૂર્ણ છે, કોઈનો આશ્રય ઈચ્છતા નથી, મૃત્યુથી ડરતા નથી, ઈન્દ્રિય-વિષયોથી વિરક્ત થઈને ચારિત્રનું પાલન કરે છે, જેમનાથી ધર્મની શોભા છે, જે મિથ્યાત્વનો નાશ કરનાર છે, જે કર્મો સાથે અત્યંત શાંતિથી [૨]લડે છે; એવા સાધુ મહાત્મા જે પૃથ્વી ઉપર શોભાયમાન છે તેમનાં [૩]દર્શન કરને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૫.

**સમ્યગ્દષ્ટિની સ્તુતિ. સવૈયા છંદ ( ૮ ભગણ )**

भेदविज्ञान जग्यौ जिन्हके घट,
सीतल चित भयौ जिम चंदन।
केलि करै सिव मारगमैं,
जग माहिं जिनेसुरके लघु नंदन।।
सत्यसरूप सदा जिन्हकै,
प्रगट्यौ अवदात मिथ्यातनिकंदन।
सांतदसा तिन्हकी पहिचानि,
करै कर जोरि बनारसि वंदन।। ६।।

**શબ્દાર્થઃ-** ભેદજ્ઞાન=નિજ અને પરનો વિવેક. કેલિ=મોજ. લઘુનંદન=નાના પુત્ર. અવદાત = સ્વચ્છ. મિથ્યાત-નિકંદન = મિથ્યાત્વનો નાશ કરનાર.

**અર્થઃ-** જેમના હૃદયમાં નિજ-પરનો વિવેક પ્રગટ થયો છે, જેમનું ચિત્ત ચંદન સમાન શીતળ છે અર્થાત્ કષાયોનો આતાપ નથી અને નિજ-પર વિવેક થવાથી જે મોક્ષમાર્ગમાં મોજ કરે છે, જે સંસારમાં અરહંતદેવના લઘુપુત્ર છે અર્થાત્ થોડા જ સમયમાં અરહંતપદ પ્રાપ્ત કરનાર છે, જેમને મિથ્યાદર્શનનો નાશ કરનાર નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે; તે સમ્યગ્દષ્ટિ જીવોની આનંદમય અવસ્થાનો નિશ્ચય કરીને પં. બનારસીદાસજી હાથ જોડીને નમસ્કાર કરે છે. ૬.

---

૧. જે આત્મજનિત છે, કોઈ દ્વારા ઉત્પન્ન થતું નથી. ૨. આ કર્મોની લડાઈ ક્રોધ આદિ કષાયોના ઉદ્વેગ રહિત હોય છે. ૩. હૃદયમાં દર્શન કરવાનો અભિપ્રાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(સવૈયા એકત્રીસા)

स्वारथके साचे परमारथके साचे चित,
साचे साचे बैन कहैं साचे जैनमती हैं।
काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,
आतमगवेषी न गृहस्थ हैं न जती हैं।।
सिद्धि रिद्धि वृद्धि दीसे घटमैं प्रगट सदा,
अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।
दास भगवन्तके उदास रहैं जगतसौं,
सुखिया सदैव ऐसे जीव समकिती हैं।। ७।।

**શબ્દાર્થ**:- સ્વારથ=(સ્વાર્થ, સ્વ= આત્મા, અર્થ=પદાર્થ) આત્મપદાર્થ. પરમારથ ([1]પરમાર્થ) = પરમ અર્થ અર્થાત્ મોક્ષ. પરજાય (પર્યાય) =શરીર. લચ્છિ = લક્ષ્મી. અજાચી = ન માગનાર

**અર્થ**:- જેમને પોતાના આત્માનું સાચું જ્ઞાન છે અને મોક્ષ પદાર્થ ઉપર સાચો પ્રેમ છે, જે હૃદયના સાચા છે અને સત્ય વચન બોલે છે તથા સાચા જૈની[2] છે, કોઈની સાથે જેમને [3]વિરોધ નથી, શરીરમાં જેમને અહંબુદ્ધિ નથી, જે આત્મસ્વરૂપના શોધક છે, અણુવ્રતી નથી કે મહાવ્રતી નથી[4], જેમને સદૈવ પોતાના જ હૃદયમાં આત્મહિતની સિદ્ધિ, આત્મશક્તિની રિદ્ધિ અને આત્મગુણોની વૃદ્ધિ પ્રગટ દેખાય છે, જે અંતરંગ લક્ષ્મીથી અયાચી લક્ષપતિ અર્થાત્ સંપન્ન છે, જે જિનરાજના સેવક છે, સંસારથી ઉદાસીન છે, જે આત્મિક સુખથી સદા આનંદરૂપ રહે છે, એ ગુણોના ધારક સમ્યગ્દષ્ટિ જીવ હોય છે. ૭.

---

૧. જૈનધર્મમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ-એ ચાર પદાર્થ કહ્યા છે, તેમાં મોક્ષ પરમ પદાર્થ છે.
૨. જિનવરનાં વચનો પર જેમનો અટલ વિશ્વાસ છે.
૩. સમસ્ત નયોના જ્ઞાતા હોવાથી એમના જ્ઞાનમાં કોઈ પણ સમ્યક્ વિવક્ષાનો વિરોધ ભાસતો નથી.
૪. અહીં અસંયત સમ્યગ્દષ્ટિને ધ્યાનમાં રાખીને કહ્યું છે કે જેમને "ચરિતમોહવશ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજૈ હૈં."

(સવૈયા એકત્રીસા)

जाकै घट प्रगट विवेक गणधरकौसौ,
हिरदै हरखि महामोहकौं हरतु है।
साचौ सुख मानै निजमहिमा अडौल जाने,
आपुहीमैं आपनौ सुभाउ ले धरतु हैं।।
जैसैं जल-कर्दम कतकफल भिन्न करै,
तैसैं जीव अजीव विलछनु करतु है।
आतम सकति साधै ग्यानकौ उदौ आराधै,
सोई समकिती भवसागर तरतु है।। ८।।

**શબ્દાર્થઃ-** કર્દમ=કીચડ. કતકફળ=નિર્મળી. વિલછનુ= પૃથ્થકરણ. સકતિ=શક્તિ.

**અર્થઃ-** જેના હૃદયમાં ગણધર જેવો સ્વ-પરનો વિવેક પ્રગટ થયો છે, જે આત્માનુભવથી આનંદિત થઈને મિથ્યાત્વને નષ્ટ કરે છે, સાચા સ્વાધીન સુખને સુખ માને છે. પોતાના જ્ઞાનાદિ ગુણોની અવિચળ શ્રદ્ધા કરે છે, પોતાના સમ્યગ્દર્શનાદિ સ્વભાવને પોતાનામાં જ ધારણ કરે છે, જે અનાદિના મળેલ જીવ અને અજીવનું પૃથ્થકરણ [૧]કીચડથી પાણીનું પૃથ્થકરણ કતકફળની જેમ કરે છે, જે આત્મબળ વધારવામાં પ્રયત્ન કરે છે અને જ્ઞાનનો પ્રકાશ કરે છે, તે જ સમ્યગ્દષ્ટિ સંસાર-સમુદ્રથી પાર થાય છે. ૮.

(મિથ્યાદષ્ટિનું લક્ષણ. સવૈયા એકત્રીસા)

धरम न जानत बखानत भरमरूप,
ठौर ठौर ठानत लराई पच्छपातकी।
भूल्यो अभिमानमैं न पाउ धरै धरनीमें,
हिरदैमें करनी विचारै उतपातकी।।

---

૧. ગંદા પાણીમાં નિર્મળી (ફટકડી) નાખવાથી કીચડ નીચે બેસી જાય છે અને પાણી ચોખ્ખું થઈ જાય છે.

फिरै डांवाडोलसौ करमके कलोलिनिमैं,
व्है रही अवस्था सु बधूलेकैसे पातकी।
जाकी छाती ताती कारी कुटिल कुवाती भारी,
ऐसौ ब्रह्मघाती है मिथ्याती महापातकी।। ९।।

**શબ્દાર્થઃ-** ધરમ (ધર્મ) = વસ્તુસ્વભાવ. ઉતપાત = ઉપદ્રવ.

**અર્થઃ-** જે વસ્તુસ્વભાવથી અજાણ છે, જેનું કથન મિથ્યાત્વમય છે અને જે એકાંતનો પક્ષ લઈ ઠેકઠેકાણે લડાઈ કરે છે, પોતાના મિથ્યાજ્ઞાનના અહંકારમાં ભૂલીને ધરતી પર પગ ટેકવતો નથી અને ચિત્તમાં ઉપદ્રવનો જ વિચાર કરે છે, કર્મનાં કલ્લોલોથી સંસારમાં ડામાડોળ થઈને ફરે છે અર્થાત્ વિશ્રામ પામતો નથી. તેથી તેની દશા વંટોળિયાનાં પાંદડા જેવી થઈ રહી છે, જે હૃદયમાં (ક્રોધથી) તપ્ત રહે છે, (લોભથી) મલિન રહે છે, (માયાથી) કુટિલ છે, (માનથી) ભારે કુવચન બોલે છે આવો આત્મઘાતી અને મહાપાપી મિથ્યાદ્રષ્ટિ છે. ૯.

(દોહા)

बंदौ सिव अवगाहना, अरु बंदौ सिव पंथ।
जसु प्रसाद भाषा करौं, नाटकनाम गरंथ।। १०।।

**શબ્દાર્થઃ-** અવગાહના=આકૃતિ.

**અર્થઃ-** હું સિદ્ધ ભગવાનને અને મોક્ષમાર્ગ (રત્નત્રય)ને નમસ્કાર કરું છું, જેમના પ્રસાદથી દેશભાષામાં નાટક સમયસાર ગ્રંથ રચું છું. ૧૦.

**કવિ સ્વરૂપનું વર્ણન (સવૈયા મત્તગયન્દ વર્ણ ૨૩)**

चेतनरूप अनूप अमूरति,
सिद्धसमान सदा पद मेरौ[१]।
मोह महातम आतम अंग,
कियौ परसंग महा तम घेरौ[२]।।

---

૧. અહીં નિશ્ચયનયની અપેક્ષાએ કથન છે. ૨ અહીં વ્યવહારનયની અપેક્ષાએ કથન છે.

ग्यानकला उपजी अब मोहि,
कहौं गुन नाटक आगमकेरौ।
जासु प्रसाद सधै सिवमारग,
वेगि मिटै भववास बसेरौ।। ११।।

**શબ્દાર્થઃ-** અમૂરતિ (અમૂર્તિ)=નિરાકાર. પરસંગ = (પ્રસંગ) = સંબંધ.

**અર્થઃ-** મારું સ્વરૂપ સદૈવ ચૈતન્યસ્વરૂપ, ઉપમારહિત અને નિરાકાર સિદ્ધ સમાન છે. પરંતુ મોહના મહા અંધકારનો સંગ કરવાથી હું આંધળો બની રહ્યો હતો. હવે મને જ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ છે તેથી હું નાટક સમયસાર ગ્રંથ કહું છું, જેના પ્રસાદથી મોક્ષમાર્ગથી સિદ્ધિ થાય છે અને જલદી સંસારનો નિવાસ અર્થાત્ જન્મ-મરણ છૂટી જાય છે. ૧૧.

**કવિની લઘુતાનું વર્ણન (છન્દ મનહર. વર્ણ ૩૧)**

जैसैं कोऊ मूरख महा समुद्र तिरिवेकौं,
भुजानिसौं उद्यत भयौ है तजि नावरौ।
जैसैं गिरि ऊपर विरखफल तोरिवेकौं,
बावनु पुरुष कोऊ उमगै उतावरौ।
जैसैं जलकुंडमैं निरखि ससि-प्रतिबिम्ब,
ताके गहिबेकौं कर नीचौ करै [१]टाबरौ।
तैसैं मैं अलपबुद्धि नाटक आरंभ कीनौ,
गुनी मोहि हसैंगे कहैंगे कोऊ बावरौ।। १२।।

**શબ્દાર્થઃ-** વિરખ (વૃક્ષ) = ઝાડ. બાવનુ (બામન) =બહુ નીચા કદનો મનુષ્ય ૧ ટાબરો = બાળક. બાવરૌ = પાગલ.

**અર્થઃ-** જેવી રીતે મૂર્ખ મનુષ્ય પોતાના બાહુબળથી ઘણા મોટા સમુદ્રને તરવાનો પ્રયત્ન કરે અથવા કોઈ ઠીંગણો માણસ પર્વત ઉપરના વૃક્ષમાં લાગેલું ફળ તોડવા માટે જલદીથી ઊછળે, જેવી રીતે કોઈ બાળક પાણીમાં પડેલા ચંદ્રના

---

૧. આ શબ્દ મારવાડી ભાષાનો છે.

બિંબને હાથથી પકડે છે, તેવી જ રીતે મંદબુદ્ધિવાળા મેં નાટક સમયસાર (મહાકાર્ય) નો પ્રારંભ કર્યો છે, વિદ્વાનો મશ્કરી કરશે અને કહેશે કે કોઈ પાગલ હશે. ૧૨

**(સવૈયા એકત્રીસા)**

जैसैं काहू रतनसौं बींध्यौ है रतन कोऊ,
तामैं सूत रेसमकी डोरी पोई गई है।
तैसैं बुध टीकाकरि नाटक सुगम कीनौ,
तापरि अलपबुद्धि सूधी परिनई है।।
जैसैं काहू देसके पुरुष जैसी भाषा कहैं,
तैसी तिनिहुंके बालकनि सीख लई है।
तैसैं ज्यौं गरंथकौ अरथ कह्यौ गुरु त्योंहि,
हमारी मति कहिवेकौं सावधान भई है।। १३।।

**શબ્દાર્થઃ-** બુધ=વિદ્વાન. પરનઈ (પરણઈ) = થઈ છે.

**અર્થઃ-** જેવી રીતે હીરાની કણીથી કોઈ રત્નમાં છિદ્ર પાડી રાખ્યું હોય તો તેમાં રેશમનો દોરો નાખી દેવાય છે, તેવી જ રીતે વિદ્વાન સ્વામી અમૃતચંદ્ર આચાર્યદેવે ટીકા કરીને સમયસાર સરલ કરી દીધું છે, તેથી અલ્પબુદ્ધિવાળા મને સમજવામાં આવી ગયું. અથવા જેવી રીતે કોઈ દેશના રહેવાસી જેવી ભાષા બોલે છે તેવી તેના બાલકો શીખી લે છે; તેવી જ રીતે મને ગુરુ-પરંપરાથી જેવું અર્થજ્ઞાન થયું છે તેવું જ કહેવા માટે મારી બુદ્ધિ તત્પર થઈ છે. ૧૩.

**હવે કવિ કહે છે કે ભગવાનની ભક્તિથી અમને બુદ્ધિબળ પ્રાપ્ત થયું છે**
**(સવૈયા એકત્રીસા)**

कबहू सुमति व्है कुमतिकौ विनास करै,
कबहू विमल जोति अंतर जगति है।
कबहू दया व्है चित्त करत दयालरूप,
कबहू सुलालसा व्है लोचन लगति है।।

कबहू आरती व्है कै प्रभु सनमुख आवै,
कबहू सुभारती व्है बाहरि बगति है।
धरै दसा जैसी तब करै रीति तैसी ऐसी,
हिरदै हमारै भगवंतकी भगति है।। १४।।

**શબ્દાર્થઃ-** સુભારતી = સુંદર વાણી. લાલસા= અભિલાષા. લોચન=નેત્ર.

**અર્થઃ-** અમારા હૃદયમાં ભગવાનની એવી ભક્તિ છે કે કોઈ વાર તો સુબુદ્ધિરૂપ થઈને કુબુદ્ધિને દૂર કરે છે, કોઈ વાર નિર્મળ જ્યોત થઈને હૃદયમાં પ્રકાશ આપે છે, કોઈ વાર દયાળુ થઈને ચિત્તને દયાળુ બનાવે છે, કોઈ વાર અનુભવની પિપાસારૂપ થઈને આંખો સ્થિર કરે છે, કોઈ વાર આરતીરૂપ થઈને પ્રભુની સન્મુખ આવે છે, કોઈ વાર સુંદર વચનોથી સ્તોત્ર બોલે છે, જ્યારે જેવી અવસ્થા થાય છે ત્યારે તેવી ક્રિયા કરે છે. ૧૪.

**હવે નાટક સમયસારના મહિમાનું વર્ણન કરે છે. (સવૈયા એકત્રીસા)**

मोख चलिवेकौ सौन करमकौ करै बौन,
जाके रस-भौन बुध लौन ज्यौं घुलत है।
गुनको गरन्थ निरगुनकौ सुगम पंथ,
जाकौ जसु कहत सुरेश अकुलत है।।
याहीकै जु पच्छी ते उड़त ग्यानगगनमैं,
याहीके विपच्छी जगजालमैं रुलत है।
हाटकसौ विमल विराटकसौ विसतार,
नाटक सुनत हिये फाटक खुलत है।। १५।।

**શબ્દાર્થઃ-** સૌન= સીડી. બૌન=વમન. હાટક=સુવર્ણ. ભૌન (ભવન) = જળ.

**અર્થઃ-** આ નાટક મોક્ષમાં જવાને માટે સીડી સ્વરૂપ છે, કર્મરૂપી વિકારનું વમન કરે છે, એના રસરૂપ જળમાં વિદ્વાનો મીઠાની જેમ ઓગળી જાય છે, એ

સમ્યગ્દર્શનાદિ ગુણોનો પિંડ છે, સરળ રસ્તો છે, એના મહિમાનું વર્ણન કરતાં ઈન્દ્રો પણ લજ્જિત થાય છે, જેમને આ ગ્રંથના પક્ષરૂપ પાંખો પ્રાપ્ત થઈ છે તેઓ જ્ઞાનરૂપી આકાશમાં વિહાર કરે છે, અને જેને આ ગ્રંથના પક્ષરૂપ પાંખો નથી તેઓ જગતની જંજાળમાં ફસાય છે. આ ગ્રંથ શુદ્ધ સુવર્ણ જેવો નિર્મળ છે, વિષ્ણુના વિરાટરૂપ જેવો વિસ્તૃત છે, આ ગ્રંથ સાંભળવાથી હૃદયનાં દ્વાર ખૂલી જાય છે. ૧૫.

### અનુભવનું વર્ણન ( દોહરા )

कहौं शुद्ध निहचै कथा, कहौं शुद्ध विवहार।
मुकतिपंथकारन कहौं अनुभौको अधिकार।। १६।।

**અર્થ**:- શુદ્ધ નિશ્ચયનય, શુદ્ધ વ્યવહારનય અને મોક્ષમાર્ગમાં કારણભૂત આત્માનુભવની ચર્ચાનું હું વર્ણન કરું છું. ૧૬.

### અનુભવનું લક્ષણ ( દોહરા )

वस्तु विचारत ध्यावतैं, मन पावै विश्राम।
रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम।। १७।।

**અર્થ**:- આત્મપદાર્થનો વિચાર અને ધ્યાન કરવાથી ચિત્તને જે શાંતિ મળે છે તથા આત્મિકરસનો આસ્વાદ કરવાથી જે આનંદ મળે છે તેને જ અનુભવ કહે છે. ૧૭.

### અનુભવનો મહિમા ( દોહરા )

अनुभव चिंतामनि रतन, अनुभव हे रसकूप।
अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप।। १८।।

**શબ્દાર્થ**:- ચિંતામણિ=મનોવાંછિત પદાર્થ આપનાર.

**અર્થ**:- અનુભવ ચિંતામણિ રત્ન છે, શાંતિરસનો કૂવો છે, મોક્ષનો માર્ગ છે અને મોક્ષસ્વરૂપ છે. ૧૮.

**સવૈયા ( મનહર )**

अनुभौके रसकौं रसायन कहत जग,
अनुभौ अभ्यास यहु तीरथकी ठौर है।
अनुभौकी जो रसा कहावै सोई पोरसा सु,
अनुभौ अधोरसासौं ऊरधकी दौर है।।
अनुभौकी केलि यहै कामधेनु चित्रावेलि,
अनुभौकौ स्वाद पंच अमृतकौ कौर है।
अनुभौ करम तोरै परमसौं प्रीति जोरै,
अनुभौ समान न धरम कोऊ और है।। १९।।

**શબ્દાર્થઃ-** રસા=પૃથ્વી. અધોરસા=નરક. પોરસા=ફળદ્રૂપ જમીન. ચિત્રાવેલિ=જાતની જડીબુટ્ટીનું નામ.

**અર્થઃ-** અનુભવના રસને જગતના જ્ઞાનીઓ રસાયણ કહે છે, અનુભવનો અભ્યાસ એક તીર્થભૂમિ છે, અનુભવની ભૂમિ બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર છે. અનુભવ નરકમાંથી કાઢીને સ્વર્ગ-મોક્ષમાં લઈ જાય છે, એનો આનંદ કામધેનુ અને ચિત્રાવેલી સમાન છે, એનો સ્વાદ પંચામૃતના ભોજન જેવો છે, એ કર્મોનો ક્ષય કરે છે અને પરમપદમાં પ્રેમ જોડે છે, એના જેવો બીજો કોઈ ધર્મ નથી. ૧૯.

**છ દ્રવ્યોનું જ્ઞાન અનુભવનું કારણ છે તેથી તેમનું વિવેચન કરવામાં આવે છે.**

**જીવ દ્રવ્યનું સ્વરૂપ ( દોહરા )**

चेतनवंत अनंत गुन, परजै सकति अनंत।
अलख अखंडित सर्वगत, जीव दरव विरतंत।। २०।।

**શબ્દાર્થઃ-** અલખ=ઇન્દ્રિયગોચર નથી. સર્વગત=સર્વલોકમાં.

---

**નોટઃ-** સંસારમાં પંચામૃત, રસાયણ, કામધેનુ, ચિત્રાવેલી આદિ સુખદાયક પદાર્થ પ્રસિદ્ધ છે તેથી એમનાં દૃષ્ટાંત આપ્યાં છે પરંતુ અનુભવ એ બધાથી નિરાળો અને અનુપમ છે.

**અર્થઃ-** ચૈતન્યરૂપ છે, અનંત ગુણ, અનંત પર્યાય અને અનંત શક્તિ સહિત છે, અમૂર્તિક છે, અખંડિત છે. *સર્વવ્યાપી છે, આ જીવદ્રવ્યનું સ્વરૂપ કહ્યું છે. ૨૦.

**પુદ્‌ગલ દ્રવ્યનું લક્ષણ. ( દોહરા )**

**फरस-वरन-रस-गन्ध मय, नरद-पास-संठान।**
**अनुरूपी पुदगल दरव, नभ-प्रदेश-परवान।। २१।।**

**શબ્દાર્થઃ-** ફરસ=સ્પર્શ. નરદ-પાસ=ચોપાટના પાસા. સંઠાન=આકાર. પરવાન (પ્રમાન)=બરાબર.

**અર્થઃ-** પુદ્‌ગલ દ્રવ્ય પરમાણુરૂપ, આકાશના પ્રદેશ જેવડું, ચોપાટના પાસાના *આકારનું, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળું છે. ૨૧.

**ધર્મ દ્રવ્યનું લક્ષણ ( દોહરા )**

**जैसैं सलिल समूहमैं, करै मीन गति-कर्म।**
**तैसैं पुदगल जीवकौं, चलनसहाई धर्म।। २२।।**

**શબ્દાર્થઃ-** સલિલ=પાણી. મીન=માછલી. ગતિ-કર્મ=ગમનક્રિયા.

**અર્થઃ-** જેવી રીતે માછલીની ગમનક્રિયામાં પાણી સહાયક થાય છે, તેવી જ રીતે જીવ-પુદ્‌ગલની ગતિમાં *સહકારી ધર્મ દ્રવ્ય છે. ૨૨.

**અધર્મદ્રવ્યનું લક્ષણ( દોહરા )**

**ज्यौं पंथी ग्रीषमसमै, बैठै छायामाँहि।**
**त्यौं अधर्मकी भूमिमैं, जड़ चेतन ठहराँहि।। २३।।**

**શબ્દાર્થઃ-** પંથી=મુસાફર. ગ્રીષમસમૈ=ગ્રીષ્મકાળમાં.

**અર્થઃ-** જેવી રીતે ગ્રીષ્મઋતુમાં મુસાફર છાયાનું નિમિત પામીને બેસે છે તેવી જ રીતે અધર્મ દ્રવ્ય જીવ-પુદ્‌ગલની સ્થિતિમાં નિમિત્તકારણ છે. ૨૩.

---

* લોક-અલોક પ્રતિબિમ્બિત થવાથી પૂર્ણજ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપી છે.
* છ પાસાદાર જેવું ચોરસ હોય છે. * ઉદાસીન નિમિત્તકારણ છે, પ્રેરક નથી.

### આકાશદ્રવ્યનું લક્ષણ (દોહરા)

संतत जाके उदरमैं, सकल पदारथवास।
जो भाजन सब जगतकौ, सोइ दरव अकास।। २४।।

**શબ્દાર્થઃ-** સંતત= સદા. ભાજન=પાત્ર.

**અર્થઃ-** જેના પેટમાં સદૈવ, સર્વ પદાર્થો રહે છે, જે સર્વ દ્રવ્યોને પાત્રની જેમ આધારભૂત છે, તે જ આકાશદ્રવ્ય છે. ૨૪.

**નોટઃ-** અવગાહના આકાશનો પરમ ધર્મ છે, તેથી તે આકાશદ્રવ્ય બીજા દ્રવ્યોને અવકાશ આપી રહ્યું છે તેમ જ પોતાને પણ અવકાશ આપી રહ્યું છે. જેમઃ- જ્ઞાન જીવનો પરમ ધર્મ છે, તેથી તે જીવ અન્ય દ્રવ્યોને જાણે છે તેમ જ પોતાને પણ જાણે છે.

### કાળદ્રવ્યનું લક્ષણ (દોહરા)

जो नवकरि जीरन, करै, सकल वस्तुथिति ठानि।
परावर्त वर्तन धरै, काल दरव सो जानि।। २५।।

**શબ્દાર્થઃ-** નવ=નવીન. જીરન (જીર્ણ)=જૂનું.

**અર્થઃ-** જે વસ્તુનો નાશ ન કરતાં, સર્વ પદાર્થોની નવીન હાલતો પ્રગટ થવામાં અને પૂર્વ પર્યાયોના નાશ પામવામાં નિમિત્તકારણ છે, એવા વર્તના લક્ષણનું ધારક કાળદ્રવ્ય છે. ૨૫.

**નોટઃ-** કાળદ્રવ્યનો પરમ ધર્મ વર્તના છે, તેથી તે અન્ય દ્રવ્યોની પર્યાયોનું (પરિ) વર્તન કરે છે અને પોતાની પર્યાયો પણ પલટે છે.
નવ પદાર્થોનું જ્ઞાન અનુભવનું કારણ છે તેથી તેમનું વિવેચન કરવામાં આવે છે.

### જીવનું વર્ણન (દોહરા)

समता रमता उरधता, ग्यायकता सुखभास।
वेदकता चैतन्यता, ए सब जीवविलास।। २६।।

**શબ્દાર્થઃ-** સમતા = રાગ-દ્વેષ રહિત વીતરાગભાવ. રમતા = લીન રહેવું તે. ઉરધતા (ઊર્ધ્વતા) = ઉપર જવાનો સ્વભાવ. ગ્યાયકતા = જાણપણું. વેદકતા = સ્વાદ લેવા તે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ:-** વીતરાગભાવમાં લીન થવું, ઊર્ધ્વગમન, જ્ઞાયકસ્વભાવ, સહજ સુખનો સંભોગ, સુખદુઃખનો સ્વાદ અને ચૈતન્યપણું -એ બધા જીવના પોતાના ગુણ છે. ૨૬.

### અજીવનું વર્ણન ( દોહરા )

तनता मनता वचनता, जड़ता जड़सम्मेल।
लघुता गुरुता गमनता, ये अजीवके खेल।। २७।।

**શબ્દાર્થ:-** સમ્મેલ=બંધ. લઘુતા= હલકાપણું. ગુરુતા=ભારેપણું. ગમનતા = ગતિ કરવી તે.

**અર્થ:-** તન, મન, વચન, અચેતનપણું, એકબીજાની સાથે મળવું, હલકા અને ભારેપણું તથા ગતિ કરવી-એ બધી પુદ્‌ગલ નામના અજીવ દ્રવ્યની પરિણતિ છે. ૨૭.

### પુણ્યનું વર્ણન ( દોહરા )

जो विशुद्धभावनि बंधै, अरु ऊरधमुख होइ।
जो सुखदायक जगतमैं, पुन्य पदारथ सोइ।। २८।।

**અર્થ:-** જે શુભભાવોથી બંધાય છે, સ્વર્ગાદિની સન્મુખ થાય છે અને લૌકિક સુખ આપનાર છે તે પુણ્ય પદાર્થ છે. ૨૮.

### પાપનું વર્ણન ( દોહરા )

संकलेश भावनि बँधै, सहज अधोमुख होइ।
दुखदायक संसारमैं, पाप पदारथ सोइ।। २९।।

**અર્થ:-** જે અશુભ ભાવોથી બંધાય છે અને પોતાની મેળે નીચ ગતિમાં પડે છે તથા સંસારમાં દુઃખ આપનાર છે, તે પાપ પદાર્થ છે. ૨૯.

### આસ્રવનું વર્ણન ( દોહરા )

जोई करमउदोत धरि, होइ क्रिया रसरत्त।
करषै नूतन करमकौं, सोई आस्रव तत्त।। ३०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** કરમઉદોત=કર્મનો ઉદય થવો તે. ક્રિયા =યોગોની પ્રવૃતિ. રસરત્ત=રાગ સહિત. રત્ત= મગ્ન થવું. તત્ત=તત્ત્વ.

**અર્થઃ-** કર્મના ઉદયમાં યોગોની જે *રાગ સહિત પ્રવૃત્તિ થાય છે, તે નવીન કર્મોને ખેંચે છે, તેને આસ્રવ -પદાર્થ કહે છે. ૩૦.

**સંવરનું વર્ણન ( દોહરા )**

जो उपयोग स्वरूप धरि, वरतै, जोग विरत्त।
रोकै आवत करमकौं, सो है संवर तत्त।। ३१।।

**શબ્દાર્થઃ-** વિરત્ત= અલગ થવું તે.

**અર્થઃ-** જે જ્ઞાન-દર્શન ઉપયોગને પ્રાપ્ત કરીને યોગોની ક્રિયાથી વિરક્ત થાય છે અને આસ્રવને રોકી દે છે, તે સંવર પદાર્થ છે. ૩૧.

**નિર્જરાનું વર્ણન ( દોહરા )**

जो पूरव सत्ता करम, करि थिति पूरन आउ।
खिरबेकौं उद्यत भयौ, सो निर्जरा लखाउ।। ३२।।

**શબ્દાર્થઃ-** થિતિ=સ્થિતિ. સત્તા=અસ્તિત્વ. ખિરવેકૌં=ખરવાને માટે. ઉદ્યત = તૈયાર-તત્પર.

**અર્થઃ-** જે પૂર્વસ્થિત કર્મ પોતાની અવધિ પૂરી કરીને ખરવાને તત્પર થાય છે, તેને નિર્જરા પદાર્થ જાણો. ૩૨.

***બંધનું વર્ણન ( દોહરા )**

जो नवकरम पुरानसौं, मिलैं गांठि दिढ़ होइ।
सकति बढ़वै बंसकी, बंध पदारथ सोइ।। ३३।।

---

* અહીં સાંપરાયિક આસ્રવનું મુખ્યતા અને ઐર્યાપથિક આસ્રવનું ગૌણતાપૂર્વક કથન છે.
* બંધ નષ્ટ થવાથી મોક્ષ અવસ્થા પ્રાપ્ત થાય છે તેથી અહીં મોક્ષની પૂર્વે બંધ તત્ત્વનું કથન કર્યું છે અને આસ્રવના નિરોધપૂર્વક સંવર થાય છે તેથી સંવર પહેલાં આસ્રવ તત્ત્વનું કથન કર્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થઃ-** ગાંઠિ=ગાંઠ. દિઢ ( દ્ઢ )= પાકી. સકતિ=શક્તિ.

**અર્થઃ-** જે નવાં કર્મ જૂનાં કર્મ સાથે પરસ્પર મળીને મજબૂતપણે બંધાઈ જાય છે અને કર્મશક્તિની પરંપરાને વધારે છે-તે બંધ પદાર્થ છે. ૩૩.

**મોક્ષનું વર્ણન ( દોહરા )**

थिति पूरन करि जो करम, खिरै बंधपद भानि।
हंस अंस उज्जल करै, मोक्ष तत्त्व सो जानि।। ३४।।

**શબ્દાર્થઃ-** ભાનિ=નષ્ટ કરીને. હંસ અંસ=આત્માના ગુણ.

**અર્થઃ-** જે કર્મ પોતાની સ્થિતિ પૂર્ણ કરીને બંધદશાનો નાશ કરી નાખે છે અને આત્મગુણોને નિર્મળ કરે છે તેને મોક્ષ પદાર્થ જાણો. ૩૪.

**વસ્તુનાં નામ ( દોહરા )**

भाव पदारथ समय धन, तत्त्व चित्त वसु दर्व।
द्रविन अरथ इत्यादि बहु, वस्तु नाम ये सर्व।। ३५।।

**અર્થઃ-** ભાવ, પદાર્થ, સમય, ધન, તત્ત્વ, વસુ, દ્રવ્ય, દ્રવિણ, અર્થ આદિ સર્વ વસ્તુના નામ છે. ૩૫.

**શુદ્ધ જીવદ્રવ્યનાં નામ ( સવૈયા એકત્રીસા )**

परमपुरुष परमेसुर परमज्योति,
परब्रह्म पूरन परम परधान है।
अनादि अनंत अविगत अविनाशी अज,
निरदुंद मुक्त मुकुंद अमलान है।।
निराबाध निगम निरंजन निरविकार,
निराकार संसारसिरोमनि सुजान है।
सरवदरसी सरवज्ञ सिद्ध स्वामी सिव,
धनी नाथ ईस जगदीस भगवान है।। ३६।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### સામાન્યપણે જીવદ્રવ્યનાં નામ

चिदानंद चेतन अलख जीव समैसार,
बुद्धरूप अबुद्ध अशुद्ध उपजोगी है।
चिद्रूप स्वयंभू चिनमूरति धरमवंत,
प्रानवंत प्रानी जंतु भूत भवभोगी है।।
गुनधारी कलाधारी भेषधारी विद्याधारी,
अंगधारी संगधारी जोगधारी जोगी है।
चिन्मय अखंड हंस अक्षर आतमराम,
करमकौ करतार परम विजोगी है।। ३७।।

**અર્થ**:- પરમપુરુષ, પરમેશ્વર, પરમજ્યોતિ, પરબ્રહ્મ, પૂર્ણ, પરમ, પ્રધાન, અનાદિ, અનંત, અવ્યક્ત, અવિનાશી, અજ, નિર્દ્વંદ્વ, મુક્ત, મુકુન્દ, અમલાન, નિરાબાધ, નિગમ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર સંસારશિરોમણિ, સુજ્ઞાન, સર્વદર્શી, સર્વજ્ઞ, સિદ્ધ, સ્વામી, શિવ, ધણી, નાથ, ઈશ, જગદીશ, ભગવાન. ૩૬.

**અર્થ**:- ચિદાનંદ, ચેતન, અલક્ષ, જીવ, સમયસાર, બુદ્ધરૂપ, અબુદ્ધ, અશુદ્ધ, ઉપયોગી, ચિદ્રૂપ, સ્વયંભૂ, ચિન્મૂર્તિ, ધર્મવાન, પ્રાણવાન, પ્રાણી, જંતુ, ભૂત, ભવયોગી, ગુણધારી, કળાધારી, વેશધારી, અંગધારી, સંગધારી, યોગધારી, યોગી, ચિન્મય, અખંડ, હંસ અક્ષર, આત્મારામ, કર્મકર્તા, પરમવિયોગી-આ બધાં જીવદ્રવ્યનાં નામ છે. ૩૭

### આકાશનાં નામ (દોહરા)

खं विहाय अंबर गगन अंतरिच्छ जगधाम।
व्योम वियत नभ मेघपथ, ये अकाशके नाम।। ३८।।

**અર્થ**:- ખં, વિહાય, અંબર, ગગન, અંતરિક્ષ, જગધામ, વ્યોમ, વિયત, નભ, મેઘપથ- આ આકાશનાં નામ છે. ૩૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કાળનાં નામ (દોહરા)**

जम कृतांत अंतक त्रिदस, आवर्ती मृतथान।
प्रानहरन आदिततनय, काल नाम परवान।। ३९।।

**અર્થઃ-** યમ, કૃત્તાંત, અંતક, ત્રિદશ, આવર્તી, મૃત્યુસ્થાન, પ્રાણહરણ, આદિત્યતનય- એ કાળનાં નામ છે. ૩૯.

**પુણ્યનાં નામ (દોહરા)**

पुन्य सुकृत ऊरधवदन, अकररोग शुभकर्म।
सुखदायक संसारफल, भाग बहिर्मुख धर्म।। ४०।।

**અર્થઃ-** પુણ્ય, સૃકૃત ઊર્ધ્વવદન, અકરરોગ, શુભકર્મ, સુખદાયક, સંસારફળ, ભાગ્ય, બહિર્મુખ, ધર્મ-એ પુણ્યનાં નામ છે. ૪૦.

**પાપનાં નામ (દોહરા)**

पाप अधोमुख एन अघ, कंप रोग दुखधाम।
कलिल कलुस किल्विस दुरित, असुभ करमके नाम।। ४१।।

**અર્થઃ-** પાપ, અધોમુખ, એન, અઘ, કંપ, રોગ, દુઃખધામ, કલિલ, કલુષ કિલ્વિષ અને દુરિત -એ અશુભ કર્મનાં નામ છે. ૪૧.

**મોક્ષનાં નામ (દોહરા)**

सिद्धक्षेत्र त्रिभुवनमुकुट, शिवथल अविचलथान।
मोख मुकति वैकुंठ सिव, पंचमगति निरवान।। ४२।।

**અર્થઃ-** સિદ્ધક્ષેત્ર, ત્રિભુવનમુકુટ, શિવથલ, અવિચળસ્થાન, મોક્ષ, મુક્તિ વૈકુંઠ, શિવ, પરમગતિ, નિર્વાણ-એ મોક્ષનાં નામ છે. ૪૨.

**બુદ્ધિનાં નામ (દોહરા)**

प्रज्ञा धिसना सेमुसी, धी मेधा मति बुद्धि।
सुरति मनीषा चेतना, आसय अंश विसुद्धि।। ४३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** પ્રજ્ઞા, ધિષણા, સેમુષી, ધી, મેધા, મતિ, બુદ્ધિ, સુરતી, મનીષા ચેતના, આશય, અંશ અને વિશુદ્ધિ-એ બુદ્ધિનાં નામ છે. ૪૩.

**વિચક્ષણ પુરુષનાં નામ (દોહરા)**

निपुन विचच्छन विबुध बुध, विद्याधर विद्वान।
पटु प्रवीन पंडित चतुर, सुधी सुजन मतिमान।। ४४।।
कलावंत कोविद कुसल, सुमन दच्छ धीमंत।
ज्ञाता सज्जन ब्रह्मविद, तज्ञ गुनीजन संत।। ४५।।

**અર્થઃ-** નિપુણ, વિચક્ષણ, વિબુધ, બુદ્ધ, વિદ્યાધર, વિદ્વાન, પટુ, પ્રવીણ, પંડિત, ચતુર, સુધી, સુજન, મતિમાન. ૪૪.

કળાવંત, કોવિદ, કુશળ, સુમન, દક્ષ, ધીમંત, જ્ઞાતા, સજ્જન, બ્રહ્મવિત્, તજ્ઞ, ગુણીજન, સંત-એ વિદ્વાન પુરુષનાં નામ છે. ૪૫.

**મુનીશ્વરનાં નામ (દોહરા)**

मुनि महंत तापस तपी, भिच्छुक चारितधाम।
जती तपोधन संयमी, व्रती साधु ऋषि नाम।। ४६।।

**અર્થઃ-** મુની, મહંત, તાપસ, તપી, ભિક્ષુક, ચારિત્રધામ, યતી, તપોધન, સંયમી, વ્રતી, સાધુ અને ઋષિ-એ મુનિનાં નામ છે. ૪૬.

**દર્શનનાં નામ (દોહરા)**

दरस विलोकनि देखनौं, अवलोकनि द्रगचाल।
लखन द्रष्टि निरखनि जुवनि, चितवनि चाहनि भाल।। ४७।।

**અર્થઃ-** દર્શન, વિલોકન, દેખવું, અવલોકન, દગચાલ, લખન, દષ્ટિ, નિરીક્ષણ, જોવું, ચિતવન, ચાહન, ભાળવું -એ દર્શનનાં નામ છે. ૪૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

### જ્ઞાન અને ચારિત્રનાં નામ (દોહરા)

ग्यान बोध अवगम मनन, जगतभान जगजान।
संजम चारित आचरन, चरन वृत्ति थिरवान।। ४८।।

**અર્થ**:- જ્ઞાન, બોધ, અવગમ, મનન, જગત્‌ભાનુ, જગત્‌જ્ઞાન, -એ જ્ઞાનનાં નામ છે. સંયમ, ચારિત્ર, આચરણ, ચરણ, વૃત્ત, સ્થિરવાન-એ ચારિત્રનાં નામ છે. ૪૮.

### સત્યનાં નામ (દોહરા)

सम्यक सत्य अमोघ सत, निसंदेह निरधार।
ठीक जथारथ उचित तथ्य, मिथ्या आदि अकार।। ४९।।

**અર્થ**:- સમ્યક્, સત્ય, અમોઘ, સત્, નિઃસંદેહ, નિરધાર, ઠીક, યથાર્થ, ઉચિત, તથ્ય-એ સત્યનાં નામ છે. આ શબ્દોની આદિમાં અકાર લગાડવાથી જૂઠનાં નામ થાય છે. ૪૯.

### જૂઠનાં નામ (દોહરા)

अजथारथ मिथ्या मृषा, वृथा असत्त अलीक।
मुधा मोघ निःफल, वितथ, अनुचित असत अठीक।। ५०।।

**અર્થ**:- અયથાર્થ, મિથ્યા, મૃષા, વૃથા, અસત્ય, અલીક, મુધા, મોઘ, નિષ્ફળ, વિતથ, અનુચિત, અસત્ય, અઠીક-એ જૂઠનાં નામ છે. ૫૦.

### નાટક સમયસારના બાર અધિકાર (સવૈયા એકત્રીસા)

जीव निरजीव करता करम पुन्न पाप,
आस्रव संवर निरजराबंध मोष है।
सरव विशुद्धि स्यादवाद साध्य साधक,
दुवादस दुवार धरै समैसार कोष है।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दरवानुयोग दरवानुजोग दूरि करै,
निगमकौ नाटक परमरसपोष है।
सौ परमागम बनारसी बखानै जामैं,
ग्यानको निदान सुद्ध चारितकी चोष है।।५१।।

**શબ્દાર્થઃ-** નિરજીવ=અજીવ. કરતા=કર્તા. દુવાદસ=દ્વાદશ( બાર ). દુવાર=અધિકાર. કોષ=ભંડાર. દરવાનુજોગ=દ્રવ્યોનો સંયોગ. નિગમકૌ=આત્માનો.

**અર્થઃ-** સમયસારજીના ભંડારમાં જીવ, અજીવ, કર્તાકર્મ, પુણ્યપાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, સર્વવિશુદ્ધિ, સ્યાદ્વાદ અને સાધ્યસાધક-એ બાર અધિકાર છે. આ ઉત્કૃષ્ટ ગ્રંથ દ્રવ્યાનુયોગરૂપ છે, આત્માને પરદ્રવ્યોના સંયોગથી જુદો કરે છે અર્થાત્ મોક્ષમાર્ગમાં લગાડે છે, આ આત્માનું નાટક પરમ શાંતરસને પુષ્ટ કરનાર છે, સમ્યગ્જ્ઞાન અને શુદ્ધચારિત્રનું કારણ છે, એને પંડિત બનારસીદાસજી પદ્ય-રચનામાં વર્ણવે છે. ૫૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સમયસાર નાટક

## જીવદ્વાર

### (૧)

**ચિદાનંદ ભગવાનની સ્તુતિ (દોહરા)**

शोभित निज अनुभूति जुत चिदानंद भगवान।
सार पदारथ आतमा, सकल पदारथ जान।।१।।

**શબ્દાર્થઃ-** નિજ અનુભૂતિ=પોતાના આત્માનું સ્વસંવેદન જ્ઞાન. ચિદાનંદ (ચિત્+આનંદ) =જેને આત્મિક આનંદ હોય.

**અર્થઃ-** તે ચિદાનંદ પ્રભુ પોતાના સ્વાનુભવથી સુશોભિત છે. સર્વ પદાર્થોમાં સારભૂત આત્મપદાર્થ છે અને સર્વ પદાર્થોનો જ્ઞાતા છે. ૧.

**સિદ્ધ ભગવાનની સ્તુતિ, જેમાં શુદ્ધ આત્માનું વર્ણન છે.**
**(સવૈયા એકત્રીસા)**

*जो अपनी दुति आप विराजत,
है परधान पदारथ नामी।
चेतन अंक सदा निकलंक,
महा सुख सागरकौ विसरामी।।

---

* નીચે ટિપ્પણીમાં જે શ્લોક આપવામાં આવ્યા છે તે શ્રીમદ્ અમૃતચન્દ્રાચાર્ય રચિત નાટક સમયસાર કળશના શ્લોકો છે. આ શ્લોકોનો પં. બનારસીદાસજીએ પદ્યાનુવાદ કર્યો છે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीव अजीव जिते जगमैं,
तिनकौ गुन ज्ञायक अंतरजामी।
सो शिवरुप बसै सिव थानक,
ताहि विलोकि नमैं सिवगामी।। २।।

**શબ્દાર્થઃ-** દુતિ (દ્યુતિ)=જ્યોત. વિરાજત=પ્રકાશિત. પરધાન=પ્રધાન. વિસરામી (વિશ્રામી)=શાંતરસનો ભોક્તા. શિવગામી=મોક્ષે જનાર સમ્યગ્દષ્ટિ, શ્રાવક, સાધુ, તીર્થંકર આદિ.

**અર્થઃ-** જે પોતાના આત્મજ્ઞાનની જ્યોતિથી પ્રકાશિત છે, સર્વ પદાર્થોમાં મુખ્ય છે, જેમનું ચૈતન્ય ચિહ્ન છે, જે નિર્વિકાર છે, બહુ મોટા સુખસમુદ્રમાં આનંદ કરે છે, સંસારમાં જેટલા ચેતન-અચેતન પદાર્થ છે તેમના ગુણોના જ્ઞાતા, ઘટઘટને જાણનાર છે, તે સિદ્ધભગવાન મોક્ષરૂપ છે, મોક્ષપુરીના નિવાસી છે, તેમને મોક્ષગામી જીવ જ્ઞાનદષ્ટિથી જોઈને નમસ્કાર કરે છે. ૨.

**જિનવાણીની સ્તુતિ (સવૈયા તેવીસા)**

❈जोग धरै रहे जगसौं भिन्न,
अनंत गुनातम केवलज्ञानी।
तासु हृदै-द्रहसौं निकसी,
सरितासम व्है श्रुत-सिंधु समानी।।
याते अनंत नयातम लच्छन,
सत्य स्वरूप सिधंत बखानी।
बुद्ध लखै न लखै दुरबुद्ध,
सदा जगमाँहि जगै जिनवानी।। ३।।

---

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।। २।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** હ્રદૈ-દ્રહસૌં = હૃદયરૂપી સરોવરમાંથી. બુદ્ધ=પવિત્ર જૈનધર્મના વિદ્વાન. દુરબુદ્ધ=મિથ્યાદષ્ટિ, કોરા વ્યાકરણ, કોષ આદિના જ્ઞાતા પરંતુ નયજ્ઞાનથી રહિત*.

**અર્થ:-** અનંત ગુણોના ધારક કેવળજ્ઞાની ભગવાન જોકે *સયોગી છે તોપણ યોગોથી પૃથક્ છે. તેમના હૃદયરૂપ સરોવરમાંથી નદીરૂપ જિનવાણી નીકળીને શાસ્ત્રરૂપ સમુદ્રમાં પ્રવેશી ગઈ છે, તેથી સિદ્ધાન્તમાં એને સત્યસ્વરૂપ અને અનંતનયાત્મક કહેલ છે. એને જૈનધર્મના મર્મી સમ્યગ્દષ્ટિ જીવ ઓળખે છે, મૂર્ખ મિથ્યાદષ્ટિ જીવો સમજતા નથી. આવી જિનવાણી જગતમાં સદા જયવંત હો! ૩.

**કવિ વ્યવસ્થા ( છન્દ છપ્પા )**

*हौं निहचै तिहुंकाल, सुद्ध चेतनमय मूरति।
पर परनति संजोग, भई जड़ता विसफूरति।।
मोहकर्म पर हेतु पाइ, चेतन पर रच्चइ।
ज्यौं धतूर-रस पान करत, नर बहुविध नच्चइ।।
अब समयसार वरनन करत, परम सुद्धता होहु मुझ।
अनयास बनारसिदास कहि, मिटहु सहज भ्रमकी अरुझ।। ४।।

**શબ્દાર્થ:-** પર પરણતિ=પોતાના આત્મા સિવાય અન્ય ચેતન-અચેતન પદાર્થમાં અહંબુદ્ધિ અને રાગ-દ્વેષ. વિસફૂરતિ (વિસ્ફૂર્તિ)=જાગ્રત. તિહુંકાળ=ત્રણે કાળ (ભૂત, વર્તમાન, ભવિષ્ય). રચ્ચઈ=રાગ કરવો. નચ્ચઈ=નાચવું. અનયાસ=ગ્રંથ ભણવા વગેરેનો પ્રયત્ન કર્યા વિના. અરુઝ=ગૂંચવણ.

---

* આવા લોકને આદિપુરાણમાં અક્ષર-મ્લેચ્છ કહ્યા છે. *તેરમા ગુણસ્થાનમાં મન, વચન, કાયાના સાત યોગ કહ્યા છે પરંતુ યોગો દ્વારા જ્ઞાનનો અનુભવ કરતા નથી.

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।। ३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ:-** હું નિશ્ચયનયથી સદાકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, પરંતુ પર પરિણતિના સમાગમથી અજ્ઞાનદશા પ્રાપ્ત થઈ છે. મોહકર્મનું પર નિમિત્ત પામીને આત્મા પર પદાર્થોમાં અનુરાગ કરે છે, એથી ધતુરાનો રસ પીને નાચનાર મનુષ્ય જેવી દશા થઈ રહી છે. પં. બનારસીદાસજી કહે છે કે હવે સમયસારનું વર્ણન કરવાથી મને પરમ વિશુદ્ધિ પ્રાપ્ત થાઓ વિના પ્રયત્ને મિથ્યાત્વની ગૂંચવણ પોતાની મેળે મટી જાઓ. ૪.

**શાસ્ત્રનું માહાત્મ્ય ( સવૈયા એકત્રીસા )**

निहचैमैं रूप एक विवहारमैं अनेक,
याही नै - विरोधमैं जगत भरमायौ है।
जगके विवाद नासिबेकौ जिन आगम है,
जामैं स्याद्वादनाम लच्छन सुहायौ है।।
दरसनमोह जाकौ गयौ है सहजरूप,
आगम प्रमान ताके हिरदैमें आयौ है।
अनैसौं अखंडित अनूतन अनंत तेज,
ऐसो पद पूरन तुरंत तिनि पायौ है।। ५।।

**શબ્દાર્થ:-** નૈ=નય. દરસનમોહ (દર્શનમોહ)=જેના ઉદયમાં જીવ તત્ત્વ-શ્રદ્ધાનથી પડી જાય છે. પદ પૂરન( પૂર્ણપદ )=મોક્ષ.

**અર્થ:-** નિશ્ચયનયમાં પદાર્થ એકરૂપ છે અને વ્યવહારનયમાં અનેકરૂપ છે. આ નય-વિરોધમાં સંસાર ભૂલી રહ્યો છે, તેથી આ વિવાદને નષ્ટ કરનાર જિનાગમ છે જેમાં સ્યાદ્વાદનું શુભ* ચિહ્ન છે. જે જીવને દર્શનમોહનો ઉદય હોતો નથી તેના

---

* મહોર-છાપ લાગી છે -સ્યાદ્વાદથી જ ઓળખવામાં આવે છે કે આ જિનાગમ છે.

उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।। ४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હૃદયમાં સહજ સ્વભાવથી આ પ્રામાણિક જિનાગમ પ્રવેશ કરે છે અને તેને તત્કાળ જ નિત્ય, અનાદિ અને અનંત પ્રકાશવાન મોક્ષપદ પ્રાપ્ત થાય છે. ૫.

**નિશ્ચયનયની પ્રધાનતા ( સવૈયા તેવીસા )**

ज्यौं नर कौइ गिरै गिरिसौं तिहि,
सोइ हितू जो गहै दिढ़बाहीं।
त्यौं बुधकौ विवहार भलौ,
तबलौं जबलौं शिव प्रापति नाहीं।।
यद्यपि यौं परवान तथापि,
सधै परमारथ चेतनमाहीं।
जीव अव्यापक है परसौं,
विवहारसौं तो परकी परछाहीं।। ६ ।।

**શબ્દાર્થઃ-** ગિરિસૌં=પર્વત પરથી. બાહીં=હાથ. બુદ્ધ=જ્ઞાની. પ્રાપતિ=પ્રાપ્તિ.

**અર્થઃ-** જેમ કોઈ મનુષ્ય પહાડ ઉપરથી લપસી જાય અને કોઈ હિતકારી બનીને તેનો હાથ મજબૂતાઈથી પકડી લે તેવી જ રીતે જ્ઞાનીઓને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી વ્યવહારનું અવલંબન છે, જો કે આ વાત સાચી છે તોપણ નિશ્ચયનય ચૈતન્યને સિદ્ધ કરે છે તથા જીવને પરથી ભિન્ન દર્શાવે છે અને વ્યવહારનય તો જીવને પરને આશ્રિત કરે છે.

**ભાવાર્થઃ-** જોકે ચોથા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધી વ્યવહાર હોય છે, પરંતુ ઉપાદેય તો નિશ્ચયનય જ છે, કારણ કે તેનાથી પદાર્થનું અસલી સ્વરૂપ જાણવામાં આવે છે અને વ્યવહારનય અભૂતાર્થ હોવાથી પરમાર્થમાં પ્રયોજનભૂત નથી. ૬.

---

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### સમ્યગ્દર્શનનું સ્વરૂપ( સવૈયા એકત્રીસા )

शुद्धनय निहचै अकेलौ आपु चिदानंद,
अपनैंही गुन परजायकौं गहतु है।
पूरन विग्यानघन सो है विवहारमाहिं,
नव तत्त्वरुपी पंच दर्वमैं रहतु है।।
पंच दर्व नव तत्त्व न्यारे जीव न्यारो लखै,
सम्यकदरस यहै और न गहतु है।
सम्यकदरस जोई आतम सरूप सोई,
मेरे घट प्रगटो बनारसी कहतु है।।

**શબ્દાર્થઃ-** *લખૈ=શ્રદ્ધા કરે. ઘટ=હૃદય. ગહતુ હૈ=ધારણ કરે છે.

**અર્થઃ-** શુદ્ધ નિશ્ચયનયથી ચિદાનંદ એકલો જ છે અને પોતાના ગુણપર્યાયોમાં પરિણમન કરે છે. તે પૂર્ણજ્ઞાનનો પિંડ *પાંચ દ્રવ્ય, નવ તત્ત્વમાં રહ્યો છે એમ વ્યવહારથી કહેવાય છે. પાંચ દ્રવ્ય અને નવ તત્ત્વોથી ચેતયિતા ચેતન નિરાળો છે, એવું શ્રદ્ધાન કરવું અને એના સિવાય બીજી રીતે શ્રદ્ધાન ન કરવું તે સમ્યગ્દર્શન છે; અને સમ્યગ્દર્શન જ આત્માનું સ્વરૂપ છે. પં. બનારસીદાસજી કહે છે કે તે સમ્યગ્દર્શન અર્થાત્ આત્માનું સ્વરૂપ મારા હૃદયમાં પ્રગટ થાવ. ૭.

---

* લખન, દર્શન, અવલોકન આદિ શબ્દોનો અર્થ જૈનાગમમાં ક્યાંય તો 'જોવું' થાય છે જે દર્શનાવરણી કર્મના ક્ષયોપશમની અપેક્ષા રાખે છે. અને ક્યાંક આ શબ્દોનો અર્થ 'શ્રદ્ધાન કરવું' લેવામાં આવે છે જે દર્શનમોહના અનુદયની અપેક્ષાએ છે , અહીં દર્શનમોહના અનુદયનું જ પ્રયોજન છે.
* જૈનાગમમાં છ દ્રવ્ય કહ્યાં છે; પણ અહીં કાળ દ્રવ્યને ગૌણ કરીને પંચાસ્તિકાયને જ દ્રવ્ય કહેલ છે.

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयम्
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।। ६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**જીવની દશા પર અગ્નિનું દષ્ટાંત ( સવૈયા એકત્રીસા )**

जैसैं तृण काठ वांस आरने इत्यादि और,
ईंधन अनेक विधि पावकमैं दहिये।
आकृति विलोकित कहावै आग नानारूप,
दीसै एक दाहक सुभाव जब गहिये।।
तैसैं नव तत्वमें भयौ हैं बहु भेषी जीव,
सुद्धरूप मिश्रित असुद्ध रूप कहिये।
जाही छिन चेतना सकतिकौ विचार कीजै,
ताहीं छिन अलख अभेदरूप लहिये।। ८।।

**શબ્દાર્થઃ-** આરને=જંગલના. દાહક=બાળનાર. અલખ=અરૂપી. અભેદ=ભેદવ્યવહારથી રહિત.

**અર્થઃ-** જેવી રીતે ઘાસ, લાકડા, વાંસ અથવા જંગલનાં અનેક ઈંધન આદિ અગ્નિમાં બળે છે, તેમના આકાર ઉપર ધ્યાન દેવાથી અગ્નિ અનેકરૂપ દેખાય છે, પરંતુ જો માત્ર દાહક સ્વભાવ ઉપર દષ્ટિ મૂકવામાં આવે તો સર્વ અગ્નિ એકરૂપ જ છે; તેવી જ રીતે જીવ ( વ્યવહારનયથી ) નવ તત્ત્વોમાં શુદ્ધ, અશુદ્ધ મિશ્ર આદિ અનેકરૂપ થઈ રહ્યો છે; પરંતુ જ્યારે તેની ચૈતન્યશક્તિ પર વિચાર કરવામાં આવે છે ત્યારે તે ( શુદ્ધનયથી ) અરૂપી અને અભેદરૂપ ગ્રહણ થાય છે. ૮.

**જીવની દશા પર સોનાનું દષ્ટાંત ( સવૈયા એકત્રીસા )**

जैसैं बनवारीमें कुधातके मिलाप हेम,
नानाभांति भयौ पै तथापि एक नाम है।

---

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुंचति।।७।।

कसिकैं कसोटी लीकु निरखै सराफ ताहि,
बानके प्रवान करि लेतु देतु दाम है।।
तैसैं ही अनादि पुद्गलसौं संजोगी जीव,
नव तत्त्वरूपमैं अरूपी महा धाम है।
दीसै उनमानसौं उदोतवान ठौर ठौर,
दूसरौ न और एक आतमाही राम है।।९।।

**શબ્દાર્થઃ-** બનવારી=કુલડી. લીકુ=રેખા. નિરખૈ=જુએ છે. બાન=ચમક. પ્રવાન=અનુસાર, પ્રમાણે. ઉનમાન (અનુમાન)=સાધનમાં સાધ્યના જ્ઞાનને અનુમાન કહે છે, જેમ કે ધૂમાડાને જોઈને અગ્નિનું જ્ઞાન કરવું તે.

**અર્થઃ-** જેમ સોનુ કુધાતુના સંયોગથી અગ્નિના તાપમાં અનેકરૂપ થાય છે, પરંતુ તોપણ તેનું નામ એક સોનું જ રહે છે તથા શરાફ કસોટી ઉપર કસીને તેની રેખા જુએ છે અને તેની ચમક પ્રમાણે કિંમત દે-લે છે; તેવી જ રીતે અરૂપી મહા દીપ્તિવાળો જીવ અનાદિકાળથી પુદ્ગલના સમાગમમાં નવ તત્ત્વરૂપ દેખાય છે, પરંતુ અનુમાન પ્રમાણથી સર્વ અવસ્થાઓમાં જ્ઞાનસ્વરૂપ એક આત્મરામ સિવાય બીજું કાંઈ નથી.

**ભાવાર્થઃ-** જ્યારે આત્મા અશુભભાવમાં વર્તે છે ત્યારે પાપતત્ત્વરૂપ હોય છે, જ્યારે શુભભાવમાં વર્તે છે ત્યારે પુણ્યતત્ત્વરૂપ હોય છે અને જ્યારે શમ, દમ, સંયમભાવમાં વર્તે છે ત્યારે સંવરરૂપ હોય છે, એવી જ રીતે ભાવાસ્રવ, ભાવબંધ આદિમાં વર્તતો તે આસ્રવ-બંધાદિરૂપ હોય છે તથા જ્યારે શરીરાદિ જડ પદાર્થોમાં અહંબુદ્ધિ કરે છે ત્યારે જડસ્વરૂપ હોય છે. પરંતુ વાસ્તવમાં આ સર્વ અવસ્થાઓમાં તે શુદ્ધ સુવર્ણ સમાન નિર્વિકાર છે. ૯.

---

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

### અનુભવની દશામાં સૂર્યનું દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)

जैसैं रति-मंडलकै उदै महि-मंडलमैं,
आतप अटल तम पटल विलातु है।।
तैसैं परमातमाकौ अनुभौ रहत जौलौं,
तौलौं कहूँ दुविधा न कहूँ पच्छपातु है।।
नयकौ न लेस परवानकौ न परवेस,
निच्छेपके वंसकौ विधुंस होत जातु है।।
जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं,
बाकी राग दोषकी दसाकी कौन बातुहै।। १०।।

**શબ્દાર્થઃ-** મહિ-મંડળ=પૃથ્વીતળ. વિલાતુ હૈ=નાશ પામી જાય છે. પરવાન=પ્રમાણ. વંસકો=સમુદાયનું. પરવેસ (પ્રવેશ)=પહોંચ.

**અર્થઃ-** જેવી રીતે સૂર્યના ઉદયમાં પૃથ્વી ઉપર તડકો ફેલાઈ જાય છે અને અંધકારનો નાશ થઈ જાય છે, તેવી જ રીતે જ્યાંસુધી શુદ્ધ આત્માનો અનુભવ રહે છે ત્યાંસુધી કોઈ વિકલ્પ અથવા નય આદિનો પક્ષ રહેતો નથી. ત્યાં નય-વિચારનો લેશ પણ નથી, પ્રમાણની પહોંચ નથી અને નિક્ષેપોનો સમુદાય નષ્ટ થઈ જાય છે. પહેલાની દશામાં જે જે વાતો સહાયક હતી તે જ અનુભવની દશામાં બાધક થાય છે અને રાગ-દ્વેષ તો બાધક છે જ.

**ભાવાર્થઃ-** નય તો વસ્તુનો ગુણ સિદ્ધ કરે છે અને અનુભવ સિદ્ધ વસ્તુનો હોય છે, તેથી અનુભવમાં નયનું કામ નથી; પ્રત્યક્ષ-પરોક્ષ આદિ પ્રમાણ અસિદ્ધ વસ્તુને સિદ્ધ કરે છે ત્યાં અનુભવમાં વસ્તુ સિદ્ધ જ છે માટે પ્રમાણ પણ અનાવશ્યક છે, નિક્ષેપથી વસ્તુની સ્થિતિ સમજવામાં આવે છે ત્યાં અનુભવમાં શુદ્ધ આત્મ-પદાર્થનું ભાન રહે છે

---

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं।
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रं।।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषे ऽस्मि
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે નિક્ષેપ પણ નિષ્પ્રયોજન છે, એટલું જ નહિ આ ત્રણે અનુભવની દશામાં બાધા કરે છે પરંતુ તેમને હાનિ કરનાર સમજીને પ્રથમ અવસ્થામાં છોડવાનો ઉપદેશ નથી, કેમકે એમના વિના પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. આ નય આદિ સાધક છે અને અનુભવ સાધ્ય છે, જેમ દંડ, ચક્ર આદિ સાધનો વિના ઘડાની ઉત્પત્તિ થતી નથી. પરંતુ જેવી રીતે ઘટ પદાર્થ સિદ્ધ થયા પછી દંડ, ચક્ર આદિ વિડંબનારૂપ જ થાય છે તેવી જ રીતે અનુભવ પ્રાપ્ત થયા પછી નય-નિક્ષેપ આદિના વિકલ્પ હાનિકારક છે. ૧૦.

**શુદ્ધનયની અપેક્ષાએ જીવનું સ્વરૂપ ( અડિલ્લ )**

आदि अंत पूरन-सुभाव-संयुक्त है।
पर-सरूप-परजोग-कल्पनामुक्त है।।
सदा एकरस प्रगट कही है जैनमैं।
सुद्धनयातम वस्तु विराजै बेनमैं।। ११।।

**શબ્દાર્થ:-** આદિ અંત=સદૈવ. જોગ=સંયોગ. કલ્પનામુક્ત=કલ્પનાથી રહિત.

**અર્થ:-** જીવ, આદિ અવસ્થા નિગોદથી માંડીને અંત અવસ્થા સિદ્ધપર્યાય સુધી પોતાના પરિપૂર્ણ સ્વભાવથી સંયુક્ત છે, પરદ્રવ્યોની કલ્પનાથી રહિત છે, સદૈવ એક ચૈતન્યરસથી સંપન્ન છે એમ શુદ્ધનયની અપેક્ષાએ જિનવાણીમાં કહ્યું છે.

**હિતોપદેશ કવિત્ત ( ૩૧ માત્રા )**

सदगुरु कहै भव्यजीवनिसौं,
तोरहु तुरित मोहकी जेल।

---

आत्मस्वभावं परभावभिन्नमापूर्णमाद्यन्तविमुक्तमेकं।
विलीनसङ्कल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।। १०।।
न हि विद्धति बद्धस्पृष्टभावादयोऽमी।
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठां।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावं।। ११।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

समकितरूप गहौ अपनौं गुन,
करहु सुद्ध अनुभवकौ खेल।।
पुदगलपिंड भाव रागादिक,
इनसौं नहीं तुम्हारौ मेल।
ए जड़ प्रगट गुपत तुम चेतन,
जैसैं भिन्न तोय अरु तेल।।१२।।

**શબ્દાર્થઃ-** તોરહુ=તોડી નાખો. ગહૌ=ગ્રહણ કરો. ગુપત (ગુપ્ત)=અરૂપી. તોય=પાણી.

**અર્થઃ-** ભવ્ય જીવોને શ્રીગુરુ ઉપદેશ કરે છે કે શીઘ્ર મોહનું બંધન તોડી નાખો, પોતાનો સમ્યકત્વ ગુણ ગ્રહણ કરો અને શુદ્ધ અનુભવમાં મસ્ત થઈ જાવ. પુદ્ગલ દ્રવ્ય અને રાગાદિક ભાવો સાથે તમારે કોઈ સંબંધ નથી. એ સ્પષ્ટ અચેતન છે અને તમે અરૂપી ચૈતન્ય છો તથા પાણીથી ભિન્ન તેલની પેઠે તેમનાથી જુદા છો. ૧૨.

**સમ્યગ્દષ્ટિના વિલાસનું વર્ણન (સવૈયા એકત્રીસા)**

कोऊ बुध्धिवंत नर निरखै सरीर-घर,
भेदग्यानदृष्टिसौं विचारै वस्तु-वासतौ।
अतीत अनागत वरतमान मोहरस,
भीग्यौ चिदानंद लखै बंधमैं विलासतौ।।
बंधकौ विदारि महा मोहकौ सुभाउ डारि,
आतमाकौ ध्यान करै देखै परगासतौ।

---

भूत भान्तमभूतमेव रभसा निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



करम-कलंक-पंकरहित प्रगटरूप,
अचल अबाधित विलोकै देव सासतौ।। १३।।

**શબ્દાર્થ:-** વિદારિ=નષ્ટ કરીને. પંક=કીચડ. ભેદજ્ઞાન=આત્માને શરીર આદિથી ભિન્ન જાણવો.

**અર્થ:-** કોઈ વિદ્વાન મનુષ્ય શરીરરૂપી ઘરને જુએ અને ભેદજ્ઞાનની દ્રષ્ટિથી શરીરરૂપી ઘરમાં રહેનાર આત્મવસ્તુનો વિચાર કરે તો પહેલાં ભૂત, વર્તમાન, ભવિષ્ય એ ત્રણે કાળે મોહથી રંજિત અને કર્મબંધમાં ક્રિડા કરતા આત્માનો નિશ્ચય કરે, ત્યાર પછી મોહના બંધનનો નાશ કરે અને મોહી સ્વભાવ છોડીને આત્મધ્યાનમાં અનુભવનો પ્રકાશ કરે; તથા કર્મકલંકના કાદવથી રહિત અચળ, અબાધિત, શાશ્વત પોતાના આત્મદેવને પ્રત્યક્ષ દેખે. ૧૩.

**ગુણ-ગુણી અભેદ છે, એ વિચારવાનો ઉપદેશ કરે છે. ( સવૈયા તેવીસા )**

सुद्धनयातम आतमकी,
अनुभूति विज्ञान-विभूति है सोई।
वस्तु विचारत एक पदारथ,
नामके भेद कहावत दोई।।
यौं सरवंग सदा लखि आपुहि,
आतम-ध्यान करै जब कोई।
मेटि असुद्ध विभावदसा तब,
सुद्ध सरूपकी प्रापति होई।। १४।।

**શબ્દાર્થ:-** વિભાવ=પરવસ્તુના સંયોગથી જે વિકાર થાય છે. વિભૂતિ=સંપત્તિ.

**અર્થ:-** શુદ્ધનયના વિષયભૂત આત્માનો અનુભવ જ જ્ઞાનસંપદા છે, આત્મા

---

आत्मानुभूतिरिति शुध्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुध्ध्वा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प
मेकोऽस्ति नित्यमवबोधधनः समन्तात्।। १३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને જ્ઞાનમાં નામભેદ છે, વસ્તુભેદ નથી, આત્મા ગુણી છે, જ્ઞાન ગુણ છે, તેથી ગુણી અને ગુણને ઓળખીને જ્યારે કોઈ આત્મધ્યાન કરે છે ત્યારે તેની રાગાદિ અશુદ્ધ અવસ્થા નાશ પામીને શુદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ**:- આત્મા ગુણી છે અને જ્ઞાન તેનો ગુણ છે, એમનામાં વસ્તુભેદ નથી. જેમ અગ્નિનો ગુણ ઉષ્ણતા છે, જો કોઈ અગ્નિ અને ઉષ્ણતાને ભિન્ન પાડવા ઈચ્છે તો તે ભિન્ન થઈ શકતા નથી; તેવી જ રીતે જ્ઞાન અને આત્માનો સહભાવી સંબંધ છે પણ નામભેદ જરૂર છે કે આ ગુણી છે અને આ તેનો ગુણ છે. ૧૪.

**જ્ઞાનીઓનું ચિંતન. ( સવૈયા એકત્રીસા )**

**अपनैंही गुन परजायसौं प्रवाहरूप,**
**परिनयौ तिहुं काल अपनै अधारसौं।**
**अन्तर-बाहर-परकासवान एकरस,**
**खिन्नता न गहै भिन्न रहै भौ-विकारसौं।।**
**चेतनाके रस सरवंग भरि रह्यौ जीव,**
**जैसे लौंन-कांकर भर्‌यो है रस खारसौं।**
**पूरन-सुरूप अति उज्जल विग्यानघन,**
**मोकौं होहु प्रगट विसेस निरवारसौं।। १५।।**

**શબ્દાર્થ**:- ખિન્નતા=ન્યૂનતા. ભૌ (ભવ)=સંસાર. લૌન-કાંકર=મીઠાની કણી. નિરવારસૌં=ક્ષયથી.

**અર્થ**:- જીવ પદાર્થ સદૈવ પોતાના જ આધારે રહે છે અને પોતાના જ ધારા-પ્રવાહ ગુણ-પર્યાયોમાં પરિણમન કરે છે, બાહ્ય અને અભ્યંતર એકસરખો પ્રકાશિત રહે છે, કદી ઘટતો નથી, તે સંસારના વિકારોથી ભિન્ન છે, તેમાં ચૈતન્યરસ એવો

---

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितं।। १४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઠાંસોઠાંસ ભર્યો છે જેવી રીતે મીઠાની ગાંગડી ખારાશથી ભરપૂર હોય છે. આવો પરિપૂર્ણ સ્વરૂપ, અત્યંત નિર્વિકાર, વિજ્ઞાનઘન આત્મા મોહના અત્યંત ક્ષયથી મને પ્રગટ થાઓ. ૧૫.

**સાધ્ય-સાધકનું સ્વરૂપ અથવા દ્રવ્ય અને ગુણ-પર્યાયોની અભેદ વિવક્ષા.**

**( કવિત્ત )**

जंह ध्रुवधर्म कर्मछय लच्छन,
सिद्धि समाधि साधिपद सोई।
सुद्धपयोग जोग महिमंडित
साधक ताहि कहै सब कोई।।
यौं परतच्छ परोच्छ रूपसौं,
साधक साधि अवस्था दोई।
दुहुकौ एक ग्यान संचय करि,
सेवै सिववंछक थिर होई।। १६ ।।

**શબ્દાર્થઃ-** ધ્રુવધર્મ=અવિનાશી સ્વભાવ. સાધ્ય=જે ઈષ્ટ, અબાધિત અને અસિદ્ધ હોય. સુદ્ધપયોગ=વીતરાગ પરિણતિ. સિવવંછક=મોક્ષનો અભિલાષી. થિર=સ્થિર.

**અર્થઃ-** સર્વ કર્મ-સમૂહથી રહિત અને અવિનાશી સ્વભાવ સહિત સિદ્ધપદ સાધ્ય છે અને મન. વચન, કાયાના યોગોસહિત શુદ્ધોપયોગરૂપ અવસ્થા સાધક છે. તેમાં એક પ્રત્યક્ષ અને એક પરોક્ષ છે; આ બન્ને અવસ્થાઓ એક જીવની છે, એમ જે ગ્રહણ કરે છે તે જ મોક્ષનો અભિલાષી સ્થિર-ચિત્ત થાય છે.

**ભાવાર્થઃ-** સિદ્ધ અવસ્થા સાધ્ય છે અને અરહંત, સાધુ, શ્રાવક, સમ્યક્ત્વી આદિ અવસ્થાઓ *સાધક છે; એમાં પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે. આ બધી અવસ્થાઓ એક જીવની છે એમ જાણનાર જ સમ્યગ્દૃષ્ટિ હોય છે. ૧૬.

---

*પૂર્વ અવસ્થા સાધક અને ઉત્તર અવસ્થા સાધ્ય હોય છે.

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्य-साधकभावेन द्विधैकः समुपास्यताम्।। १५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દ્રવ્ય અને ગુણ-પર્યાયોની ભેદ-વિવક્ષા.( કવિત્ત )**

दरसन-ग्यान-चरन त्रिगुनातम,
समलरूप कहिये विवहार।
निहचै-दृष्टि एकरस चेतन,
भेदरहित अविचल अविकार।
सम्यकदसा प्रमान उभै नय,
निर्मल समल एक ही बार।
यौं समकाल जीवकी परिनति,
कहैं जिनेंद गहै गनधार।। १७।।

**શબ્દાર્થઃ-** સમલ=અહીં સમલ શબ્દથી અસત્યાર્થ, અભૂતાર્થનું પ્રયોજન છે. નિર્મલ=આ શબ્દથી અહીં સત્યાર્થ, ભૂતાર્થનું પ્રયોજન છે. ઉભૈ નય=બન્ને નય (નિશ્ચયનય અને વ્યવહારનય). ગનધાર=ગણધર (સમવસરણના પ્રધાન આચાર્ય).

**અર્થઃ-** વ્યવહારનયથી આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર-એ ત્રણ ગુણરૂપ છે; આ વ્યવહારનય નિશ્ચયનયની અપેક્ષાએ અભૂતાર્થ છે, નિશ્ચયનયથી આત્મા એક ચૈતન્યરસસંપન્ન, અભેદ, નિત્ય અને નિર્વિકાર છે. આ બન્ને નિશ્ચય અને વ્યવહારનય સમ્યગ્દષ્ટિને એક જ કાળમાં પ્રમાણ છે; એવી એક જ સમયમાં જીવની નિર્મળ અને સમળ પરિણતિ જિનરાજે કહી છે અને ગણધર સ્વામીએ ધારણ કરી છે. ૧૭.

**વ્યવહારનયથી જીવનું સ્વરૂપ ( દોહરા )**

एकरूप आतम दरव, ग्यान चरन दृग तीन।
भेदभाव परिनामसौं, विवहारै सु मलीन।। १८।।

---

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।। १६।।

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।। १७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ:-** આત્મદ્રવ્ય એકરૂપ છે, તેને દર્શન, જ્ઞાન, ચારિત્ર–ત્રણ ભેદરૂપ કહેવું તે વ્યવહાર *નય છે–અસત્યાર્થ છે. ૧૮.

### નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ (દોહરા)

**जदपि समल विवहारसौं, पर्यय-सकति अनेक।**
**तदपि नियत-नय देखिये, सुद्ध निरंजन एक।। १९।।**

**શબ્દાર્થ:-** નિયત=નિશ્ચય. નિરંજન=કર્મમળ રહિત.

**અર્થ:-** જોકે વ્યવહારનયની અપેક્ષાએ આત્મા અનેક ગુણ અને પર્યાયવાળો છે તો પણ
નિશ્ચયનયથી જોવામાં આવે તો એક, શુદ્ધ, નિરંજન જ છે. ૧૯.

### શુદ્ધ નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ (દોહરા)

**एक देखिये जानिये, रमि रह्यि इक ठौर।**
**समल विमल न विचारिये, यहै सिद्धि नहि और।। २०।।**

**શબ્દાર્થ:-** રમિ રહિયે=વિશ્રામ લેવો. ઈક ઠૌર=એક સ્થાન.

**અર્થ:-** આત્માને એકરૂપ શ્રદ્ધવો અથવા એકરૂપ જ જાણવો જોઈએ તથા એકમાં જ વિશ્રામ લેવો જોઈએ, નિર્મળ–સમળનો વિકલ્પ ન કરવો જોઈએ. એમાં જ સર્વસિદ્ધિ છે, બીજો ઉપાય નથી.

**ભાવાર્થ:-** આત્માને નિર્મળ–સમળના વિકલ્પ રહિત એકરૂપ શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે, એકરૂપ જાણવો તે સમ્યક્જ્ઞાન છે અને એકરૂપમાં જ સ્થિર થવું તે સમ્યક્ચારિત્ર છે, એ જ મોક્ષનો ઉપાય છે. ૨૦.

---

*દોહરા – જે તે ભેદ વિકલ્પ હૈં, તે તે સબ વિવહાર;
નિરાબાધ નિરકલ્પ સો, નિશ્ચય નય નિરધાર.

परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैकक:।
सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचक:।। १८।।

आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयो:।
दर्शनज्ञानचारित्रै: साध्यसिद्धिर्न चान्यथा।। १९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શુદ્ધ અનુભવની પ્રશંસા ( સવૈયા એકત્રીસા )**

जाकै पद सोहत सुलच्छन अनंत ग्यान
विमल विकासवंत ज्योति लहलही है।
यद्यपि त्रिविधरूप विवहारमैं तथापि
एकता न तजै यौ नियत अंग कही है।।
सो है जीव कैसीहुं जुगतिकै सदीव ताके,
ध्यान करिबेकौं मेरी मनसा उनही है।
जाते अविचल रिद्धि होत और भांति सिद्धि,
नाहीं नाहीं नाहीं यामैं धोखो नाहीं सही है।। २१।।

**શબ્દાર્થઃ-** જુગતિ=યુક્તિ, મનસા=અભિલાષા. ઉનહી હૈ=તૈયાર થઈ છે. અવિચલ રિદ્ધિ=મોક્ષ. ધોખો=સંદેહ.

**અર્થઃ-** આત્મા અનંત જ્ઞાનરૂપ લક્ષણથી લક્ષિત છે, તેના જ્ઞાનની નિર્મળ પ્રકાશવાળી જ્યોતિ જગી રહી છે, જોકે તે વ્યવહારનયથી ત્રણરૂપે* છે તોપણ નિશ્ચયનયથી એક જ રૂપ છે, તેનું કોઈ પણ યુક્તિથી સદા ધ્યાન કરવાને મારું ચિત્ત ઉત્સાહી બન્યું છે, એનાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે અને કોઈ બીજો ઉપાય કાર્ય સિદ્ધ થવાનો નથી! નથી!! નથી* !!! એમાં કોઇ શંકા નથી, બિલકુલ સત્ય છે. ૨૧.

**જ્ઞાતાની અવસ્થા ( સવૈયા એકત્રીસા )**

कै अपनौं पद आप संभारत,
कै गुरुके मुखकी सुनि बानी।

---

*દર્શન, જ્ઞાન, ચારિત્ર, * અહીં વારંવાર ' નથી ' એમ કહીને કથનનું સમર્થન કર્યું છે.

कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।। २०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भेदविग्यान जग्यो जिन्हिकै,
प्रगटी सुविवेक-कला-रसधानी।।
भाव अनंत भए प्रतिबिंबित,
जीवन मोख दसा ठहरानी।
ते नर दर्पन ज्यौं अविकार,
रहैं थिररूप सदा सुखदानी।। २२।।

**શબ્દાર્થ**:- રસધાની=શક્તિ.જીવને મોખ દશા=જાણે અહીં જ મોક્ષ પ્રાપ્ત કરી ચુકયા.

**અર્થ**:- પોતાની જાતે પોતાનું સ્વરૂપ સંભાળવાથી* અથવા શ્રીગુરુના મુખારવિંદ દ્વારા ઉપદેશ સાંભળવાથી* જેમને ભેદજ્ઞાન જાગ્રત થયું છે અર્થાત્ સ્વપર વિવેકની જ્ઞાનશક્તિ પ્રગટ થઈ છે, તે મહાત્માઓને જીવનમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. તેમના નિર્મળ દર્પણ જેવા સ્વચ્છ આત્મામાં અનંત ભાવ ઝળકે છે પરંતુ તેનાથી કાંઈ વિકાર થતો નથી. તેઓ સદા આનંદમાં મસ્ત રહે છે. ૨૨.

**ભેદજ્ઞાનનો મહિમા ( સવૈયા એકત્રીસા )**

याही वर्तमानसमै भव्यनिकौ मिटौ मौह,
लग्यौ है अनादिकौ पग्यौ है कर्ममलसौं।
उदै करै भेदज्ञान महा रुचिकौ निधान,
उरकौ उजारौ भारौ न्यारौ दुंद-दलसौं।।

---

*આ નૈસર્ગિક સમ્યગ્દર્શન છે. *આ અધિગમજ સમ્યગ્દર્શન છે.

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला - मचलितमनुभूतिं ये स्वतो वन्यतो वा।
प्रतिफलननिमग्नाऽनन्तभावस्वभावै - र्मुकुरवदविकारा संततं स्युस्त एव।। २१।।

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्माऽनात्मना साकमेक:
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।। २२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जातैं थिर रहै अनुभौ विलास गहै फिरि,
कबहूं अपनपौ न कहै पुदगलसौं।
यहै करतूति यौं जुदाई करैं जगतसौं,
पावक ज्यौं भिन्न करै कंचन उपलसौं।। २३।।

**શબ્દાર્થ**:- નિધાન=ખજાનો. દુંદ (દ્વંદ્વ)=સંશય. ઉપલ= પત્થર. મહારુચિ=દઢ શ્રદ્ધાન. જગત=જન્મ-મરણરૂપ સંસાર.

**અર્થ**:- આ સમયે જ ભવ્ય જીવોનો અનાદિકાળથી લાગેલો અને કર્મમળથી મળેલો મોહ નષ્ટ થઈ જાવ. એ નષ્ટ થઈ જવાથી હૃદયમાં મહાપ્રકાશ કરનાર, સંશય-સમૂહને મટાડનાર, દઢ શ્રદ્ધાનની રુચિ-સ્વરૂપ ભેદ-વિજ્ઞાન પ્રગટ થાય છે. એનાથી સ્વરૂપમાં વિશ્રામ અને અનુભવનો આનંદ મળે છે તથા શરીરાદિ પુદ્‌ગલ પદાર્થોમાં કદી અહંબુદ્ધિ રહેતી નથી. આ ક્રિયા તેમને સંસારથી એવી રીતે ભિન્ન કરી નાખે છે જેમ અગ્નિ સુવર્ણને કિટ્ટિકા (પત્થર) થી ભિન્ન કરી દે છે. ૨૩.

**પરમાર્થની શિક્ષા (સવૈયા એકત્રીસા)**

बानारसी कहै भैया भव्य सुनो मेरी सीख,
कैहूं भांति कैसैंहूंके ऐसौ काजु कीजिए।
एकहू मुहूरत मिथ्यातकौ विधुंस होइ,
ग्यानकौं जगाइ अंस हंस खोजि लीजिए।
वाहिकौ विचार वाकौ ध्यान यहै कौतूहल,
यौंही भरि जनम परम रस पीजिए।

---

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली स-
न्ननुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसंतं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहं।। २३।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तजि भव-वासकौ विलास सविकाररूप,
अंतकरि मौहकौ अनंतकाल जीजिए।। २४।।

**શબ્દાર્થઃ-** કૈહું ભાંતિ=કોઈ પણ ઉપાયથી. કૈસેં હૂંકૈ=પોતે કોઈ પ્રકારનો બનીને. હંસ=આત્મા. કૌતૂહલ=ક્રિડા. ભવ-વાસકૌ વિલાસ=જન્મ-મરણમાં ભટકવું. અનંતકાળ જીજિએ=અમર થઈ જાવ અર્થાત્ સિદ્ધપદ પ્રાપ્ત કરો.

**અર્થઃ-** પં. બનારસીદાસજી કહે છે- હે ભાઈ ભવ્ય! મારો ઉપદેશ સાંભળો કે કોઈ પણ ઉપાયથી અને કોઈ પણ પ્રકારનો બનીને એવું કામ કર જેથી માત્ર અંતર્મુહૂર્તને* માટે મિથ્યાત્વનો ઉદય ન રહે, જ્ઞાનનો અંશ જાગ્રત થાય, આત્મસ્વરૂપની ઓળખાણ થાય. જિંદગીભર તેનો જ વિચાર, તેનું જ ધ્યાન, તેની જ લીલામાં પરમરસનું પાન કરો અને રાગ-દ્વેષમય સંસારનું પરિભ્રમણ છોડીને તથા મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો. ૨૪.

**તીર્થંકર ભગવાનના શરીરની સ્તુતિ ( સવૈયા એકત્રીસા )**

जाके देह-द्युतिसौं दसौं दिसा पवित्र भई,
जाके तेज आगैं सब तेजवंत रुके हैं।
जाकौ रुप निरखि थकित महा रूपवंत,
जाकी वपु-वाससौं सुवास और लुके हैं।।
जाकी दिव्यधुनि सुनि श्रवणकौं सुख होत,
जाके तन लच्छन अनेक आइ ढुके हैं।

---

* બે ઘડી અર્થાત્ ૪૮ મિનિટમાં એક સમય ઓછો.

कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुधन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रुपेण च।
दिव्येन ध्वनिना सुखं श्रवणयो: साक्षात्क्षरन्तोऽमृतम्
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।। २४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

तेई जिनराज जाके कहे विवहार गुन,
निहचै निरखि सुद्ध चेतनसौं चुके हैं।। २५।।

**શબ્દાર્થઃ-** વપુ-વાસસૌં=શરીરની ગંધથી. લુકે=છુપાઈ ગયા. ઢુકે=પ્રવેશ કર્યો. ચુકે=જુદા.

**અર્થઃ-** જેમના શરીરની આભા (તેજ) થી દશે દિશાઓ પવિત્ર થાય છે, જેના તેજ આગળ બધા તેજવાળાઓ[૧] લજ્જિત થાય છે, જેમનું રૂપ જોઈને મહારૂપવાન[૨] હાર માને છે. જેમના શરીરની સુગંધ પાસે બધી સુગંધ[૩] છુપાઈ જાય છે, જેમની દિવ્યવાણી સાંભળવાથી કાનોને સુખ થાય છે, જેમના શરીરમાં અનેક શુભ લક્ષણો[૪] આવી વસ્યાં છે; એવા તીર્થંકર ભગવાન છે. તેમના આ ગુણો વ્યવહારનયથી કહ્યા છે, નિશ્ચયનયથી જુઓ તો શુદ્ધ આત્માના ગુણોથી આ દેહાશ્રિત ગુણો ભિન્ન છે. ૨૫.

जामैं वालपनौ तरुनापौ वुद्धपनौ नाहिं,
आयु-परजंत महारूप महाबल है।
बिना ही जतन जाके तनमैं अनेक गुन,
अतिसै-विराजमान काया निर्मल है।।
जैसैं बिनु पवन समुद्र अविचलरूप,
तैसैं जाकौ मन अरु आसन अचल है।
ऐसौ जिनराज जयवंत होउ जगतमैं,
जाकी सुभगति महा सुकृतकौ फल है।। २६।।

**શબ્દાર્થઃ-** તરુનાપૌ=યુવાની. કાયા=શરીર. અવિચળ=સ્થિર. સુભગતિ=શુભભક્તિ.

---

૧. સૂર્ય, ચંદ્રમા વગેરે. ૨. ઈન્દ્ર, કામદેવ વગેરે ૩. મંદાર, સુપારિજાત વગેરે ફૂલોની. ૪ કમળ, ચક્ર, ધ્વજા, કલ્પવૃક્ષ, સિંહાસન, સમુદ્ર આદિ ૧૦૦૮ લક્ષણ.

नित्यमविकारसुस्थितसर्वांगमपूर्वसहजलावण्यं।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।। २६।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** જેમને બાળ, તરુણ અને વૃદ્ધપણું* નથી, જેમને જીવનભર અત્યંત સુંદર રૂપ અને અતુલ બળ રહે છે, જેમના શરીરમાં સ્વતઃ સ્વભાવથી જ અનેક ગુણો અને અતિશયો* બિરાજે છે તથા શરીર અત્યંત ઉજ્જવળ❁ છે, જેમનું મન અને આસન પવનની લહેરોથી રહિત સમુદ્ર સમાન સ્થિર છે, તે તીર્થંકર ભગવાન સંસારમાં જયવંત હો, જેમની શુભભક્તિ ઘણા મોટા પુણ્યના ઉદયે પ્રાપ્ત થાય છે. ૨૬.

### જિનરાજનું યથાર્થ સ્વરૂપ ( દોહરા )

जिनपद नांहि शरीरकौ, जिनपद चेतनमाँहि।
जिनवर्नन कछु और है, यह जिनवर्नन नांहि।। २७।।

**શબ્દાર્થઃ-** ઔર=બીજાું. જિન=જિતે તે જિન અર્થાત્ જેમણે કામ-ક્રોધાદિ શત્રુઓને જીત્યા છે.

**અર્થઃ-** આ( ઉપર કહેલું ) જિન-વર્ણન નથી, જિન-વર્ણન એનાથી ભિન્ન છે; કારણ કે જિનપદ શરીરમાં નથી, ચેતનાર ચેતનમાં છે. ૨૭.

### પુદ્ગલ અને ચૈતન્યના ભિન્ન સ્વભાવ ઉપર દૃષ્ટાંત ( સવૈયા એકત્રીસા )

ऊंचे ऊंचे गढ़के कंगूरे यौं विराजत हैं,
मानौं नभलोक गीलिवेकौं दांत दीयौ है।
सोहै चहूँओर उपवनकी सघनताई,
घेरा करि मानौ भूमिलोक घेरि लीयौ है।।
गहिरी गंभीर खाई ताकी उपमा बनाई,
नीचौ करि आनन पताल जल पीयौ है।

---

* ૧. બાળકની પેઠે અજ્ઞાનપણું, યુવાનની પેઠે મદાન્ધપણું અને વૃદ્ધની પેઠે દેહનું જીર્ણપણું હોતું નથી.
* ચોત્રીસ અતિશય. ❁ પરસેવો, નાક, કાન, આદિ મળરહિત છે.

प्राकारकवलितांबरमुपवनराजीनिगीर्णभूमितलं।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालं।। २५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ऐसो है नगर यामैं नृपकौ न अंग कोऊ,
यौंही चिदानंदसौं सरीर भिन्न कीयौ है।। २८।।

**શબ્દાર્થઃ-** ગઢ=કિલ્લો. નભલોક=સ્વર્ગ. આનન=મોઢું.

**અર્થઃ-** જે નગરમાં મોટા મોટા ઊંચા કિલ્લા છે, જેના કાંગરા એવા શોભે છે જાણે કે સ્વર્ગને ગળી જવાને માટે દાંત જ ફેલાવ્યા છે, તે નગરની ચારે તરફ સઘન બગીચા એવા શોભી રહ્યા છે જાણે મધ્યલોકને જ ઘેરી લીધો છે અને તે નગરની એવી મોટી ઊંડી ખાઈઓ છે કે જાણે તેમણે નીચું મુખ કરીને પાતાળ લોકનું જળ પી લીધું છે, પરંતુ તે નગરથી રાજા ભિન્ન જ છે તેવી જ રીતે શરીરથી આત્મા ભિન્ન છે.

**ભાવાર્થઃ-** આત્માને શરીરથી સર્વથા ભિન્ન ગણવો જોઈએ. શરીરના કથનને આત્માનું કથન ન સમજવું.

**તીર્થંકરના નિશ્ચય સ્વરૂપની સ્તુતિ ( સવૈયા એકત્રીસા )**

जामैं लोकालोकके सुभाव प्रतिभासे सब,
जगी ग्यान सकति विमल जैसी आरसी।
दर्सन उद्योत लोयौ अंतराय अंत कीयौ,
गयौ महा मोह भयौ परम महारसी।।
संन्यासी सहज जोगी जोगसौं उदासी जामैं,
प्रकृति पचासी लगि रही जरि छारसी।
सोहै घट मंदिरमैं चेतन प्रगटरूप,
ऐसौ जिनराज ताहि बंदत बनारसी।। २९।।

**શબ્દાર્થઃ-** પ્રતિભાસે=પ્રતિબિંબિત થાય છે. દર્શન=અહીં કેવળદર્શનનું પ્રયોજન છે. છારસી=રાખ સમાન.

**અર્થઃ-** જેમને એવું જ્ઞાન જાગ્રત થયું છે કે જેમાં દર્પણની પેઠે લોકાલોકના ભાવ પ્રતિબિંબિત થાય છે, જેમને કેવળદર્શન પ્રગટ થયું છે, જેમને અંતરાય કર્મ નાશ પામ્યું છે, જેમને મહામોહકર્મનો નાશ થવાથી પરમ સાધુ અથવા મહા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સંન્યાસી અવસ્થા પ્રાપ્ત થઈ છે, જેમણે સ્વાભાવિક યોગો ધારણ કર્યો છે તોપણ જે યોગોથી વિરક્ત છે, જેમને માત્ર પંચાસી* પ્રકૃતિઓ બળી ગયેલી સીંદરીની રાખની પેઠે લાગેલી છે; એવા તીર્થંકરદેવ દેહરૂપ દેવાલયમાં સ્પષ્ટ ચૈતન્યમૂર્તિ શોભાયમાન થાય છે, તેમને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૨૯.

**નિશ્ચય અને વ્યવહારનયની અપેક્ષાએ શરીર અને જિનવરનો ભેદ (કવિત્ત)**

तन चेतन विवहार एकसे,
निहचै भिन्न भिन्न हैं दोइ।
तनकी थुति विवहार जीवथुति,
नियतदृष्टि मिथ्या थुति सोइ।।

---

* ૧- અશાતા વેદનીય ૨-દેવગતિ. પાંચ શરીર-૩-ઔદારિક ૪-વૈક્રિયક ૫-આહારક ૬-તૈજસ ૭-કાર્માણ. પાંચ બંધન-૮-ઔદારિક ૯વૈક્રિયક ૧૦-આહારક ૧૧-તૈજસ ૧૨-કાર્માણ. પાંચ સંઘાત-૧૩ ઔદારિક ૧૪-વૈક્રિયક ૧૫-આહારક ૧૬-તૈજસ ૧૭-કાર્માણ. છ સંસ્થાન-૧૮-સમચતુરસ્ર સંસ્થાન ૧૯-ન્યગ્રોધપરિમંડલ ૨૦-સ્વાતિક ૨૧-બાવન ૨૨-કુબ્જક ૨૩-હુંડક. ત્રણ અંગોપાંગ-૨૪ ઔદારિક ૨૫-વૈક્રિયક ૨૬-આહારક. છ સંહનન-૨૭-વજ્રર્ષભનારાચ ૨૮-વજ્રનારાચ ૨૯-નારાચ ૩૦-અર્ધનારાચ ૩૧-કીલક ૩૨-સ્ફાટિક. પાંચ વર્ણ-૩૩-કાળો ૩૪-લીલો ૩૫-પીળો ૩૬-સફેદ ૩૭-લાલ. બે ગંધ-૩૮-સુગંધ ૩૯-દુર્ગંધ. પાંચ રસ. ૪૦-તીખો ૪૧-ખાટો ૪૨-કડવો ૪૩-મીઠો ૪૪-કષાયલો. આઠ સ્પર્શ ૪૫-કોમળ ૪૬-કઠોર ૪૭-ઠંડો ૪૮-ગરમ ૪૯-હલકો ૫૦-ભારે ૫૧-સ્નિગ્ધ ૫૨ -રુક્ષ ૫૩-દેવગતિ પ્રાયોગ્યાનુપૂર્વ ૫૪-અગુરુલઘુ ૫૫-ઉપઘાત ૫૬-પરઘાત ૫૭-ઉચ્છ્વાસ ૫૮-પ્રશસ્ત વિહાયોગતિ ૫૯-અપ્રશસ્ત વિહાયોગતિ ૬૦-અપર્યાપ્તક ૬૧-પ્રત્યેક શરીર ૬૨-સ્થિર ૬૩-અસ્થિર ૬૪-શુભ ૬૫-અશુભ ૬૬-દુર્ભગ ૬૭-સુસ્વર ૬૮-દુસ્વર ૬૯-અનાદેય ૭૦-અયશ:કીર્તિ ૭૧-નિર્માણ ૭૨-નીચ ગોત્ર ૭૩-શાતા વેદનીય ૭૪-મનુષ્ય ગતિ ૭૫-મનુષ્યાયુ ૭૬-પંચેન્દ્રિય જાતિ ૭૭-મનુષ્યગતિ પ્રાયોગ્યાનુપૂર્વ ૭૮-ત્રસ ૭૯-બાદર ૮૦-પર્યાપ્તક ૮૧-સુભગ ૮૨-આદેય ૮૩-યશ:કીર્તિ ૮૪-તીર્થંકર ૮૫-ઉચ્ચ ગોત્ર.

एकत्वं व्यवहारतो न तु पुन: कायात्मनोर्निश्चया-
न्नु: स्तोत्रं व्यवहारतोऽस्ति वपुष: स्तुत्या न तत्तत्वत:।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्येव सैवं भवे-
न्नातस्तीर्थंकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयो:।। २७।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जिन सो जीव जीव सो जिनवर,
तन जिन एक न मानै कोइ।
ता कारन तनकी संस्तुतिसौं,
जिनवरकी संस्तुति नहि होइ।। ३०।।

**અર્થ**:- વ્યવહારનયમાં શરીર અને આત્માની એકતા છે, પરંતુ નિશ્ચયનયમાં બન્ને જુદા-જુદા છે. વ્યવહારનયમાં શરીરની સ્તુતિને જીવની સ્તુતિ ગણવામાં આવે છે પરંતુ નિશ્ચયનયની દ્રષ્ટિથી તે સ્તુતિ મિથ્યા છે. નિશ્ચયનયમાં જે જિનરાજ છે તે જ જીવ છે અને જે જીવ છે તે જ જિનરાજ છે. આ નય શરીર અને આત્માને એક નથી માનતો એ કારણે નિશ્ચયનયથી શરીરની સ્તુતિ તે જિનરાજની સ્તુતિ થઈ શકતી નથી.

**વસ્તુસ્વરૂપની પ્રાપ્તિમાં ગુપ્ત લક્ષ્મીનું દ્રષ્ટાંત( સવૈયા એકત્રીસા )**

ज्यौं चिरकाल गड़ी वसुधामहि,
भूरि महानिधि अंतर गूझी।
कोउ उखारि धरै महि ऊपरि,
जे द्दगवंत तिन्हैं सब सूझी।।
त्यौं यह आतमकी अनुभूति;
पडी जड़भाउ अनादि अरुझी।
नै जुगतागम साधि कही गुरु,
लच्छन-वेदि विचच्छन बूझी।। ३१।।

**શબ્દાર્થ**:- ભૂરિ=પાણી. ગૂઝી=છુપાયેલી. મહિ=પૃથ્વી. અરૂઝી=ગુંચવાયેલી. વિચચ્છન ( વિચક્ષણ )=ચતુર. લચ્છનવેદિ=લક્ષણોના જાણનાર. બૂઝી=સમજયા.

---

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकुष्टः प्रस्फुटन्नेक एव।। २८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ**:- જેવી રીતે ઘણા સમયથી પૃથ્વીની અંદર દટાયેલ ઘણા ધનને ખોદીને કોઈ બહાર મૂકી દે તો દ્રષ્ટિવાળાઓને તે બધું દેખાવા લાગે છે, તેવી જ રીતે અનાદિ કાળથી અજ્ઞાનભાવમાં દબાયેલ આત્મજ્ઞાનની સંપત્તિને શ્રીગુરુએ નય, યુક્તિ અને આગમથી સિદ્ધ કરીને સમજાવી છે, તેને વિદ્વાનો લક્ષણ વડે ઓળખીને ગ્રહણ કરે છે.

**વિશેષ**:- આ છંદમાં 'દગવંત' પદ આપ્યું છે, તે જેવી રીતે બહાર કાઢેલું ધન પણ આંખોવાળાને જ દેખાય છે- આંધળાઓને નથી દેખાતું તેવી જ રીતે શ્રીગુરુ દ્વારા બતાવવામાં આવેલું તત્ત્વજ્ઞાન અંતર્દૃષ્ટિ ભવ્યોને પ્રાપ્ત થાય છે, દીર્ઘ સંસારી અને અભવ્યોની બુદ્ધિમાં નથી આવતું. ૩૧.

**ભેદવિજ્ઞાનની પ્રાપ્તિમાં ધોબીના વસ્ત્રનુ દ્રષ્ટાંત ( સવૈયા એકત્રીસા )**

जैसैं कोऊ जन गयौ धोबीके सदन तिन,
पहिर्‌यौ परायौ वस्त्र मेरौ मानि रह्यौ है।
धनी देखि कह्यौ भैया यह तौ हमारौ वस्त्र,
चीन्हैं पहिचानत ही त्यागभाव लह्यौ है।।
तैसैंही अनादि पुदगलसौं संजोगी जीव,
संगके ममत्वसौं विभाव तामैं बह्यौ है।
भेदज्ञान भयौ जब आपौ पर जान्यौ तब
न्यारौ परभावसौं स्वभावनिज गह्यौ है।। ३२।।

**શબ્દાર્થ**:- સદન=ઘર. વિભાવ=પર વસ્તુના સંયોગથી જે વિકાર થાય તે.

**અર્થ**:- જેમ કોઈ મનુષ્ય ધોબીના ઘેર જાય અને બીજાનું કપડું પહેરીને પોતાનું માનવા લાગે, પરંતુ તે વસ્ત્રનો માલિક જોઈનેકહે કે આ તો મારું કપડું છે, તો

---

अवतरति न यावद्वृत्तिमत्यन्तवेगा
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।। २९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે મનુષ્ય પોતાના વસ્ત્રનું ચિહ્ન જોઈને ત્યાગબુદ્ધિ કરે છે; તેવી જ રીતે આ કર્મસંયોગી જીવ પરિગ્રહના મમત્વથી વિભાવમાં રહે છે અર્થાત્ શરીર આદિને પોતાનું માને છે પરંતુ ભેદવિજ્ઞાન થતાં જ્યારે સ્વ-પરનો વિવેક થઈ જાય છે તો રાગાદિ ભાવોથી ભિન્ન પોતાના નિજ-સ્વભાવનું ગ્રહણ કરે છે. ૩૨.

**નિજાત્માનું સત્ય સ્વરૂપ ( અડિલ્લ છંદ )**

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं।
अपने रससौं भर्‌यौ आपनी टेक हौं।।
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है।
सुद्ध चेतना सिंधु हमारौ रूप है।। ३३।।

**શબ્દાર્થઃ-** ટેક=આધાર. મમ=મારું. સિંધુ=સમુદ્ર.

**અર્થઃ-** જ્ઞાની પુરુષ એવો વિચાર કરે છે કે હું સદૈવ એકલો છું, પોતાના જ્ઞાન-દર્શન રસથી ભરપૂર પોતાના જ આધારે છું, ભ્રમજાળનો કૂપ મોહકર્મ મારું સ્વરૂપ નથી! નથી* ! ! મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યસિંધુ છે. ૩૩.

**તત્ત્વજ્ઞાન થતાં જીવની અવસ્થાનું વર્ણન ( સવૈયા એકત્રીસા )**

तत्त्वकी प्रतीतिसौं लख्यौ है निजपरगुन,
दृग ज्ञानचरन त्रिविधि परिनयौ है।
विसद विवेक आयौ आछौ विसराम पायौ,
आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है।।
कहत बनारसी गहत पुरुषारथकौं,
सहज सुभावसौं विभाव मिटि गयौ है।

---

* અહીં બે વાર 'નથી' કહીને વિષયનું સમર્થન કર્યું છે.

सर्वतः स्वरसनिर्भरभावं चेतये स्वयमहं स्वमिहैकम्।
नास्ति नास्ति मम कश्चन मोहः शुद्धचिद्घनमहोनिधिरस्मि।। ३०।।
इति सति सह सर्वैरन्यभावैर्विवेक स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।। ३१।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पन्नाके पकायें जैसैं कंचन विमल होत,
तैसैं सुद्ध चेतन प्रकाशरूप भयो है।। ३४।।

**શબ્દાર્થ**:- પ્રતીતિ=શ્રદ્ધાન. વિશદ=નિર્મળ. વિસરામ (વિશ્રામ)= ચેન. સોધિ= ગોતીને. પન્નાકે પકાયેં જૈસૈં કંચન વિમલ હોત=અશુદ્ધ સોનાના નાના નાના ટુકડા કરીને કાગળ જેવા પાતળા બનાવે છે તેને પન્ના કહે છે તે પન્નાઓને મીઠું, તેલ, વગેરેના રસાયણથી અગ્નિમાં પકવે છે તેથી સોનું અત્યંત શુદ્ધ થઈ જાય છે. આ રીતે શુદ્ધ કરેલું સોનું નેશનલ, પાટલો વગેરે કરતાં ઘણી ઊંચી જાતનું હોય છે.

**અર્થ**:- તત્ત્વશ્રદ્ધાન થતાં સ્વ-પર ગુણની ઓળખાણ થઈ જેથી પોતાના નિજ ગુણ સમ્યગ્દર્શન,જ્ઞાન ચારિત્રમાં પરિણમન કર્યું છે, નિર્મળ ભેદ-વિજ્ઞાન થવાથી ઉત્તમ વિશ્રામ મળ્યો અને પોતાના સ્વરૂપમાં જ પોતાનો સહાયક ગોતી લીધો. પં. બનારસીદાસજી કહે છે કે આ પ્રયત્નથી પોતાની મેળે જ વિભાવ પરિણમન નષ્ટ થઈ ગયું અને શુદ્ધ આત્મા એવો પ્રકાશિત થયો જેમ રસાયણમાં સોનાના પત્તા પકાવવાથી તે ઉજ્જવળ થઈ જાય છે. ૩૪.

**વસ્તુસ્વભાવની પ્રાપ્તિમાં નટીનું દષ્ટાંત( સવૈયા એકત્રીસા )**

जैसैं कोऊ पातुर बनाय वस्त्र आभरन,
आवति अखारे निसि आडौ पट करिकैं।
दुहूँओर दीवटि संवारि पट दूरि कीजै,
सकल सभाके लोग देखैं दृष्टि धरिकैं।।
तैसैं ग्यान सागर मिथ्याति ग्रंथि भेदि करि,
उमग्यौ प्रगट रह्यौ तिहूँ लोक भरिकैं।
ऐसौ उपदेस सुनि चाहिए जगत जीव,
सुद्धता संभारै जग जालसौं निसरिकैं।। ३५।।

---

मज्जन्तु निर्भरममी सममेव लोका
आलोकमुच्छलति शान्तरसे समस्ता:।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण
प्रोन्मग्न एष भगवानवबोधसिन्धु:।। ३२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** પાતુર( પાત્રા )=નટી, નાચનારી. અખારે=નાટયશાળામાં. નિશિ=રાત્રિ. પટ=વસ્ત્ર, પડદો. ગ્રંથિ=ગાંઠ. નિસરિકૈં=નીકળીને.

**અર્થઃ-** જેમ નટી રાત્રે વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈને નાટયશાળામાં પડદાની પાછળ આવીને ઊભી રહે છે તો કોઈને દેખાતી નથી, પરંતુ જ્યારે બન્ને તરફના દીવા ઠીક કરીને પડદો ખસેડી લેવામાં આવે છે તો સભાના બધા માણસોને સ્પષ્ટપણે દેખાય છે, તેવી જ રીતે જ્ઞાનનો સમુદ્ર આત્મા જે મિથ્યાત્વના પડદામાં ઢંકાઈ રહ્યો હતો તે પ્રગટ થયો જે ત્રણલોકનો જ્ઞાયક થશે. શ્રીગુરુ કહે છે કે હે જગતના જીવો! આવો ઉપદેશ સાંભળીને તમારે જગતની જાળમાંથી નીકળીને પોતાની શુદ્ધતાની સંભાળ કરવી. ૩૫.

### એ પ્રમાણે રંગભૂમિકા પૂર્ણ થઈ. ૧.

## પ્રથમ અધિકારનો સાર

આત્મપદાર્થ શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ, દેહાતીત, ચિચ્ચમત્કાર, વિજ્ઞાનઘન, આનંદકંદ, પરમદેવ સિદ્ધસમાન છે. જેવો તે અનાદિ છે તેવો અનંત પણ છે અર્થાત્ ન તે ઉત્પન્ન થયો છે અને ન કદી નષ્ટ પણ થશે. જોકે તે પોતાના સ્વરૂપથી સ્વચ્છ છે પરંતુ સંસારી દશામાં જ્યારથી તે છે ત્યારથી અર્થાત્ અનાદિકાળથી શરીરથી સંબદ્ધ છે અને કર્મકાલિમાથી મલિન છે. જેમ સોનું ખાણની અંદર કાદવ સહિત રહે છે પણ ભઠ્ઠીમાં તપાવવાથી શુદ્ધ સોનું જુદું થઈ જાય છે અને કાલિમા જુદી થઈ જાય છે તેવી જ રીતે સમ્યક્તપ-મુખ્યપણે શુકલધ્યાનની અગ્નિ દ્વારા જીવાત્મા શુદ્ધ થઈ જાય છે અને કર્મકાલિમા જાુદી થઈ જાય છે. જેવી રીતે ઝવેરી કાદવવાળા સોનાને ઓળખીને સોનાની કિંમત દે-લે છે તેવી જ રીતે જ્ઞાનીઓ અનિત્ય અને મળથી ભરેલા શરીરમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમય પરમાત્માનો અનુભવ કરે છે.

જ્યારે કપડા ઉપર મેલ જામી જાય છે ત્યારે મલિન કહેવાય છે, લોકો તેનાથી ગ્લાનિ કરે છે અને નિરુપયોગી બતાવે છે, પરંતુ વિવેક દૃષ્ટિથી વિચારવામાં આવે તો કપડું પોતાના સ્વરૂપથી સ્વચ્છ છે, સાબુ-પાણીનું નિમિત્ત જોઈએ. બસ! મેલસહિત વસ્ત્રની જેમ કર્દમસહિત આત્માને મલિન કહેવો એ વ્યવહારનયનો વિષય છે અને મેલથી જાુદા સ્વચ્છ વસ્ત્રની જેમ આત્માને કર્મકાલિમાથી જુદો જ ગણવો તે નિશ્ચયનયનો વિષય છે. અભિપ્રાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ છે કે, જીવને ખરેખર કર્મકાલિમા લાગતી નથી. કપડાના મેલની જેમ તે શરીર આદિથી બંધાયો છે, ભેદવિજ્ઞાનરૂપ સાબુ અને સમતારસરૂપ જળ દ્વારા તે સ્વચ્છ થઈ શકે છે. તાત્પર્ય એ છે કે જીવને દેહથી ભિન્ન શુદ્ધ-બુદ્ધ જાણનાર નિશ્ચયનય છે અને શરીરથી તન્મય, રાગ-દ્વેષ-મોહથી મલિન, કર્મને આધીન કહેવાવાળો વ્યવહારનય છે. ત્યાં પ્રથમ અવસ્થામાં આ નયજ્ઞાન દ્વારા જીવની શુદ્ધ અને અશુદ્ધ પરિણતિને સમજીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન થવું એનું જ નામ અનુભવ છે. અનુભવ પ્રાપ્ત થયા પછી નયોનો વિકલ્પ પણ રહેતો નથી તેથી કહેવું પડશે કે નય પ્રથમ અવસ્થામાં સાધક છે અને આત્માનું સ્વરૂપ સમજયા પછી નયોનું કામ નથી.

ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. જીવના ગુણ ચૈતન્ય, જ્ઞાન, દર્શન આદિ છે. દ્રવ્યની હાલતને પર્યાય કહે છે. જીવની પર્યાયો નર, નારક, દેવ, પશુ આદિ છે. ગુણ અને પર્યાયો વિના દ્રવ્ય હોતું નથી અને દ્રવ્ય વિના ગુણ પર્યાય હોતા નથી, તેથી દ્રવ્ય અને ગુણ-પર્યાયોમાં અવ્યતિરિક્ત ભાવ છે. જ્યારે પર્યાયને ગૌણ અને દ્રવ્યને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે ત્યારે નય દ્રવ્યાર્થિક કહેવાય છે અને જ્યારે પર્યાયને મુખ્ય તથા દ્રવ્યને ગોણ કરીને કથન કરવામાં આવે છે ત્યારે નય પર્યાયાર્થિક કહેવાય છે. દ્રવ્ય સામાન્ય હોય છે અને પર્યાય વિશેષ હોય છે, તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના વિષયમાં સામાન્ય-વિશેષનું અંતર રહે છે. જીવનું સ્વરૂપ નિશ્ચયનયથી આવું છે, વ્યવહારનયથી આવું છે, દ્રવ્યાર્થિકનયથી આવું છે, પર્યાયાર્થિકનયથી આવું છે, અથવા નયોના ભેદો શુદ્ધ નિશ્ચયનય, અશુદ્ધ નિશ્ચયનય, સદ્ભૂત વ્યવહારનય, અસદ્ભૂત વ્યવહારનય, ઉપચરિત વ્યવહારનય ઇત્યાદિ વિકલ્પ ચિત્તમાં અનેક તરંગો ઉત્પન્ન કરે છે, એનાથી ચિત્તને વિશ્રામ નથી મળી શકતો, તેથી કહેવું જોઈએ કે નયના કલ્લોલ અનુભવમાં બાધક છે પરંતુ પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણવા અને સ્વભાવ-વિભાવને ઓળખવામાં સહાયક અવશ્ય છે. તેથી નય, નિક્ષેપ અને પ્રમાણથી અથવા જેમ બને તેમ આત્મસ્વરૂપની ઓળખાણ કરીને સદૈવ તેના વિચાર તથા ચિંતવનમાં લાગ્યા રહેવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અજીવદ્વાર

## ( ૨ )

### અજીવ અધિકારનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા ( દોહરા )

जीव तत्त्व अधिकार यह, कह्यौ प्रगट समुझाय।
अब अधिकार अजीवकौ, सुनहु चतुर चित लाय।। १।।

**શબ્દાર્થઃ-** ચતુર=વિદ્વાન. ચિત્ત=મન. લાય=લગાડીને.

**અર્થઃ-** આ પહેલો અધિકાર જીવતત્ત્વનો સમજાવીને કહ્યો, હવે અજીવતત્ત્વનો અધિકાર કહે છે, હે વિદ્વાનો! તે મન દઈને સાંભળો. ૧.

### મંગલાચરણ ભેદવિજ્ઞાન દ્વારા પ્રાપ્ત પૂર્ણજ્ઞાનને વંદન.

( સવૈયા એકત્રીસા )

परम प्रतीति उपजाय गनधरकीसी,
अंतर अनादिकी विभावता विदारी है।
भेदग्यान द्दष्टिसौं विवेककी सकति साधि,
चेतन अचेतनकी दसा निरवारी है।।
करमकौ नासकरि अनुभौ अभ्यास धरि,
हिएमैं हरखि निज उद्धता सँभारी है।
अंतराय नास भयौ सुद्ध परकास थयौ,
ग्यानकौ विलास ताकौं वंदना हमारी है।। २।।

**શબ્દાર્થઃ-** પ્રતીતિ=શ્રદ્ધાન. વિભાવના.=મિથ્યાદર્શન. વિદારી=નાશ કર્યો. નિરવારી=દૂર કરી. હિએમૈં=હૃદયમાં. હરખિ=આનંદિત થઈને. ઉદ્ધતા=ઉત્કૃષ્ટતા. વિલાસ=આનંદ.

---

जीवाजीवविवेकपुष्कलद्दशा प्रत्याययत्पार्षदा:
नासंसारनिबद्धबंन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्मारामममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनोह्लादयत्।। १।।

**અર્થઃ-** ગણધર* સ્વામી જેવું દઢ શ્રદ્ધાન ઉત્પન્ન કરીને, અનાદિકાળથી લાગેલ અંતરંગનું મિથ્યાત્વ નષ્ટ કર્યું અને ભેદજ્ઞાનની દષ્ટિથી જ્ઞાનની શક્તિ સિદ્ધ કરીને જીવ-અજીવનો નિર્ણય કર્યો, પછી અનુભવનો અભ્યાસ કરીને કર્મોનો નાશ કર્યો તથા હૃદયમાં હર્ષિત થઈને પોતાની ઉત્કૃષ્ટતા સંભાળી, જેથી અંતરાયકર્મ નાશ પામ્યું અને શુદ્ધ આત્માનો પ્રકાશ અર્થાત્ પૂર્ણજ્ઞાનનો આનંદ પ્રગટ થયો. તેને મારા નમસ્કાર છે. ૨.

**શ્રીગુરુની પારમાર્થિક શિક્ષા( સવૈયા એકત્રીસા )**

भैया जगवासी तू उदासी व्हैकैं जगतसौं,
एक छ महीना उपदेश मेरौ मानु रे।
और संकलप विकलपके विकार तजि,
बैठिकैं एकंत मन एक ठौरु आनु रे।
तेरौ घट सर तामैं तूही है कमल ताकौ,
तूही मधुकर व्है सुवास पहिचानु रे।
प्रापति न व्हैहै कछु ऐसौ तू विचारतु है,
सही व्हैहै प्रापति सरूप यौंही जानु रे।। ३।।

**શબ્દાર્થઃ-** જગવાસી=સંસારી. ઉદાસી=વિરક્ત. ઉપદેશ=શિખામણ. સંકલપ-વિકલપ (સંકલ્પ-વિકલ્પ)=રાગ-દ્વેષ. વિકાર=વિભાવ પરિણતિ. તજિ=છોડીને. એકંત (એકાન્ત)=એકલો, જ્યાં કોઈ અવાજ, ઉપદ્રવ વગેરે ન હોય ત્યાં. ઠૌરુ=સ્થાન. ઘટ=હૃદય. સર=તળાવ. મધુકર=ભમરો. સુવાસ=પોતાની સુગંધ. પ્રાપતિ (પ્રાપ્તિ)=મિલન. વ્હૈહૈ=થશે. સહી=ખરેખર. યૌંહી=એવું જ.

**અર્થઃ-** હે ભાઈ, સંસારી જીવ, તું સંસારથી વિરક્ત થઈને એક છ

---

* આત્માનુશાસનમાં આજ્ઞા આદિ દસ પ્રકારનાં સમ્યક્ત્વોમાંથી ગણધરસ્વામીને અવગાઢ સમ્યક્ત્વ કહ્યું છે.

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः।। २।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહિના* માટે મારી શિખામણ માન અને એકાંત સ્થાનમાં બેસીને રાગ-દ્વેષના તરંગો છોડીને ચિત્તને એકાગ્ર કર, તારા હૃદયરૂપ સરોવરમાં તું જ કમળ બન અને તું જ ભમરો બનીને પોતાના સ્વભાવની સુગંધ લે. જો તું એમ વિચારે કે એનાથી કાંઈ નહિ મળે, તો નિયમથી સ્વરૂપની પ્રાપ્તિ થશે; આત્મસિદ્ધિનો એ જ ઉપાય છે.

**વિશેષઃ-** આ પિંડસ્થ* ધ્યાન છે. પોતાના ચિત્તરૂપ સરોવરમાં સહસ્ર દળનું કમળ કલ્પિત કરીને પ્રાણાયામ કરવામાં આવે છે જેથી ધ્યાન સ્થિર થાય અને જ્ઞાનગુણ પ્રગટ થાય છે. ૩.

### જીવ અને પુદ્‌ગલનું લક્ષણ (દોહરા)

**चेतनवंत अनंत गुन, सहित सु आतमराम।**
**यातैं अनमिल और सब, पुदगलके परिनाम।। ४।।**

**શબ્દાર્થઃ-** આતમરામ=નિજ સ્વરૂપમાં રમણ કરનારા આત્મા. યાતૈં= એનાથી અનમિલ=ભિન્ન.

**અર્થઃ-** જીવ દ્રવ્ય, ચૈતન્યમૂર્તિ અને અનંતગુણસંપન્ન છે, એનાથી ભિન્ન બીજી બધી પુદ્‌ગલની પરિણતિ છે.

**ભાવાર્થઃ-** ચૈતન્ય, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ આત્માના અનંત ગુણ છે અને આત્માના ગુણો સિવાય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કે શબ્દ, પ્રકાશ, તડકો, ચાંદની, છાંયો, અંધકાર, શરીર, ભાષા, મન, શ્વાસોચ્છ્‌વાસ તથા કામ, ક્રોધ, લોભ, મોહ માયા આદિ જે કાંઈ ઈન્દ્રિય અને મનગોચર છે તે બધુ પૌદ્‌ગલિક છે. ૪.

---

* અહીં પાઠમાં જે છ મહિના કહ્યું છે તે સામાન્ય કથન છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ છે, શિષ્યને માર્ગમાં લગાડવાની દ્રષ્ટિથી જઘન્ય અને ઉત્કૃષ્ટકાળ ન બતાવતાં છ મહિના માટે પ્રેરણા કરી છે. છ મહિનામાં સમ્યગ્દર્શન ઊપજે જ ઊપજે એવો નિયમ નથી.

* પિંડસ્થ ધ્યાન સંસ્થાનવિચય ધ્યાનનો ભેદ છે, પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત-આ રીતે ચાર પ્રકારનું સંસ્થાનવિચય ધ્યાન હોય છે.

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयं।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्‌गलिका अमी।। ३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આત્મજ્ઞાનનું પરિણામ ( કવિત્ત )**

जब चेतन सँभारि निज पौरुष,
निरखै निज द्रगसौं निज मर्म।
तब सुखरूप विमल अविनासिक,
जानै जगत सिरोमनि धर्म।।
अनुभौ करै सुद्ध चेतनकौ,
रमै स्वभाव वमै सब कर्म।
इहि विधि सधै मुकतिकौ मारग,
अरु समीप आवै सिव सर्म।। ५।।

**શબ્દાર્થઃ-** પૌરુષ=પુરુષાર્થ. નિરખૈ=જુએ. દગ=નેત્ર. મર્મ=અસલપણું. અવિનાસી=નિત્ય. જગત સિરોમનિ=સંસારમાં સૌથી ઉત્તમ. ધર્મ=સ્વભાવ. રમૈ=લીન થાય. વમૈ= ઉલટી કરે (છોડી દે.) ઈહિ વિધિ= આ રીતે, મુકતિ (મુક્તિ)=મોક્ષ. સમીપ= પાસે. સિવ (શિવ)=મોક્ષ. સર્મ=આનંદ.

**અર્થઃ-** જ્યારે આત્મા પોતાની શક્તિને સંભાળે છે અને જ્ઞાનનેત્રોથી પોતાના અસલ સ્વભાવને ઓળખે છે ત્યારે તે આત્માનો સ્વભાવ આનંદરૂપ, નિર્મળ, નિત્ય અને લોકનો શિરોમણિ જાણે છે, તથા શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરીને પોતાના સ્વભાવમાં લીન થઈને સંપૂર્ણ કર્મદળને દૂર કરે છે. આ પ્રયત્નથી મોક્ષમાર્ગ સિદ્ધ થાય છે અને નિરાકુળતાનો આનંદ નિકટ આવે છે. ૫.

**જડ-ચેતનની ભિન્નતા( દોહરા )**

वरनादिक रागादि यह, रूप हमारौ नांहि।
एक ब्रह्म नहि दूसरौ, दीसै अनुभव मांहि।। ६।।

---

सकलमपि विहायाह्माय चिच्छक्तिरिक्तम्
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रं।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तं।। ४।।
वर्णाद्या वा रागमोहादयो वा भिन्ना भावाः सर्व एवास्य पुंसः।
तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्।। ५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** બ્રહ્મ=શુદ્ધ આત્મા દીસૈ=દેખાય છે.

**અર્થઃ-** શરીર સંબંધી રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ અથવા રાગ-દ્વેષ આદિ વિભાવ સર્વ અચેતન છે, એ અમારું સ્વરૂપ નથી; આત્માનુભવમાં એક બ્રહ્મ સિવાય બીજું કાંઈ જ નથી ભાસતું. ૬.

**દેહ અને જીવની ભિન્નતા પર બીજું દ્રષ્ટાંત (દોહરા)**

**खांडो कहिये कनककौ, कनक-म्यान-संयोग।**
**न्यारौ निरखत म्यानसौं, लोह कहैं सब लोग।।७।।**

**શબ્દાર્થઃ-** ખાંડો=તલવાર. કનક=સોનું. ન્યારૌ=જુદી. નિરખત=જોવામાં આવે છે.

**અર્થઃ-** સોનાના મ્યાનમાં રાખેલી લોઢાની તલવાર સોનાની કહેવામાં આવે છે. પરંતુ જ્યારે તે લોઢાની તલવાર સોનાના મ્યાનમાંથી જુદી કરવામાં આવે છે ત્યારે લોકો તેને લોઢાની જ કહે છે.

**ભાવાર્થઃ-** શરીર અને આત્મા એકક્ષેત્રાવગાહ સ્થિત છે. સંસારી જીવ ભેદવિજ્ઞાનના અભાવથી શરીરને જ આત્મા સમજી જાય છે; પરંતુ જ્યારે ભેદવિજ્ઞાનમાં તેમની ઓળખાણ કરવામાં આવે છે ત્યારે ચિચ્ચમત્કાર આત્મા જુદો ભાસવા લાગે છે અને શરીરમાંથી આત્મબુદ્ધિ ખસી જાય છે. ૭.

**જીવ અને પુદ્ગલની ભિન્નતા (દોહરા)**

**वरनादिक पुदगल-दसा, धरै जीव बहु रूप।**
**वस्तु विचारत करमसौं, भिन्न एक चिद्रूप।।८।।**

**શબ્દાર્થઃ-** દશા=અવસ્થા. બહુ=ઘણા. ભિન્ન=જુદા. ચિદ્રૂપ (ચિત્+રૂપ)=ચૈતન્યરૂપ.

---

निर्वर्त्यते येन यदत्र किंचित्तदेव तत्स्यान्न कथं च नान्यत्।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं पश्यन्ति रुक्मं न कथंचनासिं।।६।।

वर्णादिसामग्र्यमिदं विदन्तु निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा यतः स विज्ञानघनस्ततोऽन्यः।।७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થઃ-** રૂપ, રસ, આદિ પુદ્ગલના ગુણ છે, એના નિમિત્તથી જીવ અનેક રૂપ ધારણ કરે છે. પરંતુ જો વસ્તુસ્વરૂપનો વિચાર કરવામાં આવે તો તે કર્મથી તદ્દન ભિન્ન એક ચૈતન્યમૂર્તિ છે.

**ભાવાર્થઃ-** અનંત સંસારમાં સંસરણ કરતો જીવ, નર, નારક, આદિ જે અનેક પર્યાયો પ્રાપ્ત કરે છે તે બધી પુદ્ગલમય છે અને કર્મજનિત છે, જો વસ્તુસ્વભાવનો વિચાર કરવામાં આવે તો તે જીવની નથી, જીવ તો શુદ્ધ, બુદ્ધ, નિર્વિકાર, દેહાતીત અને ચૈતન્યમૂર્તિ છે. ૮.

**દેહ અને જીવની ભિન્નતા પર બીજું દ્રષ્ટાંત ( દોહરા )**

**ज्यौं घट कहिये घीवकौ, घटकौ रूप न घीव।**
**त्यौं वरनादिक नामसौं, जड़ता, लहै न जीव।। ९।।**

**શબ્દાર્થઃ-** જયોં=જેવી રીતે. ઘટ=ઘડો. જડતા=અચેતનપણું.

**અર્થઃ-** જેવી રીતે ઘીના સંયોગથી માટીના ઘડાને ઘીનો ઘડો કહે છે પરંતુ ઘડો ઘીરૂપ નથી થઈ જતો, તેવી જ રીતે શરીરના સંબંધથી જીવ નાનો, મોટો, કાળો, ધોળો વગેરે અનેક નામ મેળવે છે પણ તે શરીરની પેઠે અચેતન થઈ જતો નથી.

**ભાવાર્થઃ-** શરીર અચેતન છે અને જીવનો તેની સાથે અનંતકાળથી સંબંધ છે તોપણ જીવ શરીરના સંબંધથી કદી અચેતન નથી થતો, સદા ચેતન જ રહે છે. ૯.

**આત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ ( દોહરા )**

**निराबाध चेतन अलख, जाने सहज स्वकीव।**
**अचल अनादि अनंत नित, प्रगट जगतमैं जीव।। १०।।**

**શબ્દાર્થઃ-** નિરાબાધ=શાતા-અશાતાની બાધારહિત. ચેતન=જ્ઞાનદર્શન. અલખ=

---

घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।
जीवो वर्णादिमज्जीव जल्पनेऽपि न तन्मयः।। ८।।
अनाद्यनन्तमचलं स्वसंवेद्यमिदं स्फुटम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।। ९।।

ચર્મચક્ષુઓથી દેખાતો નથી. સહજ=સ્વભાવથી. સ્વકીવ (સ્વકીય)=પોતાનું. પ્રગટ=સ્પષ્ટ.

**અર્થ**:- જીવ પદાર્થ નિરાબાધ, ચૈતન્ય, અરૂપી, સ્વાભાવિક, જ્ઞાતા, અચળ, અનાદિ, અનંત અને નિત્ય છે, તે સંસારમાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

**ભાવાર્થ**:- જીવ શાતા-અશાતાની બાધાથી રહિત છે એથી નિરાબાધ છે, સદા ચેતતો રહે છે અને એથી ચેતન છે, ઈન્દ્રિયગોચર નથી એથી અલખ છે, પોતાના સ્વભાવને પોતે જ જાણે છે એથી સ્વકીય છે, પોતાના જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી એથી અચળ છે, આદિ રહિત છે એથી અનાદિ છે, અનંતગુણ સહિત છે એથી અનંત છે, કદી નાશ પામતો નથી એથી નિત્ય છે. ૧૦.

**અનુભવ વિધાન (સવૈયા એકત્રીસા)**

रूप-रसवंत मूरतीक एक पुदगल,
रूप बिनु औरु यौं अजीव दर्व दुधा है।
चारि हैं अमूरतीक जीव भी अमूरतीक,
याहितैं अमूरतीक-वस्तु-ध्यान मुधा है।।
औरसौं न कबहूं प्रगट आप आपुहीसौं,
ऐसौ थिर चेतन-सुभाउ सुद्ध सुधा है।
चेतनकौ अनुभौ अराधैं जग तेई जीव;
जिन्हकौं अखंड रस चाखिवेकी छुधा है।। ११।।

**શબ્દાર્થ**:- દુધા=બે પ્રકારનો. મુધા=વૃથા. થિર=(સ્થિર)=અચળ. સુધા=અમૃત. અખંડ= પૂર્ણ. છુધા(ક્ષુધા)= ભૂખ.

**અર્થ**:- પુદ્ગલદ્રવ્ય વર્ણ, રસ આદિ સહિત મૂર્તિક છે, બાકીના ધર્મ, અધર્મ

---

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वैधास्त्यजीवो यतो
नामुर्त्तत्वमपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा
व्यक्तं व्यंजितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यतां।। १०।।

આદિ ચાર અજીવદ્રવ્ય અમૂર્તિક છે, આ રીતે અજીવદ્રવ્ય મૂર્તિક અને અમૂર્તિક બે ભેદરૂપ છે; જીવ પણ અમૂર્તિક છે તેથી અમૂર્તિક વસ્તુનું ધ્યાન કરવું વ્યર્થ છે આત્મા સ્વયંસિદ્ધ, સ્થિર, ચૈતન્યસ્વભાવી, જ્ઞાનામૃતસ્વરૂપ છે, આ સંસારમાં જેમને પરિપૂર્ણ અમૃતરસનો સ્વાદ લેવાની અભિલાષા છે તે આવા જ આત્માનો અનુભવ કરે છે.

**ભાવાર્થઃ**- લોકમાં છ દ્રવ્ય છે, તેમાં એક જીવ અને પાંચ અજીવ છે; અજીવ દ્રવ્ય મૂર્તિક અને અમૂર્તિકના ભેદથી બે પ્રકારના છે, પુદ્ગલ મૂર્તિક છે અને ધર્મ, અધર્મ, આકાશ, કાળ-એ ચાર અમૂર્તિક છે. જીવ પણ અમૂર્તિક છે. જ્યારે જીવ સિવાય અન્ય પણ અમૂર્તિક છે તો અમૂર્તિકનું ધ્યાન કરવાથી જીવનું ધ્યાન થઈ શકતું નથી*, માટે અમૂર્તિકનું ધ્યાન કરવું એ અજ્ઞાન છે, જેમને સ્વાત્મરસ આસ્વાદન કરવાની અભિલાષા છે તેમને માત્ર અમૂર્તિકપણાનું ધ્યાન ન કરતાં શુદ્ધ ચૈતન્ય, નિત્ય, સ્થિર અને જ્ઞાનસ્વભાવી આત્માનું ધ્યાન કરવું જોઈએ.૧૧.

**મૂઢ સ્વભાવ વર્ણન ( સવૈયા તેવીસા )**

चेतन जीव अजीव अचेतन,
लच्छन-भेद उभै पद न्यारे।
सम्यक्दृष्टि-उदोत विचच्छन,
भिन्न लखै लखिकैं निरधारे।।
जे जगमांहि अनादि अखंडित,
मोह महामदके मतवारे।
ते जड़ चेतन एक कहैं,
तिन्हकी फिरि टेक टरै नहि टारे।। १२।।

---

* એનાથી અતિવ્યાપ્તિ દોષ આવે છે.

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तं।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।। ११।।

**શબ્દાર્થ:-** ઉભૈ( ઉભય )=બન્ને. પદ=અહીં પદ કહેતાં પદાર્થનું પ્રયોજન છે. ઉદોત ( ઉદ્યોત )=પ્રકાશ. વિચચ્છન ( વિચક્ષણ )=વિદ્વાન. નિરધારે=નિશ્ચય કરે. મદ=શરાબ. મતવારે=પાગલ. ટેક=હઠ

**અર્થ:-** જીવ ચૈતન્ય છે, અજીવ જડ છે; આ રીતે લક્ષણ ભેદથી બંને પ્રકારના પદાર્થો ભિન્ન ભિન્ન છે. વિદ્વાનો સમ્યગ્દર્શનના પ્રકાશથી તેમને જુદા જુદા દેખે અને નક્કી કરે છે, પરંતુ સંસારમાં જે મનુષ્ય અનાદિકાળથી દુર્નિવાર મોહની તીક્ષ્ણ મદિરાથી ઉન્મત્ત થઈ રહ્યા છે તેઓ જીવ અને જડને એક જ કહે છે; તેમની આ ખોટી હઠ ટાળવાથી પણ ટળતી નથી.

**ભાવાર્થ:-** કોઈ એક બ્રહ્મ જ બ્રહ્મ બતાવે છે, કોઈ જીવને અંગુઠા જેવડો, કોઈ ચોખા જેવડો અને કોઈ મૂર્તિક કહે છે, તેથી આ પદ્યમાં તે બધાનું અજ્ઞાનપણું બતાવ્યું છે. ૧૨.

**જ્ઞાતાનો વિલાસ ( સવૈયા તેવીસા )**

या घटमैं भ्रमरूप अनादि,
विसाल महा अविवेक अखारौ।
तामहि और स्वरूप न दीसत
पुग्गल नृत्य करै अति भारौ।।
फेरत भेख दिखावत कौतुक,
सौंजि लियैं वरनादि पसारौ।
मौहसौं भिन्न जुदौ जड़सौं,
चिनमूरति नाटक देखन हारौ।।१३।।

**શબ્દાર્થ:-** ઘટ=હૃદય. ભ્રમ=મિથ્યાત્વ. મહા=મોટો. અવિવેક=અજ્ઞાન. અખારૌ= નાટયશાળા. દીસત=દેખાય છે. પુગ્ગલ=પુદ્‌ગલ. નૃત્ય=નાચ. ફેરત=બદલે છે સૌંજિ=ભાગ. પસારૌ ( પ્રસાર )=વિસ્તાર. કૌતુક=ખેલ.

---

अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।
रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।१२।।

**અર્થઃ-** આ હૃદયમાં અનાદિકાળથી મિથ્યાત્વરૂપ મહા અજ્ઞાનની વિસ્તૃત નાટયશાળા છે, તેમાં બીજું કાંઈ શુદ્ધ સ્વરૂપ નથી દેખાતું, માત્ર એક પુદ્‌ગલ જ ઘણો મોટો નાચ કરી રહ્યું છે, તે અનેકરૂપ પલટે છે અને રૂપ આદિનો વિસ્તાર કરીને જુદા જુદા ખેલ બતાવે છે; પરંતુ મોહ અને જડથી ભિન્ન સમ્યગ્દષ્ટિ આત્મા તે નાટકનો માત્ર જોનાર છે ( હર્ષ-વિષાદ નથી કરતો ). ૧૩.

**ભેદવિજ્ઞાનનું પરિણામ ( સવૈયા એકત્રીસા )**

जैसैं करवत एक काठ बीच खंड करै,
जैसैं राजहंस निरवारै दूध जलकौं।
तैसैं भेदग्यान निज भेदक-सकतिसेती,
भिन्न भिन्न करै चिदानंद पुदगलकौं।।
अवधिकौं धावै मनपर्यैकी अवस्था पावै,
उमगिकैं आवै परमावधिके थलकौं।
याही भांति पूरन सरूपकौ उदोत धरै,
करै प्रतिबिंबित पदारथ सकलकौं।। १४।।

**શબ્દાર્થઃ-** ખંડ=ટુકડા. નિરવારૈ=જુદા કરે. સેતી=વડે. ઉમગિકૈં=વધીને.

**અર્થઃ-** જેમ કરવત લાકડાના બે ટુકડા કરી નાખે છે,અથવા જેમ રાજહંસ દૂધ અને પાણીને જુદા કરી દે છે તેવી જ રીતે ભેદવિજ્ઞાન પોતાની ભેદક-શક્તિથી જીવ અને પુદ્‌ગલને જુદા જુદા કરે છે. પછી એ ભેદવિજ્ઞાન ઉન્નતિ કરતાં કરતાં અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને પરમાવધિજ્ઞાનની અવસ્થાને પ્રાપ્ત થાય છે. અને એ રીતે વૃદ્ધિ કરીને પૂર્ણ સ્વરૂપના પ્રકાશ અર્થાત્ કેવળજ્ઞાનસ્વરૂપ થઈ જાયછે જેમાં લોક-અલોકના સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે. ૧૪

**એ પ્રમાણે જીવાજીવાધિકાર પૂર્ણ થયો. ૨.**

---

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वं व्याप्तप्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।। १३।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## બીજા અધિકારનો સાર

મોક્ષમાર્ગમાં મુખ્ય અભિપ્રાય કેવળજ્ઞાનાદિ ગુણસંપન્ન આત્માનું સ્વરૂપ સમજાવવાનો છે. પરંતુ જેવી રીતે સોનાની ઓળખાણ કરાવવા માટે સોના સિવાય પિત્તળ આદિનું સ્વરૂપ સમજાવવું અથવા હીરાની ઓળખાણ કરાવવા માટે હીરા સિવાય કાચની ઓળખાણ કરાવવી જરૂરી છે, તેવી જ રીતે જીવ પદાર્થનું સ્વરૂપ દ્રઢ કરાવવાને માટે શ્રીગુરુએ અજીવ પદાર્થનું વર્ણન કર્યું છે. અજીવ તત્ત્વ જીવ તત્ત્વથી સર્વથા ભિન્ન છે અર્થાત્ જીવનું લક્ષણ ચેતન અને અજીવનું લક્ષણ અચેતન છે. આ અચેતન પદાર્થ પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ કાળ નામના પાંચ પ્રકારના છે. તેમનામાંથી પાછળના ચાર અરૂપી અને પહેલો પુદ્ગલ રૂપી અર્થાત્ ઈન્દ્રિયગોચર છે, પુદ્ગલ દ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું છે. એ જીવ દ્રવ્યનાં ચિહ્નોથી સર્વથા પ્રતિકૂળ છે, જીવ સચેતન છે તો પુદ્ગલ અચેતન છે, જીવ અરૂપી છે તો પુદ્ગલ રૂપી છે, જીવ અખંડ છે તો પુદ્ગલ સખંડ છે (ખંડસહિત) છે મુખ્યપણે જીવને સંસારમાં ભટકવામાં આ જ પુદ્ગલ નિમિત્ત કારણ છે, આ જ પુદ્ગલમય શરીરથી તે સંબદ્ધ છે, આ જ પુદ્ગલમય કર્મોથી તે સર્વાત્મપ્રદેશોમાં જકડાયેલો છે, આજ પુદ્ગલોના નિમિત્તથી તેની અનંત શક્તિઓ ઢંકાઈ રહી છે, આ જ પુદ્ગલોના નિમિત્તથી તેમાં વિભાવ ઉત્પન્ન થાય છે, અજ્ઞાનના ઉદયમાં તે આ જ પુદ્ગલોને લીધે રાગ-દ્વેષ કરે છે અથવા આ જ પુદ્ગલોમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છે, જો પુદ્ગલ ન હોત તો આત્મામાં અન્ય વસ્તુનો સંબંધ ન થાત, તેમાં વિકાર અથવા રાગ-દ્વેષ ન થાત, સંસારમાં પરિભ્રમણ ન થાત, સંસારમાં જેટલું નાટક છે તે બધું પુદ્ગલજનિત છે.

તમે શરીરમાં કયાંય ચિમટીથી દબાવશો તો તમને જણાશે કે આપણને દબાવવામાં આવેલ છે-આપણને દુઃખનું જ્ઞાન થયું છે. બસ, આ જાણવાની શક્તિ રાખનાર જીવ છે તે તમે જ છો, ચૈતન્ય છો, નિત્ય છો, આત્મા છો. આત્મા સિવાય એક બીજો પદાર્થ જેને તમે ચિમટીથી દબાવ્યો છે તે નરમ જેવો કાંઈક મેલો કાળા જેવો, ખારા જેવો, કાંઈક સુગંધ-દુર્ગંધવાળો જણાય છે તેને શરીર કહે છે. આ શરીર જડ છે, અચેતન છે, નાશવાન છે, પરપદાર્થ છે, આત્મસ્વભાવથી ભિન્ન છે. આ શરીરમાં અહંબુદ્ધિ કરવી અર્થાત્ શરીર અને શરીર સંબંધી ધન, સ્ત્રી, પુત્રાદિને પોતાનાં માનવાં એ મિથ્યાજ્ઞાન છે. લક્ષણભેદ દ્વારા નિજ આત્માને સ્વ અને આત્મા સિવાય બધા ચેતન-અચેતન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પદાર્થોને પર જાણવા તે જ ભેદવિજ્ઞાન છે, એનું જ નામ પ્રજ્ઞા છે. જેવી રીતે રાજહંસ દૂધ અને પાણીને જુદા-જુદા કરી નાખે છે તેવી જ રીતે વિવેક વડે જીવ અને પુદ્ગલને જુદા કરવા, પુદ્ગલોમાંથી અહંબુદ્ધિ અથવા રાગ-દ્વેષ હટાવીને નિજસ્વરૂપમાં લીન થવું જોઈએ અને "તેરૌ ઘટ સર તામૈં તૂંહી હૈ કમલ તાકૈં, તૂંહી મધુકર હૈ સ્વવાસ પહચાન રે"ની શિખામણનો હમેશાં અભ્યાસ કરવો જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# કર્તા કર્મ ક્રિયાદ્વાર

## ( ૩ )

**પ્રતિજ્ઞા ( દોહરા )**

यह अजीव अधिकारकौं, प्रगट बखानौ मर्म।
अब सुनु जीव अजीवके, करता किरिया कर्म।। १।।

**શબ્દાર્થ:-** પ્રગટ=સ્પષ્ટ. બખાનૌ=વર્ણન કર્યું. મર્મ=રહસ્ય. સુનુ=સાંભળો.

**અર્થ:-** આ અજીવ અધિકારના રહસ્યનું સ્પષ્ટ વર્ણન કર્યું, હવે જીવ-અજીવના કર્તા, ક્રિયા અને કર્મ સાંભળો. ૧.

**ભેદવિજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા નથી, નિજસ્વભાવનો કર્તા છે**

**( સવૈયા એકત્રીસા )**

प्रथम अग्यानी जीव कहै मैं सदीव एक,
दूसरौ न और मैं ही करता करमकौ।
अंतर-विवेक आयौ आपा-पर-भेद पायौ,
भयौ बोध गयौ मिटि भारत भरमकौ।
भासे छहौं दरबके गुन परजाय सब,
नासे दुख लख्यौ मुख पूरन परमकौ।
करम कौ करतार मान्यौ पुदगल पिंड,
आप करतार भयौ आतम धरमकौ।। २।।

**શબ્દાર્થ:-** સદીવ=હંમેશા. બોધ=જ્ઞાન. ભારત=મોટો. ભરમ=ભૂલ. ભાસે=જણાયા. પરમ=પરમાત્મા.

---

एक: कर्त्ता चिदहमिह मे कर्म कोपादयोऽमि
इत्यज्ञानां शमयदभित: कर्त्तृकर्मप्रवृत्तिं।
ज्ञानज्योति: स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधि पृथग्द्रव्यनिर्भासि विश्वं।। १।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** જીવ પહેલાં અજ્ઞાનની દશામાં કહેતો હતો કે, હું હમેશાં એકલો જ કર્મનો કર્તા છું, બીજો કોઈ નથી; પરંતુ જ્યારે અંતરંગમાં વિવેક થયો અને સ્વપરનો ભેદ સમજ્યો ત્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું, મોટી ભૂલ મટી ગઈ, છયે દ્રવ્યગુણ-પર્યાય સહિત જણાવા લાગ્યાં, બધાં દુઃખો નાશ પામ્યાં અને પૂર્ણ પરમાત્માનું સ્વરૂપ દેખાવા લાગ્યું, પુદ્ગલ પિંડને કર્મનો કર્તા માન્યો, પોતે સ્વભાવનો કર્તા થયો.

**ભાવાર્થઃ-** સમ્યગ્જ્ઞાન થતાં જીવ પોતાને સ્વભાવનો કર્તા અને કર્મનો અકર્તા જાણવા લાગે છે. ૨.

जाही समै जीव देहबुद्धिकौ विकार तजै,
वेदत सरूप निज भेदत भरमकौं।
महा परचंड मति मंडन अखंड रस,
अनुभौ अभ्यासि परगासत परमकौं।।
ताही समै घटमैं न रहै विपरीत भाव,
जैसैं तम नासै भानु प्रगटि धरमकौं।
ऐसी दसा आवै जब साधक कहावै तब,
करता ह्वै कैसे करै पुग्गल करमकौं।। ३।।

**શબ્દાર્થઃ-** વેદત=ભોગવે છે. ભેદત=નષ્ટ કરે છે. પરચંડ( પ્રચંડ )તેજસ્વી. વિપરીત=ઊલટું. તમ=અંધકાર. ભાનુ=સૂર્ય. હ્વૈ=થઈને.

**અર્થઃ-** જ્યારે જીવ શરીરમાં અહંબુદ્ધિનો વિકાર છોડી દે છે અને મિથ્યાબુદ્ધિ નષ્ટ કરીને નિજસ્વરૂપનો સ્વાદ લે છે તથા અત્યંત તીવ્ર બુદ્ધિને સુશોભિત કરનાર પૂર્ણ રસથી ભરેલા અનુભવના અભ્યાસથી પરમાત્માનો પ્રકાશ કરે છે ત્યારે સૂર્યના

---

परपरिणतिमुज्झत् खंडयद्भेदवादा-
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।। २।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉદયથી નષ્ટ થયેલ અંધકારની જેમ કર્મના કર્તાપણાનો વિપરીત ભાવ હૃદયમાં નથી રહેતો. એવી દશા પ્રાપ્ત થતાં તે આત્મસ્વભાવનો સાધક થાય છે. ત્યારે પૌદ્‌ગલિક કર્મોને કર્તા થઈને કેવી રીતે કરે? અર્થાત્ નહિ જ કરે. ૩.

**આત્મા કર્મનો કર્તા નથી માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે. (સવૈયા એકત્રીસા)**

जगमैं अनादिकौ अग्यानी कहै मेरौ कर्म, करता मैं
याकौ किरियाकौ प्रतिपाखी है।
अंतर सुमति भासी जोगसौं भयौ उदासी,
ममता मिटाइ परजाइ बुद्धि नाखी है।।
निरभै सुभाव लीनौ अनुभौके रस भीनौ,
कीनौ विवहारदृष्टि निहचैमैं राखी है।
भरमकी डोरी तोरी धरमकौ भयौ धोरी,
परमसौं प्रीति जोरी करमकौ साखी है।। ४।।

**શબ્દાર્થ:-** પ્રતિપાખી (પ્રતિપક્ષી)='પક્ષપાતી' એવો અર્થ અહીં છે. નાખી=છોડી દીધી. નિરભૈ (નિર્ભય)=નીડર. ભીનૌ=મગ્ન થયો. ધોરી=ધારણ કરનાર.

**અર્થ:-** સંસારમાં અનાદિકાળનો આ અજ્ઞાની જીવ કહે છે કે કર્મ મારું છે, હું એનો કર્તા છું અને આ મારું કરેલું* છે. પરંતુ જ્યારે અંતરંગમાં સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો ત્યારે મન-વચનના યોગોથી વિરક્ત થયો, પરપદાર્થોથી મમત્વ ખસી ગયું, પર્યાયમાંથી અહંબુદ્ધિ છૂટી ગઈ, નિઃશંક નિજસ્વભાવ ગ્રહણ કર્યો, અનુભવમાં મગ્ન થયો, વ્યવહારમાં છે તોપણ નિશ્ચય ઉપર શ્રદ્ધા થઈ, મિથ્યાત્વનું બંધન તૂટી ગયું, આત્મધર્મનો ધારક થયો, મુક્તિમાં પ્રેમ કર્યો અને કર્મનો માત્ર જ્ઞાતા-દૃષ્ટા થયો, કર્તા ન રહ્યો. ૪.

---

* અર્થાત્ ક્રિયાનો પક્ષપાત કરે છે.

इत्येवं विरचय्य संप्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिघ्नुवानः परं।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।। ३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભેદવિજ્ઞાની જીવ લોકોને કર્મનો કર્તા દેખાય છે પણ તે વાસ્તવમાં અકર્તા છે.**
**( સવૈયા એકત્રીસા )**

जैसो जो दरव ताके तैसो गुन परजाय,
ताहीसौं मिलत पै मिलै न काहु आनसौं।
जीव वस्तु चेतन करम जड़ जातिभेद,
अमिल मिलाप ज्यौं नितंब जुरै कानसौं।।
ऐसौ सुविवेक जाकै हिरदै प्रगट भयौ,
ताकौ भ्रम गयौ ज्यौं तिमिर भागै भानसौं।
सोई जीव करमकौ करता सौ दीसै पै,
अकरता कह्यौ है सुद्धताके परमानसौं।। ५।।

**શબ્દાર્થઃ-** આનસૌં (અન્યસે)=બીજાઓથી. અમિલ મિલાપ= ભિન્નતા. નિતંબ=મોતી. સુવિવેક=સમ્યગ્જ્ઞાન. ભાન(ભાનુ)=સૂર્ય. સોઈ=તે.

**અર્થઃ-** જે દ્રવ્ય જેવું છે તેવા જ તેના ગુણ-પર્યાય હોય છે અને તે તેની સાથે જ મળે છે, બીજા કોઈ સાથે મળતા નથી. ચૈતન્ય જીવ અને જડ કર્મમાં જાતિભેદ છે, તેથી મોતી અને કાનની જેમ તેમનામાં ભિન્નતા છે, આવું સમ્યગ્જ્ઞાન જેના હૃદયમાં જાગ્રત થાય છે તેનું મિથ્યાત્વ, સૂર્યના ઉદયમાં અંધકારની જેમ દૂર થઈ જાય છે. તે લોકોને કર્મનો કર્તા દેખાય છે પરંતુ રાગ-દ્વેષ આદિ રહિત શુદ્ધ હોવાથી તેને આગમમાં અકર્તા કહ્યો છે. ૫.

**જીવ અને પુદ્ગલના જુદા જુદા સ્વભાવ ( છંદ છપ્પા )**

जीव ग्यानगुन सहित, आपगुन-परगुन-ज्ञायक।
आपा परगुन लखै, नांहि पुग्गल इहि लायक।

---

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नेवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकघस्मरमहो भारेण भिन्दंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।। ४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवदरव चिद्रूप सहज, पुदगल अचेत जड़।
जीव अमूरति मूरतीक, पुदगल अंतर बड़।।
जब लग न होइ अनुभौ प्रगट,
तब लग मिथ्यामति लसै।
करतार जीव जड़ करमकौ,
सुबुधि विकास यहु भ्रम नसै।। ६।।

**શબ્દાર્થ:-** જ્ઞાયક=જાણનાર. ઈહિ લાયક=એને યોગ્ય. અચેત=જ્ઞાનરહિત. બડ=મોટું. મિથ્યામતિ=અજ્ઞાન. લસૈ=રહે ભ્રમ=ભૂલ.

**અર્થ:-** જીવમાં જ્ઞાનગુણ છે, તે પોતાના અને અન્ય દ્રવ્યોના ગુણોનો જ્ઞાતા છે. પુદ્ગલ એને યોગ્ય નથી અને તેનામાં પોતાના અથવા અન્ય દ્રવ્યોના ગુણ જાણવાની શક્તિ નથી. જીવ ચેતન છે અને પુદ્ગલ અચેતન, જીવ અરૂપી છે અને પુદ્ગલ રૂપી, આ રીતે બન્નેમાં મોટો તફાવત છે. જ્યાં સુધી ભેદવિજ્ઞાન થતું નથી ત્યાંસુધી અજ્ઞાન રહે છે અને જીવ પોતાને કર્મનો કર્તા માને છે પરંતુ સુબુદ્ધિનો પ્રકાશ થતાં આ ભ્રમ મટી જાય છે. ૬.

**કર્તા,કર્મ અને ક્રિયાનું સ્વરૂપ (દોહરો)**

करता परिनामी दरव, करम रूप परिनाम।
किरिया परजयकी फिरनि, वस्तु एक त्रय नाम।। ७।।

**શબ્દાર્થ:-** કર્તા=જે કાર્ય કરે તે. કર્મ=કરેલું કાર્ય. ક્રિયા=પર્યાયનું રૂપાંતર થવું તે, જેમકે:- ઘડો બનાવવામાં કુંભાર કર્તા, ઘડો કર્મ અને માટીના પિંડરૂપ પર્યાયમાંથી ઘડારૂપ થવું તે ક્રિયા છે, પણ આ ભેદ-વિવક્ષાનું કથન છે. અભેદ-વિવક્ષામાં ઘડાને ઉત્પન્ન કરનારી

---

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणति पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न याव-
द्विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।। ५।।
यः परिणमति स कर्त्ता यः परिणामो भवेत्तु तत्कर्म।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।। ६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટી છે તેથી માટી જ કર્તા છે, માટી ઘડારૂપ થાય છે તેથી માટી જ કર્મ છે અને પિંડરૂપ પર્યાય માટીની હતી અને ઘડારૂપ પર્યાય પણ માટી જ થઈ તેથી માટી જ ક્રિયા છે. પરિણામી=અવસ્થાઓ બદલનાર. પરિનામ=અવસ્થા.

**અર્થઃ-** અવસ્થાઓ બદલનાર દ્રવ્ય કર્તા છે, તેની અવસ્થા કર્મ છે ને એક અવસ્થામાંથી બીજી અવસ્થારૂપે થવું તે ક્રિયા છે. આ રીતે એક વસ્તુના ત્રણ નામ છે.

**વિશેષઃ-** અહીં અભેદ-વિવક્ષાથી કથન છે; દ્રવ્ય પોતાના પરિણામોને કરનાર પોતે છે તેથી તે તેમનો કર્તા છે, તે પરિણામ દ્રવ્યના છે અને તેનાથી અભિન્ન છે તેથી દ્રવ્ય જ કર્મ છે, દ્રવ્ય એક અવસ્થામાંથી બીજી અવસ્થારૂપે થાય છે અને તે પોતાની બધી અવસ્થાઓથી અભિન્ન રહે છે તેથી દ્રવ્ય જ ક્રિયા છે. ભાવ એ છે કે દ્રવ્ય જ કર્તા છે, દ્રવ્ય જ કર્મ છે અને દ્રવ્ય જ ક્રિયા છે; વસ્તુ એક જ છે. નામ ત્રણ છે. ૭.

**કર્તા, કર્મ અને ક્રિયાનું એકત્વ (દોહરા)**

**करता करम क्रिया करै, क्रिया करम करतार।**
**नाम-भेद बहु विधि भयौ, वस्तु एक निरधार।। ८।।**

**શબ્દાર્થઃ-** બહુ વિધિ=અનેક પ્રકારનો. નિરધાર=નિશ્ચય.

**અર્થઃ-** કર્તા, કર્મ અને ક્રિયાનો કરનાર છે, કર્મ પણ ક્રિયા અને કર્તારૂપ છે, તેથી નામના ભેદથી એક જ વસ્તુ કેટલાય રૂપ થાય છે. ૮. વળી

**एक करम करतव्यता, करै न करता दोइ।**
**दुधा दरव सत्ता सधी, एक भाव क्यौं होइ।। ९।।**

**શબ્દાર્થઃ-** દુધા=બે પ્રકારે.

**અર્થઃ-** એક કર્મની એક જ ક્રિયા અને એક જ કર્તા હોય છે, બે નથી હોતા;

---

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।। ७।।
नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा।। ८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો જીવ-પુદ્ગલની જ્યારે જુદી જુદી સત્તા છે ત્યારે એક સ્વભાવ કેવી રીતે હોઈ શકે ?

**ભાવાર્થઃ-** અચેતન કર્મનો કર્તા અથવા ક્રિયા અચેતન જ હોવી જોઈએ. ચૈતન્ય આત્મા જડ કર્મનો કર્તા નથી થઈ શકતો. ૯.

**કર્તા, કર્મ અને ક્રિયા પર વિચાર ( સવૈયા એકત્રીસા )**

एक परिनामके न करता दरव दोइ,
दोइ परिनाम एक दर्व न धरतु है।।
एक करतूति दोइ दर्व कबहूँ न करै,
दोइ करतूति एक दर्व न करतु है।।
जीव पुदगल एक खेत-अवगाही दोउ,
अपनें अपनें रूप कोउ न टरतु है।
जड परनामनिकौ करता है पुदगल,
चिदानंद चेतन सुभाउ आचरतु है।। १०।।

**શબ્દાર્થઃ-** કરતૂતિ=ક્રિયા. એક ખેત-અવગાહી (એકક્ષેત્રાવગાહી)=એક જ સ્થાનમાં રહેનાર. ના ટરતુ હૈ=ખસતું નથી આચરતુ હૈ=વર્તે છે.

**અર્થઃ-** એક પરિણામના કર્તા બે દ્રવ્ય નથી હોતાં, બે પરિણામોને એક દ્રવ્ય નથી કરતું, એક ક્રિયાને બે દ્રવ્ય કદી નથી કરતાં, બે ક્રિયાઓને પણ એક દ્રવ્ય નથી કરતું. જીવ અને પુદ્ગલ જોકે એક ક્ષેત્રાવગાહી છે તોપણ પોતપોતાના સ્વભાવને નથી છોડતા. પુદ્ગલ જડ છે તેથી અચેતન પરિણામોનો કર્તા છે અને ચિદાનંદ આત્મા ચૈતન્યભાવનો કર્તા છે. ૧૦.

---

नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।। ९।।

### મિથ્યાત્વ અને સમ્યક્ત્વનું સ્વરૂપ ( સવૈયા એકત્રીસા )

महा धीठ दुखकौ वसीठ परदर्वरूप,
अंधकूप काहूपै निवार्‌यौ नहि गयौ है।
ऐसौ मिथ्याभाव लग्यौ जीवकौं अनादिहीकौ,
याही अहंबुद्धि लिए नानाभांति भयौ है।।
काहू समै काहूकौ मिथ्यात अंधकार भेदि,
ममता उछेदि सुद्ध भाव परिनयौ है।
तिनही विवेक धारि बंधकौ विलास डारि,
आतम सकतिसौं जगत जीत लयौ है।। ११।।

**શબ્દાર્થઃ-** ધીઠ ( ધૃષ્ટ )=હઠીલો. વસીઠ=દૂત. નિવારયૌ=દૂર કર્યો. સમૈ ( સમય ) ઉછેદિ=ખસેડીને. પરિનયૌ=થયો. સક્તિ ( શક્તિ )=બળ.

**અર્થઃ-** જે અત્યંત કઠોર છે, દુઃખોનો દૂત છે, પરદ્રવ્ય જનિત છે, અંધારિયા કૂવા સમાન છે, કોઈથી ખસેડી શકાતો નથી* એવો મિથ્યાત્વ ભાવ જીવને અનાદિકાળથી લાગી રહ્યો છે. અને એ જ કારણે જીવ, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરીને અનેક અવસ્થાઓ ધારણ કરે છે. જો કોઈ જીવ કોઈ વખતે મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે અને પરદ્રવ્યમાંથી મમત્વભાવ ખસેડીને શુદ્ધભાવરૂપ પરિણામ કરે તો તે ભેદવિજ્ઞાન ધારણ કરીને બંધના કારણોને* દૂર કરીને, પોતાની આત્મશક્તિથી સંસારને જીતી લે છે અર્થાત્ મુક્ત થઈ જાય છે. ૧૧.

---

* મિથ્યાત્વ વિભાવભાવ છે તેને દૂર કરીને અનંત જીવ મુક્ત થયા છે. પણ હા,મુશ્કેલીથી દૂર થાય છે એ દૃષ્ટિએ 'નિવારયૌ નહિ ગયો હૈ' એ પદ આપ્યું છે.

* મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ.

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानधनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।। १०।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેવું કર્મ તેવો કર્તા. ( સવૈયા એકત્રીસા )**

सुद्धभाव चेतन असुद्धभाव चेतन,
दुहूंकौ करतार जीव और नहि मानिये।
कर्मपिंडकौ विलास वर्न रस गंध फास,
करता दुहूँकौ पुदगल पखानिये।।
तातै वरनादि गुन ग्यानावरनादि कर्म,
नाना परकार पुदगलरूप जानिये।
समल विमल परिनाम जे जे चेतनके,
ते ते सब अलख पुरुष यौं बखानिये।। १२।।

**શબ્દાર્થઃ-** સુદ્ધભાવ=કેવળદર્શન, કેવળજ્ઞાન, અનંતસુખ આદિ. અસુદ્ધભાવ=રાગ, દ્વેષ, ક્રોધ, માન આદિ. ઔર=બીજું. ફાસ=સ્પર્શ. સમલ=અશુદ્ધ. વિમલ=શુદ્ધ. અલખ=અરૂપી. પુરુષ=પરમેશ્વર.

**અર્થઃ-** શુદ્ધ ચૈતન્યભાવ અને અશુદ્ધ ચૈતન્યભાવ-બન્ને ભાવોનો કર્તા જીવ છે, બીજો નથી. દ્રવ્યકર્મના પરિણામ અને વર્ણ, રસ, ગંધ, સ્પર્શ-એ બન્નેનો કર્તા પુદ્ગલ છે; એથી વર્ણ, રસાદિ ગુણસહિત શરીર અને જ્ઞાનાવરણાદિ કર્મસ્કંધ-એને અનેક પ્રકારની પુદ્ગલ પર્યાયો જાણવી જોઈએ. આત્માના શુદ્ધ અને અશુદ્ધ જે જે પરિણામ છે તે બધા અમૂર્તિક આત્માના છે, એમ પરમેશ્વરે કહ્યું છે. ૧૨.

---

**નોટઃ-** અશુદ્ધ પરિણામ કર્મના પ્રભાવથી થાય છે અને શુદ્ધ પરિણામ કર્મના અભાવથી થાય છે; એથી બન્ને પ્રકારના ભાવ કર્મજનિત કહી શકાય છે.

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते ।।११।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ભેદજ્ઞાનનું રહસ્ય મિથ્યાદષ્ટિ નથી જાણતો એના ઉપર દષ્ટાંત ( સવૈયા એકત્રીસા )**

जैसैं गजराज नाज घासके गरास करि,
भच्छत सुभाय नहि भिन्न रस लीयौ है।
जैसैं मतवारौ नहि जानै सिखरनि स्वाद,
जुंगमें मगन कहै गऊ दूध पीयौ है।।
तैसैं मिथ्याद्दष्टि जीव ग्यानरूपी है सदीव,
पग्यौ पाप पुन्नसौं सहज सुन्न हीयौ है।
चेतन अचेतन दुहूँकौ मिश्र पिंड लखि,
एकमेक मानै न विवेक कछु कीयौ है।। १३।।

**શબ્દાર્થઃ-** ગજરાજ=હાથી. ગરસ( ગ્રાસ )=કોળિયો. સિખરનિ( શ્રીખંડ )= અત્યંત ગાઢ દહીં અને ખાંડનું મિશ્રણ. જુંગ=ધૂન. સન્ન ( શૂન્ય )= વિવેક રહિત.

**અર્થઃ-** જેમ હાથી અનાજ અને ઘાસનો મળેલો કોળિયો ખાય છે પણ ખાવાનો જ સ્વભાવ હોવાથી જુદો જુદો સ્વાદ લેતો નથી, અથવા જેવી રીતે શરાબથી મત્ત બનેલને શીખંડ ખવરાવવામાં આવે, તો તે નશામાં તેનો સ્વાદ ન જાણતાં કહે કે એનો સ્વાદ ગાયના દૂધ જેવો છે, તેવી જ રીતે મિથ્યાદષ્ટિ જીવ જોકે સદાજ્ઞાનમૂર્તિ છે, તોપણ પુણ્ય-પાપમાં લીન હોવાને કારણે તેનું હૃદય આત્મજ્ઞાનથી શૂન્ય રહે છે, તેથી ચેતન-અચેતન બન્નેના મળેલા પિંડને જોઈને એક જ માને છે અને કાંઈ વિચાર નથી કરતો.

**ભાવાર્થઃ-** મિથ્યાદષ્ટિ જીવ સ્વ-પર વિવેકના અભાવમાં પુદ્‌ગલના મેળાપથી જીવને કર્મનો કર્તા માને છે. ૧૩.

---

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।। १२।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જીવને કર્મનો કર્તા માનવો તે મિથ્યાત્વ છે એના ઉપર દૃષ્ટાંત**
**( સવૈયા એકત્રીસા )**

जैसैं महा धूपकी तपतिमैं तिसायौ मृग;
भरमसौं मिथ्याजल पीवनकौं धायौ है।
जैसैं अंधकार मांहि जेवरी निरखि नर,
भरमसौं डरपि सरप मानि आयौ है।।
अपनै सुभाव जैसैं सागर सुथिर सदा,
पवन-संजोगसौं उछरि अकुलायौ है।
तैसैं जीव जड़सौं अव्यापक सहज रूप,
भरमसौ करमकौ करता कहायौ है।। १४।।

**શબ્દાર્થઃ-** તપતિ=ગરમી. તિસાયૌ=તરસ્યો. મિથ્યાજળ=મૃગજળ. જેવરી=દોરડું. સરપ (સર્પ)=સાપ. સાગર=સમુદ્ર. થિર=સ્થિર.અવ્યાપક= ભિન્ન. ભરમ=ભૂલ.

**અર્થઃ-** જેવી રીતે અત્યંત આકરા તડકામાં તરસથી પીડાયેલું હરણ ભૂલથી મૃગજળ પીવાને દોડે છે,અથવા જેમ કોઈ મનુષ્ય અંધારામાં દોરડું જોઈને તેને સર્પ જાણી ભયભીત થઈને ભાગે છે અને જેવી રીતે સમુદ્ર પોતાના સ્વભાવથી સદૈવ સ્થિર છે તો પણ પવનની લહેરોથી લહેરાય છે; તેવી જ રીતે જીવ સ્વભાવથી જડ પદાર્થોથી ભિન્ન છે, પરંતુ મિથ્યાત્વી જીવ ભૂલથી પોતાને કર્મનો કર્તા માને છે. ૧૪.

---

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाश्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः।। १३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ભેદવિજ્ઞાની જીવ કર્મનો કર્તા નથી, માત્ર દર્શક છે.**
**( સવૈયા એકત્રીસા )**

जैसैं राजहंसके वदनके सपरसत,
देखिये प्रगट न्यारौ छीर न्यारौ नीर है।
तैसैं समकितीकी सुदृष्टिमैं सहज रूप,
न्यारौ जीव न्यारौ कर्म न्यारौ ही सरीर है।।
जब सुद्ध चेतनकौ अनुभौ अभ्यासै तब,
भासै आपु अचल न दूजौ और सीर है।
पूरव करम उदै आइके दिखाई देइ,
करता न होय तिन्हकौ तमासगीर है।। १५।।

**શબ્દાર્થઃ-** વદન=મુખ. સપરસત (સ્પર્શત)=અડવાથી. છીર(ક્ષીર)=દૂધ. નીર=પાણી. ભાસૈ=દેખાય છે. સીર=સાથી. તમાસગીર=દર્શક.

**અર્થઃ-** જેવી રીતે હંસના મુખનો સ્પર્શ થવાથી દૂધ અને પાણી જુદાં જુદાં થઈ જાય છે, તેવી જ રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવોની સુદ્રષ્ટિમાં સ્વભાવથી જ જીવ, કર્મ અને શરીર ભિન્ન ભિન્ન ભાસે છે. જ્યારે શુદ્ધ ચૈતન્યના અનુભવનો અભ્યાસ થાય ત્યારે પોતાનું અચળ આત્મદ્રવ્ય પ્રતિભાસિત થાય છે, તેનો કોઈ બીજા સાથે મેળ દેખાતો નથી. હા, પૂર્વે બાંધેલાં કર્મો ઉદયમાં આવેલાં દેખાય છે પણ અહંબુદ્ધિના અભાવમાં તેમનો કર્તા નથી થતો, માત્ર જોનાર રહે છે. ૧૫.

---

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाःपयसोर्विशेषं।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किञ्चनापि।। १४।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### મળેલા જીવ અને પુદ્‌ગલની જુદી જુદી ઓળખાણ
### ( સવૈયા એકત્રીસા )

जैसैं उसनोदकमैं उदक-सुभाव सीरौ,
आगकी उसनता फरस ग्यान लखियै।
जैसैं स्वाद व्यंजनमैं दीसत विविधरूप,
लौनकौ सुवाद खारौ जीभ-ग्यान चखियै।।
तैसैं घट पिंडमैं विभावता अग्यानरूप,
ग्यानरूप जीव भेद-ग्यानसौं परखिये।
भरमसौं करमकौ करता है चिदानंद,
दरव विचार करतार भाव नखियै।। १६ ।।

**શબ્દાર્થઃ-** ઉસનોદક ( ઉષ્ણોદક )=ગરમ જળ. ઉદક=જળ. સીરૌ=ઠંડું. ઉસનતા ( ઉષ્ણતા )=ગરમી. ફરસ=સ્પર્શ. વ્યંજન=શાક. નખિયૈ=છોડી દેવું જોઈએ.

**અર્થઃ-** જેવી રીતે સ્પર્શજ્ઞાનથી ઠંડા સ્વભાવવાળા ગરમ જળની અગ્નિજનિત ઉષ્ણતા ઓળખી શકાય છે. અથવા જેવી રીતે જિહ્વા ઇન્દ્રિયથી અનેક સ્વાદવાળા શાકમાં મીઠું જુદું ચાખી લેવામાં આવે છે, તેવી જ રીતે ભેદવિજ્ઞાનથી શરીરરૂપ પિંડમાંનો અજ્ઞાનરૂપ વિકાર અને જ્ઞાનમૂર્તિ જીવ ઓળખી શકાય છે, આત્માને કર્મનો કર્તા માનવો એ મિથ્યાત્વ છે, દ્રવ્ય દ્રષ્ટિથી ‘આત્મા કર્મનો કર્તા છે’ એવો ભાવ જ ન હોવો જોઈએ. ૧૬.

---

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातो:
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।। १५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પદાર્થ પોતાના સ્વભાવનો કર્તા છે. ( દોહરા )**

ग्यान-भाव ग्यानी करै, अग्यानी अग्यान।
दर्वकर्म पुदगल करै, यह निहचै परवान।। १७।।

**શબ્દાર્થઃ-** દ્રવ્યકર્મ=જ્ઞાનાવરણાદિ કર્મદળ. પરવાન (પ્રમાણ)=સાચું જ્ઞાન.

**અર્થઃ-** જ્ઞાનભાવનો કર્તા જ્ઞાની છે, અજ્ઞાનનો કર્તા અજ્ઞાની છે અને દ્રવ્યકર્મનો કર્તા પુદ્ગલ છે-એમ નિશ્ચયનયથી જાણો. ૧૭.

**જ્ઞાનનો કર્તા જીવ જ છે, અન્ય નથી. ( દોહરા )**

ग्यान सरूपी आतमा, करै ग्यान नहि और।
दरव करम चेतन करै, यह विवहारी दौर।। १८।।

**અર્થઃ-** જ્ઞાનરૂપ આત્મા જ જ્ઞાનનો કર્તા છે, બીજો નથી. દ્રવ્યકર્મને જીવ કરે છે-એ વ્યવહાર-વચન છે. ૧૮.

**આ વિષયમાં શિષ્યની શંકા. ( સવૈયા એકત્રીસા )**

पुग्गलकर्म करै नहि जीव,
कही तुम मैं समुझी नहि तैसी।
कौन करै यह रूप कहौ अब,
को करता करनी कहु कैसी।।
आपुही आपु मिलै बिछुरै जड़,
क्यौं करि मो मन संसय ऐसी ?
सिष्य संदेह निवारन कारन,
बात कहैं गुरु है कछु जैसी।। १९।।

---

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्त्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।। १६।।

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्त्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।। १७।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** બિછુરૈ=જુદા થાય. સંસય( સંશય )=શંકા, સંદેહ.

**અર્થઃ-** પુદ્‌ગલ કર્મને જીવ નથી કરતો, એવું આપે કહ્યું તો મારા સમજવામાં આવતું નથી. કર્મનો કર્તા કોણ છે અને તેની કેવી ક્રિયા છે? આ અચેતન કર્મ પોતાની મેળે જીવ સાથે કેવી રીતે બંધાય છે અને છૂટે છે? મને આ શંકા છે. શિષ્યની આ શંકાનો નિર્ણય કરવા માટે શ્રીગુરુ યથાર્થ વાત કહે છે. ૧૯.

**ઉપર કરવામાં આવેલી શંકાનું સમાધાન ( દોહરા )**

**पुदगल परिनामी दरव, सदा परिनवै सोइ।**
**यातैं पुदगल करमकौ, पुदगल करता होइ।। २०।।**

**શબ્દાર્થઃ-** પરિનામી (પરિણામી)=પોતાનો સ્વભાવ છોડયા વિના એક પર્યાયથી બીજી પર્યાયરૂપે થનાર. સોઈ=તે. યાતૈં=એથી. હોઈ=થાય છે.

**અર્થઃ-** પુદ્‌ગલ દ્રવ્ય પરિણામી છે, તે સદૈવ પરિણમન કર્યા કરે છે, તેથી પુદ્‌ગલ કર્મનો પુદ્‌ગલ જ કર્તા છે. ૨૦.

**जीव चेतना संजुगत, सदा पूरण सब ठौर।**
**तातैं चेतन भावकौ, करता जीव न और।। २१।।**

**શબ્દાર્થઃ-** સંજુગત=સંયુક્ત, સહિત. ઠૌર=સ્થાન.

**અર્થઃ-** જીવ ચેતના સહિત છે, સર્વ સ્થાનમાં સદા પૂર્ણ છે, એ કારણે ચેતનભાવોનો કર્તા જીવ જ છે, બીજું કોઈ નથી. ૨૧.

---

जीवः करोति यदि पुद्‌गलकर्म नैव कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय सङ्कीर्त्यते शृणुत पुद्‌गलकर्मकर्तृ।। १८।।

स्थितेत्यविघ्ना खलु पुद्‌गलस्य स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं यमात्मनस्तस्य स एव कर्त्ता।। १९।।

स्थितेति जीवस्य निरन्तराया स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं यं स्वस्य तस्यैव भवेत्स कर्त्ता।। २०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શિષ્યનો ફરીથી પ્રશ્ન. ( અડિલ્લ છંદ )**

ग्यानवंतकौ भोग निरजरा-हेतु है।
अज्ञानीकौ भोग बंध फल देतु है।।
यह अचरजकी बात हिये नहि आवही।
पूछे कोऊ सिष्य गुरू समझावही।। २२।।

**શબ્દાર્થઃ-** ભોગ=શુભ-અશુભ કર્મોનો વિપાક. નિર્જરા-હેતુ=કર્મ ખરવાનું કારણ. હિયે=મનમાં.

**અર્થઃ-** કોઈ શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ગુરુજી ! જ્ઞાનીના ભોગ નિર્જરાને માટે છે અને અજ્ઞાનીના ભોગોનું ફળ બંધ છે, એ આશ્ચર્યભરી વાત મારા મનમાં ઠસતી નથી. એને શ્રીગુરુ સમજાવે છે. ૨૨.

**ઉપર કરવામાં આવેલી શંકાનું સમાધાન ( સવૈયા એકત્રીસા )**

दया-दान-पूजादिक विषय-कषायादिक,
दोऊ कर्मबंध पै दुहूकौ एक खेतु है।
ग्यानी मूढ़ करम करत दीसै एकसे पै,
परिनामभेद न्यारौ न्यारौ फल देतु है।।
ग्यानवंत करनी करै पै उदासीन रूप,
ममता न धरै तातैं निर्जराकौ हेतु है।
वहै करतूति मूढ़ करै पै मगनरूप,
अंध भयौ ममतासौं बंध-फल लेतु है।। २३।।

**શબ્દાર્થઃ-** ખેતુ ( ક્ષેત્ર )=સ્થાન. પરિનામ ( પરિણામ )=ભાવ. ઉદાસીન=રાગાદિ રહિત. મગનરૂપ=તલ્લીન. અંધ=વિવેકશૂન્ય.

---

ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।। २१।।

ज्ञानिनो ज्ञाननिर्वृताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृता भवन्त्यज्ञानिनस्तु ते।। २२।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** દયા, દાન, પૂજાદિ પુણ્ય અથવા વિષય, કષાય આદિ પાપ બન્ને કર્મબંધ છે અને બન્નેનું ઉત્પત્તિસ્થાન એક જ છે. આ બન્ને પ્રકારનાં કર્મો કરવામાં સમ્યગ્જ્ઞાની અને મિથ્યાજ્ઞાની એક સરખા દેખાય છે પરંતુ તેમના ભાવોમાં અંતર હોવાથી ફળ પણ ભિન્ન ભિન્ન થાય છે. જ્ઞાનીની ક્રિયા વિરક્તભાવ સહિત અને અહંબુદ્ધિ રહિત હોય છે તેથી નિર્જરાનું કારણ છે અને તે જ ક્રિયા મિથ્યાત્વી જીવ વિવેક રહિત તલ્લીન થઈને અહંબુદ્ધિ સહિત કરે છે તેથી બંધ અને તેના ફળને પામે છે. ૨૩.

**મિથ્યાત્વીના કર્તાપણાની સિદ્ધિ પર કુંભારનું દષ્ટાંત**
**( છપ્પા )**

ज्यौं माटीमैं कलस होनकी, सकति रहै ध्रुव।
दंड चक्र चीवर कुलाल, बाहजि निमित्त हुव।।
त्यौं पुदगल परवांनु, पुंज वरगना भेस धरि।
ग्यानावरनादिक स्वरूप, विचरंत विविध परि।।
बाहजि निमित्त बहिरातमा,
गहि संसै अग्यानमति।
जगमांहि अहंकृत भावसौं,
करमरूप ह्वै परिनमति।। २४।।

**શબ્દાર્થઃ-** કલસ=ઘડો. સકતિ=શક્તિ. ચક્ર=ચાકડો. ચીવર=દોરી. કુલાલ=કુંભાર. બાહજિ=બાહ્ય. પુંજ=સમુદાય=પરવાંનુ=પરમાણુ. વરગના=વર્ગણા. ભેસ=રૂપ. વિચરંત=ભ્રમણ કરે છે. વિવિધ=જુદા જુદા. ગહિ=ધારણ કરીને. બહિરાતમા=મિથ્યાદષ્ટિ. અહંકૃત=મમત્વ.

**અર્થઃ-** જેવી રીતે માટીમાં ઘડારૂપ થવાની શક્તિ સદા મોજૂદ રહે છે અને

---

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाः।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।। २३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દંડ, ચક્ર, દોરી, કુંભાર વગેરે બાહ્ય નિમિત્ત છે તેવી જ રીતે લોકમાં પુદ્‌ગલપરમાણુઓના દળ કર્મવર્ગણારૂપ થઈને જ્ઞાનાવરણીય વગેરે જાતજાતની અવસ્થાઓમાં ભ્રમણ કરે છે, તેને મિથ્યાદ્રષ્ટિ જીવ બાહ્ય નિમિત્ત છે. જે સંશય આદિથી* અજ્ઞાની હોય છે, તેને શરીર આદિમાં અહંબુદ્ધિ હોવાથી તે પુદ્‌ગલપિંડ કર્મરૂપ થઈ જાય છે. ૨૪.

**જીવને અકર્તા માનીને આત્મધ્યાન કરવાનો મહિમા.**
**( સવૈયા તેવીસા )**

जे न करैं नयपच्छ विवाद,
धरैं न विखाद अलीक न भाखैं।
जे उदवेग तजैं घट अंतर,
सीतल भाव निरंतर राखैं।।
जे न गुनी-गुन-भेद विचारत,
आकुलता मनकी सब नाखैं।
ते जगमैं धरि आतम ध्यान,
अखंडित ग्यान-सुधारस चाखैं।। २५।।

**શબ્દાર્થઃ-** વિવાદ=ઝઘડો. વિખાદ (વિષાદ)=ખેદ. અલીક=જૂઠ. ઉદ્‌વેગ=ચિંતા. સીતલ (શીતલ)=શાંત. નાખૈં=છોડે. અખંડિત=પૂર્ણ.

**અર્થઃ-** જે નયવાદના ઝગડાથી રહિત છે, અસત્ય, ખેદ, ચિંતા, આકુળતા આદિને હ્રદયમાંથી દૂર કરે છે અને હંમેશાં શાંતભાવ રાખે છે, ગુણ-ગુણીના ભેદ-વિકલ્પ પણ નથી કરતા, તેઓ સંસારમાં આત્મધ્યાન ધારણ કરીને પૂર્ણ જ્ઞાનામૃતનો સ્વાદ લે છે. ૨૫.

---

* સંશય, વિમોહ અને વિભ્રમ એ જ્ઞાનના દોષ છે.

य एव मुक्त्वा नयपक्षपातं स्वरूपगुप्ता निवसन्ति नित्यं।
विकल्पजालच्युतशान्तचित्तास्त एव साक्षादमृतं पिबन्ति।। २४।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જીવ નિશ્ચયનયથી અકર્તા અને વ્યવહારથી કર્તા છે.**
**( સવૈયા એકત્રીસા )**

विवहार-दृष्टिसौं विलोकत बंध्यौसौ दीसै,
निहचै निहारत न बांध्यौ यह किनिहीं।
एक पच्छ बंध्यौ एक पच्छसौं अबंध सदा,
दोऊ पच्छ अपनै अनादि धरे इनिहीं।।
कोऊ कहै समल विमलरूप कोऊ कहै,
चिदानंद तैसौई बखान्यौ जैसौ जिनिहीं।
बंध्यौ मानै खुल्यौ मानै दोऊ नैको भेद जानै,
सोई ग्यानवंत जीव तत्त्व पायौ तिनिहीं।। २६।।

**શબ્દાર્થ:-** વિલોકત=જોવાથી. નિહારત=દેખવાથી. અબંધ=મુક્ત. બંધ્યો=બંધ સહિત. તૈસોઈ=તેવો જ. ખુલ્યૌ=બંધ રહિત.

**અર્થ:-** વ્યવહારનયથી જુઓ તો આત્મા બંધાયેલો દેખાય છે, નિશ્ચય દ્રષ્ટિથી જુઓ તો એ કોઈથી બંધાયેલો નથી. એક નયથી બંધાયેલો અને એક નયથી સદા અબંધ-ખૂલો રહેલો છે. આવા આ પોતાના બન્ને પક્ષ અનાદિકાળથી ધારણ કરેલા છે. એક નય કર્મ સહિત અને એક નય કર્મ રહિત કહે છે, તેથી જે નયથી જેવો કહ્યો છે તેવો છે. જે બંધાયેલો અને ખુલ્લો બન્નેય વાતોને માને છે અને બન્નેનો અભિપ્રાય સમજે છે, તે જ સમ્યગ્જ્ઞાની જીવનું સ્વરૂપ જાણે છે.૨૬.

---

एकस्य बद्धो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। २५।।

**નોટ:-** આ શ્લોકથી આગળ ૪૪મા શ્લોક સુધીના શ્લોકમાં એક શબ્દનો ફરક છે, બાકીના બધા જ શ્લોકો આ જ જાતના છે. જેવી રીતે આમાં 'બદ્ધો'છે તે આગલા શ્લોકોમાં 'બદ્ધો'ના સ્થાનમાં 'મૂઢો', 'રક્તો', 'દુષ્ટો' છે. તેથી આ ૧૯ શ્લોક આપવામાં આવ્યા નથી. બધા શ્લોકોનો એક જ આશય થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**નયજ્ઞાન દ્વારા વસ્તુસ્વરૂપ જાણીને સમરસ ભાવમાં રહેનારાઓની પ્રશંસા.**
**( સવૈયા એકત્રીસા )**

प्रथम नियत नय दूजी विवहार नय,
दुहूकौं फलावत अनंत भेद फले हैं।
ज्यौं ज्यौं नय फलैं त्यौं त्यौं मनके कल्लोल फलैं,
चंचल सुभाव लोकालोकलौं उछले हैं।।
ऐसी नयकक्ष ताकौ पक्ष तजि ग्यानी जीव,
समरसी भए एकतासौं नहि टले हैं।
महामोह नासि सुद्ध-अनुभौ अभ्यासि निज,
बल परगासि सुखरासि मांहि रले हैं।। २७।।

**શબ્દાર્થઃ-** નિયત=નિશ્ચય. ફલાવત=વિસ્તાર કરો તો. ફલે=ઊપજે. કલ્લોલ=તરંગ. ઉછલે=વધે. કક્ષ=કક્ષા. પરગાસિ=પ્રગટ કરીને. રલે=મળે.

**અર્થઃ-** પહેલો નિશ્ચય અને બીજો વ્યવહારનય છે, એનો પ્રત્યેક દ્રવ્યના ગુણ-પર્યાયોની સાથે વિસ્તાર કરવામાં આવે તો અનંત ભેદ થઈ જાય છે. જેમ જેમ નયના ભેદ વધે છે તેમ તેમ ચંચળ સ્વભાવી ચિત્તમાં તરંગો પણ ઊપજે છે, જે લોક અને અલોકના પ્રદેશોની બરાબર છે. જે જ્ઞાની જીવ આવી નયકક્ષાનો પક્ષ છોડીને, સમતારસ ગ્રહણ કરીને, આત્મસ્વરૂપની એકતા છોડતા નથી, તેઓ મહા મોહનો નાશ કરીને અનુભવના અભ્યાસથી નિજાત્મ બળ પ્રગટ કરીને, પૂર્ણ આનંદમાં લીન થાય છે. ૨૭.

---

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला
मेवं व्यतीत्य महती नयपक्षकक्षाम्।
अन्तर्बहिस्समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।। ४५।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમ્યગ્જ્ઞાનથી આત્મસ્વરૂપની ઓળખાણ થાય છે. ( સવૈયા એકત્રીસા )**

जैसैं काहू बाजीगर चौहटै बजाइ ढोल,
नानारूप धरिकैं भगल-विद्या ठानी है।
तैसैं मैं अनादिकौ मिथ्यातकी तरंगनिसौं,
भरममैं धाइ बहु काय निज मानी है।।
अब ग्यानकला जागी भरमकी दृष्टि भागी,
अपनी पराई सब सौंज पहिचानी है।
जाकै उदै होत परवांन ऐसी भांति भई,
निहचै हमारी जोति सोई हम जानी है।। २८।।

**શબ્દાર્થ:-** બાજીગર=ખેલ કરનાર. ચૌહટે=ચોકમાં. ભગલ વિદ્યા=છળકપટ. ધાઈ=ભટકીને. કાય=શરીર. સૌંજ=વસ્તુ.

**અર્થ:-** જેમ કોઈ તમાશગીર ચોકમાં ઢોલ વગાડે અને અનેક સ્વાંગ રચીને ઠગવિદ્યાથી લોકોને ભ્રમમાં નાખી દે, તેવી જ રીતે હું અનાદિકાળથી મિથ્યાત્વના ઝપાટાથી ભ્રમમાં ભૂલી રહ્યો અને અનેક શરીરોને અપનાવ્યાં. હવે જ્ઞાન જ્યોતિનો ઉદય થયો જેથી મિથ્યાદષ્ટિ ખસી ગઈ, બધી સ્વ-પર વસ્તુની ઓળખાણ થઈ અને તે જ્ઞાનકળા પ્રગટ થતાં જ એવી અવસ્થા પ્રાપ્ત થઈ કે અમે અમારી મૂળ જ્ઞાન જ્યોતિને ઓળખી લીધી. ૨૮.

**જ્ઞાનીનો આત્માનુભવમાં વિચાર ( સવૈયા એકત્રીસા )**

जैसै महा रतनकी ज्योतिमैं लहरि उठै,
जलकी तरंग जैसैं लीन होय जलमैं।
तैसैं सुद्ध आतम दरब परजाय करि,
उपजै बिनसै थिर रहै निज थलमैं।।

---

इन्द्रजालमिदमेवमुच्छलत्पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं कृत्स्नमस्यति तदस्मि चिन्महः।। ४६।।
चित्स्वभावभरभावितभावाभावभावपरमार्थतयैकं।
बन्धपद्धतिमपास्य समस्तां चेतये समयसारमपारं।। ४७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ऐसै अविकलपी अजलपी अनंद रूपी,
अनादि अनंत गहि लीजै एक पलमैं।
ताकौ अनुभव कीजै परम पीयूष पीजै,
बंधकौ विलास डारि दीजै पुदगलमैं।। २९।।

**શબ્દાર્થઃ-** અવિકલપી=વિકલ્પરહિત. અજલપી=અહીં સ્થિરતાનો અર્થ છે. ગહિ લીજૈ=ગ્રહણ કરો. પીયૂષ=અમૃત. વિલાસ=વિસ્તાર.

**અર્થઃ-** જેવી રીતે ઉત્તમ રત્નની જ્યોતિમાં ચમક ઉત્પન્ન થાય છે અથવા જળમાં તરંગ ઊઠે છે અને તેમાં જ સમાઈ જાય છે, તેવી જ રીતે શુદ્ધ આત્મા, પર્યાય અપેક્ષાએ ઊપજે અને નાશ પામે છે તથા દ્રવ્ય અપેક્ષાએ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે. એવા નિર્વિકલ્પ, નિત્ય, આનંદરૂપ, અનાદિ, અનંત, શુદ્ધ આત્માનું તત્કાળ ગ્રહણ કરો. તેનો જ અનુભવ કરીને પરમ અમૃત-રસ પીઓ અને કર્મબંધના વિસ્તારને પુદ્‌ગલમાં છોડી દો. ૨૯.

**આત્માનુભવની પ્રશંસા ( સવૈયા એકત્રીસા )**

दरबकी नय परजायनय दोऊ,
श्रुतग्यानरूप श्रुतग्यान तो परोख है।
सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,
अनुभौ विराजमान अनुभौ अदोख है।।
अनुभौं प्रवांन भगवान पुरुष पुरान,
ग्यान औ विग्यानघन महा सुखपोख है।
परम पवित्र यौं अनंत नाम अनुभौके,
अनुभौ विना न कहूं और ठौर मोख है।। ३०।।

---

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंचनैकोऽप्ययम्।।४८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:- પરોખ (પરોક્ષ)=ઈન્દ્રિય અને મન આશ્રિત જ્ઞાન. વિરાજમાન=સુશોભિત. અદોખ(અદોષ)=નિર્દોષ. પોખ (પોષ) પોષક. ઠૌર=સ્થાન. મોખ(મોક્ષ)=મુક્તિ.

**અર્થ**:- દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બન્ને નય શ્રુતજ્ઞાન* છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ* છે, પણ શુદ્ધ પરમાત્માનો અનુભવ પ્રત્યક્ષ પ્રમાણ છે. તેથી અનુભવ શોભનીય, નિર્દોષ, પ્રમાણ, ભગવાન, પુરુષ, પુરાણ, જ્ઞાન, વિજ્ઞાનઘન, પરમસુખના પોષક, પરમ, પવિત્ર એવાં બીજાં પણ અનંત નામોનો ધારક છે, અનુભવ સિવાય બીજે કયાંય મોક્ષ નથી. ૩૦.

**અનુભવના અભાવમાં સંસાર અને સદ્‌ભાવમાં મોક્ષ છે, એના ઉપર દૃષ્ટાંત.**
**(સવૈયા એકત્રીસા)**

**जैसे एक जल नानारूप-दरबानुजोग,**
**भयौ बहु भांति पहिचान्यौ न परतु है।**
**फिरि काल पाइ दरबानुजोग दूरि होत,**
**अपनै सहज नीचे मारग ढरतु है।।**
**तैसैं यह चेतन पदारथ विभाव तासौं,**
**गति जोनि भेस भव-भावंरि भरतु है।**
**सम्यक सुभाइ पाइ अनुभौके पंथ धाइ,**
**बंधकी जुगति भानि मुकति करतु है।। ३१।।**

**શબ્દાર્થ**:- દરવાનુજોગ=અન્ય વસ્તુઓનો સંયોગ, મેળાપ. ભેસ (વેષ)=રૂપ. ભવ-ભાંવરિ=જન્મ-મરણરૂપ સંસારનું ચક્કર. ભાનિ=નષ્ટ કરીને.

---

* શ્રુતજ્ઞાનના અંશ છે. * નય અને પ્રમાણમાં અંશ-અંશીનો ભેદ છે.

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहर-
न्नात्मन्यैव सदा गतानुगततामायात्ययं तोयवत्।। ४९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થ:-** જેવી રીતે જળનો એક વર્ણ છે, પરંતુ ગેરુ, રાખ, રંગ આદિ અનેક વસ્તુઓનો સંયોગ થતાં અનેકરૂપ થઈ જવાથી ઓળખવામાં આવતો નથી, પછી સંયોગ દૂર થતાં પોતાના સ્વભાવમાં વહેવા લાગે છે, તેવી જ રીતે આ ચૈતન્યપદાર્થ વિભાવ-અવસ્થામાં ગતિ, યોનિ, કુળરૂપ સંસારમાં ચક્કર લગાવ્યા કરે છે, પછી અવસર મળતાં નિજસ્વભાવને પામીને અનુભવના માર્ગમાં લાગીને કર્મબંધનો નાશકરે છે અને મુક્તિને પ્રાપ્ત થાય છે. ૩૧.

**મિથ્યાદષ્ટિ જીવ કર્મનો કર્તા છે. ( દોહરા )**

निसि दिन मिथ्याभाव बहु, धरै मिथ्याती जीव।
तातैं भावित करमकौ, करता कह्यौ सदीव।। ३२।।

**શબ્દાર્થ:-** નિસિદિન=હંમેશાં. તાતૈં=તેથી. ભાવિત કરમ=રાગ-દ્વેષ-મોહ આદિ. સદીવ=સદૈવ.

**અર્થ:-** મિથ્યાદષ્ટિ જીવ સદૈવ મિથ્યાભાવ રાખ્યા કરે છે, તેથી તે ભાવકર્મોનો કર્તા છે.

**ભાવાર્થ:-** મિથ્યાદષ્ટિ જીવ પોતાની ભૂલથી પરદ્રવ્યોને પોતાના માને છે, જેથી મેં આ કર્યું, આ લીધું, આ દીધું વગેરે અનેક પ્રકારના રાગાદિભાવ કર્યા કરે છે, તેથી તે ભાવકર્મનો કર્તા થાય છે. ૩૨.

**મિથ્યાત્વી જીવ કર્મનો કર્તા અને જ્ઞાની અકર્તા છે. ( ચોપાઈ )**

करै करम सोई करतारा।
जो जानै सौ जाननहारा।।
जो करता नहि जानै सोई।
जानै सो करता नहि होई।। ३३।।

---

विकल्पक : परं कर्त्ता विकल्प: कर्म केवलं।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।। ५०।।

य: करोति स करोति केवलं यस्तु वेत्ति स तु वेत्ति केवलं।
य: करोति न हि वेत्ति स क्वचित् यस्तु वेत्ति न करोति स क्वचित्।। ५१।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** સોઇ=તે જ. કરતારા=કર્તા. જાનનહારા=જ્ઞાતા.

**અર્થઃ-** જે કર્મ કરે તે કર્તા છે અને જે જાણે તે જ્ઞાતા છે, જે કર્તા છે તે જ્ઞાતા નથી હોતો અને જે જ્ઞાતા છે તે કર્તા નથી હોતો.

**ભાવાર્થઃ-** મૂઢ અને જ્ઞાની બન્નેની ક્રિયા જોવામાં એકસરખી લાગે છે પરંતુ બન્નેના ભાવોમાં મોટો તફાવત છે, અજ્ઞાની જીવ મમત્વભાવના સદ્ભાવમાં બંધન પામે છે અને જ્ઞાની મમત્વના અભાવમાં અબંધ રહે છે. ૩૩.

**જે જ્ઞાની છે તે કર્તા નથી. ( સોરઠા )**

**ग्यान मिथ्यात न एक, नहि रागादिक ग्यान महि।**
**ग्यान करम अतिरेक, ग्याता सो करता नहीं।। ३४।।**

**શબ્દાર્થઃ-** મહિ=માં. અતિરેક ( અતિરિક્ત )=ભિન્ન ભિન્ન.

**અર્થઃ-** જ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ એક નથી અને જ્ઞાનમાં રાગાદિભાવ હોતા નથી. જ્ઞાનથી કર્મ ભિન્ન છે, જે જ્ઞાતા છે તે કર્તા નથી. ૩૪.

**જીવ કર્મનો કર્તા નથી ( છપ્પા )**

**करम पिंड अरु रागभाव, मिलि एक हौंहि नहि।**
**दोऊ भिन्न-सरूप बसहिं, दोऊ न जीवमहि।।**
**करमपिंड पुग्गल, विभाव रागादि मूढ़ भ्रम।**
**अलख एक पुग्गल अनंत, किमि धरहि प्रकृति सम।।**

---

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः, ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने ज्ञाता न कर्तेति ततः स्थितं च।। ५२।।

कर्त्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्त्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति -
नैंपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।। ५३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

निज निज विलासजुत जगतमहि,
जथा सहज परिनमहि तिम,।
करतार जीव जड़ करमकौ,
मोह-विकल जन कहहि इम।। ३५।।

**શબ્દાર્થ:-** બસહિં=રહે છે. મહિ=માં. અલખ=આત્મા. કિમિ=કેવી રીતે. પ્રકૃતિ=સ્વભાવ. સમ=એકસરખું. જુત (યુત)=સહિત. વિકલ=દુ:ખી.

**અર્થ:-** જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષ આદિ ભાવકર્મ- આ બન્ને ભિન્ન ભિન્ન સ્વભાવવાળાં છે, મળીને એક નથી થઈ શકતાં, અને એ જીવના સ્વભાવ પણ નથી. દ્રવ્યકર્મ પુદ્ગલરૂપ છે અને ભાવકર્મ જીવના વિભાવ છે. આત્મા એક છે અને પુદ્ગલકર્મ અનંત છે, બન્નેની એકસરખી પ્રકૃતિ કેવી રીતે હોઈ શકે? કારણ કે સંસારમાં બધાં દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં પરિણમન કરે છે તેથી જે મનુષ્ય જીવને કર્મનો કર્તા કહે છે તે કેવળ મોહની વિકળતા છે. ૩૫.

**શુદ્ધાત્માનુભવનું માહાત્મ્ય. (છપ્પા)**

जीव मिथ्यात्व न करै, भाव नहि धरै भरम मल।
ग्यान ग्यानरस रमै, होइ करमादिक पुदगल।।
असंख्यात परदेस सकति, जगमगै प्रगट अति।
चिदविलास गंभीर धीर, थिर रहै विमलमति।।
जब लगि प्रबोध घटमहि उदित,
तब लगि अनय न पेखिये।
जिमि धरम-राज वरतंत पुर,
जहं तहं नीति परेखिये।। ३६।।

---

कर्त्ता कर्त्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथोच्चै-
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।। ५४।।

**શબ્દાર્થ:-** ભરમ( ભ્રમ )=અજ્ઞાન. પ્રબોધ=સમ્યગ્જ્ઞાન. ઉદિત=પ્રકાશિત. અનય=અન્યાય. ધરમરાજ=ધર્મયુક્ત રાજય. વરતંત=પ્રવર્તતું. પુર=નગર. પરેખિયે=દેખાય છે.

**અર્થ:-** જીવ મિથ્યાભાવ નથી કરતો અને ન તો રાગાદિ ભાવમળનો ધારક છે. કર્મ પુદ્‌ગલ છે અને જ્ઞાન તો જ્ઞાનરસમાં જ લીન રહે છે, જીવના અસંખ્યાત પ્રદેશોમાં તેની સ્થિર, ગંભીર, ધીર, નિર્મળ, જ્યોતિ અત્યંત ઝગમગે છે, તે જ્યાંસુધી હૃદયમાં પ્રકાશિત રહે છે ત્યાંસુધી મિથ્યાત્વ નથી રહેતું. જેવી રીતે નગરમાં ધર્મરાજ વર્તતું હોય ત્યારે બધે નીતિ જ નીતિ દેખાય છે, અનીતિનો લેશ પણ રહેતો નથી. ૩૬.

## ત્રીજા અધિકારનો સાર

કરવું તે ક્રિયા, કરવામાં આવે તે કર્મ, જે કરે તે કર્તા છે. અભિપ્રાય એ છે કે જે ક્રિયાનો વ્યાપાર કરે અર્થાત્ કામ કરનારને કર્તા કહે છે, જેમાં ક્રિયાનું ફળ રહે છે અર્થાત્ કરેલા કામને કર્મ કહે છે, જે કાર્ય કરવામાં આવે તેને ક્રિયા કહે છે. જેમ કે, કુંભાર કર્તા છે, ઘડો કર્મ છે અને ઘડો બનાવવાની વિધિ ક્રિયા છે. અથવા જ્ઞાનીરામ કેરી તોડે છે, આ વાકયમાં જ્ઞાનીરામ કર્તા, કેરી કર્મ અને તોડવું તે ક્રિયા છે.

યાદ રાખવું કે ઉપરનાં બે દૃષ્ટાંતોમાં જે સ્પષ્ટ કર્યું છે તે ભેદ-વિવક્ષાથી છે, કારણ કે કર્તા કુંભાર જાુદો પદાર્થ છે, કર્મ ઘડો જુદો પદાર્થ છે, ઘડાની રચનારૂપ ક્રિયા જુદી છે. આ જ રીતે બીજા વાકયમાં જ્ઞાનીરામ કર્તા જુદો છે, કેરી કર્મ જુદું છે અને તોડવાની ક્રિયા જુદી છે. જેવી રીતે ભેદવ્યવહારમાં કર્તા-કર્મ-ક્રિયા ભિન્ન ભિન્ન રહે છે, તેમ અભેદ-દૃષ્ટિમાં નથી હોતું, એક પદાર્થમાં જ કર્તા-કર્મ-ક્રિયા ત્રણે રહે છે. જેમ કે “ ચિદ્‌ભાવ કર્મ ચિદેશ કર્તા ચેતના કિરિયા તહાઁ ” અર્થાત્ ચિદેશ આત્મા કર્તા ચૈતન્યભાવ કર્મ અને ચેતના ( જાણવું ) ક્રિયા છે; અથવા માટી કર્તા, ઘડો કર્મ અને માટીનું પિંડપર્યાયમાંથી ઘટપર્યાયરૂપ થવું તે ક્રિયા છે આ અધિકારમાં કર્તા-કર્મ-ક્રિયા શબ્દ કયાંક ભેદદૃષ્ટિથી અને કયાંક અભેદદૃષ્ટિથી આવ્યા છે તેથી ખૂબ ગહન વિચારપૂર્વક સમજવું.

અજ્ઞાનની દશામાં જીવ શુભાશુભ કર્મ અને શુભાશુભ પ્રવૃત્તિને પોતાની માને છે અને તેનો કર્તા પોતે બને છે, પરંતુ ખૂબ ધ્યાન રાખો કે લોકમાં અનંત પૌદ્‌ગલિક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાર્માણવર્ગણાઓ ભરેલી છે, આ કાર્માણવર્ગણાઓમાં એવી શક્તિ છે કે આત્માના રાગ-દ્વેષનું નિમિત્ત પામીને તે કર્મરૂપ થઈ જાય છે. તેથી સ્પષ્ટ છે કે જ્ઞાનાવરણીય આદિ કર્મ પુદ્ગલ રૂપ છે, અચેતન છે, પુદ્ગલ જ એનો કર્તા છે-આત્મા નહિ, હા, રાગ-દ્વેષ-મોહ આત્માના વિકાર છે. એ આત્મા-જનિત છે અથવા પુદ્ગલ-જનિત છે એનું બૃહદ્ દ્રવ્યસંગ્રહમાં ઘણું સારું સમાધાન કર્યું છે, તે આ રીતે છે કે -જેમ સંતાનને ન તો એકલી માતાથી જ ઉત્પન્ન કરી શકીએ અને ન એકલા પિતાથી ઉત્પન્ન કરી શકીએ, પરંતુ બન્નેના સંયોગથી સંતાનની ઉત્પત્તિ છે, તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહ ન તો એકલો આત્મા ઉપજાવે છે અને ન એકલું પુદ્ગલ પણ ઉપજાવે છે. જીવ અને પુદ્ગલ બન્નેના સંયોગથી રાગ-દ્વેષ-મોહ ભાવકર્મની ઉત્પત્તિ છે. જો એકલા પુદ્ગલથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય તો કલમ, કાગળ, ઈંટ, પથ્થર આદિમાં પણ રાગ-દ્વેષ-મોહ હોત, જો એકલા આત્માથી ઉત્પન્ન થાય તો સિદ્ધ આત્મામાં પણ રાગ-દ્વેષ હોત. વિશેષ લખવાથી શું ? રાગ-દ્વેષ-મોહ પુદ્ગલ અને આત્મા બન્નેના સંયોગથી છે, જીવ-પુદ્ગલ પરસ્પર એકબીજાને માટે નિમિત્ત-નૈમિત્તિક છે, પરંતુ આ ગ્રંથ નિશ્ચયનયનો છે તેથી અહીં રાગ-દ્વેષ-મોહને પુદ્ગલ-જનિત બતાવ્યા છે. એ આત્માનું નિજસ્વરૂપ નથી. એવી જ રીતે શુભાશુભ ક્રિયા પૌદ્ગલિક કર્મોના ઉદયથી જીવમાં થાય છે, તેથી ક્રિયા પણ પુદ્ગલ-જનિત છે. સારાંશ એ કે શુભાશુભ કર્મ અથવા શુભાશુભ ક્રિયાને આત્માનાં માનવાં અને તે બન્નેનો કર્તા જીવને ઠરાવવો એ અજ્ઞાન છે. આત્મા તો પોતાના ચિદ્ભાવ કર્મ અને ચૈતન્ય ક્રિયાનો કર્તા છે અને પુદ્ગલ કર્મોનો કર્તા પુદ્ગલ જ છે. મિથ્યાત્વના ઉદયથી જીવ શાતા-અશાતા આદિ કર્મ અને દયા, દાન, પૂજા અથવા વિષય-કષાયાદિ શુભાશુભ ક્રિયામાં અહંબુદ્ધિ કરે છે કે મારાં કર્મ છે, મારી ક્રિયા છે, આ મિથ્યાભાવ છે, બંધનું કારણ છે, બંધ-પરંપરાને વધારે છે અને શુભાશુભ ક્રિયામાં અહંબુદ્ધિ ન કરવી અર્થાત્ પોતાની ન માનવી અને તેમાં તન્મય ન થવું-એ સમ્યક્સ્વભાવ છે-નિર્જરાનું કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પુણ્ય-પાપ એકત્વ દ્વાર
## (૪)

**પ્રતિજ્ઞા ( દોહરા )**

करता किरिया करमकौ, प्रगट बखान्यौ मूल।
अब बरनौं अधिकार यह, पाप पुन्न समतूल।। १।।

**શબ્દાર્થ**:- પ્રગટ=સ્પષ્ટ. બખાન્યૌ=વર્ણન કર્યું. બરનૌં=કહું છું. સમતૂલ=સમાનતા.

**અર્થ**:- કર્તા, ક્રિયા અને કર્મનું સ્પષ્ટપણે રહસ્ય વર્ણવ્યું. હવે પાપ-પુણ્યની સમાનતાનો અધિકાર કહું છું. ૧.

**મંગળાચરણ ( કવિતા માત્રિક )**

जाके उदै होत घट-अंतर,
बिनसै मोह-महातम-रोक।
सुभ अरु असुभ करमकी दुविधा,
मिटै सहज दीसै इक थोक।।
जाकी कला होत संपूरन,
प्रतिभासै सब लोक अलोक।
सो प्रबोध-ससि निरखि बनारसि,
सीस नवाइ देत पग धोक।। २।।

**શબ્દાર્થ**:- મોહ-મહાતમ=મોહરૂપી ઘોર અંધકાર. દુવિધા=ભેદ. ઈક થોક=એક જ. પ્રબોધ-સસિ=કેવળજ્ઞાનરૂપ ચંદ્રમાં. પગ ધોક=ચરણ વંદન

**અર્થ**:- જેનો ઉદય થતાં હૃદયમાંથી મોહરૂપી મહા અંધકાર નષ્ટ થઈ જાય

---

तदथ कर्म शुभाशुभभेदतो द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं स्वयमुदेत्यवबोधसुधाप्लवः।। १।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે અને શુભકર્મ સારું છે અથવા અશુભકર્મ ખરાબ છે, એ ભેદ મટીને બન્ને એકસરખા ભાસવા લાગે છે, જેની પૂર્ણ કળાના પ્રકાશમાં લોક-અલોક બધું ઝળકવા લાગે છે, તે કેવળજ્ઞાનરૂપ ચંદ્રમાનું અવલોકન કરીને પં. બનારસીદાસજી મસ્તક નમાવીને વંદન કરે છે. ૨.

**પુણ્ય-પાપની સમાનતા ( સવૈયા એકત્રીસા )**

जैसैं काहू चंडाली जुगल पुत्र जनें तिनि,
एक दीयौ बांभनकै एक घर राख्यौ है।
बांभन कहायौ तिनि मद्य मांस त्याग कीनौ,
चंडाल कहायौ तिनि मद्य मांस चाख्यौ है।।
तैसैं एक वेदनी करमके जुगल पुत्र,
एक पाप एक पुन्न नाम भिन्न भाख्यौ है।
दुहूं मांहि दौरधूप दोऊ कर्मबंधरूप,
यातैं ग्यानवंत नहि कोउ अभिलाख्यौ है।। ३।।

**શબ્દાર્થઃ-** જાુગલ=બે. બાંભન=બ્રાહ્મણ. ભિન્ન=જુદા. ભાખ્યૌ=કહ્યા. દૌરધૂપ=ભટકવું. અભિલાખ્યૌ=ઈચ્છયું.

**અર્થઃ-** જેવી રીતે કોઈ ચંડાળણીને બે પુત્ર થયા, તેમાંથી તેણે એક પુત્ર બ્રાહ્મણને આપ્યો અને એક પોતાના ઘરમાં રાખ્યો. જે બ્રાહ્મણને આપ્યો તે બ્રાહ્મણ કહેવાયો અને મદ્ય-માંસનો ત્યાગી થયો, પણ જે ઘરમાં રહ્યો તે ચંડાળ કહેવાયો અને મદ્ય-માંસનો ભક્ષક થયો. તેવી જ રીતે એક વેદનીય કર્મના પાપ અને પુણ્ય ભિન્ન ભિન્ન નામ વાળા બે પુત્ર છે, તે બન્નેમાં સંસારનું ભટકવું છે અને બન્ને બંધ-પરંપરાને વધારે છે તેથી જ્ઞાનીઓ કોઈની પણ અભિલાષા કરતા નથી.

---

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शुद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।। २।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**- જેવી રીતે પાપકર્મ બંધન છે તથા સંસારમાં ભટકાવનાર છે તેવી જ રીતે પુણ્ય પણ બંધન છે અને તેનો વિપાક સંસાર જ છે તેથી બન્ને એક જેવા જ છે, પુણ્ય સોનાની બેડી જેવું છે અને પાપ લોઢાની બેડી જેવું છે, પણ બન્ને બંધન છે. ૩.

**પાપ-પુણ્યની સમાનતામાં શિષ્યની શંકા ( ચોપાઈ )**

कोऊ सिष्य कहै गुरु पांहीं।
पाप पुन्न दोऊ सम नाहीं।।
कारन रस सुभाव फल न्यारे।
एक अनिष्ट लगैं इक प्यारे।। ४।।

**શબ્દાર્થઃ**- ગુરુ પાંહી=ગુરુની પાસે. રસ=સ્વાદ, વિપાક. અનિષ્ટ=અપ્રિય.

**અર્થઃ**- શ્રીગુરુની પાસે કોઈ શિષ્ય કહે છે કે પાપ અને પુણ્ય બન્ને સમાન નથી કારણ કે તેમનાં કારણ, રસ, સ્વભાવ તથા ફળ ચારેય જુદાં જુદાં છે. એકનાં ( કારણ,રસ, સ્વભાવ, ફળ ) અપ્રિય અને એકનાં પ્રિય લાગે છે. ૪. વળી-

**( સવૈયા એકત્રીસા )**

संकलेस परिनामनिसौं पाप बंध होइ,
विसुद्धसौं पुन्न बंध हेतु-भेद मानीयै।
पापके उदै असाता ताकौ है कटुक स्वाद,
पुन्न उदै साता मिष्ट रस भेद जानियै।।
पाप संकलेस रूप पुन्न है विसुद्ध रूप,
दुहूंकौ सुभाव भिन्न भेद यौं बखानियै।
पापसौं कुगति होइ पुन्नसैं सुगति होइ,
ऐसौ फलभेद परतच्छि परमानियै।। ५।।

---

हेतुस्वभावानुभवाश्रयाणां सदाप्यभेदान्न हि कर्मभेदः।
तद् बन्धमार्गाश्रितमेकमिष्टं स्वयं समस्तं खलु बन्धहेतुः।। ३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** સંકલેશ=તીવ્ર કષાય. વિસુદ્ધ=મંદ કષાય. અસાતા=દુઃખ કટુક=કડવો. સાતા=સુખ. પરતચ્છિ (પ્રત્યક્ષ)=સાક્ષાત્.

**અર્થઃ-** સંકલેશ ભાવોથી પાપ અને નિર્મળ ભાવોથી પુણ્યબંધ થાય છે, આ રીતે બન્નેના બંધમાં કારણ-ભેદ છે. પાપનો ઉદય અશાતા છે, જેનો સ્વાદ કડવો છે અને પુણ્યનો ઉદય શાતા છે, જેનો સ્વાદ મધુર છે, આ રીતે બન્નેના સ્વાદમાં અંતર છે, પાપનો સ્વભાવ તીવ્રકષાય અને પુણ્યનો સ્વભાવ મંદકષાય છે, આ રીતે બન્નેના સ્વભાવમાં ભેદ છે. પાપથી કુગતિ અને પુણ્યથી સુગતિ થાય છે, આ રીતે બન્નેના ફળભેદ પ્રત્યક્ષ દેખાય છે. ૫.

**શિષ્યની શંકાનું સમાધાન (સવૈયા એકત્રીસા)**

पाप बंध पुन्न बंध दुहूंमै मुकति नांहि,
कटुक मधुर स्वाद पुग्गलकौ पेखिए।
संकलेस विसुद्ध सहज दोऊ कर्मचाल,
कुगति सुगति जगजालमैं विसेखिए।।
कारनादि भेद तोहि सूझत मिथ्यात मांहि,
ऐसौ द्वैत भाव ग्यान द्दष्टिमैं न लेखिए।
दोऊ महा अंधकूप दोऊ कर्मबंधरूप,
दुहुंकौ विनास मोख मारगमैं देखिए।। ६।।

**શબ્દાર્થઃ-** મુકતિ (મુક્તિ)=મોક્ષ. મધુર=મિષ્ટ. તોહિ=તને. સૂઝત=દેખાય છે. દ્વૈત=બેપણું. દૂહૂકૌ=બન્નેનો.

**અર્થઃ-** પાપબંધ અને પુણ્યબંધ-બન્ને મોક્ષમાર્ગમાં બાધક છે, તેથી બન્નેય સમાન છે, એના કડવા અને મીઠા સ્વાદ પુદ્ગલના છે તેથી બન્નેના રસ પણ સમાન છે, સંકલેશ અને વિશુદ્ધભાવ બન્ને વિભાવ છે તેથી બન્નેના ભાવ પણ સમાન છે, કુગતિ અને સુગતિ બન્ને સંસારમય છે, તેથી બન્નેનું ફળ પણ સમાન છે, બન્નેનાં કારણ, રસ, સ્વભાવ અને ફળમાં તને અજ્ઞાનથી ભેદ દેખાય છે પરંતુ જ્ઞાનદષ્ટિથી બન્નેમાં કાંઈ અંતર નથી -બન્ને આત્મસ્વરૂપને ભૂલાવનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેથી મહા અંધકૂપ છે અને બન્નેય કર્મબંધરૂપ છે તેથી મોક્ષમાર્ગમાં એ બન્નેનો ત્યાગ કહ્યો છે. ૬.

**મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગ જ ઉપાદેય છે (સવૈયા એકત્રીસા)**

सील तप संजम विरति दान पूजादिक,
अथवा असंजम कषाय विषैभोग है।
कोऊ सुभरूप कोऊ अशुभ स्वरूप मूल,
वस्तुके विचारत दुविध कर्मरोग है।।
ऐसी बंधपद्धति बखानी वीतराग देव,
आतम धरममैं करम त्याग-जोग है।
भौ-जल-तरैया रागद्वैषकौ हरैया महा,
मोखको करैया एक सुद्ध उपयोग है।। ७।।

**શબ્દાર્થઃ-** સીલ(શીલ)=બ્રહ્મચર્ય. તપ=ઈચ્છાઓનું રોકવું. સંજમ (સંયમ)=છ કાયના જીવોની રક્ષા અને ઈન્દ્રિયો તથા મનને વશ કરવાં. વિરતિ (વ્રત)=હિંસાદિ પાંચ પાપોનો ત્યાગ. અસંજમ=છ કાયના જીવોની હિંસા અને ઈન્દ્રિયો તથા મનની સ્વતંત્રતા. ભૌ (ભવ)=સંસાર. સુદ્ધ ઉપયોગ=વીતરાગ પરિણતિ.

**અર્થઃ-** બ્રહ્મચર્ય, તપ, સંયમ, વ્રત દાન, પૂજા આદિ અથવા અસંયમ, કષાય, વિષય-ભોગ આદિ એમાં કોઈ શુભ અને કોઈ અશુભ છે, આત્મસ્વભાવનો વિચાર કરવામાં આવે તો બન્નેય કર્મરૂપી રોગ છે. ભગવાન વીતરાગદેવે બન્નેને બંધની પરંપરા કહી છે. આત્મસ્વભાવની પ્રાપ્તિમાં બન્ને ત્યાજ્ય છે. એક શુદ્ધોપયોગ જ સંસાર-સમુદ્રથી તારનાર, રાગ-દ્વેષનો નાશ કરનાર અને પરમપદ આપનાર છે. ૭.

---

कर्म सर्वमपि सर्वविदो यद् बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं ज्ञानमेव विहितं शिवहेतुः।।४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર ( સવૈયા એકત્રીસા )**

सिष्य कहै स्वामी तुम करनी असुभ सुभ,
कीनी है निषेध मेरे संसै मन मांही है।
मोखके सधैया ग्याता देसविरती मुनीस,
तिनकी अवस्था तौ निरावलंब नांही है।।
कहै गुरु करमकौ नास अनुभौ अभ्यास,
ऐसौ अवलंब उनहीकौ उन पांही है।
निरुपाधि आतम समाधि सोई सिवरूप,
और दौर धूप पुदगल परछांही है।।८।।

**શબ્દાર્થઃ-** સંસૈ( સંશય )=સંદેહ. દેસવિરતી=શ્રાવક. મુનીસ=સાધુ. નિરાવલંબન=નિરાધાર. સમાધિ=ધ્યાન.

**અર્થઃ-** શિષ્ય કહે છે કે હે સ્વામી ! આપે શુભ-અશુભ ક્રિયાનો નિષેધ કર્યો તો મારા મનમાં સંદેહ છે, કેમકે મોક્ષમાર્ગી જ્ઞાની અણુવ્રતી શ્રાવક અથવા મહાવ્રતી મુનિ તો નિરાવલંબી નથી હોતા અર્થાત્ દાન, સમિતિ, સંયમ, આદિ શુભક્રિયા કરે જ છે. ત્યાં શ્રીગુરુ ઉત્તર આપે છે કે કર્મની નિર્જરા અનુભવના અભ્યાસથી છે તેથી તેઓ પોતાના જ જ્ઞાનમાં સ્વાત્માનુભવ કરે છે, રાગ-દ્વેષ-મોહ રહિત નિર્વિકલ્પ આત્મધ્યાન જ મોક્ષરૂપ છે, એના વિના બીજું બધું ભટકવું પુદ્ગલ જનિત છે.

**ભાવાર્થઃ-** શુભ ક્રિયા સમિતિ-વ્રત આદિ આસ્રવ જ છે, એનાથી સાધુ કે શ્રાવકને કર્મ-નિર્જરા થતી નથી, નિર્જરા તો આત્માનુભવથી થાય છે.* ૮.

---

' येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।। ઇત્યાદિ ( પુરુષાર્થ સિદ્ધિ )
निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।५।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**મુનિ શ્રાવક ની દશામાં બંધ અને મોક્ષ બન્ને છે. ( સવૈયા એકત્રીસા )**

मोख सरूप सदा चिनमूरति,
बंधमई करतूति कही है।
जावतकाल बसै जहाँ चेतन,
तावत सो रस रीति गही है।।
आतमकौ अनुभौ जबलौं,
तबलौं शिवरूप दसा निबही है।
अंध भयौ करनी जब ठानत,
बंध विथा तब फैल रही है।।९।।

**શબ્દાર્થઃ-** ચિનમૂરતિ=આત્મા. કરતૂતિ=શુભાશુભ વિભાવ પરિણતિ. જાવતકાલ=જેટલા સમય સુધી. તાવત=ત્યાં સુધી. નિબહી=રહે છે. અંધ=અજ્ઞાની. વિથા( વ્યથા )=દુઃખ.

**અર્થઃ-** આત્મા સદૈવ શુદ્ધ અર્થાત્ અબંધ છે અને ક્રિયાને બંધમય કહેવામાં આવી છે, તેથી જેટલો સમય જીવ જેમાં (સ્વરૂપ અથવા ક્રિયામાં) રહે છે તેટલા સમય સુધી તેનો સ્વાદ લે છે અર્થાત્ જ્યાંસુધી આત્માનુભવ રહે છે ત્યાંસુધી અબંધદશા રહે છે, પરંતુ જ્યારે સ્વરૂપમાંથી છૂટીને ક્રિયામાં લાગે છે ત્યારે બંધનો વિસ્તાર વધે છે. ૯.

**મોક્ષની પ્રાપ્તિ અંતર્દષ્ટિથી છે. ( સોરઠા )**

अंतर-द्दष्टि-लखाउ, निज सरूपकौ आचरन।
ए परमातम भाउ, सिव कारन येई सदा।।१०।।

---

यदेतज्ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद् बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितं।।६।।
वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થઃ-** અંતર-દષ્ટિ=અંતરંગ જ્ઞાન. સ્વરૂપકૌ આચરણ=સ્વરૂપમાં સ્થિરતા. ભાઉ=સ્વભાવ.

**અર્થઃ-** અંતરંગ જ્ઞાનદષ્ટિ અને આત્મસ્વરૂપમાં સ્થિરતા એ પરમાત્માનો સ્વભાવ છે અને એ જ મોક્ષનો ઉપાય છે.

**ભાવાર્થઃ-** સમ્યક્ત્વ સહિત જ્ઞાન અને ચારિત્ર પરમેશ્વરનો સ્વભાવ છે અને એ જ પરમેશ્વર બનવાનો ઉપાય છે. ૧૦.

**બાહ્યદષ્ટિથી મોક્ષ નથી. ( સોરઠા )**

करम सुभासुभ दोइ, पुदगलपिंड विभाव मल।
इनसौं मुकति न होइ, नहिं केवल पद पाइए।। ११।।

**શબ્દાર્થઃ-** સુભાસુભ=ભલા અને બૂરા. વિભાવ=વિકાર. મલ=કલંક.

**અર્થઃ-** શુભ અને અશુભ એ બન્ને કર્મમળ છે, પુદ્ગલપિંડ છે, આત્માના વિકાર છે, એનાથી મોક્ષ નથી થતો અને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકાતું નથી. ૧૧.

**આ વિષયમાં શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર ( સવૈયા એકત્રીસા )**

कोऊ शिष्य कहै स्वामी! असुभक्रिया असुद्ध,
सुभक्रिया सुद्ध तुम ऐसी क्यौं न वरनी।
गुरु कहैं जबलौं क्रियाके परिनाम रहैं,
तबलौं चपल उपयोग जोग धरनी।।
थिरता न आवै तोलौं सुद्ध अनुभौ न होइ,
यातैं दोऊ क्रिया मोख-पंथकी कतरनी।
बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ,
बाधक विचारि मैं निसिद्ध कीनी करनी।। १२।।

---

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।। ८।।
मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायि भावत्वात्तन्निषिध्यते।। ९।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** અસુભક્રિયા=પાપ. સુભક્રિયા=પુણ્ય. ક્રિયા=શુભાશુભ પરિણતિ. ચપળ=ચંચળ. ઉપયોગ=જ્ઞાન-દર્શન. કતરની=કાતર. નિસિદ્ધ=વર્જિત. કરની=ક્રિયા.

**અર્થઃ-** કોઈ શિષ્ય પૂછે છે કે હે સ્વામી! આપે અશુભ ક્રિયાને અશુદ્ધ અને શુભ ક્રિયાને શુદ્ધ કેમ ન કહી? ત્યાં શ્રીગુરુ કહે છે કે જ્યાંસુધી શુભ-અશુભ ક્રિયાના પરિણામ રહે છે ત્યાંસુધી જ્ઞાન-દર્શન ઉપયોગ અને મન-વચન-કાયના યોગ ચંચળ રહે છે તથા જ્યાંસુધી એ સ્થિર ન થાય ત્યાંસુધી શુદ્ધ અનુભવ થતો નથી. તેથી બન્નેય ક્રિયાઓ મોક્ષમાર્ગમાં બાધક છે, બન્નેય બંધ ઉત્પન્ન કરનાર છે, બન્નેમાંથી કોઈ સારી નથી, બન્ને મોક્ષમાર્ગમાં બાધક છે -એવો વિચાર કરીને મેં ક્રિયાનો નિષેધ કર્યો છે. ૧૨.

**માત્ર જ્ઞાન મોક્ષમાર્ગ છે. (સવૈયા એકત્રીસા)**

मुकतिके साधककौं बाधक करम सब,
आतमा अनादिकौ करम मांहि लुक्यौ है।
एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलौ,
सोई महा मूढ़ मोख मारगसौं चुक्यौ है।।
सम्यक सुभाउ लिये हियमैं प्रगट्यौ ग्यान,
उरध उमंगि चल्यौ काहूपै न रुक्यौ है।
आरसीसौ उज्जल बनारसी कहत आपु,
कारन सरूप ह्वैके कारजकौं ढुक्यौ है।। १३।।

**શબ્દાર્થઃ-** સાધક=સિદ્ધિ કરનાર. લુકયો=છુપાયો. ચુકયૌ (ચૂકૌ)=ભૂલ્યો. ઊરધ (ઊર્ધ્વ) ઉપર. ઉમંગિ=ઉત્સાહપૂર્વક. આરસી=દર્પણ. ઢુકયૌ=વધ્યો.

**અર્થઃ-** મોક્ષના સાધક આત્માને સર્વ કર્મ બાધક છે, આત્મા અનાદિકાળથી કર્મોમાં છૂપાયેલો છે, એમ છતાં પણ જે પાપને ખરાબ અને પુણ્યને સારું કહે છે

---

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।। १०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે જ મહામૂર્ખ મોક્ષમાર્ગથી વિમુખ છે. જ્યારે જીવને સમ્યગ્દર્શન સહિત જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તે અનિવાર્ય ઉન્નતિ કરે છે. પં. બનારસીદાસજી કહે છે કે તે જ્ઞાન દર્પણની સમાન ઉજ્જવળ સ્વયં કારણસ્વરૂપ થઈને કાર્યમાં પરિણમે છે અર્થાત્ સિદ્ધપદ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ**:- વિશુદ્ધતાપૂર્વક વધેલું જ્ઞાન કોઈના રોકવાથી રોકાતું નથી, વધતું જ જાય છે, તેથી પૂર્વ અવસ્થામાં જે જ્ઞાન ઉત્પન્ન થયું હતું તે કારણરૂપ હતું, તે જ કાર્યરૂપ પરિણમીને સિદ્ધસ્વરૂપ થાય છે. ૧૩.

**જ્ઞાન અને શુભાશુભ કર્મોનું વર્ણન. ( સવૈયા એકત્રીસા )**

जौलौं अष्ट कर्मकौ विनास नांही सरवथा,
तौलौं अंतरातमामैं धारा दोइ बरनी।
एक ग्यानधारा एक सुभासुभ कर्मधारा,
दुहूंकी प्रकृति न्यारी न्यारी न्यारी धरनी।।
इतनौ विसेस जु करमधारा बंधरूप,
पराधीन सकति विविध बंध करनी।
ग्यानधारा मोखरूप मोखकी करनहार,
दोखकी हरनहार भौ-समुद्र-तरनी।। १४।।

**શબ્દાર્થ**:- સરવથા (સર્વથા)=પૂરેપૂરો. બરની=વર્તે છે. ધરની=સત્તા. પરાધીન=પરને આશ્રિત. વિવિધ=જાતજાતનાં. ભૌ( ભવ )=સંસાર. તરની=નૌકા.

**અર્થ**:- જ્યાંસુધી આઠે કર્મ સંપૂર્ણપણે નષ્ટ નથી થતાં ત્યાંસુધી સમ્યગ્દષ્ટિમાં જ્ઞાનધારા અને શુભાશુભ કર્મધારા બન્ને વર્તે છે. બન્ને ધારાઓનો જુદો જુદો સ્વભાવ અને જુદી જુદી સત્તા છે. વિશેષ ભેદ એટલો છે કે કર્મધારા બંધરૂપ

---

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काच्चिक्षतिः।
किंत्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।। ११।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, આત્મશક્તિને પરાધીન કરે છે તથા અનેક પ્રકારે બંધને વધારે છે; અને જ્ઞાનધારા મોક્ષસ્વરૂપ છે, મોક્ષ આપનાર છે, દોષોને દૂર કરે છે અને સંસાર-સાગરથી તારવા માટે નૌકા સમાન છે. ૧૪.

**યથાયોગ્ય કર્મ અને જ્ઞાનથી મોક્ષ છે. ( સવૈયા એકત્રીસા )**

समुझैं न ग्यान कहैं करम कियेसौं मोख,
ऐसे जीव विकल मिथ्यातकी गहलमैं।
ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा,
बरतैं सुछंद तेऊ बूड़े है चहलमैं।।
जथा जोग करम करैं पै ममता न धरैं,
रहैं सावधान ग्यान ध्यानकी टहलमैं।
तेई भव सागरके ऊपर है तरैं जीव,
जिन्हिकौ निवास स्यादवादके महलमैं।। १५।।

**શબ્દાર્થઃ-** વિકલ=બેચેન. ગહલ=પાગલપણું. સુછંદ=સ્વચ્છંદ. ચહલ=કીચડ. સાવધાન=સચેત. ટહલ=સેવા. મહલ=મંદિર.

**અર્થઃ-** જે જ્ઞાનમાં સમજતા નથીઅને કર્મથી જ મોક્ષ માને છે એવા ક્રિયાવાદી જીવ મિથ્યાત્વના ઝપાટાથી બેચેન રહે છે; અને સાંખ્યવાદી જે ફક્ત જ્ઞાનનો પક્ષ પકડીને આત્માને સદા અબંધ કહે છે- તથા સ્વચ્છંદપણે વર્તે છે તેઓ પણ સંસારના કીચડમાં ફસે છે. પણ જે સ્યાદ્વાદ-મંદિરના નિવાસી છે તેઓ પોતાના પદ અનુસાર ક્રિયા કરે છે અને જ્ઞાન-ધ્યાનની સેવામાં સાવધાન રહે છે તેઓ જ સંસાર સાગરથી તરે છે. ૧૫.

---

मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति ये
मग्ना ज्ञाननयैषिणोऽपि सततं स्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।। १२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**મૂઢ ક્રિયા તથા વિચક્ષણ ક્રિયાનું વર્ણન. ( સવૈયા એકત્રીસા )**

जैसैं मतवारौ कोऊ कहै और करै और,
तैसैं मूढ़ प्रानी विपरीतता धरतु है।
असुभ करम बंध कारन बखानै मानै,
मुकतिके हेतु सुभ-रीति आचरतु है।।
अंतर सुद्दष्टि भई मूढ़ता बिसर गई,
ग्यानकौ उदोत भ्रम-तिमिर हरतु है।
करनीसौं भिन्न रहै आतम-सुरूप गहै,
अनुभौ अरंभि रस कौतुक करतु है।। १६ ।।

**શબ્દાર્થ**:- મતવારૌ=નશામાં ઉન્મત્ત. મૂઢપ્રાની=અજ્ઞાની જીવ. બખાનૈ=કહે. માનૈ=શ્રદ્ધા કરે. બિસર ગઈ=દૂર થઇ ગઈ. ઉદોત=પ્રકાશ.

**અર્થ**:- જેમ કોઈ પાગલ મનુષ્ય કહે છે કાંઈક અને કરે છે કાંઈક, તેવી જ રીતે મિથ્યાદષ્ટિ જીવમાં વિપરીતભાવ રહે છે, તે અશુભ કર્મને બંધનું કારણ સમજે છે અને મુક્તિ માટે શુભ આચરણ કરે છે. પણ સાચું શ્રદ્ધાન થતાં અજ્ઞાન નષ્ટ થવાથી જ્ઞાનનો પ્રકાશ મિથ્યા-અંધકારને દૂર કરે છે અને ક્રિયાથી વિરક્ત થઈને આત્મસ્વરૂપનું ગ્રહણ કરીને, અનુભવ ધારણ કરી પરમરસમાં આનંદ કરે છે. ૧૬.

---

भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।। १३।।

**એ પ્રમાણે પુણ્ય-પાપાધિકાર પૂર્ણ.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ચોથા અધિકારનો સાર

જેનો બંધ વિશુદ્ધ ભાવોથી થાય છે તે પુણ્ય અને જેનો બંધ સંક્લેશ ભાવોથી થાય છે તે પાપ છે. પ્રશસ્ત રાગ, અનુકંપા, કલુષતારહિત ભાવ, અરહંત આદિ પંચ પરમેષ્ઠીની ભક્તિ, વ્રત, સંયમ, શીલ, દાન, મંદકષાય આદિ વિશુદ્ધભાવ પુણ્યબંધના કારણ છે અને શાતા, શુભ આયુષ્ય, ઊંચ ગોત્ર, દેવગતિ આદિ શુભનામ પુણ્યકર્મ છે. પ્રમાદ સહિત પ્રવૃત્તિ, ચિત્તની કલુષતા, વિષયોની લોલુપતા, બીજાઓને સંતાપ આપવો, બીજાઓનો અપવાદ કરવો, આહાર, પરિગ્રહ, ભય, મૈથુન-ચારે સંજ્ઞા, ત્રણે કુજ્ઞાન, આર્તરૌદ્રધ્યાન, મિથ્યાત્વ, અપ્રશસ્ત રાગ, દ્વેષ, અવ્રત, અસંયમ, બહુ આરંભ, દુઃખ, શોક, તાપ, આક્રંદન, યોગોની વક્રતા, આત્મપ્રશંસા, મૂઢતા, અનાયતન, તીવ્રકષાય આદિ સંક્લેશ ભાવ છે-પાપબંધનાં કારણ છે. જ્ઞાનાવરણીય, અશાતા, મોહનીય નરકાયુ, પશુગતિ, અશુભ નામ, નીચ ગોત્ર, અંતરાય આદિ પાપકર્મ છે.

અશુભ પરિણતિ અને શુભ પરિણતિ બન્ને આત્માના વિભાવ છે, બન્નેય આસ્રવ-બંધરૂપ છે, સંવર-નિર્જરાનાં કારણ નથી, તેથી બન્નેય મુક્તિના માર્ગમાં ઘાતક હોવાથી પાપ અને પુણ્ય બન્નેય એક જ છે. જોકે બન્નેનાં કારણ, રસ, સ્વભાવ, ફળમાં અંતર છે તથા પુણ્ય પ્રિય અને પાપ અપ્રિય લાગે છે, તોપણ સોનાની બેડી અને લોઢાની બેડીની જેમ બન્નેય જીવને સંસારમાં સંસરણ કરાવનાર છે. એક શુભોપયોગ અને બીજો અશુભોપયોગ છે શુદ્ધોપયોગ કોઈ પણ નથી તેથી મોક્ષમાર્ગમાં એકેયની પ્રશંસા નથી, બન્નેય હેય છે, બન્ને આત્માના વિભાવભાવ છે, સ્વભાવ નથી, બન્ને પુદ્‌ગલજનિત છે, આત્મજનિત નથી, એનાથી મોક્ષ થઈ શકતો નથી, અને કેવળજ્ઞાન પણ પ્રગટ થતું નથી.

આત્મામાં સ્વભાવ, વિભાવ બે પ્રકારની પરિણતિ થાય છે, સ્વભાવ પરિણતિ તો વીતરાગભાવ છે અને વિભાવ પરિણતિ રાગ-દ્વેષરૂપ છે. આ રાગ અને દ્વેષમાંથી દ્વેષ તો સર્વથા પાપરૂપ છે પરંતુ રાગ પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બે પ્રકારનો છે, તેમાં પ્રશસ્ત રાગ પુણ્ય છે અને અપ્રશસ્ત રાગ પાપ છે. સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા પહેલાં સ્વભાવભાવનો ઉદય જ થતો નથી માટે મિથ્યાત્વની દશામાં જીવની શુભ અથવા અશુભરૂપ વિભાવ પરિણતિ જ રહે છે, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થયા પછી કર્મનો સર્વથા અભાવ થતાં સુધી સ્વભાવ અને વિભાવ બન્ને પરિણતિ રહે છે, ત્યાં સ્વભાવ પરિણતિ સંવર-નિર્જરા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષની ઉત્પત્તિ કરે છે અને વિભાવ પરિણતિ બંધને જ ઉત્પન્ન કરે છે. એનો ખુલાસો આ રીતે છે કે "જાવત શુદ્ધોપયોગ પાવત નહીં મનોગ, તાવત હી ગ્રહણ જોગ કહી પુન્ન કરની" ની રીતે સમ્યગ્દષ્ટિ શ્રાવક અને મુનિ, પાપ પરિણતિથી બચીને શુભોપયોગનું અવલંબન લે છે અને શુભ પરિણતિ તેને આસ્રવ જ ઉત્પન્ન કરે છે. તેને જે ગુણશ્રેણીરૂપ નિર્જરા થાય છે તે શુદ્ધોપયોગના બળથી થાય છે, શુભોપયોગ તો આસ્રવ જ કરે છે. ભાવ એ છે કે જેટલા અંશે રાગ છે તેટલા અંશે બંધ છે અને જેટલા અંશે જ્ઞાન તથા નિશ્ચયચારિત્ર છે તેટલા અંશે બંધ નથી, તેથી પુણ્યને પણ પાપ સમાન હેય જાણીને શુદ્ધોપયોગનું શરણ લેવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# આસ્રવ અધિકાર

## ( ૫ )

**પ્રતિજ્ઞા ( દોહરા )**

पाप पुन्नकी एकता, वरनी अगम[१] अनूप।
अब आस्रव अधिकार कछु, कहौं अध्यातम रूप।। १।।

**શબ્દાર્થઃ-** અગમ=ગહન. અનુપ=ઉપમા રહિત.

**અર્થઃ-** પાપ-પુણ્યની એકતાના ગહન અને અનુપમ અધિકારનું વર્ણન કર્યું, હવે આસ્રવ અધિકારનું આધ્યાત્મિક રીતે કાંઈક વર્ણન કરું છું. ૧.

**સમ્યગ્જ્ઞાનને નમસ્કાર. ( સવૈયા એકત્રીસા )**

जेते जगवासी जीव थावर जंगमरूप,
तेते निज बस करि राखे बल तोरिकैं।
महा अभिमानी ऐसौ आस्रव अगाध जोधा,
रोपि रन-थंभ ठाडौ भयौ मूछ मोरिकैं।।
आयौ तिहि थानक अचानक परम धाम,
ग्यान नाम सुभट सवायौ बल फोरिकैं।
आस्रव पछार्‍यौ रन-थंभ तोरि डार्‍यौ ताहि,
निरखि बनारसी नमत कर जोरिकैं।। २।।

**શબ્દાર્થઃ-** થાવર( સ્થાવર )=એકેન્દ્રિય. જંગમ=બે ઈન્દ્રિય વગેરે. અભિમાની=ઘમંડી. અગાધ=અપરિમિત. રોપિ=સ્થાપીને. રનથંભ=યુદ્ધનો ઝંડો. થાનક=સ્થાન. અચાનક=અકસ્માત્. સુભટ=યોદ્ધો. ફોરિકૈં=જાગૃત કરીને. નિરખિ=જોઈને.

---

* ' આગમરૂપ ' એવો પણ પાઠ છે.

अथ महामदनिर्भरमन्थरं समररङ्गपरागतमास्रवं।
अयमुदारगभीरमहोदयो जयति दुर्जयबोधधनुर्धरः।। १।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** જેણે સંસારના બધા જ ત્રસ-સ્થાવર જીવોને શક્તિહીન કરીને પોતાને આધીન કર્યા છે એવો મહા અભિમાની આસ્રવરૂપ મહા યોદ્ધો મૂછ મરડીને લડાઈનો ઝંડો સ્થાપીને ઊભો થયો. એટલામાં ત્યાં અચાનક જ જ્ઞાન નામનો મહાયોદ્ધો સવાયું બળ ઉત્પન્ન કરીને આવ્યો. તેણે આસ્રવને પછાડયો અને રણથંભ તોડી નાખ્યો. આવા જ્ઞાનરૂપી યોદ્ધાને જોઈને પં. બનારસીદાસજી હાથ જોડીને નમસ્કાર કરે છે. ૨.

**દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવ અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ ( સવૈયા તેવીસા )**

दर्वित आस्रव सो कहिए जहं,
पुग्गल जीवप्रदेस गरासै।
भावित आस्रव सो कहिए जहं,
राग विरोध विमोह विकासै।।
सम्यक पद्धति सो कहिए जहं,
दर्वित भावित आस्रव नासै।
ग्यान कला प्रगटै तिहि थानक,
अंतर बाहिर और न भासै।। ३।।

**શબ્દાર્થઃ-** દર્વિત આસ્રવ=પુદ્ગલ પરમાણુઓનું આગમન. ગરાસૈ=ઘેરી લે. ભાવિત આસ્રવ=દ્રવ્ય આસ્રવમાં કારણભૂત આત્માની વિભાવ પરિણતિ. પદ્ધતિ=ચાલ. ગ્યાન કલા=જ્ઞાનજ્યોતિ.

**અર્થઃ-** આત્મપ્રદેશોમાં પુદ્ગલનું આગમન તે દ્રવ્યાસ્રવ છે, જીવના રાગ-દ્વેષ-મોહરૂપ પરિણામ ભાવાસ્રવ છે, દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવનો અભાવ આત્માનું સમ્યક્ સ્વરૂપ છે. જ્યાં જ્ઞાનકળા પ્રગટ થાય છે ત્યાં અંતરંગ અને બહિરંગમાં જ્ઞાન સિવાય બીજું કાંઈ દેખાતું નથી. ૩.

---

भावो रागद्वेषमोहैर्विना यो जीवस्य स्याद् ज्ञाननिर्वृत एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौघान् एषोऽभावः सर्वभावास्रवाणाम्।। २२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાતા નિરાસ્રવી છે. ( ચોપાઈ )**

जो दरवास्रव रूप न होई।
जहं भावास्रव भाव न कोई।।
जाकी दसा ग्यानमय लहिए।
सो ग्यातार निरास्रव कहिए।।४।।

**શબ્દાર્થઃ-** દસા=અવસ્થા. ગ્યાતાર=જ્ઞાની. નિરાસ્રવ=આસ્રવરહિત.

**અર્થઃ-** દ્રવ્યાસ્રવરૂપ નથી હોતા, અને જ્યાં ભાવાસ્રવ ભાવ પણ નથી અને જેની અવસ્થા જ્ઞાનમય છે તે જ જ્ઞાની આસ્રવરહિત કહેવાય છે. ૪.

**સમ્યગ્જ્ઞાની નિરાસ્રવ રહે છે ( સવૈયા એકત્રીસા )**

जेते मनगोचर प्रगट-बुद्धि-पूरवक,
तिह परिनामनकी मतता हरतु है।
मनसौं अगोचर अबुद्धि-पूरवक भाव,
तिनके विनासिवेकौं उद्दिम धरतु है।।
याही भांति पर परनतिकौ पतन करै,
मोखकौ जतन करै भौ-जल तरतु है।
ऐसे ग्यानवंत ते निरास्रव कहावैं सदा,
जिन्हिकौ सुजस सुविचच्छन करतु है।।५।।

**શબ્દાર્થઃ-** મનગોચર=જ્યાંસુધી મન પહોંચે ત્યાં સુધી. મનસૌં અગોચર=જ્યાં મન

---

भावास्रवाभावमयं प्रपन्नो द्रव्यास्रवेभ्य: स्वत एव भिन्न:।
ज्ञानी सदा ज्ञानमयैकभावो निरास्रवो ज्ञायक एक एव।।३।।
सन्नस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयम्
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन् परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-
न्नात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહોંચી શકતું નથી તે. ઉદ્દિમ=ઉદ્યોગ. પતન=નાશ. જતન=ઉપાય. ભૌ-જળ (ભવજળ)=સંસાર-સાગર. સુવિચચ્છન=પંડિત.

**અર્થ**:- જેમને મન જાણી શકે એવા બુદ્ધિગમ્ય અશુદ્ધ પરિણામોમાં આત્મબુદ્ધિ કરતો નથી અને મનને અગોચર અર્થાત્ બુદ્ધિગમ્ય ન હોય એવા અશુદ્ધભાવ ન થવા દેવામાં સાવધાન રહે છે; એ રીતે પર પરિણતિનો નાશ કરીને અને મોક્ષમાર્ગમાં પ્રયત્ન કરીને જે સંસાર-સાગરને તરે છે તે સમ્યગ્જ્ઞાની નિરાસ્રવી કહેવાય છે, તેમની વિદ્વાનો સદા પ્રશંસા કરે છે.

**ભાવાર્થ**:- વર્તમાન કાળના અશુદ્ધ પરિણામોમાં આત્મબુદ્ધિ કરતા નથી અને ભૂતકાળમાં થયેલા રાગાદિ પરિણામોને પોતાના માનતા નથી અથવા આગામી કાળમાં થવાવાળા વિભાવ મારા નથી એવું શ્રદ્ધાન હોવાથી જ્ઞાની જીવ સદા નિરાસ્રવ રહે છે. ૫.

**શિષ્યનો પ્રશ્ન. (સવૈયા તેવીસા)**

ज्यौं जगमैं विचरै मतिमंद,
सुछंद सदा वरतै बुध तैसो।
चंचल चित्त असंजित वैन,
सरीर-सनेह जथावत जैसो।।
भोग संजोग परिग्रह संग्रह,
मोह विलास करै जहं ऐसो।
पूछत सिष्य आचारजसौं यह,
सम्यकवंत निरास्रव कैसो।। ६।।

**શબ્દાર્થ**:- વિચરૈ=વર્તન કરે. સુછંદ (સ્વચ્છન્દ)=મનમાન્યું બુધ=જ્ઞાની. વૈન=વચન. સનેહ (સ્નેહ)=પ્રેમ. સંગ્રહ =એકઠું કરવું.

---

सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसंततौ।
कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मति।। ५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે કે હે સ્વામી! સંસારમાં જેવી રીતે મિથ્યાદ્રષ્ટિ જીવ સ્વતંત્રપણે વર્તે છે તેવી જ પ્રવૃત્તિ સમ્યગ્દ્રષ્ટિ જીવની પણ હમેશાં રહે છે-બન્નેને ચિત્તની ચંચળતા, અસંયત વચન, શરીરનો સ્નેહ, ભોગનો સંયોગ, પરિગ્રહનો સંચય અને મોહનો વિકાસ એકસરખો હોય છે, તો પછી સમ્યગ્દ્રષ્ટિ જીવ કયા કારણે આસ્રવરહિત છે? ૬.

**શિષ્યની શંકાનું સમાધાન. ( સવૈયા એકત્રીસા )**

पूरव अवस्था जे करम-बंध कीने अब,
तेई उदै आइ नाना भांति रस देत हैं।
केई सुभ साता कोई असुभ असातारूप,
दुहूंसौं न राग न विरोध समचेत हैं।।
जथाजोग क्रिया करैं फलकी न इच्छा धरैं,
जीवन-मुकतिकौ बिरद गहि लेत हैं।
यातैं ग्यानवंतकौं न आस्रव कहत कोऊ,
मुद्धतासौं न्यारे भए सुद्धता समेत हैं।। ७।।

**શબ્દાર્થઃ-** અવસ્થા=પર્યાય. જથાજોગ=જેવું જોઈએ તેવું, પોતાના પદને યોગ્ય. સમચેત=સમતાભાવ. બિરદ=યશ. મુદ્ધતા=મિથ્યાત્વ. સમેત=સહિત.

**અર્થઃ-** પૂર્વકાળમાં અજ્ઞાન અવસ્થામાં જે કર્મ બાંધ્યાં હતાં તે હવે ઉદયમાં આવીને ફળ આપે છે, તેમાં અનેક તો શુભ છે જે સુખદાયક છે અને અનેક અશુભ છે જે દુઃખદાયક છે; ત્યાં સમ્યગ્દ્રષ્ટિ જીવ આ બન્ને પ્રકારના કર્મોદયમાં હર્ષ-વિષાદ કરતા નથી-સમતાભાવ રાખે છે. તેઓ પોતાના પદને યોગ્ય ક્રિયા કરે છે, પણ

---

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।। ६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેના ફળની આશા નથી કરતા, સંસારી હોવા છતાં પણ મુક્ત કહેવાય છે, કારણ કે સિદ્ધોની જેમ દેહ આદિથી અલિપ્ત છે, તેઓ મિથ્યાત્વથી રહિત અનુભવ સહિત છે, તેથી જ્ઞાનીઓને કોઈ આસ્રવ સહિત કહેતું નથી. ૭.

**રાગ-દ્વેષ-મોહ અને જ્ઞાનનું લક્ષણ ( દોહરા )**

जो हितभाव सु राग है, अनहितभाव विरोध।
भ्रामिक भाव विमोह हे, निरमल भाव सु बोध।। ८।।

**શબ્દાર્થઃ-** ભ્રામિક=પરદ્રવ્યમાં અહંબુદ્ધિ. નિર્મળ=વિકાર રહિત. બોધ=જ્ઞાન.

**અર્થઃ-** પ્રેમનો ભાવ રાગ, ઘૃણાનો ભાવ દ્વેષ, પરદ્રવ્યમાં અહંબુદ્ધિનો ભાવ મોહ અને ત્રણેથી રહિત નિર્વિકારભાવ સમ્યગ્જ્ઞાન છે. ૮.

**રાગ-દ્વેષ-મોહ જ આસ્રવ છે. ( દોહરા )**

राग विरोध विमोह मल, एई आस्रवमूल।
एई करम बढाईकैं, करैं धरमकी भूल।। ९।।

**અર્થઃ-** રાગ-દ્વેષ-મોહ એ ત્રણે આત્માના વિકાર છે, આસ્રવનાં કારણ છે અને કર્મબંધકરીને આત્માનું સ્વરૂપ ભુલાવનાર છે. ૯.

**સમ્યગ્દષ્ટિ જીવ નિરાસ્રવ છે. ( દોહરા )**

जहां न रागादिक दसा, सो सम्यक परिनाम।
यातैं सम्यकवंतकौ, कह्यौ निरास्रव नाम।। १०।।

**અર્થઃ-** જ્યાં રાગ-દ્વેષ-મોહ નથી તે સમ્યકત્વભાવ છે, તેથી જ સમ્યગ્દષ્ટિને આસ્રવરહિત કહ્યો છે. ૧૦.

---

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसंभवः।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।। ७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### નિરાસ્રવી જીવોનો આનંદ ( સવૈયા એકત્રીસા )

जे केई निकटभव्यरासी जगवासी जीव,
मिथ्यामतभेदि ग्यान भाव परिनए हैं।
जिन्हिकी सुद्दष्टिमैं न राग द्वेष मोह कहूं,
विमल विलोकनिमैं तीनौं जीति लए हैं।।
तजि परमाद घट सोधि जे निरोधि जोग,
सुद्ध उपयोगकी दसामैं मिलि गए हैं।
तेई बंधपद्धति विदारि परसंग डारि,
आपमैं भगत ह्वैकै आपरूप भए हैं।। ११।।

**શબ્દાર્થઃ-** સુદૃષ્ટિ=સાચું શ્રદ્ધાન. વિમલ=ઉજ્જવળ. વિલોકનિ=શ્રદ્ધાન. પરમાદ=અસાવધાની. ઘટ=હૃદય. સોધિ=શુદ્ધ કરીને. સુદ્ધ ઉપયોગ=વીતરાગપરિણતિ. વિદારિ=દૂર કરીને.

**અર્થઃ-** જે કોઈ નિકટ ભવ્યરાશિ સંસારી જીવ મિથ્યાત્વ છોડીને સમ્યગ્ભાવ ગ્રહણ કરે છે, જેમણે નિર્મળ શ્રદ્ધાનથી રાગ-દ્વેષ-મોહ ત્રણેને જીતી લીધા છે અને જે પ્રમાદને દૂર કરી, ચિત્તને શુદ્ધ કરી, યોગોનો નિગ્રહ કરી શુદ્ધ ઉપયોગમાં લીન થઈ જાય છે, તે જ બંધ-પરંપરાનો નાશ કરીને, પરવસ્તુનો સંબંધ છોડીને, પોતાના રૂપમાં મગ્ન થઈને નિજસ્વરૂપને પ્રાપ્ત થાય છે અર્થાત્ સિદ્ધ થાય છે. ૧૧.

---

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-
मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।
रागादिमुक्तमनसः सततं भवन्तः-
पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।। ८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ઉપશમ અને ક્ષયોપશમભાવોની અસ્થિરતા. ( સવૈયા એકત્રીસા )**

जेते जीव पंडित खयोपसमी उपसमी,
तिन्हकी अवस्था ज्यौं लुहारकी संडासी है।
खिन आगमांहि खिन पानीमांहि तैसैं एऊ,
खिनमैं मिथ्यात खिन ग्यानकला भासी है।।
जौलौं ग्यान रहैं तौलौं सिथिल चरन मोह,
जैसैं कीले नागकी सकति गति नासी है।
आवत मिथ्यात तब नानारूप बंध करै,
ज्यौं उकीलै नागकी सकति परगासी है।। १२।।

**શબ્દાર્થઃ-** પંડિત=સમ્યગ્દષ્ટિ. ખયોપશમી=ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ. ઉપસમી=ઉપશમ સમ્યગ્દષ્ટિ. એઊ =તે. ખિન ( ક્ષણ )=અહીં ક્ષણનો અર્થ અંતર્મુહૂર્ત છે. સિથિલ=નબળા. કીલે=મંત્ર અથવા જડીબુટ્ટીથી બાંધી રાખેલ. નાગ=સર્પ. ઉકીલે=મંત્ર-બંધનથી મુક્ત. સકતિ( શક્તિ )=બળ. પરગાસી ( પ્રકાશી )=પ્રગટ કરી.

**અર્થઃ-** જેવી રીતે લુહારની સાણસી કોઈ વાર અગ્નિમાં તપેલી અને કોઈ વાર પાણીમાં ઠંડી હોય છે, તેવી જ રીતે ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવોની દશા છે અર્થાત્ કોઈ વાર મિથ્યાત્વભાવ પ્રગટ થાય છે અને કોઈવાર જ્ઞાનની જ્યોત ઝગમગે છે. જ્યાં સુધી જ્ઞાન રહે છે ત્યાં સુધી ચારિત્રમોહનીયની શક્તિ અને ગતિ મંત્રથી બાંધેલ સાપની જેમ શિથિલ રહે છે અને જ્યારે મિથ્યાત્વરસ આપે છે ત્યારે મંત્રના બંધનથી મુક્ત સાપની પ્રગટ થયેલી શક્તિ અને ગતિની જેમ અનંત કર્મોનો બંધ વધારે છે.

---

*અનંતાનુબંધીની ચાર અને દર્શનમોહનીયની ત્રણ, એ સાત પ્રકૃતિઓનો ઉપશમ થવાથી ઉપશમ-

प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु
रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।
ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-
द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।। ९।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષઃ-** *ઉપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટને જઘન્ય કાળ અંત-ર્મુહૂર્ત અને *ક્ષયોપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટકાળ +છાસઠ સાગર અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત છે. આ બન્ને સમ્યક્ત્વ નિયમથી નષ્ટ થાય જ છે તેથી જ્યાં સુધી સમ્યક્ત્વભાવ રહે છે ત્યાં સુધી આત્મા એક વિલક્ષણ શાંતિ અને આનંદનો અનુભવ કરે છે અને જ્યારે સમ્યક્ત્વભાવ નાશ પામવાથી મિથ્યાત્વનો ઉદય થાય છે ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈને કર્મ-પરંપરા વધારે છે.૧૨.

**અશુદ્ધનયથી બંધ અને શુદ્ધનયથી મોક્ષ છે. ( દોહરા )**

**यह निचोर या ग्रंथकौ, यहै परम रसपोख।**
**तजै सुद्धनय बंध है, गहै सुद्धनय मोख।। १३।।**

**શબ્દાર્થઃ-** નિચોર=સાર. પોખ=પોષક. ગહૈ=ગ્રહણ કરવાથી. મોખ=મોક્ષ.

**અર્થઃ-** આ શાસ્ત્રમાં સાર વાત એ જ છે અને એ જ પરમ તત્ત્વની પોષક છે કે શુદ્ધનયની રીત છોડવાથી બંધ અને શુદ્ધનયની રીત ગ્રહણ કરવાથી મોક્ષ થાય છે. ૧૩.

**જીવની બાહ્ય અને અંતરંગ અવસ્થા ( સવૈયા એકત્રીસા )**

**करमके चक्रमैं फिरत जगवासी जीव,**
**ह्वै रह्यौ बहिरमुख व्यापत विषमता।**
**अंतर सुमति आई विमल बड़ाई पाई,**
**पुद्गलसौं प्रीति टूटी छूटी माया ममता।।**

---

સમ્યક્ત્વ થાય છે. *અનંતાનુબંધીની ચોકડી અને મિથ્યાત્વ તથા સમ્યક્ મિથ્યાત્વ એ છ પ્રકૃતિઓનો અનુદય અને સમ્યક્ પ્રકૃતિનો ઉદય રહેતાં ક્ષયોપશમ સમ્યક્ત્વ થાય છે.
* અનંત સંસારની અપેક્ષાએ આ કાળ પણ થોડો છે.

इदमेवात्र तात्पर्य्य हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद् बन्ध एव हि।। १०।।
धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिम्
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वंकषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः।। ११।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुद्धनै निवास कीनौ अनुभौ अभ्यास लीनौ,
भ्रमभाव छांड़ि दीनौ भीनौ चित्त समता।
अनादि अनंत अविकलप अचल ऐसौ,
पद अवलंबि अवलोकै राम रमता।। १४।।

**શબ્દાર્થઃ-** બહિરમુખ=શરીર, વિષયભોગ આદિ બાહ્ય વસ્તુઓનો ગ્રાહક. વિષમતા=અશુદ્ધતા. સુમતિ =સમ્યગ્જ્ઞાન. ભીનૌ=લીન.

**અર્થઃ-** સંસારી જીવ કર્મના ચક્કરમાં ભટકતો મિથ્યાદ્રષ્ટિ થઈ રહ્યો છે અને તેને અશુદ્ધતાએ ઘેરી લીધો છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન ઊપજ્યું, નિર્મળ પ્રભુતા પ્રાપ્ત થઈ, શરીર આદિથી સ્નેહ છૂટયો, રાગ-દ્વેષ-મોહ છૂટયા, સમતા-રસનો સ્વાદ મળ્યો, શુદ્ધનયનો સહારો લીધો, અનુભવનો અભ્યાસ થયો, પર્યાયમાં અહંબુદ્ધિ નાશ પામી ત્યારે પોતાના આત્માના અનાદિ અનંત, નિર્વિકલ્પ, નિત્યપદનું અવલંબન કરીને આત્મસ્વરૂપને દેખે છે. ૧૪.

**શુદ્ધ આત્મા જ સમ્યદર્શન છે. ( સવૈયા એકત્રીસા )**

जाके परगासमैं न दीसैं राग द्वेष मोह,
आस्रव मिटत नहि बंधकौ तरस है।
तिहूं काल जामै प्रतिबिंबित अनंतरूप,
आपहूं अनंत सत्ता नंततैं सरस है।।
भावश्रुत ग्यान परवान जो विचारि वस्तु,
अनुभौ करै न जहां बानीकौ परस है।
अतुल अखंड अविचल अविनासी धाम,
चिदानंद नाम ऐसौ सम्यक दरस है।। १५।।

---

रागादीनां झगिति विगमात् सर्वतोऽप्यास्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।। १२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** પરગાસ=પ્રકાશ. તરસ (ત્રાસ)=કષ્ટ. પ્રતિબિંબિત=ઝળકે છે. વાની=વચન પરસ=પ્રવેશ=પહોંચ. અતુલ=અનુપમ.

**અર્થ:-** જેના પ્રકાશમાં રાગ-દ્વેષ-મોહ રહેતા નથી, આસ્રવનો અભાવ થાય છે, બંધનો ત્રાસ મટી જાય છે, જેમાં સમસ્ત પદાર્થોના ત્રિકાળવર્તી અનંત ગુણ-પર્યાય ઝળકે છે અને જે પોતે સ્વયં અનંતાનંત ગુણપર્યાયની સત્તા સહિત છે, એવો અનુપમ, અખંડ, અચળ, નિત્ય, જ્ઞાનનું નિધાન ચિદાનંદ જ સમ્યગ્દર્શન છે. ભાવશ્રુતજ્ઞાન-પ્રમાણથી પદાર્થનો વિચાર કરવામાં આવે તો તે અનુભવગમ્ય છે અને દ્રવ્યશ્રુત અર્થાત્ શબ્દશાસ્ત્રથી વિચારવામાં આવે તો વચનથી કહી શકાતું નથી. ૧૫.

**એ પ્રમાણે આસ્રવ અધિકાર પૂર્ણ થયો. ૫.**

## પાંચમા અધિકારનો સાર

રાગ-દ્વેષ-મોહ તો ભાવાસ્રવ છે અને અશુદ્ધ આત્મા દ્વારા કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલપ્રદેશોનું આકર્ષિત થવું તે દ્રવ્યાસ્રવ છે. આ દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવથી રહિત સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શનનો ઉદય થતાં જ જીવનું વર્તમાન જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે, આ સમ્યગ્જ્ઞાનની દશામાં આસ્રવનો અભાવ છે. સમ્યગ્જ્ઞાની અવ્રતી પણ કેમ ન હોય, તોપણ તેમને આસ્રવ નથી થતો, એનું કારણ એ છે કે અંતરંગમાં સમ્યગ્દર્શનનો ઉદય થવાથી તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ રાખતા નથી અને વિષય આદિમાં તલ્લીન થતા નથી. જોકે બાહ્યદ્રષ્ટિથી લોકોના જોવામાં મિથ્યાદ્રષ્ટિ જીવો અને અવ્રતી સમ્યગ્દ્રષ્ટિઓના વિષય-ભોગ, પરિગ્રહ-સંગ્રહ આદિની પ્રવૃત્તિ એકસરખી દેખાય છે પરંતુ બન્નેના પરિણામોમાં મોટો તફાવત હોય છે, અજ્ઞાનીઓની શુભ-અશુભ ક્રિયા ફળની અભિલાષા સહિત હોય છે અને જ્ઞાની જીવોની શુભાશુભ ક્રિયા ફળની અભિલાષાથી રહિત હોય છે, તેથી અજ્ઞાનીઓની ક્રિયા આસ્રવનું કારણ અને જ્ઞાનીઓની ક્રિયા નિર્જરાનું કારણ થાય છે. જ્ઞાન-વૈરાગ્યનો એવો જ મહિમા છે. જેવી રીતે રોગી અભિરુચિ ન હોવા છતાં પણ ઔષધિનું સેવન કરે છે અને ઘણા લોકો શોખ માટે શરબત, મુરબ્બા વગેરે ચાખે છે, તેવી જ રીતે જ્ઞાનીઓના ઉદયની બળજોરીથી આસક્તિ રહિત ભોગવેલ ભોગોમાં અને મોજ માટે ગૃદ્ધિ-સહિત અજ્ઞાનીઓના ભોગોમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મોટો તફાવત છે.

આસ્રવનું થવું તેરમા ગુણસ્થાન સુધી યોગોની પ્રવૃત્તિ હોવાથી રહે છે અને ચોથા ગુણસ્થાનમાં તો સિત્તેર પ્રકૃતિઓનો બંધ કહ્યો છે, વળી સમ્યગ્દ્રષ્ટિ જીવોને અવ્રતની દશામાં જે નિરાસ્રવ કહ્યા છે તેનો અભિપ્રાય એ છે કે અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ અને તેની સાથે અનુબંધ કરનારી અનંતાનુબંધી ચોકડીનો ઉદય સમ્યકત્વની દશામાં રહેતો નથી તેથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી જનિત એકતાળીસ પ્રકૃતિઓનો તો સંવર જ રહે છે, બાકીની પ્રકૃતિઓનો બહુ જ ઓછા અનુભાગ અથવા સ્થિતિવાળો બંધ થાય છે અને ગુણશ્રેણિ નિર્જરા શરૂ થાય છે તેથી અજ્ઞાનીના સિત્તેર ક્રોડાક્રોડી સાગર-પ્રમાણ અને તીવ્રતમ અનુભાગની સામે જ્ઞાનીનો આ બંધ કોઈ ગણતરીમાં નથી, તેથી જ્ઞાનીઓને નિરાસ્રવ કહ્યા છે. વાસ્તવમાં મિથ્યાત્વ જ આસ્રવ છે અને તે સમ્યકત્વના ઉદયમાં નથી રહેતું. આસ્રવ વિભાવ-પરિણતિ છે, પુદ્‌ગલમય છે, પુદ્‌ગલજનિત છે, આત્માનો નિજ-સ્વભાવ નથી, એમ જાણીને જ્ઞાનીઓ પોતાના સ્વરૂપમાં વિશ્રામ લે છે અને અતુલ, અખંડ, અવિચળ, અવિનાશી, ચિદાનંદરૂપ સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે.

# સંવર દ્વાર

## ( ૬ )

### પ્રતિજ્ઞા ( દોહરા )

**आस्रवकौ अधिकार यह, कह्यौ जथावत जेम।**
**अब संवर वरनन करौं, सुनहु भविक धरि प्रेम।। १।।**

**શબ્દાર્થઃ-** આસ્રવ=બંધનું કારણ. જથાવત=જેવું જોઈએ તેવું સંવર=આસ્રવનો નિરોધ. વરનન=કથન.

**અર્થઃ-** આસ્રવના અધિકારનું યથાર્થ વર્ણન કર્યું, હવે સંવરનું સ્વરૂપ કહું છું, તે હે ભવ્યો! તમે પ્રેમપૂર્વક સાંભળો. ૧.

### જ્ઞાનરૂપ સંવરને નમસ્કાર ( સવૈયા એકત્રીસા )

**आतमकौ अहित अध्यातमरहित ऐसौ,**
**आस्रव महातम अखंड अंडवत है।**
**ताकौ विसतार गिलिबेकौं परगट भयौ,**
**ब्रहमंडकौ विकासी ब्रहमंडवत है।।**
**जामैं सब रूप जो सबमैं सबरूपसौ पै,**
**सबनिसौं अलिप्त आकास-खंडवत है।**
**सोहै ग्यानभान सुद्ध संवरकौ भेष धरै,**
**ताकी रुचि-रेखकौ हमारी दंडवत है।। २।।**

**શબ્દાર્થઃ-** અહિત=બૂરું કરનાર. અધ્યાતમ=આત્મ-અનુભવ. મહાતમ=ઘોર

---

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते।। १।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંધકાર. અખંડ=પૂર્ણ. અંડવત=અંડાકાર. વિસતાર=ફેલાવો. ગિલિવેકૌં=ગળી જવાને માટે. બ્રહ્મંડ (બ્રહ્માંડ)=ત્રણ લોક. વિકાસ=અજવાળું. અલિપ્ત=અલગ. આકાસ-ખંડ=આકાશનો પ્રદેશ. ભાન (ભાનુ)=સૂર્ય. રુચિ-રેખ=કિરણરેખા, પ્રકાશ. દંડવત=પ્રમાણ.

**અર્થઃ-** જે આત્માનો ઘાતક છે અને આત્મ-અનુભવથી રહિત છે એવો આસ્રવરૂપ મહા અંધકાર અખંડ ઈંડાની જેમ જગતના બધા જીવોને ઘેરી રહેલ છે. તેનો નાશ કરવાને માટે ત્રણ લોકમાં ફેલાતા સૂર્ય જેવો જેનો પ્રકાશ છે અને જેમાં સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે અને પોતે તે બધા પદાર્થોના આકારરૂપ થાય છે*, તોપણ આકાશના પ્રદેશની જેમ તેમનાથી અલિપ્ત રહે છે, તે જ્ઞાનરૂપી સૂર્ય શુદ્ધ સંવરના વેશમાં છે, તેના પ્રકાશને અમારા પ્રણામ છે. ૨.

**ભેદવિજ્ઞાનનું મહત્ત્વ (સવૈયા એકત્રીસા)**

सुद्ध सुछंद अभेद अबाधित,
भेद-विग्यान सुतीछन आरा।
अंतरभेद सुभाव विभाऊ,
करै जड़-चेतनरूप दुफारा।।
सो जिन्हके उरमैं उपज्यौ,
न रुचै तिन्हकौं परसंग-सहारा।
आतमकौ अनुभौ करि ते,
हरखैं परखैं परमातम-धारा।। ३।।

**શબ્દાર્થઃ-** સુદ્ધ (શુદ્ધ)=નિર્વિકાર. સુછંદ (સ્વચ્છંદ)=સ્વતંત્ર. અભેદ=ભેદ રહિત-એક. અબાધિત=બાધા રહિત. સુતીછન (સુતીક્ષ્ણ)=અતિશય તીક્ષ્ણ. આરા=કરવત. દુફારા=બેભાગ.

---

* 'જ્ઞાયક જ્ઞેયાકાર' અથવા 'જ્ઞેયાકાર જ્ઞાનની પરિણતિ' એ વ્યવહાર-વચન છે.

चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-
रन्तर्दारुणदारुणेन परितो ज्ञानस्य रागस्य च।
भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः
शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः।। २।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ**:- શુદ્ધ, સ્વતંત્ર, એકરૂપ, નિરાબાધ, ભેદવિજ્ઞાનરૂપ તીક્ષ્ણ કરવત અંદર પ્રવેશીને સ્વભાવ-વિભાવ અને જડ-ચેતનને જાુદા જાુદા કરી નાખે છે. તે ભેદવિજ્ઞાન જેમના હૃદયમાં ઉત્પન્ન થયું છે તેમને શરીર આદિ પર વસ્તુનો આશ્રય રુચતો નથી, તેઓ આત્મ-અનુભવ કરીને પ્રસન્ન થાય છે અને પરમાત્માનું સ્વરૂપ ઓળખે છે.

**ભાવાર્થ**:- જ્ઞાન પરભાવથી રહિત છે તેથી શુદ્ધ છે, નિજ-પરનું સ્વરૂપ બતાવે છે તેથી સ્વતંત્ર છે, એમાં કોઈ પર વસ્તુનો મેલ નથી તેથી એક છે, નય-પ્રમાણની એમાં બાધા નથી. તેથી અબાધિત છે. આ ભેદવિજ્ઞાનની તીક્ષ્ણ કરવત જ્યારે અંદર પ્રવેશ કરે છે ત્યારે સ્વભાવ-વિભાવનું પૃથ્થકરણ કરી નાખે છે અને જડ-ચેતનનો ભેદ બતાવે છે. તેથી ભેદ-વિજ્ઞાનીઓની રુચિ પરદ્રવ્યમાંથી ખસી જાય છે. તેઓ ધન, પરિગ્રહ, આદિમાં રહે તોપણ ખૂબ આનંદથી પરમતત્ત્વની પરીક્ષા કરીને આત્મિક રસનો આનંદ લે છે. ૩.

**સમ્યકત્વથી સમ્યગ્જ્ઞાન અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ ( સવૈયા તેવીસા )**

जो कबहुं यह जीव पदारथ,
औसर पाइ मिथ्यात मिटावे।
सम्यक धार प्रबाह बहै गुन,
ज्ञान उदै मुख ऊरध धावै।।
तो अभिअंतर दर्वित भावित,
कर्म कलेस प्रवेस न पावै।
आतम साधि अध्यातमके पथ,
पूरन ह्वै परब्रह्म कहावै।।४।।

**શબ્દાર્થ**:- કબહૂં=કોઈવાર. ઔસર ( અવસર )=મોકો. પ્રબાહ=વહેણ. ઊરધ=

---

यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।
तदयमुदयदात्मारामात्मानमात्मा
परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति।। ३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊંચે. ધાવૈ=દોડે. અભિઅંતર=( અભ્યંતર )=અંતરંગમાં. દર્વિતકર્મ=જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મ. ભાવિત કર્મ=રાગ-દ્વેષ-મોહ આદિ ભાવકર્મ. કલેશ=દુઃખ. પ્રવેસ=પહોંચ. પથ=માર્ગ. પૂરન=પૂર્ણ. પરબ્રહ્મ=પરમાત્મા.

**અર્થ:-** જ્યારે કોઈ વાર આ જીવપદાર્થ અવસર પામીને મિથ્યાત્વનો નાશ કરે છે અને સમ્યકત્વ જળના પ્રવાહમાં વહીને જ્ઞાનગુણના પ્રકાશમાં ઊંચે ચઢે છે ત્યારે તેના અંતરંગમાં દ્રવ્યકર્મ અને ભાવકર્મનું દુઃખ કાંઈ અસર કરતું નથી. તે આત્મશુદ્ધિના સાધન એવા અનુભવના માર્ગમાં લાગીને પરિપૂર્ણ અવસ્થાને પ્રાપ્ત થાય છે. તેને જ પરમાત્મા કહે છે.

**ભાવાર્થ:-** અનંત સંસારમાં પરિભ્રમણ કરતો જીવ કોઈવાર કાળલબ્ધિ, દર્શનમોહનીયનો અનુદય અને ગુરુ-ઉપદેશ આદિનો અવસર પામીને તત્ત્વશ્રદ્ધાન કરે છે ત્યારે દ્રવ્યકર્મો અથવા ભાવકર્મોની શક્તિ શિથિલ થઈ જાય છે અને અનુભવના અભ્યાસથી ઉન્નતિ કરતાં કરતાં કર્મબંધનથી મુક્ત થઈને ઊર્ધ્વગમન કરે છે અર્થાત્ સિદ્ધગતિને પામે છે. ૪.

**સમ્યગ્દષ્ટિનો મહિમા ( સવૈયા તેવીસા )**

भेदि मिथ्यात सु वेदि महारस,
भेद-विज्ञान कला जिन्ह पाई।
जो अपनी महिमा अवधारत,
त्याग करैं उर सौंज पराई।
उद्धत रीति फुरी जिन्हके घट,
होत निरंतर जोति सवाई।
ते मतिमान सुवर्न समान,
लगै तिन्हकौं न सुभासुभ काई।। ५।।

---

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।। ४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** ભેદિ=નષ્ટ કરીને. વેદિ=જાણીને. મહારસ=આત્માનુભવનું અમૃત અવધારત=ગ્રહણ કરતો. ઉદ્ધત=ચઢતી. ફુરી (સ્ફુરિત)=પ્રગટ. સુવર્ન=સોનું. કાઈ=મળ.

**અર્થઃ-** જેમણે મિથ્યાત્વનો વિનાશ કરીને અને સમ્યક્ત્વનો અમૃત રસ ચાખીને જ્ઞાનજ્યોતિ પ્રગટ કરી છે, પોતાના નિજગુણ-દર્શન. જ્ઞાન, ચારિત્ર ગ્રહણ કર્યા છે, હૃદયમાંથી પરદ્રવ્યોની મમતા છોડી દીધી છે અને દેશવ્રત, મહાવ્રતાદિ ઊંચી ક્રિયાઓનું ગ્રહણ કરીને જ્ઞાનજ્યોતિની સવાઈ વૃદ્ધિ કરી છે, તે વિદ્વાનો સુવર્ણ સમાન છે; તેમને શુભાશુભ કર્મમળ લાગતો નથી. ૫.

**ભેદજ્ઞાન, સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ છે. ( અડિલ્લ છંદ )**

**भेदग्यान संवर-निदान निरदोष है।**
**संवरसौं निरजरा, अनुक्रम मोष है।।**
**भेदग्यान सिवमूल, जगतमहि मानिये।**
**जदपि हेय है तदपि, उपादेय जानिये।। ६ ।।**

**શબ્દાર્થઃ-** નિદાન=કારણ. નિરદોષ=શુદ્ધ. નિરજરા=કર્મોનું એકદેશ ખરવું અનુક્રમ=ક્રમે ક્રમે. સિવ=મોક્ષ. મૂલ=મૂળિયું. હેય=છોડવા યોગ્ય. ઉપાદેય=ગ્રહણ કરવા યોગ્ય.

**અર્થઃ-** લોકમાં ભેદવિજ્ઞાન નિર્દોષ છે, સંવરનું કારણ છે; સંવર નિર્જરાનું કારણ છે અને નિર્જરા મોક્ષનું કારણ છે. તેથી ઉન્નતિના ક્રમમાં ભેદવિજ્ઞાન જ પરંપરાએ મોક્ષનું કારણ છે. જોકે તે ત્યાજ્ય છે તોપણ ઉપાદેય છે.

**ભાવાર્થઃ-** ભેદવિજ્ઞાન આત્માનું નિજસ્વરૂપ નથી તેથી મોક્ષનું પરંપરા કારણ છે, મૂળ કારણ નથી. પરંતુ તેના વિના મોક્ષના અસલ કારણ સમ્યક્ત્વ, સંવર, નિર્જરા થતાં નથી તેથી પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે અને કાર્ય થતાં કારણ-કલાપ પ્રપંચ જ હોય છે તેથી શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતાં હેય છે. ૬.

---

सम्पद्यते संवर एव साक्षाच्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।
स भेदविज्ञानत एव तस्मात्तद्भेदविज्ञानमतीव भाव्यम्।।५।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતાં ભેદજ્ઞાન હેય છે (દોહરો)

भेदग्यान तबलौं भलौ, जबलौं मुकति न होइ।
परम जोति परगट जहां, तहां न विकलप कोइ।। ७।।

**શબ્દાર્થઃ-** તબલૌ= ત્યાં સુધી. ભલૌ=સારું. પરમ જોતિ=ઉત્કૃષ્ટ જ્ઞાન. પરગટ (પ્રગટ)=પ્રકાશિત.

**અર્થઃ-** ભેદવિજ્ઞાન ત્યાં સુધી જ પ્રશંસનીય છે જ્યાં સુધી મોક્ષ અર્થાત્ શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ ન થાય અને જ્યાં જ્ઞાનની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રકાશમાન છે ત્યાં કોઈ પણ વિકલ્પ નથી. (ભેદવિજ્ઞાન તો રહેશે જ કેવી રીતે?) ૭.

### ભેદજ્ઞાન પરંપરા મોક્ષનું કારણ છે. (ચોપાઈ)

❈ भेदज्ञान संवर जिन्ह पायौ।
सो चेतन सिवरूप कहायौ।।
भेदग्यान जिन्हके घट नांही।
ते जड़ जीव बंधैं घट मांही।। ८।।

**શબ્દાર્થઃ-** ચેતન=આત્મા. સિવરૂપ=મોક્ષરૂપ. ઘટ=હૃદય.

**અર્થઃ-** જે જીવોએ ભેદવિજ્ઞાનરૂપ સંવર પ્રાપ્ત કર્યો છે તેઓ મોક્ષરૂપ જ કહેવાય છે, અને જેના હૃદયમાં ભેદવિજ્ઞાન નથી તે મૂર્ખ જીવો શરીર આદિથી બંધાય છે. ૮.

### ભેદજ્ઞાનથી આત્મા ઉજ્જવળ થાય છે. (દોહરા)

भेदग्यान साबू भयौ, समरस निरमल नीर।
धोबी अंतर आतमा, धोवै निजगुन चीर।। ९।।

**શબ્દાર્થઃ-** સમરસ=સમતાભાવ. નીર=પાણી. અંતર આતમા=સમ્યગ્દષ્ટિ. ચીર=કપડાં.

---

भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।
तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।। ६।।
❈ भेदविज्ञानत: सिद्धा: सिद्धा ये किल केचन।
अस्येवाभावतो बद्धा बद्धा ये किल केचन।। ७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** સમ્યગ્દષ્ટિરૂપ ધોબી, ભેદવિજ્ઞાનરૂપ સાબુ અને સમતારૂપ નિર્મળ જળથી આત્મગુણરૂપ વસ્ત્રને સાફ કરે છે. ૯.

**ભેદવિજ્ઞાનની ક્રિયામાં દૃષ્ટાંત ( સવૈયા એકત્રીસા )**

जैसे रजसोधा रज सोधिकैं दरब काढ़ै,
पावक कनक काढ़ि दाहत उपलकौं।
पंकके गरभमैं ज्यौं डारिये कतक फल,
नीर करै उज्जल नितारि डारै मलकौं।।
दधिकौ मथैया मथि काढ़ै जैसे माखनकौं
राजहंस जैसैं दूध पीवै त्यागि जलकौं।
तैसैं ग्यानवंत भेदग्यानकी सकति साधि,
वेदै निज संपति उछेदै पर-दलकौं।। १०।।

**શબ્દાર્થઃ-** રજ=ધૂળ. દરબ ( દ્રવ્ય )=સોનું, ચાંદી. પાવક=અગ્નિ. કનક =સોનું. દાહત=બાળે છે. ઉપલ=પત્થર. પંક=કાદવ. ગરભ=અંદર. કતક ફલ=નિર્મળી. વેદૈ=અનુભવ કરે. ઉછેદૈ ( ઉચ્છેદૈ )=ત્યાગ કરે. પર-દલ=આત્મા સિવાય ના બીજા પદાર્થો.

**અર્થઃ-** જેવી રીતે ધૂળધોયો ધૂળ શોધીને સોનું-ચાંદી ગ્રહણ કરે છે, અગ્નિ ધાતુને ગાળીને સોનું જુદું પડે છે, કાદવમાં નિર્મળી નાખવાથી તે પાણીને સાફ કરીને મેલ દૂર કરી દે છે, દહીંનું મંથન કરનાર દહીં મથીને માખણ કાઢી લે છે, હંસ દૂધ પી લે છે અને પાણી છોડી દે છે; તેવી જ રીતે જ્ઞાનીઓ ભેદવિજ્ઞાનના બળથી આત્મ-સંપદા ગ્રહણ કરે છે અને રાગ-દ્વેષ આદિ અથવા પુદ્ગલાદિ

---

भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-
द्रागग्रामप्रलयकरणात्कर्म्मणां संवरेण।
बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं
ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।। ८।।

इति संबराधिकारः।। ६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરપદાર્થોને ત્યાગી દે છે. ૧૦.

**મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન છે. ( છપ્પા છંદ )**

प्रगटि भेद विग्यान, आपगुन परगुन जानै।
पर परनति परित्याग, सुद्ध अनुभौ थिति ठानै।।
करि अनुभौ अभ्यास, सहज संवर परगासै।
आस्रव द्वार निरोधि, करमघन-तिमिर विनासै।।
छय करि विभाव समभाव भजि,
निरविकलप निज पद गहै।
निर्मल विसुद्धि सासुत सुथिर
परम अतींद्रिय सुख लहै।।११।।

**શબ્દાર્થઃ-** પરિત્યાગ=છોડીને. થિતિ ઠાનૈ=સ્થિર કરે. પરગાસૈ (પ્રકાશૈ)=પ્રગટ કરે. નિરોધિ=રોકીને. તિમિર=અંધકાર. સમભાવ=સમતાભાવ. ભજિ=ગ્રહણ કરીને. સાસુત (શાશ્વત)=સ્વયંસિદ્ધ. સુથિર=અચળ. અતીન્દ્રિય=જે ઈન્દ્રિય-ગોચર ન હોય તે.

**અર્થઃ-** ભેદવિજ્ઞાન આત્માના અને પરદ્રવ્યોના ગુણોને સ્પષ્ટ જાણે છે, પરદ્રવ્યોમાંથી પોતાપણું છોડીને શુદ્ધ અનુભવમાં સ્થિર થાય છે અને તેનો અભ્યાસ કરીને સંવરને પ્રગટ કરે છે, આસ્રવદ્વારનો નિગ્રહ કરીને કર્મજનિત મહા અંધકાર નષ્ટ કરે છે, રાગ-દ્વેષ આદિ વિભાવ છોડીને સમતાભાવ ગ્રહે છે અને વિકલ્પરહિત પોતાનું પદ પ્રાપ્ત કરે છે તથા નિર્મળ, શુદ્ધ, અનંત, અચળ અને પરમ અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરે છે. ૧૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# છઠ્ઠા અધિકારનો સાર

પૂર્વ અધિકારમાં કહેતા આવ્યા છીએ કે મિથ્યાત્વ જ આસ્રવ છે, તેથી આસ્રવનો નિરોધ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર છે. આ સંવર નિર્જરાનું અને અનુક્રમે મોક્ષનું કારણ છે. જ્યારે આત્મા સ્વયંબુદ્ધિથી અથવા શ્રીગુરુના ઉપદેશ આદિથી આત્મા-અનાત્માનું ભેદવિજ્ઞાન અથવા સ્વભાવ-વિભાવની ઓળખાણ કરે છે ત્યારે સમ્યગ્દર્શનગુણ પ્રગટ થાય છે. સ્વને સ્વ અને પરને પર જાણવું એનું જ નામ ભેદવિજ્ઞાન છે, એને જ સ્વ- પરનો વિવેક કહે છે. 'તાસુ જ્ઞાનકૌ કારન સ્વ-પર વિવેક બખાનૌ' અર્થાત્ ભેદવિજ્ઞાન સમ્યગ્દર્શનનું કારણ છે. જેવી રીતે કપડાં સાફ કરવામાં સાબુ સહાયક બને છે તેવી જ રીતે સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ભેદવિજ્ઞાન સહાયક થાય છે અને જ્યારે કપડાં સાફ થઈ જાય ત્યારે સાબુનું કાંઈ કામ રહેતું નથી અને સાબુ હોય તો એક ભાર જ લાગે છે; તેવી જ રીતે સમ્યગ્દર્શન થયા પછી જ્યારે સ્વ-પરના વિકલ્પની આવશ્યકતા નથી રહેતી ત્યારે ભેદવિજ્ઞાન હેય જ હોય છે. ભાવ એ છે કે ભેદવિજ્ઞાન પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે અને સમ્યગ્દર્શન નિર્મળ થયા પછી તેનું કાંઈ કામ નથી, હેય છે. ભેદવિજ્ઞાન જોકે હેય છે તોપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ હોવાથી ઉપાદેય છે, તેથી સ્વગુણ અને પરગુણની ઓળખાણ કરીને પર-પરિણતિથી વિરક્ત થવું જોઈએ અને શુદ્ધ અનુભવનો અભ્યાસ કરીને સમતાભાવ ગ્રહણ કરવો જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# નિર્જરા દ્વાર

## (૭)

**પ્રતિજ્ઞા (દોહરા)**

**वरनी संवरकी दसा, जथा जुगति परवांन।**
**मुकति वितरनी निरजरा, सुनहु भविक धरि कान।। १।।**

**શબ્દાર્થઃ-** જથા જુગતિ પરવાંન=જેવું આગમમાં કહ્યું છે તેવું. વિતરની=આપનારી.

**અર્થઃ-** જેવું આગમમાં સંવરનું કથન છે તેવું વર્ણન કર્યું. હે ભવ્યો! હવે મોક્ષ આપનાર નિર્જરાનું કથન કાન દઈને સાંભળો. ૧.

**મંગળાચરણ (ચોપાઈ)**

**❈ जो संवरपद पाइ अनंदै।**
**सो पूरवकृत कर्म निकंदै।।**
**जो अफंद ह्वै बहुरि न फंदै।**
**सो निरजरा बनारसि बंदै।। २।।**

**શબ્દાર્થઃ-** અનંદૈ=પ્રસન્ન થાય. નિકંદૈ=નષ્ટ કરે. બહુરિ=વળી. ફંદૈ=ગુંચવાય.

**અર્થઃ-** જે સંવરની અવસ્થા પ્રાપ્ત કરીને આનંદ કરે છે, જે પૂર્વે બાંધેલાં કર્મોનો નાશ કરે છે, જે કર્મની જાળમાંથી છૂટીને ફરી ફસાતો નથી, તે નિર્જરાભાવને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૨.

---

❈ रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः
कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुन्धन्, स्थितः।
प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा
ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्च्छति।।१।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાન-વૈરાગ્યના બળથી શુભાશુભ ક્રિયાઓથી પણ બંધ થતો નથી.**
**( દોહરા )**

❊ महिमा सम्यकज्ञानकी, अरु विरागबल जोइ।
क्रिया करत फल भुंजतैं, करम बंध नहि होइ।। ३।।

**શબ્દાર્થ:-** મહિમા=પ્રભાવ. અરુ=અને. ભુંજતૈં=ભોગવતા.

**અર્થ:-** સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી અને વૈરાગ્યના બળથી શુભાશુભ ક્રિયા કરવા છતાં અને તેનું ફળ ભોગવવા છતાં પણ કર્મબંધ થતો નથી. ૩.

**ભોગ ભોગવવા છતાં પણ જ્ઞાનીઓને કર્મકાલિમા લાગતી નથી.**
**( સવૈયા એકત્રીસા )**

जैसैं भूप कौतुक सरूप करै नीच कर्म,
कौतुकी कहावै तासौं कौन कहै रंक है।
जैसैं विभचारिनी विचारै विभचार वाकौ,
जारहीसौं प्रेम भरतासौं चित्त बंक है।।
जैसैं धाइ बालक चुँघाइ करै लालिपालि,
जानै ताहि औरकौ जदपि वाकै अंक है।
तैसैं ग्यानवंत नाना भांति करतूति ठानै,
किरियाकौं भिन्न मानै याते निकलंक है।। ४।।

**શબ્દાર્થ:-** ભૂપ=રાજા. કૌતુક=ખેલ. નીચ કર્મ=હલકું કામ. રંક=કંગાલ. વાકૌ=તેનું. જાર (યાર) મિત્ર. ભરતા =પતિ. બંક=વિમુખ. ચુંઘાઈ=પિવડાવીને. લાલિપાલિ=લાલનપાલન. અંક=ગોદ. નિકલંક=નિર્દોષ.

**અર્થ:-** જેવી રીતે રાજા ખેલરૂપ હલકું કામ* કરે તો પણ તે ખેલાડી પુરુષ કહેવાય છે, તેને કોઈ ગરીબ નથી કહેતું અથવા જેવી રીતે વ્યભિચારિણી સ્ત્રી

---

* ગધેડા ઉપર ચઢવું વગેરે.

❊ तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।
यत्कोऽपि कर्मभिः कर्म भुञ्जानोऽपि न बध्यते।। २।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પતિની પાસે રહે તોપણ તેનું ચિત્ત યારમાં જ રહે છે-પતિ ઉપર પ્રેમ રહેતો નથી અથવા જેવી રીતે ધાવ બાળકને દૂધ પીવડાવે, લાલન-પાલન કરે, અને ગોદમાં લે છે તોપણ તેને બીજાનો જાણે છે, તેવી જ રીતે જ્ઞાની જીવ ઉદયની પ્રેરણાથી* જાતજાતની શુભાશુભ ક્રિયા કરે છે પરંતુ તે ક્રિયાને આત્મસ્વભાવથી ભિન્ન કર્મજનિત માને છે, તેથી સમ્યગ્જ્ઞાની જીવને કર્મકાલિમા લાગતી નથી. ૪. વળી,

जैसैं निसि वासर कमल रहै पंकहीमैं,
पंकज कहावै पै न वाकै ढिग पंक है।
जैसैं मंत्रवादी विषधरसौं गहावै गात,
मंत्रकी सकति वाकै विना-विष डंक है।।
जैसैं जीभ गहै चिकनाई रहै रूखे अंग,
पानीमैं कनक जैसैं काईसौं अटंक है।
तैसैं ग्यानवंत नानभांति करतूति ठानै,
किरियाकौ भिन्न मानै यातै निकलंक है।। ५।।

**શબ્દાર્થઃ-** નિસિ (નિશિ)=રાત્રિ. વાસર=દિવસ. પંક=કાદવ. પંકજ=કમળ. વિષધર=સાપ. ગાત=શરીર. કાઈ= કાટ.અટંક=રહિત.

**અર્થઃ-** જેમ કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે અને રાત-દિવસ કાદવમાં રહે છે પરંતુ તેના ઉપર કાદવ ચોંટતો નથી અથવા જેમ મંત્રવાદી પોતાના શરીર ઉપર સાપ દ્વારા ડંખ દેવડાવે છે પણ મંત્રની શક્તિથી તેના ઉપર વિષ ચડતું નથી અથવા જેમ જીભ ચીકણા પદાર્થ ખાય છે પણ ચીકણી થતી નથી, લૂખી રહે છે અથવા જેમ સોનું પાણીમાં પડયું રહે તોપણ તેના પર કાટ લાગતો નથી; તેવી જ રીતે જ્ઞાની જીવ ઉદયની પ્રેરણાથી જાતજાતની શુભાશુભ ક્રિયાઓ કરે છે. પરંતુ તેને આત્મસ્વભાવથી ભિન્ન કર્મજનિત માને છે તેથી સમ્યગ્જ્ઞાની જીવને કર્મકાલિમા લાગતી નથી. ૫.

---

* ગૃહવાસી તીર્થંકર, ભરત ચક્રવર્તી, રાજા શ્રેણિક વગેરેની જેમ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વૈરાગ્યશક્તિનું વર્ણન ( સોરઠા )**

पूर्व उदै सनबंध, विषै भोगवै समकिती।
करै न नूतन बन्ध, महिमा ग्यान विरागकी।। ६।।

**અર્થઃ-** સમ્યગ્દષ્ટિ જીવ પૂર્વે બાંધેલા કર્મોના ઉદયથી વિષય આદિ ભોગવે છે પણ કર્મબંધ થતો નથી, એ જ્ઞાન અને વૈરાગ્યનો પ્રભાવ છે. ૬.

**જ્ઞાન-વૈરાગ્યથી મોક્ષની પ્રાપ્તિ છે. ( સવૈયા એકત્રીસા )**

सम्यकवंत सदा उर अंतर,
ग्यान विराग उभै गुन धारै।।
जासु प्रभाव लखै निज लच्छन,
जीव अजीव दसा निखारै।।
आतमकौ अनुभौ करि ह्वै थिर,
आप तरै अर औरनि तारै।
साधि सुदर्व लहै सिव सर्म,
सु कर्म-उपाधि विथा वमि डारै।। ७।।

**શબ્દાર્થઃ-** ઉર=હૃદય. પ્રભાવ=પ્રતાપથી. નિરવારૈ=નિર્ણય કરે. ઔરનિ=બીજાઓને. સુદ્રવ્ય (સ્વદ્રવ્ય)=આત્મતત્ત્વ. સર્મ( શર્મ )=આનંદ. ઉપાધિ=દ્વંદ્વ-ફંદ. વ્યથા=કષ્ટ. વમિ ડારૈ=કાઢી નાખે છે.

**અર્થઃ-** સમ્યગ્દષ્ટિ જીવ સદૈવ અંતઃકરણમાં જ્ઞાન અને વૈરાગ્ય બન્ને ગુણ ધારણ કરે છે જેના પ્રતાપથી નિજ આત્મસ્વરૂપને દેખે છે અને જીવ-અજીવ તત્ત્વોનો

---

नाश्नुते विषयसेवनेऽपि यत्स्वं फलं विषयसेवनस्य ना।
ज्ञानवैभवविरागताबलात्सेवकोऽपि तदसावसेवकः।। ३।।
सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।। ४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્ણય કરે છે. [૧]તેઓ આત્મ-અનુભવ કરીને જિન-સ્વરૂપમાં સ્થિર થાય છે તથા સંસાર-સમુદ્રથી પોતે સ્વયં તરે છે અથવા બીજાઓને તારે છે. [૨]આ રીતે આત્મતત્ત્વ સિદ્ધ કરીને કર્મોની જાળ દૂર કરે છે અને મોક્ષનો આનંદ પ્રાપ્ત કરે છે. ૭.

**સમ્યગ્જ્ઞાન વિના સંપૂર્ણ ચારિત્ર નકામું છે. ( સવૈયા એકત્રીસા )**

जो नर सम्यकवंत कहावत,
सम्यकग्यान कला नहि जागी।
आतम अंग अबंध विचारत,
धारत संग कहै हम त्यागी।।
भेष धरै मुनिराज-पटंतर,
अंतर मोह-महानल दागी।
सुन्न हिये करतूति करै पर,
सो सठ जीव न होय विरागी।। ८।।

**શબ્દાર્થઃ-** સંગ=પરિગ્રહ. પટંતર (પટતર)=સમાન. મહાનલ=તીવ્ર અગ્નિ. દાગી=ધગે છે. સુન્ન હિયે=શૂન્ય હૃદયે. સઠ=મૂર્ખ.

**અર્થઃ-** જે મનુષ્યને સમ્યગ્જ્ઞાનનું કિરણ તો પ્રગટ થયું નથી અને પોતાને સમ્યગ્દષ્ટિ માને છે, તે નિજાત્મસ્વરૂપનું અબંધરૂપ ચિંતવન કરે[૩] છે, શરીર આદિ પરવસ્તુમાં મમત્વ રાખે છે અને કહે છે કે અમે ત્યાગી છીએ. તે મુનિરાજ જેવો વેષ ધારણ કરે છે પરંતુ અંતરંગમાં મોહની મહાજ્વાળા સળગે છે, ત શૂન્ય-હૃદય

---

૧. જીવે અનાદિકાળથી દેહાદિ પર વસ્તુઓને પોતાની માની લીધી હતી તે હઠ છોડી દે છે અને પોતાના આત્માને તેમનાથી જુદો માનવા લાગે છે. ૨. ધર્મોપદેશ આપીને.
૩. નિશ્ચયનયનો એકાંત પક્ષ લઈને.

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात् सन्ति सम्यक्त्वरिक्ताः।। ५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈને (મુનિરાજ જેવી) ક્રિયા કરે છે પરંતુ તે મુર્ખ છે; વાસ્તવમાં સાધુ નથી, દ્રવ્યલિંગી છે. ૮.

**ભેદવિજ્ઞાન વિના સમસ્ત ચારિત્ર નકામું છે. (સવૈયા તેવીસા)**

ग्रन्थ रचै चरचै सुभ पंथ,
लखै जगमैं विवहार सुपत्ता।
साधि संतोष अराधि निरंजन,
देइ सुसीख न लेइ अदत्ता।।
नंग धरंग फिरै तजि संग,
छकै सरवंग मुधारस मत्ता।
ए करतूति करै सठ पै,
समुझै न अनातम-आतम-सत्ता।। ९।।

**શબ્દાર્થઃ-** રચૈ=બનાવે. ચરચૈ=કથન કરે. સુભ પંથ=ધર્મમાર્ગ. સુપત્તા=સુપાત્ર. નિરંજન=ઈશ્વર. સુસીખ=સારો ઉપદેશ. અદત્તા=આપ્યા વિના. નંગ-ધરંગ=નગ્ન. સંગ=પરિગ્રહ. મુધારસ મત્તા=અજ્ઞાનરસમાં ઉન્મત્ત. આતમ સત્તા=શુદ્ધ ચૈતન્યભાવ. અનાતમ સત્તા=શરીર રાગ-દ્વેષ-મોહ આદિ.

**અર્થઃ-** તે મૂર્ખ ગ્રંથ-રચના કરે છે, ધર્મની ચર્ચા કરે છે, શુભ-અશુભ ક્રિયાને જાણે છે, યોગ્ય વ્યવહાર રાખે છે, સંતોષને સંભાળે છે, અર્હંત્ ભગવાનની ભક્તિ કરે છે, સારો ઉપદેશ આપે છે, આપ્યા વિના લેતો નથી[૧], બાહ્ય પરિગ્રહ છોડીને નગ્ન ફરે છે, અજ્ઞાનરસમાં ઉન્મત્ત થઈને બાળતપ કરે છે, તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી. ૯.

---

૧. અચૌર્યાદિ વ્રત અને એષણા આદિ સમિતિ પાળે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વળી–

ध्यान धरै करै इंद्रिय-निग्रह,
विग्रहसौं न गनै निज नत्ता।
त्यागि विभूति विभूति मढै तन,
जोग गहै भवभोग-विरत्ता।।
मौन रहै लहि मंदकषाय,
सहै बध बंधन होइ न तत्ता।
ए करतूति करै सठ पै,
समुझै न अनातम-आतम-सत्ता।। १०।।

**શબ્દાર્થ:-** નિગ્રહ=દમન કરવું. વિગ્રહ=શરીર. નત્તા (નાતા)=સંબંધ. વિભૂતિ=ધન-સંપત્તિ. વિભૂતિ=ભસ્મ (રાખ). મઢે=લગાવે. જોગ =ત્યાગ[1]. વિરત્તા (વિરક્ત)=ત્યાગી. તત્તા (તપ્ત)=ક્રોધિત, દુઃખી.

**અર્થ:-** આસન લગાવીને ધ્યાનકરે છે, ઈન્દ્રિયોનું દમન કરે છે, શરીર સાથે પોતાના આત્માનો કાંઈ સંબંધ ગણતો નથી, ધન-સંપત્તિનો ત્યાગ કરે છે, શરીરને રાખથી ચોળે છે[2], પ્રાણાયામ આદિ યોગસાધના કરે છે, સંસાર અને ભોગોથી વિરક્ત રહે છે, મૌન ધારણ કરે છે, કષાયોને મંદ કરે છે. , વધ-બંધન સહન કરીને દુઃખી થતો નથી. તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી. ૧૦.

**(ચોપાઈ)**

जो बिनु ग्यान क्रिया अवगाहै।
जो बिनु क्रिया मोखपद चाहै।।
जो बिनु मोख कहै मैं सुखिया।
सो अजान मूढनिमैं मुखिया।। ११।।

---

૧. દોહા– આસન પ્રાણાયામ, યમ, નિયમ ધારણા ધ્યાન;
પ્રત્યાહાર સમાધિ યે, અષ્ટ યોગ પહિચાન. ૨. સ્નાન આદિ ન કરવાથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** ક્રિયા=ચારિત્ર. અવગાહૈ=ગ્રહણ કરે. અજાન=મૂર્ખ. મૂઢનિમેં=મૂર્ખાઓમાં. મુખિયા=પ્રધાન.

**અર્થઃ-** જે સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર ધારણ કરે છે અથવા ચારિત્ર વિના મોક્ષપદ ચાહે છે, તથા મોક્ષ વિના પોતાને સુખી કહે છે, તે અજ્ઞાની છે, મૂર્ખાઓમાં પ્રધાન અર્થાત્ મહામૂર્ખ છે. ૧૧.

**શ્રીગુરુનો ઉપદેશ અજ્ઞાની જીવો માનતા નથી. ( સવૈયા એકત્રીસા )**

जगवासी जीवनीसौं गुरु उपदेस कहै,
तुमै इहां सोवत अनंत काल बीते हैं।
जागौ ह्वै सचेत चित्त समता समेत सुनौ,
केवल-वचन जामैं अक्ष-रस जीते हैं।।
आवौ मेरै निकट बताऊं मैं तुम्हारे गुन,
परम सुरस-भरे करमसौं रीते हैं।
ऐसे बैन कहै गुरु तौऊ ते न धरै उर,
मित्रकैसे पुत्र किधौं चित्रकैसे चीते हैं।। १२।।

**શબ્દાર્થઃ-** મિત્રકૈસે પુત્ર=માટીના પૂતળા જેવા. ચિત્રકૈસે ચીતે=ચિત્રમાં બનેલા.

**અર્થઃ-** શ્રીગુરુ જગવાસી જીવોને ઉપદેશ આપે છે કે તમને સંસારમાં મોહનિદ્રા લેતાં અનંતકાળ વીતી ગયો; હવે તો જાગો અને સાવધાન અથવા શાંતચિત્ત થઈને ભગવાનની વાણી સાંભળો, જેનાથી ઈન્દ્રિયોના વિષયો જીતી શકાય છે. મારી પાસે આવો, હું કર્મ-કલંક રહિત પરમ આનંદમય તમારા આત્માના ગુણ તમને બતાવું. શ્રીગુરુ આવાં વચન કહે છે તોપણ સંસારી મોહી જીવ કાંઈ ધ્યાન આપતા નથી, જાણે કે તેઓ માટીના પૂતળા છે અથવા ચિત્રમાં દોરેલા મનુષ્ય છે. ૧૨.

---

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।। ६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

### જીવની શયન અને જાગૃત દશા કહેવાની પ્રતિજ્ઞા (દોહરા)

एतेपर बहुरौं सुगुरु, बोलैं वचन रसाल।
सैन दसा जागृत दसा, कहै दुहूंकी चाल।। १३।।

**શબ્દાર્થઃ-** રસાલ=મીઠા. સૈન (શયન)=સૂતેલી. દસા=અવસ્થા.

**અર્થઃ-** આમ છતાં ફરીથી કૃપાળુ સુગુરુ જીવની નિદ્રિત અને જાગૃત દશાનું કથન મધુર વચનોમાં કહે છે. ૧૩.

काया चित्रसारीमैं करम परजंक भारी,
मायाकी संवारी सेज चादरि कलपना।
सैन करै चेतन अचैतना नींद लियैं,
मोहकी मरोर यहै लोचनकौ ढपना।।
उदै बल जोर यहै स्वासकौ सबद घोर,
विषै-सुख कारजकी दौर यहै सपना।
ऐसी मूढ़ दसामैं मगन रहै तिहूं काल,
धावै भ्रम जालमैं न पावै रूप अपना।। १४।।

**શબ્દાર્થઃ-** કાયા=શરીર. ચિત્રસારી=શયનાગાર, સૂવાની જગ્યા, સંવારી=સજી, પરજંક (પર્યંક)=પલંગ. સેજ=પથારી. ચાદરિ=ઓઢવાનું વસ્ત્ર. અચેતના=સ્વરૂપને ભૂલી જવું તે. લોચન=આંખ. સ્વાસકૌ સબદ=નસકોરાં બોલાવવાં.

**અર્થઃ-** શરીરરૂપી મહેલમાં કર્મરૂપી મોટો પલંગ છે, માયાની પથારી સજેલી છે, કલ્પનારૂપી* ચાદર છે, સ્વરૂપની ભૂલરૂપ નિદ્રા લઈ રહ્યો છે, મોહની લહેરોથી આંખની પાંપણ ઢંકાઈ ગઈ છે, કર્મોદયની જોરાવરી એ નસકોરાંનો ઘુરકાટ છે, વિષયસુખનાં કાર્યો માટે ભટકવું એ સ્વપ્ન છે; આવી અજ્ઞાન દશામાં આત્મા સદા મગ્ન થઈને મિથ્યાત્વમાં ભટકતો ફરે છે પરંતુ પોતાના આત્મસ્વરૂપને જોતો નથી. ૧૪.

---

* જ્યારે રાગ-દ્વેષનાં બાહ્ય નિમિત્ત નથી મળતાં ત્યારે મનમાં જાતજાતનાં સંકલ્પ-વિકલ્પ કરવા તે.

### જીવની જાગૃત દશા (સવૈયા એકત્રીસા)

चित्रसारी न्यारी परजंक न्यारौ सेज न्यारी,
चादरि भी न्यारी इहां झूठी मेरी थपना।
अतीत अवस्था सैन निद्रा वाहि कोऊ पै,
न विद्यमान पलक न यामैं अब छपना।।
स्वास औ सुपन दोऊ निद्राकी अलंग बूझै,
सुझै सब अंग लखि आतम दरपना।
त्यागी भयौ चेतन अचेतनता भाव त्यागि,
भालै दृष्टि खोलिकैं संभालै रूप अपना।। १५।।

**શબ્દાર્થઃ-** થપના= સ્થાપના. અતીત=ભૂતકાળ. નિદ્રાવાહિ=નિદ્રામાં પડેલો. યામેં=એમાં. છપના=લગાડવું. અલંગ=સંબંધ. દરપના=દર્પણ. ભાલૈ=દેખે.

**અર્થઃ-** જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યારે જીવ વિચારે છે કે શરીરરૂપ મહેલ જુદો છે, કર્મરૂપ પલંગ જુદો છે, માયારૂપ પથારી જુદી છે, કલ્પનારૂપ ચાદર જુદી છે, આ નિદ્રાવસ્થા મારી નથી-પૂર્વકાળમાં નિદ્રામાં પડેલી મારી બીજી જ પર્યાય હતી. હવે વર્તમાનની એક પળ પણ નિદ્રામાં નહિ વીતાવું, ઉદયનો નિઃશ્વાસ અને વિષયનું સ્વપ્ન-એ બન્ને નિદ્રાના સંયોગથી દેખાતા હતા. હવે આત્મારૂપ દર્પણમાં મારા સમસ્ત ગુણો દેખાવા લાગ્યા. આ રીતે આત્મા અચેતન ભાવોનો ત્યાગી થઈને જ્ઞાનદ્રષ્ટિથી જોઈને પોતાનું સ્વરૂપ સંભાળે છે. ૧૫.

### જાગૃત દશાનું ફળ (દોહરા)

इहि विधि जे जागे पुरुष, ते शिवरूप सदीव।
जे सोवहि संसारमैं, ते जगवासी जीव।। १६।।

**શબ્દાર્થઃ-** ઈહવિધિ=આ પ્રકારે. જાગે=સચેત થયા. તે=તેઓ. સદીવ (સદૈવ)=હંમેશાં. જગવાસી=સંસારી.

**અર્થઃ-** જે જીવ સંસારમાં આ રીતે આત્મ-અનુભવ કરીને સચેત થયા છે તે હંમેશાં મોક્ષરૂપ જ છે અને જે અચેત થઈને સૂઈ રહ્યા છે તે સંસારી છે. ૧૬.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આત્મ-અનુભવ ગ્રહણ કરવાની શિખામણ. ( દોહરા )**

❈ जो पद भौपद भय हरै, सो पद सेऊ अनूप।
जिहि पद परसत और पद, लगै आपदारूप।। १७।।

**શબ્દાર્થઃ-** ભૌ ( ભવ )=સંસાર. સેઉ=સ્વીકાર કરો. અનૂપ=ઉપમા રહિત. પરસત ( સ્પર્શત )=ગ્રહણ કરતાં જ. આપદા=કષ્ટ.

**અર્થઃ-** જે જન્મ-મરણનો ભય દૂર કરે છે, ઉપમા રહિત છે, જેનું ગ્રહણ કરવાથી બીજાં બધાં પદ* વિપત્તિરૂપ ભાસવા લાગે છે તે આત્મ-અનુભવરૂપ પદને અંગીકાર કરો. ૧૭.

**સંસાર સર્વથા અસત્ય છે. ( સવૈયા એકત્રીસા )**

जब जीव सोवै तब समुझै सुपन सत्य,
वहि झूठ लागै तब जागै नींद खोइकै।
जागै कहै यह मेरौ तन यह मेरी सौंज,
ताहू झूठ मानत मरन-थिति जोइकै।।
जानै निज मरम मरन तब सूझै झूठ,
बूझै जब और अवतार रूप होइकै।
वाहू अवतारकी दसामैं फिरि यहै पेच,
याही भांति झूठौ जग देख्यौ हम टोइकै।। १८।।

**શબ્દાર્થઃ-** સૌંજ=વસ્તુ. અવતાર=જન્મ. ટોઈકૈ=શોધીને.

**અર્થઃ-** જ્યારે જીવ સૂવે છે ત્યારે સ્વપ્નને સત્ય માને છે, જ્યારે જાગે છે ત્યારે તે જૂઠું જણાય છે. શરીર કે ધન-સામગ્રીને પોતાની ગણે છે, પછી મૃત્યુનો ખ્યાલ કરે છે ત્યારે તેને પણ જૂઠી માને છે. જ્યારે પોતાના સ્વરૂપનો વિચાર

---

* ઈન્દ્ર, ધરણેન્દ્ર, નરેન્દ્રાદિ.

❈ एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।। ७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે ત્યારે મૃત્યુ પણ અસત્ય જણાય છે અને બીજો જન્મ સત્ય લાગે છે. જ્યારે બીજા જન્મનો વિચાર કરે છે ત્યારે પાછો આ જ ચક્રાવામાં પડી જાય છે- આ રીતે શોધીને જોયું તો આ જન્મ-મરણરૂપ આખો સંસાર જૂઠો જ જૂઠો જણાય છે. ૧૮.

**સમ્યગ્જ્ઞાનીનું આચરણ ( સવૈયા એકત્રીસા )**

पंडित विवेक लहि एकताकी टेक गहि,
दुंदज अवस्थाकी अनेकता हरतु है।
मति श्रुति अवधि इत्यादि विकलप मेटि,
निरविकलप ग्यान मनमैं धरतु है।।
इंद्रियजनित सुख दुखसौं विमुख ह्वैकै,
परमके रूप ह्वै करम निर्जरतु है।
सहज समाधि साधि त्यागि परकी उपाधि,
आतम आराधि परमातम करतु है।।१९।।

**શબ્દાર્થઃ-** ટેક=હઠ. દુંદજ=વિકલ્પરૂપ, આકુળતારૂપ. મેટિ=દૂર કરીને. સમાધિ=ધ્યાન. પરકી ઉપાધિ=રાગ-દ્વેષ-મોહ.

**અર્થઃ-** સમ્યગ્દષ્ટિ જીવ ભેદજ્ઞાન પ્રાપ્ત કરીને એક આત્માનું જ ગ્રહણ કરે છે, દેહાદિથી મમત્વના અનેક વિકલ્પો છોડી દે છે, મતિ, શ્રુત, અવધિ ઈત્યાદિ ક્ષાયોપશમિકભાવ છોડીને નિર્વિકલ્પ કેવળજ્ઞાનને પોતાનું સ્વરૂપ જાણે છે, ઈન્દ્રિયજનિત સુખ દુઃખમાંથી રુચિ ખસેડીને શુદ્ધ આત્મ-અનુભવ કરીને કર્મોની નિર્જરા કરે છે અને રાગ-દ્વેષ-મોહનો ત્યાગ કરીને ઉજ્જવળ ધ્યાનમાં લીન થઈને આત્માની આરાધના કરીને પરમાત્મા થાય છે. ૧૯.

---

एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्
स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।
आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं
सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्।।८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**સમ્યગ્જ્ઞાનને સમુદ્રની ઉપમા. ( સવૈયા એકત્રીસા )**

जाके उर अंतर निरंतर अनंत दर्व,
भाव भासि रहे पै सुभाव न टरतु है।
निर्मलसौं निर्मल सु जीवन प्रगट जाके,
घटमैं अघट-रस कौतुक करतु है।।
जामैं मति श्रुति औधि मनपर्यै केवल सु,
पंचधा तरंगनि उमंगि उछरतु है।
सो है ग्यान उदधि उदार महिमा अपार,
निराधार एकमैं अनेकता धरतु है।। २०।।

**શબ્દાર્થઃ-** અંતર=અંદર. અઘટ=પૂર્ણ. ઔધિ (અવધિ)=દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાથી રૂપી પદાર્થોને એકદેશ સ્પષ્ટ જાણનાર જ્ઞાન. પંચધા=પાંચ પ્રકારની. તરંગનિ=લહેરો. ગ્યાન ઉદધિ=જ્ઞાનનો સમુદ્ર. નિરધાર=સ્વતંત્ર.

**અર્થઃ-** જે જ્ઞાનરૂપ સમુદ્રમાં અનંત દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયો સહિત હંમેશાં ઝળકે છે, પણતે,તે દ્રવ્યોરૂપ થતો નથી અને પોતાના જ્ઞાયક સ્વભાવને છોડતો નથી. તે અત્યંત નિર્મળ જળરૂપ આત્મા પ્રત્યક્ષ છે જે પોતાના પૂર્ણ રસમાં મોજ કરે છે તથા જેમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન આ પાંચ પ્રકારની લહેરો ઊઠે છે, જે મહાન છે, જેનો મહિમા અપરંપાર છે, જે નિજાશ્રિત છે તે જ્ઞાન એક છે તોપણ જ્ઞેયોને જાણવાની અનેકતા સહિત છે.

**ભાવાર્થઃ-** અહીં જ્ઞાનને સમુદ્રની ઉપમા આપી છે. સમુદ્રમાં રત્નાદિ અનંત દ્રવ્યો રહે છે, જ્ઞાનમાં પણ અનંત દ્રવ્યો પ્રતિબિંબિત થાય છે. સમુદ્ર રત્નાદિરૂપ થઈ જતો નથી, જ્ઞાન પણ જ્ઞેયરૂપ થતું નથી. સમુદ્રનું જળ નિર્મળ રહે છે, જ્ઞાન પણ નિર્મળ રહે છે. સમુદ્ર પરિપૂર્ણ રહે છે, જ્ઞાન પણ પરિપૂર્ણ રહે છે. સમુદ્રમાં લહેરો ઉત્પન્ન થાય છે.

---

* ઘટ=ઓછું. અઘટ=ઓછું નહિ, સંપૂર્ણ.

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्याभिन्नरसः स एव भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।। ९।।

જ્ઞાનમાં પણ મતિ, શ્રુત, આદિ તરંગો છે. સમુદ્ર મહાન હોય છે, જ્ઞાન પણ મહાન હોય છે, સમુદ્ર અપાર હોય છે, જ્ઞાન પણ અપાર છે. સમુદ્રનું જળ નિજાધારે રહે છે, જ્ઞાન પણ નિજાધાર છે. સમુદ્ર પોતાના સ્વરૂપની અપેક્ષાએ એક અને તરંગોની અપેક્ષાએ અનેક હોય છે, જ્ઞાન પણ જ્ઞાયકસ્વભાવની અપેક્ષાએ એક અને જ્ઞેયોને જાણવાની અપેક્ષાએ અનેક હોય છે. ૨૦.

**જ્ઞાનરહિત ક્રિયાથી મોક્ષ થતો નથી. ( સવૈયા એકત્રીસા )**

कोइ क्रूर कष्ट सहैं तपसौं सरीर दहैं,
धूम्रपान करैं अधोमुख ह्वैकै झूले हैं।
केई महाव्रत गहैं क्रियामैं मगन रहैं,
वहैं मुनिभार पै पयारकैसे पूले हैं।
इत्यादिक जीवनकौं सर्वथा मुकति नांहि,
फिरैं जगमांहि ज्यौं वयारिके बघूले हैं।
जिन्हके हियमैं ग्यान तिन्हिहीकौं निरवान,
करमके करतार भरममैं भूले हैं।। २१।।

**શબ્દાર્થઃ-** કેઈ=અનેક. ક્રૂર=મૂર્ખ. દહૈં=બાળે. અધોમુખ હ્વૈ=નીચે માથું અને ઉપર પગ કરીને. બયારિ=હવા. નિરવાન=મોક્ષ.

**અર્થઃ-** અનેક મૂર્ખ કાયકલેશ કરે છે, પંચાગ્નિ તપ આદિથી શરીરને બાળે છે, ગાંજો, ચરસ, વગેરે પીવે છે, નીચે મસ્તક અને ઉપર પગ રાખીને લટકે છે, મહાવ્રતનું ગ્રહણ કરીને તપાચરણમાં લીન રહે છે, પરિષહ આદિનું કષ્ટ ઉઠાવે છે; પરંતુ જ્ઞાન વિના તેમની આ બધી ક્રિયા, કણ વિનાના ઘાસના પૂળા જેવી નિસ્સાર છે. આવા જીવોને કદી મોક્ષ મળી શકતો નથી, તેઓ પવનના વંટોળિયાની

---

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरं।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।। १०।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ સંસારમાં ભટકે છે-કયાંય ઠેકાણું પામતા નથી. જેમના હૃદયમાં સમ્યગ્જ્ઞાન છે, તેમને જ મોક્ષ છે; જે જ્ઞાનશૂન્ય ક્રિયા કરે છે તેઓ ભ્રમમાં ભૂલેલા છે. ૨૧.

**વ્યવહારલીનતાનું પરિણામ. ( દોહરા )**

लीन भयौ विवहारमैं, उकति न उपजै कोइ।
दीन भयौ प्रभुपद जपै, मुकति कहासौं कोइ ?।। २२।।

**શબ્દાર્થ:-** ઉકતિ=ભેદજ્ઞાન. કહાસૌં=કેવી રીતે.

**અર્થ:-** જે ક્રિયામાં લીન છે, ભેદવિજ્ઞાન રહિત છે અને દીન થઈને ભગવાનનાં ચરણોનો જાપ કરે છે અને એનાથી જ મોક્ષની ઈચ્છા રાખે છે તે આત્માનુભવ વિના મોક્ષ કેવી રીતે મેળવી શકે? ૨૨.

**વળી-( દોહરા )**

प्रभु सुमरौ पूजौ पढ़ौ करौ विविध विवहार।
मोख सरूपी आतमा, ग्यानगम्य निरधार।। २३।।

**શબ્દાર્થ:-** સુમરૌ=સ્મરણ કરો. વિવિધ વિવહાર=જાુદા જાુદા પ્રકારનું ચારિત્ર.

**અર્થ:-** ભગવાનનું સ્મરણ કરવાથી, પૂજા-સ્તુતિ કરવાથી અથવા અનેક પ્રકારનું ચારિત્ર ગ્રહણ કરવાથી કાંઈ થઈ શકતું નથી, કેમ કે મોક્ષ-સ્વરૂપ આત્મા અનુભવ-જ્ઞાનગોચર છે. ૨૩.

**જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી. ( સવૈયા એકત્રીસા )**

काज विना न करै जिय उद्यम,
लाज विना रन मांहि न जूझै।
डील विना न सधै परमारथ,
सील विना सतसौं न अरूझै।।
नेम विना न लहै निहचै पद,
प्रेम विना रस रीति न बूझै।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ध्यान विना न थंभै मनकी गति,
ग्यान विना सिव पंथ न सूझै।। २४।।

**શબ્દાર્થઃ-** ઉદ્યમ=ઉદ્યોગ. લાજ=સ્વાભિમાન, ડીલ=શરીર. જૂઝૈ=લડે. પરમારથ (પરમાર્થ)=મોક્ષ. અરૂઝૈ=મળે. નેમ=નિયમ. બૂઝૈ=સમજે. સિવપંથ=મોક્ષમાર્ગ. સૂઝૈ=દેખાય.

**અર્થઃ-** પ્રયોજન વિના જીવ ઉદ્યમ કરતો નથી, સ્વાભિમાન વિના સંગ્રામમાં લડતો નથી, શરીર વિના મોક્ષ સધાતો નથી, શીલ ધારણ કર્યા વિના સત્યનો મેળાપ થતો નથી, સંયમ વિના મોક્ષપદ મળતું નથી; પ્રેમ વિના રસની રીત જાણી શકાતી નથી. ધ્યાન વિના ચિત્ત સ્થિર થતું નથી અને જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી. ૨૪.

**જ્ઞાનનો મહિમા (સવૈયા તેવીસા)**

ग्यान उदै जिन्हकै घट अंतर,
जोति जगी मति होत न मैली।
बाहिज दिष्टि मिटी जिन्हके हिय,
आतमध्यान कला विधि फैली।
जे जड चेतन भिन्न लखैं,
सुविवेक लियैं परखैं गुन-थैली।
ते जगमैं परमारथ जानि,
गहैं रुचि मानि अध्यातमसैली।। २५।।

**શબ્દાર્થઃ-** અંતર=અંદર, મતિ=બુદ્ધિ. મૈલી= અશુદ્ધ. બાહિજ દિષ્ટિ=શરીર આદિમાં આત્મબુદ્ધિ. ભિન્ન=જુદા. પરખૈં=પરીક્ષા કરે. રુચિ=શ્રદ્ધાન. અધ્યાતમ સૈલી=આત્મ-અનુભવ.

**અર્થઃ-** જેમના અંતરમાં સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો છે, જેમની આત્મજ્યોતિ જાગૃત થઈ છે અને બુદ્ધિ નિર્મળ રહે છે, જેમને શરીર આદિમાંથી આત્મબુદ્ધિ ખસી ગઈ છે, જે આત્મધ્યાનમાં નિપુણ છે, તેઓ જડ અને ચૈતન્યના ગુણોની પરીક્ષા કરીને તેમને જુદા જુદા માને છે અને મોક્ષમાર્ગને સારી રીતે સમજીને રુચિપૂર્વક આત્મ-અનુભવ કરે છે. ૨૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



❋बहुविधि क्रिया कलेससौं, सिवपद लहै न कोइ।
ग्यानकला परकाशसौं, सहज मोखपद होइ।। २६।।
ग्यानकला घटघट बसै, जोग जुगतिके पार।
निज निज, कला उदोत करि, मुक्त होइ संसार।। २७।।

**શબ્દાર્થઃ-** બહુવિધિ=અનેક પ્રકારની. બસૈ=રહે. પાર (પરે)=અગમ્ય. ઉદોત=પ્રગટ. મુક્ત=મુક્ત.

**અર્થઃ-** અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓના કલેશથી કોઈ મોક્ષ પામી શકતું નથી અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં કલેશ વિના જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. ૨૬.

**અર્થઃ-** જ્ઞાનજ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં રહે છે, તે મન, વચન, કાય અને યુક્તિથી અગમ્ય છે, હે ભવ્યો! પોતપોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને સંસારથી મુક્ત થાઓ. ૨૭.

**અનુભવની પ્રશંસા (કુંડલિયા)**

❋अनुभव चिंतामनि रतन, जाके हिय परगास।
सो पुनीत सिवपद लहै, दहै चतुरगतिवास।।
दहै चतुरगतिवास, आस धरि क्रिया न मंडै।
नूतन बंध निरोधि, पूब्बकृत कर्म बिहंडै।।
ताके न गनु विकार, न गनु बहु भार न गनु भव।
जाके हिरदै मांहि, रतन चिंतामनि अनुभव।। २८।।

---

❋ पदमिदं ननु कर्मदुरासदं सहजबोधकलासुलभं किल।
तत इदं निजबोधकलाबलात् कलयितुं यततां सततं जगत्।। ११।।

❋ अचिन्त्यशक्ति: स्वयमेव देवश्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
सर्वार्थसिद्धात्मतया विधत्ते ज्ञानी किमन्यस्य परिग्रहेण।। १२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થઃ-** પુનિત=પવિત્ર. દહૈ=બાળે. આસ=આશા. મડૈ (માંડે)=કરે. નિરોધિ=રોકીને. વિહંડૈ=ખેરવે. ભાર=જન્મ.

**અર્થઃ-** અનુભવરૂપ ચિંતામણિ રત્નનો પ્રકાશ જેના હૃદયમાં થઈ જાય છે તે પવિત્ર આત્મા ચતુર્ગતિ ભ્રમણરૂપ સંસારનો નાશ કરીને મોક્ષપદ પામે છે. તેનું આચરણ ઈચ્છા રહિત હોય છે, તે કર્મોનો સંવર અને પૂર્વકૃત કર્મોની નિર્જરા કરે છે. તે અનુભવી જીવને રાગ-દ્વેષ, પરિગ્રહનો ભાર અને ભાવી જન્મ કાંઈ ગણતરીમાં નથી અર્થાત્ અલ્પકાળમાં જ તે સિદ્ધપદ પામશે. ૨૮.

**સમ્યગ્દર્શનની પ્રશંસા (સવૈયા એકત્રીસા)**

जिन्हके हियेमैं सत्य सूरज उदोत भयौ,
फैली मति किरन मिथ्यात तम नष्ट है।
जिन्हकी सुदिष्टिमैं न परचै विषमतासौं,
समतासौं प्रीति ममतासौं लष्ट पुष्ट है।।
जिन्हके कटाक्षमैं सहज मोखपंथ सधै,
मनकौ निरोध जाके तनकौ न कष्ट है।।
तिन्हके करमकी कलोलै यह है समाधि,
डोलै यह जोगासन बोलै यह मष्ट है।। २९।।

**શબ્દાર્થઃ-** પરચૈ(પરિચય)=સંબંધ. વિષમતા=રાગ-દ્વેષ. સમતા=વીતરાગતા. લષ્ટ પુષ્ટ=વિરુદ્ધ. કટાક્ષ=નજર. કરમકી કલોલૈ=કર્મના ઝપાટા. સમાધિ=ધ્યાન. ડોલૈ=ફરે. મષ્ટ=મૌન.

**અર્થઃ-** જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે; જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને પ્રેમ અને મમતા પ્રત્યે દ્વેષ છે; જેમની દૃષ્ટિ માત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયકલેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે, તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે.

**ભાવાર્થઃ**- સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં જ ગુણશ્રેણિ નિર્જરા પ્રગટ થાય છે; જ્ઞાની જીવ ચારિત્રમોહના પ્રબળ ઉદયમાં જોકેસંયમ લેતા નથી-અવ્રતની દશામાં રહે છે- તોપણ કર્મનિર્જરા થાય જ છે અર્થાત્ વિષય આદિ ભોગવતાં, હાલતાં-ચાલતાં અને બોલતાં-ચાલતાં છતાં પણ તેમને કર્મ ખરે છે. જે પરિણામ, સમાધિ, યોગ, આસન, મૌનનું છે તે જ પરિણામ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલનું છે, સમ્યક્ત્વનો આવો જ અટપટો મહિમા છે. ૨૯.

**પરિગ્રહના વિશેષ ભેદ કથન કરવાની પ્રતિજ્ઞા. ( સવૈયા એકત્રીસા )**

आतम सुभाउ परभावकी न सुधि ताकौं,
जाकौ मन मगन परिग्रहमैं रह्यो है।
ऐसौ अविवेककौ निधान परिग्रह राग,
ताकौ त्याग इहांलौ समुच्चैरूप कह्यो है।।
अब निज पर भ्रम दूरि करिवैकै काज,
बहुरौं सुगुरु उपदेशको उमह्यो है।
परिग्रह त्याग परिग्रहकौ विशेष अंग,
कहिवैकौ उद्दिम उदार लहलह्यो है।। ३०।।

**શબ્દાર્થઃ**- સુધિ=ખબર. અવિવેક =અજ્ઞાન. રાગ=પ્રેમ. સમુચ્ચૈ=સમગ્ર. ઉમહ્યો હૈ=તત્પર થયો છે. કહિવેકૌ=કહેવાને.

**અર્થઃ**- જેનું ચિત્ત પરિગ્રહમાં રમે છે તેને સ્વભાવ-પરભાવની ખબર રહેતી નથી; તેથી પરિગ્રહનો પ્રેમ અજ્ઞાનનો ખજાનો જ છે. તેનો અહીં સુધી સામાન્ય રીતે સમગ્રપણે ત્યાગ કહ્યો છે, હવે શ્રીગુરુ નિજ-પરનો ભ્રમ દૂર કરવા માટે પરિગ્રહ અને પરિગ્રહના વિશેષ ભેદ કહેવાને ઉત્સાહપૂર્વક સાવધાન થયા છે. ૩૦.

---

इत्थं परिग्रहमपास्य समस्तमेव सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद् भूयस्तमेव परिहर्त्तुमयं प्रवृत्तः।। १३।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### સામાન્ય-વિશેષ પરિગ્રહનો નિર્ણય (દોહરા)

**त्याग जोग परवस्तु सब, यह सामान्य विचार।**
**विविध वस्तु नाना विरति, यह विशेष विस्तार।। ३१।।**

**શબ્દાર્થઃ-** પરવસ્તુ=પોતાના આત્મા સિવાય અન્ય સર્વ ચેતન-અચેતન પદાર્થ. સામાન્ય=સાધારણ. વિરતિ=ત્યાગ.

**અર્થઃ-** પોતાના આત્મ સિવાય અન્ય સર્વ ચેતન-અચેતન પરપદાર્થ ત્યાગવા યોગ્ય છે એ સામાન્ય ઉપદેશ છે અને તેમનો અનેક પ્રકારે ત્યાગ કરવો એ પરિગ્રહનો વિશેષ ત્યાગ છે.

**ભાવાર્થઃ-** મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ ચૌદ અંતરંગ પરિગ્રહ અને ધન-ધાન્યાદિ દસ બાહ્ય પરિગ્રહ-આ બધાનો ત્યાગ એ સામાન્ય ત્યાગ છે અને મિથ્યાત્વનો ત્યાગ, અવ્રતનો ત્યાગ, કષાયનો ત્યાગ, કુકથાનો ત્યાગ, પ્રમાદનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, અન્યાયનો ત્યાગ આદિ વિશેષ ત્યાગ છે. ૩૧.

### પરિગ્રહમાં રહેવા છતાં પણ જ્ઞાની જીવ નિષ્પરિગ્રહી છે.
### (ચોપાઈ)

**❈ पूरव करम उदै रस भुंजै,**
**ग्यान मगन ममता न प्रयुंजै।**
**उरमैं उदासीनता लहिये,**
**यौं बुध परिग्रहवंत न कहिये।। ३२।।**

**શબ્દાર્થઃ-** પૂરવ(પૂર્વ)=પહેલાનાં. ભુંજૈ=ભોગવે. પ્રયુંજૈ=લીન થાય. ઉદાસીનતા=વૈરાગ્ય. બુધ=સમ્યગ્દષ્ટિ.

**અર્થઃ-** જ્ઞાની જીવ પૂર્વે બાંધેલા કર્મના ઉદયથી સુખ-દુઃખ બન્ને ભોગવે છે પણ તેઓ તેમાં મમતા અને રાગ-દ્વેષ કરતા નથી, જ્ઞાનમાં જ મસ્ત રહે છે તેથી તેમને નિષ્પરિગ્રહી જ કહ્યા છે. ૩૨.

---

❈ पूर्वबद्धनिजकर्मविपाकात् ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्भवत्वथ च रागवियोगात् नूनमेति न परिग्रहभावम्।। १४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પરિગ્રહમાં રહેવા છતાં પણ જ્ઞાની જીવોને પરિગ્રહ રહિત કહેવાનું કારણ. ( સવૈયા એકત્રીસા )**

जे जे मनवंछित विलास भोग जगतमैं,
तेते विनासीक सब राखे न रहत हैं।
और जे जे भोग अभिलाष चित्त परिनाम,
तेऊ विनासीक धारारूप ह्वै बहत है।।
एकता न दुहूँ माँहि तातै वाँछा फुरै नांहि,
ऐसे भ्रम कारजकौ मूरख चहत हैं।
सतत रहैं सचेत परसौं न करैं हेत,
यातैं ग्यानवंतकौ अवंछक कहत हैं।। ३३।।

**શબ્દાર્થઃ-** વિનાસીક=નાશવંત. ફુરૈ=ઉપજે. કારજ ( કાર્ય )=કામ. સતત=હંમેશા. સચેત=સાવધાન. અવંછક=ઈચ્છા રહિત.

**અર્થઃ-** સંસારની મનવાંછિત ભોગ-વિલાસની સામગ્રી અસ્થિર છે, તેઓ અનેક પ્રયત્નો કરવા છતાં પણ સ્થિર રહેતી નથી, એવી જ રીતે વિષય-અભિલાષાઓના ભાવ પણ અનિત્ય છે. ભોગ અને ભોગની ઈચ્છાઓ આ બન્નેમાં એકતા નથી અને નાશવંત છે તેથી જ્ઞાનીઓને ભોગોની અભિલાષા જ ઊપજતી નથી, આવા ભ્રમપૂર્ણ કાર્યોને તો મૂર્ખાઓ જ ઈચ્છે છે, જ્ઞાનીઓ તો સદા સાવધાન રહે છે - પરપદાર્થોમાં સ્નેહ કરતા નથી, તેથી જ્ઞાનીઓને વાંછા રહિત કહ્યા છે. ૩૩.

**પરિગ્રહમાં રહેવા છતાં પણ જ્ઞાની જીવ નિષ્પરિગ્રહી છે એના ઉપર દ્રષ્ટાંત. ( સવૈયા એકત્રીસા )**

जैसैं फिटकड़ी लोद हरड़ेकी पुट बिना,
स्वेत वस्त्र डारिये मजीठ रंग नीरमैं।

---

वेद्यवेदकविभावचलत्वाद् वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान् सर्वतोऽप्यतिविरक्तिमुपैति।। १५।।
ज्ञानिनो न हि परिग्रहभावं कर्मरागरसरिक्ततयैति।
रङ्गयुक्तिरकषायितवस्त्रे स्वीकृतैव हि बहिर्लुठतीव।। १६।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भीग्यौ रहै चिरकाल सर्वथा न होइ लाल,
भेदै नहि अंतर सुफेदी रहै चीरमैं।।
तैसैं समकितवंत राग द्वेष मोह बिनु,
रहै निशि वासर परिग्रहकी भीरमैं।
पूरव करम हरै नूतन न बंध करै,
जाचै न जगत-सुख राचै न सरीरमैं।। ३४।।

**શબ્દાર્થઃ-** મજીઠ=લાલરંગ. ચિરકાળ=સદૈવ. સર્વથા=સંપૂર્ણપણે. ચીર=વસ્ત્ર. નિશિ વાસર=રાત-દિવસ. ભીર=સમુદાય. જાચૈ=ચાહે. રાચૈ=લીન થાય.

**અર્થઃ-** જેવી રીતે ફટકડી, લોધર અને હરડેનો પુટ દીધા વિના મજીઠના રંગમાં સફેદ કપડું બોળવાથી અને લાંબો સમય બોળી રાખવા છતાં પણ તેના પર રંગ ચડતો નથી-તે તદ્દન લાલ થતું નથી, અંદરમાં સફેદ જ રહે છે. તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહ રહિત જ્ઞાની મનુષ્ય પરિગ્રહ-સમૂહમાં રાત-દિવસ રહે છે તોપણ પૂર્વ-સંચિત કર્મોની નિર્જરા કરે છે, નવીન બંધ કરતો નથી. તે વિષયસુખની વાંછા નથી કરતો અને ન શરીર ઉપર મોહ રાખે છે.

**ભાવાર્થઃ-** રાગ-દ્વેષ-મોહ રહિત હોવાને કારણે સમ્યગ્દષ્ટિ જીવ પરિગ્રહ આદિનો સંગ્રહ રાખવા છતાં પણ નિષ્પરિગ્રહી છે. ૩૪.

**વળી-**

जैसैं काहू देशकौ बसैया बलवंत नर,
जंगलमैं जाइ मधु-छत्ताकौं गहतु है।
वाकौं लपटांहि चहुओर मधु-मच्छिका पै,
कंबलकी ओटसौं अडंकित रहतु है।।
तैसैं समकिती सिवसत्ताकौ स्वरूप साधै,
उदैकी उपाधिकौं समाधिसी कहतु है।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पहिरै सहजकौ सनाह मनमैं उछाह,**
**ठानै सुख-राह उदवेग न लहतु है।। ३५।।**

**શબ્દાર્થઃ-** સમાધિ=ધ્યાન. સનાહ=બખ્તર. ઉછાહ=ઉત્સાહ. ઉદવેગ=આકુળતા.

**અર્થઃ-** જેમ કોઈ બળવાન પુરુષ જંગલમાં જઈને મધપૂડો તોડે છે તો તેને ઘણી મધમાખીઓ ચોંટી જાય છે, પણ તેણે કામળો ઓઢેલો હોવાથી તેને તેમના ડંખ લાગી શકતા નથી. તેવી જ રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવ ઉદયની ઉપાધિ રહેવા છતાં પણ મોક્ષમાર્ગને સાધે છે, તેમને જ્ઞાનનું સ્વાભાવિક બખ્તર પ્રાપ્ત છે, તેથી આનંદમાં રહે છે- ઉપાધિજનિત આકુળતા વ્યાપતી નથી, સમાધિનું કામ આપે છે.

**ભાવાર્થઃ-** ઉદયની ઉપાધિ સમ્યગ્જ્ઞાની જીવોને નિર્જરાનું જ કારણ છે તેથી તે તેમને ચારિત્ર અને તપનું કામ દે છે, તેથી તેમની ઉપાધિ પણ સમાધિ છે. ૩૫.

**જ્ઞાની જીવ સદા અબંધ છે. (દોહરા)**

**❋ग्यानी ग्यानमगन रहै, रागादिक मल खोइ।**
**चित उदास करनी करै, करम बंध नहि होइ।। ३६।।**

**શબ્દાર્થઃ-** મલ=દોષ. ખોઈ=દૂર કરીને. કરની=ક્રિયા.

**અર્થઃ-** જ્ઞાની મનુષ્ય રાગ-દ્વેષ-મોહ આદિ દોષોને દૂર કરી જ્ઞાનમાં મસ્ત રહે છે અને શુભાશુભ ક્રિયા વૈરાગ્ય સહિત કરે છે, તેથી તેને કર્મબંધ થતો નથી. ૩૬.

**વળી-**

**मोह महातम मल हरै, धरै सुमति परकास।**
**मुकति पंथ परगट करै, दीपक ग्यान विलास।। ३७।।**

---

❋ ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात् सर्वरागरसवर्जनशीलः।
लिप्यते सकलकर्मभिरेषः कर्ममध्यपतितोऽपि ततो न।। १७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** સુમતિ=સારી બુદ્ધિ. મુક્તિ પંથ=મોક્ષમાર્ગ.

**અર્થઃ-** જ્ઞાનરૂપી દીપક મોહરૂપી અંધકારનો મળ નષ્ટ કરીને સુબુદ્ધિનો પ્રકાશ કરે છે અને મોક્ષમાર્ગ બતાવે છે. ૩૭.

**જ્ઞાનરૂપી દીપકની પ્રશંસા. ( સવૈયા એકત્રીસા )**

जामैं धूमकौ न लेस वातकौ न परवेस,
करम पतंगनिकौं नास करै पलमैं।
दसाकौ न भोग न सनेहकौ संजोग जामैं,
मोह अंधकारकौ वियोग जाके थलमैं।।
जामैं न तताई नहि राग रकताई रंच,
लहलहै समता समाधि जोग जलमैं।
ऐसी ग्यान दीपकी सिखा जगी अभंगरूप,
निराधार फुरी पै दुरी है पुदगलमैं।। ३८।।

**શબ્દાર્થઃ-** ધૂમ=ધૂમાડો. વાત=હવા. પરવેસ (પ્રવેશ)=પહોંચ. દસા=બત્તી. સનેહ (સ્નેહ)=ચીકાશ, (તેલ વગેરે). તતાઈ=ગરમી. રક્તાઈ=લાલાશ. અભંગ=અખંડ. ફુરી=સ્ફુરાયમાન થઈ. દૂરી=દૂર.

**અર્થઃ-** જેમાં જરા પણ ધૂમાડો નથી, જે પવનના ઝપાટાથી બુઝાઈ જતો નથી, જે એક ક્ષણમાત્રમાં કર્મરૂપી પંતગિયાંઓને બાળી નાંખે છે, જેમાં બત્તીનું ઢાંકણ નથી અને જેમાં ઘી, તેલ વગેરે આવશ્યક નથી, જે મોહરૂપી અંધકારને મટાડે છે, જેમાં કિંચિત્ પણ આંચ નથી તેમ જ ન રાગની લાલાશ છે, જેમાં સમતા, સમાધિ અને યોગ પ્રકાશિત રહે છે તે જ્ઞાનની અખંડ જ્યોતિ સ્વયંસિદ્ધ આત્મામાં સ્ફુરિત થઈ છે- શરીરમાં નથી. ૩૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાનની નિર્મળતા પર દ્રષ્ટાંત. ( સવૈયા એકત્રીસા )**

जैसो जो दरव तामैं तैसोई सुभाउ सधै,
कोऊ दर्व काहूकौ सुभाउ न गहतु है।
जैसैं संख उज्जल विविध वर्न माटी भखै,
माटीसौ न दीसै नित उज्जल रहतु है।।
तैसैं ग्यानवंत नाना भोग परिग्रह-जोग,
करत विलास न अग्यानता लहतु है।
ग्यानकला दूनी होइ दुंददसा सूनी होइ,
ऊनी होइ भौ-थिति बनारसी कहतु है।। ३९।।

**શબ્દાર્થઃ-** દર્વ (દ્રવ્ય)=પદાર્થ. ભખૈ=ખાય છે. દુંદદસા=ભ્રાન્તિ. સૂની (શૂન્ય)=અભાવ. ઊની=ઓછી. ભૌ-થિતિ=ભવસ્થિતિ.

**અર્થઃ-** પં. બનારસીદાસજી કહે છે કે જે પદાર્થ જેવો હોય છે તેનો તેવો જ સ્વભાવ હોય છે, કોઈ પદાર્થ કોઈ અન્ય પદાર્થના સ્વભાવનું ગ્રહણ કરી શકતો નથી, જેમ કે શંખ સફેદ હોય છે અને માટી ખાય છે પણ તે માટી જેવો થઈ જતો નથી-હંમેશા ઊજળો જ રહે છે, તેવી જ રીતે જ્ઞાનીઓ પરિગ્રહના સંયોગથી અનેક ભોગ ભોગવે છે પણ તે અજ્ઞાની થઈ જતા નથી. તેમના જ્ઞાનના કિરણો દિવસે દિવસે વધતાં જાય છે, ભ્રમદશા મટી જાય છે અને ભવ-સ્થિતિ ઘટી જાય છે. ૩૯.

---

याद्दक् ताद्दगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्त्तुं नैष कंथचनापि हि परैरन्याद्दशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततम्
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।। १८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**વિષયવાસનાઓથી વિરક્ત રહેવાનો ઉપદેશ (સવૈયા એકત્રીસા)**

जौलौं ग्यानकौ उदोत तौलौं नहि बंध होत,
बरतै मिथ्यात तब नाना बंध होहि है।
ऐसौ भेद सुनिकै लग्यौ तू विषै भौगनिसौं,
जोगनिसौं उद्दमकी रीति तैं बिछोहि है।।
सुनु भैया संत तू कहै मैं समकितवंत,
यहु तौ एकंत भगवंतकौ दिरोहि है।
विषैसौं विमुख होहि अनुभौ दसा अरोहि,
मोख सुख टोहि तोहि ऐसी मति सोहि है।। ४०।।

**શબ્દાર્થઃ-** ઉદોત (ઉદ્યોત)=અજવાળું. જોગ=સંયમ. બિછોહિ હૈ=છોડી દીધી છે. ઉદ્દમ=પ્રયત્ન. દિરોહિ (દ્રોહી)=વેરી (અહિત કરનાર). અરોહિ=ગ્રહણ કરીને. ટોહિ=જોઈને. સોહિ હૈ=શોભા આપે છે.

**અર્થઃ-** હે ભાઈ ભવ્ય! સાંભળો. જ્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ રહે છે ત્યાં સુધી બંધ થતો નથી અને મિથ્યાત્વના ઉદયમાં અનેક બંધ થાય છે, એવી ચર્ચા સાંભળીને તમે વિષયભોગમાં લાગી જાવ, તથા સંયમ, ધ્યાન, ચારિત્રને છોડી દો અને પોતાને સમ્યક્ત્વી કહો તો તમારું આ કહેવું એકાંત મિથ્યાત્વ છે અને આત્માનું અહિત કરે છે. વિષયસુખથી વિરક્ત થઈને આત્મ-અનુભવ ગ્રહણ કરીને મોક્ષસુખ સન્મુખ જુઓ એવી બુદ્ધિમત્તા તમને શોભા આપશે.

**ભાવાર્થઃ-** જ્ઞાનીને બંધ થતો નથી એવો એકાંતપક્ષ ગ્રહણ કરીને વિષયસુખમાં નિરંકુશ ન થઈ જવું જોઈએ, મોક્ષસુખ સન્મુખ જોવું જોઈએ. ૪૦.

---

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।। १९।।

**જ્ઞાની જીવ વિષયોમાં નિરંકુશ રહેતા નથી. ( ચોપાઈ )**

ग्यानकला जिनके घट जागी।
ते जगमांहि सहज वैरागी।
ग्यानी मगन विषैसुख मांही।
यह विपरीति संभवै नांही।। ४१।।

**અર્થઃ-** જેમના ચિત્તમાં સમ્યગ્જ્ઞાનનાં કિરણો પ્રકાશિત થયાં છે તેઓ સંસારમાં સ્વભાવથી જ વીતરાગી રહે છે, જ્ઞાની થઈને વિષયસુખમાં આસક્ત હોય એ ઊલટી રીતે અસંભવ છે. ૪૧.

**જ્ઞાન અને વૈરાગ્ય એક સાથે જ હોય છે. ( દોહરા )**

ग्यान सकति वैराग्य बल, सिव साधैं समकाल।
ज्यौं लोचन न्यारे रहैं, निरखैं दोउ नाल।। ४२।।

**શબ્દાર્થઃ-** નિરખૈં=દેખે. નાલ=એક સાથે.

**અર્થઃ-** જ્ઞાન અને વૈરાગ્ય એક સાથે ઊપજવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ મોક્ષમાર્ગને સાધે છે, જેમ કે આંખ જુદી જુદી રહે છે પણ જોવાનું કામ એક સાથે કરે છે.

**ભાવાર્થઃ-** જેવી રીતે આંખ જુદી જુદી હોવા છતાં પણ જોવાની ક્રિયા એક સાથે કરે છે, તેવી જ રીતે જ્ઞાન અને વૈરાગ્ય એક જ સાથે કર્મની નિર્જરા કરે છે. જ્ઞાન વિનાનો વૈરાગ્ય અને વૈરાગ્ય વિનાનું જ્ઞાન મોક્ષમાર્ગ સાધવામાં અસમર્થ છે. ૪૨.

**અજ્ઞાની જીવોની ક્રિયા બંધનું કારણ અને જ્ઞાની જીવોની ક્રિયા નિર્જરાનું કારણ છે. ( ચોપાઈ )**

मूढ़ करमकौ करता होवै।
फल अभिलाष धरै फल जोवै।।

---

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।। २०।।

ग्यानी क्रिया करै फल-सूनी।
लगै न लेप निर्जरा दूनी।। ४३।।

**શબ્દાર્થઃ-** જોવૈ=દેખે. સૂની (શૂન્ય)=રહિત. લેપ=બંધ.

**અર્થઃ-** મિથ્યાદ્રષ્ટિ જીવ ક્રિયાના ફળની (ભોગોની) અભિલાષા કરે છે અને તેનું ફળ ચાહે છે તેથી તે કર્મબંધનો કર્તા છે. સમ્યગ્જ્ઞાની જીવોની ભોગ આદિ શુભાશુભ ક્રિયા ઉદાસીનતાપૂર્વક હોય છે તેથી તેમને કર્મનો બંધ થતો નથી અને પ્રતિદિન બમણી નિર્જરા જ થાય છે.

**વિશેષઃ-** અહીં 'નિર્જરા દૂની' એ પદ કાવ્યનો પ્રાસ મેળવવાની દ્રષ્ટિથી આપ્યું છે, સમ્યગ્દર્શન થયા પછી સમયે સમયે અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. ૪૩.

**જ્ઞાનીના અબંધ અને અજ્ઞાનીના બંધ પર કીડાનું દ્રષ્ટાંત (દોહરા)**

बंधै करमसौं मूढ़ ज्यौं, पाट-कीट तन पेम।
खुलै करमसौं समकिती, गोरख धंधा जेम।। ४४।।

**શબ્દાર્થઃ-** પાટ=રેશમ. કીટ=કીડો. પેમ =જાલ. જેમ=જેવી રીતે.

**અર્થઃ-** જેવી રીતે રેશમનો કીડો પોતાના શરીર ઉપર પોતે જ જાળ વીટે છે તેવી જ રીતે મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મબંધનને પ્રાપ્ત થાય છે અને જેવી રીતે ગોરખધંધા નામનો કીડો જાળમાંથી નીકળે છે તેવી જ રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્મબંધનથી મુક્ત થાય છે. ૪૪.

**જ્ઞાની જીવ કર્મના કર્તા નથી. (સવૈયા એકત્રીસા)**

❈ जे निज पूरब कर्म उदै,
सुख भुंजत भोग उदास रहैंगे।

---

❈ त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं
किन्त्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।
तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।। २१।।

जे दुखमैं न विलाप करैं,
निरबैर हियैं तन ताप सहैंगे।।
है जिन्हकै दिढ़ आतम ग्यान,
क्रिया करिकैं फलकौं न चहैंगे।
ते सु विचच्छन ग्यायक हैं,
तिन्हकौं करता हम तौ न कहैंगे।। ४५।।

**શબ્દાર્થઃ-** ભુંજત=ભોગવતા. ઉદાસ=વિરક્ત. વિલાપ=હાયહાય કરવી. નિરબૈર=દ્વેષરહિત. તાપ=કષ્ટ.

**અર્થઃ-** જે પૂર્વે બાંધેલાં પુણ્યકર્મના ઉદય-જનિત સુખ ભોગવવામાં આસક્ત થતા નથી અને પાપકર્મના ઉદય-જનિત દુઃખ ભોગવતાં દુઃખી થતા નથી-દુઃખદેનાર પ્રત્યે દ્વેષભાવ કરતા નથી પણ સાહસપૂર્વક શારીરિક કષ્ટ સહન કરે છે, જેમનું ભેદ-વિજ્ઞાન અત્યંત દઢ છે, જે શુભક્રિયા કરીને તેનું ફળ સ્વર્ગ આદિ ઈચ્છતા નથી, તે વિદ્વાન સમ્યગ્જ્ઞાનીછે. તેઓ જોકે સાંસારિક સુખ ભોગવે છે તોપણ તેમને કર્મના કર્તા તો અમે નહિ કહીએ. ૪૫.

**સમ્યગ્જ્ઞાનીનો વિચાર ( સવૈયા એકત્રીસા )**

जिन्हकी सुद्दष्टिमैं अनिष्ट इष्ट दोऊ सम,
जिन्हकौ अचार सु विचार सुभ ध्यान है।
स्वारथकौं त्यागि जे लगे हैं परमारथकौं,
जिन्हकै बनिजमैं न नफा है न ज्यान है।।
जिन्हकी समुझिमैं सरीर ऐसौ मानियत,
धानकौसौ छीलक कृपानकौसौ म्यान है।।

पारखी पदारथके साखी भ्रम भारथके,
तेई साधु तिनहीकौ जथारथ ग्यान है।। ४६।।

**શબ્દાર્થઃ-** બનિજ=વ્યાપાર. જ્યાન=જવું. તે=નુકસાન. છીલક=ફોતરા. કૃપાન=તલવાર. પારખી=પરીક્ષક. ભારથ ( ભારત )=લડાઈ.

**અર્થઃ-** જેમની જ્ઞાનદ્રષ્ટિમાં ઈષ્ટ-અનિષ્ટ બન્ને સમાન છે, જેમની પ્રવૃત્તિ અને વિચાર શુભધ્યાનનું કારણ છે, જે લૌકિક પ્રયોજન છોડીને સત્યમાર્ગમાં ચાલે છે, જેમના વચનનો વ્યવહાર કોઈને નુકસાનકારક અથવા કોઈને લાભકારક નથી, જેમની સુબુદ્ધિમાં શરીરને કમોદનાં ફોતરાની જેમ અને તલવારની મ્યાનની જેમ આત્માથી જુદું ગણવામાં આવે છે, જે જીવ-અજીવ પદાર્થોના પરીક્ષક છે, સંશય આદિ મિથ્યાત્વની ખેંચતાણના જે માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે તે જ સાધુ છે અને તેમને જ સાચું જ્ઞાન છે. ૪૬.

**જ્ઞાનની નિર્ભયતા ( સવૈયા એકત્રીસા )**

जमकौसौ भ्राता दुखदाता है असाता कर्म,
ताकै उदै मूरख न साहस गहतु है।
सुरगनिवासी भूमिवासी औ पतालवासी,
सबहीकौ तन मन कंपितु रहतु है।।
उरकौ उजारौ न्यारौ देखिये सपत भैसौं,
डोलत निसंक भयौ आनंद लहतु है।।
सहज सुवीर जाकौ सासतौ सरीर ऐसौ,
ग्यानी जीव आरज आचारज कहतु है।। ४७।।

**શબ્દાર્થઃ-** ભ્રાતા=ભાઈ. સાહસ=હિંમત. સુરગનિવાસી=દેવ. ભૂમિવાસી=

---

सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमन्ते परं
यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि।
सर्वामेव निसर्गनिर्भियतया शङ्कां विहाय स्वयं
जानन्तः स्वमबध्यबोधवपुषं बोधोच्च्यवन्ते न हि।। २२।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મનુષ્ય, પશુ આદિ. પતાલવાસી=વ્યંતર, ભવનવાસી, નારકી આદિ. સપત (સપ્ત)=સાત. ભૈ(ભય)=ડર. સાસ્વત=કદી નાશ ન પામનાર. આરજ=પવિત્ર.

**અર્થઃ-** આચાર્ય કહે છે કે જે અત્યંત દુઃખદાયક છે, જાણે જમનો ભાઈ છે, જેનાથી સ્વર્ગ, મધ્ય અને પાતાળ-ત્રણલોકના જીવોનાં તન-મન કાંપ્યા કરે છે, એવા અસાતા-કર્મના ઉદયમાં અજ્ઞાની જીવ નિરાશ થઈ જાય છે. પરંતુ જ્ઞાની જીવના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ છે, તે આત્મબળથી બળવાન છે, તેનું જ્ઞાનરૂપી શરીર અવિનાશી છે, તે પરમ પવિત્ર છે અને સાત ભયથી રહિત નિઃશંકપણે વર્તે છે. ૪૭.

**સાત ભયનાં નામ, (દોહરા)**

इहभव-भय परलोक-भय, मरन-वेदना-जात।
अनरच्छा अनगुप्त-भय, अकस्मात-भय सात।। ४८।।

**અર્થઃ-** આ લોક-ભય, પરલોક-ભય, મરણ-ભય, વેદના-ભય, અરક્ષા-ભય, અગુપ્તિ-ભય અને અકસ્માત-ભય- આ સાત ભય છે. ૪૮.

**સાત ભયનું પૃથક્ પૃથક્ સ્વરૂપ (સવૈયા એકત્રીસા)**

दसधा परिग्रह-वियोग-चिंता इह भव,
दुर्गति-गमन भय परलोक मानिये।
प्राननिकौ हरन मरन-भै कहावै सोइ,
रोगादिक कष्ट यह वेदना बखानिये।।
रच्छक हमारौ कोऊ नांही अनरच्छा-भय,
चोर-भै विचार अनगुप्त मन आनिये।
अनचिंत्यौ अबही अचानक कहाधौं होइ,
ऐसौ भय अकस्मात जगतमैं जानिये।। ४९।।

**શબ્દાર્થઃ-** દસધા=દસ પ્રકારનો. વિયોગ=છૂટવું તે. ચિંતા=ફિકર. દુર્ગતિ=ખોટી ગતિ. [1]અનગુપ્ત=ચોર.

---

૧. ગુપ્ત=શાહુકાર, અનગુપ્ત=ચોર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** ક્ષેત્ર, વાસ્તુ આદિ દસ પ્રકારના પરિગ્રહનો વિયોગ થવાની ચિંતા કરવી તે આ લોકનો ભય છે, કુગતિમાં જન્મ થવાનો ડર લાગવો તે પરલોકભય છે, દસ પ્રકારના પ્રાણોનો વિયોગ થઈ જવાનો ડર રહેવો તે મરણભય છે, રોગ આદિ દુઃખ થવાનો ડર માનવો તે વેદનાભય છે, કોઈ મારો રક્ષક નથી એવી ચિંતા કરવી તે અરક્ષાભય છે, ચોર અને દુશ્મન આવે તો કેવી રીતે બચીશું એવી ચિંતા કરી તે અગુપ્તિભય છે. , અચાનક જ કાંઈક વિપત્તિ આવી ન પડે એવી ચિંતા કરવી તે અકસ્માતભય છે. સંસારમાં આવા આ સાત ભય છે. ૪૯.

**આ ભવ-ભય મટાડવાનો ઉપાય. ( છપ્પા )**

नख सिख मित परवांन, ग्यान अवगाह निरक्खत।
आतम अंग अभंग संग, पर धन इम अक्खत।।
छिनभंगुर संसारविभव, परिवार-भार जसु।
जहां उतपति तहां प्रलय, जासु संजोग विरह तसु।।
परिग्रह प्रपंच परगट परखि,
इहभव भय उपजै न चित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।।५०।।

**શબ્દાર્થઃ-** નખ સિખ મિત=પગથી માથા સુધી. અવગાહ=વ્યાપ્ત. નિરકખત=દેખે છે. અકખત=જાણે છે. વિભવ=ધન, સંપત્તિ. પ્રલય=નાશ. પ્રપંચ=જાળ. પરખિ=જોઈને.

**અર્થઃ-** આત્મા પગથી માથા સુધી જ્ઞાનમય છે, નિત્ય છે, શરીર આદિ પર પદાર્થ છે, સંસારનો સર્વ વૈભવ અને કુટુંબીઓનો સમાગમ ક્ષણભંગુર છે,

---

लोक: शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-
श्चिल्लोकं स्वयमेव केवलमयं यं लोकयत्येकक:।
लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भी: कुतो
नि:शङ्क सततं स सहजं ज्ञानं सदा विन्दति।।२३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેની ઉત્પત્તિ છે તેનો નાશ છે, જેનો સંયોગ છે તેનો વિયોગ છે અને પરિગ્રહ-સમૂહ જંજાળ સમાન છે. આ રીતે ચિંતવન કરવાથી ચિત્તમાં આ ભવનો ભય ઊપજતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૦.

**પરભવ-ભય મટાડવાનો ઉપાય. ( છપ્પા )**

ग्यानचक्र मम लोक, जासु अवलोक मोख-सुख।
इतर लोक मम नाहिं, नाहिं जिसमाहिं दोख दुख।।
पुन्न सुगतिदातार, पाप दुरगति पद-दायक।
दोऊ खंडित खानि, मैं अखंडित सिवनायक।।
इहविधि विचार परलोक-भय,
नहि व्यापत वरतै सुखित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।। ५१।।

**શબ્દાર્થઃ-** જાસુ=જેને. ઇતર=બીજા. ખંડિત=નાશવંત. અખંડિત=અવિનાશી. સિવનાયક=મોક્ષનો રાજા.

**અર્થઃ-** જ્ઞાનનો પિંડ આત્મા જ અમારો લોક છે, જેમાં મોક્ષનું સુખ મળે છે. જેમાં દોષ અને દુઃખ છે એવા સ્વર્ગ આદિ અન્ય લોક મારા નથી! નથી! નથી! સુગતિ આપનાર પુણ્ય અને દુઃખદાયક દુર્ગતિનું પદ આપનાર પાપ છે, તે બન્ને ય નાશવંત છે અને હું અવિનાશી છું-મોક્ષપુરીનો બાદશાહ છું. એવો વિચાર કરવાથી પરલોકનો ભય સતાવતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૧.

**મરણનો ભય મટાડવાનો ઉપાય. ( છપ્પા )**

फरस जीभ नासिका, नैन अरु श्रवन अच्छ इति।
मन वच तन बल तीन, स्वास उस्वास आउ-थिति।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये दस प्रान-विनास, ताहि जग मरन कहिज्जइ।
ग्यान-प्रान संजुगत, जीव तिहुं काल न छिज्जइ।।
यह चिंत करत नहि मरन भय,
नय-प्रवांन जिनवरकथित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।।५२।।

**શબ્દાર્થ**:- ફરસ=સ્પર્શ. નાસિકા=નાક. નૈન=આંખ. શ્રવન=કાન. અચ્છ (અક્ષ)=ઈન્દ્રિય. સંજુગત=સહિત. કથિત=કહેલું.

**અર્થ**:- સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન-એ પાંચ ઈન્દ્રિયો; મન, વચન, કાયા-એ ત્રણ બળ; શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય-આ દસ પ્રાણોના વિયોગને લોકમાં લોકો મરણ કહે છે; પરંતુ આત્મા જ્ઞાનપ્રાણ સંયુક્ત છે તે ત્રણ કાળમાં કદી પણ નાશ પામનાર નથી. આ રીતે જિનરાજના કહેલા નય-પ્રમાણ સહિત તત્ત્વસ્વરૂપનું ચિંતવન કરવાથી મરણનો ભય ઊપજતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે.૫૨.

**વેદનાનો ભય મટાડવાનો ઉપાય (છપ્પા)**

वेदनवारौ जीव, जाहि वेदत सोऊ जिय।
यह वेदना अभंग, सु तौ मम अंग नांहि बिय।।

---

प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।
तस्यातो मरणं न किञ्चन भेवत्तद् भीः कुतो ज्ञानिनो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। २३।।
एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदाऽनाकुलैः।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। २४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



करम वेदना दुविध, एक सुखमय दुतीय दुख।
दोऊ मोह विकार, पुग्गलाकार बहिरमुख।।
जब यह विवेक मनमहिं धरत,
तब न वेदनामय विदित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।। ५३।।

**શબ્દાર્થઃ-** વેદનવારૌ=જાણનાર. જાહિ=જેને. અભંગ=અખંડ. બિય=વ્યાપતી. બહિરમુખ=બાહ્ય.

**અર્થઃ-** જીવ જ્ઞાની છે અને જ્ઞાન જીવનું અભંગ અંગ છે, મારા જ્ઞાનરૂપ શરીરમાં જડ કર્મોની વેદનાનો પ્રવેશ જ થઈ શકતો નથી. બન્ને પ્રકારનો સુખ-દુઃખરૂપ કર્મ-અનુભવ મોહનો વિકાર છે, પૌદ્‌ગલિક છે અને આત્માથી બાહ્ય છે. આ પ્રકારનો વિવેક જ્યારે મનમાં આવે છે ત્યારે વેદના-જનિત ભય જણાતો નથી. જ્ઞાની પુરુષ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૩.

**અરક્ષાનો ભય મટાડવાનો ઉપાય ( છપ્પા )**

जो स्ववस्तु सत्तासरूप जगमहिं त्रिकालगत।
तासु विनास न होइ, सहज निहचै प्रवांन मत।।
सो मम आतम दरब, सरवथा नहिं सहाय धर।
तिहि कारन रच्छक न होइ, भच्छक न कोइ पर।।

---

यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति-
र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।
अस्यात्राणमतो न किञ्चन भवेत्तद् भीः कुतो ज्ञानिनो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। २५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जब इहि प्रकार निरधार किय,
तब अनरच्छा-भय नसित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।। ५४।।

**શબ્દાર્થઃ-** સ્વવસ્તુ=આત્મપદાર્થ. તાસુ=તેનો. રચ્છક( રક્ષક )=બચાવનાર. ભચ્છક ( ભક્ષક )=નાશ કરનાર. નિરધાર=નિશ્ચય.

**અર્થઃ-** સત્સ્વરૂપ આત્મવસ્તુ જગતમાં સદા નિત્ય છે, તેનો કદી નાશ થઈ શકતો નથી, એ વાત નિશ્ચયનયથી નિશ્ચિત છે, તેથી મારો આત્મપદાર્થ કદી કોઈની મદદની અપેક્ષા રાખતો નથી, તેથી આત્માનો ન કોઈ રક્ષક છે, ન કોઈ ભક્ષક છે. આ રીતે જ્યારે નિશ્ચય થઈ જાય છે ત્યારે અરક્ષાભયનો અભાવ દૂર થઈ જાય છે. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૪.

**ચોર-ભય મટાડવાનો ઉપાય. ( છપ્પા )**

परम रूप परतच्छ, जासु लच्छन चिन्मंडित।
पर प्रवेश तहां नाहिं, माहिं महि अगम अखंडित।।
सो ममरूप अनूप, अकृत, अनमित अटूट धन।
ताहि चोर किम गहै, ठौर नहि लहै और जन।।
चितवंत एम धरि ध्यान जब,
तब अगुप्त भय उपसमित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।। ५५।।

---

स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न यत्
शक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।
अस्यागुप्तिरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। २६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** પરતચ્છ (પ્રત્યક્ષ)=સાક્ષાત્. પ્રવેસ=પહોચ. મહિ=પૃથ્વી. અકૃત=સ્વયંસિદ્ધ. અનમિત=અપાર. અટૂટ=અક્ષય. ઠૌર=સ્થાન. અગુપ્ત=ચોર. ઉપસમિત=રહેતો નથી, દૂર થાય છે.

**અર્થઃ-** આત્મા સાક્ષાત્ પરમાત્મારૂપ છે, જ્ઞાનલક્ષણથી વિભૂષિત છે, તેની અગમ્ય[1] અને નિત્ય ભૂમિમાં પરદ્રવ્યનો પ્રવેશ નથી. તેથી મારું ધન અનુપમ, સ્વયંસિદ્ધ, અપરંપાર અને અક્ષય છે, તેને ચોર કેવી રીતે લઈ શકે? બીજા મનુષ્યોને પહોંચવાનું તેમાં સ્થાન જ નથી. જ્યારે આવું ચિંતવન કરવામાં આવે છે ત્યારે ચોર-ભય રહેતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૫.

**અકસ્માત-ભય મટાડવાનો ઉપાય. (છપ્પા)**

सुद्ध बुद्ध अविरुद्ध, सहज सुसमृद्ध सिद्ध सम।
अलख अनादि अनंत, अतुल अविचल सरूप मम।।
चिदविलास परगास, वीत-विलकप सुखथानक।
जहां दुविधा नहि कोइ, होइ तहां कछु न अचानक।।
जब यह विचार उपजंत तब,
अकस्मात भय नहि उदित।
ग्यानी निसंक निकलंक निज,
ग्यानरूप निरखंत नित।। ५६।।

---

૧. ઈન્દ્રિય અને મનથી અગોચર.

एकं ज्ञानमनाद्यनन्तमचलं सिद्धं किलैतत्स्वतो
यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः।
तन्नाकस्मिकमत्र किञ्चन भवेत्तद् भीः कुतो ज्ञानिनो
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। २८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** સુદ્ધ=કર્મકલંક રહિત. બુદ્ધ=કેવળજ્ઞાની. અવિરુદ્ધ=વીતરાગ. સમૃદ્ધ=વૈભવશાળી. અલખ=અરૂપી. અતુલ=ઉપમા રહિત. વીત-વિકલપ=નિર્વિકલ્પ.

**અર્થઃ-** મારો આત્મા શુદ્ધ જ્ઞાન તથા વીતરાગભાવમય છે અને સિદ્ધ ભગવાન જેવો સમૃદ્ધિવાન છે. મારું સ્વરૂપ અરૂપી, અનાદિ, અનંત, અનુપમ, નિત્ય, ચૈતન્યજ્યોતિ, નિર્વિકલ્પ, આનંદકંદ અને દ્વંદ્વરહિત છે. તેનામાં કોઈ આકસ્મિક ઘટના બની શકતી નથી, જ્યારે આ જાતનો ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે અકસ્માતભય પ્રગટ થતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૫૬.

**સમ્યગ્જ્ઞાની જીવોને નમસ્કાર. ( છપ્પા )**

जो परगुन त्यागंत, सुद्ध निज गुन गहंत धुव।
विमल ग्यान अंकूर, जासु घटमहिं प्रकास हुव।।
जो पूरबकृत कर्म, निरजरा-धार बहावत।
जो नव बंध निरोध, मोख-मारग-मुख धावत।।
नि:संकतादि जस अष्ट गुन,
अष्ट कर्म अरि संहरत।
सो पुरुष विचच्छन तासु पद,
बानारसि वंदन करत।। ५७।।

**શબ્દાર્થઃ-** ધુવ (ધ્રુવ)=નિત્ય. ધાર=પ્રવાહ. નિરોધ=રોકીને. મોખ-મારગ-મુખ=મોક્ષમાર્ગ તરફ. ધાવત=દોડે છે. સંહરત=નષ્ટ કરે છે.

**અર્થઃ-** જે પરદ્રવ્યમાંથી આત્મબુદ્ધિ છોડીને નિજસ્વરૂપનું ગ્રહણ કરે છે, જેમના હૃદયમાં નિર્મળ જ્ઞાનનો અંકુર પ્રગટ થયો છે, જે નિર્જરાના પ્રવાહમાં પૂર્વે

---

टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाज:
सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।
तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्म्मणो नास्ति बन्ध:
पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव।। २९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરેલાં કર્મો વહેવડાવી દે છે અને નવીન કર્મબંધનો સંવર કરીને મોક્ષમાર્ગ સન્મુખ થયા છે, જેમના નિશંકિતાદિ ગુણો આઠ કર્મરૂપ શત્રુઓના નાશ કરે છે, તે સમ્યગ્જ્ઞાની પુરુષ છે. તેમને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૫૭.

**સમ્યગ્દર્શનનાં આઠ અંગોનાં નામ. ( સોરઠા )**

प्रथम निसंसै जानि, दुतिय अवंछित परिनमन।
तृतिय अंग अगिलानि, निर्मल दिष्टि चतुर्थ गुन।। ५८।।
पंच अकथ परदोष, थिरीकरन छट्ठम सहज।
सत्तम वच्छल पोष, अष्टम अंग प्रभावना।। ५९।।

**શબ્દાર્થઃ-** નિસંસૈ (નિઃસંશય)=નિઃશંક્તિ. અવંછિત=વાંછા રહિત, નિઃકાંક્ષિત. અગિલાનિ=ગ્લાનિ રહિત, નિર્વિચિકિત્સિત. નિર્મળ દિષ્ટિ= યથાર્થ વિવેક, અમૂઢદષ્ટિ. અકથ પરદોષ=બીજાના દોષ ન કહેવા, ઉપગૂહન. થિરીકરન=સ્થિર કરવું, સ્થિતિકરણ. વત્સલ=વાત્સલ્ય, પ્રેમ.

**અર્થઃ-** નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સિત, અમૂઢદષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના-આ સમ્યગ્દર્શનનાં આઠ અંગ છે. ૫૯.

**સમ્યકત્વનાં આઠ અંગોનું સ્વરૂપ ( સવૈયા એકત્રીસા )**

धर्ममैं संसै सुभकर्म फलकी न इच्छा,
असुभकौ देखि न गिलानि आनै चितमैं।
सांची दिष्टि राखै काहू प्रानीकौ न दोष भाखै,
चंचलता भानि थिति ठानै बोध वितमैं।।
प्यार निज रूपसौं उछाहकी तरंग उठै,
एई आठौं अंग जब जागै समकितमैं।
ताहि समकितकौं धरै सो समकितवंत,
वहै मोख पावै जौ न आवै फिरि इतमैं।। ६०।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** સંસૈ (સંશય) = સંદેહ. ભાનિ=નાશ કરીને. થિતિ ઠાનૈ=સ્થિર કરે. બોધ=રત્નત્રય. તરંગ=લહેર. ઉછાહ=ઉત્સાહ. ઈતમેં=અહીં (સંસારમાં).

**અર્થઃ-** સ્વરૂપમાં સંદેહ ન કરવો એ નિઃશંકિત અંગ છે, શુભ ક્રિયા કરીને તેના ફળની અભિલાષા ન કરવી એ નિઃકાંક્ષિત અંગ છે, દુઃખદાયક પદાર્થ જોઈને ગ્લાનિ ન કરવી એ નિર્વિચિકિત્સા અંગ છે, મૂર્ખાઈ છોડીને તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવો એ અમૂઢદૃષ્ટિ અંગ છે, બીજાઓના દોષ પ્રગટ ન કરવા એ ઉપગૂહન અંગ છે, ચિત્તની ચંચળતા દૂર કરીને રત્નત્રયમાં સ્થિર થવું તે સ્થિતિકરણ અંગ છે, આત્મસ્વરૂપમાં અનુરાગ રાખવો તે વાત્સલ્ય અંગ છે, આત્માની ઉન્નતિ માટે ઉત્સાહિત રહેવું એ પ્રભાવના અંગ છે, આ આઠ અંગોનું પ્રગટ થવું તે સમ્યકત્વ છે, તે સમ્યકત્વને જે ધારણ કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ જ મોક્ષ પામે છે અને પછી આ સંસારમાં આવતો નથી.

**વિશેષઃ-** જેવી રીતે શરીરના આઠ અંગ* હોય છે અને તે પોતાના અંગી અર્થાત્ શરીરથી પૃથક્ થતાં નથી અને શરીર તે અંગોથી પૃથક્ થતું નથી. તેવી જ રીતે સમ્યગ્દર્શનનાં નિઃશંકિત આદિ આઠ અંગ હોય છે અને તે પોતાના અંગી અર્થાત્ સમ્યગ્દર્શનથી પૃથક્ થતાં નથી અને સમ્યગ્દર્શન આઠ અંગોથી જુદું હોતું નથી-આઠ અંગોનો સમુદાય જ સમ્યગ્દર્શન છે.૬૦.

**ચૈતન્ય નટનું નાટક (સવૈયા એકત્રીસા)**

पूर्व बंध नासै सो तो संगीत कला प्रकासै,
नव बंध रुंधि ताल तोरत उछरिकै।
निसंकित आदि अष्ट अंग संग सखा जोरि,
समता अलाप चारी करै सुर भरिकै।।

---

* સિર નિતંબ ઉર પીઠ કર, જુગલ જુગલ પદ ટેક; આઠ અંગ યે તન વિષૈં, ઔર ઉપંગ અનેક.

रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गैः
प्राग्बद्धं तु क्षयमुपनयन् निर्जरोज्जृम्भणेन।
सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं
ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।। ३०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निरजरा नाद गाजै ध्यान मिरदंग बाजै,
छक्यौ महानंदमैं समाधि रीझि करिकै।
सत्ता रंगभूमिमैं मुक्त भयौ तिहूं काल,
नाचै सुद्धदिष्टि नट ग्यान स्वांग धरिकै।। ६१।।

**શબ્દાર્થઃ-** સંગીત=ગાયન. સખા= સાથી. નાદ=ધ્વનિ. છક્યૌ=લીન થયો. મહાનંદ=મહાન હર્ષ. રંગભૂમિ=નાટયશાળા.

**અર્થઃ-** સમ્યગ્દષ્ટિ રૂપી નટ, જ્ઞાનનો સ્વાંગ ધારણ કરીને સત્તારૂપ રંગભૂમિમાં મોક્ષ થવાને માટે સદા નૃત્ય કરે છે; પૂર્વબંધનો નાશ તેની ગાયનવિદ્યા છે, નવીન બંધનો સંવર જાણે કે તેના તાલની મેળવણી છે, નિઃશંકિત આદિ આઠ અંગ તેના સહચારી છે, સમતાનો આલાપ સ્વરોનું ઉચ્ચારણ છે, નિર્જરાની ધ્વનિ થઈ રહી છે, ધ્યાનનું મૃદંગ વાગે છે, સમાધિરૂપ ગાયનમાં લીન થઈને ખૂબ આનંદમાં મસ્ત છે. ૬૧.

## સાતમા અધિકારનો સાર

સંસારી જીવ અનાદિકાળથી પોતાનું સ્વરૂપ ભૂલેલા છે, એ કારણે પ્રથમ તો તેમને આત્મહિત કરવાની ભાવના જ થતી નથી, જો કોઈવાર આ વિષયમાં પ્રયત્ન પણ કરે છે તો સત્યમાર્ગ નહિ મળવાથી ઘણું કરીને વ્યવહારમાં લીન થઈને સંસારને જ વધારે છે અને અનંત કર્મોનો બંધ કરે છે પરંતુ સમ્યગ્જ્ઞાનરૂપી ખીલાનો સહારો મળતાં ગૃહસ્થ માર્ગ અને પરિગ્રહ-સંગ્રહની ઉપાધિ હોવા છતાં પણ જીવ સંસારની ચક્કીમાં પીસાતો નથી અને બીજાઓને જગતની જાળમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે. તેથી મુક્તિનો ઉપાય જ્ઞાન છે, બાહ્ય આડંબર નથી. અને જ્ઞાન વિના બધી ક્રિયા ભાર જ છે, કર્મનો બંધ અજ્ઞાનની દશામાં જ થાય છે. જેવી રીતે રેશમનો કીડો પોતાની જાતે જ પોતાની ઉપર જાળ વીંટે છે તેવી જ રીતે અજ્ઞાની પોતાની જાતે જ શરીર આદિમાં અહંબુદ્ધિ કરીને પોતાની ઉપર અનંત કર્મોનો બંધ કરે છે, પણ જ્ઞાનીઓ સંપત્તિમાં હર્ષ કરતા નથી, વિપત્તિમાં વિષાદ કરતા નથી, સંપત્તિ અને વિપત્તિને કર્મજનિત જાણે છે તેથી તેમને સંસારમાં ન કોઈ પદાર્થ સંપત્તિ છે ન કોઈ પદાર્થ વિપત્તિ છે, તેઓ તો જ્ઞાન- વૈરાગ્યમાં મસ્ત રહે છે. તેમને માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસારમાં પોતાના આત્મા સિવાય બીજો કોઈ પણ પદાર્થ એવો નથી કે જેના પર તે રાગ કરે અને સંસારમાં કોઇ એવો પદાર્થ નથી જેના ઉપર તે દ્વેષ કરે. તેમની ક્રિયા ફળની ઈચ્છારહિત હોય છે તેનાથી તેમને કર્મબંધ થતો નથી, ક્ષણેક્ષણે અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. તેમને શુભ-અશુભ, ઇષ્ટ-અનિષ્ટ, બન્ને એક સરખા છે અથવા સંસારમાં તેમને કોઈ પદાર્થ ન તો ઇષ્ટ છે કે ન અનિષ્ટ છે. તો પછી રાગ-દ્વેષ કોના ઉપર કરે? કઈ ચીજના સંયોગ-વિયોગમાં લાભ-હાનિ ગણે? તેથી વિવેકી જીવ લોકોની નજરમાં ચાહે ધનવાન હોય કે નિર્ધન હોય, તેઓ તો આનંદમાં જ રહે છે. જ્યારે તેમણે પદાર્થનું સ્વરૂપ સમજી લીધું અને પોતાના આત્માને નિત્ય અને નિરાબાધ જાણી લીધો તો તેમના ચિત્તમાં સાત પ્રકારનો ભય ઊપજતો નથી અને તેમને અષ્ટાંગ સમ્યગ્દર્શન નિર્મળ હોય છે, જેથી અનંત કર્મોની નિર્જરા થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# બંધ દ્વાર

## (૮)

**પ્રતિજ્ઞા ( દોહરા )**

कही निरजराकी कथा, सिवपथ साधनहार।
अब कछू बंध प्रबंधकौ, कहूँ अलप विस्तार।। १।।

**શબ્દાર્થઃ-** સિવપથ=મોક્ષમાર્ગ. અલપ = થોડા.

**અર્થઃ-** મોક્ષમાર્ગની સિદ્ધિ કરનાર નિર્જરા તત્ત્વનું કથન કર્યું, હવે બંધનું વ્યાખ્યાન કાંઈક વિસ્તાર કરીને કહું છું. ૧.

**મંગળાચરણ ( સવૈયા એકત્રીસા )**

मोह मद पाइ जिनि संसारी विकल कीनें,
याहीतैं अजानुबाहु बिरद बिहतु है।
ऐसौ बंध-वीर विकराल महा जाल सम,
ग्यान मंद करै चंद राहू ज्यौं गहतु है।।
ताकौ बल भंजिवेकौं घटमैं प्रगट भयौ,
उद्धत उदार जाकौ उद्दिम महतु है।
सो है समकित सूर आनंद-अंकूर ताहि,
निरखि बनारसी नमो नमो कहतु है।। २।।

**શબ્દાર્થઃ-** પાઈ = પિવડાવીને. વિકલ = દુઃખી. બિરદ = નામના. અજાનુબાહુ ( આજાનુબાહુ )= ઘુંટણ સુધી પહોંચે તેવા લાંબા હાથવાળા. ભંજિવેકૌં = નષ્ટ કરવાને માટે. ઉદ્ધત = બળવાન. ઉદાર = મહાન. નમો નમો ( નમઃ નમઃ ) નમસ્કાર નમસ્કાર.

---

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाटयेन बन्धं धुनत्।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटन्नाटयद्
धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति।। १।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** જેણે મોહનો દારૂ પાઈને સંસારી જીવોને વ્યાકુળ કરી નાખ્યાં છે, જેના હાથ ઘુંટણ સુધી લાંબા છે એવી સંસારમાં પ્રસિદ્ધિ છે, જે મહા જાળ સમાન છે અને જે જ્ઞાનરૂપી ચંદ્રમાને તેજરહિત કરવા માટે રાહુ સમાન છે એવા બંધરૂપ ભયંકર યોદ્ધાનું બળ નષ્ટ કરવાને માટે જે હૃદયમાં ઉત્પન્ન થયો છે, જે બહુ બળવાન, મહાન અને પુરુષાર્થી છેઃ એવા આનંદમય સમ્યક્ત્વરૂપી યોદ્ધાને પંડિત બનારસીદાસજી વારંવાર નમસ્કાર કરે છે. ૨.

**જ્ઞાનચેતના અને કર્મચેતનાનું વર્ણન ( સવૈયા એકત્રીસા )**

जहां परमातम कलाकौ परकास तहां,
धरम धरामैं सत्य सूरजकी धूप है।
जहां सुभ असुभ करमकौ गढ़ास तहां,
मोहके बिलासमैं महा अंधेर कूप है।
फैली फिरै घटासी छटासी घन-घटा बीचि,
चेतनकी चेतना दुहूंधा गुपचूप है।
बुद्धिसौं न गही जाइ बैनसौं न कही जाइ,
पानीकी तरंग जैसैं पानीमैं गुड़ूप है।। ३।।

**શબ્દાર્થઃ-** ધરા=ભૂમિ. ગઢાસ = ગાઢપણું. છટા = વીજળી. ઘન= વાદળું. દુહૂંધા = બન્ને તરફ, બન્ને અવસ્થાઓમાં. બૈન= વચન. ગુડૂપ= ડૂબી.

**અર્થઃ-** જ્યાં આત્મામાં જ્ઞાનની જ્યોતિ પ્રકાશિત છે ત્યાં ધર્મરૂપી ધરતી પર સત્યરૂપ સૂર્યનું અજવાળું છે અને જ્યાં શુભ-અશુભ કર્મોની સઘનતા છે ત્યાં મોહના ફેલાવાનો ઘોર અંધકારમય કૂવો જ છે. આ રીતે જીવની ચેતના બન્ને અવસ્થાઓમાં ગુપચૂપ થઈને શરીર રૂપી વાદળાની ઘટામાં વીજળીની જેમ ફેલાઈ રહી છે. તે બુદ્ધિગ્રાહ્ય નથી અને ન વચનગોચર છે, તે તો પાણીનાં તરંગની જેમ પાણીમાં જ સમાઈ જાય છે. ૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**કર્મબંધનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. ( સવૈયા એકત્રીસા )**

कर्मजाल-वर्गनासौं जगमैं न बंधै जीव,
बंधै न कदापि मन-वच-काय-जोगसौं।
चेतन अचेतनकी हिंसासौं न बंधै जीव,
बंधै न अलख पंच-विषै-विष-रोगसौं।।
कर्मसौं अबंध सिद्ध जोगसौं अबंध जिन,
हिंसासौं अबंध साधु ग्याता विषै-भोगसौं।
इत्यादिक वस्तुके मिलापसौं न बंधै जीव,
बंधै एक रागादि असुद्ध उपयोगसौं।। ४।।

**શબ્દાર્થ:-** વર્ગના= કર્મપરમાણુઓના સમૂહને વર્ગણા કહે છે. કદાપિ= કદી પણ. અલખ= આત્મા. પંચ વિષૈ=પાંચ ઇન્દ્રિયોના વિષય-ભોગ. અસુદ્ધ ઉપયોગ=જીવની શુભાશુભ પરિણતિ.

**અર્થ:-** જીવને બંધનું કારણ ન તો કાર્માણ વર્ગણા છે, ન મન-વચન-કાયાના યોગ છે, ન ચેતન-અચેતનની હિંસા છે અને ન ઇન્દ્રિયોના વિષયો છે, કેવળ રાગ આદિ અશુદ્ધ ઉપયોગ બંધનું કારણ છે. કેમકે કાર્માણ વર્ગણા રહેવા છતાં પણ સિદ્ધ ભગવાન અબંધ રહે છે, યોગ* હોવા છતાં પણ અરહંત ભગવાન અબંધ રહે છે, હિંસા* થઈ જવા છતાં પણ મુનિ મહારાજ અબંધ રહે છે અને

---

* મનોયોગ બે-સત્ય મનોયોગ, અનુભય મનોયોગ. વચનયોગ બે-સત્ય વચનયોગ, અનુભય વચનયોગ. કાયયોગ ત્રણ-ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ અને કાર્માણ કાયયોગ- એવા સાત યોગ સયોગી જિનરાજને હોય છે.

* ત્રસ સ્થાવર હિંસાના ત્યાગી મહાવ્રતી મુનિ ઈર્યાસમિતિપૂર્વક વિહાર કરે છે અને અકસ્માત કોઈ જીવ તેમના પગ નીચે આવી પડે તથા મરી જાય તો પ્રમત્તયોગ ન હોવાથી તેમને હિંસાનો બંધ થતો નથી.

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृतः।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।। २।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પાંચ ઈન્દ્રિયોના ભોગ ભોગવવા છતાં પણ સમ્યગ્દષ્ટિ જીવ અબંધ રહે છે.**

**ભાવાર્થઃ-** કાર્માણવર્ગણા, યોગ, હિંસા, ઈન્દ્રિય-વિષયભોગ-એ બંધના કારણ કહેવાય છે પરંતુ સિદ્ધાલયમાં અનંતાનંત કાર્માણ પુદ્‌ગલવર્ગણાઓ ભરેલી છે, તે રાગાદિ વિના સિદ્ધ ભગવાન સાથે બંધાતી નથી; તેરમા ગુણસ્થાનવર્તી અરિહંત ભગવાનને મન-વચન-કાયાના યોગ રહે છે પરંતુ રાગ-દ્વેષ આદિ થતાં નથી તેથી તેમને કર્મબંધ થતો નથી; મહાવ્રતી સાધુઓથી અબુદ્ધિપૂર્વક હિંસા થયા કરે છે પરંતુ રાગ-દ્વેષ ન હોવાથી તેમને બંધ નથી, અવ્રતી સમ્યગ્દષ્ટિ જીવ પંચેન્દ્રિયના વિષયો ભોગવે છે પણ તલ્લીનતા ન હોવાથી તેમને નિર્જરા જ થાય છે, તેથી સ્પષ્ટ છે કે કાર્માણવર્ગણાઓ યોગ, હિંસા અને સાંસારિક વિષય બંધના કારણ નથી; કેવળ અશુદ્ધ ઉપયોગથી જ બંધ થાય છે. ૪.

**વળી-**

कर्मजाल-वर्गनाकौ वास लोकाकासमांहि,
मन-वच-कायकौ निवास गति आउमैं।
चेतन अचेतनकी हिंसा वसै पुग्गलमैं,
विषैभोग वरतै उदैके उरझाउमैं।।
रागादिक सुद्धता असुद्धता है अलखकी,
यहै उपादान हेतु बंधके बढ़ाउमैं।
याहीतैं विचच्छन अबंध कह्यौ तिहूं काल,
राग दोष मोह नाहीं सम्यक सुभाउमैं।। ५।।

**શબ્દાર્થઃ-** લોકાકાસ=જેટલા આકાશમાં જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને કાળ-એ પાંચ દ્રવ્યો પ્રાપ્ત થાય છે તે. ઉપાદાન હેતુ = જે સ્વયં કાર્ય કરે. વિચચ્છન =સમ્યગ્દષ્ટિ. તિહૂં કાલ= ભૂત, ભવિષ્ય, વર્તમાન.

---

लोकः कर्म ततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्
तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवेत् केवलं
बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दगात्मा ध्रुवम्।। ३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ:-** કાર્માણવર્ગણાઓ લોકાકાશમાં રહે છે, મન-વચન-કાયાના યોગોની સ્થિતિ ગતિ અને આયુષ્યમાં રહે છે, ચેતન-અચેતનની હિંસાનું અસ્તિત્વ પુદ્ગલમાં છે, ઇન્દ્રિયોના વિષય-ભોગ ઉદયની પ્રેરણાથી થાય છે; તેથી વર્ગણા, યોગ, હિંસા અને ભોગ-આ ચારેનો સદ્ભાવ પુદ્ગલ સત્તામાં છે- આત્માની સત્તામાં નથી, તેથી એ જીવને કર્મબંધના કારણ નથી અને રાગ-દ્વેષ-મોહ જીવના સ્વરૂપને ભૂલાવી દે છે તેથી બંધની પરંપરામાં અશુદ્ધ ઉપયોગ જ અંતરંગ કારણ છે, સમ્યક્ત્વભાવમાં રાગ-દ્વેષ-મોહ હોતા નથી તેથી સમ્યગ્જ્ઞાનીને સદા બંધરહિત કહ્યા છે. ૫.

**જોકે જ્ઞાની અબંધ છે તોપણ પુરુષાર્થ કરે છે. ( સવૈયા એકત્રીસા )**

कर्मजालजोग हिंसा-भोगसौं न बंधै पै,
तथापि ग्याता उद्दिमी बखान्यौ जिन बैनमैं।
ग्यानदिष्टि देत विषै-भोगनिसौं हेत दोऊ
क्रिया एक खेत यौं तौं बनै नांहि जैनमैं।।
उदै-बल उद्दिम गहै पै फलकौं न चहै,
निरदै दसा न होइ हिरदैके नैनमैं।
आलस निरुद्दिमकी भूमिका मिथ्यात मांहि,
जहां न संभारै जीव मोह नींद सैनमैं।। ६।।

**શબ્દાર્થ:-** ઉદ્દિમી= પુરુષાર્થી. બખાન્યૌ=કહ્યો. બૈન= વચન. નિરદૈ=કઠોર. ન સંભારૈ ( ન સમ્હાલૈ ) = અસાવધાન રહે. સૈન ( શયન )= નિદ્રા.

**અર્થ:-** સ્વરૂપની સંભાળ અને ભોગોનો પ્રેમ - એ બન્ને વાતો એક સાથે જ જૈનધર્મમાં હોઈ શકે નહિ, તેથી જોકે સમ્યગ્જ્ઞાનની વર્ગણા, યોગ, હિંસા અને ભોગોથી અબંધ છે તોપણ તેને પુરુષાર્થ કરવાને માટે જિનરાજની આજ્ઞા છે. તેઓ

---

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।
अकामकृत्कर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च।। ४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિ પ્રમાણે પુરુષાર્થ કરે છે પણ ફળની અભિલાષા રાખતા નથી અને હૃદયમાં સદા દયાભાવ રાખે છે, નિર્દય હોતા નથી. પ્રમાદ અને પુરુષાર્થહીનતા તો મિથ્યાત્વદશામાં જ હોય છે જ્યાં જીવ મોહનિદ્રાથી અચેત રહે છે, સમ્યક્ત્વભાવમાં પુરુષાર્થહીનતા નથી. ૬.

### ઉદયની પ્રબળતા ( દોહરા )

**जब जाकौ जैसौ उदै, तब सो है तिहि थान।**
**सकति मरोरै जीवकी, उदै महा बलवान।। ७।।**

**શબ્દાર્થ:-** જાકૌ= જેના. થાન=સ્થાન. ઉદૈ ( ઉદય )=કર્મનો વિપાક.

**અર્થ:-** જ્યારે જે જીવનો જેવો ઉદય હોય છે ત્યારે તે જીવ તેની જેમ જ વર્તે છે. કર્મનો ઉદય બહુ જ પ્રબળ હોય છે તે જીવની શક્તિઓને કચડી નાખે છે અને તેને પોતાના ઉદયને અનુકૂળ પરિણમાવે છે. ૭.

### ઉદયની પ્રબળતા પર દૃષ્ટાંત ( સવૈયા એકત્રીસા )

**जैसैं गजराज पर्‍यौ कर्दमकै कुंडबीच,**
**उद्दिम अहूटै पै न छूटै दुख-दंदसौं।**
**जैसैं लोह-कंटककी कोरसौं उरइयौ मीन,**
**ऐंचत असाता लहै साता लहै संदसौं।।**
**जैसैं महाताप सिर वाहिसौं गरास्यौ नर,**
**तकै निज काज उठि सकै न सुछंदसौं।**
**तैसैं ग्यानवन्त सब जानै न बसाइ कछू,**
**बंध्यौ फिरै पूरब करम-फल-फंदसौं।। ८।।**

**શબ્દાર્થ:-** ગજરાજ=હાથી. કર્દમ=કીચડ. કંટક=કાંટો. કોર=અણી. ઉરઝ્યો=ફસાયેલી. મીન = માછલી. સંદસૌં = છૂટવાથી.

**અર્થ:-** જેવી રીતે કાદવના ખાડામાં પડેલો હાથી અનેક પ્રયત્નો કરવા છતાં પણ દુઃખથી છૂટતો નથી, જેવી રીતે લોઢાના કાંટામાં ફસાયેલી માછલી દુઃખ પામે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે– નીકળી શકતી નથી, જેમ આકરા તાવ અને માથાના શૂળમાં પડેલો મનુષ્ય પોતાનું કાર્ય કરવા માટે સ્વતંત્રતાથી ઊઠી શકતો નથી, તેવી જ રીતે સમ્યગ્જ્ઞાની જીવ જાણે છે બધું પણ પૂર્વોપાર્જિત કર્મની જાળમાં ફસાયેલો હોવાથી તેનું કાંઇ વશ ચાલતું નથી અર્થાત્ વ્રત, સંયમ આદિનું ગ્રહણ કરી શકતા નથી. ૮.

**મોક્ષમાર્ગમાં અજ્ઞાની જીવ પુરુષાર્થહીન અને જ્ઞાની પુરુષાર્થી હોય છે. ( ચોપાઈ )**

जे जिय मोह नींदमैं सोवैं।
तै आलसी निरुद्दिम होवैं।।
द्रिष्टि खोलि जे जगे प्रवीना।
तिनि आलस तजि उद्दिम कीना।। ९।।

**અર્થ**:- જે જીવ મિથ્યાત્વની નિદ્રામાં સૂઈ રહે છે તેઓ મોક્ષમાર્ગમાં પ્રમાદી અથવા પુરુષાર્થહીન હોય છે અને જે વિદ્વાન જ્ઞાનનેત્ર ઉઘાડીને જાગૃત થયા છે તેઓ પ્રમાદ છોડીને મોક્ષમાર્ગમાં પુરુષાર્થ કરે છે. ૯.

**જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિ પર દષ્ટાંત ( સવૈયા એકત્રીસા )**

काच बांधै सिरसौं सुमनि बांधि पाइनिसौं,
जानै न गंवार कैसी मनि कैसौ काच है।
यौंही मूढ़ झूठमैं मगन झूठहीकौं दोरै,
झूठी बात मानै पै न जानै कहा साच है।।
मनिकौं परखि जानैं जौंहरी जगत मांहि,
सचकी समुझि ग्यान लोचनकी जाच है।
जहांको जु वासी सो तौ तहांकौ मरम जानै,
जाको जैसौ स्वांग ताकौ ताही रूप नाच है।। १०।।

**શબ્દાર્થ**:- સિર=મસ્તક. સુમનિ=રત્ન. પાઈનિસૌં= પગોથી. પરખિ = પરીક્ષા. લોચન= નેત્ર. સ્વાંગ=વેષ.

**અર્થ**:- જેવી રીતે વિવેકહીન મનુષ્ય માથામાં કાચ અને પગમાં રત્ન પહેરે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તે કાચ અને રત્નનું મૂલ્ય સમજતો નથી, તેવી જ રીતે મિથ્યાત્વી જીવ અતત્ત્વમાં મગ્ન રહે છે અને અતત્ત્વને જ ગ્રહણ કરે છે, તે સત્-અસત્‌ને જાણતો નથી. સંસારમાં હીરાની પરીક્ષા ઝવેરી જ જાણે છે, સાચ-જૂઠની ઓળખાણ માત્ર જ્ઞાનદૃષ્ટિથી થાય છે. જે જે અવસ્થામાં રહેવાવાળો છે તે તેને જ સારી જાણે છે અને જેનું જેવું સ્વરૂપ છે તે તેવી જ પરિણતિ કરે છે, અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વને જ ગ્રાહ્ય સમજે છે અને તેને અપનાવે છે તથા સમ્યક્ત્વી સમ્યક્ત્વને ગ્રાહ્ય જાણે છે અથવા તેને અપનાવે છે.

**ભાવાર્થઃ-** ઝવેરી મણિની પરીક્ષા કરી લે છે અને કાચને કાચ જાણીને તેની કદર કરતો નથી, પણ મૂર્ખાઓ કાચને હીરો અને હીરાને કાચ સમજીને કાચની કદર અને હીરાનો અનાદર કરે છે, તેવી જ રીતે સમ્યદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની હાલત રહે છે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ અતત્ત્વનું જ તત્ત્વશ્રદ્ધાન કરે છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ પદાર્થનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ કરે છે.૧૦.

**જેવી ક્રિયા તેવું ફળ ( દોહરા )**

बंध बढ़ावै अंध है, ते आलसी अजान।
मुकति हेतु करनी करैं, ते नर उद्दिमवान।। ११।।

**શબ્દાર્થઃ-** અંધ=વિવેકહીન. આલસી=પ્રમાદી. અજાન (અજ્ઞાન) =અજ્ઞાની. ઉદ્દિમવાન=પુરુષાર્થી.

**અર્થઃ-** જે વિવેકહીન થઈને કર્મનીબંધ-પરંપરા વધારે છે તેઓ અજ્ઞાની તથા પ્રમાદી છે અને જે મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તેઓ પુરુષાર્થી છે. ૧૧.

**જ્યાંસુધી જ્ઞાન છે ત્યાંસુધી વૈરાગ્ય છે. ( સવૈયા એકત્રીસા )**

जबलग जीव सुद्धवस्तुकौं विचारै ध्यावै,
तबलग भौंगसौं उदासी सरवंग है।

---

जानाति यः स न करोति करोति यस्तु
जानात्ययं न खलु तत्किल कर्मरागः।
रागं त्वबोधमयमध्यवसायमाहु-
र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतुः।। ५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भोगमैं मगन तब ग्यानकी जगन नांहि,
भोग-अभिलाषकी दसा मिथ्यात अंग है।।
तातैं विषै-भोगमैं मगन सो मिथ्याती जीव,
भोगसौं उदास सो समकिती अभंग है।
ऐसी जानि भोगसौं उदास ह्वै मुकति साधै,
यहै मन चंग तौ कठौती मांहि गंग है।। १२।।

**શબ્દાર્થઃ-** ઉદાસી=વિરક્ત. સરવંગ=તદ્દન. જગન=ઉદય. અભિલાષ=ઈચ્છા. મુકિત (મુકતિ)= મોક્ષ. ચંગ (ચંગા)=પવિત્ર. કઠૌતી =કથરોટ.

**અર્થઃ-** જ્યાં સુધી જીવનો વિચાર શુદ્ધ વસ્તુમાં રમે છે ત્યાં સુધી તે ભોગોથી સર્વથા વિરક્ત રહે છે અને જ્યારે ભોગોમાં લીન થાય છે ત્યારે જ્ઞાનનો ઉદય રહેતો નથી કારણ કે ભોગોની ઈચ્છા અજ્ઞાનનું રૂપ છે. તેથી સ્પષ્ટ છે કે જે જીવ ભોગોમાં મગ્ન રહે છે તે મિથ્યાત્વી છે અને જે ભોગોથી વિરક્ત છે તે સમ્યગ્દ્રષ્ટિ છે. એમ જાણીને ભોગોથી વિરક્ત થઈને મોક્ષનું સાધન કરો! જો મન પવિત્ર હોય તો કથરોટના પાણીમાં નાહવું તે જ ગંગા-સ્નાન સમાન છે અને જો મન મિથ્યાત્વ, વિષયકષાય આદિથી મલિન છે તો ગંગા આદિ કરોડો તીર્થોના સ્નાનથી પણ આત્મામાં પવિત્રતા આવતી નથી. ૧૨.

### ચાર પુરુષાર્થ (દોહરા)

धरम अरथ अरु काम सिव, पुरुषारथ चतुरंग।
कुधी कलपना गहि रहै, सुधी गहै सरवंग।। १३।।

**શબ્દાર્થઃ-** પુરુષારથ= ઉત્તમ પદાર્થ. ચતુરંગ=ચાર. કુધી=મૂર્ખ. સુધી =જ્ઞાની. સરવંગ (સર્વાંગ)=પૂર્ણ.

**અર્થઃ-** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ પુરુષાર્થના ચાર અંગ છે, દુર્બુદ્ધિ જીવ તેમનું મન ફાવે તેમ ગ્રહણ કરે છે અને સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની જીવ સંપૂર્ણ રીતે વાસ્તવિક રૂપમાં અંગીકાર કરે છે. ૧૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ચાર પુરુષાર્થ ઉપર જ્ઞાની અને અજ્ઞાનીનો વિચાર ( સવૈયા એકત્રીસા )**

कुलकौ आचार ताहि मूरख धरम कहै,
पंडित धरम कहै वस्तुके सुभाउकौं।
खेहकौ खजानौं ताहि अग्यानी अरथ कहै,
ग्यानी कहै अरथ दरव-दरसाउकौं।।
दंपतिकौ भोग ताहि दुरबुद्धी काम कहै,
सुधी काम कहै अभिलाष चित चाउकौं।
इंद्रलोक थानकौं अजान लोग कहैं मोख,
सुधी मोख कहै एक बंधके अभाउकौं।। १४।।

**શબ્દાર્થઃ-** ખેહ=માટી. દંપતી = સ્ત્રી-પુરુષ. દુરબુદ્ધિ=મૂર્ખ. સુધી =જ્ઞાની. ઈન્દ્રલોક =સ્વર્ગ.

**અર્થઃ-** અજ્ઞાનીઓ કુળપદ્ધતિ -સ્નાન, ચોકા વગેરેને ધર્મ કહે છે અને પંડિતો વસ્તુસ્વભાવને ધર્મ કહે છે. અજ્ઞાનીઓ માટીના સમૂહ એવા સોના-ચાંદી આદિને દ્રવ્ય કહે છે પરંતુ જ્ઞાનીઓ તત્ત્વ-અવલોકનને દ્રવ્ય કહે છે. અજ્ઞાનીઓ સ્ત્રી-પુરુષના વિષય-ભોગને કામ કહે છે, જ્ઞાની આત્માની નિસ્પૃહતાને કામ કહે છે. અજ્ઞાનીઓ સ્વર્ગલોકને વૈકુંઠ ( મોક્ષ ) કહે છે પણ જ્ઞાનીઓ કર્મબંધનના નાશને મોક્ષ કહે છે. ૧૪.

**આત્મામાં જ ચારે પુરુષાર્થ છે. ( સવૈયા એકત્રીસા )**

धरमकौ साधन जु वस्तुकौ सुभाउ साधै,
अरथकौ साधन विलेछ दर्व षटमैं।
यहै काम-साधन जु संग्रहै निरासपद,
सहज सरूप मोख सुद्धता प्रगटमैं।।
अंतरकी द्रिष्टिसौं निरंतर विलोकै बुध,
धरम अरथ काम मोख निज घटमैं।

साधन आराधनकी सौंज रहै जाके संग,
भूल्यौ फिरै मूरख मिथ्यातकी अलटमैं।। १५।।

**શબ્દાર્થઃ-** વિલેછ=ભિન્ન ભિન્ન ગ્રહણ કરવું. સંગ્રહૈ=ગ્રહણ કરે. નિરાસપદ=નિસ્પૃહતા. સૌંજ=સામગ્રી. અલટ=ભ્રમ.

**અર્થઃ-** વસ્તુસ્વભાવને યથાર્થ જાણવું તે ધર્મ-પુરુષાર્થની સિદ્ધિ છે, છ દ્રવ્યોનું ભિન્ન ભિન્ન જાણવું તે અર્થ - પુરુષાર્થની સાધના છે, નિસ્પૃહતાનું ગ્રહણ કરવું તે કામ-પુરુષાર્થની સિદ્ધિ છે અને આત્મસ્વરૂપની શુદ્ધતા પ્રગટ કરવી તે મોક્ષ-પુરુષાર્થની સિદ્ધિ છે. આવી રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થોને સમ્યગ્દષ્ટિ જીવ પોતાના હૃદયમાં સદા અંતર્દષ્ટિથી દેખે છે અને મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વના ભ્રમમાં પડીને ચારે પુરુષાર્થોની સાધક અને આરાધક સામગ્રી પાસે રહેવા છતાં પણ તેમને જોતો નથી અને બહાર ગોત્યા કરે છે. ૧૫.

**વસ્તુનું સત્ય સ્વરૂપ અને મૂર્ખનો વિચાર (સવૈયા એકત્રીસા)**

तिहुं लोकमांहि तिहुं काल सब जीवनिकौ,
पूरव करम उदै आइ रस देतु है।
कोउ दीरधाउ धरै कोउ अलपाउ मरै,
कोउ दुखी कोउ सुखी कोउ समचेतु है।।
याहि मैं जिवायौ याहि मारौ याहि सुखी करौ,
याहि दुखी करौ ऐसे मूढ़ मान लेतु है।
याही अहंबुद्धिसौं न विनसैं भरम भूल,
यहै मिथ्या धरम करम-बंध-हेतु है।। १६।।

**શબ્દાર્થઃ-** દીરઘાઉ (દીર્ઘાયુ)=અધિક ઉંમર. અલપાઉ (અલ્પાયુ)= નાની ઉંમર.

---

सर्वं सदैव नियतं भवति स्वकीय-
कर्मोदयान्मरणजीवितदुःखसौख्यम्।
अज्ञानमेतदिह यत्तु परः परस्य
कुर्यात्पुमान् मरणजीवितदुःखसौख्यम्।। ६।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિવાયૌ=જીવાડયો. મૂઢ=મિથ્યાદષ્ટિ. હેતુ=કારણ.

**અર્થ:-** ત્રણ લોક અને ત્રણ કાળમાં જગતના સર્વ જીવોને પૂર્વઉપાર્જિત કર્મ ઉદયમાં આવીને ફળ આપે છે જેથી કોઈ અધિક આયુ મેળવે છે, કોઈ નાની ઉંમરમાં મરે છે, કોઈ દુઃખી થાય છે, કોઈ સુખી થાય છે અને કોઈ સાધારણ સ્થિતિમાં રહે છે. ત્યાં મિથ્યાદષ્ટિ એમ માનવા લાગે છે કે મેં આને જીવાડયો, આને માર્યો, આને સુખી કર્યો, આને દુઃખી કર્યો છે. આ જ અહંબુદ્ધિથી અજ્ઞાનનો પડદો દૂર થતો નથી અને એ જ મિથ્યાભાવ છે જે કર્મબંધનું કારણ છે. ૧૬.

**વળી-**

जहांलौं जगतके निवासी जीव जगतमैं,
सबै असहाइ कोऊ काहूकौ न धनी है।
जैसी जैसी पूरव करम-सत्ता बांधी जिन,
तेसी उदैमैं अवस्था आइ बनी है।।
एतेपरि जो कोउ कहै कि मैं जिवाऊं मारूं,
इत्यादि अनेक विकलप बात घनी है।
सो तौ अहंबुद्धिसौं विकल भयौ तिहूं काल,
डोलै निज आतम सकति तिन हनी है।। १७।।

**શબ્દાર્થ:-** અસહાઈ=નિરાધાર. ધની =રક્ષક. અવસ્થા=હાલત. ઘની=ઘણી. વિકલ=બેચેન. ડોલૈ=ફરે છે. તિહૂંકાલ=સદૈવ. હની=નાશ કર્યો.

**અર્થ:-** જ્યાં સુધી સંસારી જીવોને જન્મ-મરણરૂપ સંસાર છે ત્યાંસુધી તેઓ અસહાય છે-કોઈ કોઈનો રક્ષક નથી. જેણે પૂર્વે જેવી કર્મસત્તા બાંધી છે તેના ઉદયમાં તેની તેવી જ દશા થઈ જાય છે. આમ હોવા છતાં પણ જે કોઈ કહે

---

अज्ञानमेतदधिगम्य परात्परस्य
पश्यन्ति ये मरणजीवितदु: खसौख्यम्।
कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते
मिथ्यादृशो नियतमात्महनो भवन्ति।। ७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે કે હું પાળું છું, હું મારું છું ઈત્યાદિ અનેક પ્રકારની કલ્પનાઓ કરે છે તેથી તે આ જ અહંબુદ્ધિથી વ્યાકુળ થઈને સદા ભટકતો ફરે છે અને પોતાની આત્મશક્તિનો ઘાત કરે છે. ૧૭.

**ઉત્તમ, મધ્યમ, અધમ અને અધમાધમ જીવોનો સ્વભાવ ( સવૈયા એકત્રીસા )**

उत्तम पुरुषकी दसा ज्यौं किसमिस दाख,
बाहिज अभिंतर विरागी मृदु अंग है।
मध्यम पुरुष नारिअरकीसी भांति लियैं,
बाहिज कठिन होय कोमल तरंग है।।
अधम पुरुष बदरीफल समान जाकैं,
बाहिरसैं दीसै नरमाई दिल संग है।
अधमसैं अधम पुरुष पूंगीफल सम,
अंतरंग बाहिज कठोर सरवंग है।। १८।।

**શબ્દાર્થઃ-** અભિંતર=અંદર. બદરીફલ=બોર. નરમાઈ=કોમળતા. દિલ =હૃદય. સંગ=પથ્થર. પૂંગીફલ=સોપારી.

**અર્થઃ-** ઉત્તમ મનુષ્યનો સ્વભાવ અંતરમાં અને બહારમાં કિસમિસ દ્રાક્ષ જેવો કોમળ ( દયાળુ ) હોય છે. મધ્યમ પુરુષનો સ્વભાવ નાળિયેર સમાન બહારમાં તો કઠોર ( અભિમાની ) અને અંદરથી કોમળ રહે છે, અધમ પુરુષનો સ્વભાવ બોર જેવો બહારથી કોમળ પણ અંદરથી કઠોર રહે છે અને અધમાધમ પુરુષનો સ્વભાવ સોપારી જેવો અંદર અને બહારથી સર્વાંગે કઠોર રહે છે. ૧૮.

**ઉત્તમ પુરુષનો સ્વભાવ ( સવૈયા એકત્રીસા )**

कीचसौ कनक जाकै नीचसौ नरेस पद,
मीचसी मिताई गरुवाई जाकै गारसी।
जहरसी जोग-जाति कहरसी करामाति,
हहरसी हौस पुदगल-छबि छारसी।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जालसौ जग-विलास भालसौ भुवन वास,
कालसौ कुटुंब काज लोक-लाज लारसी।
सीठसौ सुजसु जानै बीठसौ वखत मानै,
ऐसी जाकी रीति ताहि वंदत बनारसी।। १९।।

**શબ્દાર્થ:-** મીચ=મૃત્યુ. મિતાઈ=મિત્રતા. ગરુવાઈ=મોટાઈ. ગાર (ગાલ)=ગાળ. જોગ-જાતિ=યોગની ક્રિયાઓ. કહર=દુઃખ, હહર=અનર્થ. હૌસ=હવિસ, મહત્ત્વકાંક્ષા. પુદ્‌ગલ-છવિ=શરીરની કાન્તિ. છાર=ભસ્મ. ભાલ=બાણ ઉપરની લોઢાની અણી. લાર=મોઢાની લાળ. સીઠ=નાકનો મેલ. બીઠ=વિષ્ઠા. વખત = ભાગ્યોદય.

**અર્થ:-** સોનાને કાદવ સમાન, રાજ્યપદને અત્યંત તુચ્છ, લોકોની મૈત્રીને મૃત્યુ સમાન, પ્રશંસાને ગાળ સમાન, યોગની ક્રિયાઓને ઝેર સમાન, મંત્રાદિક યુક્તિઓને દુઃખ સમાન, લૌકિક ઉન્નતિને અનર્થ સમાન, શરીરની કાન્તિને રાખ સમાન, સંસારની માયાને જંજાળ સમાન, ઘરના નિવાસને બાણની અણી સમાન, કુટુંબના કામને કાળ સમાન, લોકલાજને લાળ સમાન, સુયશને નાકમાં મેલસમાન અને ભાગ્યોદયને વિષ્ટા સમાન જે જાણે છે, (તે ઉત્તમ પુરુષ છે) તેને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૧૯.

**ભાવાર્થ એ છે કે જ્ઞાની જીવ સાંસારિક અભ્યુદયને એક આપત્તિ જ સમજે છે.**

**મધ્યમ પુરુષનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)**

जैसैं कोऊ सुभट सुभाइ ठग-मूर खाइ,
चेरा भयौ ठगनीके घरामैं रहतु है।
ठगौरी उतरि गइ तबै ताहि सुधि भई,
परयो परवस नाना संकट सहतु है।।
तैसेही अनादिकौ मिथ्याती जीव जगतमैं,
डोलै आठौं जाम विसराम न गहतु है।
ग्यान कला भासी भयौ अंतर उदासी पै,
तथापि उदै व्याधिसौं समाधि न लहतु है।। २०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** મૂર=મૂળિયું, જડીબૂટ્ટી. ચેરા=ચેલો. જામ=પહોર. વિસરામ=ચેન. વ્યાધિ=આપત્તિ. સમાધિ=સ્થિરતા.

**અર્થઃ-** જેવી રીતે કોઈ સજ્જનને કોઈ ઠગ જડીબૂટ્ટી ખવડાવી દે તો તે મનુષ્ય ઠગોનો દાસ બની જાય છે અને તે ઠગોની આજ્ઞા પ્રમાણે ચાલે છે. પરંતુ જ્યારે તે બુટ્ટીની અસર મટી જાય છે અને તેને ભાન આવે છે ત્યારે ઠગોને ભલા ન જાણતો હોવા છતાં પણ તેમને આધીન રહીને અનેક પ્રકારના કષ્ટો સહન કરે છે. તેવી જ રીતે અનાદિકાળનો મિથ્યાદ્રષ્ટિ જીવ સંસારમાં હંમેશા ભટકતો ફરે છે અને ચેન પામતો નથી. પરંતુ જ્યારે જ્ઞાનજ્યોતિનો વિકાસ થાય છે ત્યારે અંતરંગમાં જોકે વિરક્તભાવ રહે છે તોપણ કર્મ-ઉદયની પ્રબળતાને કારણે શાંતિ મેળવતો નથી. (એવો મધ્યમ પુરુષ છે.) ૨૦.

**અધમ પુરુષનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)**

जैसैं रंक पुरुषकै भायैं कानी कौड़ी धन,
उलुवाके भायैं जैसैं संझा ही विहान है।
कूकरुके भायैं ज्यौं पिडोर जिरवानी मठा,
सूकरुके भायैं ज्यौं पुरीष पकवान है।।
बायसके भायैं जैसैं नींबकी निंबोरी दाख,
बालकके भायैं दंत-कथा ज्यौं पुरान है।
हिंसकके भायैं जैसैं हिंसामैं धरम तैसैं,
मूरखके भायैं सुभबंध निरवान है।। २१।।

**શબ્દાર્થઃ-** રંક=ગરીબ. ભાયૈં=પ્રિય લાગે. કાની=ફૂટેલી. ઉલુવા=ઘુવડ. વિહાન=સવાર. કૂકરુ=કૂતરો. પિડોર=ઉલટી. સૂકરુ=સુવ્વર. પુરીષ=વિષ્ટા. વાયસ = કાગડો. દંતકથા= લૌકિક વાર્તા. નિરવાન=મોક્ષ.

**અર્થઃ-** જેમ ગરીબ માણસને એક ફૂટેલી કોડી પણ સંપત્તિ સમાન પ્રિય લાગે છે, ઘુવડને સંધ્યા જ સવાર સમાન ઈષ્ટ લાગે છે, કૂતરાને ઉલટી જ દહીં સમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રુચિકર હોય છે, કાગડાને લીમડાની લીંબોળી દ્રાક્ષ સમાન પ્રિય હોય છે, બાળકોને લૌકિક વાર્તાઓ (ગપ્પા) જ શાસ્ત્રની જેમ રુચિકર લાગે છે, હિંસક મનુષ્યને હિંસામાં જ ધર્મ દેખાય છે, તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય લાગે છે. (એવો અધમ પુરુષ હોય છે).૨૧.

**અધમાધમ પુરુષનો સ્વભાવ (સવૈયા એકત્રીસા)**

कुंजरकौं देखि जैसैं रोस करि भूंसै स्वान,
रोस करै निर्धन विलोकि धनवंतकौं।
रैन के जगैय्याकौं विलोकि चोर रोस करै,
मिथ्यामती रोस करै सुनत सिद्धंतकौं।
हंसकौं विलोकि जैसैं काग मन रोस करै,
अभिमानी रोस करै देखत महंतकौं।
सुकविकौं देखि ज्यौं कुकवि मन रोस करै,
त्यौं ही दुरजन रोस करै देखि संतकौं।। २२।।

**શબ્દાર્થઃ-** કુંજર=હાથી. રોસ (રોષ)=ગુસ્સો. સ્વાન=કૂતરો. વિલોકિ=જોઈને. કાગ=કાગડો. દુરજન=અધમમાં પણ અધમ.

**અર્થઃ-** જેવી રીતે કૂતરો હાથીને જોઈને ક્રોધિત થઈને ભસે છે, ધનવાન માણસને જોઈને નિર્ધન મનુષ્ય ક્રોધિત થાય છે, રાતે જાગનારને જોઈને ચોર ક્રોધિત થાય છે, સાચું શાસ્ત્ર સાંભળીને મિથ્યાત્વી જીવ ક્રોધિત થાય છે, હંસને જોઈને કાગડો ગુસ્સે થાય છે, મહાપુરુષને જોઈને ઘમંડી મનુષ્ય ક્રોધ કરે છે, સુકવિને જોઈને કુકવિના મનમાં ક્રોધ આવે છે, તેવી જ રીતે સત્પુરુષને જોઈને અધમાધમ પુરુષ ગુસ્સે થાય છે. ૨૨.

**વળી-**

सरलकौं सठ कहै वकताकौं धीठ कहै,
विनै करै तासौं कहै धनकौ अधीन है।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



छमीकौं निबल कहै दमीकौं उदत्ति कहै,
मधुर वचन बोलै तासौं कहै दीन है।।
धरमीकौं दंभी निसप्रेहीकौं गुमानी कहै,
तिसना घटावै तासौं कहै भागहीन है।
जहां साधुगुन देखै तिन्हकौं लगावै दोष,
ऐसौ कछु दुर्जनकौ हिरदौ मलीन है।। २३।।

**શબ્દાર્થઃ-** સરલ=સીધા, સઠ=મૂર્ખ. વકતા=બોલવામાં ચતુર. વિનૈ (વિનય)= નમ્રતા. છમી =ક્ષમા કરનાર. દમી=સંયમી. અદત્તિ=લોભી. દીન=ગરીબ. દંભી=ઢોંગી. નિસપ્રેહી (નિસ્પૃહી)=ઈચ્છા રહિત. તિસના (તૃષ્ણા)=લોભ. સાધુગુન=સદ્ગુણ.

**અર્થઃ-** અધમાધમ મનુષ્ય, સરળ ચિત્તવાળા મનુષ્યને મૂર્ખ કહે છે, જે વાતચીતમાં ચતુર હોય તેને ધીઠ કહે છે, વિનયવાનને ધનનો આશ્રિત બતાવે છે, ક્ષમાવાનને કમજોર કહે છે, સંયમીને* લોભી કહે છે, મધુર બોલનારને ગરીબ કહે છે, ધર્માત્માને ઢોંગી કહે છે, નિસ્પૃહીને ઘમંડી કહે છે, સંતોષીને ભાગ્યહીન કહે છે અર્થાત્ જ્યાં સદ્ગુણ દેખે છે ત્યાં દોષ લગાવે છે. દુર્જનનું હૃદય એવું જ મલિન હોય છે. ૨૩.

**મિથ્યાદૃષ્ટિની અહંબુદ્ધિનું વર્ણન. (ચોપાઈ)**

मैं करता मैं कीन्ही कैसी।
अब यौं करौं कहौ जो ऐसी।
ए विपरीत भाव है जामैं।
सो बरतै मिथ्यात दसामैं।। २४।।

---

* જે પાન, તમાકુ વગેરે વ્યસન રાખતા નથી અથવા અનાવશ્યક શૃંગાર ચટક-મટક કરતા નથી તેને અજ્ઞાની જીવો કંજૂસ-કૃપણ આદિ કહે છે.

मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुर्विपर्ययात्।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते।। ८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** હું કહું છું કે મેં આ કામ કર્યું (જે બીજાથી બની શકે નહિ), હવે પણ હું જેવું કહું છું તેવું જ કરીશ જેનામાં આવા અહંકારરૂપ વિપરીતભાવ હોય છે તે મિથ્યાદ્રષ્ટિ હોય છે.૨૪.

**વળી- (દોહરા)**

अहंबुद्धि मिथ्यादसा, धरै सो मिथ्यावंत।
विकल भयौ संसारमैं, करै विलाप अनंत।। २५।।

**અર્થઃ-** અહંકારનો ભાવ મિથ્યાત્વ છે, આ ભાવ જે જીવમાં હોય છે તે મિથ્યાદ્રષ્ટિ છે. મિથ્યાદ્રષ્ટિ સંસારમાં દુઃખી થઈને ભટકે છે અને અનેક પ્રકારના વિલાપ કરે છે. ૨૫.

**મૂઢ મનુષ્ય વિષયોથી વિરક્ત હોતા નથી (સવૈયા એકત્રીસા)**

रविकै उदोत अस्त होत दिन दिन प्रति,
अंजुलिकै जीवन ज्यौं जीवन घटतु है।
कालकैं ग्रसत छिन छिन होत छीन तन,
आरेके चलत मानौ काठ सौ कटतु है।।
ऐते परि मूरख न खौजै परमारथकौं,
स्वारथकै हेतु भ्रम भारत ठटतु है।
लगौ फिरै लोगनिसौं पग्यौ परै जोगनिसौं,
विषैरस भोगनिसौं नेकु न हटतु है।। २६।।

**શબ્દાર્થઃ-** જીવન=પાણી. જીવન=જિંદગી. આરા=કરવત. પરમારથ (પરમાર્થ) = મોક્ષ. સ્વારથ (સ્વાર્થ)=પોતાનું ભલું કરવું તે. લોગનિ=લૌકિક-પર વસ્તુ. પગ્યૌ=લીન. નેકુ=જરા પણ.

**અર્થઃ-** જેવી રીતે ખોબામાંથી પાણી ક્રમે ક્રમે ઘટે છે, તેવી જ રીતે સૂર્યના ઉદય-અસ્ત થાય છે અને પ્રતિદિન જિંદગી ઓછી થાય છે. જેવી રીતે કરવત

---

अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।
तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्।। ९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ખેંચવાથી લાકડું કપાય છે, તેવી જ રીતે કાળ શરીરને ક્ષણે ક્ષણે ક્ષીણ કરે છે. આમ છતાં પણ અજ્ઞાની જીવ મોક્ષમાર્ગની શોધ કરતો નથી અને લૌકિક સ્વાર્થ માટે અજ્ઞાનનો ભાર ઉપાડે છે, શરીર આદિ પરવસ્તુઓમાં પ્રેમ કરે છે, મન, વચન, કાયાના યોગોમાં અહંબુદ્ધિ કરે છે અને સાંસારિક વિષયભોગોથી જરા પણ વિરક્ત થતો નથી. ૨૬.

**અજ્ઞાની જીવની મૂઢતા ઉપર મૃગજળ અને આંધળાનું દૃષ્ટાંત. ( સવૈયા એકત્રીસા )**

जैसैं मृग मत्त वृषादित्यकी तपत मांहि,
तृषावंत मृषा-जल कारन अटतु है।
तैसैं भववासी मायाहीसौं हित मानि मानि,
ठानि ठानि भ्रम श्रम नाटक नटतु है।
आगेकौं धुकत धाइ पीछे बछरा चवाइ,
जैसैं नैन हीन नर जेवरी बटतु है।
तैसैं मूढ़ चेतन सुकृत करतूति करै,
रोवत हसत फल खोवत खटतु है।। २७।।

**શબ્દાર્થઃ-** વૃષાદિત્ય=વૃષ* સંક્રાન્તિનો સૂર્ય. તૃષાવંત=તરસ્યો. મૃષા=જૂઠો. અટતુ હૈ=ભટકે છે. નટતુ હૈ=નાચે છે. નૈનહીન નર=આંધળો મનુષ્ય.

**અર્થઃ-** જેવી રીતે ગ્રીષ્મકાળમાં સૂર્યનો તીવ્ર આતાપ થતાં તરસ્યું હરણ ઉન્મત્ત થઈને મિથ્યા જળ તરફ નકામું જ દોડે છે, તેવી જ રીતે સંસારી જીવ માયામાં જ કલ્યાણ માનીને મિથ્યા કલ્પના કરીને સંસારમાં નાચે છે, જેવી રીતે આંધળો મનુષ્ય આગળ આગળ દોરડું વણતો જાય અને પાછળ વાછડું ખાતું જાય તો તેનો પરિશ્રમ વ્યર્થ જાય છે, તેવી જ રીતે મૂર્ખ જીવ શુભાશુભ ક્રિયા કરે છે અથવા શુભ ક્રિયાના ફળમાં હર્ષ અને અશુભ ક્રિયાના ફળમાં ખેદ કરીને ક્રિયાનું ફળ ખોઈ નાખે છે. ૨૭.

---

* જેઠ મહિનામાં સૂર્ય વૃષ સંક્રાન્તિ પર આવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અજ્ઞાની જીવ બંધનથી છૂટી શકતો નથી. તેના ઉપર દૃષ્ટાંત (સવૈયા એકત્રીસા)**

लियैं द्रिढ़ पेच फिरै लोटन कबुतरसौ,
उलटौ अनादिकौ न कहूं सुलटतु है।
जाकौ फल दुःख चाहि सातासौं कहत सुख,
सहत-लपेटी असि-धारासी चटतु है।।
ऐसैं मूढ़जन निज संपदा न लखै क्यौंही,
यौंहि मेरी मेरी निसिवासर रटतु है।
याही ममतासौं परमारथ विनसि जाइ,
कांजीकौ परस पाइ दूध ज्यौं फटतु है।। २८।।

**શબ્દાર્થઃ-** દ્રિઢ (દઢ)=મજબૂત. સહત (શહદ) =મધ. અસિ =તલવાર. નિસિવાસર = રાત-દિન. પરસ (સ્પર્શ)=અડવું તે.

**અર્થઃ-** જેમ આળોટતા કબૂતરની પાંખોમાં મજબૂત ગૂંચ પડી હોવાથી તે ઉલટું-સુલટું (ઊંધુ-ચત્તું) થયા કરે છે, તેવી જ રીતે સંસારી જીવ અનાદિકાળથી કર્મ-બંધનની ગૂંચમાં ઉલટો થઈ રહ્યો છે, કદી સન્માર્ગનું ગ્રહણ કરતો નથી અને જેનું ફળ દુઃખ છે એવી વિષય-ભોગની થોડીક શાતાને સુખ માનીને મધ ચોપડેલી તલવારની ધાર ચાટે છે. આવો અજ્ઞાની જીવ સદા પરવસ્તુઓને મારી મારી કહે છે અને પોતાના જ્ઞાનાદિ વૈભવને જોતો નથી, પરદ્રવ્યના આ મમત્વભાવથી આત્મહિત એવું નાશ પામે છે જેવું કાંજીના સ્પર્શથી દૂધ ફાટી જાય છે. ૨૮.

**અજ્ઞાની જીવની અહંબુદ્ધિ પર દૃષ્ટાંત. (સવૈયા એકત્રીસા)**

रूपकी न झाँक हीयैं करमकौ डांक पियैं,
ग्यान दबि रह्यौ मिरगांक जैसैं घनमैं।
लोचनकी ढांकसौं न मानै सदगुरु हांक,
डोलै मूढ़ रांकसौ निसांक तिहूं पनमैं।।
टांक एक मांसकी डलीसी तामैं तीन फांक,
तीनकौसौ आंक लिखि राख्यौ काहू तनमैं।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

तासौं कहै नांक ताके राखिवैकौं करै कांक,
लांकसौं खड़ग बांधि बांक धरै मनमैं।। २९।।

**શબ્દાર્થઃ-** મિરગાંક (મૃગાંક)= ચંદ્રમા. ઢાંક=ઢાંકણું. હાંક=પોકાર. ટાંક (ટંક)=જોખવાનું એક માપ (ચાર માશા). ફાંક=ખંડ. કાંક= ઝગડો. લાંક(લંક)=કમર. ખડગ (ખડ્ગ)= તલવાર. બાંક =વક્રતા.

**અર્થઃ-** અજ્ઞાની જીવને પોતાના સ્વરૂપની ખબર નથી, તેમાં કર્મોદયનો ડાંક* લાગી રહ્યો છે, તેનું શુદ્ધ જ્ઞાન એવી રીતે દબાઈ ગયું છે જેમ ચંદ્ર વાદળાઓથી દબાઇ જાય છે. જ્ઞાનરૂપ નેત્ર ઢંકાઈ જવાથી તે સદ્ગુરુની શિખામણ માનતો નથી, મૂર્ખાઈવશ દરિદ્રી થઈને હંમેશા નિઃશંક ફરે છે. નાક છે તે તો માંસનો એક ટુકડો છે, તેમાં ત્રણ કાણા છે, જાણે કોઈએ શરીરમાં ત્રણનો આંકડો જ લખી રાખ્યો છે, તેને નાક કહે છે. તે નાક (અહંકાર) રાખવા માટે લડાઈ કરે છે, કમરે તલવાર બાંધે છે અને મનમાં વક્રતા ધારણ કરે છે. ૨૯.

जैसैं कोउ कूकर छुधित सूके हाड़ चाबै,
हाड़निकी कोर चहुं ओर चुभैं मुखमैं।
गाल तालु रसना मसूढ़निकौ मांस फाटै,
चाटै निज रुधिर मगन स्वाद-सुखमैं।।
तैसैं मूढ विषयी पुरुष रति-रीति ठानै,
तामैं चित्त सानै हित मानै खेद दुखमैं।
देखै परतच्छ बल-हानि मल-मूत-खानि,
गहै न गिलानि पगि रहै राग-रुखमैं।। ३०।।

**શબ્દાર્થઃ-** પગિ રહૈ=મગ્ન થઈ જાય. રુખ=દ્વેષ.

**અર્થઃ-** જેમ ભૂખ્યો કૂતરો હાડકું ચાવે છે અને તેની અણી ચારે કોર મોઢામાં વાગે છે, જેથી ગાલ, તાળવું, જીભ અને જડબાનું માંસ ચીરાઈ જાય છે અને લોહી

---

* સફેદ કાચ ઉપર જે રંગનો ડંક લગાવવામાં આવે છે તે જ રંગનો કાચ દેખાય છે. તેવી જ રીતે જીવરૂપ કાચ પર કર્મનો ડંક લાગી રહ્યો છે, તેથી કર્મ જેવો રસ આપે તેવા જ રૂપે જીવાત્મા થઈ જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નીકળે છે. તે નીકળેલા પોતાના જ લોહીને તે ખુબ સ્વાદથી ચાટતો થકો આનંદિત થાય છે, તેવી જ રીતે અજ્ઞાની વિષય-લોલુપ જીવ કામ-ભોગમાં આસક્ત થઈને સંતાપ અને કષ્ટમાં ભલાઈ માને છે. કામક્રીડામાં શક્તિની હાનિ અને મળ-મુત્રની ખાણ સાક્ષાત્ દેખાય છે, તોપણ ગ્લાનિ કરતો નથી, રાગ-દ્વેષમાં મગ્ન જ રહે છે. ૩૦.

**જે નિર્મોહી છે તે સાધુ છે ( અડિલ્લ )**

सदा करमसौं भिन्न, सहज चेतन कह्यौ।
मोह-विकलता मानि, मिथ्याती ह्वै रह्यौ।।
करै विकल्प अनंत, अहंमति धारिकै।
सो मुनि जो थिर होइ, ममत्त निवारिकै।। ३१।।

**શબ્દાર્થઃ-** અહંમતિ=અહંબુદ્ધિ. નિવારિકૈ= દૂર કરીને.

**અર્થઃ-** વાસ્તવમાં આત્મા કર્મોથી નિરાળો સહજ ચેતનરૂપ છે, પરંતુ મોહને કારણે સ્વરૂપ ભૂલીને મિથ્યાત્વી બની રહ્યો છે અને શરીર આદિમાં અહંબુદ્ધિ કરીને અનેક વિકલ્પો કરે છે. જે જીવ પરદ્રવ્યોમાં મમત્વભાવ છોડીને આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તે સાધુ છે. ૩૧.

**સમ્યગ્દષ્ટિ જીવ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે. ( સવૈયા એકત્રીસા )**

असंख्यात लोक परवांन जे मिथ्यात भाव,
तेई विवहार भाव केवली-उकत हैं।
जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ,
ते नियत-लीन विवहारसौं मुक्त है।।

---

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावादात्मानमात्मा विद्धाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष नास्तीह येषां यतयस्त एव।। १०।।

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति संतो धृतिम्।। ११।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

निरविकलप निरुपाधि आतम समाधि,
साधि जे सुगुन मोख पंथकौ ढुकत हैं।
तेई जीव परम दसामैं थिररूप ह्वैकै,
धरममैं धुके न करमसौं रुकत हैं।। ३२।।

**શબ્દાર્થઃ-** અસંખ્યાત લોક પરવાંન= જેટલા લોકાલોકના પ્રદેશો છે. ઉકત=કહેલા. નિયત=નિશ્ચયનય. મુક્ત=છૂટેલા.

**અર્થઃ-** જિનરાજનું કથન છે કે જીવને જે લોકાલોકના પ્રદેશો જેટલા મિથ્યાત્વભાવના અધ્યવસાયો છે તે વ્યવહારનયથી છે. જે જીવને મિથ્યાત્વ નષ્ટ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે વ્યવહાર છોડી નિશ્ચયમાં લીન થાય છે, તે વિકલ્પ અને ઉપાધિરહિત આત્મ-અનુભવ ગ્રહણ કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં લાગે છે અને તે જ પરમધ્યાનમાં સ્થિર થઈને નિર્વાણ પ્રાપ્ત કરે છે, કર્મોનો રોકયો રોકાતો નથી. ૩૨.

**શિષ્યનો પ્રશ્ન ( કવિત્ત )**

जे जे मोह करमकी परनति,
बंध-निदान कही तुम सब्ब।
संतत भिन्न सुद्ध चेतनसौं,
तिन्हकौ मूल हेतु कहु अब्ब।।
कै यह सहज जीवकौ कौतुक,
कै निमित्त है पुग्गल दब्ब।
सीस नवाइ शिष्य इम पूछत,
कहै सुगुरु उत्तर सुन भब्ब।। ३३।।

**શબ્દાર્થઃ-** પરનતિ=ચાલ. નિદાન=કારણ. સંતત=સદૈવ. મૂલ હેતુ=મુખ્ય કારણ.

---

रागादयो बन्धनिदानमुक्तास्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।
आत्मा परो वा किमु तन्निमित्तमिति प्रणुन्नाः पुनरेवमाहुः।। १२।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કૌતુક=ખેલ.

**અર્થઃ-** શિષ્ય મસ્તક નમાવીને પ્રશ્ન કરે છે કે હે ગુરુજી! આપે મોહકર્મની સર્વ પરિણતિને બંધનું કારણ કહી છે તેથી તે શુદ્ધ ચૈતન્યભાવોથી સદા નિરાળી જ છે. હવે કહો કે બંધનું મુખ્ય કારણ શું છે? બંધ જીવનો જ સ્વાભાવિક ધર્મ છે અથવા એમાં પુદ્ગલ દ્રવ્યનું નિમિત્ત છે? ત્યાં શ્રીગુરુ ઉત્તર આપે છે કે હે ભવ્ય? સાંભળો. ૩૩.

**શિષ્યની શંકાનું સમાધાન ( સવૈયા એકત્રીસા )**

जैसैं नाना बरन पुरी बनाइ दीजै हेठ,
उज्जल विमल मनि सूरज-करांति है।
उज्जलता भासै जब वस्तुकौ विचार कीजै,
पुरीकी झलकसौं बरन भांति भांति है।।
तैसैं जीव दरबकौं पुग्गल निमित्तरूप,
ताकी ममतासौं मोह मदिराकी मांति है।।
भेदग्यान द्रिष्टिसौं सुभाव साधि लीजै तहां,
सांची शुद्ध चेतना अवाची सुख सांति है।। ३४।।

**શબ્દાર્થઃ-** નાના-બરન=અનેક રંગ. પુરી=ડંક. હેઠ=નીચે. કરાંતિ ( ક્રાંતિ )=ચમક. માંતિ = ઉન્મત્તપણું. અવાચી= વચન-અગોચર.

**અર્થઃ-** જેમ સ્વચ્છ અને સફેદ સૂર્યકાન્તમણિ અથવા સ્ફટિકમણિની નીચે અનેક પ્રકારના ડંક મૂકવામાં આવે તો તે અનેક પ્રકારના રંગ-બેરંગી દેખાય છે અને જો વસ્તુના અસલ સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો ઉજ્જવળતા જ જણાય છે, તેવી જ રીતે જીવદ્રવ્યમાં પુદ્ગલના નિમિત્તે તેની મમતાના કારણે મોહ-મદિરાનું ઉન્મત્તપણું થાય છે, પણ ભેદવિજ્ઞાન દ્વારા સ્વભાવ વિચારવામાં આવે તો સત્ય અને શુદ્ધ ચૈતન્યની વચનાતીત સુખ-શાંતિ પ્રતીતમાં આવે છે. ૩૪.

---

न जातु रागादिनिमित्तभावमात्मात्मनो याति यथार्ककान्तः।
तस्मिन्निमित्तं परसंग एव वस्तुस्वभावोऽयमुदेति तावत्।। १३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી-

जैसैं महिमंडलमैं नदीकौ प्रवाह एक,
ताहीमैं अनेक भांति नीरकी ढरनि है।
पाथरकौ जोर तहां धारकी मरोर होति,
कांकरकी खांनि तहां झागकी झरनि है।।
पौंनकी झकोर तहां चंचल तरंग ऊठै,
भूमिकी निचांनि तहां भौरकी परनि है।
तैसैं एक आतमा अनंत-रस पुदगल,
दुहूंके संजोगमैं विभावकी भरनि है।। ३५।।

**શબ્દાર્થઃ**- પાથર=પત્થર. ઝાગ=ફીણ. પૌંન=પવન. નિચાંનિ=ઢાળ.

**અર્થઃ**- જેવી રીતે પૃથ્વી ઉપર જોકે નદીનો પ્રવાહ એકરૂપ હોય છે, તોપણ પાણીની અનેક અવસ્થાઓ થાય છે, અર્થાત્ જ્યાં પત્થર સાથે અથડાય છે ત્યાં પાણીનો પ્રવાહ વળાંક લે છે, જ્યાં રેતીનો સમૂહ હોય છે ત્યાં ફીણ પડી જાય છે, જ્યાં પવનનો ઝપાટો લાગે છે ત્યાં તરંગો ઊઠે છે, જ્યાં જમીન ઢાળવાળી હોય છે ત્યાં વમળ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે એક આત્મામાં જાતજાતના પુદ્ગલોના સંયોગ થવાથી અનેક પ્રકારની વિભાવપરિણતિ થાય છે. ૩૫.

### જડ અને ચૈતન્યનું પૃથક્પણું ( દોહરા )

चेतन लच्छन आतमा, जड़ लच्छन तन-जाल।
तनकी ममता त्यागिकै, लीजै चेतन-चाल।। ३६।।

**અર્થઃ**- આત્માનું લક્ષણ ચેતના છે અને શરીર આદિનું લક્ષણ જડ છે, તેથી શરીર આદિનું મમત્વ છોડીને શુદ્ધ ચૈતન્યનું ગ્રહણ કરવું ઉચિત છે. ૩૬.

---

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।। १४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### આત્માની શુદ્ધ પરિણતિ (સવૈયા એકત્રીસા)

जो जगकी करनी सब ठानत,
जो जग जानत जोवत जोई।
देह प्रवांन पै देहसौं दूसरौ,
देह अचेतन चेतन सोई।।
देह धरै प्रभु देहसौं भिन्न,
रहै परछ लखै नहि कोई।
लच्छन वेदि विचच्छन बूझत,
अच्छनसौं परतच्छ न होई।। ३७।।

**શબ્દાર્થઃ-** જોવત=દેખે છે. પ્રવાંન=બરાબર. પરછન્ન (પ્રચ્છન્ન)= ગુપ્ત, ઢાંકેલ. વેદિ=જાણીને. વિચચ્છન=જ્ઞાની. બૂઝત=સમજે છે. અચ્છનસૌં=ઈન્દ્રિયોથી. પરતચ્છ (પ્રત્યક્ષ)=પ્રગટ.

**અર્થઃ-** જે સંસારમાં સર્વ ક્રિયાઓ* કરે છે, જે જગતને જાણનાર, દેખનાર છે, જે શરીર પ્રમાણ રહે છે, પણ શરીરથી ભિન્ન છે, કેમ કે શરીર જડ છે અને તે ચૈતન્ય છે, તે પ્રભુ (આત્મા) જોકે દેહમાં છે પણ દેહથી નિરાળો છે, તે ઢંકાઈને રહે છે, બધાને દેખાતો નથી, જ્ઞાનીઓ લક્ષણ આદિથી તેને ઓળખે છે, તે ઈન્દ્રિયગોચર નથી. ૩૭.

### શરીરની અવસ્થા (સવૈયા તેવીસા)

देह अचेतन प्रेत-दरी रज-
रेत-भरी मल-खेतकी क्यारी।
व्याधिकी पोट अराधिकी ओट,
उपाधिकी जोट समाधिसौं न्यारी।।

---

* ચતુર્ગતિ ગમન, રાગ-દ્વેષ આદિ.

इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः।
रागादीनात्मनः कुर्यादतो भवति कारकः।। १५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

रे जिय! देह करै सुख हानि,
इते पर तौ तोहि लागत प्यारी।
देह तौ तोहि तजेगी निदान पै,
तूही तजै किन देहकी यारी।। ३८।।

**શબ્દાર્થઃ-** પ્રેત-દરી = મૃત શરીર રાખવાનું સ્થાન. રજ=રક્ત. રેત=વીર્ય. ક્યારી=વાડી. પોટ = ગાંસડી. અરાધિ = આત્મસ્વરૂપ. ઉપાધિ = ક્લેશ. જોટ = સમૂહ.

**અર્થઃ-** દેહ જડ છે જાણે એક મડદાનું સ્થાન જ છે. તે રજ અને વીર્યથી ભરેલું છે, મળ-મૂત્રરૂપી ખેતરોનો ક્યારો છે, રોગોનું પોટલું છે, આત્માનું સ્વરૂપ ઢાંકનાર છે, કષ્ટોનો સમૂહ છે અને આત્મધ્યાનથી ભિન્ન છે. હે જીવ! આ દેહ સુખનો ઘાત કરે છે, તોપણ તને પ્રિય લાગે છે, છેવટે એ તને છોડશે જ તો પછી તું જ એનો સ્નેહ કેમ છોડી દેતો નથી? ૩૮.

**વળી-( દોહરા )**

सुन प्रानी सदगुरु कहै, देह खेहकी खांनि।
धरै सहज दुख दोषकौं, करै मोखकी हांनि।। ३९।।

**શબ્દાર્થઃ-** ખેહ = માટી. સહજ =સ્વભાવથી.

**અર્થઃ-** શ્રીગુરુ ઉપદેશ આપે છે કે હે જીવ! શરીર માટીની ખાણ છે, સ્વભાવથી જ દુઃખ અને દોષમય છે તથા મોક્ષસુખમાં બાધક છે. ૩૯.

**વળી- ( સવૈયા એકત્રીસા )**

रेतकीसी गढ़ी किधौं मढ़ी है मसानकीसी,
अंदर अंधेरी जैसी कंदरा है सैलकी।
ऊपरकी चमक दमक पट भूषनकी,
धोखै लागै भली जैसी कली है कनैलकी।।
औगुनकी औंडी महा भौंडी मोहकी कनौडी,
मायाकी मसूरति है मूरति है मैलकी।

ऐसी देह याहीके सनेह याकी संगतिसौं,
हृै रही हमारी मति कोल्हूकेसे बैलकी।। ४०।।

**શબ્દાર્થઃ-** ગઢી=નાનો ગઢ કે કિલ્લો. મઢી = નાનું મંદિર-દેરી. કંદરા = ગુફા. સૈલ= પહાડ. કલી હૈ કનૈલકી = કનૈરના ફૂલની કળી. ઔંડી = ઊંડી. ભાંડી. = ખરાબ. કનૌડી = કાણી આંખ. મસૂરતિ=આધાર.

**અર્થઃ-** આ દેહ રેતીના ગઢ સમાન અથવા સ્મશાનની દેરી સમાન છે અને અંદર પર્વતની ગુફા સમાન અંધકારમય છે, ઉપરના ઠાઠમાઠ અને વસ્ત્રાભૂષણોથી સારો દેખાય છે પરંતુ કનૈરની કળી સમાન દુર્ગંધવાળો છે, અવગુણોથી ભરેલો, અત્યંત ખરાબ અને કાણી આંખ સમાન નકામો છે, માયાનો સમૂહ અને મેલની મૂર્તિ જ છે, એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી થઈ ગઈ છે જેથી સંસારમાં સદા ભ્રમણ કરવું પડે છે. ૪૦.

**વળી-**

ठौर ठौर रकतके कुंड केसनिके झुंड,
हाड़निसौ भरी जैसे थरी है चुरैलकी।
नैकुसे[१] धकाके लगै ऐसै फटिजाय मानौ,
कागदकी पूरी किधौं चादरि है चैलकी।।
सूचै भ्रम वांनि ठानि मूढ़निसौं पहचांनि,
करै सुख हानि अरु खांनि बदफैलकी।
ऐसी देह याहीके सनेह याकी संगतिसौं,
हृै रही हमारी मति[२] कोल्हूकेसे बैलकी।। ४१।।

**શબ્દાર્થઃ-** ઠૌર-ઠૌર= ઠેકઠેકાણે. કેસનિકે = વાળના. ઝુંડ = સમૂહ. થરી (સ્થલ) = સ્થાન. ચુરૈલ = ચુડેલ. પૂરી = પડીકું. વાંનિ = ટેવ. ચૈલ = કપડાં. બદફૈલ = બૂરા કામ.

**અર્થઃ-** આ દેહમાં ઠેકઠેકાણે લોહીના કુંડ અને વાળના ઝુંડ છે, એ

---

૧. 'થોરસે' પણ પાઠ છે. ૨. 'ગતિ' પણ પાઠ છે.

હાડકાંઓથી ભરેલો છે જાણે ચુડેલોનું નિવાસસ્થાન જ છે. જરાક ધક્કો લાગતાં એવી રીતે ફાટી જાય છે જાણે કાગળનું પડીકું અથવા કપડાની જૂની ચાદર. એ પોતાનો અસ્થિર સ્વભાવ પ્રગટ કરે છે પણ મૂર્ખાઓ એના પ્રત્યે સ્નેહ કરે છે. એ સુખનો ઘાતક અને બુરાઈઓની ખાણ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી સંસારમાં ભટકનાર થઈ ગઈ છે.૪૧.

**સંસારી જીવોની દશા ઘાણીના બળદ જેવી છે. ( સવૈયા એકત્રીસા )**

पाटी बांधी लोचनिसौं सकुचै दबोचनिसौं
कोचनिके सोचसौं न बेदै खेद तनकौ।
धायबो ही धंधा अरु कंधामांहि लग्यौ जोत,
बार बार आर सहै कायर है मनकौ।।
भूख सहै प्यास सहै दुर्जनको त्रास सहै,
थिरता न गहै न उसास लहै छनकौ।
पराधीन घूमै जैसौ कोल्हूकौ कमेरौ बैल,
तैसौई स्वभाव या जगतवासी जनकौ।। ४२।।

**શબ્દાર્થઃ-** પાટી = પટ્ટી. લોચનિસૌં = આંખોથી. સુકચૈ= સંકોચાઈ છે. કોચનિકૈ = ચાબુકોના. ધાયબૌ = દોડવું. આર = એક પ્રકારની અણી. કાયર = સાહસહીન. ત્રાસ = દુઃખ. ઉસાસ = વિસામો. કમેરૌ (કમાઉ) = નિરંતર જોડાનારો.

**અર્થઃ-** સંસારી જીવોની દશા* ઘાણીના બળદ જેવી જ થઈ રહી છે. તે આ રીતે છે- નેત્રો ઉપર પાટો બાંધેલો છે, જગ્યા સાંકડી હોવાથી દબાઈ- સંકડાઈને રહે છે, ચાબુકના મારની બીકથી કષ્ટની જરા પણ દરકાર કરતો નથી,

* સંસારી જીવોની આંખો પર અજ્ઞાનની પટ્ટી બાંધેલી છે, તેઓ મર્યાદિત ક્ષેત્રથી આગળ જઈ શકતા નથી એ તેમને માટે દબાવનાર છે, સ્ત્રી આદિના તીખા વચન ચાબુક છે, વિષય-સામગ્રીને માટે ભટકવું તે તેમનો ધંધો છે, ગૃહસ્થપણું છોડીને નીકળી નથી શકતા એ તેમના ઉપર જોતરું છે, કષાય, ચિંતા વગેરે આર છે, પરિગ્રહનો સંગ્રહ કરવા માટે ભૂખ-તરસ સહન કરે છે, શેઠ, રાજા વગેરેનો ત્રાસ સહન કરવો પડે છે, કર્મોની પરાધીનતા છે, ભ્રમણા કરતાં અનંતકાળ વીતી ગયો પણ એક ક્ષણ માટેય સાચું પ્રાપ્ત કર્યું નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દોડવું એ જ તેનું કામ છે, તેના ગળા ઉપર જોતર લાગેલું છે (જેથી નીકળી શકતો નથી,) દરેક ક્ષણે આરનો માર સહન કરતો મનમાં નાહિંમત થઈ ગયો છે, ભૂખ-તરસ અને નિર્દય પુરુષો દ્વારા પ્રાપ્ત કષ્ટ ભોગવે છે, ક્ષણમાત્ર પણ વિસામો લેવાની સ્થિરતા પામતો નથી અને પરાધીન થઈને ચક્કર ફરે છે. ૪૨.

**સંસારી જીવોની હાલત. (સવૈયા એકત્રીસા)**

जगतमैं डोलैं जगवासी नररूप धरैं,
प्रेतकेसे दीप किधौं रेतकेसे थूहे हैं।
दीसैं पट भूषन आडंबरसौं नीके फिरि,
फीके छिनमांझ सांझ-अंबर ज्यौं सूहे हैं।।
मोहके अनल दगे मायाकी मनीसौं पगे,
डाभकी अनीसौं लगे ओसकेसे फूहे हैं।
धरमकी बूझ नांहि उरझे भरममांहि,
नाचि नाचि मरि जांहि मरीकेसे चूहे हैं।। ४३।।

**શબ્દાર્થઃ-** ડોલૈ=ફરે. પ્રેતકેસે દીપ=સ્મશાનમાં જે દીવો સળગાવવામાં આવે છે તે. રેતકેસે થૂહે=રેતીના ઢગલા. નીકે=સારા. ફીકે=મલિન. સાંઝ-અંબર=સંધ્યાનું આકાશ. અનલ=અગ્નિ. દગે=બળે. ડાભકી=ઘાસની. અની=અણી. ફૂહે=ટીપા. બૂઝ=ઓળખાણ. મરી=પ્લેગ.

**અર્થઃ-** સંસારી જીવ મનુષ્ય આદિનું શરીર ધારણ કરીને ભટકી રહ્યા છે તે સ્મશાનના દીવા[1] અને રેતીના ટીંબા[2] જેવા ક્ષણભંગુર છે. વસ્ત્ર-આભૂષણ આદિથી સારા દેખાય છે પરંતુ સંધ્યાના આકાશ જેવા ક્ષણવારમાં મલિન થઈ જાય છે. તેઓ મોહની અગ્નિથી બળે છે છતાં પણ માયાની મમતામાં લીન થાય છે અને ઘાસ પર પડેલ ઝાકળના ટીપાની જેમ ક્ષણમાત્રમાં નાશ પામી જાય છે. તેમને પોતાના સ્વરૂપની ઓળખાણ નથી, ભ્રમમાં ભૂલી રહ્યા છે અને પ્લેગના

---

૧. જલદી ઓલવાઈ જાય છે, કોઇ રોકનાર નથી.
૨. મારવાડમાં પવનના નિમિત્તે રેતીના ટીંબા બને છે અને પાછા મટી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉંદરોની* જેમ નાચી નાચીને તરત જ મરી જાય છે. ૪૩.

**ધનસંપત્તિનો મોહ દૂર કરવાનો ઉપદેશ. ( સવૈયા એકત્રીસા )**

जासौं तू कहत यह संपदा हमारी सो तौ,
साधनि अडारी ऐसैं जैसै नाक सिनकी।
ताहि तू कहत याहि पुन्नजोग पाई सो तौ,
नरककी साई है बड़ाई डेढ़ दिनकी।।
घेरा मांहि परयौ तू विचारै सुख आंखिनकौ,
माखिनके चूटत मिठाई जैसै भिनकी।
एते परि होहि न उदासी जगवासी जीव,
जगमैं असाता हैं न साता एक छिनकी।। ४४।।

**શબ્દાર્થઃ-** અડારી = છોડી દીધું. સાઈ = નાખનાર. ઘેરા = ચક્કર.

**અર્થઃ-** હે સંસારી જીવો! જેને તમે કહો છો કે આ અમારું ધન છે, તેને સજ્જનો, જેવી રીતે નાકનો મેલ ખંખેરી નાખવામાં આવે તેમ છોડી દે છે અને પછી ગ્રહણ કરતા નથી. જે ધન તમે પુણ્યના નિમિત્તે મેળવ્યું કહો છો તે દોઢ દિવસની મોટાઈ છે અને પછી નરકમાં નાખનાર છે અર્થાત્ પાપરૂપ છે. તમને એનાથી આંખોનું સુખ દેખાય છે તેથી તમે કુટુંબીજનો વગેરેથી એવા ઘેરાઈ રહો છો જેવી રીતે મિઠાઈ ઉપર માખીઓ ગણગણે છે. આશ્ચર્યની વાત છે કે આટલું હોવા છતાં પણ સંસારી જીવો સંસારથી વિરક્ત થતા નથી. સાચું પૂછો તો સંસારમાં એકલી અશાતા જ છે, ક્ષણમાત્ર પણ શાતા નથી. ૪૪.

**લૌકિકજનોનો મોહ દૂર કરવાનો ઉપદેશ. ( દોહરા )**

ए जगवासी यह जगत्, इन्हसौं तोहि न काज।
तेरै घटमैं जग बसै, तामैं तेरौ राज।। ४५।।

---

* જ્યારે ઉંદર ઉપર પ્લેગનું આક્રમણ થાય છે ત્યારે તે દરમાંથી નીકળીને જમીન ઉપર પડે છે અને ખૂબ આકુળતાથી બેએક વાર પટકાઈને તરત જ મરી જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ**:- હે ભવ્ય! આ સંસારી જીવો અને આ સંસાર સાથે તમારે કાંઈ સંબંધ નથી, તમારા જ્ઞાનઘટમાં[1] સમસ્ત સંસારનો સમાવેશ છે અને તેમાં તમારું જ રાજ્ય છે. ૪૫.

**શરીરમાં ત્રણલોકનો વિલાસ ગર્ભિત છે. ( સવૈયા એકત્રીસા )**

याही नर-पिंडमैं विराजै त्रिभुवन थिति,
याहीमैं त्रिविधि-परिनामरूप सृष्टि है।
याहीमैं करमकी उपाधि दुख दावानल,
याहीमैं समाधि सुख वारिदकी वृष्टि है।।
याहीमैं करतार करतूतिहीमैं विभूति,
यामैं भोग याहीमैं वियोग यामैं घृष्टि है।
याहीमैं विलास सब गर्भित गुपतरूप,
ताहीकौं प्रगट जाके अंतर सुदृष्टि है।। ४६।।

**શબ્દાર્થ**:- નર-પિંડ = મનુષ્ય શરીર. ત્રિવિધ = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ. વારિદ = વાદળું. ઘૃષ્ટિ = ઘર્ષણ. ગર્ભિત = સમાવેશ.

**અર્થ**:- આ જ મનુષ્ય શરીરમાં[2] ત્રણ લોક મોજૂદ છે, એમાં જ ત્રણે પ્રકારના પરિણામ[3] છે, એમાં જ કર્મ-ઉપાધિજનિત દુઃખરૂપ અગ્નિ છે, એમાં જ આત્મધ્યાનરૂપ સુખની મેઘવૃષ્ટિ છે, એમાં કર્મનો કર્તા આત્મા છે, એમાં જ તેની ક્રિયા છે, એમાં જ જ્ઞાન-સંપદા છે, એમાં જ કર્મનો ભોગ અથવા વિયોગ છે, એમાં જ સારા કે ખરાબ ગુણોનું સંઘર્ષણ છે અને આ જ શરીરમાં સર્વ વિલાસ ગુપ્ત રીતે સમાયેલા છે. પરંતુ જેના અંતરંગમાં સમ્યગ્જ્ઞાન છે તેને જ સર્વ વિલાસ જણાય છે. ૪૬.

---

૧. નિર્મળ જ્ઞાનમાં સમસ્ત લોક અલોક ઝળકે છે.
૨. કેડની નીચે પાતાળ લોક, નાભિ તે મધ્યલોક અને નાભિની ઉપર ઊર્ધ્વલોક.
૩. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આત્મવિલાસ જાણવાનો ઉપદેશ. ( સવૈયા તેવીસા )**

रे रुचिवंत पचारि कहै गुरु,
तू अपनौ पद बूझत नांही।
खोजु हियें निज चेतन लच्छन,
है निजमैं निज गूझत नांही।।
सुद्ध सुछंद सदा अति उज्जल,
मायाके फंद अरूझत नांही।
तेरौ सरूप न दुंदकी दोहीमैं,
तोहीमैं है तोहि सूझत नांही।। ४७।।

**શબ્દાર્થઃ-** રુચિવંત = ભવ્ય. પચારિ = બોલાવીને. બૂઝત = ઓળખતો. હિયેં = હૃદયમાં. ગૂઝત નાહીં = ગુંચવાતો નથી. સુછંદ = સ્વતંત્ર. ઉજ્જલ = નિર્મળ. અરૂઝત નાહીં = છૂટતું નથી. દુંદ ( દ્વંદ્વ ) = ભ્રમજાળ. દોહી =દુવિધા.

**અર્થઃ-** શ્રીગુરુ બોલાવીને કહે છે કે હે ભવ્ય! તું તારા સ્વરૂપને ઓળખતો નથી, પોતાના ઘટમાં ચૈતન્યનું લક્ષણ ગોતો, તે પોતાનામાં જ છે, પોતાથી ગુંચવાતો નથી, તમે શુદ્ધ, સ્વાધીન અને અત્યંત નિર્વિકાર છો, તમારી આત્મસત્તામાં માયાનો પ્રવેશ નથી. તમારું સ્વરૂપ ભ્રમજાળ અને દુવિધાથી રહિત છે જે તમને સૂઝતું નથી. ૪૭.

**આત્મસ્વરૂપની ઓળખાણ જ્ઞાનથી થાય છે. ( સવૈયા તેવીસા )**

केई उदास रहैं प्रभु कारन,
केई कहैं उठि जांहि कहींकै।
केई प्रनाम करैं गढ़ि मूरति,
केई पहार चढ़ैं चढ़ि छींकै।।
केई कहैं असमानकै ऊपरि,
केई कहै प्रभु हेठि जमींकै।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

मेरो धनी नहि दूर दिसन्तर,
मोहीमैं है मोहि सूझत नीकै।। ४८।।

**શબ્દાર્થઃ-** ઉદાસ = વિરક્ત. ગઢિ = બનાવીને. મૂરતિ (મૂર્તિ) = પ્રતિમા. પહાર (પહાડ) = પર્વત. અસમાન (આસમાન) = ઊર્ધ્વલોક. હેઠિ = નીચે. જમીં (જમીન) = ધરતી. દિસન્તર (દેશાન્તર) = અન્ય ક્ષેત્ર, વિદેશ.

**અર્થઃ-** આત્માને જાણવા માટે અર્થાત્ ઇશ્વરની ખોજ કરવા માટે કોઈ તો ત્યાગી બની ગયા છે, કોઈ બીજા ક્ષેત્રમાં યાત્રા આદિ માટે જાય છે, કોઈ પ્રતિમા બનાવીને નમસ્કાર, પૂજન કરે છે, કોઈ ડોળીમાં બેસીને પર્વત પર ચડે છે, કોઈ કહે છે ઈશ્વર આકાશમાં છે અને કોઈ કહે છે કે પાતાળમાં છે, પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી-આપણામાં જ છે તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે. ૪૮.

**વળી-(દોહરા)**

कहै सुगरु जो समकिती, परम उदासी होइ।
सुथिर चित्त अनुभौ करै, प्रभुपद परसै सोइ।। ४९।।

**શબ્દાર્થઃ-** પરમ = અત્યંત. ઉદાસી = વીતરાગી. પરસૈ = પ્રાપ્ત કરે.

**અર્થઃ-** શ્રીગુરુ કહે છે કે જે સમ્યગ્દષ્ટિ અત્યંત વીતરાગી થઈને મનને ખૂબ સ્થિર કરીને આત્મ-અનુભવ કરે છે તે જ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. ૪૯.

**મનની ચંચળતા (સવૈયા એકત્રીસા)**

छिनमैं प्रवीन छिनहीमैं मायासौं मलीन,
छिनकमैं दीन छिनमांहि जैसौ सक्र है।
लियैं दौर धूप छिन छिनमैं अनंतरूप,
कोलाहल ठानत मथानकौसौ तक्र है।।
नटकौसौ थार किधौं हार है रहटकौसौ,
धारकौसौ भौंर कि कुंभारकौसौ चक्र है।

ऐसौ मन भ्रामक सुथिरु आजु कैसै होई,
औरहीकौ चंचल अनादिहीकौ वक्र है।। ५०।।

**શબ્દાર્થઃ-** પ્રવીણ = ચતુર. સક્ર (શક્ર) = ઇન્દ્ર. ઠાનત = કરે છે. મથાન = વલોણું. તક્ર = છાશ. થાર = થાળી. હાર = માળા. ચક્ર = ચાકડો. ભ્રામક = ભ્રમણ કરનાર. ચંચળ = ચપળ. વક્ર = વાંકું.

**અર્થઃ-** આ મન ક્ષણમાત્રમાં પંડિત બની જાય છે, ક્ષણમાત્રમાં માયામાં મલિન થઈ જાય છે, ક્ષણમાત્રમાં વિષયોને માટે દીન બને છે, ક્ષણમાત્રમાં ગર્વથી ઇન્દ્ર જેવું બની જાય છે, ક્ષણમાત્રમાં જ્યાં-ત્યાં દોડે છે અને ક્ષણમાત્રમાં અનેક વેષ કાઢે છે. જેમ દહીં વલોવતાં છાશની ઉથલ-પાથલ થાય છે તેવો કોલાહલ મચાવે છે; નટનો થાળ, રહેંટચક્રની માળ, નદીના પ્રવાહનું વમળ અથવા કુંભારના ચાકડાની જેમ ઘૂમ્યા જ કરે છે. આવું ભ્રમણ કરનારું મન આજે કેવી રીતે સ્થિર થઈ શકે કે જે સ્વભાવથી જ ચંચળ અને અનાદિકાળથી વક્ર છે. ૫૦.

**મનની ચંચળતા ઉપર જ્ઞાનનો પ્રભાવ. (સવૈયા એકત્રીસા)**

धायौ सदा काल पै न पायौ कहूं साचौ सुख,
रूपसौं विमुख दुखकूपवास बसा है।
धरमकौ घाती अधरमकौ संघाती महा,
कुरापाती जाकी संनिपातकीसी दसा है।।
मायाकौं झपटि गहै कायासौं लपटि रहै,
भूल्यौ भ्रम-भीरमैं बहीरकौसौ ससा है।
ऐसौ मन चंचल पताकासौ अंचल सु,
ग्यानके जगेसौं निरवाण पथ धसा है।। ५१।।

**શબ્દાર્થઃ-** ધાયૌ = દોડયો. વિમુખ = વિરુદ્ધ. સંઘાતી = સાથી. કુરાપાતી = ઉપદ્રવી. ગહૈ = પકડે. બહીર = શિકારી. સસા (શશા) = સસલું. પતાકા = ધ્વજા. અંચલ = કપડું.

**અર્થઃ-** આ મન સુખને માટે સદાય ભટકતું રહ્યું છે પણ કયાંય સાચું સુખ મેળવ્યું નથી. પોતાના સ્વાનુભવના સુખથી વિરુદ્ધ થઈ દુઃખના કુવામાં પડી રહ્યો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ધર્મનો ઘાતક, અધર્મનો સાથી, મહાઉપદ્રવી સનેપાતના રોગી જેવો અસાવધાન થઈ રહ્યો છે. ધન-સંપત્તિ આદિનું સ્ફૂર્તિથી ગ્રહણ કરે છે અને શરીરમાં સ્નેહ કરે છે, ભ્રમજાળમાં પડયો થકો એવો ભૂલી રહ્યો છે જેવો શિકારીના ઘેરામાં સસલું ભટકી રહ્યું હોય. આ મન ધજાના વસ્ત્રની જેમ ચંચળ છે, તે જ્ઞાનનો ઉદય થવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે. ૫૧.

**મનની સ્થિરતાનો પ્રયત્ન ( દોહરા )**

जो मन विषै-कषायमैं, बरतै चंचल सोइ।
जो मन ध्यान विचारसौं, रुकै सु अविचल होइ।। ५२।।

**શબ્દાર્થઃ-** રુકૈ = રોકાય. અવિચલ = સ્થિર.

**અર્થઃ-** જે મન વિષય-કષાય આદિમાં વર્તે છે તે ચંચળ રહે છે અને જે આત્મસ્વરૂપના ચિંતવનમાં લાગ્યું રહે છે તે સ્થિર થઈ જાય છે. ૫૨.

**વળી-( દોહરા )**

तातैं विषै-कषायसौं, फेरि सु मनकी बांनि।
सुद्धातम अनुभौविषै, कीजै अविचल आनि।। ५३।।

**શબ્દાર્થઃ-** બાંનિ = આદત-સ્વભાવ. અવિચલ = સ્થિર. આનિ = લાવીને.

**અર્થઃ-** માટે મનની પ્રવૃત્તિ વિષય-કષાયથી ખસેડીને તેને શુદ્ધ આત્માનુભવ તરફ લાવો અને સ્થિર કરો. ૫૩.

**આત્માનુભવ કરવાનો ઉપદેશ. ( સવૈયા એકત્રીસા )**

अलख अमूरति अरूपी अविनासी अज,
निराधार निगम निरंजन निरंध है।
नानारूप भेस धरै भेसकौ न लेस धरै,
चेतन प्रदेस धरै चेतनकौ खंध है।।
मोह धरै मोहीसौ विराजै तोमैं तोहीसौ,
न तोहीसौ न मोहीसौ न रागी निरबंध है।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ऐसौ चिदानंद याही घटमें निकट तेरे,
ताहि तू विचारु मन और सब धंध है।। ५४।।

**શબ્દાર્થઃ-** અમૂરતિ (અમૂર્તિ) = આકાર રહિત. અવિનાસી = નિત્ય. અજ = જન્મ રહિત. નિગમ = જ્ઞાની. નિરંધ = અખંડ. ખંધ (સ્કંધ) = પિંડ ધંધ (દ્વંદ્વ) = દ્વિવિધા.

**અર્થઃ-** આ આત્મા અલખ, અમૂર્તિક, અરૂપી, નિત્ય, અજન્મ, નિજાધાર, જ્ઞાની, નિર્વિકાર અને અખંડ છે. અનેક શરીર ધારણ કરે છે પણ તે શરીરોના કોઈ અંશરૂપ થઈ જતો નથી, ચેતન પ્રદેશોને ધારણ કરેલ ચૈતન્યનો પિંડ જ છે. જ્યારે આત્મા શરીર આદિ પ્રત્યે મોહ કરે છે ત્યારે મોહી થઈ જાય છે અને જ્યારે અન્ય વસ્તુઓમાં રાગ કરે છે ત્યારે તે રૂપ થઈ જાય છે, વાસ્તવમાં ન શરીરરૂપ છે અને ન અન્ય વસ્તુઓ રૂપ છે, તે સર્વથા વીતરાગ અને કર્મબંધથી રહિત છે. હે મન! આવો ચિદાનંદ આ જ શરીરમાં તારી પાસે છે તેનો તું વિચાર કર, તે સિવાયની બીજી બધી જંજાળ છે. ૫૪.

**આત્માનુભવ કરવાની વિધિ (સવૈયા એકત્રીસા)**

प्रथम सुद्रिष्टिसौं सरीररूप कीजै भिन्न,
तामें और सूच्छम सरीर भिन्न मानिये।
अष्टकर्मभावकी उपाधि सोऊ कीजै भिन्न,
ताहूमें सुबुद्धिकौ विलास भिन्न जानिये।।
तामें प्रभु चेतन विराजत अखंडरूप,
वहै श्रुतग्यानके प्रवांन उर आनिये।
वाहीकौ विचार करि वाहीमैं मगन हूजै,
वाकौ पद साधिबेकौं ऐसी विधि ठानिये।। ५५।।

**શબ્દાર્થઃ-** શરીર = ઔદારિક, વૈક્રિયક, આહારક. સૂચ્છમ સરીર (સૂક્ષ્મ શરીર) = તૈજસ, કાર્મણ. અષ્ટકર્મભાવકી ઉપાધિ = રાગ-દ્વેષ-મોહ. સુબુદ્ધિકૌ વિલાસ = ભેદવિજ્ઞાન.

**અર્થઃ-** પહેલાં ભેદવિજ્ઞાનથી સ્થૂળ શરીરને આત્માથી ભિન્ન માનવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ, પછી તે સ્થૂળ શરીરમાં તૈજસ, કાર્માણ સૂક્ષ્મ શરીર છે, તેમને ભિન્ન જાણવા યોગ્ય છે. પછી આઠ કર્મની ઉપાધિજનિત રાગ-દ્વેષને ભિન્ન કરવા અને પછી ભેદવિજ્ઞાનને પણ ભિન્ન માનવું જોઈએ. તે ભેદવિજ્ઞાનમાં અખંડ આત્મા બિરાજમાન છે, તેને શ્રુતજ્ઞાન-પ્રમાણ અથવા નય-નિક્ષેપ આદિથી નક્કી કરીને તેનો જ વિચાર કરવો અને તેમાં જ લીન થવું જોઈએ. મોક્ષપદ પામવાની નિરંતર આવી જ રીત છે. ૫૫.

**આત્માનુભવથી કર્મબંધ થતો નથી. ( ચોપાઈ )**

इहि विधि वस्तु व्यवस्था जानै।
राभादिक निज रूप न मानै।।
तातैं ग्यानवंत जगमांही।
करम बंधकौ करता नांही।। ५६।।

**અર્થ:-** સંસારમાં સમ્યગ્દષ્ટિ જીવ ઉપર કહ્યા પ્રમાણે આત્માનું સ્વરૂપ જાણે છે અને રાગ-દ્વેષ આદિને પોતાનું સ્વરૂપ માનતા નથી તેથી તે કર્મબંધનના કર્તા નથી. ૫૬.

**ભેદજ્ઞાનીની ક્રિયા ( સવૈયા એકત્રીસા )**

ग्यानी भेदग्यानसौं विलेछि पुदगल कर्म,
आतमीक धर्मसौं निरालो करि मानतौ।
ताकौ मूल कारन असुद्ध रागभाव ताके,
नासिबेकौं सुद्ध अनुभौ अभ्यास ठानतौ।।
याही अनुक्रम पररूप सनबंध त्यागि,
आपमांहि अपनौ सुभाव गहि आनतौ।

---

इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्
तन्मूलां बहुभावसन्ततिमिमामुद्धर्तुकाम: समम्।
आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतम्
येनोन्मूलितबन्ध एष भगवानात्मात्मनि स्फूर्जति।। १६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



साधि सिवचाल निरबंध होत तिहूं काल,
केवल विलोक पाइ लोकालोक जानतौ।। ५७।।

**શબ્દાર્થઃ-** વિલેછિ = જુદો જાણવો. નિરાલૌ = ભિન્ન. અનુક્રમ = ક્રમ પ્રમાણે. સાધિ = સિદ્ધ કરીને. સિવચાલ = મોક્ષમાર્ગ. નિરબંધ = બંધ રહિત. વિલોક = જ્ઞાન.

**અર્થઃ-** જ્ઞાની જીવ ભેદવિજ્ઞાનના પ્રભાવથી પુદ્‌ગલ કર્મને જુદું જાણે છે અને આત્મસ્વભાવથી ભિન્ન માને છે. તે પુદ્‌ગલ કર્મોનું મૂળ કારણ રાગ, દ્વેષ, મોહ આદિ વિભાવો છે, તેનો નાશ કરવા માટે શુદ્ધ અનુભવનો અભ્યાસ કરે છે અને ૫૪મા કવિત્તમાં કહેલી રીતે આત્મસ્વભાવથી ભિન્ન અને પરરૂપ એવી બંધપદ્ધતિને દૂર કરીને પોતામાં જ પોતાના જ્ઞાનસ્વભાવનું ગ્રહણ કરે છે. આ રીતે તે સદૈવ મોક્ષમાર્ગનું સાધન કરીને બંધન રહિત થાય છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને લોકાલોકનો જ્ઞાયક થાય છે. ૫૭.

**ભેદજ્ઞાનીનું પરાક્રમ (સવૈયા એકત્રીસા)**

जैसैं कोऊ मनुष्य अजान महाबलवान,
खोदि मूल वृच्छकौ उखारै गहि बाहूसौं।
तैसैं मतिमान दर्वकर्म भावकर्म त्यागि,
ह्वै रहै अतीत मति ग्यानकी दशाहूसौं।।
याही क्रिया अनुसार मिटै मोह अंधकार,
जगै जोति केवल प्रधान सविताहूसौं।
चुकै न सकतीसौं लुकै न पुदगल मांहि,
धुकै मोख थलकौं रुकै न फिर काहूसौं।। ५८।।

---

रागादीनामुदयमदयं दारयत्कारणानां
कार्यं बन्धं विविधमधुना सद्य एव प्रणुद्य ।
ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्
तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति।। १७।।

ઇતિ બન્ધો નિષ્ક્રાન્તઃ।। ૮।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** અતીત = ખાલી, શૂન્ય. સવિતાહૂ = સૂર્ય. લુકૈ = છુપાય. ધુકૈ = ચાલે છે.

**અર્થઃ-** જેવી રીતે કોઈ અજાણ્યો મહા બળવાન મનુષ્ય પોતાના બાહુબળથી કોઈ વૃક્ષને મૂળમાંથી ઉખાડી નાખે છે તેવી જ રીતે ભેદવિજ્ઞાની મનુષ્ય જ્ઞાનની શક્તિથી દ્રવ્યકર્મ અને ભાવકર્મને દૂર કરીને હલકા થઈ જાય છે. આ રીતે મોહનો અંધકાર નાશ પામે છે અને સૂર્યથી પણ શ્રેષ્ઠ કેવળજ્ઞાનની જ્યોત જાગે છે, પછી કર્મ અને નોકર્મથી છુપાઈ ન શકવા યોગ્ય અનંતશક્તિ પ્રગટ થાય છે જેથી તે સીધા મોક્ષમાં જાય છે અને કોઈના રોકયા રોકાતા નથી.૫૮.

## આઠમા અધિકારનો સાર

જોકે સિદ્ધાલયમાં અનંત કાર્મણ વર્ગણાઓ ભરેલી છે તોપણ સિદ્ધ ભગવાનને કર્મનો બંધ થતો નથી, અરિહંત ભગવાન યોગ સહિત હોવા છતાં અબંધ રહે છે, પ્રમાદ વિના હિંસા થઈ જવા છતાં મુનિઓને બંધ થતો નથી, સમ્યગ્દષ્ટિ જીવ અસંયમી હોવા છતાં પણ બંધ રહિત છે. એથી સ્પષ્ટ છે કે કાર્મણ વર્ગણાઓ, યોગ, હિંસા અને અસંયમથી બંધ થતો નથી, કેવળ શુભ-અશુભ અશુદ્ધોપયોગ જ બંધનું કારણ છે. અશુદ્ધ ઉપયોગ રાગ-દ્વેષ-મોહરૂપ છે અને રાગ-દ્વેષ-મોહનો અભાવ સમ્યગ્દર્શન છે, માટે બંધનો અભાવ કરવા માટે સમ્યગ્દર્શનની સંભાળ કરવી જોઈએ. એમાં પ્રમાદ કરવો ઉચિત નથી કેમ કે સમ્યગ્દર્શન જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોનો દાતા છે. આ સમ્યગ્દર્શન વિપરીત અભિનિવેશ રહિત હોય છે. મેં કર્યું, મારું છે, હું ઇચ્છું તે કરીશ, એ મિથ્યાભાવ સમ્યગ્દર્શનમાં હોતો નથી. એમાં શરીર, ધન, કુટુંબ અથવા વિષય-ભોગથી વિરક્તભાવ રહે છે અને ચંચળ ચિત્તને વિશ્રામ મળે છે. સમ્યગ્દર્શન જાગૃત થતાં વ્યવહારની તલ્લીનતા રહેતી નથી, નિશ્ચયનયના વિષયભૂત નિર્વિકલ્પ અને નિરુપાધિ આત્મરામનું સ્વરૂપ-ચિંતવન હોય છે અને મિથ્યાત્વને આધીન થઈને સંસારી આત્મા જે અનાદિકાળથી ઘાણીના બળદની જેમ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો હતો તેને વિલક્ષણ શાંતિ મળે છે. સમ્યગ્જ્ઞાનીઓને પોતાનો ઇશ્વર પોતાનામાં જ દેખાય છે; અને બંધના કારણોનો અભાવ થવાથી તેમને પરમેશ્વરપદ પ્રાપ્ત થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મોક્ષ દ્વાર

## (૯)

**પ્રતિજ્ઞા ( દોહરા )**

बंधद्वार पूरौ भयौ, जो दुख दोष निदान।
अब बरनौं संक्षेपसौं, मोखद्वार सुखथान।। १।।

**શબ્દાર્થઃ-** નિદાન = કારણ. વરનૌં = વર્ણન કરું છું. સંક્ષેપસૌં = થોડામાં.

**અર્થઃ-** દુઃખો અને દોષોના કારણભૂત બંધનો અધિકાર સમાપ્ત થયો. હવે ટુંકામાં સુખના સ્થાનરૂપ મોક્ષ અધિકારનું વર્ણન કરું છું. ૧.

**મંગળાચરણ ( સવૈયા એકત્રીસા )**

भेदग्यान आरासौं दुफारा करै ग्यानी जीव,
आतम करम धारा भिन्न भिन्न चरचै।
अनुभौ अभ्यास लहै परम धरम गहै,
करम भरमकौ खजानौ खोलि खरचै।।
यौही मोख मुख धावै केवल निकट आवै,
पूरन समाधि लहै परमकौ परचै।
भयौ निरदौर याहि करनौ न कछु और,
ऐसौ विश्वनाथ ताहि बनारसी अरचै।। २।।

---

द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बन्धपुरुषौ
नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम्।
इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं
परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते।। १।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** ચરચૈ = જાણે. ખરચૈ = દૂર કરે. પરચૈ = ઓળખે. નિરદૌર = સ્થિર. વિશ્વનાથ = સંસારનો સ્વામી. અરચૈ = વંદન કરે છે.

**અર્થ:-** જ્ઞાની જીવ ભેદવિજ્ઞાનની કરવતથી આત્મપરિણતિ અને કર્મપરિણતિને ભિન્ન કરીને તેમને જુદીજુદી જાણે છે અને અનુભવનો અભ્યાસ તથા રત્નત્રયનું ગ્રહણ કરીને જ્ઞાનાવરણાદિ કર્મ અથવા રાગ-દ્વેષ આદિ વિભાવનો ખજાનો ખાલી કરી નાખે છે. આ રીતે તે મોક્ષની સન્મુખ દોડે છે. જ્યારે કેવળજ્ઞાન તેની સમીપ આવે છે ત્યારે પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરીને પરમાત્મા બની જાય છે અને સંસારનું ભટકવું મટી જાય છે તથા કરવાનું કાંઈ બાકી રહેતું નથી અર્થાત્ કૃતકૃત્ય થઈ જાય છે. આવા ત્રિલોકીનાથને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૨.

**સમ્યગ્જ્ઞાનથી આત્માની સિદ્ધિ થાય છે. ( સવૈયા એકત્રીસા )**

काहू एक जैनी सावधान ह्वै परम पैनी,
ऐसी बुद्धि छैनी घटमांहि डार दीनी है।
पैठी नो करम भेदि दरव करम छेदि,
सुभाउ विभाउताकी संधि सोधि लीनी है।।
तहां मध्यपाती होय लखी तिन धारा दोय,
एक मुधामई एक सुधारस-भीनी है।
मुधासौं विरचि सुधासिंधुमैं मगन भई,
ऐती सब क्रिया एक समै बीचि कीनी है।। ३।।

**શબ્દાર્થ:-** સાવધાન = પ્રમાદ રહિત. પૈની = તીક્ષ્ણ. પૈઠી = ઘૂસી. સંધિ = મિલનસ્થાન. મધ્યપાતી = વચ્ચે પડીને. મુધામઈ = અજ્ઞાનમય. સુધારસ = અમૃતરસ. વિરચિ = છોડીને.

---

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः
सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।
आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे
बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।। २।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થઃ-** જૈનશાસ્ત્રના જ્ઞાતા એક જૈને ઘણા સાવધાન થઈને વિવેકરૂપી તીક્ષ્ણ છીણી પોતાના હૃદયમાં નાખી દીધી, જેણે પ્રવેશ કરતાં જ નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નિજસ્વભાવનું જુદાપણું કરી નાખ્યું. ત્યાં તે જ્ઞાતાએ વચ્ચે પડીને એક અજ્ઞાનમય અને એક જ્ઞાનસુધારસમય એવી બે ધારા દેખી. ત્યારે તે અજ્ઞાનધારા છોડીને જ્ઞાનરૂપ અમૃતસાગરમાં મગ્ન થયો. આટલી બધી ક્રિયા તેણે માત્ર એક સમયમાં જ કરી. ૩.

**વળી-**

जैसै छैनी लोहकी, करै एकसौं दोइ।
जड़ चेतनकी भिन्नता, त्यौं सुबुद्धिसौं होई।। ४।।

**અર્થઃ-** જેવી રીતે લોઢાની છીણી કાષ્ઠ આદિ વસ્તુના બે ટુકડા કરી નાખે છે તેવી જ રીતે ચેતન-અચેતનનું પૃથક્કરણ ભેદવિજ્ઞાનથી થાય છે. ૪.

**સુબુદ્ધિનો વિલાસ. ( સર્વ વર્ણ લઘુ. ચિત્રકાવ્ય ઘનાક્ષરી )**

धरति धरम फल हरति करम मल,
मन वच तन बल करति समरपन।
भखति असन सित चखति रसन रित,
लखति अमित वित करि चित दरपन।।
कहति मरम धुर दहति भरम पुर,
गहति परम गुर उर उपसरपन।
रहति जगति हित लहति भगति रति,
चहति अगति गति यह मति परपन।। ५।।

**શબ્દાર્થઃ-** ભખતિ = ખાય છે. અસન = ભોજન. સિત = ઉજ્જ્વળ. અમિત = અપ્રમાણ. દહતિ = બાળી છે. પુર = નગર. ઉપસરપન = સ્થિર. અગતિ ગતિ = મોક્ષ

**અર્થઃ-** સુબુદ્ધિ ધર્મરૂપ ફળ ધારણ કરે છે, કર્મમળ હરે છે, મન, વચન, કાય ત્રણે બળોને મોક્ષમાર્ગમાં લગાવે છે, જીભથી સ્વાદ લીધા વિના ઉજ્જ્વળ

જ્ઞાનનું ભોજન ખાય છે, પોતાની અનંત જ્ઞાનરૂપ સંપત્તિ ચિત્ત-રૂપ દર્પણમાં દેખે છે, મર્મની વાત અર્થાત્ આત્માનું સ્વરૂપ બતાવે છે, મિથ્યાત્વરૂપ નગર ભસ્મ કરે છે, સદ્ગુરુની વાણીનું ગ્રહણ કરે છે, ચિત્તમાં સ્થિરતા લાવે છે, જગતની હિતકારી બનીને રહે છે, ત્રિલોકનાથની ભક્તિમાં અનુરાગ કરે છે, મુક્તિની અભિલાષા ઉત્પન્ન કરે છે; એવો સુબુદ્ધિનો વિલાસ છે. ૫.

**સમ્યગ્જ્ઞાનીનું મહત્ત્વ. ( સર્વ વર્ણ ગુરુ સવૈયા એકત્રીસા )**

राणाकौसौ बाना लीनै आप साधै थाना चीनै,
दानाअंगी नानारंगी खाना जंगी जोधा है।
मायाबेली जेती तेती रेतेमैं धारेती सेती,
फंदाहीकौ कंदा खौदै खेतीकौसौ लोधा है।।
बाधासेती हांता लोरै राधासेती तांता जोरै,
बांदीसेती नाता तोरै चांदीकौसौ सोधा है।
जानै जाही ताही नीकै मानै राही पाही पीकै,
ठानै बातैं डाही ऐसौ धाराबाही बोधा है।। ६।।

**શબ્દાર્થઃ-** રાણા = બાદશાહ. બાના = વેશ. થાના = સ્થાન. ચીનૈ = ઓળખે. દાનાઅંગી = પ્રતાપી. ખાના જંગી જોધા = યુદ્ધમાં મહા શૂરવીર. કંદા = કાંસના મૂળિયા. ખેતીકૌસૌ લોધા = ખેડૂત જેવો. બાધા = ક્લેશ. હાંતા લોરૈ = અલગ કરે છે. તાંતા = દોર. બાંદી = દાસી. નાતા= સંબંધ. ડાહી = હોશિયારી. બોધા = જ્ઞાની.

**અર્થઃ-** ભેદવિજ્ઞાની જ્ઞાતાએ રાજા જેવું રૂપ બનાવેલું છે, તે પોતાના આત્મરૂપ સ્વદેશની રક્ષા માટે પરિણામોની સંભાળ રાખે છે અને આત્મસત્તા ભૂમિરૂપ સ્થાનને ઓળખે છે. પ્રશમ, સંવેગ, અનુકંપા આદિની સેના સંભાળવામાં દાના અર્થાત્ પ્રવીણ હોય છે, શામ, દામ, દંડ, ભેદ આદિ કળાઓમાં શુકળ રાજાની સમાન છે, તપ, સમિતિ, ગુપ્તિ, પરિષહ-જય, ધર્મ, અનુપ્રેક્ષા આદિ અનેક રંગ ધારણ કરે છે, કર્મરૂપી શત્રુઓને જીતવામાં ઘણો બહાદુર છે, માયારૂપી જેટલું લોઢું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે બધાનો નાશ કરવા માટે રેતી સમાન છે, કર્મના ફંદારૂપ કાંસને મૂળમાંથી ઉખેડવા માટે કિસાન સમાન છે, કર્મબંધના દુઃખોથી બચાવનાર છે, સુમતિ રાધિકા સાથે પ્રીતિ જોડે છે, કુમતિરૂપ દાસી સાથે સંબંધ તોડે છે, આત્મપદાર્થરૂપ ચાંદીનું ગ્રહણ કરવામાં અને પરપદાર્થરૂપ ધૂળને છોડવામાં સોની સમાન છે. પદાર્થને જેવો જાણે છે તેવો જ માને છે, ભાવ એ છે કે હેયને હેય જાણે છે અને હેય માને છે. ઉપાદેયને ઉપાદેય જાણે છે અને ઉપાદેય માને છે[1], એવી ઉત્તમ વાતોના આરાધક ધારા પ્રવાહી જ્ઞાતા છે. ૬.

**જ્ઞાની જીવ જ ચક્રવર્તી છે (સવૈયા એકત્રીસા)**

जिन्हकै दरब मिति साधन छखंड थिति,
बिनसै विभाव अरि पंकति पतन हैं।
जिन्हकै भगतिको विधान एई नौ निधान,
त्रिगुनके भेद मानौ चौदह रतन हैं।।
जिन्हकै सुबुद्धिरानी चूरै महा मोह वज्र,
पूरै मंगलीक जे जे मोखके जतन हैं।
जिन्हके प्रमान अंग सौहै चमू चतुरंग,
तेई चक्रवर्ती तनु धरैं पै अतन हैं।। ७।।

**શબ્દાર્થઃ-** અરિ પંકતિ = શત્રુઓનો સમૂહ. પતન = નષ્ટ થવું. નવ નિધાન = નવ નિધિ. મંગલીક = મંડળ, ચોક. ચમૂ = સેના. ચતુરંગ = સેનાના ચાર અંગ-હાથી, ઘોડા, રથ, પાયદળ. અતન = શરીરરહિત.

**અર્થઃ-** જ્ઞાની જીવ ચક્રવર્તી સમાન છે કારણ કે ચક્રવર્તી છ ખંડ પૃથ્વી જીતે છે, જ્ઞાની છ દ્રવ્યોને સાધે છે, ચક્રવર્તી શત્રુઓનો નાશ કરે છે, જ્ઞાની જીવ વિભાવ

---

૧. આત્મા અડદના માવા (અંદરનો ભાગ) મગજ સમાન આદિ ઉપાદેય છે અને ફોતરા વગેરે સમાન શરીરાદિ હેય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિનો વિનાશ કરે છે, ચક્રવર્તીને નવનિધિ[૧] હોય છે, જ્ઞાની નવભક્તિ[૨] ધારણ કરે છે, ચક્રવર્તીને ચૌદ રત્ન[૩] હોય છે, જ્ઞાનીઓને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદરૂપ ચૌદ રત્ન[૪] હોય છે; ચક્રવર્તીની પટરાણી દિગ્વિજય માટે જવાને સમયે ચપટીથી વજ્રરત્નોનો ભૂકો કરીને ચોક પૂરે છે; જ્ઞાની જીવોની સુબુદ્ધિરૂપ પટરાણી મોક્ષમાં જવાના શુકન કરવા માટે મહામોહરૂપ વજ્રનું ચૂર્ણ કરે છે; ચક્રવર્તીને હાથી, ઘોડા, રથ, પાયદળ એવી ચતુરંગિણી સેના હોય છે, જ્ઞાની જીવોને પ્રત્યક્ષ, પરોક્ષ, નય, પ્રમાણ અને નિક્ષેપ હોય છે. વિશેષ એ છે કે ચક્રવર્તીને શરીર હોય છે પણ જ્ઞાની જીવ દેહથી વિરક્ત હોવાને કારણે શરીરરહિત હોય છે તેથી જ્ઞાની જીવોનું પરાક્રમ ચક્રવર્તી સમાન છે. ૭.

**નવ ભક્તિના નામ ( દોહરા )**

**श्रवन कीरतन चिंतवन, सेवन बंदन ध्यान।**
**लघुता समता एकता, नौधा भक्ति प्रवान।। ८।।**

**શબ્દાર્થ:-** શ્રવણ = ઉપાદેય ગુણોનું સાંભળવું. કીરતન ( કીર્તન ) = ગુણોનું વ્યાખ્યાન

---

૧. **મહાકાલ અસિ મસિકે સાધન, દેત કાલનિધિ ગ્રંથ મહાન;**
**માનવ આયુધ ભાંડ નસરપ, સુભગ પિંગલા ભૂષન ખાન.**
**પાંડુક નિધિ સબ ધાન્ય દેત હૈ, કરૈ શંખ વાજિંત્ર પ્રદાન;**
**સર્વ રતન રત્નોંકી દાતા, વસ્ત્ર દેત નિધિ પદ્મ મહાન.**

૨. નવ ભક્તિના નામ આગળના દોહામાં છે.

૩. ચક્રવર્તીને ચૌદ રત્નોમાં સાત સજીવ રત્ન હોય છે, અને સાત અજીવ હોય છે. તે આ પ્રકારે છે:-

**દોહરા- સેનાપતિ ગ્રહપતિ થપિત, પ્રોહિત નાગ તુરંગ,**
**બનિતા મિલિ સાતૌં રતન, હૈં સજીવ સરવંગ. ૧.**
**ચક્ર છત્ર અસિ દંડ મણિ, ચર્મ કાંકણી નામ;**
**યે અજીવ સાતૌં રતન, ચક્રવર્તી કે ધામ. ૨.**

૪. કવિએ ચૌદ રત્નોની સંખ્યા ત્રણ ગુણના ભેદોમાં ગણાવેલ છે. તે સમ્યગ્દર્શનના ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ત્રણ, જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એ પાંચ; અને ચારિત્રના સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય અને સંયમાસંયમ એ છ, - આવી રીતે બધા મળીને ચૌદ જણાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરવું. ચિંતવન = ગુણોનો વિચાર કરવો. સેવન = ગુણોનું અધ્યયન કરવું. વંદન = ગુણોની સ્તુતિ કરવી. ધ્યાન = ગુણોનું સ્મરણ કરવું. લઘુતા = ગુણોનો ગર્વ ન કરવો. સમતા = બધા ઉપર એકસરખી દૃષ્ટિ રાખવી. એકતા = એક આત્માને જ પોતાનો માનવો, શરીરાદિને પર માનવા.

**અર્થઃ-** શ્રવણ, કીર્તન, ચિંતવન, સેવન, વંદન, ધ્યાન, લઘુતા, સમતા, એકતા–આ નવ પ્રકારની ભક્તિ છે, જે જ્ઞાની જીવ કરે છે. ૮.

**જ્ઞાની જીવોનું મંતવ્ય (સવૈયા એકત્રીસા)**

❋ कोऊ अनुभवी जीव कहै मेरे अनुभौमैं,
लक्षन विभेद भिन्न करमकौ जाल है।
जानै आपा आपुकौं जु आपुकरि आपुविषैं,
उतपति नास ध्रुव धारा असराल है।।
सारे विकलप मोसौं-न्यारे सरवथा मेरौ,
निहचै सुभाव यह विवहार चाल है।
मैं तौ सुद्ध चेतन अनंत चिनमुद्रा धारी,
प्रभुता हमारी एकरूप तिहूं काल है।। ९।।

**અર્થઃ-** આત્માનુભવી જીવ કહે છે કે અમારા અનુભવમાં આત્મસ્વભાવથી વિરુદ્ધ ચિહ્નોની ધારક કર્મોની જાળ અમારાથી ભિન્ન છે, તેઓ પોતે[૧] પોતાને[૨] પોતા દ્વારા[૩] પોતાનામાં[૪] જાણે છે. દ્રવ્યની ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રિગુણ ધારા જે મારામાં વહે છે, તે વિકલ્પો વ્યવહારનયથી છે, મારાથી સર્વથા ભિન્ન છે; હું તો નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધ અને અનંત ચૈતન્યમૂર્તિનો ધારક છું, મારું આ સામર્થ્ય સદા એકસરખું રહે છે–કદી ઘટતું–વધતું નથી. ૯.

---

૧. આ કર્તારૂપ છે. ૨. આ કર્મરૂપ છે. ૩. આ કરણરૂપ છે. ૪. આ અધિકરણ છે.

❋ भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्रांकितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि
भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।। ३।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### આત્માના ચેતન લક્ષણનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

निराकार चेतना कहावै दरसन गुन,
साकार चेतना सुद्ध ज्ञान गुनसार है।
चेतना अद्वैत दोऊ चेतन दरब मांहि,
सामान विशेष सत्ताहीकौ विसतार है।।
कोऊ कहै चेतना चिहन नांही आतमामैं,
चेतनाके नास होत त्रिविध विकार है।
लक्षनकौ नास सत्ता नास मूल वस्तु नास,
तातै जीव दरबकौ चेतना आधार है।। १०।।

**શબ્દાર્થઃ-** નિરાકાર ચેતના = જીવનો દર્શનગુણ જે આકાર આદિને જાણતો નથી. સાકાર ચેતના = જીવનો જ્ઞાનગુણ જે આકાર આદિ સહિત જાણે છે. અદ્વૈત = એક. સામાન્ય = જેમાં આકાર આદિનો વિકલ્પ હોતો નથી. વિશેષ = જે આકાર આદિ સહિત જાણે છે. ચિહન (ચિહ્ન) = લક્ષણ. ત્રિવિધ = ત્રણ પ્રકારના. વિકાર = દોષ.

**અર્થઃ-** ચૈતન્યપદાર્થ એકરૂપ જ છે, પણ દર્શનગુણને નિરાકાર[1] ચેતના અને જ્ઞાનગુણને સાકાર[2] ચેતના કહે છે. ત્યાં આ સામાન્ય અને વિશેષ બન્ને એક ચૈતન્યના જ ભેદો છે, એક જ દ્રવ્યમાં રહે છે. વૈશેષિક આદિ મતવાદીઓ આત્મામાં

---

૧-૨. પદાર્થને જાણવા પહેલાં પદાર્થના અસ્તિત્વનું જે કિંચિત્ ભાન થાય છે તે દર્શન છે, દર્શન એ નથી જાણતું કે પદાર્થ કેવા આકાર કે રંગનો છે, તે તો સામાન્ય અસ્તિત્વ માત્ર જાણે છે તેથી જ દર્શનગુણ નિરાકાર અને સામાન્ય છે. એમાં મહાસત્તા અર્થાત્ સામાન્ય સત્તાનો પ્રતિભાસ થાય છે. આકાર, રંગ આદિનું જાણવું તે જ્ઞાન છે, તેથી જ્ઞાન સાકાર છે, સવિકલ્પ છે, વિશેષ જાણે છે. એમાં અવાંતર સત્તા અર્થાત્ વિશેષ સત્તાનો પ્રતિભાસ થાય છે. (વિશેષ સમજવા માટે 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ'ની **जं सामण्णं गहणं,** ' આદિ ગાથાઓનું અધ્યયન કરવું જોઈએ.)

अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत्
तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।
तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो विना व्यापका-
दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपास्तु चित्।। ४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યગુણ માનતા નથી, તેથી તેમને જૈન મતવાદીઓનું કહેવું છે કે એ ચેતનાનો અભાવ માનવાથી ત્રણ દોષ ઉત્પન્ન થાય છે. પ્રથમ તો લક્ષણનો નાશ થાય છે, બીજું લક્ષણનો નાશ થવાથી સત્તાનો નાશ થાય છે, ત્રીજું સત્તાનો નાશ થવાથી મૂળ વસ્તુનો જ નાશ થાય છે. તેથી જીવદ્રવ્યનું સ્વરૂપ જાણવા માટે ચૈતન્યનું જ અવલંબન છે. ૧૦.

**( દોહરા )**

चेतन लक्षन आतमा, आतम सत्ता मांहि।
सत्तापरिमित वस्तु है, भेद तिहूंमैं नांहि।। ११।।

**અર્થઃ-** આત્માનું લક્ષણ ચેતના છે અને આત્મા સત્તામાં છે, કારણ કે સત્તા-ધર્મ વિના આત્મ-પદાર્થ સિદ્ધ થતો નથી, અને પોતાની સત્તા-પ્રમાણ વસ્તુ છે; દ્રવ્ય-અપેક્ષાએ ત્રણેમાં ભેદ નથી એક જ છે. ૧૧.

**આત્મા નિત્ય છે. ( સવૈયા તેવીસા )**

ज्यौं कलधौत सुनारकी संगति,
भूषन नाम कहै सब कोई।
कंचनता न मिटी तिहि हेतु,
वहै फिरि औटिके कंचन होई।।
त्यौं यह जीव अजीव संजोग,
भयौ बहुरूप भयौ नहि दोई।
चेतनता न गई कबहूं,
तिहि कारन ब्रह्म कहावत सोई।। १२।।

**શબ્દાર્થઃ-** કલધૌત = સોનું. ભૂષન = ઘરેણું. ઔંટત = ગાળવાથી. બ્રહ્મ = નિત્ય આત્મા.

**અર્થઃ-** જેવી રીતે સોની દ્વારા ઘડવામાં આવતાં સોનું ઘરેણાંના રૂપમાં થઈ જાય છે, પણ ગાળવાથી પાછું સોનું જ કહેવાય છે, તેવી જ રીતે આ જીવ અજીવરૂપ કર્મના નિમિત્તે અનેક વેષ ધારણ કરે છે, પણ અન્યરૂપ થઈ જતો નથી કારણ કે ચૈતન્યનો ગુણ ક્યાંય ચાલ્યો જતો નથી, એ જ કારણે જીવને સર્વ અવસ્થાઓમાં બ્રહ્મ કહે છે. ૧૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સુબુદ્ધિ સખીને બ્રહ્મનું સ્વરૂપ સમજાવે છે. ( સવૈયા તેવીસા )**

देखु सखी यह ब्रह्म विराजित,
याकी दसा सब याहीकौ सोहै।
एकमैं एक अनेक अनेकमैं,
दुंद लियैं दुविधामह दो है।।
आपु संभारि लखै अपनौ पद,
आपु विसारिकै आपुहि मोहै।
व्यापकरूप यहै घट अंतर,
ग्यानमैं कौन अग्यानमैं को है।। १३।।

**શબ્દાર્થઃ-** વિરાજિત = શોભાયમાન. દસા = પરિણતિ. વિસારિકૈં = ભૂલીને.

**અર્થઃ-** સુબુદ્ધિ સખીને કહે છે કે હે સખી! જો, આ પોતાનો ઈશ્વર સુશોભિત છે, તેની સર્વ પરિણતિ તેને જ શોભા આપે છે, એવી વિચિત્રતા બીજા કોઈમાં નથી. એને આત્મ-સત્તામાં જાુઓ તો એકરૂપ છે, પરસત્તામાં જાુઓ તો અનેકરૂપ છે; જ્ઞાનદશામાં જુઓ તો જ્ઞાનરૂપ, અજ્ઞાનદશામાં જાુઓ તો અજ્ઞાનરૂપ, આવી બધી દુવિધાઓ એમાં છે. કોઈવાર તે સચેત થઈને પોતાની શક્તિની સંભાળ કરે છે અને કોઈ વાર પ્રમાદમાં પડીને પોતાના સ્વરૂપને ભૂલી જાય છે, પણ એ ઈશ્વર નિજઘટમાં વ્યાપક રહે છે, હવે વિચાર કરો કે જ્ઞાનરૂપ પરિણમન કરનાર કોણ છે અને અજ્ઞાનદશામાં વર્તનાર કોણ છે? અર્થાત્ તે જ છે. ૧૩.

**આત્મ-અનુભવનું દષ્ટાંત ( સવૈયા તેવીસા )**

ज्यौं नट एक धरै बहु भेख,
कला प्रगटै बहु कौतुक देखै।
आपु लखै अपनी करतूति,
वहै नट भिन्न विलोकत भेखै।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्यौं घटमैं नट चेतन राव,
विभाउ दसा धरि रूप विसेखै।
खोलि सुद्दष्टि लखै अपनौं पद,
दुंद विचारि दसा नहि लेखै।। १४।।

**અર્થ**:- જેવી રીતે નટ અનેક સ્વાંગ ધારે છે અને તે સ્વાંગના તમાશા જોઈને લોકો કુતૂહલ સમજે છે, પણ તે નટ પોતાના અસલી રૂપથી કૃત્રિમ ધારણ કરેલા વેષને ભિન્ન જાણે છે, તેવી જ રીતે આ નટરૂપ ચેતનરાજા પરદ્રવ્યના નિમિત્તે અનેક વિભાવ પર્યાયોને પ્રાપ્ત થાય છે પરંતુ જ્યારે અંતરંગદષ્ટિ ખોલીને પોતાનું રૂપ દેખે છે ત્યારે અન્ય અવસ્થાઓને પોતાની માનતો નથી. ૧૪.

**હેય-ઉપાદેય ભાવો ઉપર ઉપદેશ (છંદ અડિલ્લ)**

❉ जाके चेतन भाव, चिदानंद सोइ है।
और भाव जो धरै, सौ औरौ कोइ है।।
जो चिनमंडित भाउ, उपादे जाननैं
त्याग जोग परभाव, पराये माननैं।। १५।।

**શબ્દાર્થ**:- ચિદાનંદ = ચેતનવંત આત્મા. ઉપાદે (ઉપાદેય) = ગ્રહણ કરવાને યોગ્ય. હેય = ત્યાગવા યોગ્ય. પરાયે = બીજા. માનનૈં = શ્રદ્ધા કરવી જોઈએ.

**અર્થ**:- જેમાં ચૈતન્યભાવ છે તે ચિદાત્મા છે અને જેમાં અન્ય ભાવ છે તે બીજા જ અર્થાત્ અનાત્મા છે. ચૈતન્યભાવ ઉપાદેય છે, પરદ્રવ્યોના ભાવ પર છે- ત્યાગવા યોગ્ય છે. ૧૫.

**જ્ઞાની જીવ ચાહે ઘરમાં રહે, ચાહે વનમાં રહે, પણ મોક્ષમાર્ગ સાધે છે.**
**(સવૈયા એકત્રીસા)**

जिन्हकैं सुमति जागी भोगसौं भये विरागी,
परसंग त्यागी जे पुरुष त्रिभुवनमैं।

---

❉ एकश्चितश्चिन्मय एव भावो भावाः परे ये किल ते परेषाम्।
ग्राह्यस्ततश्चिन्मय एव भावो भावाः परे सर्वत एव हेयाः।। ५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रागादिक भावनिसौं जिनिकी रहनि न्यारी,
कबहूं मगन है न रहै धाम धनमैं।।
जे सदैव आपकौं विचारैं सरवांग सुद्ध,
जिन्हकै विकलता न व्यापै कहूं मनमैं।
तेई मोख मारगके साधक कहावैं जीव,
भावै रहौ मंदिरमैं भावै रहौ वनमैं।। १६ ।।

**શબ્દાર્થઃ-** સુમતિ = સારી બુદ્ધિ. જાગી = પ્રગટી. પરસંગ ત્યાગી = દેહ આદિથી મમત્વનો ત્યાગ કરવો. ત્રિભુવન = ત્રણ લોક-ઊર્ધ્વ, મધ્ય, પાતાળ. સરવાંગ (સર્વાંગ) = પૂર્ણ રીતે. વિકલતા = ભ્રમ. ભાવૈ = ચાહે તો. મંદિરમૈં = ઘરમાં.

**અર્થઃ-** જેમને સુબુદ્ધિનો ઉદય થયો છે, જે ભોગોથી વિરક્ત થયા છે, જેમણે શરીર આદિ પરદ્રવ્યોનું મમત્વ દૂર કર્યું છે, જે રાગ-દ્વેષ આદિ ભાવોથી રહિત છે, જે કદી ઘર અને ધન-સંપત્તિ આદિમાં લીન થતા નથી, જે સદા પોતાના આત્માને સંપૂર્ણ રીતે શુદ્ધ વિચારે છે, જેમને મનમાં કદી આકુળતા વ્યાપતી નથી, તે જ જીવો ત્રણલોકમાં[1] મોક્ષમાર્ગના સાધક છે, ભલે તેઓ ઘરમાં રહે કે જંગલમાં રહે. ૧૬.

**મોક્ષમાર્ગી જીવોની પરિણતિ (સવૈયા તેવીસા)**

चेतन मंडित अंग अखंडित,
सुद्ध पवित्र पदारथ मेरो।
राग विरोध विमोह दसा,
समुझै भ्रम नाटक पुदगल केरो।।

---

૧. ચાહે તેઓ ઊર્ધ્વલોક અથવા દેવગતિમાં હોય, મધ્યલોક અર્થાત્ મનુષ્ય-તિર્યંચ જાતિમાં હોય કે પછી પાતાળલોક અર્થાત્ ભવનવાસી, વ્યંતર કે નરક ગતિમાં હોય.

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।। ६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भोग संयोग वियोग बिथा,
अवलोकि कहै यह कर्मज घेरौ।
है जिन्हकौ अनुभौ इह भांति,
सदा तिनकौं परमारथ नेरौ।। १७।।

**શબ્દાર્થઃ-** મંડિત = શોભિત. અખંડિત = જે છેદાતો-ભેદાતો નથી તે.

**અર્થઃ-** જેઓ વિચારે છે કે મારો આત્મપદાર્થ ચૈતન્યરૂપ છે, અછેદ્ય, અભેદ્ય, શુદ્ધ અને પવિત્ર છે, જે રાગ-દ્વેષ-મોહને પુદ્‌ગલનું નાટક સમજે છે, જે ભોગ-સામગ્રીના સંયોગ અને વિયોગની આપત્તિઓને જોઈને કહે છે કે આ કર્મજનિત છે-એમાં આપણું કાંઈ નથી, એવો અનુભવ જેમને સદા રહે છે, તેમની સમીપ જ મોક્ષ છે. ૧૭.

**સમ્યગ્દષ્ટિ જીવ સાધુ છે અને મિથ્યાદષ્ટિ જીવ ચોર છે. (દોહરા)**

जो पुमान परधन हरै, सो अपराधी अग्य।
जो अपनौ धन व्यौहरै, सो धनपति सरवग्य।। १८।।
परकी संगति जौ रचै, बंध बढ़ावै सोइ।
जो निज सत्तामैं मगन, सहज मुक्त सो होइ।। १९।।

**શબ્દાર્થઃ-** પુમાન = મનુષ્ય. પરધન હરૈ = પરદ્રવ્યને અંગીકાર કરે છે. અગ્ય = મૂર્ખ. ધનપતિ = શાહૂકાર. રચૈ = લીન થાય.

**અર્થઃ-** જે મનુષ્ય પરદ્રવ્યનું હરણ કરે છે તે મૂર્ખ છે, ચોર છે; જે પોતાના ધનનો ઉપયોગ કરે છે તે સમજણો છે, શાહૂકાર છે. ૧૮. જે પરદ્રવ્યની સંગતિમાં મગ્ન રહે છે તે બંધની પરંપરા વધારે છે અને જે નિજસત્તામાં લીન રહે છે તે સહજમાં જ મોક્ષ પામે છે. ૧૯.

---

परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।
बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः।। ७।।
अनवरतमनन्तैर्बध्यते सापराधः
स्पृशति निरपराधो बंधनं नैव जातु।
नियतमयमशुद्धं स्वं भजन्सापराधो
भवति निरपराधः साधु शुद्धात्मसेवी।। ८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ-** લોકમાં પ્રવૃત્તિ છે કે જે બીજાનું ધન લે છે તેને અજ્ઞાની, ચોર અથવા ડાકૂ કહેવામાં આવે છે, તે ગુનેગાર અને દંડને પાત્ર થાય છે અને જે પોતાના ધનનો ઉપયોગ કરે છે તે મહાજન અથવા સમજદાર કહેવાય છે, તેની પ્રશંસા કરવામાં આવે છે. તેવી જ રીતે જે જીવ પરદ્રવ્ય અર્થાત્ શરીર કે શરીરના સંબંધી ચેતન-અચેતન પદાર્થોને પોતાના માને છે અથવા તેમાં લીન થાય છે તે મિથ્યાત્વી છે, સંસારનું દુઃખ ભોગવે છે. અને જે નિજાત્માને પોતાનો માને છે અથવા તેનો જ અનુભવ કરે છે, તે જ્ઞાની છે, મોક્ષનો આનંદ પામે છે.૧૮.૧૯.

### દ્રવ્ય અને સત્તાનું સ્વરૂપ (દોહરા)

उपजै विनसै थिर रहै, यह तो वस्तु वखान।
जो मरजादा वस्तुकी, सो सत्ता परवांन।। २०।।

**શબ્દાર્થઃ-** ઉપજૈ = ઉત્પન્ન થાય. વિનસૈ = નષ્ટ થાય. વસ્તુ = દ્રવ્ય. મર્યાદા = સીમા, ક્ષેત્રાવગાહ. પરવાંન (પ્રમાણ) = જાણવું.

**અર્થઃ-** જે પર્યાયોથી ઉત્પન્ન અને નષ્ટ થાય છે પણ સ્વરૂપે સ્થિર રહે છે તેને દ્રવ્ય કહે છે, અને દ્રવ્યના ક્ષેત્રાવગાહને સત્તા કહે છે. ૨૦.

### છ દ્રવ્યની સત્તાનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

लोकालोक मान एक सत्ता है आकाश दर्व,
धर्म दर्व एक सत्ता लोक परमिति है।
लोक परवान एक सत्ता है अधर्म दर्व,
कालके अनू असंख सत्ता अगनिति है।।
पुद्गल सुद्ध परवानुकी अनंत सत्ता,
जीवकी अनंत सत्ता न्यारी न्यारी छिति है।
कोऊ सत्ता काहूसौं न मिलि एकमेक होइ,
सबै असहाय यौं अनादिहीकी थिति है।। २१।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** લોકાલોક = સર્વ આકાશ. પરમિતિ = બરાબર. પરવાન (પ્રમાણ) = બરાબર. અગનિતિ = અસંખ્યાત. ન્યારી ન્યારી = જુદી જુદી. થિતિ (સ્થિતિ) = હયાતી. અસહાય = સ્વાધીન.

**અર્થઃ-** આકાશદ્રવ્ય એક છે, તેની સત્તા લોક-અલોકમાં છે, ધર્મ-દ્રવ્ય એક છે, તેની સત્તા લોક-પ્રમાણ છે, અધર્મદ્રવ્ય પણ એક છે, તેની સત્તા પણ લોક-પ્રમાણ છે, કાળના અણુ અસંખ્યાત છે, તેની સત્તા અસંખ્યાત છે, પુદ્ગલ દ્રવ્ય અનંતાનંત છે, તેની સત્તા અનંતાનંત છે, જીવદ્રવ્ય અનંતાનંત છે, તેની સત્તા અનંતાનંત છે, આ છએ દ્રવ્યોની સત્તાઓ જુદી જુદી છે, કોઈ સત્તા કોઈની સાથે મળતી નથી અને એક-મેક પણ થતી નથી. નિશ્ચયનયમાં કોઈ કોઈને આશ્રિત નથી સર્વ સ્વાધીન છે. આ પ્રમાણે અનાદિકાળથી ચાલતું આવ્યું છે. ૨૧.

**છ દ્રવ્યથી જ જગતની ઉત્પત્તિ છે. (સવૈયા એકત્રીસા)**

एई छहौं दर्व इनहीकौ है जगतजाल,
तामैं पांच जड़ एक चेतन सुजान है।
काहूकी अनंत सत्ता काहूसौं न मिलै कोइ,
एक एक सत्तामैं अनंत गुन गान है।।
एक एक सत्तामैं अनंत परजाइ फिरै,
एकमैं अनेक इहि भांति परवान है।
यहै स्यादवाद यहै संतनिकी मरजाद,
यहै सुख पोख यह मोखकौ निदान है।। २२।।

**શબ્દાર્થઃ-** જગતજાલ = સંસાર. સુજાન = જ્ઞાનમય. સંતનકી = સત્પુરુષોની. મરજાદ = સીમા. પોખ = પુષ્ટિ કરનાર. નિદાન = કારણ.

**અર્થઃ-** ઉપર કહેલા જ છ દ્રવ્યો છે, એમનાથી જ જગત ઉત્પન્ન છે. આ છ દ્રવ્યોમાં પાંચ અચેતન છે, એક ચેતનદ્રવ્ય જ્ઞાનમય છે. કોઈની અનંતસત્તા કોઈની સાથે કદી મળતી નથી. પ્રત્યેક સત્તામાં અનંત ગુણસમૂહ છે અને અનંત અવસ્થાઓ છે, આ રીતે એકમાં અનેક જાણવા. એ જ સ્યાદ્વાદ છે, એ જ સત્પુરુષોનું અખંડિત કથન છે. એ જ આનંદ-વર્ધક છે અને એ જ જ્ઞાન મોક્ષનું કારણ છે. ૨૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



साधी दधि मंथमैं अराधी रस पंथनिमैं,
जहां तहां ग्रंथनिमैं सत्ताहीकौ सोर है।
ग्यान भान सत्तामैं सुधा निधान सत्ताहीमैं,
सत्ताकी दुरनि सांझ सत्ता मुख भोर है।।
सत्ताकौ सरूप मोख सत्ता भूल यहै दोष,
सत्ताके उलंघे धूमधाम चहूं वोर है।
सत्ताकी समाधिमैं विराजि रहै सोई साहू,
सत्तातैं निकसि और गहै सोई चोर है।। २३।।

**શબ્દાર્થઃ-** દધિ = દહીં. મંથમૈં = વલોવવામાં. રસ પંથ = રસનો ઉપાય. સોર (શોર) = આંદોલન. સત્તા = વસ્તુનું અસ્તિત્વ, મૌજૂદગી. ધૂમધામ ચહૂં વોર = ચાર ગતિમાં ભ્રમણ. સમાધિ = અનુભવ. સાહૂ = ભલો માણસ. ગહૈ = ગ્રહણ કરે.

**અર્થઃ-** દહીંના મંથનથી ઘીની સત્તા સાધવામાં આવે છે, ઔષધિઓની ક્રિયામાં રસની સત્તા છે, શાસ્ત્રોમાં જ્યાં-ત્યાં સત્તાનું જ કથન છે, જ્ઞાનનો સૂર્ય સત્તામાં છે, અમૃતનો પુંજ સત્તામાં છે, સત્તાને છૂપાવવી એ સાંજના[1] અંધકાર સમાન છે અને સત્તાને મુખ્ય કરવી એ સવારના[2] સૂર્યનો ઉદય કરવા સમાન છે. સત્તાનું સ્વરૂપ જ મોક્ષ છે, સત્તાનું ભૂલવું તે જ જન્મ-મરણ આદિ દોષરૂપ સંસાર છે, પોતાની આત્મસત્તાનું ઉલ્લંઘન કરવાથી ચાર ગતિમાં ભટકવું પડે છે. જે આત્મસત્તાના અનુભવમાં વિરાજમાન છે તે જ ભલો માણસ છે અને જે આત્મસત્તા છોડીને અન્યની સત્તાનું ગ્રહણ કરે છે તે જ ચોર છે. ૨૩.

**આત્મસત્તાનો અનુભવ નિર્વિકલ્પ છે. (સવૈયા એકત્રીસા)**

जामैं लोक-वेद नांहि थापना उछेद नांहि,
पाप पुन्न खेद नांहि क्रिया नांहि करनी।
जामैं राग दोष नांहि जामैं बंध मोख नांहि,
जामैं प्रभु दास न अकास नांहि धरनी।।

---

૧-૨. સાંજના અંધકારનો ભાવ એ જણાય છે કે અજ્ઞાનનો અંધકાર વધતો જાય. પ્રભાતના સૂર્યોદયનો એ ભાવ જણાય છે કે જ્ઞાનનો પ્રકાશ વધતો જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जामैं कुल रीत नांहि जामैं हारि जीत नांहि,
जामैं गुरु सीष नांहि वीष नांहि भरनी।
आश्रम बरन नांहि काहूकी सरन नांहि
ऐसी सुद्ध सत्ताकी समाधिभूमि बरनी।। २४।।

**શબ્દાર્થઃ-** લોકવેદ = લૌકિક જ્ઞાન. થાપના ઉછેદ = લૌકિક વાતોનું ખંડન. (જેમ મૂર્તિને ઇશ્વર કહેવા એ લોકવ્યવહાર છે અને મૂર્તિપૂજાનું ખંડન કરવું તે લોકસ્થાપનાનો ઉચ્છેદ કરવા બરાબર છે. સત્તામાં તે બન્ને નથી.) ખેદ = કષ્ટ. પ્રભુ = સ્વામી. દાસ = સેવક. ધરની = પૃથ્વી. વીષ ભરની = યાત્રા પૂરી કરવી. બરન આશ્રમ (વર્ણ આશ્રમ) = બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર એ ચાર.

**અર્થઃ-** જેમાં લૌકિક રીતરિવાજોની ન વિધિ છે કે ન નિષેધ છે, ન પાપ-પુણ્યનો ક્લેશ છે, ન ક્રિયાની આજ્ઞા છે, ન રાગ-દ્વેષ છે, ન બંધ-મોક્ષ છે, ન સ્વામી છે, ન સેવક છે, ન આકાશ[1] છે, ન ધરતી[2] છે, ન કુળાચાર છે, ન હારજીત છે, ન ગુરુ છે ન શિષ્ય છે, ન હાલવું-ચાલવું છે, ન વર્ણાશ્રમ છે, ન કોઈનું શરણ છે. એવી શુદ્ધ સત્તા અનુભવરૂપ ભૂમિમાં પ્રાપ્ત થાય છે. ૨૪.

**જે આત્મસત્તાને જાણતો નથી તે અપરાધી છે. (દોહરા)**

जाकै घट समता नहीं, ममता मगन सदीव।
रमता राम न जानई, सो अपराधी जीव।। २५।।
अपराधी मिथ्यामती, निरदै हिरदै अंध।
परकौं मानै आतमा, करै करमकौ बंध।। २६।।
झूठी करनी आचरै, झूठे सुखकी आस।
झूठी भगति हिए धरै, झूठे प्रभुकौ दास।। २७।।

---

૧-૨. ઊંચ-નીચનો ભેદ નથી.

अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।
आत्मन्येवालानितं च चित्त-
मासंपूर्णविज्ञानघनोपलब्धेः।। ९।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** સમતા = રાગ-દ્વેષરહિત ભાવ. મમતા = પરદ્રવ્યોમાં અહંબુદ્ધિ. રમતા રામ = પોતાના રૂપમાં આનંદ કરનાર આતમરામ. અપરાધી = દોષી. નિરદૈ (નિર્દય) = દુષ્ટ. હિરદૈ (હૃદય) = મનમાં. આસ (આશા) = ઉમેદ. ભગતિ (ભક્તિ) = સેવા, પૂજા. દાસ = સેવક.

**અર્થઃ-** જેના હૃદયમાં સમતા નથી, જે સદા શરીર આદિ પર-પદાર્થોમાં મગ્ન રહે છે અને પોતાના આતમરામને જાણતો નથી તે જીવ અપરાધી છે. ૨૫. પોતાના આત્મસ્વરૂપને નહીં જાણનાર અપરાધી જીવ મિથ્યાત્વી છે, પોતાના આત્માનો હિંસક છે, હૃદયનો અંધ છે. તે શરીર આદિ પદાર્થોને આત્મા માને છે અને કર્મબંધને વધારે છે. ૨૬. આત્મજ્ઞાન વિના તેનું તપાચરણ મિથ્યા છે, તેની મોક્ષસુખની આશા જૂઠી છે, ઈશ્વરને જાણ્યા વિના ઈશ્વરની ભક્તિ અથવા દાસત્વ મિથ્યા છે. ૨૭.

**મિથ્યાત્વની વિપરીત વૃત્તિ (સવૈયા એકત્રીસા)**

माटी भूमि सैलकी सो संपदा बखानै निज,
कर्ममैं अमृत जानै ग्यानमैं जहर है।
अपनौ न रूप गहै औरहीसौं आपौ कहै,
साता तो समाधि जाकै असाता कहर है।।
कोपकौ कृपान लिए मान मद पान कियैं,
मायाकी मरोर हियैं लोभकी लहर है।
याही भांति चेतन अचेतनकी संगतिसौं,
सांचसौं विमुख भयौ झूठमैं बहर है।। २८।।

**શબ્દાર્થઃ-** સૈલ (શૈલ) = પર્વત. જહર = વિષ. ઔરહીસૌં = પરદ્રવ્યથી. કહર = આપત્તિ. કૃપાન = તલવાર. બહર હૈ = લાગી પડયો છે.

**અર્થઃ-** સોનું-ચાંદી જે પહાડોની માટી છે તેને પોતાની સંપત્તિ કહે છે, શુભક્રિયાને અમૃત માને છે અને જ્ઞાનને ઝેર જાણે છે. પોતાના આત્મરૂપનું ગ્રહણ કરતો નથી, શરીર આદિને આત્મા માને છે, શાતા-વેદનીયજનિત લૌકિક-સુખમાં આનંદ માને છે અને અશાતાના ઉદયને આફત કહે છે, ક્રોધની તલવાર પકડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાખી છે, માનનો શરાબ પીને બેઠો છે, મનમાં માયાની વક્રતા છે અને લોભના ચક્કરમાં પડેલો છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાઙ્મુખ થઈને જૂઠમાં જ ગુંચવાઈ ગયો છે. ૨૮.

तीन काल अतीत अनागत वरतमान,
जगमैं अखंडित प्रवाहकौ डहर है।
तासौं कहै यह मेरौ दिन यह मेरी राति,
यह मेरी धरी यह मेरौही पहर है।।
खेहकौ खजानौ जोरै तासौं कहै मेरो गेह,
जहां बसै तासौं कहै मेरौही सहर है।
याहि भांति चेतन अचेतनकी संगतिसौं,
सांचसौं विमुख भयौ झूठमैं बहर है।। २९।।

**અર્થ:**- અતીતકાલ = ભૂતકાળ. અનાગત = ભવિષ્ય. ખેહ = કચરો. ગેહ = ઘર. સહર (શહર) = નગર.

**અર્થ:**- સંસારમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનું ધારા-પ્રવાહ ચક્ર ચાલી રહ્યું છે, તેને કહે છે કે મારો દિવસ, મારી રાત્રિ, મારી ઘડી, મારો પહોર છે. કચરાનો ઢગલો ભેગો કરે છે અને કહે છે કે આ મારું મકાન છે, જે પૃથ્વીના ભાગમાં રહે છે તેને પોતાનું નગર બતાવે છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાઙ્મુખ થઈને જૂઠમાં મુંઝાઈ રહ્યો છે. ૨૯.

### સમ્યગ્દષ્ટિ જીવોનો સદ્‌વિચાર (દોહરા)

जिन्हके मिथ्यामति नही, ग्यान कला घट मांहि।
परचै आतमरामसौं, ते अपराधी नांहि।। ३०।।

**શબ્દાર્થ:**- મિથ્યામતિ = ખોટી બુદ્ધિ. પરચૈ (પરિચય) = ઓળખાણ.

**અર્થ:**- જે જીવોની કુબુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે, જેમના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ છે અને જેમને આત્મસ્વરૂપની ઓળખાણ છે તે ભલા માણસ છે. ૩૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जिन्हकै धरम ध्यान पावक प्रगट भयौ,
संसै मोह विभ्रम बिरख तीनौं डढ़े हैं।
जिन्हकी चितौनि आगे उदै स्वान भूसि भागै,
लागै न करम रज ग्यान गज चढ़े हैं।।
जिन्हकी समुझिकी तरंग अंग आगममैं,
आगममैं निपुन अध्यातममैं कढ़े हैं।
तेई परमारथी पुनीत नर आठौं जाम,
राम रस गाढ़ करैं यहै पाठ पढ़े हैं।। ३१।।

**શબ્દાર્થ**:- પાવક = અગ્નિ. બિરખ (વૃક્ષ) = ઝાડ. સ્વાન = કૂતરો. રજ = ધૂળ. ગ્યાન ગજ = જ્ઞાનરૂપી હાથી. અધ્યાતમ = આત્માનું સ્વરૂપ બતાવનારી વિદ્યા. પરમારથી (પરમાર્થી) = પરમ પદાર્થ અર્થાત્ મોક્ષના માર્ગમાં લાગેલા. પુનીત = પવિત્ર. આઠૌં જામ = આઠેય પહોર-સદાકાળ.

**અર્થ**:- જેમની ધર્મધ્યાનરૂપ અગ્નિમાં સંશય, વિમોહ અને વિભ્રમ એ ત્રણે વૃક્ષ બળી ગયાં છે, જેમની સુદ્દષ્ટિ આગળ ઉદયરૂપી કૂતરા ભસતાં ભસતાં ભાગી જાય છે, તેઓ જ્ઞાનરૂપી હાથી ઉપર બેઠેલા છે, તેથી કર્મરૂપી ધૂળ તેમના સુધી પહોંચતી નથી. જેમના વિચારમાં શાસ્ત્રજ્ઞાનની લહેરો ઉઠે છે, જે સિદ્ધાંતમાં પ્રવીણ છે, જે આધ્યાત્મિક વિદ્યામાં પારગામી છે, તેઓ જ મોક્ષમાર્ગી છે-તેઓ જ પવિત્ર છે, સદા આત્મ-અનુભવનો રસ દ્દઢ કરે છે અને આત્મ-અનુભવનો જ પાઠ ભણે છે. ૩૧.

जिन्हकी चिहुंटि चिमटासी गुन चूनिबेकौं,
कुकथाके सुनिबेकौं दोऊ कान मढ़े हैं।
जिन्हकौ सरल चित्त कोमल वचन बोलै,
सोमदृष्टि लियैं डोलैं मोम कैसे गढ़े हैं।।
जिन्हकी सकति जगी अलख अराधिबेकौं,
परम समाधि साधिबेकौं मन बढ़े हैं।

तेई परमारथी पुनीत नर आठौं जाम,
राम रस गाढ़ करैं यहै पाठ पढ़े हैं।। ३२।।

**શબ્દાર્થઃ-** ચિહુંટિ = બુદ્ધિ. ચૂનિબેકૌં = પકડવાને-ગ્રહણ કરવાને. કુકથા = ખોટી વાર્તા-સ્ત્રીકથા આદિ. સોમદ્રષ્ટિ = ક્રોધ આદિ રહિત. અલખ = આત્મા.

**અર્થઃ-** જેમની બુદ્ધિ ગુણ ગ્રહણ કરવામાં ચિપિયા[1] જેવી છે, વિકથા સાંભળવાને માટે જેમના કાન મઢેલા અર્થાત્ બહેરા છે, જેમનું ચિત્ત નિષ્કપટ છે, જે મૃદુ ભાષણ કરે છે, જેમની ક્રોધાદિ રહિત સૌમ્યદ્રષ્ટિ છે, જે એવા કોમળ સ્વભાવવાળા છે કે જાણે મીણના[2] જ બનેલા છે, જેમને આત્મધ્યાનની શક્તિ પ્રગટ થઈ છે અને પરમ સમાધિ સાધવાને જેમનું ચિત્ત ઉત્સાહી રહે છે, તેઓ જ મોક્ષમાર્ગી છે, તેઓ જ પવિત્ર છે, સદા આત્મ-અનુભવનો રસ દ્રઢ કરે છે અને આત્મ-અનુભવનો જ પાઠ ભણે છે-અર્થાત્ આત્માનું જ રટણ લાગ્યું રહે છે. ૩૨.

### સમાધિ વર્ણન (દોહરા)

❈राम-रसिक अर राम-रस, कहन सुननकौं दोइ।
जब समाधि परगट भई, तब दुबिधा नहि कोइ।। ३३।।

**શબ્દાર્થઃ-** રામ-રસિક = આત્મા. રામ-રસ = અનુભવ. સમાધિ = આત્મામાં લીન થવું. દુવિધા = ભેદ.

**અર્થઃ-** આત્મા અને આત્મ-અનુભવ એ કહેવા-સાંભળવામાં બે છે, પણ જ્યારે આત્મધ્યાન પ્રગટ થઈ જાય છે ત્યારે રસિક અને રસનો અથવા બીજો કોઈ ભેદ રહેતો નથી.૩૩.

---

૧. જેમ ચિપિયો નાની વસ્તુ પણ ઉપાડી લે છે તે જ રીતે સૂક્ષ્મ તત્ત્વોનું પણ તેમની બુદ્ધિ ગ્રહણ કરે છે.

૨. જેમ મીણ સહજમાં ઓગળી જાય છે અથવા વળી જાય છે તેમ તેઓ પણ થોડામાં જ કોમળ થઈ જાય છે, તત્ત્વની વાત થોડામાં જ સમજી જાય છે, પછી હઠ કરતા નથી.

❈ यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतम्
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।। १०।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### શુભ ક્રિયાઓનું સ્પષ્ટીકરણ (દોહરા)

नंदन वंदन थुति करन, श्रवन चिंतवन जाप।
पढ़न पढ़ावन उपदिसन, बहुविधि क्रिया-कलाप।। ३४।।

**શબ્દાર્થઃ-** નંદન = રસિક અવસ્થાનો આનંદ. વંદન = નમસ્કાર કરવા. થુતિ (સ્તુતિ) = ગુણગાન કરવા. શ્રવન (શ્રવણ) = આત્મસ્વરૂપનો ઉપદેશ આદિ સાંભળવા. ચિંતવન = વિચાર કરવો. જાપ = વારંવાર નામનું ઉચ્ચારણ કરવું. પઢન = ભણવું. પઢાવન = ભણાવવું. ઉપદિસન = વ્યાખ્યાન દેવું.

**અર્થઃ-** આનંદ માનવો, નમસ્કાર કરવા, સ્તવન કરવું, ઉપદેશ સાંભળવો, ધ્યાન ધરવું, જાપ જપવો, ભણવું, ભણાવવું, વ્યાખ્યાન આપવું આદિ સર્વ શુભ ક્રિયાઓ છે. ૩૪.

### શુદ્ધોપયોગમાં શુભોપયોગનો નિષેધ (દોહરા)

सुद्धातम अनुभव जहां, सुभाचार तहां नांहि।
करम करम मारग विषैं, सिव मारग सिवमांहि।। ३५।।

**શબ્દાર્થઃ-** શુભાચાર = શુભ પ્રવૃત્તિ. કરમ મારગ (કર્મમાર્ગ) = બંધનું કારણ. સિવ મારગ (શિવમાર્ગ) = મોક્ષનું કારણ. સિવમાંહિ = આત્મામાં.

**અર્થઃ-** ઉપર કહેલી ક્રિયાઓ કરતાં કરતાં જ્યાં આત્માનો શુદ્ધ અનુભવ થઈ જાય છે ત્યાં શુભોપયોગ રહેતો નથી; શુભ ક્રિયા કર્મબંધનું કારણ છે અને મોક્ષની પ્રાપ્તિ આત્મ-અનુભવમાં છે. ૩૫.

### વળી-(ચોપાઈ)

इहि बिधि वस्तु-व्यवस्था जैसी।
कही जिनंद कही मैं तैसी।।
जे प्रमाद-संजुत मुनिराजा।
तिनके सुभाचारसौं काजा।। ३६।।

**શબ્દાર્થઃ-** વસ્તુવ્યવસ્થા = પદાર્થનું સ્વરૂપ. પ્રમાદસંજુત = આત્મ-અનુભવમાં અસાવધાન, શુભોપયોગી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** ગ્રંથકાર કહે છે કે આ રીતે પદાર્થનું જેવું સ્વરૂપ જિન-રાજે કહ્યું છે તેવું અમે વર્ણવ્યું. જે મુનિરાજ પ્રમાદદશામાં રહે છે, તેમને શુભ ક્રિયાનું અવલંબન લેવું જ પડે છે. ૩૬.

जहां प्रमाद दसा नहि व्यापै।
तहां अवलंब आपनौ आपै।।
ता कारन प्रमाद उतपाती।
प्रगट मोख मारगकौ घाती।। ३७।।

**શબ્દાર્થઃ-** અવલંબ = આધાર.

**અર્થઃ-** જ્યાં શુભ-અશુભ પ્રવૃત્તિરૂપ પ્રમાદ નથી રહેતો, ત્યાં પોતાને પોતાનું જ અવલંબન અર્થાત્ શુદ્ધોપયોગ હોય છે, તેથી સ્પષ્ટ છે કે પ્રમાદની ઉત્પત્તિ મોક્ષમાર્ગમાં બાધક છે. ૩૭.

जे प्रमाद संजुगत गुसांई।
उठहिं गिरहिं गिंदुककी नांई।।
जे प्रमाद तजि उद्धत हौंहीं।
तिनकौं मोख निकट द्रिग सौंही।। ३८।।

**શબ્દાર્થઃ-** ગુસાંઈ = સાધુ. ગિંદુક = દડો. નાંઈ = જેમ. દ્રિગ = આંખ.

**અર્થઃ-** જે મુનિ પ્રમાદ સહિત હોય છે તેઓ દડાની પેઠે નીચેથી ઉપર ચડે છે અને પાછા નીચે પડે છે અને જે પ્રમાદ છોડીને સ્વરૂપમાં સાવધાન હોય છે, તેમની દષ્ટિમાં મોક્ષ બિલકુલ પાસે જ દેખાય છે.

**વિશેષઃ-** સાધુદશામાં છઠ્ઠું ગુણસ્થાનક પ્રમત્ત મુનિનું છે, તે છઠ્ઠામાંથી સાતમામાં અને સાતમામાંથી છઠ્ઠામાં અસંખ્યાત વાર ચડે-ઉતરે છે. ૩૮.

घटमैं है प्रमाद जब तांई।
पराधीन प्रानी तब तांई।।
जब प्रमादकी प्रभुता नासै।
तब प्रधान अनुभौ परगासै।। ३९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થ:-** જબ તાંઇ = જ્યાં સુધી. તબ તાંઇ = ત્યાં સુધી. પ્રભુતા = બળ. નાસૈ (નાશૈ) = નષ્ટ થાય પ્રધાન = મુખ્ય. પરગાસૈ (પ્રકાશૈ) = પ્રગટ થાય.

**અર્થ:-** જ્યાં સુધી હૃદયમાં પ્રમાદ રહે છે ત્યાં સુધી જીવ પરાધીન રહે છે અને જ્યારે પ્રમાદની શક્તિ નષ્ટ થઈ જાય છે ત્યારે શુદ્ધ અનુભવનો ઉદય થાય છે. ૩૯.

**વળી-( દોહરા )**

ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।
परमादी जगकौं धुकै, अपरमादि सिव ओर।। ४०।।

**શબ્દાર્થ:-** જગપંથ = સંસારભ્રમણનો ઉપાય. ઇત = અહીં. ઉત = ત્યાં. સિવમારગ (શિવમાર્ગ) = મોક્ષનો ઉપાય. ધુકૈ = દેખે. અપરમાદિ (અપ્રમાદી) = પ્રમાદ રહિત.

**અર્થ:-** તેથી પ્રમાદ સંસારનું કારણ છે અને અનુભવ મોક્ષનું કારણ છે. પ્રમાદી જીવ સંસાર તરફ દેખે છે અને અપ્રમાદી જીવ મોક્ષ તરફ દેખે છે. ૪૦.

जे परमादी आलसी, जिन्हकैं विकलप भूरि।
होइ सिथल अनुभौविषै, तिन्हकौं सिवपथ दूरि।। ४१।।

**શબ્દાર્થ:-** આલસી = નિરુદ્યમી. વિકલપ (વિકલ્પ) = રાગ-દ્વેષની લહેરો. ભૂરિ = ઘણી. સિથલ (શિથિલ) = અસમર્થ. સિવપથ = સ્વરૂપાચરણ.

**અર્થ:-** જે જીવ પ્રમાદી અને આળસુ છે, જેમના ચિત્તમાં અનેક વિકલ્પો થાય છે અને જે આત્મ-અનુભવમાં શિથિલ છે, તેમનાથી સ્વરૂપાચરણ દૂર જ રહે છે. ૪૧.

❉ जे परमादी आलसी, ते अभिमानी जीव।
जे अविकलपी अनुभवी, ते समरसी सदीव।। ४२।।

---

❉ प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः
कषायभरगौरवादलसत्ता प्रमादो यतः।
अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्
मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्।। ११।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** અભિમાની = અહંકાર સહિત. અવિકલપી (અવિકલ્પી) = રાગ-દ્વેષ રહિત.

**અર્થઃ-** જે જીવ પ્રમાદ સહિત અને અનુભવમાં શિથિલ છે, તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ કરે છે અને જે નિર્વિકલ્પ અનુભવમાં રહે છે તેમના ચિત્તમાં સદા સમતા-રસ રહે છે.૪૨.

जे अविकलपी अनुभवी, सुद्ध चेतना युक्त।
ते मुनिवर लघुकालमैं, हौंहि करमसौं मुक्त।। ४३।।

**શબ્દાર્થઃ-** સુદ્ધ ચેતના = શુદ્ધ જ્ઞાન-દર્શન.

**અર્થઃ-** જે મુનિરાજ વિકલ્પ રહિત છે. અનુભવ અને શુદ્ધ જ્ઞાન-દર્શન સહિત છે, તેઓ થોડા જ સમયમાં કર્મરહિત થાય છે અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે. ૪૩.

**જ્ઞાનમાં સર્વ જીવ એકસરખા ભાસે છે. (કવિત્ત)**

जैसैं पुरुष लखै परवत चढ़ि,
भूचर-पुरुष ताहि लघु लग्गै।
भूचर-पुरुष लखै ताकौं लघु,
उतरि मिलैं दुहुकौ भ्रम भग्गै।।
तैसैं अभिमानी उन्नत लग,
और जीवकौ लघुपद दग्गै।
अभिमानीकौं कहैं तुच्छ सब,
ग्यान जगै समता रस जग्गै।। ४४।।

**શબ્દાર્થઃ-** ભૂચર = ધરતી પર રહેનાર. લઘુ = નાનો. ઉન્નત લગ = ઊંચું મસ્તક રાખનાર.

**અર્થઃ-** જેવી રીતે પર્વત ઉપર ચડેલા મનુષ્યને નીચેનો મનુષ્ય નાનો દેખાય છે અને નીચેના મનુષ્યને પર્વત ઉપર ચડેલો મનુષ્ય નાનો દેખાય છે, પણ જ્યારે તે નીચે આવે છે ત્યારે બન્નેનો ભ્રમ દૂર થઈ જાય છે અને વિષમતા મટી જાય છે, તેવી જ રીતે ઊંચું મસ્તક રાખનાર અભિમાની મનુષ્યને બધા મનુષ્યો તુચ્છ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખાય છે અને બધાને તે અભિમાની તુચ્છ દેખાય છે, પરંતુ જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે માન-કષાય ગળી જવાથી સમતા પ્રગટ થાય છે. જ્ઞાનમાં કોઈ નાનું-મોટું દેખાતું નથી, સર્વ જીવો એકસરખા ભાસે છે. ૪૪.

**અભિમાની જીવોની દશા ( સવૈયા એકત્રીસા )**

करमके भारी समुझैं न गुनकौ मरम,
परम अनीति अधरम रीति गहे हैं।
हौहिं न नरम चित्त गरम घरमहूतैं,
चरमकी द्रिष्टिसौं भरम भूलि रहे हैं।।
आसन न खोलैं मुख वचन न बोलैं,
सिर नाये हू न डोलैं मानौं पाथरके चहे हैं।
देखनेके हाऊ भव पंथके बढ़ाऊ ऐसे,
मायाके खटाऊ अभिमानी जीव कहे हैं।। ४५।।

**શબ્દાર્થઃ-** કરમકે ભારી = અત્યંત કર્મબંધન વાળા. મરમ = રહસ્ય. અધરમ ( અધર્મ ) = પાપ. નરમ = કોમળ. ઘરમ = તડકો. ચરમ દ્રિષ્ટિ ( ચર્મદષ્ટિ ) = ઇન્દ્રિયજનિત જ્ઞાન. ચહે ( ચય ) = જડેલા. હાઉ = ભયંકર. બઢાઉ = વધારનાર. ખટાઉ = મજબૂત.

**અર્થઃ-** જેમણે કર્મોના તીવ્ર બંધ બાંધ્યા છે, જેઓ ગુણોનું રહસ્ય[1] જાણતા નથી, અત્યંત અયોગ્ય અને પાપમય માર્ગનું ગ્રહણ કરે છે, કોમળ ચિત્તવાળા હોતા નથી, તડકાથી પણ અધિક ગરમ રહે છે અને ઇન્દ્રિય-જ્ઞાનમાં જ ભૂલી રહ્યા[2] છે, દેખાડવા માટે એક આસને બેસી રહે છે અથવા ઊભા રહે છે, મૌન રહે છે, મહંત સમજીને કોઈ નમસ્કાર કરે તો ઉત્તરમાં અંગ પણ હલાવતા નથી જાણે પત્થર જ ખોડયો હોય, દેખવામાં ભયંકર છે, સંસારમાર્ગને વધારનાર છે, માયાચારમાં પાકા છે, એવા અભિમાની જીવ હોય છે. ૪૫.

---

૧. દોષને જ ગુણ સમજી જાય છે.
૨. આત્મજ્ઞાન થતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### જ્ઞાની જીવોની દશા ( સવૈયા એકત્રીસા )

धीरके धरैया भव नीरके तरैया भय,
भीरकै हरैया बरबीर ज्यौं उमहे हैं।
मारके मरैया सुविचारके करैया सुख,
ढारके ढरैया गुन लौसौं लहलहे हैं।।
रूपके रिझैया सब नैके समझैया सब,-
हीके लघु भैया सबके कुबोल सहे हैं।
बामके बमैय दुख दामके दमैया ऐसे,
रामके रमैया नर ग्यानी जीव कहे हैं।। ४६ ।।

**શબ્દાર્થઃ-** ભવનીર = સંસાર-સમુદ્ર. ભીર = સમૂહ. બરબીર = મહાન યોદ્ધો. ઉમહે = ઉમંગ સહિત-ઉત્સાહિત. માર = કામની વાસના. લહલહે = લીલાછમ. રૂપકે રિઝૈયા = આત્મસ્વરૂપની રુચિવાળા. લઘુ ભૈયા = નાના બનીને નમ્રતાપૂર્વક ચાલનાર. કુબોલ = કઠોર વચન. બામ = વક્રતા. દુખ દામકે દમૈયા = દુઃખોની પરંપરાનો નાશ કરનાર. રામકે રમૈયા = આત્મસ્વરૂપમાં સ્થિર થનાર.

**અર્થઃ-** જે ધૈર્ય ધારણ કરનાર છે, સંસાર-સમુદ્રને તરનાર છે, સર્વ પ્રકારના ભયોનો નાશ કરનાર છે, મહાયોદ્ધા સમાન ધર્મમાં ઉત્સાહી રહે છે, વિષય-વાસનાઓને બાળી નાખે છે, આત્મહિતનું ચિંતવન કર્યા કરે છે, સુખ-શાંતિની ચાલ ચાલે છે, સદ્‌ગુણોના પ્રકાશથી ઝગમગે છે, આત્મસ્વરૂપમાં રુચિ રાખે છે, બધા નયોનું રહસ્ય જાણે છે, એવા ક્ષમા શીલ છે કે બધાના નાના ભાઈ બનીને રહે છે અથવા તેમની સારી-નરસી વાતો સહન કરે છે, હૃદયની કુટિલતા છોડીને સરળ ચિત્તવાળા થયા છે, દુઃખ-સંતાપના માર્ગે ચાલતા નથી, આત્મસ્વરૂપમાં વિશ્રામ કર્યા કરે છે, એવા મહાનુભાવ જ્ઞાની કહેવાય છે. ૪૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમ્યક્ત્વી જીવોનો મહિમા (ચોપાઈ)**

जे समकिती जीव समचेती।
तिनकी कथा कहौं तुमसेती।।
जहां प्रमाद क्रिया नहि कोई।
निरविकलप अनुभौ पद सोई।। ४७।।
परिग्रह त्याग जोग थिर तीनौं।
करम बंध नहि होय नवीनौं।।
जहां न राग दोष रस मोहै।
प्रगट मोख मारग मुख सोहै।। ४८।।
पूरव बंध उदय नहि व्यापै।
जहां न भेद पुन्न अरु पापै।।
दरव भाव गुन निरमल धारा।
बोध विधान विविध विस्तारा।। ४९।।
जिन्हकी सहज अवस्था ऐसी।
तिन्हकै हिरदै दुविधा कैसी।।
जे मुनि छपक श्रेणि चढ़ि धाये।
ते केवलि भगवान कहाये।। ५०।।

**શબ્દાર્થઃ-** સમચેતી = સમતા ભાવવાળા. કથા = વાર્તા. તુમસેતી = તમારાથી. પ્રમાદક્રિયા = શુભાચાર. જોગ થિર તીનોં = મન-વચન-કાયાના યોગોનો નિગ્રહ. નવીનૌં = નવો. પુન્ન (પુણ્ય) = શુભોપયોગ. દ્રવ્યભાવ = બાહ્ય અને અંતરંગ. બોધિ = રત્નત્રય. છપકશ્રેણી = મોહકર્મનો નાશ કરવાની સીડી. ધાયે = ચડે.

---

त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं
स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः।
बन्धध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्छल-
च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते।। १२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થઃ-** હે ભવ્ય જીવો! સમતા સ્વભાવના ધારક સમ્યગ્દષ્ટિ જીવોની દશા તમને કહું છું, જ્યાં શુભાચારની પ્રવૃત્તિ નથી ત્યાં નિર્વિકલ્પ અનુભવપદ રહે છે. ૪૭. જે સર્વ પરિગ્રહ છોડીને મન-વચન-કાયાના ત્રણે યોગોનો નિગ્રહ કરીને બંધ-પરંપરાનો સંવર કરે છે, જેમને રાગ-દ્વેષ-મોહ રહેતા નથી તેઓ સાક્ષાત્ મોક્ષમાર્ગની સન્મુખ રહે છે. ૪૮. જે પૂર્વબંધના ઉદયમાં મમત્વ કરતા નથી, પુણ્ય-પાપને એકસરખા જાણે છે, અંતરંગ અને બાહ્યમાં નિર્વિકાર રહે છે. [૧] જેમના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ ઉન્નતિ પર છે. ૪૯. આવી જેમની સ્વાભાવિક દશા છે, તેમને આત્મસ્વરૂપની દુવિધા કેવી રીતે હોઈ શકે? તે મુનિઓ ક્ષપકશ્રેણી ઉપર ચડે છે અને કેવળી ભગવાન બને છે. ૫૦.

**સમ્યગ્દષ્ટિ જીવોને વંદન. ( દોહરા )**

**इहि विधि जे पूरन भये, अष्टकरम बन दाहि।**
**तिन्हकी महिमा जो लखै, नमै बनारसि ताहि।। ५१।।**

**શબ્દાર્થઃ-** પૂરન ભયે = પરિપૂર્ણ ઉન્નતિને પ્રાપ્ત થયા. દાહિ = બાળીને. લખૈ = જાણે.

**અર્થઃ-** જે આ રીતે આઠ કર્મનું વન બાળીને પરિપૂર્ણ થયા છે, તેમનો મહિમા જે જાણે છે તેને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૫૧.

**મોક્ષપ્રાપ્તિનો ક્રમ ( છપ્પા છંદ )**

**भयौ सुद्ध अंकूर, गयौ मिथ्यात मूर नसि।**
**क्रम क्रम होत उदोत,**
**सहज जिम सुकल पक्ष ससि।।**

---

૧. દેખાવમાં નેત્રોની લાલાશ અથવા ચહેરાની વક્રતા રહિત શરીરની મુદ્રા રહે છે અને અંતરંગમાં ક્રોધાદિ વિકાર હોતા નથી.

बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षप्यमेत-
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।
एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।। १३।।

**इति मोक्षो निष्क्रान्तः।। ९।।**

केवल रूप प्रकासि,
भासि सुख रासि धरम ध्रुव।
करि पूरन थिति आऊ,
त्यागि गत लाभ परम हुव।।
इह विधि अनन्य प्रभुता धरत,
प्रगटि बूंदि सागर थयौ।
अविचल अखंड अनुभय अखय,
जीव दरव जग मंहि जयौ।।५२।।

**શબ્દાર્થઃ-** અંકૂર (અંકુર) = છોડ. મૂર (મૂલ) = મૂળમાંથી. સુકલ પક્ષ સસિ (શુકલ પક્ષ શશિ) = અજવાળિયાનો ચંદ્ર. અનન્ય = જેના સમાન બીજાું ન હોય તે-સર્વશ્રેષ્ઠ.

**અર્થઃ-** શુદ્ધતાનો અંકુર પ્રગટ થયો, મિથ્યાત્વ મૂળમાંથી દૂર થયું, શુકલ પક્ષના ચંદ્રમા સમાન ક્રમેક્રમે જ્ઞાનનો ઉદય વધ્યો, કેવળજ્ઞાનનો પ્રકાશ થયો, આત્માનો નિત્ય અને પૂર્ણ આનંદમય સ્વભાવ ભાસવા લાગ્યો, મનુષ્યના આયુષ્ય અને કર્મની સ્થિતિ પૂરી થઈ, મનુષ્ય ગતિનો અભાવ થયો અને પૂર્ણ પરમાત્મા બન્યા. આ રીતે સર્વશ્રેષ્ઠ મહિમા પ્રાપ્ત કરીને પાણીના ટીપામાંથી સમુદ્ર થવા સમાન અવિચળ, અખંડ, નિર્ભય અને અક્ષય જીવ પદાર્થ, સંસારમાં જયવંત થયો. પર.

**આઠ કર્મો નાશ પામવાથી આઠ ગુણોનું પ્રગટ થવું.**
**(સવૈયા એકત્રીસા)**

ग्यानावरनीकै गयैं जानियै जु है सु सब,
दर्सनावरनकै गयैतैं सब देखियै।
वेदनी करमके गयैतैं निराबाध सुख,
मोहनीके गयैं सुद्ध चारित विसेखियै।।

आउकर्म गयैं अवगाहना अटल होइ,
नामकर्म गयैतैं अमूरतीक पेखियै।
अगुरु अलघुरूप होत गोत्रकर्म गयैं,
अंतराय गयैतैं अनंत बल लेखियै।। ५३।।

**શબ્દાર્થઃ-** નિરાબાધ રસ = શાતા-અશાતાના ક્ષોભનો અભાવ. અટલ અવગાહના = ચારે ગતિના ભ્રમણનો અભાવ. અમૂરતીક = ચર્મચક્ષુઓથી અગોચર. અગુરુ અલઘુ = ન ઉંચ, ન નીચ.

**અર્થઃ-** જ્ઞાનાવરણીય કર્મના અભાવથી કેવળજ્ઞાન, દર્શનાવરણીય કર્મના અભાવથી કેવળદર્શન, વેદનીય કર્મના અભાવથી નિરાબાધતા, મોહનીય કર્મના અભાવથી શુદ્ધ ચારિત્ર, આયુષ્ય કર્મના અભાવથી અટળ અવગાહના, નામકર્મના અભાવથી અમૂર્તિકપણું, ગોત્રકર્મના અભાવથી અગુરુલઘુત્વ અને અંતરાયકર્મનો નાશ થવાથી અનંતવીર્ય પ્રગટ થાય છે. આ રીતે સિદ્ધ ભગવાનમાં અષ્ટ કર્મ રહિત હોવાથી અષ્ટ ગુણ હોય છે. ૫૩.

## નવમા અધિકારનો સાર

પ્રસિદ્ધ છે કે મિથ્યાત્વ જ આસ્રવ બંધ છે અને મિથ્યાત્વનો અભાવ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર, નિર્જરા તથા મોક્ષ છે અને મોક્ષ આત્માનો નિજસ્વભાવ અર્થાત્ જીવની કર્મમળ રહિત અવસ્થા છે. વાસ્તવમાં વિચારવામાં આવે તો મોક્ષ થતો જ નથી, કેમકે નિશ્ચયનયમાં જીવ બંધાયો નથી-અબંધ છે, અને જ્યારે અબંધ છે ત્યારે છૂટશે શું? જીવનો મોક્ષ થયો એ કથન વ્યવહાર માત્ર છે, નહિ તો તે હમેશાં મોક્ષરૂપ જ છે.

આ વાત જગપ્રસિદ્ધ છે કે જે મનુષ્ય બીજાના ધન ઉપર પોતાનો અધિકાર જમાવે છે, તે મૂર્ખને લોકો અન્યાયી કહે છે. જો તે પોતાની જ સંપત્તિનો ઉપયોગ કરે છે તો લોકો તેને ન્યાયશીલ કહે છે. એવી જ રીતે જ્યારે આત્મા પરદ્રવ્યોમાં અહંકાર કરે છે, ત્યારે તે અજ્ઞાની, મિથ્યાત્વી થાય છે અને જ્યારે આવી ટેવ છોડીને તે આધ્યાત્મિક વિદ્યાનો અભ્યાસ કરે છે તથા આત્મિકરસનો સ્વાદ લે છે ત્યારે પ્રમાદનું પતન કરીને પુણ્ય-પાપનો ભેદ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મટાડી દે છે અને ક્ષપકશ્રેણી ચડીને કેવળી ભગવાન બને છે. પછી થોડા જ સમયમાં આઠ કર્મ રહિત અને આઠ ગુણ સહિત સિદ્ધપદને પામે છે.

મુખ્ય અભિપ્રાય મમતા દૂર કરવાનો અને સમતા લાવવાનો છે. જેવી રીતે સોનીના સંગે સોનાની જુદી જુદી અવસ્થાઓ થાય છે પરંતુ તેનું સુવર્ણપણું ચાલ્યું જતું નથી, ગાળવાથી પાછું સોનાનું સોનું જ બન્યું રહે છે; તેવી જ રીતે આ જીવાત્મા અનાત્માના સંસર્ગથી અનેક વેશ ધારણ કરે છે, પરંતુ તેનું ચૈતન્યપણું કયાંય ચાલ્યું જતું નથી-તે તો બ્રહ્મનું બ્રહ્મ જ બન્યું રહે છે. તેથી શરીરનું મિથ્યા અભિમાન છોડીને આત્મસત્તા અને અનાત્મસત્તાનું પૃથક્કરણ કરવું જોઈએ, એમ કરવાથી થોડા જ સમયમાં આધુનિક બુંદ માત્ર જ્ઞાન અલ્પકાળમાં જ સમુદ્રરૂપ પરિણમન કરે છે અને અવિચળ, અખંડ, અક્ષય, અનભય અને શુદ્ધસ્વરૂપ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સર્વવિશુદ્ધિ દ્વાર

## (૧૦)

**પ્રતિજ્ઞા ( દોહરા )**

इति श्री नाटक ग्रंथमैं, कहौ मोख अधिकार।
अब बरनौं संछेपसौं, सर्व विसुद्धी द्वार।। १।।

**અર્થઃ-** નાટક સમયસાર ગ્રંથના મોક્ષ અધિકારની પૂર્ણતા કરી. હવે સર્વવિશુદ્ધિ દ્વાર સંક્ષેપમાં કહીએ છીએ. ૧.

**સર્વ ઉપાધિ રહિત શુદ્ધ આત્માનું સ્વરૂપ ( સવૈયા એકત્રીસા )**

कर्मनिकौ करता है भोगनिकौ भोगता है,
जाकी प्रभुतामैं ऐसौ कथन अहित है।
जामैं एक इंद्री आदि पंचधा कथन नांहि,
सदा निरदोष बंध मोखसौं रहित है।।
ग्यानकौ समूह ग्यानगम्य है सुभाव जाकौ,
लोक व्यापी लोकातीत लोकमैं महित है।
सुद्ध बंस सुद्ध चेतनाकै रस अंस भरयौ,
ऐसौ हंस परम पुनीतता सहित है।। २।।

**શબ્દાર્થઃ-** પ્રભુતા = સામર્થ્ય. અહિત = બુરું કરનાર. પંચધા = પાંચ પ્રકારની. લોકાતીત = લોકથી પર. મહિત = પૂજનીય. પરમ પુનીત = અત્યંત પવિત્ર.

---

नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्
दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः।
शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-
ष्टंकोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुंजः।। १।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** જેના સામર્થ્યમાં (તે) કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે એમ કહેવું હાનિકારક[1] છે, પંચેન્દ્રિય ભેદનું કથન જેમાં નથી, જે સર્વ દોષ રહિત છે, જે ન કર્મથી બંધાય છે ન છૂટે છે, જે જ્ઞાનનો પિંડ અને જ્ઞાનગોચર છે, જે લોકવ્યાપી છે, લોકથી પર છે, સંસારમાં પૂજનીય અર્થાત્ ઉપાદેય છે, જેની જાતિ શુદ્ધ છે, જેમાં ચૈતન્યરસ ભર્યો છે, એવો હંસ અર્થાત્ આત્મા પરમ પવિત્ર છે. ૨.

**વળી (દોહરા)**

जो निहचै निरमल सदा, आदि मध्य अरु अंत।
सो चिद्रूप बनारसी, जगत मांहि जयवंत।। ३।।

**શબ્દાર્થઃ-** નિહચૈ = નિશ્ચયનયથી. નિર્મલ = પવિત્ર. ચિદ્રૂપ = ચૈતન્યરૂપ.

**અર્થઃ-** જે નિશ્ચયનયથી આદિ, મધ્ય અને અંતમાં સદૈવ નિર્મળ છે, પં. બનારસીદાસજી કહે છે કે તે ચૈતન્યપિંડ આત્મા જગતમાં સદા જયવંત રહે. ૩.

**વાસ્તવમાં જીવ કર્મનો કર્તા-ભોક્તા નથી (ચોપાઈ)**

जीव करम करता नहि ऐसैं।
रस भोगता सुभाव न तैसैं।।
मिथ्यामतिसौं करता होई।
गएं अग्यान अकरता सोई।। ४।।

**અર્થઃ-** જીવ પદાર્થ વાસ્તવમાં કર્મનો કર્તા નથી અને ન કર્મરસનો ભોક્તા છે, મિથ્યામતિથી કર્મનો કર્તા-ભોક્તા થાય છે, અજ્ઞાન દૂર થતાં કર્મનો અકર્તા-અભોક્તા જ થાય છે. ૪.

---

૧. વ્યવહારનય જીવને કર્મનો કર્તા-ભોક્તા કહે છે, પરંતુ વાસ્તવમાં જીવ કર્મનો કર્તા-ભોક્તા નથી, પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવનો કર્તા-ભોક્તા છે.

कर्त्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।
अज्ञानादेव कर्तायं तदभावादकारकः।। २।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા છે ( સવૈયા એકત્રીસા )**

निहचै निहारत सुभाव याहि आतमाकौ,
आतमीक धरम परम परकासना।
अतीत अनागत बरतमान काल जाकौ,
केवल स्वरूप गुन लोकालोक भासना।।
सोई जीव संसार अवस्था मांहि करमकौ,
करतासौ दीसै लीए भरम उपासना।
यहै महा मोहकौ पसार यहै मिथ्याचार,
यहै भौ विकार यह विवहार वासना।। ५।।

**શબ્દાર્થઃ-** નિહારત = જોવાથી. ઉપાસના = સેવા. પસાર = વિસ્તાર. મિથ્યાચાર = નિજસ્વભાવથી વિપરીત આચરણ. ભૌ = જન્મ-મરણ-રૂપ સંસાર. વ્યવહાર = કોઈ નિમિત્તના વશે એક પદાર્થને બીજા પદાર્થરૂપ જાણનાર જ્ઞાનને વ્યવહારનય કહે છે, જેમ કે-માટીના ઘડાને ઘીના નિમિત્તે ઘીનો ઘડો કહેવો.

**અર્થઃ-** નિશ્ચયનયથી જુઓ તો આ આત્માનો નિજસ્વભાવ પરમ પ્રકાશરૂપ છે અને જેમાં લોકાલોકના છએ દ્રવ્યોના ભૂત, ભવિષ્ય, વર્તમાનના ત્રિકાળવર્તી અનંત ગુણ-પર્યાયો પ્રતિભાસિત થાય છે. તે જ જીવ સંસારી દશામાં મિથ્યાત્વની સેવા કરવાથી કર્મનો કર્તા દેખાય છે, આ મિથ્યાત્વની સેવા મોહનો વિસ્તાર છે, મિથ્યાચરણ છે, જન્મ-મરણરૂપ સંસારનો વિકાર છે, વ્યવહારના વિષયભૂત આત્માનો અશુદ્ધ સ્વભાવ છે. ૫.

**જેમ જીવ કર્મનો અકર્તા છે તેમ અભોક્તા પણ છે ( ચોપાઈ )**

यथा जीव करता न कहावै।
तथा भोगता नाम न पावै।

---

अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः
स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगभवनः।
तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः
स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः।। ३।।

है भोगी मिथ्यामति मांही।
गयैं मिथ्यात भोगता नांही।। ६।।

**અર્થઃ-** જેવી રીતે જીવ કર્મનો કર્તા નથી તેવી જ રીતે ભોક્તા પણ નથી, મિથ્યાત્વના ઉદયમાં કર્મનો ભોક્તા છે, મિથ્યાત્વના અભાવમાં ભોક્તા નથી. ૬.

**અજ્ઞાની જીવ વિષયનો ભોક્તા છે જ્ઞાની નથી, ( સવૈયા એકત્રીસા )**

जगवासी अग्यानी त्रिकाल परजाइ बुद्धी,
सो तौ विषै भोगनिकौ भोगता कहायौ है।
समकिती जीव जोग भोगसौं उदासी तातैं,
सहज अभोगता गरंथनिमैं गायौ है।।
याही भांति वस्तुकी व्यवस्था अवधारि बुध,
परभाउ त्यागि अपनौ सुभाउ आयौ है।
निरविकलप निरुपाधि आतम अराधि,
साधि जोग जुगति समाधिमैं समायौ है।। ७।।

**શબ્દાર્થઃ-** જગવાસી = સંસારી, વિષૈ ( વિષય ) = પાંચ ઇન્દ્રિય અને મનના ભોગ. ગરંથનિમૈં = શાસ્ત્રોમાં. અવધારિ = નિર્ણય કરીને. બુધ = જ્ઞાની. જોગ જુગતિ = યોગ નિગ્રહનો ઉપાય.

**અર્થઃ-** શાસ્ત્રોમાં મનુષ્ય આદિ પર્યાયોમાં હંમેશાં અહંબુદ્ધિ રાખનાર અજ્ઞાની સંસારી જીવને પોતાના સ્વરૂપનો જ્ઞાતા ન હોવાથી વિષયભોગોનો ભોક્તા કહ્યો છે અને જ્ઞાની સમ્યગ્દષ્ટિ જીવને ભોગોથી વિરક્તભાવ રાખવાને કારણે વિષય ભોગવવા છતાં પણ અભોક્તા કહ્યો છે. જ્ઞાનીઓ આ રીતે વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને વિભાવભાવ છોડી સ્વભાવનું ગ્રહણ કરે છે, અને વિકલ્પ તથા ઉપાધિ રહિત

---

भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः।
अज्ञानादेव भोक्ताऽयं तदभावादवेदकः।। ४।।

આત્માની આરાધના અથવા યોગ-નિગ્રહ માર્ગનું ગ્રહણ કરીને નિજ-સ્વરૂપમાં લીન થાય છે.૭.

**જ્ઞાની કર્મના કર્તા-ભોક્તા નથી એનું કારણ. ( સવૈયા એકત્રીસા )**

चिनमुद्राधारी ध्रुव धर्म अधिकारी गुन,
रतन भंडारी अपहारी कर्म रोगकौ।
प्यारौ पंडितनकौ हुस्यारौ मोख मारगमैं,
न्यारौ पुदगलसौं उज्यारौ उपयोगकौ।
जानै निज पर तत्त रहै जगमैं विरत्त,
गहै न ममत्त मन वच काय जोगकौ।
ता कारन ग्यानी ग्यानावरनादि करमकौ,
करता न होइ भोगता न होई भोगकौ।। ८।।

**શબ્દાર્થઃ-** ચિન્મુદ્રા = ચૈતન્ય, ચિહ્ન. ધ્રુવ = નિત્ય. અપહારી કર્મરોગકૌં = કર્મરૂપી રોગનો નાશ કરનાર. હુસ્યારૌ ( હોશ્યાર ) = પ્રવીણ. ઉજ્યારૌ = પ્રકાશ. ઉપયોગ = જ્ઞાનદર્શન. તત્ત ( તત્ત્વ ) = નિજસ્વરૂપ. વિરત ( વિરક્ત ) = વૈરાગી. મમત્ત ( મમત્વ ) = પોતાપણું.

**અર્થઃ-** ચૈતન્ય-ચિહ્નનો ધારક, પોતાના નિત્ય સ્વભાવનો સ્વામી, જ્ઞાન આદિ ગુણરૂપ રત્નોનો ભંડાર, કર્મરૂપ રોગોનો નાશ કરનાર, જ્ઞાનીઓને પ્રિય, મોક્ષમાર્ગમાં કુશળ, શરીર આદિ પુદ્‌ગલોથી ભિન્ન, જ્ઞાનદર્શનનો પ્રકાશક, નિજ-પર તત્ત્વનો જ્ઞાતા, સંસારથી વિરક્ત, મન-વચન-કાયાના યોગોના મમત્વ રહિત હોવાને કારણે જ્ઞાની જીવ જ્ઞાનાવરણાદિ કર્મોનો કર્તા અને ભોગોનો ભોક્તા થતો નથી. ૮.

---

अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको
ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः।
इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां
शुद्धैकात्ममये महस्यचलितैरासैव्यतां ज्ञानिता।। ५।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(દોહા)

निरभिलाष करनी करै, भोग अरुचि घट मांहि।
तातैं साधक सिद्धसम, करता भुगता नांहि।। ९।।

**શબ્દાર્થઃ-** નિરભિલાષ = ઇચ્છા રહિત. અરુચિ = અનુરાગનો અભાવ. સાધક = મોક્ષનો સાધક સમ્યગ્દષ્ટિ જીવ. ભુગતા (ભોક્તા) = ભોગવનાર.

**અર્થઃ-** સમ્યગ્દષ્ટિ જીવ ઇચ્છા રહિત ક્રિયા કરે છે અને અંતરંગ ભોગોથી વિરક્ત રહે છે, તેથી તેઓ સિદ્ધ ભગવાન સમાન માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે, કર્તા-ભોક્તા નથી. ૯.

**અજ્ઞાની જીવ કર્મનો કર્તા-ભોક્તા છે એનું કારણ. (કવિત્ત)**

ज्यौं हिय अंध विकल मिथ्यात धर,
मृषा सकल विकलप उपजावत।
गहि एकंत पक्ष आतमकौ,
करता मानि अधोमुख धावत।।
त्यौं जिनमती दरबचारित्री,
कर करनी करतार कहावत।
वंछित मुकति तथापि मूढ़मति,
विन समकित भव पार न पावत।। १०।।

**અર્થઃ-** હૃદયનો અંધ અજ્ઞાની જીવ મિથ્યાત્વથી વ્યાકુળ થઈને મનમાં અનેક પ્રકારના જૂઠા વિકલ્પો ઉત્પન્ન કરે છે અને એકાંત પક્ષનું ગ્રહણ કરીને આત્માને

---

ज्ञानी करोति न न वेदयते च कर्म
जानाति केवलमयं किल तत्स्वभावम्।
जानन्परं करणवेदनयोरभावा-
च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव।। ६।।
ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।
सामान्यजनवत्तेषां न मोक्षोऽपि मुमुक्षताम्।। ७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્મનો કર્તા માની નીચ ગતિનો પંથ પકડે છે. તે વ્યવહાર સમ્યક્ત્વી ભાવચારિત્ર વિના બાહ્ય ચારિત્રનો સ્વીકાર કરીને શુભ ક્રિયાથી કર્મનો કર્તા કહેવાય છે. તે મૂર્ખ મોક્ષ તો ચાહે છે પરંતુ નિશ્ચય સમ્યક્ત્વ વિના સંસાર-સમુદ્રને તરી શકતો નથી. ૧૦.

**વાસ્તવમાં જીવ કર્મનો અકર્તા છે એનું કારણ.**
**( ચોપાઈ )**

चेतन अंक जीव लखि लीन्हा।
पुदगल कर्म अचेतन चीन्हा।।
बासी एक खेतके दोऊ।
जदपि तथापि मिलैं नहिं कोऊ।। ११।।

**અર્થઃ-** જીવનું ચૈતન્યચિહ્ન જાણી લીધું અને પુદ્‌ગલ કર્મને અચેતન ઓળખી લીધું. જો કે એ બન્ને એકક્ષેત્રાવગાહી છે તો પણ એકબીજાને મળતા નથી.

**વળી-( દોહરા )**

निज निज भाव क्रियासहित, व्यापक व्यापि न कोइ।
कर्त्ता पुदगल करमकौ, जीव कहांसौं होइ।। १२।।

**શબ્દાર્થઃ-** વ્યાપક = જે વ્યાપે, પ્રવેશ કરે. વ્યાપિ = જેમાં વ્યાપે, જેમાં પ્રવેશ કરે.

**અર્થઃ-** બન્ને દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયમાં રહે છે, કોઈ કોઈનું વ્યાપ્ય-વ્યાપક નથી, અર્થાત્ જીવમાં ન તો પુદ્‌ગલનો પ્રવેશ થાય છે અને ન પુદ્‌ગલમાં જીવનો પ્રવેશ થાય છે. તેથી જીવ પદાર્થ પૌદ્‌ગલિક કર્મોનો કર્તા કેવી રીતે હોઈ શકે? ૧૨.

---

नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।
कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः।। ८।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા અને જ્ઞાનમાં અકર્તા છે. ( સવૈયા એકત્રીસા )**

जीव अरु पुदगल करम रहैं एक खेत,
जदपि तथापि सत्ता न्यारी न्यारी कही है।
लक्षन स्वरूप गुन परजै प्रकृति भेद,
दुहूंमै अनादिहीकी दुविधा ह्वै रही है।।
एतेपर भिन्नता न भासै जीव करमकी,
जौलौं मिथ्याभाव तौलौं ओंधि बाउ बही है।
ग्यानकै उदोत होत ऐसी सूधी द्रिष्टि भई,
जीव कर्म पिंडकौ अकरतार सही है।। १३।।

**શબ્દાર્થઃ-** સત્તા = અસ્તિત્વ. દુવિધા = ભેદભાવ. ઓંધિ = ઉલટી. સૂધી દ્રિષ્ટિ = સાચી શ્રદ્ધા. સહી = ખરેખર.

**અર્થઃ-** જો કે જીવ અને પૌદ્‌ગલિક કર્મ એકક્ષેત્રાવગાહ સ્થિત છે તોપણ બન્નેની સત્તા જુદી જુદી છે. તેમના લક્ષણ, સ્વરૂપ, ગુણ, પર્યાય, સ્વભાવમાં અનાદિનો જ ભેદ છે. આટલું હોવા છતાં પણ જ્યાં સુધી મિથ્યાભાવનો ઉલટો વિચાર ચાલે છે ત્યાં સુધી જીવ-પુદ્‌ગલની ભિન્નતા ભાસતી નથી, તેથી અજ્ઞાની જીવ પોતાને કર્મનો કર્તા માને છે, પણ જ્ઞાનનો ઉદય થતાં જ એવું સત્ય શ્રદ્ધાન થયું કે ખરેખર જીવ કર્મનો કર્તા નથી.

**વિશેષઃ-** જીવનું લક્ષણ ઉપયોગ છે, પુદ્‌ગલનું લક્ષણ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે. જીવ અમૂર્તિક છે, પુદ્‌ગલ મૂર્તિક છે. જીવના ગુણ દર્શન, જ્ઞાન, સુખ આદિ છે, પુદ્‌ગલના ગુણ, સ્પર્શ, રસ, ગંધ વર્ણ આદિ છે. જીવની પર્યાયો નર-નારક આદિ છે, પુદ્‌ગલની પર્યાયો ઇંટ, પત્થર, પૃથ્વી આદિ છે. જીવ અબંધ અને અખંડ દ્રવ્ય છે, પુદ્‌ગલમાં સ્નિગ્ધ-રુક્ષપણું છે. તેથી તેના પરમાણુ મળે છે અને છૂટા પડે છે. ભાવ એ છે કે બન્નેના દ્રવ્ય,

---

एकस्य वस्तुन इहान्यतरेण सार्धं
सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।
तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे
पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्।। १।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષેત્ર, કાળ, અને ભાવના ચતુષ્ટય જુદા જુદા છે અને જુદી જુદી સત્તા છે. બન્નેય પોતાના જ ગુણ-પર્યાયોના કર્તા-ભોક્તા છે, કોઈ કોઈ બીજાના કર્તા-ભોક્તા નથી. ૧૩.

**વળી-( દોહરા )**

एक वस्तु जैसी जु है, तासौं मिलै न आन।
जीव अकरता करमकौ, यह अनुभौ परवांन।। १४।।

**અર્થ**:- જે પદાર્થ જેવો છે તે તેવો જ છે, તેમાં અન્ય પદાર્થ મળી શકતો નથી, તેથી જીવ કર્મનો અકર્તા છે, એ વિજ્ઞાનથી સર્વથા સત્ય છે. ૧૪.

**અજ્ઞાની જીવ-અશુભ ભાવોનો કર્તા હોવાથી ભાવકર્મનો કર્તા છે. ( ચોપાઈ )**

❈ जो दुरमती विकल अग्यानी।
जिन्हि सु रीति पर रीति न जानी।।
माया मगन भरमके भरता।
ते जिय भाव करमके करता।। १५।।

**અર્થ**:- જે દુર્બુદ્ધિથી વ્યાકુળ અને અજ્ઞાની છે તેઓ નિજ-પરિણતિ અને પર-પરિણતિને જાણતા નથી, માયામાં મગ્ન છે અને ભ્રમમાં ભૂલેલા છે તેથી તેઓ ભાવકર્મના કર્તા છે. ૧૫.

जे मिथ्यामति तिमिरसौं, लखै न जीव अजीव।
तेई भावित करमके, करता होंहि सदीव।। १६।।
जे असुद्ध परनति धरैं, करैं अहं परवांन।
ते असुद्ध परिनामके, करता होंहिं अजान।। १७।।

**અર્થ**:- જે મિથ્યાજ્ઞાનના અંધકારથી જીવ-અજીવને જાણતા નથી તેઓ જ

---

❈ ये तु स्वभावनियमं कलयन्ति नेम-
मज्ञानमग्नमहसो बत ते वराकाः।
कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-
कर्ता स्वयं भवति चेतन एव नान्यः।। १०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હંમેશાં ભાવકર્મના કર્તા છે. ૧૬. જેઓ વિભાવપરિણતિને કારણે પરપદાર્થોમાં અહંબુદ્ધિ કરે છે તે અજ્ઞાની અશુદ્ધ ભાવોના કર્તા હોવાથી ભાવકર્મોના કર્તા છે. ૧૭.

**આ વિષયમાં શિષ્યનો પ્રશ્ન ( દોહરા )**

शिष्य कहै प्रभु तुम कह्यौ, दुबिधि करमकौ रूप।
दरब कर्म पुदगल मई, भावकर्म चिद्रूप।। १८।।
करता दरवित करमकौ, जीव न होइ त्रिकाल।
अब यह भावित करम तुम, कहौ कौनकी चाल।। १९।।
करता याकौ कौन है, कौन करै फल भोग।
कै पुदगल कै आतमा, कै दुहुंकौ संजोग?।। २०।।

**અર્થઃ-** શિષ્ય પ્રશ્ન કરે છે કે હે સ્વામી! આપે કહ્યું કે કર્મનું સ્વરૂપ બે પ્રકારનું છે, એક પુદ્‌ગલમય દ્રવ્યકર્મ છે અને બીજું ચૈતન્યના વિકારરૂપ ભાવકર્મ છે. ૧૮. આપે એમ પણ કહ્યું કે જીવ, દ્રવ્યકર્મોનો કર્તા કદી ત્રણ કાળમાં પણ થઈ શકતો નથી, તો હવે આપ કહો કે ભાવકર્મ કોની પરિણતિ છે? ૧૯. આ ભાવકર્મોનો કર્તા કોણ છે? અને તેમના ફળનો ભોક્તા કોણ છે? ભાવકર્મોનો કર્તા-ભોક્તા પુદ્‌ગલ છે અથવા જીવ છે અથવા બન્નેના સંયોગથી કર્તા-ભોક્તા છે? ૨૦.

**આ વિષયમાં શ્રીગુરુ સમાધાન કરે છે. ( દોહરા )**

क्रिया एक करता जुगल, यौं न जिनागम मांहि।
अथवा करनी औरकी, और करै यौं नांहि।। २१।।
करै और फल भोगवै, और बनै नहि एम।
जो करता सो भोगता, यहै जथावत जेम।। २२।।

---

कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-
रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषंगात्कृतिः।
नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो
जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः।। ११।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावकरम करतंव्यता, स्वयंसिद्ध नहि होइ।
जो जगकी करनी करै, जगवासी जिय सोइ।। २३।।
जिय करता जिय भोगता, भावकरम जियचाल।
पुदगल करै न भोगवै, दुविधा मिथ्याजाल।। २४।।
तातैं भावित करमकौं, करै मिथ्याती जीव।
सुख दुख आपद संपदा, भुंजै सहज सदीव।। २५।।

**શબ્દાર્થઃ-** જુગલ (યુગલ) = બે. જિનાગમ (જિન+આગમ) = જિનરાજનો ઉપદેશ. જથાવત = વાસ્તવમાં. કર્તવ્યતા = કાર્ય. સ્વયંસિદ્ધ = પોતાની મેળે. જગવાસી જિય = સંસારી જીવ. જિય ચાલ = જીવની પરિણતિ. દુવિધા = બન્ને તરફ ઝુકાવ હોવો. આપદ = ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, સંપદા = અનિષ્ટ વિયોગ, ઇષ્ટ સંયોગ. ભુંજૈ = ભોગવે.

**અર્થઃ-** ક્રિયા એક અને કર્તા બે એવું કથન જિનરાજના આગમમાં નથી, અથવા કોઈની ક્રિયા કોઈ કરે, એમ પણ બની શકતું નથી. ૨૧. ક્રિયા કોઈ કરે અને ફળ કોઈ ભોગવે એવું જિન-વચનમાં નથી કેમકે જે કર્તા હોય છે, તે જ વાસ્તવમાં ભોક્તા હોય છે. ૨૨. ભાવકર્મનો ઉત્પાદ પોતાની મેળે થતો નથી, જે સંસારની ક્રિયા-હલન, ચલન, ચતુર્ગતિ ભ્રમણ આદિ કરે છે, તે જ સંસારી જીવ ભાવકર્મનો કર્તા છે. ૨૩. ભાવકર્મોનો કર્તા જીવ છે, ભાવકર્મોનો ભોક્તા જીવ છે, ભાવકર્મ જીવની વિભાવપરિણતિ છે. એનો કર્તા-ભોક્તા પુદ્ગલ નથી. પુદ્ગલ તથા જીવ બન્નેને (કર્તા-ભોક્તા) માનવા તે મિથ્યા જંજાળ છે. ૨૪. તેથી સ્પષ્ટ છે કે ભાવકર્મોનો કર્તા મિથ્યાત્વી જીવ છે અને તે જ તેના ફળ સુખ-દુઃખ અથવા સંયોગ-વિયોગને સદા ભોગવે છે. ૨૫.

**કર્મના કર્તા-ભોક્તા બાબતમાં એકાંત પક્ષ ઉપર વિચાર. (સવૈયા એકત્રીસા)**

केई मूढ़ विकल एकंत पच्छ गहैं कहैं,
आतमा अकरतार पूरन परम है।

---

कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां
कर्तात्मैष कथंचिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता।
तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये
स्याद्वादप्रतिबन्धलब्धविजया वस्तुस्थितिः स्तूयते।। १२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

तिन्हिसौं जु कोऊ कहै जीव करता है तासौं,
फेरि कहैं करमकौ करता करम है।।
ऐसै मिथ्यामगन मिथ्यातो ब्रह्मघाती जीव,
जिन्हिकैं हिए अनादि मोहकौ भरम है।
तिन्हिकौं मिथ्यात दूर करिबैकौं कहैं गुरु,
स्यादवाद परवांन आतम धरम है।। २६।।

**શબ્દાર્થઃ-** વિકલ = દુઃખી, એકાંત પક્ષ = પદાર્થના એક ધર્મને તેનું સ્વરૂપ માનવાની હઠ. બ્રહ્મઘાતી = પોતાના જીવનું અહિત કરનાર.

**અર્થઃ-** અજ્ઞાનથી દુઃખી અનેક એકાંતવાદી કહે છે કે આત્મા કર્મનો કર્તા નથી, તે પૂર્ણ પરમાત્મા છે. અને તેમને કોઈ કહે કે કર્મોનો કર્તા જીવ છે, તો તે એકાંતપક્ષી[1] કહે છે કે કર્મનો કર્તા કર્મ જ છે. આવા મિથ્યાત્વમાં લાગેલા મિથ્યાત્વી જીવો આત્માના ઘાતક છે, તેમના હૃદયમાં અનાદિકાળથી મોહકર્મજનિત ભૂલ ભરેલી છે. તેમનું મિથ્યાત્વ દૂર કરવાને માટે શ્રીગુરુએ સ્યાદ્વાદરૂપ આત્માના સ્વરૂપનું વર્ણન કર્યું છે. ૨૬.

**સ્યાદ્વાદમાં આત્માનું સ્વરૂપ. (દોહરા)**

चेतन करता भोगता, मिथ्या मगन अजान।
नहि करता नहि भोगता, निहचै सम्यकवान।। २७।।

**અર્થઃ-** મિથ્યાત્વમાં લાગેલો અજ્ઞાની જીવ કર્મનો કર્તા-ભોક્તા છે, નિશ્ચયનું અવલંબન લેનાર સમ્યગ્દષ્ટિ કર્મનો ન કર્તા છે, ન ભોક્તા છે. ૨૭.

**આ વિષયના એકાંતપક્ષનું ખંડન કરનાર સ્યાદ્વાદનો ઉપદેશ (સવૈયા એકત્રીસા)**

❈ जैसैं सांख्यमती कहैं अलख अकरता है,
सर्वथा प्रकार करता न होइ कबहीं।

---

૧. સાંખ્યમતી ઇત્યાદિ.

❈ माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः
कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।
ऊर्ध्वं तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयम्
पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्।। १३।।

तैसैं जिनमती गुरुमुख एक पक्ष सुनि,
याहि भांति मानै सौ एकंत तजौ अबहीं।।
जौलौं दुरमती तौलौं करमकौ करता है,
सुमती सदा अकरतार कह्यौ सबहीं।
जाकै घटि ग्यायक सुभाउ जग्यौ जबहीसौं,
सो तौ जगजालसौं निरालौ भयौ तबहीं।। २८।।

**શબ્દાર્થ**:- જિનમતી = જિનરાજ કથિત સ્યાદ્વાદ વિદ્યાના જ્ઞાતા.

**અર્થ**:- જેવી રીતે સાંખ્યમતી કહે છે કે આત્મા અકર્તા છે, કોઈ પણ હાલતમાં કદી કર્તા થઈ શકતો નથી. જૈનમતી પણ પોતાના ગુરુના મુખે એક નયનું કથન સાંભળીને આ જ રીતે માને છે, પણ આ એકાંતવાદને અત્યારે જ છોડી દ્યો, સત્યાર્થ વાત એ છે કે જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે, સમ્યગ્જ્ઞાનની સર્વ હાલતોમાં સદૈવ અકર્તા કહ્યો છે. જેના હૃદયમાં જ્યારથી જ્ઞાયકસ્વભાવ પ્રગટ થયો છે તે ત્યારથી જગતની જંજાળથી નિરાળો થયો છે-અર્થાત્ મોક્ષ સન્મુખ થયો છે. ૨૮.

**આ વિષયમાં બૌદ્ધમત વાળાઓનો વિચાર ( દોહરા )**

बौध छिनकवादी कहै, छिनभंगुर तन मांहि।
प्रथम समय जो जीव है, दुतिय समय सो नांहि।। २९।।
तातैं मेरे मतविषैं, करै करम जो कोइ।
सो न भोगवै सरवथा, और भोगता होइ।। ३०।।

**અર્થ**:- ક્ષણિકવાદી બૌદ્ધમતવાળા કહે છે કે જીવ શરીરમાં ક્ષણભર રહે છે,

---

क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं
निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम्
अपहरति विमोहं तस्य नित्यामृतौघैः
स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव।। १४।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સદૈવ રહેતો નથી. પ્રથમ સમયે જે જીવ છે તે બીજા સમયે[૧] રહેતો નથી. ૨૯. તેથી મારા વિચાર પ્રમાણે જે કર્મ કરે છે તે કોઈ હાલતમાં પણ ભોક્તા થઈ શકતો નથી, ભોગવનાર બીજો જ હોય છે. ૩૦.

**બૌદ્ધમતવાળાઓનો એકાંત વિચાર દૂર કરવા માટે દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે. ( દોહરા )**

यह एकंत मिथ्यात पख, दूर करनकै काज।
चिद्विलास अविचल कथा, भाषै श्री जिनराज।। ३१।।

बालापन काहू पुरुष, देख्यौ पुर एक कोइ।
तरुन भए फिरिकैं लख्यौ, कहै नगर यह सोइ।। ३२।।

जो दुहु पनमें एक थौ तौ तिनि सुमिरन कीय।
और पुरुषकौ अनुभव्यौ, और न जानैं जीय।। ३३।।

जब यह वचन प्रगट सुन्यौ, सुन्यौ जैनमत सुद्ध।
तब इकंतवादी पुरुष, जैन भयौ प्रतिबुद्ध।। ३४।।

**અર્થ:-** આ એકાંતવાદનો મિથ્યાપક્ષ દુર કરવા માટે શ્રીમદ્ જિનેન્દ્રદેવ આત્માના નિત્ય સ્વરૂપનું કથન કરતાં કહે છે. ૩૧. કે કોઈ માણસે બાળપણમાં કોઈ શહેર જોયું અને પછી કેટલાક દિવસો પછી યુવાન અવસ્થામાં તે જ શહેર જોયું તો કહે છે કે આ તે જ શહેર છે જે પહેલાં જોયું હતું. ૩૨. બન્ને અવસ્થાઓમાં તે એક જ જીવ હતો તેથી તો એણે યાદ કર્યું, કોઈ બીજા જીવનું જાણેલું તે જાણી શકતો નહોતો. ૩૩. જ્યારે આ જાતનું સ્પષ્ટ કથન સાંભળ્યું અને સાચો જૈનમતનો ઉપદેશ મળ્યો ત્યારે તે એકાંતવાદી મનુષ્ય જ્ઞાની થયો અને તેણે જૈનમત અંગીકાર કર્યો. ૩૪.

---

૧. એક સેકન્ડમાં અસંખ્ય સમય હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**બૌદ્ધો પણ જીવ દ્રવ્યને ક્ષણભંગુર કેવી રીતે માની બેઠા એનું કારણ બતાવે છે.**
**( સવૈયા એકત્રીસા )**

एक परजाइ एक समैमैं विनसि जाइ,
दूजी परजाइ दूजै समै उपजति है।
ताकौ छल पकरिकैं बौध कहै समै समै,
नवौ जीव उपजै पुरातनकी छति है।।
तातै मानै करमकौ करता है और जीव,
भोगता है और वाकै हिए ऐसी मति है।
परजौ प्रवांनकौं सरवथा दरब जानैं,
ऐसे दुरबुद्धिकौं अवसि दुरगति है।। ३५।।

**શબ્દાર્થઃ-** પરજાઈ = અવસ્થા. પુરાતન = પ્રાચીન. છતિ (ક્ષતિ) = નાશ. મતિ = સમજણ. પરજૌ પ્રવાંન = અવસ્થાઓ પ્રમાણે. દુરબુદ્ધિ = મૂર્ખ.

**અર્થઃ-** જીવની એક પર્યાય એક સમયમાં નાશ પામે છે અને બીજા સમયે બીજી પર્યાય ઉપજે છે એવો જૈનમતનો સિદ્ધાંત પણ છે તેથી તે જ વાત પકડીને બૌદ્ધમત કહે છે કે ક્ષણે ક્ષણે નવો જીવ ઉપજે છે અને જૂનો નાશ પામે છે. તેથી તેઓ માને છે કે કર્મનો કર્તા બીજો જીવ છે અને ભોક્તા બીજો જ છે. એમના મનમાં આવી ઉલટી સમજણ બેસી ગઈ છે. શ્રી ગુરુ કહે છે કે જે પર્યાય પ્રમાણે જ દ્રવ્યને સર્વથા અનિત્ય માને છે એવા મૂર્ખની અવશ્ય કુગતિ થાય છે.

**વિશેષઃ-** ક્ષણિકવાદી જાણે છે કે જે માંસ-ભક્ષણ આદિ અનાચારમાં વર્તનાર જીવ છે તે નષ્ટ થઈ જશે, અનાચારમાં વર્તનારને તો કાંઈ ભોગવવું જ નહિ પડે, તેથી મોજ કરે છે અને સ્વચ્છંદપણે વર્તે છે. પરંતુ કરેલું કર્મ ભોગવવું જ પડે છે. તેથી નિયમથી તેઓ પોતાના આત્માને કુગતિમાં નાખે છે. ૩૫.

---

वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमन्नाशकल्पनात्।
अन्यः करोति भुङ्क्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा।। १५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દુર્બુદ્ધિની દુર્ગતિ જ થાય છે. ( દોહરા )**

कहै अनातमकी कथा, चहै न आतम सुद्धि।
रहै अध्यातमसौं विमुख, दुराराधि दुरबुद्धि।। ३६।।
दुरबुद्धी मिथ्यामती, दुरगति मिथ्याचाल।
गहि एकंत दुरबुद्धिसौं, मुक्त न होइ त्रिकाल।। ३७।।

**શબ્દાર્થઃ-** અનાતમ = અજીવ. અધ્યાતમ = આત્મજ્ઞાન. વિમુખ = વિરુદ્ધ. દુરારાધિ = કોઈ પણ રીતે ન સમજનાર. દુરબુદ્ધિ = મૂર્ખ.

**અર્થઃ-** મૂર્ખ મનુષ્ય અનાત્માની ચર્ચા કર્યા કરે છે, આત્માનો અભાવ કહે છે–આત્મશુદ્ધિ ઇચ્છતો નથી. તે આત્મજ્ઞાનથી પરાઙ્મુખ રહે છે, બહુ પરિશ્રમપૂર્વક સમજાવવા છતાં પણ સમજતો નથી. ૩૬. મિથ્યાદષ્ટિ જીવ અજ્ઞાની છે અને તેની મિથ્યા પ્રવૃત્તિ દુર્ગતિનું કારણ છે, તે એકાંતપક્ષનું ગ્રહણ કરે છે અને એવી મૂર્ખાઈથી તે કદી પણ મુક્ત થઈ શકતો નથી. ૩૭.

**દુર્બુદ્ધિની ભૂલ પર દષ્ટાંત ( સવૈયા એકત્રીસા )**

कायासौं विचारै प्रीति मायाहीसौं हारि जीति,
लियै हठ रीति जैसैं हारिलकी लकरी।
चंगुलकै जोर जैसैं गोह गहि रहै भूमि,
त्यौंही पाइ गाड़ै पै न छाड़ै टेक पकरी।।
मोहकी मरोरसौं भरमकौ न छोर पावै,
धावै चहुं वौर ज्यौं बढ़ावै जाल मकरी।
ऐसी दुरबुद्धि भूली झूठकै झरोखे झूली,
फूली फिरै ममता जंजीरनिसौं जकरी।। ३८।।

**શબ્દાર્થઃ-** કાયા = શરીર. હઠ = દુરાગ્રહ. ગહિ રહૈ = પકડી રાખે. લકરી = લાઠી. ચંગુલ = પકડ. પાઈ ગાડૈ = દઢતાથી ઊભો રહે છે. ટેક = હઠ. ધાવૈ = ભટકે.

**અર્થઃ-** અજ્ઞાની જીવ શરીર ઉપર સ્નેહ કરે છે, ધન ઓછું થાય ત્યાં હાર અને ધન વધે તેમાં જીત માને છે. હઠીલો તો એટલો છે કે જેવી રીતે હરિયલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પક્ષી પોતાના પગથી લાકડી ખૂબ મજબૂત પકડે છે અથવા જેવી રીતે ઘો[1] જમીન અથવા દીવાલ પકડીને ચોંટી રહે છે, તેવી જ રીતે તે પોતાની કુટેવો છોડતો નથી. તેમાં જ અડગ રહે છે. મોહની લહેરોથી તેના ભ્રમનો છેડો મળતો નથી અર્થાત્ તેનું મિથ્યાત્વ અનંત હોય છે, તે ચાર ગતિમાં ભટકતો થકો કરોળિયાની જેમ જાળ વિસ્તારે છે. આવી રીતે તેની મૂર્ખાઈ અજ્ઞાનથી જૂઠા માર્ગમાં લ્હેરાય છે અને મમતાની સાંકળોથી જકડાયેલી વધી રહી છે. ૩૮.

**દુર્બુદ્ધિની પરિણતિ ( સવૈયા એકત્રીસા )**

बात सुनि चौंकि उठै बातहीसौं भौंकि उठै,
बातसौं नरम होइ बातहीसौं अकरी।
निंदा करै साधुकी प्रसंसा करै हिंसककी,
साता मानैं प्रभुता असाता मानैं फकरी।।
मोख न सुहाइ दोष देखै तहां पैठि जाइ,
कालसौं डराइ जैसैं नाहरसौं बकरी।
ऐसी दुरबद्धि भूली झूठकै झरोखे झूली,
फूली फिरै ममता जंजीरनिसौं जकरी।। ३९।।

**શબ્દાર્થ:-** ચૌંકિ ઉઠે = ઉગ્ર બની જાય. ભૌંકિ ઉઠે = કૂતરાની જેમ ભસવા લાગે. અકરી = અકડાઈ જાય. પ્રભુતા = મોટાઈ. ફકરી ( ફકીરી ) = ગરીબી. કાલ = મૃત્યુ. નાહર = વાઘ, સિંહ.

**અર્થ:-** અજ્ઞાની જીવ હિતાહિતનો વિચાર કરતો નથી, વાત સાંભળતાં જ તપી જાય છે, વાત જ સાંભળીને કૂતરાની જેમ ભસવા માંડે છે, મનને રુચે તેવી વાત સાંભળીને નરમ થઈ જાય છે અને અણગમતી વાત હોય તો અક્કડ બની જાય છે. મોક્ષમાર્ગી સાધુઓની નિંદા કરે છે, હિંસક અધર્મીઓની પ્રશંસા કરે છે, શાતાના ઉદયમાં પોતાને મહાન અને અશાતાના ઉદયમાં તુચ્છ ગણે છે.

---

૧. ઘો એક પ્રકારનું પ્રાણી છે. ચોર તેને પાસે રાખે છે, જ્યારે તેમને ઊંચે મકાનોમાં ઉપર ચડવું હોય ત્યારે તેઓ ઘોની કેડે દોરી બાંધી તેને ઉપર ફેંકે છે ત્યારે તે ઉપરની જમીન અથવા ભીંતને ખૂબ મજબૂત પકડી લે છે અને ચોર લટકતી દોરી પકડીને ઉપર ચઢી જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને મોક્ષ ગમતો નથી, કયાંય દુર્ગુણ દેખે તો તેને તરત જ અંગીકાર કરી લે છે. શરીરમાં અહંબુદ્ધિ હોવાના કારણે મોતથી તો એવો ડરે છે જેમ વાઘથી બકરી ડરે છે, આ રીતે તેની મૂર્ખાઈ અજ્ઞાનથી જૂઠા માર્ગમાં ઝૂલી રહી છે અને મમતાની સાંકળોથી જકડાયેલી વધી રહી છે.૩૯.

**અનેકાંતનો મહિમા ( કવિત્ત )**

केई कहैं जीव क्षनभंगुर,
केई कहैं करम करतार।
केई करमरहित नित जंपहिं,
नय अनंत नानापरकार।।
जे एकांत गहैं ते मूरख,
पंडित अनेकांत पख धार।
जैसैं भिन्न भिन्न मुक्ताहल,
गुनसौं गहत कहावै हार।। ४०।।

**શબ્દાર્થઃ-** ક્ષનભંગુર = અનિત્ય. જંપહિં = કહે છે. એકાંત = એક જ નય. અનેકાંત = અપેક્ષિત અનેક નય. પખ ધાર = પક્ષ ગ્રહણ કરવો. મુક્તાહલ ( મુક્તાફલ ) = મોતી. ગુન = દોરો.

**અર્થઃ-** બૌદ્ધમતી જીવને અનિત્ય જ કહે છે, મીમાંસક મતવાળા જીવને કર્મનો કર્તા જ કહે છે. સાંખ્યમતી જીવને કર્મરહિત જ કહે છે, આવા અનેક મતવાળા એક એક ધર્મ ગ્રહણ કરીને અનેક પ્રકારના કહે છે, પણ જે એકાંતનું ગ્રહણ કરે છે તે મૂર્ખ છે, વિદ્વાનો અનેકાંતનો સ્વીકાર કરે છે. જેવી રીતે મોતી જુદા જુદા હોય છે, પણ દોરામાં ગુંથવાથી હાર બની જાય છે. તેવી જ રીતે અનેકાંતથી

---

आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः
कालोपाधिबलादशुद्धिमधिकांतत्रापि मत्वा परैः।
चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतैः
आत्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः।। १६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પદાર્થની સિદ્ધિ થાય છે અને જેવી રીતે જુદા જુદા મોતી હારનું કામ આપતા નથી તેવી જ રીતે એક નયથી પદાર્થનું સ્વરૂપ સ્પષ્ટ થતું નથી, બલ્કે વિપરીત થઈ જાય છે. ૪૦.

**વળી-( દોહરા )**

**यथा सूत संग्रह बिना, मुक्त माल नहि होइ।**
**तथा स्यादवादी बिना, मोख न साधै कोइ।। ४१।।**

**શબ્દાર્થઃ-** સંગ્રહ = એકઠા. મુક્ત માલ = મોતીની માળા.

**અર્થઃ-** જેવી રીતે સૂતરમાં પરોવ્યા વિના મોતીઓની માળા બનતી નથી તેવી જ રીતે સ્યાદ્વાદી વિના કોઈ મોક્ષમાર્ગ સાધી શકતું નથી. ૪૧.

**વળી-( દોહરા )**

**पद सुभाव पूरब उदै, निहचै उद्यम काल।**
**पच्छपात मिथ्यात पथ, सरवंगी सिव चाल।। ४२।।**

**શબ્દાર્થઃ-** પદ = પદાર્થ. સુભાવ (સ્વભાવ) = નિજધર્મ. ઉદ્યમ = પુરુષાર્થ. કાલ = સમય. પક્ષપાત = એક જ નયનું ગ્રહણ. સરવંગી = અનેક નયનું ગ્રહણ.

**અર્થઃ-** કોઈ પદાર્થના સ્વભાવને જ, કોઈ પૂર્વકર્મના ઉદયને જ, કોઈ માત્ર નિશ્ચયને, કોઈ પુરુષાર્થને અને કોઈ કાળને જ માને છે, પણ એક જ પક્ષની હઠ લેવી તે મિથ્યાત્વ છે અને અપેક્ષાથી સર્વનો સ્વીકાર કરવો તે સત્યાર્થ છે. ૪૨.

**ભાવાર્થઃ-** કોઈ કહે છે કે જે કાંઈ થાય છે, તે સ્વભાવથી જ અર્થાત્ પ્રકૃતિથી જ થાય છે, કોઈ કહે છે કે જે કાંઈ થાય છે તે પ્રારબ્ધથી થાય છે; કોઈ કહે છે કે એક બ્રહ્મ જ છે, ન કાંઈ ઉત્પન્ન થાય છે ન કાંઈ નષ્ટ થાય છે, કોઈ કહે છે કે પુરુષાર્થ જ મુખ્ય છે, કોઈ કહે છે કે જે કાંઈ કરે છે તે કાળ જ કરે છે; પરંતુ આ પાંચેમાંથી કોઈ એકને જ માનવું બાકીના ચારનો અભાવ કરવો એ એકાંત છે.

---

कर्तुर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा
कर्त्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम्।
प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या क्वचि-
च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः।। १७।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છ એ મતવાળાઓનો જીવપદાર્થ વિષે વિચાર ( સવૈયા એકત્રીસા )**

एक जीव वस्तुके अनेक गुन रूप नाम,
निजजोग सुद्ध परजोगसौं असुद्ध है।
वेदपाठी ब्रह्म कहैं मीमांसक कर्म कहैं,
सिवमती सिव कहैं बौद्ध कहैं बुद्ध है।।
जैनी कहैं जिन न्यायवादी करतार कहैं,
छहौं दरसनमें वचनकौ विरुद्ध है।
वस्तुकौ सुरूप पहिचानै सोई परवीन,
वचनकै भेद भेद मानै सोई मुद्ध है।। ४३।।

**શબ્દાર્થઃ-** નિજજોગ = નિજસ્વરૂપથી. પરજોગ = અન્ય પદાર્થના સંયોગથી. દરસન ( દર્શન ) = મત. વસ્તુકૌ સુરૂપ = પદાર્થનો નિજસ્વભાવ. પરવીન ( પ્રવીણ ) = પંડિત.

**અર્થઃ-** એક જીવ પદાર્થના અનેક ગુણ, અનેક રૂપ, અનેક નામ છે, તે પરપદાર્થના સંયોગ વિના અર્થાત્ નિજસ્વરૂપથી શુદ્ધ છે અને પરદ્રવ્યના સંયોગથી અશુદ્ધ છે. તેને વેદપાઠી અર્થાત્ વેદાંતી બ્રહ્મ કહે છે, મીમાંસક કર્મ કહે છે, શૈવ-વૈશેષિક મતવાળા શિવ કહે છે, બૌદ્ધ મતવાળા બુદ્ધ કહે છે, જૈનો જિન કહે છે, નૈયાયિક કર્તા કહે છે. આ રીતે છયે મતના કથનમાં વચનનો વિરોધ છે. પરંતુ જે પદાર્થનું નિજ-સ્વરૂપ જાણે છે તે જ પંડિત છે અને જે વચનના ભેદથી પદાર્થમાં ભેદ માને છે તે જ મૂર્ખ છે. ૪૩.

**પાંચે મતવાળા એકાંતી અને જૈનો સ્યાદ્વાદી છે. ( સવૈયા એકત્રીસા )**

वेदपाठी ब्रह्म मांनि निहचै सुरूप गहैं,
मीमांसक कर्म मांनि उदैमैं रहत है।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बौद्धमती बुद्ध मांनि सूच्छम सुभाव साधै,
शिवमती शिवरूप कालकौं कहत है।।
न्याय ग्रंथके पढ़ैया थापैं करतार रूप,
उद्दिम उदीरि उर आनंद लहत है।
पांचौं दरसनि तेतौ पोषैं एक एक अंग,
जैनी जिनपंथी सरवंगी नै गहत है।। ४४।।

**શબ્દાર્થઃ-** ઉદ્દિમ = ક્રિયા. આનંદ = હર્ષ. પૌષૈં = પુષ્ટ કરે. જિનપંથી = જૈન મતના ઉપાસક. સરવંગી નૈ = સર્વનય-સ્યાદ્વાદ.

**અર્થઃ-** વેદાંતી જીવને નિશ્ચયનયની દષ્ટિએ જોઈને તેને સર્વથા બ્રહ્મ કહે છે, મીમાંસક જીવના કર્મ-ઉદય તરફ દષ્ટિ આપીને તેને કર્મ કહે છે, બૌદ્ધમતી જીવને બુદ્ધ માને છે અને તેનો ક્ષણભંગુર સૂક્ષ્મ સ્વભાવ સિદ્ધ કરે છે. શૈવ જીવને શિવ માને છે અને શિવને કાળરૂપ કહે છે; નૈયાયિક જીવને ક્રિયાનો કર્તા જોઈને આનંદિત થાય છે અને તેને કર્તા માને છે. આ રીતે પાંચે મતવાળા જીવના એક એક ધર્મની પુષ્ટિ કરે છે, પરંતુ જૈનધર્મના અનુયાયી જૈનો સર્વ નયના વિષયભૂત આત્માને જાણે છે અર્થાત્ જૈનમત જીવને અપેક્ષાએ બ્રહ્મ પણ માને છે, કર્મરૂપ પણ માને છે, અનિત્ય પણ માને છે, શિવસ્વરૂપ પણ માને છે, કર્તા પણ માને છે, નિષ્કર્મ પણ માને છે, પણ એકાન્તરૂપે નહિ. જૈનમત સિવાય બધા મત મતવાળા છે, સર્વથા એક પક્ષના પક્ષપાતી હોવાથી તેમને સ્વરૂપની સમજણ નથી. ૪૪.

**પાંચે મતોના એક-એક અંગનું જૈનમત સમર્થન કરે છે. ( સવૈયા એકત્રીસા )**

निहचै अभेद अंग उदै गुनकी तरंग,
उद्दिमकी रीति लिए उद्धता सकति है।
परजाइ रूपकौ प्रवान सूच्छम सुभाव,
कालकीसी ढाल परिनाम चक्र गति है।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



याही भांति आतम दरबके अनेक अंग,
एक मानै एककौं न मानै सो कुमति है।
टेक डारि एकमैं अनेक खोजैं सो सुबुद्धि,
खोजी जीवै वादी भरे सांचि कहवति है।। ४५।।

**શબ્દાર્થઃ-** યાહી ભાંતિ = આ રીતે. કુમતિ = મિથ્યાજ્ઞાન. ખોજૈ = ગોતે. સુબુદ્ધિ = સમ્યગ્જ્ઞાન. ખોજી = ઉદ્યોગી.

**અર્થઃ-** જીવ પદાર્થના લક્ષણમાં ભેદ નથી, સર્વ જીવ સમાન છે, તેથી વેદાંતીનો માનેલો અદ્વૈતવાદ સત્ય છે. જીવના ઉદયમાં ગુણોના તરંગો ઉઠે છે, તેથી મીમાંસકનો માનેલો ઉદય પણ સત્ય છે. જીવમાં અનંત શક્તિ હોવાથી સ્વભાવમાં પ્રવર્તે છે, તેથી નૈયાયિકનું માનેલું, ઉદ્યમ અંગ પણ સત્ય છે. જીવની પર્યાયો ક્ષણે ક્ષણે બદલે છે, તેથી બૌદ્ધમતીનો માનેલો ક્ષણિકભાવ પણ સત્ય છે. જીવના પરિણામ કાળના ચક્રની જેમ ફરે છે અને તે પરિણામોના પરિણમનમાં કાળદ્રવ્ય સહાયક છે, તેથી શૈવોનો માનેલો કાળ પણ સત્ય છે. આ રીતે આત્મપદાર્થના અનેક અંગ છે. એકને માનવું અને એકને ન માનવું એ મિથ્યાજ્ઞાન છે અને દુરાગ્રહ છોડીને એકમાં અનેક ધર્મો ગોતવા એ સમ્યગ્જ્ઞાન છે. તેથી સંસારમાં જે કહેવત છે કે, 'ખોજી પાવે વાદી મરે' તે સત્ય છે. ૪૫.

**સ્યાદ્વાદનું વ્યાખ્યાન (સવૈયા એકત્રીસા)**

एकमैं अनेक है अनेकहीमैं एक है सो,
एक न अनेक कछु कह्यो न परतु है।
करता अकरता है भोगता अभोगता है,
उपजै न उपजत मूएं न मरतु है।।
बोलत विचारत न बोलै न विचारै कछू,
भेखकौ न भाजन पै भेखसौ धरतु है।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ऐसौ प्रभु चेतन अचेतनकी संगतिसौं,
उलट पलट नटबाजीसी करतु है।। ४६।।

**અર્થઃ-** જીવમાં અનેક પર્યાયો થાય છે તેથી એકમાં અનેક છે, અનેક પર્યાયો એક જ જીવદ્રવ્યની છે તેથી અનેકમાં એક છે, તેથી એક છે કે અનેક છે એમ કાંઈ કહી જ શકાતું નથી. એક પણ નથી, અનેક પણ નથી, અપેક્ષિત એક છે, અપેક્ષિત અનેક છે. તે વ્યવહારનયથી કર્તા છે નિશ્ચયથી અકર્તા છે, વ્યવહારનયથી કર્મોનો ભોક્તા છે, નિશ્ચયથી કર્મોનો અભોક્તા છે, વ્યવહારનયથી ઊપજે છે, નિશ્ચયનયથી ઊપજતો નથી-ઊપજતો નહોતો-અને ઊપજશે નહિ, વ્યવહારનયથી મરે છે નિશ્ચયનયથી અમર છે, વ્યવહારનયથી બોલે છે, વિચારે છે, નિશ્ચયનયથી ન બોલે છે, ન વિચારે છે, નિશ્ચયનયથી તેનું કોઈ રૂપ નથી, વ્યવહારનયથી અનેક રૂપોનો ધારક છે. એવો ચૈતન્યપરમેશ્વર પૌદ્‌ગલિક કર્મોની સંગતિથી ઉલટ-પલટ થઈ રહ્યો છે, જાણે નટ જેવો ખેલ ખેલી રહ્યો છે. ૪૬.

**નિર્વિકલ્પ ઉપયોગ જ અનુભવવા યોગ્ય છે. ( દોહરા )**

नटबाजी[१] विकलप दसा, नांही अनुभौ जोग।
केवल अनुभौ करनकौ, निरविकलप उपजोग।। ४७।।

**શબ્દાર્થઃ-** નટબાજી = નટનો ખેલ. જોગ = યોગ્ય.

**અર્થઃ-** જીવની નટની જેમ ઉલટી-સુલટી સવિકલ્પ અવસ્થા છે તે અનુભવવા યોગ્ય નથી. અનુભવ કરવા યોગ્ય તો તેની ફક્ત નિર્વિકલ્પ અવસ્થા જ છે. ૪૭.

**અનુભવમાં વિકલ્પ ત્યાગવાનું દૃષ્ટાંત ( સવૈયા એકત્રીસા )**

जैसैं काहू चतुर संवारी है मुक्त माल,
मालाकीं क्रियामैं नाना भांतिकौ विग्यान है।
क्रियाकौ विकलप न देखै पहिरनवारौ,
मोतिनकी सोभामैं मगन सुखवान है।।

---

૧. 'ઘટવાસી' એવો પણ પાઠ છે.

तैसैं न करै न भुंजै अथवा करै सो भुंजै,
और करै और भुंजै सब नय प्रवांन है।
जदपि तथापि विकलप विधि त्याग जोग,
निरविकलप अनुभौ अमृत पान है।। ४८।।

**શબ્દાર્થઃ-** સંવારી = સજાવી. મુક્ત માલ = મોતીઓની માળા. વિગ્યાન = ચતુરાઈ. મગન = મસ્ત. અમૃત પાન = અમૃત પીવું તે.

**અર્થઃ-** જેમ કોઈ ચતુર મનુષ્યે મોતીની માળા બનાવી, માળા બનાવવામાં અનેક પ્રકારની ચતુરાઈ કરવામાં આવી, પરંતુ પહેરનાર માળા બનાવવાની કારીગીરી ઉપર ધ્યાન દેતો નથી, મોતીની શોભામાં મસ્ત થઈને આનંદ માને છે; તેવી જ રીતે જોકે જીવ ન કર્તા છે, ન ભોક્તા છે, જે કર્તા છે તે જ ભોક્તા છે, કર્તા બીજો છે, ભોક્તા બીજો છે; આ બધા નય માન્ય છે તો પણ અનુભવમાં આ બધી વિકલ્પ-જાળ ત્યાગવા યોગ્ય છે, કેવળ નિર્વિકલ્પ અનુભવનું જ અમૃતપાન કરવાનું છે. ૪૮.

**કયા નયથી આત્મા કર્મોનો કર્તા છે અને કયા નયથી નથી. ( દોહરા )**

दरब करम करता अलख, यह विवहार कहाउ।
निहचै जो जैसौ दरब, तैसौ ताकौ भाउ।। ४९।।

**શબ્દાર્થઃ-** દરબ કરમ ( દ્રવ્યકર્મ ) = જ્ઞાનાવરણીય આદિ કર્મોની ધૂળ. અલખ = આત્મા. તાકૌ = તેનો. ભાઉ = સ્વભાવ.

**અર્થઃ-** દ્રવ્યકર્મનો કર્તા આત્મા છે એમ વ્યવહારનય કહે છે, પણ નિશ્ચયનયથી તો જે દ્રવ્ય જેવું છે તેનો તેવો જ સ્વભાવ હોય છે-અર્થાત્ અચેતન દ્રવ્ય અચેતનનો કર્તા છે અને ચેતનભાવનો કર્તા ચૈતન્ય છે. ૪૯.

---

व्यावहारिकदृशैव केवलं कर्तृ कर्म च विभिन्नमिष्यते।
निश्चयेन यदि वस्तु चिन्त्यते कर्तृ कर्म च सदैकमिष्यते।। १८।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાનનું જ્ઞેયાકારરૂપ પરિણમન હોય છે પણ તે જ્ઞેયરૂપ થઈ જતું નથી.**
**( સવૈયા એકત્રીસા )**

ग्यानकौ सहज ज्ञेयाकार रूप परिणवै,
यद्यपि तथापि ग्यान ग्यानरूप कह्यौ है।
ज्ञेय ज्ञेयरूप यौं अनादिहीकी मरजाद,
काहू वस्तु काहूकौ सुभाव नहि गह्यो है।।
एतेपर कोऊ मिथ्यामती कहै ज्ञेयाकार,
प्रतिभासनसौं ग्यान असुद्ध ह्वै रह्यौ है।
याही दुरबुद्धिसौं विकल भयौ डोलत है,
समुझै न धरम यौं भरम मांहि वह्यो है।। ५०।।

**શબ્દાર્થ**:- જ્ઞેયાકાર = જ્ઞેયના આકાર. જ્ઞેય = જાણવા યોગ્ય ઘટ-પટાદિ પદાર્થ. મરજાદ ( મર્યાદા ) = સીમા. પ્રતિભાસના = છાયા પડવી. ભરમ = ભ્રાન્તિ.

**અર્થ**:- જો કે જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયાકારરૂપ પરિણમન કરવાનો છે, તો પણ જ્ઞાન, જ્ઞાન જ રહે છે અને જ્ઞેય જ્ઞેય જ રહે છે. આ મર્યાદા અનાદિકાળથી ચાલી આવે છે, કોઈ કોઈના સ્વભાવનું ગ્રહણ કરતું નથી. અર્થાત્ જ્ઞાન જ્ઞેય થઈ જતું

---

ननु परिणाम एव किल कर्म विनिश्चयत:
स भवति नापरस्य परिणामिन एव भवेत्।
न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया
स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव तत:।।

આ શ્લોક કલકત્તાની છાપેલી પરમાધ્યાત્મતરંગિણીમાં છે. પરંતુ તેની સંસ્કૃત ટીકા પ્રકાશકને ઉપલબ્ધ થઈ નથી. કાશીના છપાયેલા પ્રથમ ગુચ્છમાં આ શ્લોક નથી. ઇડર ભંડારની પ્રાચીન હસ્તલિખિત પ્રતિમાં પણ આ શ્લોક નથી અને એની કવિતા ય નથી.

बहिर्लुठति यद्यपि स्फुटदनन्तशक्ति: स्वयं
तथाऽप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरं।
स्वभावनियतं यत: सकलमेव वस्त्विष्यते
स्वभावचलनाकुल: किमिह मोहित: क्लिश्यते।। १९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી અને જ્ઞેય જ્ઞાન થઈ જતું નથી. આમ છતાં કોઈ મિથ્યામતી-વૈશેષિક આદિ કહે છે કે જ્ઞેયાકાર પરિણમનથી જ્ઞાન અશુદ્ધ થઈ રહ્યું છે, તેથી તેઓ આ જ મૂર્ખાઈથી વ્યાકુળ થઈ ભટકે છે-વસ્તુસ્વભાવને ન સમજતાં ભ્રમમાં ભૂલેલા છે.

**વિશેષ**:- વૈશેષિકોનો એકાંત સિદ્ધાંત છે કે જગતના પદાર્થો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે, તેથી જ્ઞાન અશુદ્ધ થઈ જાય છે, જ્યાં સુધી અશુદ્ધતા નહિ મટે ત્યાં સુધી મુક્ત નહિ થાય. પરંતુ એમ નથી. જ્ઞાન સ્વચ્છ આરસી સમાન છે, તેના ઉપર પદાર્થોની છાયા પડે છે, તેથી વ્યવહારથી કહેવું પડે છે કે અમુક રંગનો પદાર્થ ઝળકવાથી કાચ અમુક રંગનો દેખાય છે, પણ વાસ્તવમાં છાયા પડવાથી કાચમાં કાંઈ પરિવર્તન થતું નથી, જેમનો તેમ બની રહે છે. ૫૦.

**જગતના પદાર્થ પરસ્પર અવ્યાપક છે ( ચોપાઈ )**

सकल वस्तु जगमैं असहाई।
वस्तु वस्तुसौं मिलै न काई।।
जीव वस्तु जानै जग जेती।
सोऊ भिन्न रहै सब सेती।। ५१।।

**શબ્દાર્થ**:- અસહાઈ = સ્વાધીન. જેતી = જેટલી.

**અર્થ**:- નિશ્ચયનયથી જગતમાં બધા પદાર્થો સ્વાધીન છે, કોઈ કોઈની અપેક્ષા રાખતા નથી અને ન કોઈ પદાર્થ કોઈ પદાર્થમાં મળે છે. જીવાત્મા, જગતના જેટલા પદાર્થો છે તેમને જાણે છે પણ તે બધા તેનાથી ભિન્ન રહે છે.

**ભાવાર્થ**:- વ્યવહારનયથી જગતના દ્રવ્યો એકબીજાને મળે છે, એકબીજામાં પ્રવેશ કરે છે અને એકબીજાને અવકાશ આપે છે પણ નિશ્ચયનયથી સર્વ નિજાશ્રિત છે, કોઈ કોઈને મળતું નથી. જીવના પૂર્ણ જ્ઞાનમાં તે બધા અને અપૂર્ણ જ્ઞાનમાં યથાસંભવ જગતના પદાર્થો પ્રતિભાસિત થાય છે, પણ જ્ઞાન તેમને મળતું નથી અને ન તે પદાર્થો જ્ઞાનને મળે છે. ૫૧.

---

वस्तु चैकमिह नान्यवस्तुनो येन तेन खलु वस्तु वस्तु तत्।
निश्चयोऽयमपरो परस्य क: किं करोति हि बहिर्लुठन्नपि।। २०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કર્મ કરવું અને ફળ ભોગવવું એ જીવનું નિજસ્વરૂપ નથી. ( દોહરા )**

करम करै फल भोगवै, जीव अग्यानी कोइ।
यह कथनी विवहारकी, वस्तु स्वरूप न होइ।। ५२।।

**શબ્દાર્થઃ-** કથની = ચર્ચા. વસ્તુ = પદાર્થ.

**અર્થઃ-** અજ્ઞાની જીવ કર્મ કરે છે અને તેનું ફળ ભોગવે છે, આ કથન વ્યવહારનયનું છે, પદાર્થનું નિજસ્વરૂપ નથી. પ૨.

**જ્ઞાન અને જ્ઞેયની ભિન્નતા ( કવિત્ત )**

ज्ञेयाकार ग्यानकी परिणति,
पै वह ग्यान ज्ञेय नहि होइ।
ज्ञेय रूप षट दरब भिन्न पद,
ग्यानरूप आतम पद सोइ।।
जानै भेदभाउ सु विचच्छन,
गुन लच्छन सम्यक्द्रिग जोइ।
मूरख कहै ग्यानमय आकृति,
प्रगट कलंक लखै नहि कोइ।। ५३।।

**શબ્દાર્થઃ-** જ્ઞાન = જાણવું. જ્ઞેય = જાણવા યોગ્ય પદાર્થ.

**અર્થઃ-** જ્ઞાનની પરિણતિ જ્ઞેયના આકારે થયા કરે છે, પણ જ્ઞાન જ્ઞેયરૂપ થઈ જતું નથી, છએ દ્રવ્ય જ્ઞેય છે અને તે આત્માના નિજસ્વભાવ-જ્ઞાનથી ભિન્ન છે, જે જ્ઞેય-જ્ઞાયકનો ભેદભાવ ગુણ-લક્ષણથી જાણે છે તે ભેદવિજ્ઞાની સમ્યગ્દષ્ટિ

---

यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः किञ्चनापि परिणामिनः स्वयम्।
व्यावहारिकदृशैव तन्मतं नान्यदस्ति किमपीह निश्चयात्।। २१।।
शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो
नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।
ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः
किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्वाच्च्यवन्ते जनाः।। २२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. વૈશેષિક આદિ અજ્ઞાની જ્ઞાનમાં આકારનો વિકલ્પ જોઈને કહે છે કે જ્ઞાનમાં જ્ઞેયની આકૃતિ છે, તેથી જ્ઞાન સ્પષ્ટપણે અશુદ્ધ થઈ જાય છે. લોકો આ અશુદ્ધતાને દેખતા નથી.

**વિશેષઃ-** જીવ પદાર્થ જ્ઞાયક છે, જ્ઞાન તેનો ગુણ છે, તે પોતાના જ્ઞાનગુણથી જગતના છયે દ્રવ્યોને જાણે છે અને પોતાને પણ જાણે છે, તેથી જગતના સર્વ જીવ-અજીવ પદાર્થ ને પોતે આત્મા જ્ઞેય છે, અને આત્મા સ્વ-પરને જાણવાથી જ્ઞાયક છે, ભાવ એ છે આત્મા જ્ઞેય પણ છે, જ્ઞાયક પણ છે અને આત્મા સિવાય સર્વ પદાર્થો જ્ઞેય છે. તેથી જ્યારે કોઈ જ્ઞેય પદાર્થ જ્ઞાનમાં પ્રતિભાસિત થાય છે ત્યારે જ્ઞાનની જ્ઞેયાકાર પરિણતિ થાય છે, પણ જ્ઞાન જ્ઞાન જ રહે છે જ્ઞેય થઈ જતું નથી અને જ્ઞેય જ્ઞેય જ રહે છે, જ્ઞાન થઈ જતું નથી, ન કોઈ કોઈમાં મળે છે. જ્ઞેયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચતુષ્ટય જુદા રહે છે અને જ્ઞાયકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચતુષ્ટય જુદા રહે છે પરંતુ વિવેકશૂન્ય વૈશેષિક આદિ જ્ઞાનમાં જ્ઞેયની આકૃતિ જોઈને જ્ઞાનમાં અશુદ્ધતા ઠરાવે છે. ૫૩. તેઓ કહે છે કેઃ-

**જ્ઞેય અને જ્ઞાન સંબંધમાં અજ્ઞાનીઓનો હેતુ ( ચોપાઈ )**

निराकार जो ब्रह्म कहावै।
सो साकार नाम क्यौं पावै।।
ज्ञेयाकार ग्यान जब तांई।
पूरन ब्रह्म नांहि तब तांई।। ५४।।

**શબ્દાર્થઃ-** નિરાકાર = આકાર રહિત. બ્રહ્મ = આત્મા, ઈશ્વર. સાકાર =આકાર સહિત. પૂરન ( પૂર્ણ ) = પૂરું. તાંઈ = ત્યાં સુધી.

**અર્થઃ-** જે નિરાકાર બ્રહ્મ છે તે સાકાર કેવી રીતે થઈ શકે? તેથી જ્યાં સુધી જ્ઞાન જ્ઞેયાકાર રહે છે ત્યાં સુધી પૂર્ણ બ્રહ્મ થઈ શકતું નથી. ૫૪.

**આ વિષયમાં અજ્ઞાનીઓને સંબોધન ( ચોપાઈ )**

ज्ञेयाकार ब्रह्म मल मानै।
नास करनकौ उद्दिम ठानै।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**वस्तु सुभाव मिटै नहि क्यौंही।**
**तातैं खेद करैं सठ यौंही।। ५५।।**

**શબ્દાર્થઃ-** મલ = દોષ. ઉદ્દિમ = પ્રયત્ન ક્યૌંહી = કોઈ પ્રકારે

**અર્થઃ-** વૈશેષિક આદિ બ્રહ્મની જ્ઞેયાકાર પરિણતિને દોષ માને છે અને તેને મટાડવાનો પ્રયત્ન કરે છે, ત્યાં કોઈ પણ પ્રયત્ને વસ્તુનો સ્વભાવ મટી શકતો નથી તેથી તે મૂર્ખ નિરર્થક જ કષ્ટ કરે છે. ૫૫.

**વળી-( દોહરા )**

**मूढ़ मरम जानैं नहीं, गहै एकंत कुपक्ष।**
**स्यादवाद सरवंग नै, मानै दक्ष प्रतक्ष।। ५६।।**

**અર્થઃ-** અજ્ઞાનીઓ પદાર્થનું વાસ્તવિકપણું જાણતા નથી અને એકાંત કુટેવ પકડે છે, સ્યાદ્વાદી પદાર્થના સર્વ અંગોના જ્ઞાતા છે અને પદાર્થના સર્વ ધર્મોને સાક્ષાત્ માને છે.

**ભાવાર્થઃ-** સ્યાદ્વાદ જ્ઞાનની નિરાકાર અને સાકાર બન્ને પરિણતિને માને છે. સાકાર તો તેથી કે જ્ઞાનની જ્ઞેયાકાર પરિણતિ થાય છે અને નિરાકાર એટલા માટે કે જ્ઞાનમાં જ્ઞેયજનિત કોઈ વિકાર થતો નથી. ૫૬.

**સ્યાદ્વાદી સમ્યગ્દષ્ટિની પ્રશંસા ( દોહરા )**

**सुद्ध दरब अनुभौ करै, सुद्धद्रिष्टि घटमांहि।**
**तातैं समकितवंत नर, सहज उछेदक नांहि।। ५७।।**

**શબ્દાર્થઃ-** ઘટ = હૃદય ઉછેદક = લોપ કરનાર

**અર્થઃ-** સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ દ્રવ્યનો અનુભવ કરે છે અને શુદ્ધ વસ્તુ જાણવાથી હૃદયમાં શુદ્ધ દષ્ટિ રાખે છે, તેથી તેઓ સાહજિક સ્વભાવનો લોપ કરતા નથી; અભિપ્રાય એ છે કે જ્ઞેયાકાર થવું એ જ્ઞાનનો સહજ સ્વભાવ છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવના સ્વભાવનો લોપ કરતા નથી. ૫૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાન જ્ઞેયમાં અવ્યાપક છે એનું દૃષ્ટાંત**
**( સવૈયા એકત્રીસા )**

**✻जैसैं चंद किरनि प्रगटि भूमि सेत करै,**
**भूमिसी न दीसै सदा जोतिसी रहति है।**
**तैसैं ग्यान सकति प्रकासै हेय उपादेय,**
**ज्ञेयाकार दीसै पै न ज्ञेयकौं गहति है।।**
**सुद्ध वस्तु सुद्ध परजाइरूप परिनवै,**
**सत्ता परवांन माहें ढाहें न ढहति है।**
**सो तौ औररूप कबहूं न होइ सरवथा,**
**निहचै अनादि जिनवानी यौं कहति है।। ५८।।**

**શબ્દાર્થઃ-** પ્રગટિ = ઉદય થઈને. ભૂમિ = ધરતી. જોતિસી = કિરણરૂપ. પ્રકાસૈ = પ્રકાશિત કરે. સત્તા પરવાંન = પોતાના ક્ષેત્રાવગાહ પ્રમાણે. ઢાહેં = વિચલિત કરવાથી. ન ઢહતિ હૈ = વિચલિત થતી નથી. કબહૂં = કદી પણ. સર્વથા = બધી હાલતમાં.

**અર્થઃ-** જેવી રીતે ચંદ્રના કિરણો પ્રકાશિત થઈને ધરતીને સફેદ કરી નાખે છે પણ ધરતીરૂપ થઈ જતા નથી-જ્યોતિરૂપ જ રહે છે, તેવી જ રીતે જ્ઞાનશક્તિ હેય-ઉપાદેયરૂપ જ્ઞેય પદાર્થોને પ્રકાશિત કરે છે, પણ જ્ઞેયરૂપ થઈ જતી નથી; શુદ્ધવસ્તુ શુદ્ધપર્યાયરૂપ પરિણમન કરે છે અને નિજસત્તાપ્રમાણ રહે છે, તે કદી પણ કોઈ પણ હાલતમાં અન્યરૂપ થતી નથી એ વાત નિશ્ચિત છે અને અનાદિકાળની જિનવાણી એમ કહી રહી છે. ૫૮.

---

✻ शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-
मन्यद्रव्यं भवति यदि वा तस्य किं स्वात्स्वभावः।
ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-
र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव।। २३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આત્મપદાર્થનું યથાર્થ સ્વરૂપ ( સવૈયા તેવીસા )**

राग विरोध उदै जबलौं तबलौं,
यह जीव मृषा मग धावै।
ग्यान जग्यौ जब चेतनकौ तब,
कर्म दसा पर रूप कहावै।।
कर्म विलेछि करै अनुभौ तहां,
मोह मिथ्यात प्रवेश न पावै।
मोह गयें उपजै सुख केवल,
सिद्ध भयौ जगमांहि न आवै।। ५९।।

**શબ્દાર્થઃ-** વિરોધ = દ્વેષ. મૃષા મગ = મિથ્યામાર્ગ. ધાવૈ = દોડે છે.

**અર્થઃ-** જ્યાં સુધી આ જીવને મિથ્યાજ્ઞાનનો ઉદય રહે છે, ત્યાં સુધી તે રાગ-દ્વેષમાં વર્તે છે, પરંતુ જ્યારે તેને જ્ઞાનનો ઉદય થઈ જાય છે, ત્યારે તે કર્મપરિણતિને પોતાનાથી ભિન્ન ગણે છે અને જ્યારે કર્મપરિણતિ તથા આત્મપરિણતિનું પૃથક્કરણ કરીને આત્મ-અનુભવ કરે છે, ત્યારે મિથ્યામોહનીયને સ્થાન મળતું નથી. અને મોહ પૂર્ણપણે નષ્ટ થતાં કેવળજ્ઞાન તથા અનંતસુખ પ્રગટ થાય છે, જેથી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે અને પછી જન્મ-મરણરૂપ સંસારમાં આવવું પડતું નથી. ૫૯.

**પરમાત્મપદની પ્રાપ્તિનો માર્ગ ( છપ્પા છંદ )**

जीव करम संजोग, सहज मिथ्यातरूप धर।
राग दोष परनति प्रभाव, जानै न आप पर।।

---

रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावत्
ज्ञानं ज्ञानं भवति न पुनर्बोधतां याति बोध्यम्।
ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यक्कृताज्ञानभावं
भावाभावौ भवति तिरयन् येन पूर्णस्वभावः।। २४।।
रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्
तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किञ्चित्।
सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्टया स्फुटन्तौ
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः।। २५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तम मिथ्यात मिटि गयौ, हुवो समकित उदोत ससि।
राग दोष कछु वस्तु नांहि, छिन मांहि गये नसि।।
अनुभौ अभ्यास सुख रासि रमि,
भयौ निपुन तारन तरन।
पूरन प्रकास निहचल निरखि,
बानारसि वंदत चरन।। ६०।।

**શબ્દાર્થઃ-** ઉદોત = ઉદય. સસિ = શશિ (ચંદ્રમા). નિપુન = પૂર્ણ જ્ઞાતા. તરન તારન = સંસાર સાગરથી સ્વયં તરનાર અને બીજાઓને તારનાર.

**અર્થઃ-** જીવાત્માનો અનાદિકાળથી કર્મોની સાથે સંબંધ છે, તેથી તે સહજ જ મિથ્યાભાવને પ્રાપ્ત થાય છે અને રાગ-દ્વેષ પરિણતિને કારણે સ્વ-પર સ્વરૂપને જાણતો નથી. પણ મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ અને સમ્યક્ત્વશશિનો ઉદય થતાં રાગ-દ્વેષનું અસ્તિત્વ રહેતું નથી-ક્ષણવારમાં નાશ પામી જાય છે, જેથી આત્મ-અનુભવના અભ્યાસરૂપ સુખમાં લીન થઈને તારણતરણ પૂર્ણ પરમાત્મા થાય છે. એવા પૂર્ણ પરમાત્માના નિશ્ચય-સ્વરૂપનું અવલોકન કરીને પં. બનારસીદાસજી ચરણવંદના કરે છે. ૬૦.

**રાગ-દ્વેષનું કારણ મિથ્યાત્વ છે (સવૈયા એકત્રીસા)**

कोऊ सिष्य कहै स्वामी राग दोष परिनाम,
ताकौ मूल प्रेरक कहहु तुम कौन है।
पुग्गल करम जोग किंधौं इंद्रिनिकौ भोग,
किंधौं धन किंधौं परिजन किंधौं भौन है।।
गुरु कहै छहौं दर्व अपने अपने रूप,
सबनिकौ सदा असहाई परिनौन है।

---

रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि।
सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।। २६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कोऊ दरब काहूकौ न प्रेरक कदाचि तातैं,
राग दोष मोह मृषा मदिरा अचौन है।। ६१।।

**શબ્દાર્થ:-** મૂલ = અસલી. પ્રેરક = પ્રેરણા કરનાર. પરિજન = ઘરના માણસો. ભૌન (ભવન) = મકાન. પરિનૌન = પરિણમન. મદિરા = શરાબ. અચૌન (અચવન) = પીવું તે.

**અર્થ:-** શિષ્ય પ્રશ્ન કરે છે કે હે સ્વામી, રાગ-દ્વેષ પરિણામોનું મુખ્ય કારણ શું છે? પૌદ્‌ગલિક કર્મ છે? કે ઇન્દ્રિયોના ભોગ છે? કે ધન છે? કે ઘરના માણસો છે? કે ઘર છે? તે આપ કહો. ત્યાં શ્રીગુરુ સમાધાન કરે છે કે છયે દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં સદા નિજાશ્રિત પરિણમન કરે છે, કોઈ એક દ્રવ્ય કોઈ દ્રવ્યની પરિણતિને કદી પણ પ્રેરક થતું નથી, માટે રાગ-દ્વેષનું મૂળ કારણ મોહ મિથ્યાત્વનું મદિરાપાન છે. ૬૧.

**અજ્ઞાનીઓના વિચારમાં રાગ-દ્વેષનું કારણ (દોહરા)**

कोऊ मूरख यौं कहै, राग दोष परिनाम।
पुग्गलकी जोरावरी, वरतै, आतमराम।। ६२।।
ज्यौं ज्यौं पुग्गल बल करै, धरिधरि कर्मज भेष।
रागदोषकौ परिनमन, त्यौं त्यौं होइ विशेष।। ६३।।

**શબ્દાર્થ:-** પરિનામ = ભાવ. જોરાવરી = જબરદસ્તી. ભેષ (વેષ) = રૂપ. વિશેષ = વધારે.

**અર્થ:-** કોઈ કોઈ મૂર્ખ એમ કહે છે કે આત્મામાં રાગ-દ્વેષભાવ પુદ્‌ગલની જબરદસ્તીથી થાય છે. ૬૨. તેઓ કહે છે કે પુદ્‌ગલ કર્મરૂપ પરિણમનના ઉદયમાં જેમ જેમ જોર કરે છે, તેમ તેમ અતિશયપણે રાગ-દ્વેષ પરિણામ થાય છે. ૬૩.

---

यदिह भवति रागद्वेषदोषप्रसूतिः
कतरदपि परेषां दूषणं नास्ति तत्र।
स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो
भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः।। २७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

### અજ્ઞાનીઓને સત્યમાર્ગનો ઉપદેશ (દોહરા)

इहिविधि जो विपरीत पख, गहै सद्दहै कोइ।
सो नर राग विरोधसौं, कबहूं भिन्न न होइ।। ६४।।
❈ सुगुरु कहै जगमैं रहै, पुग्गल संग सदीव।
सहज सुद्ध परिनमनिकौ, औसर लहै न जीव।। ६५।।
तातैं चिदभावनि विषै, समरथ चेतन राउ।
राग विरोध मिथ्यातमैं, समकितमैं सिव भाउ।। ६६।।

**શબ્દાર્થઃ-** વિપરીત પખ = ઉલટી હઠ. પરિણામ = ભાવ. ઔસર = તક. ચિદ્‌ભાવનિ વિષૈ = ચૈતન્યભાવોમાં. અશુદ્ધદશામાં રાગ-દ્વેષ જ્ઞાનાવરણીય આદિ અને શુદ્ધ દશામાં પૂર્ણજ્ઞાન, પૂર્ણ આનંદ આદિ. સમરથ (સમર્થ) = બળવાન. ચેતન રાઉ = ચૈતન્ય રાજા. સિવ ભાઉ = મોક્ષના ભાવ-પૂર્ણજ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, સમ્યક્‌ત્વ, સિદ્ધત્વ આદિ.

**અર્થઃ-** શ્રી ગુરુ કહે છે કે જે કોઈ આ રીતે ઉલટી હઠ પકડીને શ્રદ્ધાન કરે છે તેઓ કદી પણ રાગ-દ્વેષ-મોહથી છૂટી શકતા નથી. ૬૪. અને જો જગતમાં જીવોને પુદ્‌ગલ સાથે હંમેશાં જ સંબંધ રહે, તો તેને શુદ્ધ ભાવોની પ્રાપ્તિનો કોઈ પણ અવસર નથી-અર્થાત્ તે શુદ્ધ થઈ જ નથી શકતો. ૬૫. તેથી ચૈતન્યભાવ ઉપજાવવામાં ચૈતન્યરાજા જ સમર્થ છે, મિથ્યાત્વની દશામાં રાગ-દ્વેષભાવ ઉપજે છે અને સમ્યક્‌ત્વદશામાં શિવભાવ અર્થાત્ જ્ઞાન, દર્શન, સુખ આદિ ઊપજે છે. ૬૬.

### જ્ઞાનનું માહાત્મ્ય (દોહરા)

ज्यौं दीपक रजनी समै, चहुं दिसि करै उदोत।
प्रगटै घटपटरूपमैं, घटपटरूप न होत।। ६७।।

---

❈ रागजन्मनि निमित्ततां परद्रव्यमेव कलयन्ति ये तु ते।
उत्तरन्ति न हि मोहवाहिनीं शुद्धबोधविधुरान्धबुद्धयः।। २८।।
पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधा न बोध्यादयं
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।
तद्वस्तुस्थितिबोधबन्धधिषणा एते किमज्ञानिनो
रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।। २९।।

त्यौं सुग्यान जानै सकल, ज्ञेय वस्तुकौ मर्म।
ज्ञेयाकृति परिनवै पै, तजै न आतम-धर्म।। ६८।।
ग्यानधर्म अविचल सदा, गहै विकार न कोइ।
राग विरोध विमोहमय, कबहूं भूलि न होइ।। ६९।।
ऐसी महिमा ग्यानकी, निहचै है घट मांहि।
मूरख मिथ्याद्रिष्टिसौं, सहज विलोकै नांहि।। ७०।।

**અર્થ:-** જેવી રીતે રાત્રે દીપક ચારે તરફ પ્રકાશ પહોંચાડે છે અને ઘટ, પટ પદાર્થોને પ્રકાશિત કરે છે, પણ ઘટ-પટરૂપ થઈ જતો નથી. ૬૭. તેવી જ રીતે જ્ઞાન સર્વ જ્ઞેય પદાર્થોને જાણે છે અને જ્ઞેયાકાર પરિણમન કરે છે તોપણ પોતાના નિજસ્વભાવને છોડતું નથી. ૬૮. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ સદા અચળ રહે છે, તેમાં કદી કોઈ પણ પ્રકારનો વિકાર થતો નથી અને ન તે કદી ભૂલથી પણ રાગ-દ્વેષ-મોહરૂપ થાય છે. ૬૯. નિશ્ચયનયથી આત્મામાં જ્ઞાનનો એવો મહિમા છે, પરંતુ અજ્ઞાની મિથ્યાદષ્ટિ આત્મસ્વરૂપ તરફ દેખતા પણ નથી. ૭૦.

**અજ્ઞાની જીવ પરદ્રવ્યમાં જ લીન રહે છે ( દોહરા )**

पर सुभावमैं मगन ह्वै, ठानै राग विरोध।
धरै परिग्रह धारना, करै न आतम सोध।। ७१।।

**શબ્દાર્થ:-** પર સુભાવ = આત્મસ્વભાવ વિનાના સર્વ અચેતન ભાવ. ઠાનૈ = કરે. રાગ વિરોધ = રાગ દ્વેષ. સોધ = ખોજ.

**અર્થ:-** અજ્ઞાની જીવ પરદ્રવ્યોમાં મસ્ત રહે છે, રાગ-દ્વેષ કરે છે અને પરિગ્રહની ઇચ્છા કરે છે પરંતુ આત્મસ્વભાવની ખોજ કરતા નથી. ૭૧.

**અજ્ઞાનીને કુમતિ અને જ્ઞાનીને સુમતિ ઊપજે છે ( ચોપાઈ )**

मूरखकै घट दुरमति भासी।
पंडित हियें सुमति परगासी।।

दुरमति कुबिजा करम कमावै।
सुमति राधिका राम रमावै।। ७२।।

(દોહરા)

कुबिजा कारी कूबरी, करै जगतमैं खेद।
अलख अराधै राधिका, जानै निज पर भेद।। ७३।।

**અર્થઃ-** મૂર્ખના હૃદયમાં કુમતિ ઉત્પન્ન થાય છે અને જ્ઞાનીઓના હૃદયમાં સુમતિનો પ્રકાશ રહે છે. દુર્બુદ્ધિ કુબ્જા[1] સમાન છે, નવા કર્મોનો બંધ કરે છે અને સુબુદ્ધિ રાધિકા છે, આત્મરામમાં રમણ કરાવે છે. ૭૨. કુબુદ્ધિ કાળી કૂબડી કુબ્જા સમાન છે, સંસારમાં સંતાપ ઉપજાવે છે અને સુબુદ્ધિ રાધિકા સમાન છે, નિજઆત્માની ઉપાસના કરાવે છે તથા સ્વપરનો ભેદ જાણે છે. ૭૩.

**દુર્મતિ અને કુબ્જાની સમાનતા (સવૈયા)**

कुटिल कुरूप अंग लगी है पराये संग,
अपुनौ प्रवांन करि आपुही बिकाई है।
गहै गति अंधकीसी सकति कबंधकीसी,
बंधकौ बढ़ाउ करै धंधहीमैं धाई है।
रांडकीसी रीत लियें मांडकीसी मतवारी,
सांड ज्यौं सुछंद डोलै भांडकीसी जाई है।
घरको न जानै भेद करै पराधीन खेद,
यातैं दुरबुद्धि दासी कुबजा कहाई है।। ७४।।

**શબ્દાર્થઃ-** કુટિલ = કપટી. પરાયે =બીજાના. સંગ = સાથે. કબંધ = એક રાક્ષસનું નામ. માંડ (મણ્ડ) = શરાબ. સુછંદ = સ્વતંત્ર. જાઈ =પેદા થઈ. યાતૈં = એથી.

**અર્થઃ-** કુબુદ્ધિ માયાનો ઉદય રહેતાં થાય છે તેથી તે કુટિલા છે, અને કુબ્જા

---

૧. હિન્દુ ધર્મમાં દેવી-ભાગવત આદિ ગ્રંથોનું કથન છે કે કુબ્જા કંસની દાસી હતી. તેનું શરીર કુરૂપ, કાંતિહીન હતું. રાજા શ્રીકૃષ્ણચંદ્ર પોતાની સ્ત્રી રાધિકાથી અલગ થઈને તેનામાં ફસાઈ ગયા હતા. રાધિકાએ ઘણા પ્રયત્નો કરતાં તેઓ સન્માર્ગે આવ્યા. તેનું અહીં દૃષ્ટાંત માત્ર લીધું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માયાચારિણી હતી, તેણે બીજાના પતિને વશ કરી રાખ્યો હતો. કુબુદ્ધિ જગતને અણગમતી લાગે છે તેથી કુરૂપા છે, કુબ્જા કાળી, કાંતિહીન જ હતી તેથી કુરૂપા હતી. કુબુદ્ધિ પરદ્રવ્યોને અપનાવે છે; કુબ્જા બીજાના પતિ સાથે સંબંધ રાખતી હતી તેથી બન્ને વ્યભિચારિણી થઈ. કુબુદ્ધિ પોતાની અશુદ્ધતાથી વિષયોને આધીન થાય છે તેથી વેચાઈ ગયેલા જેવી છે, કુબ્જા પરવશ પડી હતી તેથી બીજાના હાથે વેચાઈ[૧] જ ગઈ હતી. દુર્બુદ્ધિને અથવા કુબ્જાને પોતાનું ભલું-બૂરૂં દેખાતું નથી તેથી બન્નેની દશા આંધળા જેવી થઈ. કુબુદ્ધિ પરપદાર્થોમાં અહંબુદ્ધિ કરવામાં સમર્થ છે, કુબ્જા પણ કૃષ્ણને કબજામાં રાખવા માટે સમર્થ હતી તેથી બન્ને કબંધ[૨] સમાન બળવાન છે. બન્ને કર્મોનો બંધ વધારે છે. બન્નેની પ્રવૃત્તિ ઉપદ્રવ તરફ રહે છે. કુબુદ્ધિ પોતાના પતિ આત્મા તરફ નથી જોતી, કુબ્જા પણ પોતાના પતિ તરફ જોતી ન હતી, તેથી બન્નેની રાંડ જેવી રીત છે. બન્નેય શરાબી સમાન પાગલ થઈ રહી છે. દુર્બુદ્ધિમાં કોઈ ધાર્મિક નિયમ આદિનું બંધન નથી, કુબ્જા પણ પોતાના પતિ આદિની આજ્ઞામાં રહેતી નહોતી, તેથી બન્ને સાંઢ સમાન સ્વતંત્ર છે, બન્ને ભાંડની સંતતિ સમાન નિર્લજ્જ છે. દુર્બુદ્ધિ પોતાના આત્મક્ષેત્રરૂપ ઘરનો મર્મ જાણતી નથી, કુબ્જા પણ દુરાચારમાં રત રહેતી હતી, ઘરની દશા જોતી ન હતી. દુર્બુદ્ધિ કર્મને આધીન છે, કુબ્જા પરપતિને આધીન, તેથી બન્ને પરાધીનતાના કલેશમાં છે. આ રીતે દુર્બુદ્ધિને કુબ્જા [૩]દાસીની ઉપમા આપી છે. ૭૪.

---

૧. વ્યભિચારિણી સ્ત્રીઓ પોતાના મોઢે પોતાના શરીરનું મૂલ્ય કરે છે-અર્થાત્ પોતાનું અમૂલ્ય શીલ વેચી દે છે, આ વાત ધ્યાનમાં રાખીને કવિએ કહ્યું છે કે, 'અપુનો પ્રવાંન કરિ આપુહી બિકાઈ હૈ.'

૨. આ પણ હિન્દુ-ધર્મશાસ્ત્રોનું દષ્ટાંત માત્ર લીધું છે કે કબંધ પૂર્વ જન્મમાં ગંધર્વ હતો, તેણે દુર્વાસા ઋષિને ગીત સંભળાવ્યું, પણ તેઓ કાંઈ પ્રસન્ન ન થયા, ત્યારે તેણે મુનિની મશ્કરી કરી, તેથી દુર્વાસાએ ક્રોધે ભરાઈને શાપ આપ્યો કે તું રાક્ષસ થઈ જા. બસ પછી શું થાય? તે રાક્ષસ થઈ ગયો. તેને એક એક યોજનના હાથ હતા અને તે ખૂબ જ બળવાન હતો. તે પોતાના હાથથી એક યોજન દૂરના જીવોને પણ ખાઈ જતો હતો અને ખૂબ ઉપદ્રવ કરતો હતો, તેથી ઇન્દ્રે તેને વજ્ર માર્યું તેથી તેનું માથું તેના જ પેટમાં ઘૂસી ગયું પણ તે શાપને કારણે મર્યો નહિ ત્યારથી તેનું નામ કબંધ પડયું. એક દિવસ વનમાં ફરતા રામ-લક્ષ્મણ બન્ને ભાઈ એના સપાટામાં આવી ગયા અને તેમને પણ ખાવાની તેણે ઇચ્છા કરી ત્યારે રામચંદ્રજીએ તેના હાથ કાપી નાખ્યા અને તેને સ્વર્ગમાં પહોંચાડી દીધો.

૩. દાસી = વિવાહ-વિધિ વિના જ ધર્મવિરુદ્ધ રાખેલી સ્ત્રી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સુબુદ્ધિ સાથે રાધિકાની તુલના ( સવૈયા એકત્રીસા )**

रूपकी रसीली भ्रम कुलफकी कीली सील,
सुधाके समुद्र झीली सीली सुखदाई है।
प्राची ग्यानभानकी, अजाची है निदानकी,
सुराची निरवाची ढौर साची ठकुराई है।।
धामकी खबरदारि रामकी रमनहारि,
राधा रस-पंथनिके ग्रंथनिमैं गाई है।
संतनकी मानी निरबानी नूरकी निसानी,
यातैं सदबुद्धि रानी राधिका कहाई है।। ७५।।

**શબ્દાર્થઃ-** કુલફ = તાળું. કીલી = ચાવી. ઝીલી = સ્નાન કરેલી. સીલી = ભીંજાયેલી. પ્રાચી = પૂર્વ દિશા. અજાચી = ન માગનારી. નિદાન = આગામી વિષયોની અભિલાષા. નિરવાચી (નિરવાચ્ય) = વચન-અગોચર. ઠકુરાઈ = સ્વામીપણું. ધામ = ઘર. રમનહારિ = મોજ કરનારી. રસ-પંથનિકે ગ્રંથનિમૈં = રસ-માર્ગના શાસ્ત્રોમાં. નિરબાની = ગંભીર. નૂરકી નિસાની = સૌંદર્યનું ચિહ્ન.

**અર્થઃ-** સુબુદ્ધિ આત્મસ્વરૂપમાં સરસ છે, રાધિકા પણ રૂપવતી છે. સુબુદ્ધિ અજ્ઞાનનું તાળું ખોલવાની ચાવી છે, રાધિકા પણ પોતાના પતિને શુભ-સંમતિ આપે છે. સુબુદ્ધિ અને રાધિકા બન્ને શીલરૂપી સુધાના સમુદ્રમાં સ્નાન કરેલી છે, બન્ને શાંતસ્વભાવવાળી સુખ આપનારી છે. જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય કરવામાં બન્ને પૂર્વ દિશા સમાન છે, સુબુદ્ધિ આગામી વિષયભોગોની વાંછા રહિત છે, રાધિકા પણ આગામી ભોગોની યાચના કરતી નથી. સુબુદ્ધિ આત્મસ્વરૂપમાં સારી રીતે રાચે છે, રાધિકા પણ પતિ પ્રેમમાં લાગે છે. સુબુદ્ધિ અને રાધિકા રાણી બન્નેના સ્થાનનો મહિમા વચન-અગોચર અર્થાત્ મહાન છે, સુબુદ્ધિનું આત્મા ઉપર સાચું સ્વામિત્વ છે, રાધિકાની પણ પોતાના ઘર ઉપર માલિકી છે. સુબુદ્ધિ પોતાના ઘર અર્થાત્ આત્માની સાવધાની રાખે છે, રાધિકા પણ ઘરની દેખરેખ રાખે છે. સુબુદ્ધિ પોતાના આત્મરામમાં રમણ કરે છે, રાધિકા પોતાના પતિ કૃષ્ણની સાથે રમણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુબુદ્ધિનો મહિમા અધ્યાત્મરસના ગ્રંથોમાં વખાણવામાં આવ્યો છે અને રાધિકાનો મહિમા શૃંગારરસ આદિ ગ્રંથોમાં કહેવામાં આવ્યો છે. સુબુદ્ધિ સાધુજનો દ્વારા આદરણીય છે, રાધિકા જ્ઞાનીઓ દ્વારા માન્ય છે. સુબુદ્ધિ અને રાધિકા બન્ને ક્ષોભરહિત અર્થાત્ ગંભીર છે. સુબુદ્ધિ શોભાસંપન્ન છે, રાધિકા પણ કાંતિવાન છે. આ રીતે સુબુદ્ધિને રાધિકા રાનીની ઉપમા આપવામાં આવી છે. ૭૫.

**કુમતિ અને સુમતિનું કાર્ય ( દોહરા )**

वह कुबिजा वह राधिका, दोऊ गति मतिवानि।
वह अधिकारनि करमकी, वह विवेककी खानि।। ७६ ।।

**અર્થ**:- કુબુદ્ધિ કુબ્જા છે, સુબુદ્ધિ રાધિકા છે, કુબુદ્ધિ સંસારમાં ભ્રમણ કરાવનારી છે અને સુબુદ્ધિ વિવેકવાળી છે. દુર્બુદ્ધિ કર્મબંધને યોગ્ય છે અને સુબુદ્ધિ સ્વ-પર વિવેકની ખાણ છે.૭૬.

**દ્રવ્યકર્મ, ભાવકર્મ અને વિવેકનો નિર્ણય ( દોહરા )**

दरबकरम पुग्गल दसा, भावकरम मति वक्र।
जो सुग्यानकौ परिनमन, सो विवेक गुरु चक्र।। ७७ ।।

**શબ્દાર્થ**:- દરબકર્મ ( દ્રવ્યકર્મ ) = જ્ઞાનાવરણીય આદિ. ભાવકર્મ = રાગ-દ્વેષ આદિ. મતિ વક્ર = આત્માનો વિભાવ. ગુરુ ચક્ર = મોટો સમૂહ.

**અર્થ**:- જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મ પુદ્ગલની પર્યાયો છે, રાગ-દ્વેષ આદિ ભાવકર્મ આત્માના વિભાવ છે અને સ્વ-પર વિવેકની પરિણતિ જ્ઞાનનો મોટો સમૂહ છે. ૭૭.

**કર્મના ઉદય ઉપર ચોપાટનું દૃષ્ટાંત ( કવિત્ત )**

जैसैं नर खिलार चौपरिकौ,
लाभ विचारि करै चितचाउ।
धरै संवारि सारि बुधिबलसौं,
पासा जो कुछ परै सु दाउ।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तैसैं जगत जीव स्वारथकौ,
करि उद्दिम चिंतवै उपाउ।
लिख्यौ ललाट होई सोई फल,
करम चक्रकौ यही सुभाउ।। ७८।।

**શબ્દાર્થઃ-** ચિતચાઉ = ઉત્સાહ. સારિ = સોગઠી. ઉપાઉ (ઉપાય) = પ્રયત્ન. લિખ્યૌ લલાટ = કપાળે લખ્યું હોય તે-પ્રારબ્ધ.

**અર્થઃ-** જેવી રીતે ચોપાટ રમનારો મનમાં જીતવાનો ઉત્સાહ રાખીને પોતાની બુદ્ધિના બળે સંભાળપૂર્વક બરાબર રીતે સોગઠી ગોઠવે છે, પણ દાવ તો પાસાને આધીન છે. તેવી જ રીતે જગતના જીવ પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે પ્રયત્ન વિચારે છે પણ જેવો કર્મનો ઉદય હોય તેવું જ થાય છે, કર્મપરિણતિની એવી જ રીત છે. ઉદયાવળીમાં આવેલું કર્મ ફળ આપ્યા વિના અટકતું નથી. ૭૮.

**વિવેક-ચક્રના સ્વભાવ ઉપર શેતરંજનું દૃષ્ટાંત (કવિત્ત)**

जैसे नर खिलार सतरंजकौ,
समुझै सब सतरंजकी घात।
चलै चाल निरखै दोऊ दल,
मौंहरा गिनै विचारै मात।।
तैसैं साधु निपुन सिवपथमैं,
लच्छन लखै तजै उतपात।
साधै गुन चिंतवै अभयपद,
यह सुविवेक चक्रकी बात।। ७९।।

**શબ્દાર્થઃ-** ઘાત = દાવ પેચ. નિરખૈ = જુએ. મૌંહરા = હાથી, ઘોડા વગેરે. માત = ચાલ બંધ કરવી-હરાવવું.

**અર્થઃ-** જેવી રીતે શેતરંજનો ખેલાડી શેતરંજના સર્વ દાવ-પેચ સમજે છે અને બન્ને દળ ઉપર નજર રાખીને ચાલે છે, અથવા હાથી, ઘોડા, વજીર, પ્યાદા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આદિની ચાલ ધ્યાનમાં રાખતો થકો જીતવાનો વિચાર કરે છે, તેવી જ રીતે મોક્ષમાર્ગમાં પ્રવીણ જ્ઞાની પુરુષ સ્વરૂપની ઓળખાણ કરે છે અને બાધક કારણોથી બચે છે. તે આત્મગુણોને નિર્મળ કરે છે અને જીવ અર્થાત્ નિર્ભયપદનું ચિંતવન કરે છે. આ જ્ઞાનપરિણતિના હાલ છે. ૭૯.

**કુમતિ કુબ્જા અને સુમતિ રાધિકાનું કાર્ય (દોહરા)**

सतरंग खेलै राधिका, कुबिजा खेलै सारि।
याकै निसिदिन जीतवौ, वाकै निसिदिन हारि।। ८०।।
जाके उर कुबिजा बसै, सोई अलख अजान।
जाकै हिरदे राधिका, सो बुध सम्यकवान।। ८१।।

**શબ્દાર્થ**:- નિસિદિન = સદા. સારિ = ચોપાટ. અલખ = જે દેખાય નહિ તે આત્મા.

**અર્થ**:- રાધિકા અર્થાત્ સુબુદ્ધિ શેતરંજ ખેલે છે તેથી તેની સદા જીત રહે છે અને કુબ્જા અર્થાત્ દુર્બુદ્ધિ ચોપાટ રમે છે તેથી તેની હંમેશા હાર રહે છે. ૮૦. જેના હૃદયમાં કુબ્જા અર્થાત્ દુર્બુદ્ધિનો વાસ છે, તે જીવ અજ્ઞાની છે, અને જેના હૃદયમાં રાધિકા અર્થાત્ સુબુદ્ધિ છે, તે જ્ઞાની સમ્યગ્દષ્ટિ છે. ૮૧.

**ભાવાર્થ**:- અજ્ઞાની જીવ કર્મચક્ર ઉપર ચાલે છે; તેથી હારે છે-અર્થાત્ સંસારમાં ભટકે છે અને પંડિતો વિવેકપૂર્વક ચાલેછે તેથી વિજય પામે છે અર્થાત્ મુક્ત થાય છે.

**જ્યાં શુદ્ધજ્ઞાન છે ત્યાં ચારિત્ર છે. (સવૈયા એકત્રીસા)**

जहाँ सुद्ध ग्यानकी कला उदोत दीसै तहाँ,
सुद्धता प्रवांन सुद्ध चारितकौ अंस है।

---

रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृश:
पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात्।
दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं
विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य संचेतनां।। ३०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ता कारन ग्यानी सब जानै ज्ञेय वस्तु मर्म,
वैराग विलास धर्म वाकौ सरवंस है।।
राग दोष मोहकी दसासौं भिन्न रहै यातैं,
सर्वथा त्रिकाल कर्म जालकौ विधुंस है।
निरुपाधि आतम समाधिमैं बिराजै तातैं,
कहिए प्रगट पूरन परम हंस है।। ८२।।

**શબ્દાર્થ:-** સરવંસ (સર્વસ્વ) = પૂર્ણ સંપત્તિ. જાનૈ જ્ઞેય વસ્તુ મર્મ = ત્યાગવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને જાણે છે.

**અર્થ:-** જ્યાં શુદ્ધ જ્ઞાનની કળાનો પ્રકાશ દેખાય છે ત્યાં તે પ્રમાણે ચારિત્રનો અંશ રહે છે તેથી જ્ઞાની જીવ સર્વ હેય-ઉપાદેયને સમજે છે, તેમનું સર્વસ્વ વૈરાગ્યભાવ જ રહે છે, તેઓ રાગ-દ્વેષ-મોહથી ભિન્ન રહે છે, તેથી તેમના પહેલાનાં બાંધેલા કર્મ ખરે છે અને વર્તમાન અને ભવિષ્યમાં કર્મબંધ થતો નથી. તેઓ શુદ્ધ આત્માની ભાવનામાં સ્થિર થાય છે, તેથી સાક્ષાત્ પૂર્ણ પરમાત્મા જ છે. ૮૨.

વળી-(દોહરા)

ग्यायक भाव जहाँ तहाँ, सुद्ध चरनकी चाल।
तातैं ग्यान विराग मिलि, सिव साधै समकाल।। ८३।।

**શબ્દાર્થ:-** જ્ઞાયકભાવ = આત્મસ્વરૂપનું જ્ઞાન. ચરન = ચારિત્ર. સમકાલ = એક જ સમયમાં.

**અર્થ:-** જ્યાં જ્ઞાનભાવ છે ત્યાં શુદ્ધ ચારિત્ર રહે છે, તેથી જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે મળીને મોક્ષ સાધે છે. ૮૩.

---

ज्ञानस्य संचेतनयैव नित्यं प्रकाशते ज्ञानमतीव शुद्धं।
अज्ञानसंचेतनया तु धावन् बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।। ३१।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**જ્ઞાન અને ચારિત્ર ઉપર પાંગળા અને આંધળાનું દષ્ટાંત (દોહરા)**

जथा अंधके कंधपर, चढै पंगु नर कोइ।
वाके द्दग वाके चरन, होंहि पथिक मिलि दोइ।। ८४।।
जहाँ ग्यान किरिया मिलै, तहाँ मोख-मग सोइ।
वह जानै पदकौ मरम, वह पदमै थिर होइ।। ८५।।

**શબ્દાર્થઃ-** પંગુ = લંગડો. વાકે = તેના. દગ = આંખ. ચરન = પગ. પથિક = રસ્તે ચાલનાર. ક્રિયા = ચારિત્ર. પદકૌ મરમ = આત્માનું સ્વરૂપ. પદમૈં થિર હોઈ = આત્મામાં સ્થિર થાય.

**અર્થઃ-** જેવી રીતે કોઈ લંગડો મનુષ્ય આંધળાના ખભા ઉપર બેસે, તો લંગડાની આંખો અને આંધળાના પગના સહકારથી બન્નેનું ગમન થાય છે. ૮૪. તેવી જ રીતે જ્યાં જ્ઞાન અને ચારિત્રની એકતા છે ત્યાં મોક્ષમાર્ગ છે; જ્ઞાન આત્માનું સ્વરૂપ જાણે છે અને ચારિત્ર આત્મામાં સ્થિર થાય છે. ૮૫.

**જ્ઞાન અને ક્રિયાની પરિણતિ (દોહરા)**

ग्यान जीवकी सजगता[१], करम जीवकी भूल।
ग्यान मोख अंकूर है, करम जगतकौ मूल।। ८६।।
ग्यान चेतनाके जगै, प्रगटै केवलराम।
कर्म चेतनामैं बसै, कर्मबंध परिनाम।। ८७।।

**શબ્દાર્થઃ-** સજગતા = સાવધાની. અંકૂર = છોડ. કેવલરામ = આત્માનું શુદ્ધ સ્વરૂપ. કર્મચેતના = જ્ઞાનરહિત ભાવ. પરિનામ = ભાવ.

**અર્થઃ-** જ્ઞાન જીવની સાવધાનતા છે અને શુભાશુભ પરિણતિ તેને ભૂલાવે છે. જ્ઞાન મોક્ષનું ઉત્પાદક છે અને કર્મ જન્મ-મરણરૂપ સંસારનું કારણ છે. ૮૬. જ્ઞાનચેતનાનો ઉદય થવાથી શુદ્ધ પરમાત્મા પ્રગટ થાય છે. અને શુભાશુભ પરિણતિથી બંધ યોગ્ય ભાવ ઉત્પન્ન થાય છે.૮૭.

---

૧. 'સહજગતિ' એવો પણ પાઠ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કર્મ અને જ્ઞાનનો ભિન્ન ભિન્ન પ્રભાવ (ચોપાઈ)**

जबलग ग्यान चेतना न्यारी[१]।
तबलग जीव विकल संसारी।।
जब घट ग्यान चेतना जागी।
तब समकिती सहज वैरागी।। ८८।।
सिद्ध समान रूप निज जानै।
पर संजोग भाव परमानै।।
सुद्धातम अनुभौ अभ्यासै।
त्रिविधि कर्मकी ममता नासै।। ८९।।

**અર્થઃ-** જ્યાંસુધી જ્ઞાનચેતના પોતાથી ભિન્ન છે અર્થાત્ જ્ઞાન-ચેતનાનો ઉદય થયો નથી ત્યાં સુધી જીવ દુઃખી અને સંસારી રહે છે અને જ્યારે હૃદયમાં જ્ઞાનચેતના જાગે છે ત્યારે તે પોતાની મેળે જ જ્ઞાની વૈરાગી થાય છે. ૮૮. તે પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન શુદ્ધ જાણે છે અને પરના નિમિત્તે ઉત્પન્ન ભાવોને પર-સ્વરૂપ માને છે. તે શુદ્ધ આત્માના અનુભવનો અભ્યાસ કરે છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મને પોતાના માનતો નથી. ૮૯.

**જ્ઞાનીની આલોચના (દોહરા)**

❋ ग्यानवंत अपनी कथा, कहै आपसौं आप।
मैं मिथ्यात दसाविषैं कीने बहुविधि पाप।। ९०।।

**અર્થઃ-** જ્ઞાની જીવ પોતાની કથા પોતાને કહે છે, કે મેં મિથ્યાત્વની દશામાં અનેક પ્રકારના પાપ કર્યા. ૯૦.

---

૧. 'જારી' એવો પણ પાઠ આવે છે.

कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।
परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।। ३२।।

❋ यदहमकार्षं यदहमचीकरं यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વળી-( સવૈયા એકત્રીસા )**

हिरदै हमारे महा मोहकी विकलताई,
तातैं हम करुना न कीनी जीवघातकी।
आप पाप कीनैं औरनिकौं उपदेस दीनैं,
हुती अनुमोदना हमारे याही बातकी।।
मन वच कायामैं मगन ह्वै कमाये कर्म,
धाये भ्रमजालमैं कहाये हम पातकी।
ग्यानके उदय भए हमारी दसा ऐसी भई,
जैसैं भानु भासत अवस्था होत प्रातकी।। ९१।।

**અર્થ:-** અમારા હૃદયમાં મહામોહ-જનિત ભ્રમ હતો, તેથી અમે જીવો પર દયા ન કરી. અમે પોતે પાપ કર્યા, બીજાઓને પાપનો ઉપદેશ આપ્યો અને કોઈને પાપ કરતા જોયા તો તેનું સમર્થન કર્યું, મન, વચન, કાયાની પ્રવૃત્તિના નિજત્વમાં મગ્ન થઈને કર્મબંધ કર્યા અને ભ્રમજાળમાં ભટકીને અમે પાપી કહેવાયા. પરંતુ જ્ઞાનનો ઉદય થવાથી અમારી એવી અવસ્થા થઈ ગઈ, જેવી સૂર્યનો ઉદય થવાથી પ્રભાતની થાય છે-અર્થાત્ પ્રકાશ ફેલાઈ જાય અને અંધકાર નષ્ટ થઈ જાય છે. ૯૧.

**જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાનદશા દૂર થઈ જાય છે. ( સવૈયા એકત્રીસા )**

ग्यानभान भासत प्रवान ग्यानवान कहै,
करुना-निधान अमलान मेरौ रूप है।
कालसौं अतीत कर्मजालसौं अजीत जोग-
जालसौं अभीत जाकी महिमा अनूप है।।
मोहकौ विलास यह जगतकौ वास मैं तौ,
जगतसौं सुन्न पाप पुन्न अंध कूप है।

---

मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्त्ते।। ३३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

पाप किनि कियौ कौन करै करिहै सु कौन,
क्रियाकौ विचार सुपिनेकी दौर धूप है।। ९२।।

**શબ્દાર્થઃ-** અભીત = નિર્ભય. કિનિ = કોણે? સુપિને = સ્વપ્ન.

**અર્થઃ-** જ્ઞાનસૂર્યનો ઉદય થતાં જ જ્ઞાની એમ વિચારે છે કે મારું સ્વરૂપ કરુણામય અને નિર્મળ છે; તેનામાં મૃત્યુની પહોંચ નથી, તે કર્મ-પરિણતિને જીતી લે છે, તે યોગ-સમૂહથી [1]નિર્ભય છે, તેનો મહિમા અપરંપાર છે, આ જગતની જંજાળ મોહજનિત છે, હું તો સંસાર અર્થાત્ જન્મ-મરણથી રહિત છું અને શુભાશુભ પ્રવૃત્તિ અંધ-કૂપ સમાન છે. કોણે પાપ કર્યા? પાપ કોણ કરે છે? પાપ કોણ કરશે? આ જાતની ક્રિયાનો વિચાર જ્ઞાનીને સ્વપ્નની જેમ મિથ્યા દેખાય છે.

**કર્મ-પ્રપંચ મિથ્યા છે. ( દોહરા )**

मैं कीनौं मैं यौं करौं, अब यह मेरौ काम।
मन वच कायामैं बसै, ए मिथ्या परिणाम।। ९३।।
मनवचकाया करमफल, करम-दसा जड़ अंग।
दरबित पुग्गल पिंडमय, भावित भरम तरंग।। ९४।।
तातैं आतम धरमसौं, करम सुभाउ अपूठ।
कौन करावै कौ करै, कोसल है सब झूठ।। ९५।।

**શબ્દાર્થઃ-** અપૂઠ = અજાણ. કોસલ ( કૌશલ ) = ચતુરાઈ.

**અર્થઃ-** મેં આ કર્યું, હવે આમ કરીશ, આ મારું કાર્ય છે, આ સર્વ મિથ્યાભાવ મન-વચન-કાયમાં નિવાસ કરે છે. ૯૩. મન-વચન-કાયા કર્મ-જનિત છે, કર્મ-પરિણતિ જડ છે, દ્રવ્યકર્મ પુદ્ગલના પિંડ છે અને ભાવકર્મ અજ્ઞાનની લહેર છે. ૯૪. આત્માથી કર્મસ્વભાવ વિપરીત છે, તેથી કર્મ કોણ કરાવે? કોણ કરે? આ બધી ચતુરાઈ મિથ્યા છે. ૯૫.

---

૧. એ જાણે છે કે મન, વચન, કાયાના યોગ પુદ્ગલના છે, મારા સ્વરૂપને બગાડી શકતા નથી.

न करोमि न कारयामि न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति।

**મોક્ષમાર્ગમાં ક્રિયાનો નિષેધ ( દોહરા )**

करनी हित हरनी सदा, मुकति वितरनी नांहि।
गनी बंध-पद्धति विषै, सनी महादुखमांहि।। ९६।।

**અર્થઃ-** ક્રિયા આત્માનું અહિત કરનાર છે, મોક્ષ આપનાર નથી, તેથી ક્રિયાની ગણતરી બંધ-પદ્ધતિમાં કરવામાં આવી છે, એ મહા દુઃખથી લિપ્ત છે. ૯૬.

**ક્રિયાની નિંદા ( સવૈયા એકત્રીસા )**

करनीकी धरनीमैं महा मोह राजा बसै,
करनी अग्यान भाव राकिसकी पुरी है।
करनी करम काया पुग्गलकी प्रतिछाया,
करनी प्रगट माया मिसरीकी छुरी है।।
करनीके जालमैं उरझि रह्यौ चिदानंद,
करनीकी वोट ग्यानभान दुति दुरी है।
आचारज कहै करनीसौं विवहारी जीव,
करनी सदैव निहचै सुरूप बुरी है।। ९७।।

**શબ્દાર્થઃ-** રાકિસ = રાક્ષસ. વોટ ( ઓટ ) = આડે. દુરી હૈ = છુપાયેલી છે.

---

मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्त्ते।। ३४।।

न करिष्यामि न कारयिष्यामि न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन चेति।

આ પ્રકારના ઉપર ત્રણ ઠેકાણે સંસ્કૃત ગદ્ય આપવામાં આવ્યા છે. આ ગદ્ય બન્ને મુદ્રિત પ્રતિઓમાં નથી, પણ ઇડરની પ્રતિમાંથી ઉપલબ્ધ થયેલ છે. આ ગદ્યોના અર્થ સાથે કવિતાના અર્થનો બરાબર મેળ થતો નથી. ઇડરની પ્રતિમા કયાંકથી ઉદ્દધૃત કરવામાં આવેલ છે એમ લાગે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ**:- ક્રિયાની ભૂમિ ઉપર મોહ મહારાજાનો નિવાસ છે, ક્રિયા અજ્ઞાનભાવરૂપ રાક્ષસનું નગર છે, ક્રિયા, કર્મ અને શરીર આદિ પુદ્‌ગલોની મૂર્તિ છે, ક્રિયા સાક્ષાત્ માયારૂપ સાકર લપેટેલી છરી છે, ક્રિયાની જંજાળમાં આત્મા ફસાઈ ગયો છે, ક્રિયાની આડ જ્ઞાન-સૂર્યના પ્રકાશને છુપાવી દે છે. શ્રી ગુરુ કહે છે કે ક્રિયાથી જીવ કર્મનો કર્તા થાય છે, નિશ્ચય સ્વરૂપથી જુઓ તો ક્રિયા સદૈવ દુઃખદાયક છે. ૯૭.

**જ્ઞાનીઓનો વિચાર ( ચોપાઈ )**

मृषा मोहकी परनति फैलीं।
तातैं करम चेतना मैली।
ग्यान होत हम समझी एती।
जीव सदीव भिन्न परसेती।। ९८।।

**( દોહા )**

जीव अनादि सरूप मम, करम रहित निरुपाधि।
अविनासी असरन सदा, सुखमय सिद्ध समाधि।। ९९।।

**અર્થ**:- પહેલાં જૂઠા મોહનો ઉદય ફેલાઈ રહ્યો હતો, તેનાથી મારી ચેતના કર્મસહિત હોવાથી મલિન થઈ રહી હતી, હવે જ્ઞાનનો ઉદય થવાથી અમે સમજી ગયા કે આત્મા સદા પરપરિણતિથી ભિન્ન છે. ૯૮. અમારું સ્વરૂપ ચૈતન્ય છે, અનાદિ છે, કર્મરહિત છે, શુદ્ધ છે, અવિનાશી છે, સ્વાધીન છે, નિર્વિકલ્પ અને સિદ્ધ સમાન સુખમય છે. ૯૯.

---

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्त्ते।। ३५।।

समस्तमित्येवमपास्य कर्म त्रैकालिकं शुद्धनयावलम्बी।
विलीनमोहो रहितं विकारैश्चिन्मात्रमात्मानमथावलम्बे।। ३६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વળી-( ચોપાઇ )**

❋ मैं त्रिकाल करनीसौं न्यारा।
चिदविलास पद जग उजयारा।।
राग विरोध मोह मम नांही।
मेरौ अवलंबन मुझमांही।। १००।।

**અર્થઃ-** હું સદૈવ કર્મથી ભિન્ન છું, મારો ચૈતન્ય પદાર્થ જગતનો પ્રકાશક[1] છે, રાગ-દ્વેષ-મોહ મારા નથી, મારું સ્વરૂપ મારામાં જ છે. ૧૦૦.

**( સવૈયા તેવીસા )**

सम्यकवंत कहै अपने गुन,
मैं नित राग विरोधसौं रीतौ।
मैं करतूति करूं निरवंछक,
मोहि विषै रस लागत तीतौ।।
सुद्ध सुचेतनकौ अनुभौ करि,
मैं जग मोह महा भट जीतौ।
मोख समीप भयौ अब मोकहुँ,
काल अनंत इहीं विधि बीतौ।। १०१।।

**શબ્દાર્થઃ-** રીતૌ = રહિત. મોહિ = મને. તીતૌ ( તિક્ત ) = તીખો.

**અર્થઃ-** સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનું સ્વરૂપ વિચારે છે કે હું સદા રાગ-દ્વેષ-મોહથી રહિત છું, હું લૌકિક ક્રિયાઓ ઇચ્છા વિના કરું છું, મને વિષયરસ તીખો લાગે છે, મેં જગતમાં શુદ્ધ આત્માનો અનુભવ કરીને મોહરૂપી મહાયોદ્ધાને જીત્યો છે, મોક્ષ તદ્દન મારી સમીપ થયો છે, હવે મારો અનંતકાળ આ જ રીતે પસાર થાવ. ૧૦૧.

---

૧. જો જ્ઞાન ઢંકાઈ જાય, તો સમસ્ત સંસાર અંધકારમય જ છે.

❋ विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।
संचेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम्।। २७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(દોહરા)**

कहै विचच्छन मैं रह्यौ, सदा ग्यान रस राचि।
सुद्धातम अनुभूतिसौं, खलित न होहुं कदाचि।। १०२।।
पुव्वकरम विषतरु भए, उदै भोग फलफूल।
मैं इनको नहि भोगता, सहज होहु निरमूल।। १०३।।

**શબ્દાર્થઃ-** વિચચ્છન = જ્ઞાની પુરુષ. રાચિ = રમણ. ખલિત = ભ્રષ્ટ.

**અર્થઃ-** જ્ઞાની જીવ વિચારે છે કે હું હમેશાં જ્ઞાનરસમાં રમણ કરું છું અને શુદ્ધ આત્મા-અનુભવથી કદી પણ છૂટતો નથી. ૧૦૨. પૂર્વકૃત કર્મ વિષવૃક્ષ સમાન છે, તેમનો ઉદય ફળ-ફૂલ સમાન છે, હું એમને ભોગવતો નથી તેથી પોતાની મેળે જ નષ્ટ થઈ જશે. ૧૦૩.

**વૈરાગ્યનો મહિમા (દોહરા)**

जो पूरवकृत करम-फल, रुचिसौं भुंजै नांहि।
मगन रहै आठौं पहर, सुद्धातम पद मांहि।। १०४।।
सो बुध करमदसा रहित, पावै मोख तुरंत।
भुंजै परम समाधि सुख, आगम काल अनंत।। १०५।।

**શબ્દાર્થઃ-** ભુંજૈ = ભોગવે. આગત કાલ = આગામી કાળ.

---

निःशेषकर्मफलसंन्यसनात्मनैवं
सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः।
चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं
कालावलीयमचलस्य वहत्वनन्ता।। ३८।।
यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां
भुङ्क्ते फलानि न खलु स्वतः एव तृप्तः।
आपातकालरमणीयमुदर्करम्यं
निष्कर्मशर्ममयमेति दशान्तरं सः।। ३९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થઃ-** જે જ્ઞાની જીવ પૂર્વે મેળવેલા શુભાશુભ કર્મફળને અનુરાગપૂર્વક ભોગવતા નથી અને હંમેશાં શુદ્ધ આત્મ-પદાર્થમાં મસ્ત રહે છે, તે તરત જ કર્મપરિણતિરહિત મોક્ષપદને પ્રાપ્ત કરે છે અને આગામી કાળમાં પરમ જ્ઞાનનો આનંદ અનંત કાળ સુધી ભોગવે છે. ૧૦૪. ૧૦૫.

**જ્ઞાનીની ઉન્નતિનો ક્રમ ( છપ્પા )**

जो पूरवकृतकरम, विरख-विष-फल नहि भुंजै।
जोग जुगति कारिज करंति, ममता न प्रयुंजै।।
राग विरोध निरोधि, संग विकलप सब छंडइ।
सुद्धातम अनुभौ अभ्यासि, सिव नाटक मंडइ।।
जो ग्यानवंत इहि मग चलत, पूरन ह्वै केवल लहै।
सो परम अतींद्रिय सुख विषैं, मगन रूप संतत रहै।। १०६।।

**શબ્દાર્થઃ-** વિરખ-વિષ-ફળ = વિષવૃક્ષના ફળ. કારિજ = કાર્ય. પ્રયુંજૈ = કરે. છંડઈ = છોડે. મંડઈ = કરે. સંતત = સદૈવ.

**અર્થઃ-** જે પૂર્વે કમાયેલા કર્મરૂપ વિષવૃક્ષના વિષફળ ભોગવતા નથી અર્થાત્ શુભફળમાં રતિ અને અશુભ ફળમાં અરતિ કરતા નથી, જે મન-વચન-કાયાના યોગોનો નિગ્રહ કરતા થકા વર્તે છે અને મમતા રહિત રાગ-દ્વેષ રોકીને પરિગ્રહજનિત સર્વ વિકલ્પોનો ત્યાગ કરે છે તથા શુદ્ધ આત્માના અનુભવનો અભ્યાસ કરીને મુક્તિનું નાટક ખેલે છે, તે જ્ઞાની ઉપર કહેલા માર્ગનું ગ્રહણ કરીને પૂર્ણસ્વભાવ પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પામે છે અને સદૈવ ઉત્કૃષ્ટ અતીન્દ્રિય સુખમાં મસ્ત રહે છે. ૧૦૬.

---

अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसंचेतनायाः।
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसंचेतनां स्वां
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।। ४०।।

### શુદ્ધાત્મ દ્રવ્યને નમસ્કાર ( સવૈયા એકત્રીસા )

❉ निरभै निराकुल निगम वेद निरभेद,
जाके परगासमैं जगत माइयतु है।
रूप रस गंध फास पुदगलकौ विलास,
तासौं उदवास जाकौ जस गाइयतु है।
विग्रहसौं विरत परिग्रहसौं न्यारौ सदा,
जामैं जोग निग्रह चिहन पाइयतु है।
सो है ग्यान परवांन चेतन निधान ताहि,
अविनासी ईस जानि सीस नाईयतु है।। १०७।।

**શબ્દાર્થઃ-** નિરાકુલ = ક્ષોભરહિત. નિગમ = ઉત્કૃષ્ટ. નિરભૈ (નિર્ભય) = ભય રહિત. પરગાસ = પ્રકાશ. માઈયતુ હૈ = સમાય છે. ઉદવાસ = રહિત. વિગ્રહ = શરીર. નિગ્રહ = નિરાળું. ચિહ્ન = લક્ષણ.

**અર્થઃ-** આત્મા નિર્ભય, આનંદમય, સર્વોત્કૃષ્ટ, જ્ઞાનરૂપ અને ભેદરહિત છે. તેના જ્ઞાનરૂપ પ્રકાશમાં ત્રણલોકનો સમાવેશ થાય છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ પુદ્ગલના ગુણ છે, એનાથી તેનો મહિમા જુદો કહેવામાં આવ્યો છે. તેનું લક્ષણ શરીરથી ભિન્ન, પરિગ્રહ રહિત, મન-વચન-કાયાના યોગોથી નિરાળું છે, તે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપિંડ છે, તેને અવિનાશી ઈશ્વર માનીને મસ્તક નમાવું છું. ૧૦૭.

### શુદ્ધ આત્મદ્રવ્ય અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ ( સવૈયા એકત્રીસા )

जैसौ निरभेदरूप निहचै अतीत हुतौ,
तैसौ निरभेद अब भेद कौन कहैगौ।

---

❉ इतः पदार्थप्रथनावगुण्ठनाद्विना कृतेरेकमनाकुलं ज्वलत्।
समस्तवस्तुव्यतिरेकनिश्चयाद्विवेचितं ज्ञानमिहावतिष्ठते।। ४१।।
अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत् पृथग्वस्तुता-
मादानोज्झनशून्यमैतदमलं ज्ञानं तथावस्थितम्।
मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः
शुद्धज्ञानघनो यथास्य महिमा नित्योदितस्तिष्ठति।। ४२।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दीसै कर्म रहित सहित सुख समाधान,
पायौ निजस्थान फिर बाहरि न बहैगौ।।
कबहूं कदाचि अपनौ सुभाव त्यागि करि,
राग रस राचिकैं न पर वस्तु गहैगौ।
अमलान ग्यान विद्यमान परगट भयौ,
याही भांति आगम अनंत काल रहैगौ।। १०८।।

**શબ્દાર્થ:-** નિરભેદ = ભેદરહિત. અતીત = પહેલાં. રાચિકૈં = લીન થઈને. અમલાન = મળ રહિત. આગમ = આગામી.

**અર્થ:-** પૂર્વે અર્થાત્ સંસારી દશામાં નિશ્ચયનયથી આત્મા જેવો અભેદરૂપ હતો, તેવો પ્રગટ થઈ ગયો. તે પરમાત્માને હવે ભેદરૂપ કોણ કહેશે? અર્થાત્ કોઈ નહિ. જે કર્મ રહિત અને સુખશાંતિ સહિત દેખાય છે તથા જેણે નિજસ્થાન અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરી છે તે બહાર અર્થાત્ જન્મ-મરણરૂપ સંસારમાં નહિ આવે. તે કદી પણ પોતાનો નિજસ્વભાવ છોડીને, રાગ-દ્વેષમાં લાગીને પરપદાર્થ અર્થાત્ શરીર આદિનું ગ્રહણ નહિ કરે, કારણ કે વર્તમાનકાળમાં જે નિર્મળ પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું છે, તે તો આગામી અનંત કાળ સુધી એવું જ રહેશે. ૧૦૮.

**વળી-( સવૈયા એકત્રીસા )**

जबहीतैं चेतन विभावसौं उलटि आपु,
समै पाइ अपनौ सुभाउ गहि लीनौ है।
तबहीतैं जो जो लेने जोग सो सो सब लीनौ,
जो जो त्यागजोग सो सो सब छांड़ि दीनौ है।।
लैबेकौं न रही ठौर त्यागिवेकौं नांहि और,
बाकी कहा उबर्‌यौ जु कारजु नवीनौ है।

---

उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्तथात्तमादेयमशेषतस्तत्।
यदात्मनः संहृतसर्वशक्तेः पूर्णस्य सन्धारणमात्मनीह।। ४३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संग त्यागि अंग त्यागि वचन तरंग त्यागि,
मन त्यागि बुद्धि त्यागि आपा सुद्ध कीनौ है।। १०९।।

**શબ્દાર્થઃ-** ઉલટિ = વિમુખ થઈને. સમૈ (સમય) = અવસર. ઉબરયૌ = બાકી રહ્યું. કારજ્જ (કાર્ય) = કામ. સંગ = પરિગ્રહ. અંગ = શરીર. તરંગ = લહેર. બુદ્ધિ = ઇન્દ્રિયજનિત જ્ઞાન. આપા = નિજ-આત્મા.

**અર્થઃ-** અવસર મળતાં જ્યારથી આત્માએ વિભાવ પરિણતિ છોડીને નિજસ્વભાવનું ગ્રહણ કર્યું છે, ત્યારથી જે જે વાતો ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય હતી તે તે બધીનું ગ્રહણ કર્યું છે અને જે જે વાતો હેય અર્થાત્ ત્યાગવા યોગ્ય હતી તે બધી છોડી દીધી છે. હવે ગ્રહણ કરવા યોગ્ય અને છોડવા યોગ્ય કાંઈ રહી ગયું નથી અને નવું કામ કરવાનું બાકી હોય એવું પણ કાંઈ બાકી રહ્યું નથી. પરિગ્રહ છોડી દીધો, શરીર છોડી દીધું, વચનની ક્રિયાથી રહિત થયો, મનના વિકલ્પો છોડી દીધા, ઇન્દ્રિયજનિત જ્ઞાન છોડયું અને આત્માને શુદ્ધ કર્યો. ૧૦૯.

**મુક્તિનું મૂળકારણ દ્રવ્યલિંગ નથી (દોહરા)**

सुद्ध ग्यानकै देह नहि, मुद्रा भेष न कोइ।
तातै कारन मोखकौ, दरबलिंग नहि होइ।। ११०।।
❉ दरबलिंग न्यारौ प्रगट, कला वचन विग्यान।
अष्ट महारिधि अष्ट सिधि, एऊ होहि न ग्यान।। १११।।

**શબ્દાર્થઃ-** મુદ્રા = આકૃતિ. ભેસ (વેષ) = બનાવટ. દરબલિંગ = બાહ્ય વેશ. પ્રગટ = સ્પષ્ટ. એઊ = આ.

**અર્થઃ-** આત્મા શુદ્ધજ્ઞાનમય છે અને શુદ્ધ જ્ઞાનને શરીર નથી અને ન આકાર-વેશ આદિ છે; તેથી દ્રવ્યલિંગ મોક્ષનું કારણ નથી. ૧૧૦. બાહ્ય વેશ જુદા છે,

---

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्क्यते।। ४४।।
❉ एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।
ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम्।। ४५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કળા-કૌશલ જુદા છે, વચનચાતુરી જુદી છે, આઠ મહા ઋદ્ધિઓ[1] જુદી છે, સિદ્ધિઓ[2] જુદી છે અને આ કોઈ જ્ઞાન નથી. ૧૧૧.

**આત્મા સિવાય બીજે જ્ઞાન નથી ( સવૈયા એકત્રીસા )**

भेषमैं न ग्यान नहि ग्यान गुरु वर्तनमैं,
मंत्र जंत्र तंत्रमैं न ग्यानकी कहानी है।
ग्रंथमैं न ग्यान नहि ग्यान कवि चातुरीमैं,
बातनिमैं ग्यान नहि ग्यान कहा बानी है।।
तातैं भेष गुरुता कवित्त ग्रंथ मंत्र बात,
इनतैं अतीत ग्यान चेतना निसानी है।
ग्यानहीमैं ग्यान नहि ग्यान और ठौर कहूं,
जाकै घट ग्यान सोई ग्यानका निदानी है।। ११२।।

**શબ્દાર્થઃ-** મંત્ર = ઝાપટવું, ફુંકવું. જંત્ર = તાવીજ. તંત્ર = ટોટકા. કહાની = વાત. ગ્રંથ = શાસ્ત્ર. નિસાની = ચિહ્ન. બાની = વચન. ઠૌર = સ્થાન. નિદાની = કારણ.

**અર્થઃ-** વેશમાં જ્ઞાન નથી, મહંતજી બનીને ફરવામાં જ્ઞાન નથી, મંત્ર, તંત્ર, જંત્રમાં જ્ઞાનની વાત નથી, શાસ્ત્રમાં જ્ઞાન નથી, કવિતા-કૌશલ્યમાં જ્ઞાન નથી, વ્યાખ્યાનમાં જ્ઞાન નથી, કારણ કે વચન જડ છે, તેથી વેશ, ગુરુપણું, કવિતા, શાસ્ત્ર, મંત્ર-તંત્ર, વ્યાખ્યાન એનાથી ચૈતન્યલક્ષણનું ધારક જ્ઞાન જુદું છે. જ્ઞાન જ્ઞાનમાં જ છે, બીજે નથી. જેમના હૃદયમાં જ્ઞાન ઉત્પન્ન થયું છે તે જ જ્ઞાનનું મૂળકારણ અર્થાત્ આત્મા છે. ૧૧૨.

---

૧. આઠ ઋદ્ધિઓ-

दोहा - अणिमा महिमा गरमिता, लघिमा प्राप्ती काम।
वशीकरण अरु ईशता, अष्ट रिद्धिके नाम।।

૨. આઠ સિદ્ધિઓ-આચાર, શ્રુત, શરીર, વચન, વાચન, બુદ્ધિ, ઉપયોગ અને સંગ્રહ સંલીનતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**જ્ઞાન વિના વેશધારી વિષયના ભિખારી છે ( સવૈયા એકત્રીસા )**

भेष धरी लोकनिकौं बंचे सौ धरम ठग,
गुरू सो कहावै गुरुवाई जाहि चहिये।
मंत्र तंत्र साधक कहावै गुनी जादूगर,
पंडित कहावै पंडिताई जामैं लहिये।।
कवित्तकी कलामैं प्रवीन सो कहावै कवि,
बात कहि जानै सो पवारगीर कहिये।
एतौ सब विषैके भिखारी मायाधारी जीव,
इन्हकौं विलोकिकै दयालरूप रहिये।। ११३।।

**શબ્દાર્થઃ-** બંચૈ = ઠગે. પ્રવીન = ચતુર. પવારગીર = વાત-ચીતમાં હોશિયાર-સભાચતુર. વિલૌકિકૈ = જોઈને.

**અર્થઃ-** જે વેષ બનાવીને લોકોને ઠગે છે, તે ધર્મ-ઠગ કહેવાય છે, જેમાં લૌકિક મોટાઈ હોય છે તે મોટો કહેવાય છે, જેનામાં મંત્ર-તંત્ર સાધવાનો ગુણ છે તે જાદૂગર કહેવાય છે, જે કવિતામાં હોશિયાર છે તે કવિ કહેવાય છે, જે વાતચીતમાં ચતુર છે તે વ્યાખ્યાતા કહેવાય છે. આ બધા કપટી જીવ વિષયના ભિખારી છે, વિષયોની પૂર્તિ માટે યાચના કરતા ફરે છે, એમનામાં સ્વાર્થત્યાગનો અંશ પણ નથી. એમને જોઈને દયા આવવી જોઈએ. ૧૧૩.

**અનુભવની યોગ્યતા ( દોહરા )**

जो दयालता भाव सो, प्रगट ग्यानकौ अंग।
पै तथापि अनुभौ दसा, वरतै विगत तरंग।। ११४।।
दरसन ग्यान चरन दसा, करै एक जो कोइ।
थिर है साधै मोख-मग, सुधी अनुभवी सोइ।। ११५।।

---

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।। ४६।।

**શબ્દાર્થઃ-** પ્રગટ = સાક્ષાત્. તથાપિ = તોપણ. વિગત = રહિત. તરંગ = વિકલ્પ. સુધી = ભેદવિજ્ઞાની.

**અર્થઃ-** જોકે કરુણાભાવ જ્ઞાનનું સાક્ષાત્ અંગ છે, તોપણ અનુભવની પરિણતિ નિર્વિકલ્પ રહે છે. ૧૧૪. જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાપૂર્વક આત્મસ્વરૂપમાં સ્થિર થઈને મોક્ષમાર્ગને સાધે છે, તે જ ભેદવિજ્ઞાની અનુભવી છે. ૧૧૫.

**આત્મ-અનુભવનું પરિણામ. ( સવૈયા એકત્રીસા )**

जोई द्रिग ग्यान चरनातममैं बैठि ठौर,
भयौ निरदौर पर वस्तुकौं न परसै।
सुद्धता विचारै ध्यावै सुद्धतामैं केलि करै,
सुद्धतामैं थिर ह्वै अमृत-धारा बरसै।।
त्यागि तन कष्ट ह्वै सपष्ट अष्ट करमकौ,
करि थान भ्रष्ट नष्ट करै और करसै।
सो तौ विकलप विजई अलप काल मांहि,
त्यागि भौ विधान निरवान पद परसै।। ११६ ।।

**શબ્દાર્થઃ-** નિરદૌર = પરિણામોની ચંચળતા રહિત. થાન (સ્થાન) = ક્ષેત્ર. પરસૈ (સ્પર્શે) = અડે. કેલિ = મોજ. સપષ્ટ (સ્પષ્ટ) = ખુલાસો. કરસૈ (કૃશ કરે) = જીર્ણ કરે. વિકલપ વિજઈ = વિકલ્પોની જાળને જીતનાર. અલપ (અલ્પ) = થોડું. ભૌ વિધાન = જન્મ-મરણના ફેરા. નિરવાન (નિર્વાણ) = મોક્ષ.

**અર્થઃ-** જે કોઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મામાં અત્યંત દ્રઢ સ્થિર થઈને વિકલ્પ જાળને દૂર કરે છે અને તેના પરિણામે પરપદાર્થોને અડતા પણ નથી. જે આત્મશુદ્ધિની ભાવના અને ધ્યાન કરે છે અથવા શુદ્ધ આત્મામાં મોજ કરે છે અથવા એમ કહો કે શુદ્ધ આત્મામાં સ્થિર થઈને આત્મીય આનંદની અમૃત ધારા વરસાવે છે, તે શારીરિક કષ્ટોને ગણતા નથી અને સ્પષ્ટપણે આઠે કર્મોની સત્તાને શિથિલ અને વિચલિત કરી નાંખે છે, તથા તેમની નિર્જરા અને નાશ કરે છે. તે નિર્વિકલ્પ જ્ઞાની થોડા જ સમયમાં જન્મ-મરણરૂપ સંસાર છોડીને પરમધામ અર્થાત્ મોક્ષ પામે છે. ૧૧૬.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આત્મ-અનુભવ કરવાનો ઉપદેશ ( ચોપાઈ )**

गुन परजैमें द्रिष्टि न दीजै।
निरविकलप अनुभौ-रस पीजै।।
आप समाइ आपमैं लीजै।
तनुपौ मेटि अपनुपौ कीजै।। ११७।।

**શબ્દાર્થઃ-** દ્રિષ્ટિ = નજર. રસ = અમૃત. તનુપૌ = શરીરમાં અહંકાર. અપનુપૌ = આત્માને પોતાનો માનવો.

**અર્થઃ-** આત્માના અનેક ગુણ-પર્યાયોના વિકલ્પમાં ન પડતાં નિર્વિકલ્પ આત્મ-અનુભવનું અમૃત પીઓ. તમે પોતાના સ્વરૂપમાં લીન થઈ જાવ, અને શરીરમાં અહંબુદ્ધિ છોડીને નિજ આત્માને અપનાવો. ૧૧૭.

**વળી-( દોહરા )**

तजि विभाउ हूजै मगन, सुद्धातम पद मांहि।
एक मोख-मारग यहै, और दूसरौ नांहि।। ११८।।

**અર્થઃ-** રાગ-દ્વેષ આદિ વિભાવપરિણતિ દૂર કરીને શુદ્ધ આત્મપદમાં લીન થાવ, એ જ એક મોક્ષનો રસ્તો છે, બીજો માર્ગ કોઈ નથી. ૧૧૮.

**આત્મ-અનુભવ વિના બાહ્ય ચારિત્ર હોવા છતાં પણ જીવ અવ્રતી છે ( સવૈયા એકત્રીસા )**

❋ केई मिथ्याद्रिष्टी जीव धरै जिनमुद्रा भेष,
क्रियामैं मगन रहैं कहैं हम जती हैं।

---

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।
तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।। ४७।।
❋ ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना
लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।
नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।। ४८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अतुल अखंड मल रहित सदा उदोत,
ऐसे ग्यान भावसौं विमुख मूढ़मती हैं।।
आगम संभालैं दोस टालैं विवहार भालैं,
पालैं व्रत जदपि तथापि अविरती हैं।
आपुकौं कहावैं मोख मारगके अधिकारी,
मोखसौं सदीव रुष्ट दुष्ट दुरमती[१] हैं।। ११९।।

**શબ્દાર્થઃ-** ક્રિયા = બાહ્ય ચારિત્ર. જતી (यति) = સાધુ. અતુલ = ઉપમા રહિત. અખંડ = નિત્ય. સદા ઉદોત = હંમેશાં પ્રકાશિત રહેનાર. વિમુખ = પરાઙ્મુખ. મૂઢમતી = અજ્ઞાની. આગમ = શાસ્ત્ર. ભાલૈં = દેખે. અવિરતિ (અવ્રતી) = વ્રત રહિત. રુષ્ટ = નારાજ. દુરમતી = ખોટી બુદ્ધિવાળા.

**અર્થઃ-** કેટલાક મિથ્યાદૃષ્ટિ જીવ જિનલિંગ ધારણ કરીને શુભાચારમાં લાગ્યા રહે છે અને કહે છે કે અમે સાધુ છીએ. તે મૂર્ખ, અનુપમ, અખંડ, અમલ, અવિનાશી અને સદા પ્રકાશવાન એવા જ્ઞાનભાવથી સદા પરાઙ્મુખ છે. જોકે તેઓ સિદ્ધાંતનું અધ્યયન કરે છે, નિર્દોષ આહાર-વિહાર કરે છે, અને વ્રતોનું પાલન કરે છે, તોપણ અવ્રતી છે. તેઓ પોતાને મોક્ષમાર્ગના અધિકારી કહે છે, પરંતુ તે દુષ્ટો મોક્ષમાર્ગથી વિમુખ છે અને દુર્મતિ છે. ૧૧૯.

**વળી-( ચોપાઈ )**

जैसैं मुगध धान पहिचानै।
तुष तंदुलकौ भैद न जानै।।
तैसैं मूढ़मती विवहारी।
लखै न बंध मोख गति न्यारी।। ।।१२०।।

**અર્થઃ-** જેવી રીતે ભોળો મનુષ્ય અનાજને ઓળખે અને ફોતરા તથા

---

૧. 'દુરગતી' એવો પણ પાઠ છે.

व्यवहारविमूढद्दष्टयः परमार्थं कलयन्ति नो जनाः।
तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम्।। ४९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાજના દાણાનો ભેદ ન જાણે, તેવી જ રીતે બાહ્ય-ક્રિયામાં લીન રહેનાર અજ્ઞાની બંધ અને મોક્ષની ભિન્નતા જાણતો નથી. ૧૨૦.

**વળી-( દોહરા )**

जे विवहारी मूढ़ नर, परजै बुद्धी जीव।
तिन्हेकौं बाहिज क्रियाविषै, है अवलंब सदीव।। १२१।।

कुमती बाहिज द्रष्टिसौं, बाहिज क्रिया करंत।
मानै मोख परंपरा, मनमैं हरष धरंत।। १२२।।

सुद्धातम अनुभौ कथा, कहै समकिती कोइ।
सो सुनिकैं तासौं कहै, यह सिवपंथ न होइ।। १२३।।

**અર્થ:-** જે વ્યવહારમાં લીન અને પર્યાયમાં જ અહંબુદ્ધિ કરનાર ભોળા મનુષ્યો છે, તેમને હમેશાં બાહ્ય ક્રિયાકાંડનું જ બળ રહે છે. ૧૨૧. જે બહિર્દષ્ટિ અને અજ્ઞાની છે તેઓ બાહ્ય ચારિત્રને જ અંગીકાર કરે છે અને મનમાં પ્રસન્ન થઈને તેને મોક્ષમાર્ગ સમજે છે. ૧૨૨. જો કોઈ સમ્યગ્દષ્ટિ જીવ તે મિથ્યાત્વીઓ સાથે શુદ્ધ આત્મ-અનુભવની વાર્તા કરે તો તે સાંભળીને તેઓ કહે છે કે આ મોક્ષમાર્ગ નથી. ૧૨૩.

**અજ્ઞાની અને જ્ઞાનીઓની પરિણતિમાં ભેદ છે ( કવિત્ત )**

❋जिन्हके देहबुद्धि घट अंतर,
मुनि-मुद्रा धरि क्रिया प्रवांनहि।
ते हिय अंध बंधके करता,
परम तत्तकौ भेद न जानहि।।
जिन्हके हिए सुमतिकी कनिका,
बाहिज क्रिया भेष परमानहि।

---

❋ द्रव्यलिङ्गममकारमीलितैर्दृश्यते समयसार एव न।
द्रव्यलिङ्गमिह यत्किलान्यतो ज्ञानमेकमिदमेव हि स्वत:।। ५०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ते समकिती मोख मारग मुख,
करि प्रस्थान भवस्थिति भानहि।। १२४।।

**શબ્દાર્થઃ-** દેહબુદ્ધિ = શરીરને પોતાનું માનવું. પ્રમાનહિ = સત્ય માનવું. હિય = હૃદય. પરમતત્ત = આત્મપદાર્થ. કનિકા = કિરણ. ભવસ્થિતિ = સંસારની સ્થિતિ. ભાનહિ = નષ્ટ કરે છે.

**અર્થઃ-** જેમના હૃદયમાં શરીર ઉપર અહંબુદ્ધિ છે, તે મુનિનો વેશ ધારણ કરીને બાહ્ય ચારિત્રને જ સત્ય માને છે. તે હૃદયના આંધળા બંધના કર્તા છે, આત્મ-પદાર્થનો મર્મ જાણતા નથી, અને જે સમ્યગ્દષ્ટિ જીવોના હૃદયમાં સમ્યગ્જ્ઞાનનું કિરણ પ્રકાશિત થયું છે, તેઓ બાહ્યક્રિયા અને વેષને પોતાનું નિજસ્વરૂપ સમજતા નથી, તેઓ મોક્ષમાર્ગની સન્મુખ ગમન કરીને ભવસ્થિતિને નષ્ટ કરે છે. ૧૨૪.

**સમયસારનો સાર ( સવૈયા એકત્રીસા )**

आचारज कहैं जिन वचनकौ विसतार,
अगम अपार है कहैंगे हम कितनौ।
बहुत बोलिबेसौं न मकसूद चुप्प भली,
बोलिये सुवचन प्रयोजन है जितनौ।।
नानारूप जलपसौं नाना विकलप उठैं,
तातैं जेतौ कारज कथन भलौ तितनौ।
सुद्ध परमातमाकौ अनुभौ अभ्यास कीजै,
यहै मोख-पंथ परमारथ है इतनौ।। १२५।।

**શબ્દાર્થઃ-** વિસતાર (વિસ્તાર) = ફેલાવો. અગમ = અથાહ. મકસૂદ = ઇષ્ટ. જલપ = બકવાદ. કારજ = કામ. પરમારથ (પરમાર્થ) = પરમ પદાર્થ.

---

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमहि परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।। ५१।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** શ્રીગુરુ કહે છે કે જિનવાણીનો વિસ્તાર વિશાળ અને અપરંપાર છે, અમે કયાં સુધી કહીશું વધારે બોલવું અમારે યોગ્ય નથી, તેથી હવે મૌન થઈ રહેવું સારું છે, કારણ કે વચન એટલા જ બોલવા જોઈએ, જેટલાથી પ્રયોજન સધાય. અનેક પ્રકારનો બકવાદ કરવાથી અનેક વિકલ્પ ઊઠે છે, તેથી તેટલું જ કથન કરવું બરાબર છે જેટલાનું કામ હોય. બસ, શુદ્ધ પરમાત્માના અનુભવનો અભ્યાસ કરો, એ જ મોક્ષમાર્ગ છે અને એટલો જ પરમાર્થ છે. ૧૨૫.

**વળી-( દોહરા )**

सुद्धातम अनुभौ क्रिया, सुद्ध ग्यान द्रिग दौर।
मुकति-पंथ साधन यहै, वागजाल सब और।। १२६।।

**શબ્દાર્થઃ-** ક્રિયા = ચારિત્ર. દ્રિગ = દર્શન. વાગજાલ = વચનોનો આડંબર.

**અર્થઃ-** શુદ્ધ આત્માનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, બાકી બધો વચનનો આડંબર છે. ૧૨૬.

**અનુભવ યોગ્ય શુદ્ધ આત્માનું સ્વરૂપ. ( દોહરા )**

जगत चक्षु आनंदमय, ग्यान चेतनाभास।
निरविकलप सासुत सुथिर, कीजै अनुभौ तास।। १२७।।
अचल अखंडित ग्यानमय, पूरन वीत ममत्व।
ग्यान गम्य बाधा रहित, सो है आतम तत्त्व।। १२८।।

**અર્થઃ-** આત્મપદાર્થ જગતના સર્વ પદાર્થોને દેખવા માટે નેત્ર છે, આનંદમય છે, જ્ઞાન-ચેતનાથી પ્રકાશિત છે, સંકલ્પ-વિકલ્પ રહિત છે, સ્વયંસિદ્ધ છે, અવિનાશી

---

इदमेंकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।
विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।। ५२।।
इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।
अखण्डमेकमचलं स्वसंवेद्यमबाधितम्।। ५३।।
इति सर्वविशुद्धिज्ञानाधिकारः।। १०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, અચળ છે, અખંડિત છે, જ્ઞાનનો પિંડ છે, સુખ આદિ અનંત ગુણોથી પરિપૂર્ણ છે, વીતરાગ છે, ઇન્દ્રિયોથી અગોચર છે, જ્ઞાનગોચર છે, જન્મ-મરણ અથવા ક્ષુધા-તૃષા આદિની બાધાથી રહિત નિરાબાધ છે. આવા આત્મ-તત્ત્વનો અનુભવ કરો. ૧૨૭. ૧૨૮.

(દોહરા)

सर्व विसुद्धि द्वार यह, कह्यौ प्रगट सिवपंथ।
कुंदकुंद मुनिराज कृत, पूरन भयौ गरंथ।। १२९।।

**અર્થઃ-** સાક્ષાત્ મોક્ષનો માર્ગ (એવો) આ સર્વવિશુદ્ધિ અધિકાર કહ્યો અને સ્વામી કુંદકુંદમુનિ રચિત શાસ્ત્ર સમાપ્ત થયું. ૧૨૯.

ગ્રંથકર્તાનું નામ અને ગ્રંથનો મહિમા (ચોપાઈ)

कुंदकुंद मुनिराज प्रवीना।
तिन्ह यह ग्रंथ इहांलौं कीना।।
गाथा बद्ध सुप्राकृत वानी।
गुरुपरंपरा रीति बखानी।। १३०।।
भयौ गिरंथ जगत विख्याता।
सुनत महा सुख पावहि ग्याता।।
जे नव रस जगमांहि बखानै।
ते सब समयसार रस सानै[1]।। १३१।।

**અર્થઃ-** આધ્યાત્મિક વિદ્યામાં કુશળ સ્વામી કુન્દકુન્દ મુનિએ આ ગ્રંથ અહીં સુધી રચ્યો છે, અને તે ગુરુ-પરંપરાના કથન અનુસાર પ્રાકૃત ભાષામાં ગાથાબદ્ધ કથન કર્યું છે. ૧૩૦. આ ગ્રંથ જગત્પ્રસિદ્ધ છે, એને સાંભળી જ્ઞાનીઓ પરમાનંદ પ્રાપ્ત કરે છે. લોકોમાં જે નવરસ પ્રસિદ્ધ છે તે બધા આ સમયસારના રસમાં સમાયેલા છે. ૧૩૧

---

૧. 'માનૈ' એવો પણ પાઠ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વળી-( દોહરા )**

प्रगटरूप संसारमैं, नव रस नाटक होइ।
नवरस गर्भित ग्यानमय, विरला जानैं कोइ।। १३२।।

**અર્થઃ-** સંસારમાં પ્રસિદ્ધ છે કે નાટક નવરસ સહિત હોય છે, પણ જ્ઞાનમાં નવેય રસ ગર્ભિત છે, એ વાત કોઈ વિરલા જ જાણે છે.

**ભાવાર્થઃ-** નવરસોમાં બધાનો નાયક શાંતરસ છે અને શાંતરસ જ્ઞાનમાં છે. ૧૩૨.

**નવ રસોના નામ ( કવિત્ત )**

प्रथम सिंगार वीर दूजौ रस,
तीजौ रस करुना सुखदायक।
हास्य चतुर्थ रुद्र रस पंचम,
छट्ठम रस बीभच्छ विभायक।।
सप्तम भय अट्ठम रस अद्भुत,
नवमो शांत रसनिकौ नायक।
ए नव रस एई नव नाटक,
जो जहं मगन सोइ तिहि लायक।। १३३।।

**અર્થઃ-** પહેલો શૃંગાર, બીજો વીરરસ, ત્રીજો સુખદાયક કરુણારસ, ચોથો હાસ્ય, પાંચમો રૌદ્ર રસ, છઠ્ઠો ઘૃણાસ્પદ બીભત્સ રસ, સાતમો ભયાનક, આઠમો અદ્ભુત અને નવમો સર્વ રસોનો શિરતાજ શાંતરસ છે. આ નવ રસ છે. અને એ જ નાટકરૂપ છે. જે, જે રસમાં મગ્ન થાય તેને તે જ રુચિકર લાગે છે. ૧૩૩.

**નવ રસોના લૌકિક સ્થાન ( સવૈયા એકત્રીસા )**

सोभामैं सिंगार बसै वीर पुरुषारथमैं,
कोमल हिएमैं करुना रस बखानिये।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

आनंदमैं हास्य रुंड मुंडमैं विराजै रुद्र,
बीभत्स तहां जहां गिलानी मन आनिये।।
चिंतामैं भयानक अथाहतामैं अदभुत,
मायाकी अरुचि तामैं सांत रस मानिये।
एई नव रस भवरूप एई भावरूप,
इनिकौ विलेछिन सुद्रिष्टि जागैं जानिये।। १३४।।

**શબ્દાર્થ:-** રુંડ-મુંડ = રણ-સંગ્રામ. વિલેછિન = પૃથક્કરણ.

**અર્થ:-** શોભામાં શૃંગાર, પુરુષાર્થમાં વીર, કોમળ હૃદયમાં કરુણા, આનંદમાં હાસ્ય, રણ-સંગ્રામમાં રૌદ્ર, ગ્લાનિમાં બીભત્સ, શોક મરણાદિની ચિંતામાં ભયાનક, આશ્ચર્યમાં અદ્‌ભુત અને વૈરાગ્યમાં શાંતરસનો નિવાસ છે. આ નવ રસ લૌકિક છે અને પારમાર્થિક છે, એનું પૃથક્કરણ જ્ઞાનદષ્ટિનો ઉદય થતાં થાય છે. ૧૩૪.

**નવ રસોના પારમાર્થિક સ્થાન ( છપ્પા )**

गुन विचार सिंगार, वीर उद्यम उदार रुख।
करुना समरस रीति, हास हिरदै उछाह सुख।।
अष्ट करम दलमलन, रुद्र वरतै तिहि थानक।
तन विलेछ बीभच्छ, दुंद मुख दसा भयानक।।
अदभुत अनंत बल चिंतवन, सांत सहज वैराग धुव।
नव रस विलास परगास तब,
जब सुबोध घट प्रगट हुव।। १३५।।

**શબ્દાર્થ:-** ઉછાહ = ઉત્સાહ. દલમલન = નષ્ટ કરવું. વિલેછ = અશુચિ.

**અર્થ:-** આત્માને જ્ઞાનગુણથી વિભૂષિત કરવાનો વિચાર તે શ્રૃંગાર રસ છે, કર્મ-નિર્જરાનો ઉદ્યમ તે વીરરસ છે, પોતાના જ જેવા સર્વ જીવોને સમજવા તે કરુણા રસ છે, મનમાં આત્મ-અનુભવનો ઉત્સાહ તે હાસ્યરસ છે, આઠ કર્મોનો

નાશ કરવો તે રૌદ્ર રસ છે, શરીરની અશુચિનો વિચાર કરવો તે બીભત્સ રસ છે, જન્મ-મરણ આદિનું દુઃખ ચિંતવવું તે ભયાનક રસ છે, આત્માની અનંત શક્તિનું ચિંતવન કરવું તે અદ્દભુત રસ છે, દૃઢ વૈરાગ્ય ધારણ કરવો તે શાંત રસ છે. જ્યારે હૃદયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આ રીતે નવરસનો વિલાસ પ્રકાશિત થાય છે. ૧૩૫.

**( ચોપાઈ )**

जब सुबोध घटमैं परगासै।
तब रस विरस विषमता नासै।।
नव रस लखै एक रस मांही।
तातैं विरस भाव मिटि जांही।। १३६।।

**શબ્દાર્થઃ-** સુબોધ = સમ્યગ્જ્ઞાન. વિષમતા = ભેદ.

**અર્થઃ-** જ્યારે હૃદયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે, ત્યારે રસ-વિરસનો ભેદ મટી જાય છે. એક જ રસમાં નવ રસ દેખાય છે, તેથી વિરસભાવ નષ્ટ થઈને એક શાંત રસમાં જ આત્મા વિશ્રામ લે છે. ૧૩૬.

**( દોહરા )**

सबरसगर्भित मूल रस, नाटक नाम गरंथ।
जाके सुनत प्रवांन जिय, समुझै पंथ कुपंथ।। १३७।।

**શબ્દાર્થઃ-** મૂલ રસ = પ્રધાનરસ. કુપંથ = મિથ્યામાર્ગ.

**અર્થઃ-** આ નાટક સમયસાર ગ્રંથ સર્વ રસોથી ગર્ભિત આત્માનુભવરૂપ મૂળ રસમય છે, તે સાંભળતા જ જીવ સન્માર્ગ અને ઉન્માર્ગને સમજી જાય છે. ૧૩૭.

**( ચોપાઈ )**

वरतै ग्रंथ जगत हित काजा।
प्रगटे अमृतचंद्र मुनिराजा।।
तब तिन्हि ग्रंथ जानि अति नीका।
रची बनाई संसकृत टीका।। १३८।।

**અર્થ**:- આ જગહિતકારી ગ્રંથ પ્રાકૃત ભાષામાં હતો, અમૃતચંદ્ર સ્વામીએ તેને અત્યંત શ્રેષ્ઠ જાણીને એની સંસ્કૃત ટીકા બનાવી. ૧૩૮.

(દોહરા)

सरब विसुद्धी द्वारलौं, आए करत बखान।
तब आचारज भगतिसौं, करै ग्रंथ गुन गान।। १३९।।

**અર્થ**:- અમૃતચંદ્ર સ્વામીએ સર્વવિશુદ્ધિ દ્વાર સુધી આ ગ્રંથનું સંસ્કૃત ભાષામાં વ્યાખ્યાન કર્યું છે અને ભક્તિપૂર્વક ગુણાનુવાદ ગાયા છે. ૧૩૯.

## દસમા અધિકારનો સાર

અનંતકાળથી જન્મ-મરણરૂપ સંસારમાં નિવાસ કરતાં આ મોહી જીવે પુદ્ગલોના સમાગમથી કદી પોતાના સ્વરૂપનો આસ્વાદ લીધો નથી; અને રાગ-દ્વેષ આદિ મિથ્યાભાવોમાં તત્પર રહ્યો. હવે સાવધાન થઈને નિજાત્મઅભિરુચિરૂપ સુમતિ રાધિકા સાથે સંબંધ કરવો અને પરપદાર્થોમાં અહંબુદ્ધિરૂપ કુમતિ કુબ્જાથી વિરક્ત થવું ઉચિત છે. સુમતિ રાધિકા શેતરંજના ખેલાડી સમાન પુરુષાર્થને મુખ્ય કરે છે અને કુમતિ કુબ્જા ચોપાટના ખેલાડીની જેમ 'પાસા પડે સો દાવ'ની નીતિથી ભાગ્યનું અવલંબન લે છે. આ દ્રષ્ટાંતથી સ્પષ્ટ છે કે નીતિથી પોતાના બુદ્ધિબળ અને બાહ્ય સાધનોનો સંગ્રહ કરીને ઉદ્યોગમાં તત્પર થવાની શિખામણ આપવામાં આવી છે. નસીબની વાત છે, કર્મ જેવો રસ આપશે તે થશે, ભાગ્યમાં નથી, ઇત્યાદિ ભાગ્યને રોવું તેને અજ્ઞાનભાવ કહ્યો છે, કારણ કે ભાગ્ય આંધળું છે અને પુરુષાર્થ દેખતો છે.

આત્મા પૂર્વકર્મરૂપ વિષવૃક્ષોનો કર્તા-ભોક્તા નથી, આ જાતનો વિચાર દ્રઢ રાખવાથી અને શુદ્ધાત્મપદમાં મસ્ત રહેવાથી તે કર્મ-સમૂહ પોતાની મેળે નષ્ટ થઈ જાય છે. જો આંધળો મનુષ્ય લંગડા મનુષ્યને પોતાના ખભા ઉપર લઈ લે, તો આંધળો લંગડાના જ્ઞાન અને લંગડો આંધળાના પગની મદદથી રસ્તો પસાર કરી શકે છે. પરંતુ આંધળો એકલો જ રહે અને લંગડો પણ તેનાથી જુદો રહે તો, તે બન્ને ઇચ્છિત ક્ષેત્રે પહોંચી શકતા નથી અને વિપત્તિ ઉપર વિજય મેળવી શકતા નથી. એ જ દશા જ્ઞાન અને ચારિત્રની છે. સાચું પૂછો તો, જ્ઞાન વિના ચારિત્ર ચારિત્ર જ નથી, અને ચારિત્ર વિના જ્ઞાન જ્ઞાન જ નથી, કારણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે જ્ઞાન વિના પદાર્થનું સ્વરૂપ કોણ ઓળખશે અને ચારિત્ર વિના સ્વરૂપમાં વિશ્રામ કેવી રીતે મળશે? તેથી સ્પષ્ટ છે કે જ્ઞાન-વૈરાગ્યની જોડી છે. ક્રિયાના ફળમાં લીન થવાનો જૈનમતમાં કાંઈ મહિમા નથી, તેને "કરની હિત હરની સદા, મુકતિ વિતરની નાંહિ" કહ્યું છે. તેથી જ્ઞાનીઓ જ્ઞાનગોચર અને જ્ઞાનસ્વરૂપ આત્માનો જ અનુભવ કરે છે.

યાદ રહે કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે, જ્યારે તે જ્ઞેયનું ગ્રહણ કરે છે અર્થાત્ જાણે છે, ત્યારે તેની પરિણતિ જ્ઞેયાકાર થાય છે કારણ કે જ્ઞાન સવિકલ્પ છે, દર્શન સમાન નિર્વિકલ્પ નથી, અર્થાત્ જ્ઞાન જ્ઞેયના આકાર આદિનો વિકલ્પ કરે છે કે આ નાનું છે, આ મોટું છે, વાંકું છે, સીધું છે, ઊંચું છે, નીચું છે, ગોળ છે, ત્રિકોણ છે, મીઠું છે, કડવું છે, સાધક છે, બાધક છે, હેય છે, ઉપાદેય છે, ઇત્યાદિ. પરંતુ જ્ઞાન જ્ઞાન જ રહે છે, જ્ઞેયનું જ્ઞાયક હોવાથી અથવા જ્ઞેયાકારે પરિણમવાથી જ્ઞેયરૂપ થતું નથી, પરંતુ જ્ઞાનમાં જ્ઞેયની આકૃતિ પ્રતિબિંબિત થવાથી અથવા તેમાં આકાર આદિનો વિકલ્પ થવાથી અજ્ઞાનીઓ જ્ઞાનનો દોષ સમજે છે અને કહે છે કે જ્યારે આ જ્ઞાનની સવિકલ્પતા મટી જશે-અર્થાત્ આત્મા શૂન્ય જડ જેવો થઈ જશે, ત્યારે જ્ઞાન નિર્દોષ થશે, પરંતુ 'વસ્તુભાવ મિટૈ નહિ કયોંહી'ની નીતિથી તેમનો વિચાર નિષ્ફળ છે. ઘણુંખરું જોવામાં આવ્યું છે કે આપણે કાંઈ ને કાંઈ ચિંતવન કર્યા જ કરીએ છીએ, તેનાથી ખેદખિન્ન થયા કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે આ ચિંતવન ન થયા કરે. એ માટે આપણો અનુભવ એવો છે કે ચેતયિતા ચેતન તો ચેતતો જ રહે છે, ચેતતો હતો અને ચેતતો રહેશે, તેનો ચેતના સ્વભાવ મટી શકતો નથી. "તાતૈં ખેદ કરૈં સઠ યોંહી"ની નીતિથી ખિન્નતા પ્રતીત થાય છે, માટે ચિંતવન, ધર્મ-ધ્યાન અને મંદકષાયરૂપ થવું જોઈએ. એમ કરવાથી ઘણી શાંતિ મળે છે તથા સ્વભાવનો સ્વાદ મળવાથી સાંસારિક સંતાપ સતાવી શકતા નથી, તેથી સદા સાવધાન રહીને ઇષ્ટ-વિયોગ, અનિષ્ટ-સંયોગ પરિગ્રહ-સંગ્રહ આદિને અત્યંત ગૌણ કરીને નિર્ભય, નિરાકુળ, નિગમ, નિર્ભેદ આત્માના અનુભવનો અભ્યાસ કરવો જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## સ્યાદ્વાદ દ્વાર

## ( ૧૧ )

**સ્વામી અમૃતચંદ્ર મુનિની પ્રતિજ્ઞા ( ચોપાઈ )**

अदभुत ग्रंथ अध्यातम वानी।
समुझै कोऊ विरला ग्यानी।।
यामैं स्यादवाद अधिकारा।
ताकौ जो कीजै बिसतारा।।१।।
तो गरंथ अति सोभा पावै।
वह मंदिर यहु कलस कहावै।।
तब चित अमृत वचन गढि खोले।
अमृतचंद्र आचारज बोले।।२।।

**શબ્દાર્થ:-** અદ્‌ભુત = અથાહ. બિરલા = કોઈ કોઈ. ગઢિ = રચીને.

**અર્થ:-** આ અધ્યાત્મ-કથનનો ગહન ગ્રંથ છે. એને કોઈ વિરલા મનુષ્ય જ સમજી શકે છે. જો એમાં સ્યાદ્વાદ અધિકાર વધારવામાં આવે તો આ ગ્રંથ અત્યંત સુંદર થઈ જાય, અર્થાત્ જો કુંદકુંદસ્વામી રચિત ગ્રંથની રચના મંદિરવત્ છે, તો તેના ઉપર સ્યાદ્વાદનું કથન કળશ સમાન સુશોભિત થશે. એવો વિચાર કરીને અમૃત-વચનોની રચના કરીને અમૃતચંદ્ર સ્વામી કહે છે. ૧.૨.

**વળી-( દોહરા )**

कुंदकुंद नाटक विषै, कह्यो दरब अधिकार।
स्यादवाद नै साधि मैं, कहौं अवस्था द्वार।।३।।
कहौं मुकति-पदकी कथा, कहौं मुकतिकौ पंथ।
जैसैं घृत कारज जहां, तहां कारन दधि मंथ।।४।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ**:- સ્વામી કુન્દકુન્દાચાર્યે નાટક ગ્રંથમાં જીવ-અજીવ દ્રવ્યોનું સ્વરૂપ વર્ણવ્યું છે, હવે હું સ્યાદ્વાદ, નય અને સાધ્ય-સાધક અધિકાર કહું છું. ૩. સાધ્ય-સ્વરૂપ મોક્ષપદ અને સાધક-સ્વરૂપ મોક્ષમાર્ગનું કથન કરું છું, જેવી રીતે ઘી-રૂપ પદાર્થની પ્રાપ્તિ માટે દહીં વલોવવું તે કારણ છે. ૪.

**ભાવાર્થ**:- જેવી રીતે દધિમંથનરૂપ કારણ મળવાથી ઘૃત પદાર્થની પ્રાપ્તિરૂપ કાર્ય સિદ્ધ થાય છે, તેવી જ રીતે મોક્ષમાર્ગનું ગ્રહણ કરવાથી મોક્ષપદાર્થની પ્રાપ્તિ થાય છે. મોક્ષમાર્ગ કારણ છે અને મોક્ષપદાર્થ કાર્ય છે. કારણ વિના કાર્યની સિદ્ધિ થતી નથી, તેથી કારણસ્વરૂપ મોક્ષમાર્ગ અને કાર્યસ્વરૂપ મોક્ષ બન્નેનું વર્ણન કરવામાં આવે છે.

( ચોપાઈ )

अमृतचंद्र बोले मृदुवानी।
स्यादवादकी सुनौ कहानी।।
कोऊ कहै जीव जग मांही।
कोऊ कहै जीव है नांही।। ५।।

( દોહરા )

एकरूप कोऊ कहै, कोऊ अगनित अंग।
छिनभंगुर कोऊ कहै, कोऊ कहै अभंग।। ६।।
नै अनंत इहबिधि, कही मिलै न काहू कोइ।
जो सब नै साधन करै, स्यादवाद है सोई।। ७।।

**શબ્દાર્થ**:- કહાની = કથન. અગનિત અંગ = અનેક રૂપ. છિનભંગુર = અનિત્ય. અભંગ = નિત્ય.

**અર્થ**:- અમૃતચંદ્ર સ્વામીએ મૃદુ વચનોમાં કહ્યું કે સ્યાદ્વાદનું કથન સાંભળો; કોઈ કહે છે કે સંસારમાં જીવ છે, કોઈ કહે છે કે જીવ નથી. ૫. કોઈ જીવને એકરૂપ અને કોઈ અનેકરૂપ કહે છે, કોઈ જીવને અનિત્ય અને કોઈ નિત્ય કહે છે. ૬. આ રીતે અનેક નય છે, કોઈ કોઈમાં મળતા નથી, પરસ્પર વિરુદ્ધ છે અને જે સર્વ નયોને સાધે છે તે સ્યાદ્વાદ છે. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**વિશેષઃ-** કોઈ જીવ પદાર્થને અસ્તિસ્વરૂપ અને કોઈ જીવ પદાર્થને નાસ્તિસ્વરૂપ કહે છે. અદ્વૈતવાદી જીવને એક બ્રહ્મરૂપ કહે છે, નૈયાયિક જીવને અનેકરૂપ કહે છે, બૌદ્ધમતવાળા જીવને અનિત્ય કહે છે, સાંખ્યમતવાળા શાશ્વત અર્થાત્ નિત્ય કહે છે. અને આ સર્વ પરસ્પર વિરુદ્ધ છે, કોઈ કોઈને મળતા નથી, પણ સ્યાદ્વાદી સર્વ નયોને અવિરુદ્ધ સાધે છે.

**સ્યાદ્વાદ સંસાર-સાગરથી તારનાર છે ( દોહરા )**

स्यादवाद अधिकार अब, कहौं जैनकौ मूल।
जाके जानत जगत जन, लहैं जगत-जल-कूल।। ८।।

**શબ્દાર્થઃ-** મૂલ = મુખ્ય. જગત-જન = સંસારના મનુષ્ય. કૂલ = કિનારો.

**અર્થઃ-** જૈનમતનો મૂળ સિદ્ધાંત 'સ્યાદ્વાદ અધિકાર' કહું છું, જેનું જ્ઞાન થવાથી જગતના મનુષ્ય સંસાર-સાગરથી પાર થાય છે. ૮.

**નય સમૂહ વિષે શિષ્યની શંકા અને ગુરુનું સમાધાન ( સવૈયા એકત્રીસા )**

शिष्य कहै स्वामी जीव स्वाधीन कि पराधीन,
जीव एक है किधौं अनेक मानि लीजिए।
जीव है सदीव किधौं नांही है जगत मांहि,
जीव अविनश्वर कि नश्वर कहीजिए।।
सतगुरु कहै जीव है सदीव निजाधीन,
एक अविनश्वर दरव-द्रिष्टि दीजिए।
जीव पराधीन छिनभंगुर अनेक रूप,
नांही जहां तहां परजै प्रवांन कीजिए।। ९।।

---

अत्र स्याद्वादशुद्धयर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।
उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिंत्यते।। १।।
ब्राह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्
विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।
यत्तत्तत्दिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-
र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।। २।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** અવિનશ્વર = નિત્ય. નશ્વર = અનિત્ય. નિજાધીન = પોતાને આધીન. પરાધીન = બીજાને આધીન. નાંહી =નષ્ટ થનાર.

**અર્થ:-** શિષ્ય પૂછે છે કે હે સ્વામી! જગતમાં જીવ સ્વાધીન છે કે પરાધીન? જીવ એક છે અથવા અનેક? જીવ સદાકાળ છે અથવા કોઈવાર જગતમાં નથી રહેતો? જીવ અવિનાશી છે અથવા નાશવાન છે? શ્રીગુરુ કહે છે કે દ્રવ્યદષ્ટિથી જુઓ તો જીવ સદાકાળ છે, સ્વાધીન છે, એક છે અને અવિનાશી છે. પર્યાયદષ્ટિએ પરાધીન, ક્ષણભંગુર, અનેકરૂપ અને નાશવાન છે, તેથી જ્યાં જે અપેક્ષાએ કહેવામાં આવ્યું હોય તેને પ્રમાણ કરવું જોઈએ.

**વિશેષ:-** જ્યારે જીવની કર્મરહિત શુદ્ધ અવસ્થા ઉપર દષ્ટિ મૂકવામાં આવે છે, ત્યારે તે સ્વાધીન છે, જ્યારે તેની કર્માધીન દશા ઉપર ધ્યાન આપવામાં આવે છે, ત્યારે તે પરાધીન છે. લક્ષણની દષ્ટિએ સર્વ જીવદ્રવ્ય એક છે, સંખ્યાની દષ્ટિએ અનેક છે. જીવ હતો, જીવ છે, જીવ રહેશે, એ દષ્ટિએ જીવ સદાકાળ છે, જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે, તેથી એક ગતિમાં સદાકાળ નથી. જીવ પદાર્થ કદી નષ્ટ થઈ જતો નથી, તેથી તે અવિનાશી છે, ક્ષણે-ક્ષણે પરિણમન કરે છે તેથી તે અનિત્ય છે. ૯.

**પદાર્થ સ્વ-ચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિત્વરૂપ અને પર-ચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે.**
**( સવૈયા એકત્રીસા )**

दर्व खेत काल भाव च्यारौं भेद वस्तुहीमैं,
अपने चतुष्क वस्तु अस्तिरूप मानियै।
परके चतुष्क वस्तु नासति नियत अंग,
ताकौ भेद दर्व-परजाइ मध्य जानियै।।
दरब तौ वस्तु खेत सत्ताभूमि काल चाल,
स्वभाव सहज मूल सकति बखानियै।
याही भांति पर विकलप बुद्धि कलपना,
विवहारद्रिष्टि अंस भेद परवांनियै।। १०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થ:-** ચતુષ્ક = ચાર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. અસ્તિ = છે. નાસતિ = નથી. નિયત = નિશ્ચય. પરજાઈ = અવસ્થા. સત્તાભૂમિ = ક્ષેત્રાવગાહ.

**અર્થ:-** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચારે વસ્તુમાં જ છે, તેથી પોતાના ચતુષ્ક અર્થાત્ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ વસ્તુ અસ્તિરૂપ છે અને પરચતુષ્ક અર્થાત્ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાએ વસ્તુ નાસ્તિરૂપ છે. આ રીતે નિશ્ચયથી દ્રવ્ય અસ્તિ-નાસ્તિરૂપ છે. તેમના ભેદ દ્રવ્ય અને પર્યાયમાં જાણી શકાય છે. વસ્તુને દ્રવ્ય, સત્તાભૂમિને ક્ષેત્ર, વસ્તુના પરિણમનને કાળ અને વસ્તુના મૂળ સ્વભાવને ભાવ કહે છે. આ રીતે બુદ્ધિથી સ્વચતુષ્ટય અને પરચતુષ્ટયની કલ્પના કરવી તે વ્યવહારનયનો ભેદ છે.

**વિશેષ:-** ગુણ-પર્યાયોના સમૂહને વસ્તુ કહે છે, એનું જ નામ દ્રવ્ય છે. પદાર્થ આકાશમાં જે પ્રદેશોને રોકીને રહે છે અથવા જે પ્રદેશોમાં પદાર્થ રહે છે, તે સત્તાભૂમિને ક્ષેત્ર કહે છે. પદાર્થના પરિણમન અર્થાત્ પર્યાયથી પર્યાયાંતર થવું તેને કાળ કહે છે. અને પદાર્થના નિજસ્વભાવને ભાવ કહે છે. આ જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પદાર્થનું ચતુષ્ક અથવા ચતુષ્ટય કહેવાય છે. આ પદાર્થનું ચતુષ્ટય સદા પદાર્થમાં જ રહે છે, તેનાથી ભિન્ન થતું નથી. જેમ કે-ઘટમાં સ્પર્શ, રસ અથવા રુક્ષ, કઠોર, રક્ત આદિ ગુણપર્યાયોનો સમુદાય દ્રવ્ય છે, જે આકાશના પ્રદેશોમાં ઘટ સ્થિત છે અથવા ઘટના પ્રદેશો તેનું ક્ષેત્ર છે, ઘટના ગુણ-પર્યાયોનું પરિવર્તન તેનો કાળ છે, ઘટની જળધારણની શક્તિ તેનો ભાવ છે. એવી જ રીતે પટ પણ એક પદાર્થ છે, ઘટની જેમ પટમાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે. ઘટના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઘટમાં છે. પટમાં નથી; તેથી ઘટ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિરૂપ છે અને પટના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિરૂપ છે. એવી જ રીતે પટના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિરૂપ છે, પટના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઘટમાં નથી, તેથી પટ, ઘટના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિરૂપ છે. ૧૦.

**સ્યાદ્વાદના સાત ભંગ ( દોહરા )**

**है नांही नांही सु है, है है नांही नांहि।**
**यह सरवंगी नय धनी, सब मानै सबमांहि।। ११।।**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** હૈ = છે. નાંહિ = નથી. હૈ નાંહી = છે-નથી. નાંહી સુ હૈ = અવક્તવ્ય.

**અર્થ:-** અસ્તિ, નાસ્તિ, અસ્તિ-નાસ્તિ, અવક્તવ્ય, અસ્તિ-અવક્તવ્ય, નાસ્તિ-અવક્તવ્ય અને અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય, આવી રીતે સાત ભંગ થાય છે. એને સર્વાંગ નયના સ્વામી સ્યાદ્વાદ સર્વ વસ્તુમાં માને છે.

**વિશેષ:-** સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ આ પોતાના ચતુષ્ટયની અપેક્ષાએ તો દ્રવ્ય અસ્તિસ્વરૂપ છે અર્થાત્ પોતા સમાન છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ આ પરચતુષ્ટયની અપેક્ષાએ દ્રવ્ય નાસ્તિસ્વરૂપ છે અર્થાત્ પરસમાન નથી. ઉપર્યુક્ત સ્વચતુષ્ટય પરચતુષ્ટયની અપેક્ષાએ ક્રમથી ત્રણે કાળે પોતાના ભાવોથી અસ્તિ-નાસ્તિસ્વરૂપ છે અર્થાત્ પોતા સમાન છે-પર સમાન નથી. અને સ્વચતુષ્ટયની અપેક્ષાએ દ્રવ્ય એક જ કાળે વચનગોચર નથી, આ કારણે અવક્તવ્ય છે અર્થાત્ કહેવામાં આવી શકતું નથી. અને તે જ સ્વચતુષ્ટયની અપેક્ષાએ અને એક જ કાળે સ્વ-પર ચતુષ્ટયની અપેક્ષાએ દ્રવ્ય અસ્તિસ્વરૂપ છે તો પણ અવક્તવ્ય છે અને તેજ દ્રવ્ય પરચતુષ્ટયની અપેક્ષાએ અને એકજ કાળે સ્વપર ચતુષ્ટયના અપેક્ષાએ નાસ્તિસ્વરૂપ છે તોપણ કહી શકાતું નથી. અને તે જ દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષાએ અને પરચતુષ્ટયની અપેક્ષાએ અને એક જ કાળે સ્વપરચતુષ્ટયની અપેક્ષાએ આસ્તિ-નાસ્તિસ્વરૂપ છે, તોપણ અવક્તવ્ય છે. જેમકે- એક જ પુરુષ પુત્રની અપેક્ષાએ પિતા કહેવાય છે અને તે જ પુરુષ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર કહેવાય છે. તે જ પુરુષ મામાની અપેક્ષાએ ભાણેજ કહેવાય છે અને ભાણેજની અપેક્ષાએ મામા કહેવાય છે, સ્ત્રીની અપેક્ષાએ પતિ કહેવાય છે, બહેનની અપેક્ષાએ ભાઈ કહેવાય છે તથા તે જ પુરુષ પોતાના વેરીની અપેક્ષાએ શત્રુ કહેવાય છે અને ઇષ્ટની અપેક્ષાએ મિત્ર પણ કહેવાય છે. ઇત્યાદિ અનેક સંબંધોથી એક જ પુરુષ કથંચિત્ અનેક પ્રકારે કહેવામાં આવે છે, તેવી જ રીતે એક દ્રવ્ય સાત ભંગ દ્વારા સાધવામાં આવે છે. આ સાત ભંગોનું વિશેષ સ્વરૂપ સપ્તભંગીતરંગિણી આદિ અન્ય જૈનશાસ્ત્રોમાંથી સમજવું જોઈએ. ૧૧.

### એકાંતવાદીઓના ચૌદ નય-ભેદ ( સવૈયા એકત્રીસા )

ग्यानकौ कारन ज्ञेय आतमा त्रिलोकमय,
ज्ञेयसौं अनेक ग्यान मेल ज्ञेय छांही है।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जौलौं ज्ञेय तौलौं ग्यान सर्व दर्वमैं विग्यान,
ज्ञेय क्षेत्र मान ग्यान जीव वस्तु नांही है।।
देह नसै जीव नसै देह उपजत लसै,
आतमा अचेतना है सत्ता अंस मांही है।
जीव छिनभंगुर अग्यायक सहजरूपी[1] ग्यान,
ऐसी ऐसी एकान्त अवस्था मूढ पांही है।। १२।।

**અર્થ**:- (૧) જ્ઞેય, (૨) ત્રૈલોકયમય, (૩) અનેક જ્ઞાન, (૪) જ્ઞેયનું પ્રતિબિંબ, (૫) જ્ઞેય કાળ, (૬) દ્રવ્યમય જ્ઞાન, (૭) ક્ષેત્રયુત જ્ઞાન, (૮) જીવ નાસ્તિ, (૯) જીવ વિનાશ, (૧૦) જીવ ઉત્પાદ, (૧૧) આત્મા અચેતન, (૧૨) સત્તા અંશ, (૧૩) ક્ષણભંગુર અને (૧૪) અજ્ઞાયક. આવી રીતે ચૌદ નય છે. જે કોઈ એક નયનું ગ્રહણ કરે અને બાકીનાને છોડે, તે એકાંતી મિથ્યાદષ્ટિ છે.

(૧) જ્ઞેય-એક પક્ષ એ છે કે જ્ઞાન માટે જ્ઞેય કારણ છે.
(૨) ત્રૈલોકય પ્રમાણ-એક પક્ષ એ છે કે આત્મા ત્રણ લોક બરાબર છે.
(૩) અનેક જ્ઞાન-એક પક્ષ એ છે કે જ્ઞેયમાં અનેકતા હોવાથી જ્ઞાન પણ અનેક છે.
(૪) જ્ઞેયનું પ્રતિબિંબ-એક પક્ષ એ છે કે જ્ઞાનમાં જ્ઞેય પ્રતિબિંબિત થાય છે.
(૫) જ્ઞેય કાળ-એક પક્ષ એ છે કે જ્યાં સુધી જ્ઞેય છે ત્યાં સુધી જ્ઞાન છે જ્ઞેયનો નાશ થવાથી જ્ઞાનનો પણ નાશ છે.
(૬) દ્રવ્યમય જ્ઞાન-એક પક્ષ એ છે કે સર્વ દ્રવ્ય બ્રહ્મથી અભિન્ન છે, તેથી બધા પદાર્થો જ્ઞાનરૂપ છે.
(૭) ક્ષેત્રયુત જ્ઞાન-એક પક્ષ એ છે કે જ્ઞેયના ક્ષેત્ર બરાબર જ્ઞાન છે એનાથી બહાર નથી.

---

૧. 'सुरूपी ज्ञान' એવો પણ પાઠ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૮) જીવ નાસ્તિ–એક પક્ષ એ છે કે જીવ પદાર્થનું અસ્તિત્વ જ નથી.
(૯) જીવ વિનાશ–એક પક્ષ એ છે કે દેહનો નાશ થતાં જ જીવનો નાશ થઈ જાય છે.
(૧૦) જીવ ઉત્પાદ–એક પક્ષ એ છે કે શરીરની ઉત્પત્તિ થતાં જ જીવની ઉત્પત્તિ થાય છે.
(૧૧) આત્મા અચેતન–એક પક્ષ એ છે કે આત્મા અચેતન છે, કેમકે જ્ઞાન અચેતન છે.
(૧૨) સત્તા અંશ–એક પક્ષ એ છે કે આત્મા સત્તાનો અંશ છે.
(૧૩) ક્ષણભંગુર–એક પક્ષ એ છે કે જીવનું સદા પરિણમન થાય છે, તેથી ક્ષણભંગુર છે.
(૧૪) અજ્ઞાયક–એક પક્ષ એ છે કે જ્ઞાનમાં જાણવાની શક્તિ નથી, તેથી અજ્ઞાયક છે. ૧૪.

**પ્રથમ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)**

कोऊ मूढ़ कहै जैसैं प्रथम सवांरी भींति,
पाछैं ताकै ऊपर सुचित्र आछ्यौ लेखिए।
तैसैं मूल कारन प्रगट घट पट जैसौ,
तैसौ तहां ग्यानरूप कारज विसेखिए।।
ग्यानी कहै जैसी वस्तु तैसौ ही सुभाव ताकौ,
तातैं ग्यान ज्ञेय भिन्न भिन्न पद पेखिए।
कारन कारज दोऊ एकहीमैं निहचै पै,
तेरौ मत साचौ विवहारदृष्टि देखिए।। १३।।

**શબ્દાર્થઃ-** ભીંતિ = દીવાલ. આછયૌ = ઉત્તમ. મૂલ કારન = મુખ્ય કારણ. કારજ = કાર્ય. નિહચૈ = નિશ્ચયનયથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ**:- કોઈ અજ્ઞાની (મીમાંસક) આદિ કહે છે કે પહેલાં દીવાલ સાફ કરીને પછી તેના ઉપર ચિત્રકામ કરવાથી ચિત્ર સારું થાય છે અને જો દીવાલ ખરાબ હોય તો ચિત્ર પણ ખરાબ ઉઘડે છે; તેવી જ રીતે જ્ઞાનના મૂળ કારણ ઘટ-પટ આદિ જ્ઞેય જેવા હોય છે તેવું જ્ઞાનરૂપ કાર્ય થાય છે, તેથી સ્પષ્ટ છે કે જ્ઞાનનું કારણ જ્ઞેય છે અને સ્યાદ્વાદી જ્ઞાની સંબોધન કરે છે કે જે જેવો પદાર્થ હોય છે, તેવો જ તેનો સ્વભાવ હોય છે, તેથી જ્ઞાન અને જ્ઞેય ભિન્ન ભિન્ન પદાર્થ છે. નિશ્ચયનયથી કારણ અને કાર્ય બન્ને એક જ પદાર્થમાં છે, તેથી તારું જે મંતવ્ય છે તે વ્યવહારનયથી સત્ય છે. ૧૩.

**બીજા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)**

कोऊ मिथ्यामती लोकालोक व्यापि ग्यान मानि,
समुझै त्रिलोक पिंड आतम दरब है।
याहीतैं सुछंद भयौ डोलै मुखहू न बोलै,
कहै या जगतमैं हमारोई परब है।।
तासौं ग्याता कहै जीव जगतसौं भिन्न पै,
जगतकौ विकासी तौही याहीतैं गरब है।
जो वस्तु सो वस्तु पररूपसौं निराली सदा,
निहचै प्रमान स्यादवादमैं सरब है।। १४।।

**શબ્દાર્થ**:- લોક = જ્યાં છ દ્રવ્યો પ્રાપ્ત થાય. અલોક = લોકથી બહારનું ક્ષેત્ર. સુછંદ = સ્વતંત્ર. ગરબ = અભિમાન.

**અર્થ**:- કોઈ અજ્ઞાની (નૈયાયિક આદિ) જ્ઞાનને લોકાલોક વ્યાપી જાણીને

---

विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्ट्वा स्वतत्त्वाशया
भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।
यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-
र्विश्वाद् भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।। ३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મ-પદાર્થને ત્રૈલોકય-પ્રમાણ સમજી બેઠા છે, તેથી પોતાને સર્વવ્યાપી સમજીને સ્વતંત્ર વર્તે છે; અને અભિમાનમાં મસ્ત થઈને બીજાને મૂર્ખ સમજે છે, કોઈની સાથે વાત પણ કરતા નથી અને કહે છે કે સંસારમાં અમારો જ સિદ્ધાંત સાચો છે. તેમને સ્યાદ્વાદી કહે છે કે જીવ જગતથી જુદો છે, પરંતુ તેનું જ્ઞાન ત્રણ લોકમાં પ્રસારિત થાય છે તેથી તને ઇશ્વરપણાનું અભિમાન છે, પરંતુ પદાર્થ પોતાના સિવાય અન્ય પદાર્થોથી સદા નિરાળો રહે છે, તેથી નિશ્ચયનયથી સ્યાદ્વાદમાં સર્વ ગર્ભિત છે. ૧૪.

**તૃતીયા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )**

कोऊ पसु ग्यानकी अनंत विचित्राई देखै,
ज्ञेयके अकार नानारूप विसतस्यौ है।
ताहीको विचारि कहै ग्यानकी अनेक सत्ता,
गहिकै एकंत पच्छ लोकनिसौं लस्यौ है।।
ताकौ भ्रम भंजिवेकौ ग्यानवंत कहै ग्यान,
अगम अगाध निराबाध रस भस्यौ है।
ज्ञायक सुभाइ परजायसौं अनेक भयौ,
जद्यपि तथापि एकतासौं नहिं टस्यौ है।। १५।।

**શબ્દાર્થ**:- પસુ = મૂર્ખ. વિસતરયૌ = ફેલાયો. લરયૌ = ઝગડે છે. ભંજિવેકૌ = નષ્ટ કરવા માટે.

**અર્થ**:- અનંત જ્ઞેયના આકારરૂપ પરિણમન કરવાથી જ્ઞાનમાં અનેક વિચિત્રતાઓ દેખાય છે, તેનો વિચાર કરીને કોઈ કોઈ પશુવત્ અજ્ઞાની કહે છે

---

बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लसद्-
ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुट्यन्पशुर्नश्यति।
एकद्रव्यतया सदा व्युदितया भेदभ्रमं ध्वंसय-
न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।। ४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે જ્ઞાન અનેક છે અને એનો એકાંત પક્ષ ગ્રહણ કરીને લોકો સાથે ઝગડે છે. તેમનું અજ્ઞાન દૂર કરવા માટે સ્યાદ્વાદી જ્ઞાની કહે છે કે જ્ઞાન અગમ્ય, ગંભીર અને નિરાબાધ રસથી પરિપૂર્ણ છે. તેનો જ્ઞાયક સ્વભાવ છે, તે જોકે પર્યાયદ્રષ્ટિથી અનેક છે, તોપણ દ્રવ્યદ્રષ્ટિથી એક જ છે. ૧૫.

**ચતુર્થપક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )**

कोऊ कुधी कहै ग्यान मांहि ज्ञेयकौ अकार,
प्रतिभासि रह्यौ है कलंक ताहि धोइयै।
जब ध्यान जलसौं पखारिकै धवल कीजै,
तब निराकार सुद्ध ग्यानमय होइयै।।
तासौं स्यादवादी कहै ग्यानकौ सुभाउ यहै,
ज्ञेयकौ अकार वस्तु मांहि कहां खोइयै।
जैसे नानारूप प्रतिबिंबकी झलक दीखै,
जद्यपि तथापि आरसी विमल जोइयै।। १६ ।।

**શબ્દાર્થઃ-** કુધી = મૂર્ખ. પ્રતિભાસિ = ઝળકવું. કલંક = દોષ. પખારિકૈ = ધોઈને. ધવલ = ઉજ્જ્વળ. આરસી = દર્પણ. જોઈયૈ = દેખીએ.

**અર્થઃ-** કોઈ અજ્ઞાની કહે છે કે જ્ઞાનમાં જ્ઞેયનો આકાર ઝળકે છે, એ જ્ઞાનનો દોષ છે. જ્યારે ધ્યાનરૂપ જળથી જ્ઞાનનો આ દોષ ધોઈને સાફ કરવામાં આવે ત્યારે શુદ્ધ જ્ઞાન નિરાકાર થાય છે. તેને સ્યાદ્વાદી જ્ઞાની કહે છે કે જ્ઞાનનો એવો જ સ્વભાવ છે, જ્ઞેયનો આકાર જે જ્ઞાનમાં ઝળકે છે, તે કયાં કાઢી મુકાય? જેવી રીતે દર્પણમાં જોકે અનેક પદાર્થો પ્રતિબિંબિત થાય છે, તોપણ દર્પણ જેમનું તેમ

---

ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय-
न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति।
वैचित्र्यऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं
पर्यायैस्तदनेकतां परिमृशन्पश्यत्यनेकान्तवित्।। ५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વચ્છ જ બની રહે છે, તેમાં કાંઈ પણ વિકાર થતો નથી. ૧૬.

**પંચમ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )**

कोऊ अज्ञ कहै ज्ञेयाकार ग्यान परिनाम,
जौलौं विद्यमान तौलौं ग्यान परगट है।
ज्ञेयके विनास होत ग्यानकौ विनास होइ,
ऐसी वाकै हिरदै मिथ्यातकी अलट है।।
तासौं समकितवं कहै अनुभौ कहानि,
पर्जय प्रवांन ग्यान नानाकार नट है।
निरविकलप अविनस्वर दरबरूप,
ग्यान ज्ञेय वस्तुसौं अव्यापक अघट है।। १७।।

**શબ્દાર્થઃ-** અજ્ઞ = અજ્ઞાની. વિદ્યમાન = મૌજૂદ. કહાનિ = કથા. પર્જય પ્રવાંન = પર્યાય જેવડું. નાનાકાર = અનેક આકૃતિ. અવ્યાપક = એકમેક નહિ થનાર. અઘટ = ઘટતી નથી અર્થાત્ બેસતી નથી.

**અર્થઃ-** કોઈ કોઈ અજ્ઞાની કહે છે કે જ્ઞાનનું પરિણમન જ્ઞેયના આકારે થાય છે, જ્યાં સુધી જ્ઞેય વિદ્યમાન રહે છે ત્યાં સુધી જ્ઞાન પ્રગટ રહે છે અને જ્ઞેયનો વિનાશ થતાં જ જ્ઞાન નષ્ટ થઈ જાય છે, આ રીતે તેના હૃદયમાં મિથ્યાત્વનો દુરાગ્રહ છે. તેથી ભેદવિજ્ઞાની અનુભવની વાત કહે છે કે જેવી રીતે એક નટ અનેક સ્વાંગ બનાવે છે, તેવી જ રીતે એક જ જ્ઞાન પર્યાયો-અનુસાર અનેકરૂપ ધારણ કરે છે. વાસ્તવમાં જ્ઞાન નિર્વિકલ્પ અને નિત્ય પદાર્થ છે, તે જ્ઞેયમાં પ્રવેશ નથી કરતું, તેથી જ્ઞાન અને જ્ઞેયની એકતા ઘટતી નથી. ૧૭.

---

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः
स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।
स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता
स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।। ६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### છઠ્ઠા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )

कोऊ मंद कहै धर्म अधर्म आकास काल,
पुदगल जीव सब मेरो रूप जगमैं।
जानै न मरम निज मानै आपा पर वस्तु,
बांधै द्रिढ़ करम धरम खोवै डगमैं।।
समकिती जीव सुद्ध अनुभौ अभ्यासै तातैं,
परकौ ममत्व त्याग करे पग पगमैं।
अपने सुभावमैं मगन रहै आठौं जाम,
धारावाही पंथक कहावै मोख मगमैं।। १८।।

**શબ્દાર્થઃ-** દ્રિઢ = પાકા. ધરમ = પદાર્થનો નિજસ્વભાવ. ડગ = કદમ. જામ = પ્રહર. આઠૌં જામ = હંમેશાં. પંથક = મુસાફર.

**અર્થઃ-** કોઈ બ્રહ્મ અદ્વૈતવાદી મૂર્ખ કહે છે કે ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્ગલ અને જીવ આ સર્વ જગત જ મારું સ્વરૂપ છે, અર્થાત્ સર્વ દ્રવ્યમય બ્રહ્મ છે, તેઓ પોતાનું નિજસ્વરૂપ જાણતા નથી અને પરપદાર્થોને નિજ-આત્મા માને છે, તેથી તેઓ સમયે સમયે કર્મોનો દઢ બંધન કરીને પોતાનું સ્વરૂપ મલિન કરે છે. પણ સમ્યગ્જ્ઞાની જીવ શુદ્ધ આત્મ-અનુભવ કરે છે, તેથી ક્ષણે-ક્ષણે પર પદાર્થોમાંથી મમત્વ દૂર કરે છે અને મોક્ષમાર્ગના ધારાપ્રવાહી પથિક કહેવાય છે. ૧૮.

### સાતમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )

कोऊ सठ कहै जेतौ ज्ञेयरूप परवांन,
तेतौ ग्यान तातैं कहूं अधिक न और है।

---

सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः
स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति।
स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां
जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।। ७।।
भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा
सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।
स्वक्षेत्रास्तितया निरुद्धरभसःस्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।। ८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तिहूं काल परक्षेत्रव्यापी परनयौ मानै,
आपा न पिछानै ऐसी मिथ्याद्दग दौर है।।
जैनमती कहै जीव सत्ता परवांन ग्यान,
ज्ञेयसौं अव्यापक जगत सिरमौर है।
ग्यानकी प्रभामैं प्रतिबिंबित विविध ज्ञेय,
जदपि तथापि थिति न्यारी न्यारी ठौर है।। १९।।

**શબ્દાર્થઃ-** દૌર = ભટકવું. સિરમૌર = પ્રધાન. થિતિ = સ્થિતિ.

**અર્થઃ-** કોઈ મૂર્ખ કહે છે કે જેટલું નાનું અથવા મોટું જ્ઞેયનું સ્વરૂપ હોય છે, તેટલું જ જ્ઞાન હોય છે, તેનાથી વધતું-ઓછું નથી હોતું, આ રીતે તેઓ સદૈવ જ્ઞાનને પરક્ષેત્ર વ્યાપી અને જ્ઞેય સાથે તન્મય માને છે, તેથી કહેવું જોઈએ કે તેઓ આત્માનું સ્વરૂપ સમજી શકયા નથી, મિથ્યાત્વની એવી જ ગતિ છે. તેમને સ્યાદ્વાદી જૈની કહે છે કે જ્ઞાન આત્મસત્તા બરાબર છે, તે ઘટ-પટાદિ જ્ઞેય સાથે તન્મય થતું નથી, જ્ઞાન જગતનો ચૂડામણિ છે, તેની પ્રભામાં જોકે અનેક જ્ઞેય પ્રતિબિંબિત થાય છે તોપણ બન્નેની સત્તાભૂમિ જુદી જુદી છે. ૧૯.

**આઠમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )**

कोऊ सुंनवादी कहै ज्ञेयके विनास होत,
ग्यानकौ विनास होइ कहौ कैसे जीजिये।
तातैं जीवतव्यताकी थिरता निमित्त सब,
ज्ञेयाकार परिनामनिकौ नास कीजिये।।
सत्यवादी कहै भैया हूजे नांहि खेद खिन्न,
ज्ञेयसौ विरचि ग्यान भिन्नमानि लीजिये।

---

स्वक्षेत्रस्थितये पृथग्विघपरक्षेत्रस्थितार्थोज्झनात्
तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।।
स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां
त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्।। ९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ग्यानकी सकती साधि अनुभौ दसा अराधि,
करमकौं त्यागिकै परम रस पीजिये।। २०।।

**શબ્દાર્થઃ-** જીજિયે = જીવવું? ખેદખિન્ન = દુઃખી. વિરચિ = વિરક્ત થઈને. અરાધિ = આરાધના કરીને. સત્યવાદી = પદાર્થના યથાર્થ સ્વરૂપનું કથન કરનાર.

**અર્થઃ-** કોઈ કોઈ શૂન્યવાદી અર્થાત્ નાસ્તિક કહે છે, જ્ઞેયનો નાશ થવાથી જ્ઞાનનો નાશ સંભવ છે અને જ્ઞાન જીવનું સ્વરૂપ છે, તેથી જ્ઞાનનો નાશ થવાથી જીવનો નાશ થાય તે સ્પષ્ટ છે, તો પછી એવી દશામાં કેવી રીતે જીવન રહી શકે? માટે જીવની નિત્યતા માટે જ્ઞાનમાં જ્ઞેયાકાર પરિણમનનો અભાવ માનવો જોઈએ. ત્યાં સત્યવાદી જ્ઞાની કહે છે કે ભાઈ! તમે વ્યાકુળ ન થાવ, જ્ઞેયથી ઉદાસીન થઈને જ્ઞાનને તેનાથી ભિન્ન માનો, તથા જ્ઞાનની જ્ઞાયકશક્તિ સિદ્ધ કરીને અનુભવનો અભ્યાસ કરો અને કર્મબંધનથી મુક્ત થઈને પરમાનંદમય અમૃતરસનું પાન કરો. ૨૦.

**નવમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)**

कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड,
जब देह नसैगी तबही जीव मरैगौ।
छायाकौसौ छल किधौं मायाकौसौ परपंच,
कायामैं समाइ फिरि कायाकौ न धरैगौ।।
सुधी कहै देहसौं अव्यापक सदीव जीव,
समै पाइ परकौ ममत्व परिहरैगौ।
अपने सुभाई आइ धारना धरामैं धाइ,
आपमैं मगन ह्वैकै आप सुद्ध करैगौ।। २१।।

---

पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्,
सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।
अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः
पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि।। १०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** કૂર = મૂર્ખ. પરપંચ = ઠગાઈ. સુધી = સમ્યગ્જ્ઞાની. પરિહરૈગૌ = છોડશે. ધરા = ધરતી.

**અર્થઃ-** કોઈ કોઈ મૂર્ખ ચાર્વાક કહે છે કે શરીર અને જીવ બન્નેનો એક પિંડ છે, એટલે જ્યારે શરીર નાશ પામશે ત્યારે જીવ પણ નાશ પામી જશે; જેવી રીતે વૃક્ષનો નાશ થવાથી છાયાનો નાશ થઈ જાય છે, તેવી જ રીતે શરીરનો નાશ થવાથી જીવનો પણ નાશ થઈ જશે. આ ઇન્દ્રજાળિયાની માયા સમાન કૌતુક થઈ રહ્યું છે, જીવાત્મા દીપકની જ્યોતના પ્રકાશ સમાન શરીરમાં સમાઈ જશે. પછી શરીર ધારણ નહીં કરે. આ બાબતમાં સમ્યગ્જ્ઞાની કહે છે કે જીવ પદાર્થ શરીરથી સદૈવ ભિન્ન છે, તે કાળલબ્ધિ પામીને પરપદાર્થો પ્રત્યે મમત્વ છોડશે અને પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઈને નિજાત્મભૂમિમાં વિશ્રામ કરીને તેમાં જ લીન થઈને પોતાને પોતે જ શુદ્ધ કરશે. ૨૧.

**વળી-( દોહરા )**

**ज्यौं तन कंचुक त्यागसौं, विनसै नांहि भुजंग।**
**त्यौं सरीरके नासतैं, अलख अखंडित अंग।। २२।।**

**શબ્દાર્થઃ-** કંચુક = કાંચળી. ભુજંગ = સાપ. અખંડિત = અવિનાશી.

**અર્થઃ-** જેવી રીતે કાંચળીનો ત્યાગ કરવાથી સાપ નાશ પામતો નથી, તેવી જ રીતે શરીરનો નાશ થવાથી જીવ પદાર્થ નાશ પામતો નથી. ૨૨.

**દસમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )**

**कोऊ दुरबुद्धी कहै पहले न हुतौ जीव,**
**देह उपजत अब उपज्यौ है आइकै।**

---

अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि-
ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।
नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।। ११।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जौलौं देह तौलौं देहधारी फिर देह नसै,
रहैगौ अलख जोति जोतिमें समाइकै।।
सदबुद्धि कहै जीव अनादिकौ देहधारी,
जब ग्यानी होइगौ कबहूं काल पाइकै।
तबहीसौं पर तजि अपनौ सरूप भजि,
पावैगौ परमपद करम नसाइकै।। २३।।

**અર્થ:-** કોઈ કોઈ મૂર્ખ કહે છે કે પહેલાં જીવ ન હતો, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ-આ પાંચ તત્ત્વમય શરીર ઉત્પન્ન થતાં જ્ઞાનશક્તિરૂપ જીવ ઉપજે છે, જ્યાં સુધી શરીર રહે છે ત્યાં સુધી જીવ રહે છે અને શરીરનો નાશ થતાં જીવાત્માનો પ્રકાશ પ્રકાશમાં સમાઈ જાય છે. આ વિષયમાં સમ્યગ્જ્ઞાની કહે છે કે જીવ પદાર્થ અનાદિકાળથી દેહ ધારણ કરેલ છે, જીવ નવો ઉપજતો નથી અને ન દેહનો નાશ થવાથી તે નાશ પામે છે. કોઈવાર અવસર પામીને જ્યારે શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરશે, ત્યારે પરપદાર્થોમાં અહંબુદ્ધિ છોડીને આત્મસ્વરૂપનું ગ્રહણ કરશે અને આઠ કર્મોનો નાશ કરીને નિર્વાણપદ પામશે. ૨૩.

**અગિયારમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )**

कोऊ पक्षपाती जीव कहै ज्ञेयकै अकार,
परिनयौ ग्यान तातैं चेतना असत है।
ज्ञेयके नसत चेतनाकौ नास ता कारन,
आतमा अचेतन त्रिकाल मेरे मत है।।
पंडित कहत ग्यान सहज अखंडित है,
ज्ञेयकौ आकार धरै ज्ञेयसौं विरत है।

---

विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु
नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः।
सर्वस्मान्नियतस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्
स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः।। १२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चेतनाकौ नास होत सत्ताकौ विनास होइ,
यातैं ग्यान चेतना प्रवांन जीव तत है।। २४।।

**શબ્દાર્થઃ-** પક્ષપાતી = હઠાગ્રહી. અસત = સત્તા રહિત. સહજ = સ્વાભાવિક. વિરત = વિરક્ત. તત = તત્ત્વ.

**અર્થઃ-** કોઈ કોઈ હઠાગ્રહી કહે છે કે જ્ઞેયના આકારે જ્ઞાનનું પરિણમન થાય છે અને જ્ઞાનાકાર પરિણમન અસત્ છે, તેથી ચેતનાનો અભાવ થયો, જ્ઞેયનો નાશ થવાથી ચેતનાનો નાશ થાય છે, તેથી મારા સિદ્ધાંતમાં આત્મા સદા અચેતન છે. આમાં સ્યાદ્વાદી જ્ઞાની કહે છે કે જ્ઞાન સ્વભાવથી જ અવિનાશી છે, તે જ્ઞેયાકાર પરિણમન કરે છે પરંતુ જ્ઞેયથી ભિન્ન છે, જો જ્ઞાનચેતનાનો નાશ માનશો તો આત્મસત્તાનો નાશ થઈ જશે તેથી જીવતત્ત્વને જ્ઞાનચેતનાયુક્ત માનવું તે સમ્યગ્જ્ઞાન છે. ૨૪.

**બારમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )**

कोऊ महामूरख कहत एक पिंड मांहि,
जहांलौं अचित चित अंग लहलहै है।
जोगरूप भोगरूप नानाकार ज्ञेयरूप,
जेते भेद करमके तेते जीव कहै है।।
मतिमान कहै एक पिंड मांहि एक जीव,
ताहीके अनंत भाव अंस फैलि रहै है।
पुग्गलसौं भिन्न कर्म जोगसौं अखिन्न सदा,
उपजै विनसै थिरता सुभाव गहै है।। २५।।

---

अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः
सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति।
स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-
दारूढः परभावभावविरहव्यालोकनिष्कम्पितः।। १३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** અચિત = અચેતન-જડ. ચિત = ચેતન. મતિમાન = બુદ્ધિમાન-સમ્યગ્જ્ઞાની.

**અર્થ:-** કોઈ કોઈ મૂર્ખ કહે છે કે એક શરીરમાં જ્યાં સુધી ચેતન-અચેતન પદાર્થોના તરંગ ઉઠે છે, ત્યાં સુધી જે જોગરૂપ પરિણમે તે જોગી જીવ અને જે ભોગરૂપ પરિણમે તે ભોગી જીવ છે, આવી રીતે જ્ઞેયરૂપ ક્રિયાના જેટલા ભેદ થાય છે, જીવના તેટલા ભેદ એક દેહમાં ઊપજે છે તેથી આત્મસત્તાના અનંત અંશ થાય છે. તેમને સમ્યગ્જ્ઞાની કહે છે કે એક શરીરમાં એક જ જીવ છે, તેના જ્ઞાનગુણના પરિણમનથી અનંત ભાવરૂપ અંશ પ્રગટ થાય છે. આ જીવ શરીરથી ભિન્ન છે, કર્મસંયોગથી રહિત છે અને સદા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યગુણ-સમ્પન્ન છે. ૨૫.

**તેરમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન ( સવૈયા એકત્રીસા )**

कोऊ एक छिनवादी कहै एक पिंड मांहि,
एक जीव उपजत एक विनसत है।
जाही समै अंतर नवीन उतपति होइ,
ताही समै प्रथम पुरातन बसत है।।
सरवांगवादी कहै जैसै जल वस्तु एक,
सोई जल विविध तरंगनि लसत है।
तैसै एक आतम दरब गुन परजैसौं,
अनेक थयौ पै एकरूप दरसत है।। २६।।

**શબ્દાર્થ:-** સરવાંગવાદી = અનેકાંતવાદી. તરંગનિ = લહેરો.

**અર્થ:-** કોઈ કોઈ ક્ષણિકવાદી-બૌદ્ધ કહે છે કે એક શરીરમાં એક જીવ ઉપજે છે અને એક નાશ પામે છે, જે ક્ષણે નવો જીવ ઉત્પન્ન થાય છે તેના પહેલાના સમયમાં પ્રાચીન જીવ હતો. તેમને સ્યાદ્વાદી કહે છે કે જેવી રીતે પાણી એક પદાર્થ

---

प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना
निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतितः प्रायः पशुर्नश्यति।
स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं
टङ्कोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवत् जीवति।। १४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે જ અનેક લહેરરૂપ થાય છે, તેવી જ રીતે આત્મદ્રવ્ય પોતાના ગુણ-પર્યાયોથી અનેકરૂપ થાય છે, પણ નિશ્ચયનયથી એકરૂપ દેખાય છે. ૨૬.

**ચૌદમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)**

**कोऊ बालबुद्धी कहै ग्यायक सकति जौलौं,**
**तौलौं ग्यान असुद्ध जगत मध्य जानियै।**
**ज्ञायक सकति काल पाइ मिटि जाइ जब,**
**तब अविरोध बोध विमल बखानियै।।**
**परम प्रविन कहै ऐसी तौ न बनै बात,**
**जैसैं बिन परगास सूरज न मानिये।**
**तैसैं बिन ग्यायक सकति न कहावै ग्यान,**
**यह तौ न परोच्छ परतच्छ परवांनियै।। २७।।**

**શબ્દાર્થઃ-** બાલબુદ્ધિ = અજ્ઞાની. પરમ પ્રવીન = સમ્યગ્જ્ઞાની. પરગાસ (પ્રકાશ) = અજવાળું. પરતચ્છ = સાક્ષાત્.

**અર્થઃ-** કોઈ કોઈ અજ્ઞાની કહે છે કે જ્યાં સુધી જ્ઞાનમાં જ્ઞાયકશક્તિ છે ત્યાંસુધી તે જ્ઞાન સંસારમાં અશુદ્ધ કહેવાય છે; ભાવ એ છે કે જ્ઞાયકશક્તિ જ્ઞાનનો દોષ છે અને જ્યારે સમય પામીને જ્ઞાયકશક્તિ નષ્ટ થઈ જાય છે ત્યારે જ્ઞાન નિર્વિકલ્પ અને નિર્મળ થઈ જાય છે. ત્યાં સમ્યગ્જ્ઞાની કહે છે કે આ વાત અનુભવમાં આવતી નથી, કેમકે જેવી રીતે પ્રકાશ વિના સૂર્ય હોતો નથી તેવી જ રીતે જ્ઞાયકશક્તિ વિના જ્ઞાન હોઈ શકતું નથી, તેથી તમારો પક્ષ પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. ૨૭.

---

टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया
वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन।
ज्ञानं नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं
स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्।। १५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સ્યાદ્વાદની પ્રશંસા ( દોહરા )**

इहि विधि आतम ग्यान हित, स्यादवाद परवांन।
जाके वचन विचारसौं, मूरख होइ सुजान।। २८।।

स्यादवाद आतम दशा, ता कारन बलवान।
सिवसाधक बाधा रहित, अखै अखंडित आन।। २९।।

**અર્થઃ-** આ રીતે આત્મજ્ઞાન માટે સ્યાદ્વાદ જ સમર્થ છે, એના વચનો સાંભળવાથી અને એનું અધ્યયન કરવાથી અજ્ઞાનીઓ પંડિત બની જાય છે. ૨૮. સ્યાદ્વાદથી આત્માનું સ્વરૂપ ઓળખાય છે, તેથી આ જ્ઞાન બહુ બળવાન છે, મોક્ષનું સાધક છે, અનુમાન-પ્રમાણની બાધારહિત છે, અક્ષય છે, એને આજ્ઞાવાદી પ્રતિવાદી ખંડિત કરી શકતા નથી. ૨૯.

## અગિયારમા અધિકારનો સાર

જૈનધર્મના મહત્ત્વપૂર્ણ અનેક સિદ્ધાંતોમાં સ્યાદ્વાદ મુખ્ય છે, જૈનધર્મનું જે કાંઈ ગૌરવ છે, તે સ્યાદ્વાદનું છે. આ સ્યાદ્વાદ અન્ય ધર્મોને નિર્મૂળ કરવા માટે સુદર્શન-ચક્ર સમાન છે. આ સ્યાદ્વાદનું રહસ્ય સમજવું કઠિન નથી. પરંતુ ગૂઢ અવશ્ય છે અને એટલું ગૂઢ છે કે એને સ્વામી શંકરાચાર્ય અથવા સ્વામી દયાનંદ સરસ્વતી જેવા અજૈન વિદ્વાનો સમજી શકયા નહિ અને સ્યાદ્વાદનું ઉલટું ખંડન કરીને જૈનધર્મને મોટો ધક્કો પહોંચાડી ગયા. એટલું જ નહીં, કેટલાક આધુનિક વિદ્વાનો આ ધર્મ ઉપર નાસ્તિકપણાનું લાંછન લગાડે છે.

પદાર્થમાં જે અનેક ધર્મો હોય છે, તે બધા એક સાથે કહી શકાતા નથી, કેમકે શબ્દમાં એટલી શક્તિ નથી કે જે અનેક ધર્મોને એકસાથે કહી શકે, તેથી કોઈ એક ધર્મને મુખ્ય અને બાકીનાને ગૌણ કરીને કથન કરવામાં આવે છે. ‘ સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ’માં

---

इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्
आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।। १६।।
एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन्स्वयम्।
अलंध्यं शासनं जैनमनेकान्तो व्यवस्थितः।। १७।।

**इति स्याद्वादाधिकारः।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યું છેઃ-

**णाणाधम्मजुदं पि य एंव धम्मं पि वच्चदे अत्थं।**
**तस्सेयविक्खादो णत्थि विवक्खाहु सेसाणं।। २६४।।**

**અર્થઃ-** તેથી જે ધર્મનું જે અપેક્ષાએ કથન કરવામાં આવ્યું હોય તે ધર્મ, જે શબ્દથી કથન કરવામાં આવ્યું હોય તે શબ્દ, અને તેને જાણનાર જ્ઞાન-એ ત્રણે નય છે. કહ્યું પણ છે કેઃ-

**सो चिय इक्को धम्मो वाचयसद्दो वि तस्स धमस्स।**
**तं जाणदि तं णाणं ते तिण्णि विणय विसेसा य।।**

**અર્થઃ-** આપણી નિત્યની વાતચીત પણ નય-ગર્ભિત હોય છે, જેમકે જ્યારે કોઈ મરણ-સન્મુખ હોય છે ત્યારે તેને હિંમત આપવામાં આવે છે કે જીવ નિત્ય છે, જીવ તો મરતો નથી, શરીરરૂપ વસ્ત્રનો તેની સાથે સંબંધ છે, તેથી વસ્ત્ર સમાન શરીર બદલવું પડે છે. ન તો જીવ જન્મે છે, ન મરે છે અને ન ધન, સંતાન, કુટુંબ આદિ સાથે તેમનો સંબંધ છે. આ જે કાંઈ કહેવામાં આવ્યું છે તે જીવ પદાર્થના નિત્યધર્મ તરફ દૃષ્ટિ રાખીને કહેવામાં આવ્યું છે. પછી જ્યારે તે મરી જાય છે અને એના સંબંધીઓને સંબોધન કરે છે ત્યારે કહે છે કે સંસાર અનિત્ય છે, જે જન્મે છે તે મરે જ છે, પર્યાયોનું પલટવું એ જીવનો સ્વભાવ જ છે, આ કથન પદાર્થના અનિત્ય ધર્મ તરફ દૃષ્ટિ રાખીને કહ્યું છે. કુંદકુંદસ્વામીએ પંચાસ્તિકાયમાં આ વિષયને ખૂબ સ્પષ્ટ કરેલ છે. સ્વામીજીએ કહ્યું છે કે જીવના ચેતના, ઉપયોગ આદિ ગુણ છે, નર, નારક આદિ પર્યાયો છે, જ્યારે કોઈ જીવ મનુષ્ય પર્યાયમાંથી દેવ પર્યાયમાં જાય છે ત્યારે મનુષ્ય પર્યાયનો અભાવ (વ્યય) અને દેવ પર્યાયનો સદ્ભાવ (ઉત્પાદ) થાય છે, પરંતુ જીવ ન ઊપજ્યો છે કે ન મર્યો છે, આ તેનો ધ્રુવધર્મ છે. બસ! આનું જ નામ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

**सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पण्णो।**
**उप्पण्णो य विणट्ठो देवो मणुसुत्ति पज्जाओ।। १८।।**

(પંચાસ્તિકાય પૃ. ૩૮)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થ**:- તે જ જીવ ઉપજે છે કે જે મરણને પ્રાપ્ત થાય છે, સ્વભાવથી તે જીવ ન વિનાશ પામ્યો છે અને નિશ્ચયથી ન ઊપજ્યો છે, સદા એકરૂપ છે. ત્યારે કોણ ઊપજ્યું અને વિણસ્યું છે? પર્યાય જ ઊપજી છે અને પર્યાય જ વિણસી છે. જેમ કે દેવ પર્યાય ઉત્પન્ન થઈ છે, મનુષ્ય પર્યાય નાશ પામી છે, એ પર્યાયનો ઉત્પાદ-વ્યય છે. જીવને ધ્રૌવ્ય જાણવો.

एवं भावमभावं भावाभावं अभावभावं च।
गुणपज्जयेहिं सहिदो संसरमाणो कुणदि जीवो।। २१।।

(પંચાસ્તિકાય પૃ. ૪૫)

**અર્થ**:- પર્યાયાર્થિક નયની વિવક્ષાથી પંચપરાવર્તનરૂપ સંસારમાં ભ્રમણ કરતો આ આત્મા દેવાદિ પર્યાયોને ઉત્પન્ન કરે છે, મનુષ્યાદિ પર્યાયોનો નાશ કરે છે, તથા વિદ્યમાન દેવાદિ પર્યાયોના નાશનો આરંભ કરે છે અને જે વિદ્યમાન નથી તે મનુષ્યાદિ પર્યાયના ઉત્પાદનો આરંભ કરે છે.

ખૂબ યાદ રાખવું કે નયનું કથન અપેક્ષિત હોય છે અને ત્યારે જ તે સુનય કહેવાય છે, જો અપેક્ષારહિત કથન કરવામાં આવે તો તે નય નથી, કુનય છે.

ते साविक्खा सुणया णिरविक्खा ते वि दुण्णया होंति।
सयलववहारसिद्धी सुणयादो होदि णियमेण।।

**અર્થ**:- આ નય પરસ્પર અપેક્ષા સહિત હોય ત્યારે તો સુનય છે અને તે જ જ્યારે અપેક્ષારહિત લેવામાં આવે ત્યારે દુર્નય છે. સુનયથી સર્વ વ્યવહારની સિદ્ધિ થાય છે.

અન્ય મતાવલંબી પણ જીવ પદાર્થના એક જ ધર્મ ઉપર દ્રષ્ટિ રાખીને મસ્ત થઈ ગયા છે, તેથી જૈનમતમાં તેમને 'મતવાળા'[1] કહ્યા છે. આ અધિકારમાં ચૌદ મતવાળાઓને સંબોધન કર્યું છે અને એમના માનેલા પ્રત્યેક ધર્મનું સમર્થન કરતાં સ્યાદ્વાદને પુષ્ટ કરેલ છે.

---

૧. પાગલ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## સાધ્ય-સાધક દ્વાર

## ( ૧૨ )

**પ્રતિજ્ઞા ( દોહરા )**

स्याद्वाद अधिकार यह, कह्यौ अलप विसतार।
अमृतचंद मुनिवर कहै, साधक साध्य दुवार।। १।।

**શબ્દાર્થ:-** સાધ્ય = જે સિદ્ધ કરવા યોગ્ય છે તે ઇષ્ટ. સાધક = જે સાધ્યને સિદ્ધ કરે છે તે.

**અર્થ:-** આ સ્યાદ્વાદ અધિકારનું સંક્ષિપ્ત વર્ણન કર્યું; હવે શ્રી અમૃતચંદ્ર મુનિરાજ સાધ્ય-સાધક દ્વારનું વર્ણન કરે છે. ૧.

**( સવૈયા એકત્રીસા )**

जोई जीव वस्तु अस्ति प्रमेय अगुरुलघु,
अभोगी अमूरतीक परदेसवंत है।
उतपतिरूप नासरूप अविचलरूप,
रतनत्रयादि गुनभेदसौं अनंत है।।
सोई जीव दरब प्रमान सदा एकरूप,
ऐसौ सुद्ध निहचै सुभाउ निरतंत है।
स्यादवाद मांहि साध्य पद अधिकार कह्यौ,
अब आगै कहिवैकौं साधक सिद्धंत है।। २।।

**શબ્દાર્થ:-** અસ્તિ = હતું, છે અને રહેશે. પ્રમેય = [૧]પ્રમાણમાં આવવા યોગ્ય. અગુરુલઘુ

---

१. सम्यग्ज्ञानं प्रमाणं।

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।। १।।

= ન ભારે ન હલકું. ઉતપતિ = નવી પર્યાયનું પ્રગટ થવું. નાસ = પૂર્વ પર્યાયોનો અભાવ. અવિચલ = ધ્રૌવ્ય.

**અર્થ**:- આ જીવ પદાર્થ અસ્તિત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, અભોક્તૃત્વ, અમૂર્તિકત્વ, પ્રદેશત્વ સહિત છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણોથી અનંતરૂપ છે, નિશ્ચયનયમાં તે જીવ પદાર્થોનો સ્વાભાવિક ધર્મ સદા સત્ય અને એકરૂપ છે. તેને સ્યાદ્વાદ અધિકારમાં સાધ્ય-સ્વરૂપ કહ્યો, હવે આગળ એને સાધકરૂપ કહે છે. ૨.

### જીવની સાધ્ય-સાધક અવસ્થાઓનું વર્ણન (દોહરા)

साध्य सुद्ध केवल दशा, अथवा सिद्ध महंत।
साधक अविरत आदि बुध, छीन मोह परजंत।। ३।।

**શબ્દાર્થ**:- સુદ્ધ કેવલ દશા = તેરમા અને ચૌદમા ગુણસ્થાનવર્તી અરિહંત. સિદ્ધ મહંત = જીવની આઠ કર્મ રહિત શુદ્ધ અવસ્થા. અવિરત બુધ = ચોથા ગુણસ્થાનવર્તી અવ્રત સમ્યગ્દષ્ટિ. ખીનમોહ (ક્ષીણમોહ) = બારમા ગુણસ્થાનવર્તી સર્વથા નિર્મોહી.

**અર્થ**:- કેવળજ્ઞાની અરિહંત અથવા સિદ્ધ પરમાત્મપદ સાધ્ય છે અને અવ્રત સમ્યગ્દષ્ટિ અર્થાત્ ચોથા ગુણસ્થાનથી માંડીને ક્ષીણમોહ અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી નવ ગુણસ્થાનોમાંથી કોઈ પણ ગુણસ્થાનના ધારક જ્ઞાની જીવ સાધક છે. ૩.

### સાધક અવસ્થાનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

जाकौ अधो अपूरब अनिवृति करनकौ,
भयौ लाभ भई गुरुवचनकी बोहनी।
जाकै अनंतानुबंधी क्रोध मान माया लोभ,
अनादि मिथ्यात मिश्र समकित मोहनी।।
सातौं परकिति खपीं किंवा उपसमी जाके,
जगी उर मांहि समकित कला सोहनी।
सोई मोख साधक कहायौ ताकै सरवंग,
प्रगटी सकति गुन थानक अरोहनी।। ४।।

**શબ્દાર્થઃ-** [૧]અધઃકરણ = જે કરણમાં (પરિણામ-સમૂહમાં) ઉપરિતનસમયવર્તી તથા અધસ્તનસમયવર્તી જીવોના પરિણામ સદશ તથા વિસદશ હોય. [૨]અપૂર્વકરણ = જે કરણમાં ઉત્તરોત્તર અપૂર્વ અપૂર્વ પરિણામ થતા જાય, આ કરણમાં ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ સદા વિસદશ જ રહે છે અને એક સમયવર્તી જીવોના પરિણામ સદશ પણ રહે છે અને વિસદશ પણ રહે છે. [૩]અનિવૃત્તિકરણ = જે કરણમાં ભિન્નસમયવર્તી જીવોના પરિણામ વિસદશ જ હોય અને એકસમયવર્તી જીવોના પરિણામ સદશ જ હોય. બોહની (બોધની) = ઉપદેશ. ખપીં = સમૂળ નાશ પામી. કિંવા = અથવા. સોહની = શોભાયમાન. અરોહની = ચડવાની.

**અર્થઃ-** જે જીવને અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણરૂપ[૪] કરણલબ્ધિની પ્રાપ્તિ થઈ છે અને શ્રીગુરુનો સત્ય ઉપદેશ મળ્યો છે, જેની અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વમોહનીય- એવી સાત પ્રકૃતિઓનો સર્વથા ક્ષય અથવા ઉપશમ થયો છે અથવા અંતરંગમાં સમ્યગ્દર્શનના સુંદર કિરણો જાગૃત થયા છે તે જ જીવ સમ્યગ્દષ્ટિ-મોક્ષનો સાધક કહેવાય છે. તેના અંતર અને બાહ્ય, સર્વ અંગમાં ગુણસ્થાન ચઢવાની શક્તિ પ્રગટ થાય છે. ૪.

**(સોરઠા)**

**जाके मुकति समीप, भई भवस्थिति घट गई।**
**ताकी मनसा सीप, सुगुरु मेघ मुक्ता वचन।। ५।।**

**શબ્દાર્થઃ-** ભવસ્થિતિ = ભવ-ભ્રમણનો કાળ. મુક્તા = મોતી.

**અર્થઃ-** જેની ભવસ્થિતિ ઘટી જવાથી અર્થાત્ કિંચિત્ ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તનકાળ માત્ર શેષ રહેવાથી મોક્ષ અવસ્થા સમીપ આવી ગઈ છે, તેના મનરૂપ છીપમાં સદ્ગુરુ મેઘરૂપ અને તેમના વચન મોતીરૂપ પરિણમન કરે છે. ભાવ એ છે કે આવા જીવોને જ શ્રીગુરુના વચનો રુચિકર થાય છે. ૫.

---

૧-૨-૩. એને વિશેષપણે સમજવા માટે ગોમ્મટસાર જીવકાંડનું અધ્યયન કરવું જોઈએ. અને સુશીલા ઉપન્યાસના પૃ. ૨૪૭ થી ૨૬૩ સુધીના પૃષ્ઠોમાં એનું વિસ્તારથી વર્ણન છે.

૪. આ ત્રણે કરણોના પરિણામ પ્રતિસમય અનંતગુણી વિશુદ્ધતા સહિત હોય છે.

### સદ્‌ગુરુને મેઘની ઉપમા (દોહરા)

ज्यौं वरषै वरषा समै, मेघ अखंडित धार।
त्यौं सदगुरु वानी खिरै, जगत जीव हितकार।। ६।।

**શબ્દાર્થઃ-** અખંડિત ધાર = સતત. વાની (વાણી) = વચનો.

**અર્થઃ-** જેવી રીતે ચોમાસામાં વરસાદની ધારાપ્રવાહ વૃષ્ટિ થાય છે, તેવી જ રીતે શ્રી ગુરુનો ઉપદેશ સંસારી જીવોને હિતકારી થાય છે.

**ભાવાર્થઃ-** જેવી રીતે જળવૃદ્ધિ જગતને હિતકારી છે તેવી જ રીતે સદ્‌ગુરુની વાણી સર્વ જીવોને હિતકારી છે. ૬.

### ધન-સંપત્તિથી મોહ દૂર કરવાનો ઉપાય (સવૈયા તેવીસા)

चेतनजी तुम जागि विलोकहु,
लागी रहे कहा मायाके तांई।
आए कहींसौं कहीं तुम जाहुगे,
माया रमेगी जहांकी तहांई।।
माया तुम्हारी न जाति न पांति न,
वंसकी वेलि न अंसकी झांई।
दासी कियै विनु लातनि मारत,
ऐसी अनीति न कीजै गुसांई।। ७।।

**શબ્દાર્થઃ-** વિલોકહુ = જુઓ. માયા = ધન-સંપત્તિ. ઝાંઈ = પડછાયો-પ્રતિબિંબ. દાસી = નોકરડી. ગુંસાઈ = મહંત.

**અર્થઃ-** હે આત્મન્! તમે મોહનિદ્રા છોડીને સાવધાન થાવ, અને જુઓ, તમે ધન-સંપત્તિરૂપ માયામાં કેમ ભૂલી રહ્યા છો? તમે ક્યાંથી આવ્યા છો અને ક્યાં ચાલ્યા જશો અને દોલત જ્યાંની ત્યાં પડી રહેશે. લક્ષ્મી તમારી નાત-જાતની નથી, વંશ-પરંપરાની નથી, બીજું તો શું? તમારા એક પ્રદેશનું પણ પ્રતિરૂપ નથી. જો એને તમે નોકરડી બનાવીને ન રાખી તો એ તમને લાત મારશે, માટે મહાન થઈને તમારે આવો અન્યાય કરવો યોગ્ય નથી. ૭.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વળી-( દોહરા )**

माया छाया एक है, घटै बढ़ै छिन मांहि।
इन्हकी संगति जे लगैं, तिन्हहिं कहूं सुख नांहि।। ८।।

**અર્થઃ-** લક્ષ્મી અને છાયા એકસરખી છે, ક્ષણમાં વધે છે અને ક્ષણમાં ઘટે છે, જે એના સંગમાં જોડાય છે અર્થાત્ સ્નેહ કરે છે, તેમને કદી ચેન પડતું નથી. ૮.

**કુટુંબી વગેરેનો મોહ દૂર કરવાનો ઉપદેશ ( સવૈયા તેવીસા )**

लोकनिसौं कछु नातौ न तेरौ न,
तोसौं कछु इह लोककौ नातौ।
ए तौ रहै रमि स्वारथके रस,
तू परमारथके रस मातौ।।
ये तनसौं तनमै तनसे जड़,
चेतन तू तिनसौं नित हांतौ।
होहु सुखी अपनौ बल फेरिकै,
तोरिकै राग विरोधकौ तांतौ।। ९।।

**શબ્દાર્થઃ-** લોકનિસૌં = કુટુંબ આદિ માણસોથી. નાતૌ = સંબંધ. રહે રમિ = લીન થયા. પરમારથ = આત્મહિત. માતૌ = મસ્ત. તનમૈ ( તન્મય ) = લીન. હાંતૌ = ભિન્ન. ફેરિકૈ = પ્રગટ કરીને. તોરિકૈ = તોડીને. તાંતૌ ( તંતુ ) = દોરો.

**અર્થઃ-** હે જીવ ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઈ સંબંધ નથી, અને ન તારું એમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે, એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે અને તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહ્યા છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતન્ય છો, એમનાથી જુદો છો તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. ૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ઇન્દ્રાદિ ઊંચ પદની ઇચ્છા અજ્ઞાન છે ( સોરઠા )**

जे दुरबुद्धि जीव, ते उतंग पदवी चहैं।
जे समरसी सदीव, तिनकौं कछू न चाहिये।। १०।।

**અર્થઃ-** જે અજ્ઞાની જીવ છે તે ઇન્દ્રાદિ ઊંચ પદની અભિલાષા કરે છે, પરંતુ જે સદા સમતારસના રસિયા છે, તે સંસાર સંબંધી કોઈ પણ વસ્તુ ઇચ્છતા નથી. ૧૦.

**માત્ર સમતાભાવમાં જ સુખ છે ( સવૈયા એકત્રીસા )**

हांसीमैं विषाद बसै विद्यामैं विवाद बसै,
कायामैं मरन गुरु वर्तनमैं हीनता।
सुचिमैं गिलानि बसै प्रापतिमैं हानि बसै,
जैमैं हारि सुंदर दसामैं छबि छीनता।।
रोग बसै भोगमैं संजोगमैं वियोग बसै,
[१]गुनमैं गरब बसै सेवा मांही हीनता।
और जग रीति जेती गर्भित असाता सेती,
साताकी सहेली है अकेली उदासीनता।। ११।।

**શબ્દાર્થઃ-** વિષાદ = રંજ, ખેદ. વિવાદ = ઉત્તર-પ્રત્યુત્તર. છબિ = કાંતિ. છીનતા = તંગી, ઓછપ. ગરબ = ઘમંડ. સાતા = સુખ. સહેલી = સાથ આપનાર.

**અર્થઃ-** જો હાસ્યમાં સુખ માનવામાં આવે તો હાસ્યમાં લડાઈ થવાનો સંભવ છે, જો વિદ્યામાં સુખ માનવામાં આવે તો વિદ્યામાં વિવાદનો નિવાસ છે, જો શરીરમાં સુખ માનવામાં આવે તો જે જન્મે છે તે અવશ્ય મરે છે, જો મોટાઈમાં સુખ માનવામાં આવે તો તેમાં નીચપણાનો વાસ છે, જો [૨]પવિત્રતામાં સુખ માનવામાં આવે તો પવિત્રતામાં ગ્લાનિનો વાસ છે, જો લાભમાં સુખ માનવામાં આવે તો જ્યાં નફો છે ત્યાં નુકસાન પણ છે, જો જીતમાં સુખ માનવામાં આવે

---

૧. 'પ્રીતિમાં અપ્રીતિ' એવો પાઠ પણ છે.
૨. લૌકિક પવિત્રતા નિત્ય નથી, તેનો નાશ થતાં મલિનતા આવી જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો જ્યાં જીત છે ત્યાં હાર પણ છે, જો સુંદરતામાં સુખ માનવામાં આવે તો તે સદા એકસરખી રહેતી નથી-બગડે પણ છે, જો ભોગોમાં સુખ માનવામાં આવે તો તે રોગના કારણ છે, જો ઇષ્ટ સંયોગમાં સુખ માનવામાં આવે તો જેનો સંયોગ થાય છે તેનો વિયોગ પણ છે, જો ગુણોમાં સુખ માનવામાં આવે તો ગુણોમાં ઘમંડનો નિવાસ છે, જો નોકરી-ચાકરીમાં સુખ માનવામાં આવે તો તે હીનતા (ગુલામી) જ છે. એ સિવાય બીજા પણ જે લૌકિક કાર્યો છે તે બધા અશાતામય છે, તેથી સ્પષ્ટ છે કે શાતાનો સંયોગ મેળવવા માટે ઉદાસીનતા સખી સમાન છે. ભાવ એ છે કે માત્ર સમતાભાવ જ જગતમાં સુખદાયક છે. ૧૧.

**જે ઉન્નતિની પછી અવનતિ (આવે) છે તે ઉન્નતિ નથી. (દોહરા)**

**जिहि उतंग चढ़ि फिर पतन, नहि उतंग वह कूप।**
**जिहि [1]सुख अंतर भय बसै, सो सुख है दुखरूप।। १२।।**

**जो विलसै सुख संपदा, गये तहां दुख होइ।**
**जो धरती बहु तृनवती, जरै अगनिसौं सोइ।। १३।।**

**શબ્દાર્થઃ-** ઉતંગ = ઊંચે. પતન = પડવું તે. કૂપ = કૂવો. વિલસૈ = ભોગવે. તૃનવતી = ઘાસવાળી. જરૈ = બળે છે.

**અર્થઃ-** જે ઊંચા સ્થાન ઉપર પહોંચીને પછી પડવું પડે છે, તે ઊંચ પદ નથી, ઊંડો કૂવો જ છે. તેવી જ રીતે જે સુખ પ્રાપ્ત થઈને તેના નષ્ટ થવાનો ભય છે તે સુખ નથી, દુઃખરૂપ છે. ૧૨. કારણ કે લૌકિક સુખ-સંપત્તિનો વિલાસ નષ્ટ થતાં પછી દુઃખ જ પ્રાપ્ત થાય છે, જેવી રીતે કે ગીચ ઘાસવાળી ધરતી જ અગ્નિથી બળી જાય છે. ૧૩.

**શ્રીગુરુના ઉપદેશમાં જ્ઞાનીજીવ રુચિ કરે છે અને મૂર્ખ સમજતા જ નથી. (દોહરા)**

**सबद मांहि सतगुरु कहै, प्रगट रूप निज धर्म।**
**सुनत विचच्छन सद्दहै, मूढ़ न जानै मर्म।। १४।।**

---

૧. 'સુખમૈં ફિર દુઃખ બસૈ' એવો પણ પાઠ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થઃ-** શ્રીગુરુ આત્મ-પદાર્થના સ્વરૂપનું વર્ણન કરે છે, તે સાંભળીને બુદ્ધિમાન માણસો ધારણ કરે છે અને મૂર્ખાઓ તેનો મર્મ જ સમજતા નથી. ૧૪.

**ઉપરના દોહરાનું દ્રષ્ટાંત દ્વારા સમર્થન ( સવૈયા એકત્રીસા )**

जैसैं काहू नगरके वासी द्वै पुरुष भूले,
तामैं एक नर सुष्ट एक दुष्ट उरकौ।
दोउ फिरैं पुरके समीप परे ऊटवमैं,
काहू और पथिकसौं पूछैं पंथ पुरकौ।।
सो तौ कहै तुमारौ नगर है तुमारे ढिग,
मारग दिखावै समुझावै खोज पुरकौ।
एतेपर सुष्ट पहचानै पै न मानै दुष्ट,
हिरदै प्रवांन तैसे उपदेस गुरुकौ।। १५।।

**શબ્દાર્થઃ-** વાસી = રહેનાર. સુષ્ટ = સમજણો. દુષ્ટ = દુર્બુદ્ધિ. ઊટવ = ઉલટો રસ્તો. ઢિગ = પાસે.

**અર્થઃ-** જેવી રીતે કોઈ શહેરના રહેવાસી બે પુરુષો વસ્તીની સમીપમાં રસ્તો ભૂલી ગયા, તેમાં એક સજ્જન અને બીજો હૃદયનો દુર્જન હતો. રસ્તો ભૂલીને પાછા ફર્યા અને કોઈ ત્રીજા મુસાફરને પોતાના નગરનો રસ્તો પૂછયો તથા તે મુસાફરે તેમને રસ્તો સમજાવીને બતાવ્યો અને કહ્યું કે આ તમારું નગર તમારી નજીક જ છે. ત્યાં તે બન્ને પુરુષોમાં જે સજ્જન છે તે તેની વાત સાચી માને છે અર્થાત્ પોતાનું નગર ઓળખી લે છે અને મૂર્ખ તેને માનતો નથી; એવી રીતે જ્ઞાની શ્રીગુરુના ઉપદેશને સત્ય માને છે પણ અજ્ઞાનીઓના સમજવામાં આવતું નથી. ભાવ એ છે કે ઉપદેશની અસર શ્રોતાઓના પરિણામ-અનુસાર જ થાય છે.[1] ૧૫.

जैसैं काहू जंगलमैं पासकौ समै पाइ,
अपनै सुभाव महामेघ बरषतु है।

---

૧. ચોપાઈ-સુગુરુ સિખાવહિં બારહિં બારા, સૂઝ પરૈ તઉ મતિ અનુસારા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आमल कषाय कटु तीखन मधुर खार,
तैसौ रस बाढ़ै जहां जैसौ दरखतु है।।
तैसैं ग्यानवंत नर ग्यानकौ बखान करै,
रसकौ उमाहू है न काहू परखतु है।
वहै धूनि सुनि कोऊ गहै कोऊ रहै सोइ,
काहूकौ विखाद होइ कोऊ हरखतु है।। १६।।

**શબ્દાર્થઃ-** પાવસ = વરસાદ. આમલ = ખાટું. કષાય = કષાયેલું. કટુ = કડવું. તીખન (તીક્ષ્ણ) = તીખું. મધુર = મિષ્ટ. ખાર (ક્ષાર) = ખારું. દરખતુ (દરખ્ત) = વૃક્ષ. ઉમાહૂ = ઉત્સાહિત. ન પરખતુ હૈ = પરીક્ષા કરતો નથી. ધુનિ (ધ્વનિ) = શબ્દ. વિખાદ (વિષાદ) = ખેદ. હરખતુ = હર્ષિત.

**અર્થઃ-** જેવી રીતે કોઈ વનમાં વરસાદના દિવસોમાં પોતાની મેળે પાણી પડે છે તો ખાટું, કષાયેલું, કડવું, તીખું, મીઠું કે ખારું જે રસનું વૃક્ષ હોય છે તે પાણી પણ તે જ રસરૂપ થઈ જાય છે, તેવી જ રીતે જ્ઞાનીઓ જ્ઞાનના વ્યાખ્યાનમાં પોતાના અનુભવ પ્રગટ કરે છે, પાત્ર-અપાત્રની પરીક્ષા કરતા નથી, તે વાણી સાંભળી કોઈ તો ગ્રહણ કરે છે, કોઈ ઊંઘે છે, કોઈ ખેદ પામે છે અને કોઈ આનંદિત થાય છે.

**ભાવાર્થઃ-** જેવી રીતે વરસાદ પોતાની મેળે વરસે છે અને તે લીમડાના વૃક્ષ ઉપર પડવાથી કડવું, લીંબુના વૃક્ષ ઉપર પડવાથી ખાટું, શેરડી ઉપર પડવાથી મધુર, મરચાના છોડ ઉપર પડવાથી તીખું, ચણાના છોડ પર પડવાથી ખારું અને બાવળના વૃક્ષ પર પડવાથી કષાયેલું થઈ જાય છે. તેવી જ રીતે જ્ઞાનીઓ ખ્યાતિ, લાભાદિની અપેક્ષા રહિત મધ્યસ્થભાવથી તત્ત્વના સ્વરૂપનું કથન કરે છે, તે સાંભળીને કોઈ શ્રોતા પરમાર્થનું ગ્રહણ કરે છે, કોઈ સંસારથી ભયભીત થઈને યમ-નિયમ લે છે, કોઈ ઝગડો કરે છે, કોઈ ઊંઘે છે, કોઈ કુતર્ક કરે છે, કોઈ નિંદા-સ્તુતિ કરે છે અને કોઈ વ્યાખ્યાન પૂરું થવાની જ રાહ જોયા કરે છે. ૧૬.

(દોહરા)

गुरु उपदेश कहा करै, दुराराध्य संसार।
बसै सदा जाकै उदर, जीव पंच परकार।। १७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** જેમાં પાંચ પ્રકારના જીવ નિવાસ કરે છે તે સંસાર જ ઘણો દુસ્તર છે, તેમાં શ્રીગુરુનો ઉપદેશ શું કરે? ૧૭.

**પાંચ પ્રકારના જીવ (દોહરા)**

डूंघा प्रभु चूंघा चतुर, सूंघा रुंचक सुद्ध।
ऊंघा दुरबुद्धि विकल, घूंघा घोर अबुद्ध।। १८।।

**શબ્દાર્થઃ-** રુંચક = રુચિવાળા. અબુદ્ધિ = અજ્ઞાની.

**અર્થઃ-** ડૂંઘા જીવ પ્રભુ છે, ચૂંઘા જીવ ચતુર છે, સૂંઘા જીવ શુદ્ધ રુચિવાળા છે, ઊંઘા જીવ દુર્બુદ્ધિ અને દુઃખી છે અને ઘૂંઘા જીવ મહા અજ્ઞાની છે. ૧૮.

**ડૂંઘા જીવનું લક્ષણ (દોહરા)**

जाकी परम दसा विषै, करम कलंक न होइ।
डूंघा अगम अगाधपद, वचन अगोचर सोइ।। १९।।

**અર્થઃ-** જેમને કર્મ-કાલિમા રહિત અગમ્ય, અગાધ અને વચન-અગોચર ઉત્કૃષ્ટ પદ છે તે સિદ્ધ ભગવાન ડૂંઘા[1] જીવ છે. ૧૯.

**ચૂંઘા જીવનું લક્ષણ (દોહરા)**

जो उदास है जगतसौं, गहै परम रस प्रेम।
सो चूंघा गुरुके वचन, चूंघै बालक जेम।। २०।।

**શબ્દાર્થઃ-** ઉદાસ = વિરક્ત. પરમ રસ = આત્મ-અનુભવ. ચૂંઘૈ = ચૂસે.

**અર્થઃ-** જે સંસારથી વિરક્ત થઈને આત્મ-અનુભવનો રસ સપ્રેમ ગ્રહણ કરે છે અને શ્રીગુરુના વચન બાળકની જેમ દૂધની પેઠે ચૂસે છે તે ચૂંઘા જીવ છે. ૨૦.

**સૂંઘા જીવનું લક્ષણ (દોહરા)**

जो सुवचन रुचिसौं सुनै, हियै दुष्टता नांहि।
परमारथ समुझै नहीं, सो सूंघा जगमांहि।। २१।।

---

૧. આ કથન પં. બનારસીદાસજીએ પોતાની કલ્પનાથી કર્યું છે, કોઈ ગ્રંથના આધારે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** રુચિસૌં = પ્રેમથી. પરમારથ = આત્મતત્ત્વ.

**અર્થ:-** જે ગુરુના વચન પ્રેમપૂર્વક સાંભળે છે અને હૃદયમાં દુષ્ટતા નથી-ભદ્ર છે, પણ આત્મસ્વરૂપને ઓળખતા નથી એવા મંદ કષાયી જીવ સૂંઘા છે. ૨૧.

**ઊંઘા જીવનું લક્ષણ (દોહરા)**

जाकौं विकथा हित लगै, आगम अंग अनिष्ट।
सो ऊंघा विषयी विकल, दुष्ट रुष्ट पापिष्ट।। २२।।

**શબ્દાર્થ:-** વિકથા = ખોટી વાર્તા. અનિષ્ટ = અપ્રિય. દુષ્ટ = દ્વેષી. રુષ્ટ = ક્રોધી. પાપિષ્ટ = અધર્મી.

**અર્થ:-** જેને સત્‌શાસ્ત્રનો ઉપદેશ તો અપ્રિય લાગે છે અને વિકથાઓ પ્રિય લાગે છે તે વિષયાભિલાષી, દ્વેષી-ક્રોધી અને અધર્મી જીવ ઊંઘા છે. ૨૨.

**ઘૂંઘા જીવનું લક્ષણ (દોહરા)**

जाकै वचन श्रवन नहीं, नहि मन सुरति विराम।
जड़तासौं जड़वत भयौ, घूंघा ताकौ नाम।। २३।।

**શબ્દાર્થ:-** સુરતિ = સ્મૃતિ. વિરામ = અવ્રતી.

**અર્થ:-** વચન રહિત અર્થાત્ એકેન્દ્રિય, શ્રવણરહિત અર્થાત્ દ્વિ, ત્રિ, ચતુરિન્દ્રિય, મનરહિત અર્થાત્ અસંજ્ઞી પંચેન્દ્રિય અને અવ્રતી અજ્ઞાની જીવ જે જ્ઞાનાવરણીય કર્મના તીવ્ર ઉદયથી જડ થઈ ગયા છે તે ઘૂંઘા છે. ૨૩.

**ઉપર્યુક્ત પાંચ પ્રકારના જીવોનું વિશેષ વર્ણન (ચોપાઈ)**

डूंघा सिद्ध कहै सब कोऊ।
सूंघा ऊंघा मूरख दोऊ।।
घूंघा घोर विकल संसारी।
चूंघा जीव मोख अधिकारी।। २४।।

**અર્થ:-** ડૂંઘા જીવને સર્વ કોઈ સિદ્ધ કહે છે, સૂંઘા અને ઊંઘા બંને મૂર્ખ છે, ઘૂંઘા ઘોર સંસારી છે અને ચૂંઘા જીવ મોક્ષના પાત્ર છે. ૨૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

### ચૂંઘા જીવનું વર્ણન (દોહરા)

चूंघा साधक मोखकौ, करै दोष दुख नास।
लहै मोख संतोषसौं, वरनौं लच्छन तास।। २५।।

**અર્થઃ-** ચૂંઘા જીવ મોક્ષના સાધક છે, દોષ અને દુઃખોના નાશક છે, સંતોષથી પરિપુર્ણ રહે છે, તેના ગુણોનું વર્ણન કરું છું. ૨૫.

(દોહરા)

कृपा प्रसम संवेग दम, अस्तिभाव वैराग्य।
ये लच्छन जाके हियै, सप्त व्यसनकौ त्याग।। २६।।

**શબ્દાર્થઃ-** કૃપા = દયા. પ્રસમ (પ્રશમ) = કષાયોની મંદતા. સંવેગ = સંસારથી ભયભીત. દમ = ઇન્દ્રિયોનું દમન. અસ્તિભાવ (આસ્તિકય) = જિનવચનોમાં શ્રદ્ધા. વૈરાગ્ય = સંસારથી વિરક્તિ.

**અર્થઃ-** દયા, પ્રશમ, સંવેગ, ઇન્દ્રિયદમન, આસ્તિકય, વૈરાગ્ય અને સાત વ્યસનોનો ત્યાગ-આ ચૂંઘા અર્થાત્ સાધક જીવના ચિહ્ન છે. ૨૬.

### સાત વ્યસનના નામ (ચોપાઈ)

जूवा आमिष मदिरा दारी।
आखेटक चोरी परनारी।।
एई सात विसन दुखदाई।
दुरित मूल दुरगतिके भाई।। २७।।

**શબ્દાર્થઃ-** આમિષ = માંસ. મદિરા = શરાબ. દારી = વેશ્યા. આખેટક = શિકાર. પરનારી = પરાઈ સ્ત્રી. દુરિત = પાપ. મૂલ = જડ.

**અર્થઃ-** જુગાર રમવો, માંસ ખાવું, દારૂ પીવો, વેશ્યા સેવન કરવું, શિકાર કરવો, ચોરી અને પરસ્ત્રીનું સેવન કરવું-આ સાતે વ્યસન દુઃખદાયક છે, પાપનું મૂળ છે અને કુગતિમાં લઈ જનાર છે. ૨૭.

**વ્યસનોના દ્રવ્ય અને ભાવરૂપ ભેદ ( દોહરા )**

दरवित ये सातौं विसन, दुराचार दुखधाम।
भावित अंतर कलपना, मृषा मोह परिनाम।। २८।।

**અર્થઃ-** આ સાતે વ્યસન જે શરીરથી સેવવામાં આવે છે તે દુરાચાર રૂપ દ્રવ્ય-વ્યસન છે અને જૂઠા મોહ-પરિણામની અંતરંગ કલ્પના તે ભાવ-વ્યસન છે. દ્રવ્ય અને ભાવ બન્નેય દુઃખોના ઘર છે. ૨૮.

**સાત ભાવ-વ્યસનોનું સ્વરૂપ ( સવૈયા એકત્રીસા )**

अशुभमैं हारि शुभजीति यहै दूत कर्म,
देहकी मगनताई यहै मांस भखिवौ।
मोहकी गहलसौं अजान यहै सुरापान,
कुमतिकी रीति गनिकाकौ रस चखिवौ।।
निरदै ह्वै प्रानघात करवौ यहै सिकार,
परनारी संग परबुद्धिकौ परखिवौ।
प्यारसौं पराई सौंज गहिवेकी चाह चोरी,
एई सातौं विसन बिडारैं ब्रह्म लखिवौ।। २९।।

**શબ્દાર્થઃ-** દૂત (દ્યૂત) = જુગાર. ગહલ = મૂર્છા. અજાન = અચેત. સુરા = શરાબ. પાન = પીવું. ગનિકા = વેશ્યા. સૌંજ = વસ્તુ. બિડારૈં = વિદારણ કરે.

**અર્થઃ-** અશુભ કર્મના ઉદયમાં હાર અને શુભ કર્મના ઉદયમાં વિજય માનવો એ ભાવ-જુગાર છે, શરીરમાં લીન થવું એ ભાવ-માંસભક્ષણ છે, મિથ્યાત્વથી મૂર્ચ્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું એ ભાવ-મદ્યપાન છે, કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ-વેશ્યાસેવન છે, કઠોર પરિણામ રાખીને પ્રાણીનો ઘાત કરવો એ ભાવશિકાર છે, દેહાદિ પરવસ્તુમાં આત્મબુદ્ધિ રાખવી તે ભાવ-પરસ્ત્રીસંગ છે, અનુરાગપૂર્વક પર પદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ-ચોરી છે. આ જ સાતે ભાવ-વ્યસન આત્મજ્ઞાનનું વિદારણ કરે છે અર્થાત્ આત્મજ્ઞાન થવા દેતા નથી. ૨૯.

### સાધક જીવનો પુરુષાર્થ (દોહરો)

विसन भाव जामैं नहीं, पौरुष अगम अपार।
किये प्रगट घट सिंधुमैं, चौदह रतन उदार।। ३०।।

**શબ્દાર્થઃ-** સિંધુ = સમુદ્ર. ઉદાર = મહાન.

**અર્થઃ-** જેમના ચિત્તમાં ભાવ-વ્યસનોનો લેશ પણ રહેતો નથી તે અતુલ્ય અને અપરંપાર પુરુષાર્થના ધારક હૃદયરૂપ સમુદ્રમાં ચૌદ મહારત્ન પ્રગટ કરે છે. ૩૦.

### ચૌદ ભાવરત્ન (સવૈયા એકત્રીસા)

लक्ष्मी सुबुद्धि अनुभूति कउस्तुभ मनि,
वैराग कलपवृच्छ संख सुवचन है।
ऐरावत उद्दिम प्रतीति रंभा उदै विष,
कामधेनु निर्जरा सुधा प्रमोद धन है।।
ध्यान चाप प्रेमरीति मदिरा विवेक वैद्य,
सुद्धभाव चन्द्रमा तुरंगरूप मन है।
चौदह रतन ये प्रगट होंहि जहां तहां,
ग्यानके उदोत घट सिंधुकौ मथन है।। ३१।।

**શબ્દાર્થઃ-** સુધા = અમૃત. પ્રમોદ = આનંદ. ચાપ = ધનુષ્ય. તુરંગ = ઘોડો.

**અર્થઃ-** જ્યાં જ્ઞાનના પ્રકાશમાં ચિત્તરૂપ સમુદ્રનું મંથન કરવામાં આવે છે ત્યાં સુબુદ્ધિરૂપ લક્ષ્મી, અનુભૂતિરૂપ કૌસ્તુભમણિ, વૈરાગ્યરૂપ કલ્પવૃક્ષ, સત્ય વચનરૂપ શંખ, ઐરાવત હાથીરૂપ ઉદ્યમ, શ્રદ્ધારૂપ રંભા, ઉદયરૂપ વિષ, નિર્જરારૂપ કામધેનુ, આનંદરૂપ અમૃત, ધ્યાનરૂપ ધનુષ્ય, પ્રેમરૂપ મદિરા, વિવેકરૂપ વૈદ્ય, શુદ્ધભાવરૂપ ચંદ્રમા અને મનરૂપ ઘોડો-આવી રીતે ચૌદ રત્ન પ્રગટ થાય છે. ૩૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચૌદ રત્નોમાં કયું હેય અને કયું ઉપાદેય છે (દોહરા)**

किये अवस्थामैं[१] प्रगट, चौदह रतन रसाल।
कछु त्यागै कछु संग्रहै, विधिनिषेधकी चाल।। ३२।।
रमा संख विष धनु सुरा, वैद्य धेनु हय हेय।
मनि रंभा गज कलपतरु, सुधा सोम आदेय।। ३३।।
इह विधि जो परभाव विष, वमै रमै निजरूप।
सो साधक सिवपंथकौ, चिद वेदक चिद्रूप।। ३४।।

**શબ્દાર્થઃ-** સંગ્રહૈ = ગ્રહણ કરે. વિધિ = ગ્રહણ કરવું. નિષેધ = છોડવું. રમા = લક્ષ્મી. ધનુ = ધનુષ્ય. સુરા = શરાબ. ધેનુ = ગાય. હય = ઘોડો. રંભા = અપ્સરા. સોમ = ચંદ્રમા. આદેય = ગ્રહણ કરવા યોગ્ય. વમૈ = છોડે.

**અર્થઃ-** સાધકદશામાં જે ચૌદ રત્નો પ્રગટ કર્યા તેમાંથી જ્ઞાની જીવ વિધિ-નિષેધની રીત પર કેટલાકનો ત્યાગ કરે છે અને કેટલાકનું ગ્રહણ કરે છે. ૩૨. અર્થાત્ સુબુદ્ધિરૂપ લક્ષ્મી, [૨]સત્યવચનરૂપ શંખ, ઉદયરૂપ વિષ, ધ્યાનરૂપ ધનુષ્ય, પ્રેમરૂપ મદિરા, વિવેકરૂપ ધન્વંતરિ, નિર્જરારૂપ કામધેનુ અને મનરૂપ ઘોડો-આ આઠ અસ્થિર છે તેથી ત્યાગવા યોગ્ય છે, તથા અનુભૂતિરૂપ મણિ, પ્રતીતિરૂપ રંભા, ઉદ્યમરૂપ હાથી, વૈરાગ્યરૂપ કલ્પવૃક્ષ, આનંદરૂપ અમૃત, શુદ્ધભાવરૂપ ચંદ્રમા-આ છ રત્ન ઉપાદેય છે. ૩૩. આ રીતે જે પરભાવરૂપ વિષવિકારનો ત્યાગ કરીને નિજ-સ્વરૂપમાં મગ્ન થાય છે તે નિજ-સ્વરૂપનો ભોક્તા ચૈતન્ય આત્મા મોક્ષમાર્ગનો [૩]સાધક છે. ૩૪.

---

૧. સાધક દશા.
૨. સત્ય વચન પણ હેય છે, જૈનમતમાં તો મૌનની જ પ્રશંસા છે.
૩. સાત ભાવ-વ્યસન અને ચૌદ રત્નોની કવિતા પં. બનારસીદાસજીએ સ્વતંત્ર રચી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**મોક્ષમાર્ગના સાધક જીવોની અવસ્થા (કવિત્ત)**

ग्यान द्रिष्टि जिन्हके घट अंतर,
निरखैं दरव सुगुन परजाइ।
जिन्हकैं सहजरूप दिन दिन प्रति,
स्यादवाद साधन अधिकाइ।।
जे केवलि प्रनीत मारग मुख,
चितैं चरन राखै ठहराइ।
ते प्रवीन करि खीन मोहमल,
अविचल होहिं परमपद पाइ।। ३५।।

**શબ્દાર્થઃ-** નિરખૈં = અવલોકન કરે. પ્રનીત (પ્રણીત) = રચિત.

**અર્થઃ-** જેમના અંતરંગમાં જ્ઞાનદ્રષ્ટિ દ્રવ્ય, ગુણ અને પર્યાયોનું અવલોકન કરે છે, જેઓ સ્વયમેવ દિન-પ્રતિદિન સ્યાદ્વાદ દ્વારા પોતાનું સ્વરૂપ અધિકાધિક જાણે છે, જે કેવળી-કથિત ધર્મમાર્ગમાં શ્રદ્ધા કરીને તે અનુસાર આચરણ કરે છે, તે જ્ઞાની મનુષ્યો મોહકર્મનો મળ નષ્ટ કરે છે અને પરમ પદ પ્રાપ્ત કરીને સ્થિર થાય છે. ૩૫.

**શુદ્ધ અનુભવથી મોક્ષ અને મિથ્યાત્વથી સંસાર છે. (સવૈયા એકત્રીસા)**

❈ चाकसौ फिरत जाकौ संसार निकट आयौ,
पायौ जिन सम्यक मिथ्यात नास करिकै।

---

नैकान्तसङ्गतदृशा स्वयमेव वस्तु-
तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः।
स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो
ज्ञानीभवन्ति जिननीतिमलंधयन्तः।। २।।

(આ શ્લોક ઈડરની પ્રતિમાં નથી.)

❈ ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां
भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः।
ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा
मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।। ३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निरदुंद मनसा सुभूमि साधि लीनी जिन,
कीनी मोखकारन अवस्था ध्यान धरिकै।।
सो ही सुद्ध अनुभौ अभ्यासी अविनासी भयौ,
गयौ ताकौ करम भरम रोग गरिकै।
मिथ्यामती अपनौ सरूप न पिछानै तातैं,
डोलै जगजालमैं अनंत काल भरिकै।। ३६।।

**શબ્દાર્થઃ-** ચાક = ચક્ર. નિરદુંદ (નિરદ્વંદ) = દુવિધા રહિત. ગરિકૈ (ગલિકે) = ગળીને નાશ પામ્યું. પિછાનૈ = ઓળખે.

**અર્થઃ-** ચાકડાની જેમ ઘૂમતા ઘૂમતા જેને સંસારનો અંત નજીક આવી ગયો છે, જેણે મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, જેણે રાગ-દ્વેષ છોડીને મનરૂપ ભૂમિને શુદ્ધ કરી છે અને ધ્યાન દ્વારા પોતાને મોક્ષને યોગ્ય બનાવેલ છે, તે જ શુદ્ધ અનુભવનો અભ્યાસ કરનાર અવિચળ પદ પામે છે અને તેના કર્મ નાશ પામે છે, તથા અજ્ઞાનરૂપી રોગ દૂર થઈ જાય છે. પરંતુ મિથ્યાદ્રષ્ટિ પોતાનું સ્વરૂપ ઓળખતા નથી તેથી તેઓ અનંતકાળ સુધી જગતની જાળમાં ભટકે છે અને જન્મ-મરણના ફેરા કરે છે. ૩૬.

**આત્મ-અનુભવનું પરિણામ (સવૈયા એકત્રીસા)**

जे जीव दरबरूप तथा परजायरूप,
दोऊ नै प्रवांन वस्तु सुद्धता गहतु हैं।
जे असुद्ध भावनिके त्यागी भये सरवथा,
विषैसौं विमुख है विरागता बहतु हैं।।

---

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।
ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।। ४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जे जे ग्राह्यभाव त्यागभाव दोऊ भावनिकौं,
अनुभौ अभ्यास विषै एकता करतु हैं।
तेई ग्यान क्रियाके आराधक सहज मोख,
मारगके साधक अबाधक महतु हैं।। ३७।।

**અર્થ**:- જે જીવોએ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બન્ને નયો દ્વારા પદાર્થોનું સ્વરૂપ સમજીને આત્માની શુદ્ધતા ગ્રહણ કરી છે, જે અશુદ્ધભાવોના સર્વથા ત્યાગી છે, ઇન્દ્રિય-વિષયોથી પરાઙ્મુખ થઈને વીતરાગી થયા છે, જેમણે અનુભવના અભ્યાસમાં ઉપાદેય અને હેય બન્ને પ્રકારના ભાવોને એકસરખા જાણ્યા છે, તે જ જીવો જ્ઞાનક્રિયાના ઉપાસક છે, મોક્ષમાર્ગના સાધક છે, કર્મબાધા રહિત છે અને મહાન છે. ૩૭.

**જ્ઞાનક્રિયાનું સ્વરૂપ (દોહરા)**

विनसि अनादि असुद्धता, होइ सुद्धता पोख।
ता परनतिको बुध कहैं, ग्यान क्रियासौं मोख।। ३८।।

**શબ્દાર્થ**:- વિનસિ = નષ્ટ થઈને. પોખ = પુષ્ટ. પરનતિ = ચાલ.

**અર્થ**:- જ્ઞાનીઓ કહે છે કે અનાદિકાળની અશુદ્ધતા નષ્ટ કરનાર અને શુદ્ધતાને પુષ્ટ કરનાર પરિણતિ જ્ઞાનક્રિયા છે અને તેનાથી જ મોક્ષ થાય છે. ૩૮.

**સમ્યક્ત્વથી ક્રમે ક્રમે જ્ઞાનની પૂર્ણતા થાય છે (દોહરા)**

जगी सुद्ध समकित कला, बगी मोख मग जोइ।
वहै करम चूरन करै, क्रम क्रम पूरन होइ।। ३९।।
जाके घट ऐसी दसा, साधक ताकौ नाम।
जैसै जो दीपक धरै, सो उजियारौ धाम।। ४०।।

**શબ્દાર્થ**:- બગી = ચાલી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** સમ્યગ્દર્શનનું જે કિરણ પ્રગટ થાય છે અને મોક્ષનાં માર્ગમાં ચાલે છે તે ધીરે ધીરે કર્મોનો નાશ કરતું પરમાત્મા બને છે. ૩૯. જેના ચિત્તમાં આવા સમ્યગ્દર્શનના કિરણનો ઉદય થયો છે તેનું જ નામ સાધક છે, જેમ કે જે ઘરમાં દીપક સળગાવવામાં આવે છે તે જ ઘરમાં અજવાળું થાય છે. ૪૦.

**સમ્યક્ત્વનો મહિમા ( સવૈયા એકત્રીસા )**

जाके घट अंतर मिथ्यात अंधकार गयौ,
भयौ परगास सुद्ध समकित भानकौ।
जाकी मोहनिद्रा घटी ममता पलक फटी,
जान्यौ जिन मरन अवाची भगवानकौ।।
जाकौ ग्यान तेज बग्यौ उद्दिम उदार जग्यौ,
लगौ सुख पोख समरस सुधा पानकौ।
ताही सुविचच्छनकौ संसार निकट आयौ,
पायौ तिन मारग सुगम निरवानकौ।। ४१।।

**શબ્દાર્થઃ-** અવાચી = વચનાતીત. બગ્યૌ = વધ્યું.

**અર્થઃ-** જેના હૃદયમાં મિથ્યાત્વનો અંધકાર નષ્ટ થવાથી શુદ્ધ સમ્યગ્દર્શનનો સૂર્ય પ્રકાશિત થયો, જેની મોહનિદ્રા દૂર થઈ ગઈ અને મમતાની પલકો ઊઘડી ગઈ, જેણે વચનાતીત પોતાના પરમેશ્વરનું સ્વરૂપ ઓળખી લીધું છે, જેના જ્ઞાનનું તેજ પ્રકાશિત થયું, જે મહાન ઉદ્યમમાં સાવધાન થયો, જે સામ્યભાવના અમૃતરસનું પાન કરીને પુષ્ટ થયો, તે જ જ્ઞાનીને સંસારનો અંત સમીપ આવ્યો છે અને તેણે જ નિર્વાણનો સુગમ માર્ગ પ્રાપ્ત કર્યો છે. ૪૧.

---

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।। ५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### સમ્યગ્જ્ઞાનનો મહિમા ( સવૈયા એકત્રીસા )

जाके हिरदैमैं स्याद्वाद साधना करत,
सुद्ध आतमाकौ अनुभौ प्रगट भयौ है।
जाके संकलप विकलपके विकार मिटि,
सदाकाल एकीभाव रस परिनयौ है।।
जिन बंध विधि परिहार मोख अंगीकार,
ऐसौ सुविचार पच्छ सोऊ छांड़ि दयौ है।
ताकौ ग्यान महिमा उदोत दिन दिन प्रति,
सोही भवसागर उलंघि पार गयौ है।। ४२।।

**શબ્દાર્થઃ-** પરિનયૌ = થયો. પરિહાર = નષ્ટ. અંગીકાર = સ્વીકાર. પાર = કિનારે.

**અર્થઃ-** સ્યાદ્વાદના અભ્યાસથી જેના અંતઃકરણમાં શુદ્ધ આત્માનો અનુભવ પ્રગટ થયો, જેના સંકલ્પ-વિકલ્પના વિકાર નષ્ટ થઈ ગયા અને સદૈવ જ્ઞાનભાવરૂપ થયો, જેણે બંધવિધિના ત્યાગ અને મોક્ષના સ્વીકારનો સદ્વિચાર પણ છોડી દીધો છે, જેના જ્ઞાનનો મહિમા દિવસે-દિવસે પ્રગટ થયો છે, તે જ સંસારસાગરથી પાર થઈને તેના કિનારે પહોંચ્યો છે. ૪૨.

### અનુભવમાં નયપક્ષ નથી. ( સવૈયા એકત્રીસા )

अस्तिरूप नासति अनेक एक थिररूप,
अथिर इत्यादि नानारूप जीव कहियै।

---

स्याद्वाददीपितलसन्महसि प्रकाशे
शुद्धस्वभावमहिमन्युदिते मयीति।
किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-
र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।। ६।।
चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा
सद्यः प्रणश्यति नयेक्षणखण्ड्यमानः।
तस्मादखण्डमनिराकृतखण्डमेक-
मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।। ७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

दीसै एक नैकी प्रतिपच्छी न अपर दूजी,
नैकौ न दिखाइ वाद विवादमैं रहियै।।
थिरता न होइ विकलपकी तरंगनिमैं,
चंचलता बढ़ै अनुभौ दसा न लहियै।
तातैं जीव अचल अबाधित अखंड एक,
ऐसौ पद साधिकै समाधि सुख गहियै।। ४३।।

**શબ્દાર્થઃ**- થિર = સ્થિર. અથિર = ચંચળ. પ્રતિપચ્છી = વિપરીત. અપર = બીજું. થિરતા = શાંતિ. સમાધિ = અનુભવ.

**અર્થઃ**- જીવ પદાર્થ નયની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ, એક-અનેક, સ્થિર-અસ્થિર આદિ અનેક રૂપે કહેવામાં આવ્યો છે. જો એક નયથી વિપરીત બીજો નય ન બતાવવામાં આવે તો વિપરીતતા દેખાય છે અને વાદ-વિવાદ ઉપસ્થિત થાય છે. એવી દશામાં અર્થાત્ નયની વિકલ્પજાળમાં પડવાથી ચિત્તને વિશ્રામ મળતો નથી અને ચંચળતા વધવાથી અનુભવ ટકી શકતો નથી, તેથી જીવ પદાર્થને અચળ, અબાધિત, અખંડિત અને એક સાધીને અનુભવનો આનંદ લેવો જોઈએ.

**ભાવાર્થઃ**- એક નય પદાર્થને અસ્તિરૂપ કહે છે તો બીજો નય તે જ પદાર્થને નાસ્તિરૂપ કહે છે, એક નય તેને એકરૂપ કહે છે તો બીજો નય તેને અનેક કહે છે, એક નય નિત્ય કહે છે તો બીજો નય તેને અનિત્ય કહે છે, એક નય શુદ્ધ કહે છે તો બીજો નય તેને અશુદ્ધ કહે છે, એક નય જ્ઞાની કહે છે તો બીજો નય તેને અજ્ઞાની કહે છે, એક નય સંબંધ કહે છે તો બીજો નય તેને અબંધ કહે છે, આવી રીતે પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મોની અપેક્ષાએ પદાર્થ અનેકરૂપ કહેવાય છે. જ્યારે પહેલો નય કહેવામાં આવ્યો હોય ત્યારે તેનો વિરોધી બતાવવામાં ન આવે તો વિવાદ ઊભો થાય છે અને નયોના ભેદ વધવાથી અનેક વિકલ્પો ઉત્પન્ન થાય છે જેનાથી ચિત્તમાં ચંચળતા વધવાથી અનુભવ નષ્ટ થઈ જાય છે, તેથી પ્રથમ અવસ્થામાં તો નયોને જાણવા આવશ્યક છે. પછી તેમના દ્વારા પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ નક્કી કર્યા પછી એક શુદ્ધ બુદ્ધ આત્મા જ ઉપાદેય છે. ૪૩.

### આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અખંડિત છે (સવૈયા એકત્રીસા)

जैसैं एक पाकौ आंबफल ताके चार अंस,
रस जाली गुठली छीलक जब मानियै।
यौंतौ न बनै पै ऐसे बनै जैसै वहै फल,
रूप रस गंध फास अखंड प्रमानियै।।
तैसै एक जीवकौ दरव खेत काल भाव,
अंस भेद करि भिन्न भिन्न न बखानियै।
दर्वरूप खेतरूप कालरूप भावरूप,
चारौंरूप अलख अखंड सत्ता मानियै।। ४४।।

**શબ્દાર્થઃ-** આંબફળ = કેરી. ફાસ = સ્પર્શ. અખંડ = અભિન્ન. અલખ = આત્મા.

**અર્થઃ-** કોઈ એમ સમજે કે જેવી રીતે પાકા આમ્રફળમાં રસ, જાળી, ગોટલી અને છાલ એવી રીતે ચાર અંશ છે, તેવી જ રીતે પદાર્થમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચાર અંશ છે-એમ નથી. આ રીતે છે કે જેવી રીતે આમ્રફળ છે અને તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, તેનાથી અભિન્ન છે, તેવી જ રીતે જીવપદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તેનાથી અભિન્ન છે અને આત્મસત્તા પોતાના સ્વચતુષ્ટયથી સદા અખંડિત છે.

**ભાવાર્થઃ-** જો કોઈ ઇચ્છે કે અગ્નિથી ઉષ્ણતા ભિન્ન કરવામાં આવે, અર્થાત્ કોઈ તો અગ્નિ પોતાની પાસે રાખે અને બીજાની પાસે ઉષ્ણતા સોંપે તો તેમ બની શકતું નથી, તેવી જ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પદાર્થથી અભિન્ન જાણવા જોઈએ. ૪૪.

### જ્ઞાન અને જ્ઞેયનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

कोऊ ग्यानवान कहै ग्यान तौ हमारो रूप,
ज्ञेय षट दर्व सो हमारौ रूप नाहीं है।

---

**न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रभावोऽस्मि।।** -આ સંસ્કૃત અંશ મુદ્રિત બન્ને પ્રતિઓમાં નથી, પણ ઈડરની પ્રતિમાં છે.

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।। ८।।

एक नै प्रवांन ऐसे दूजी अब कहूं जैसै,
सरस्वती अक्खर अरथ एक ठाहीं है।।
तैसै ग्याता मेरौ नाम ग्यान चेतना विराम,
ज्ञेयरूप सकति अनंत मुझ पांही है।
आ कारन वचनके भेद भेद कहै कोऊ,
ग्याता ग्यान ज्ञेयकौ विलास सत्ता मांही है।।४५।।

**અર્થ:-** કોઈ જ્ઞાની કહે છે કે જ્ઞાન મારું રૂપ છે અને જ્ઞેય-છ દ્રવ્ય મારું સ્વરૂપ નથી. ત્યાં શ્રીગુરુ સંબોધન કરે છે કે એક નય અર્થાત્ વ્યવહાર નયથી તમારું કહેવું સત્ય છે અને બીજો નિશ્ચયનય હું કહું છું તે આ રીતે છે કે જેવી રીતે વિદ્યા, અક્ષર અને અર્થ એક જ સ્થાનમાં છે, ભિન્ન નથી; તેવી જ રીતે જ્ઞાતા આત્માનું નામ છે અને જ્ઞાન [1]ચેતનનો પ્રકાર છે તથા તે જ્ઞાન જ્ઞેયરૂપ પરિણમન કરે છે તે જ્ઞેયરૂપ પરિણમન કરવાની અનંતશક્તિ આત્મામાં જ છે, તેથી વચનના ભેદથી ભલે ભેદ કહો, પણ નિશ્ચયથી જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો વિલાસ એક આત્મસત્તામાં જ છે. ૪૫.

(ચોપાઈ)

स्वपर प्रकासक सकति हमारी।
तातैं वचन भेद भ्रम भारी।।
ज्ञेय दशा दुविधा परगासी।
निजरूपा पररूपा भासी।।४६।।

**અર્થ:-** આત્માની જ્ઞાન શક્તિ પોતાનું સ્વરૂપ જાણે છે અને પોતાના સિવાય અન્ય પદાર્થોને પણ જાણે છે, તેથી જ્ઞાન અને જ્ઞેયનો વચન-ભેદ મૂર્ખાઓને મોટો ભ્રમ ઉત્પન્ન કરે છે. જ્ઞેય અવસ્થા બે પ્રકારની છે-એક તો સ્વજ્ઞેય અને બીજી પરજ્ઞેય. ૪૬.

---

૧. ચેતના બે પ્રકારની છે-જ્ઞાનચેતના અને દર્શનચેતના.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(દોહરા)

निजरूपा आतम सकति, पररूपा पर वस्त।
जिन लखि लीनौं पेंच यह, तिन लखि लियौ समस्त।। ४७।।

**અર્થઃ-** સ્વજ્ઞેય આત્મા છે અને પરજ્ઞેય આત્મા સિવાયના જગતના સર્વ પદાર્થો છે, જેણે આ સ્વજ્ઞેય અને પરજ્ઞેયની ગૂંચવણ (કોયડો) સમજી લીધી છે તેણે બધું જ જાણી લીધું છે એમ સમજો. ૪૭.

**સ્યાદ્વાદમાં જીવનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)**

करम अवस्थामैं असुद्धसौ विलोकियत,
करम कलंकसौं रहित सुद्ध अंग है।
उभै नै प्रवांन समकाल सुद्धासुद्ध रूप,
ऐसौ परजाइ धारी जीव नाना रंग है।
एक ही समैमैं त्रिधारूप पै तथापि याकी,
अखंडित चेतना सकति सरवंग है।।
यहै स्यादवाद याकौ भेद स्यादवादी जानै,
मूरख न मानै जाकौ हियौ दगभंग है।। ४८।।

**શબ્દાર્થઃ-** અવસ્થા = દશા. વિલોકિયત = દેખાય છે. ઉભૈ (ઉભય) = બે. નૈ = નય. પરજાઈ ધારી = શરીર સહિત, સંસારી. રંગ = ધર્મ. ત્રિધા = ત્રણ. દગ ભંગ = આંધળો.

**અર્થઃ-** જો જીવની કર્મસહિત અવસ્થા ઉપર દૃષ્ટિ દેવામાં આવે તો તે વ્યવહારનયથી અશુદ્ધ દેખાય છે, જો નિશ્ચયનયથી કર્મમળ રહિત અવસ્થાનો વિચાર કરવામાં આવે તો તે નિર્દોષ છે, અને જો એ બન્ને નયોનો એકસાથે વિચાર કરવામાં આવે તો શુદ્ધાશુદ્ધરૂપ જણાય છે, -આ રીતે સંસારી જીવની વિચિત્ર ગતિ

---

क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं
क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।
तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः
परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।। ९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. જોકે તે એક ક્ષણમાં શુદ્ધ, અશુદ્ધ અને શુદ્ધાશુદ્ધ એવા ત્રણરૂપે છે તોપણ આ ત્રણે રૂપોમાં તે અખંડ ચૈતન્યશક્તિથી સર્વાંગ સમ્પન્ન છે. આ જ સ્યાદ્વાદ છે, આ સ્યાદ્વાદનો મર્મ સ્યાદ્વાદી જ જાણે છે, જે મૂર્ખ હૃદયના આંધળા છે તે આ અર્થ સમજતા નથી.

निहचै दरवद्रिष्टि दीजै तब एक रूप,
गुन परजाइ भेद भावसौं बहुत है।
असंख्य परदेस संजुगत सत्ता परमान,
ग्यानकी प्रभासौं लोका लोक मानयुत है।।
परजै तरंगनिके अंग छिनभंगुर है,
चेतना सकतिसौं अखंडित अचुत है।
सो है जीव जगत विनायक जगतसार,
जाकी मौज महिमा अपार अदभुत है।। ४९।।

**શબ્દાર્થઃ-** ભેદભાવ = વ્યવહારનય. સંજુગત (સંયુક્ત) = સહિત. જુત (યુક્ત) = સહિત. અચુત = અચળ. વિનાયક = શિરોમણિ. મૌજ = સુખ.

**અર્થઃ-** આત્મા નિશ્ચયનય અને દ્રવ્યદૃષ્ટિથી એકરૂપ છે, ગુણપર્યાયોના ભેદ અર્થાત્ વ્યવહારનયથી અભેદરૂપ છે. અસ્તિત્વની દૃષ્ટિથી નિજ ક્ષેત્રાવગાહમાં સ્થિત છે, પ્રદેશોની દૃષ્ટિએ લોક-પ્રમાણ અસંખ્યપ્રદેશી છે, જ્ઞાયકદૃષ્ટિએ [1]લોકાલોક પ્રમાણ છે. પર્યાયોની દૃષ્ટિએ ક્ષણભંગુર છે, અવિનાશી ચેતનાશક્તિની દૃષ્ટિએ નિત્ય છે. તે જીવ જગતમાં શ્રેષ્ઠ અને સાર પદાર્થ છે, તેના સુખગુણનો મહિમા અપરંપાર અને અદ્‌ભુત છે. ૪૯.

---

૧. લોક અને અલોકમાં તેના જ્ઞાનની પહોંચ છે.

इतो गतमनेकतां दधदितः सदाप्येकता-
मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।
इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-
रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।। १०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

विभाव सकति परनतिसौं विकल दीसै,
सुद्ध चेतना विचारतैं सहज संत है।।
करम संजोगसौं कहावै गति जोनि वासी,
निहचै सुरूप सदा मुक्त महंत है।।
ज्ञायक सुभाउ धरै लोकालोक परगासी,
सत्ता परवांन सत्ता परगासवंत है।
सो है जीव जानत जहान कौतुक महान,
जाकी किरति [१]कहां न अनादि अनंत है।। ५०।।

**શબ્દાર્થઃ-** વિકલ = દુઃખી. સહજ સંત = સ્વાભાવિક શાંત. વાસી = રહેનાર. જહાન = લોક. કીરતિ ( કીર્તિ ) = યશ. કહાં ન = ક્યાં નથી.

**અર્થઃ-** આત્મા વિભાવ-પરિણતિથી દુઃખી દેખાય છે, પણ તેની શુદ્ધ ચૈતન્યશક્તિનો વિચાર કરો તો તે સાહજિક શાંતિમય જ છે. તે કર્મના સંયોગથી ગતિ યોનિનો પ્રવાસી કહેવાય છે, પણ તેનું નિશ્ચય સ્વરૂપ જુઓ તો કર્મબંધનથી મુક્ત પરમેશ્વર જ છે. તેની જ્ઞાયક શક્તિ ઉપર દૃષ્ટિ મૂકો તો તે લોકાલોકનો જ્ઞાતાદ્રષ્ટા છે, જો તેના અસ્તિત્વ ઉપર ધ્યાન આપો તો નિજ ક્ષેત્રાવગાહ-પ્રમાણ જ્ઞાનનો પિંડ છે. આવો જીવ જગતનો જ્ઞાતા છે. તેની લીલા વિશાળ છે, તેની કીર્તિ ક્યાં નથી ? અનાદિકાળથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી ચાલશે. ૫૦.

---

૧. ' કહાન ' એવો પણ પાઠ છે. કહાન = કહાણી-વાર્તા.

कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो
भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।
जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः
स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।। ११।।

**સાધ્યસ્વરૂપ કેવળજ્ઞાનનું વર્ણન (સવૈયા એકત્રીસા)**

पंच परकार ग्यानावरनकौ नास करि,
प्रगटी प्रसिद्ध जग मांहि जगमगी है।
ज्ञायक प्रभामैं नाना ज्ञेयकी अवस्था धरि,
अनेक भई पै एकताके रस पगी है।।
याही भांति रहेगी अनंत काल परजंत,
अनंत सकति फोरि अनंतसौं लगी है।
नरदेह देवलमैं केवल सरूप सुद्ध,
ऐसी ग्यानज्योतिकी सिखा समाधि जगी है।। ५१।।

**શબ્દાર્થઃ-** ફોરિ = સ્ફુરિત કરીને. દેવલ = મંદિર. સિખા (શિખા) = જ્વાળા. સમાધિ = અનુભવ.

**અર્થઃ-** જગતમાં જે જ્ઞાયક જ્યોતિ પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મોનો નાશ કરીને ચમકતી પ્રગટ થઈ છે અને અનેક પ્રકારે જ્ઞેયાકારે પરિણમન કરવા છતાં પણ જે એકરૂપ થઈ રહી છે તે જ્ઞાયકશક્તિ આવી જ રીતે અનંતકાળ સુધી રહેશે અને અનંત વીર્યની સ્ફુરણા કરીને અક્ષયપદ પ્રાપ્ત કરશે. તે શુદ્ધ કેવળજ્ઞાનરૂપ પ્રભા મનુષ્ય-દેહરૂપ મંદિરમાં પરમ શાંતિમય પ્રગટ થઈ છે. ૫૧.

**અમૃતચંદ્ર કળાના ત્રણ અર્થ (સવૈયા એકત્રીસા)**

अच्छर अरथमैं मगन रहै सदा काल,
महासुख देवा जैसी सेवा कामगविकी।

---

जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-
स्खलदखिलविकल्पोऽप्येक एकस्वरूपः।
स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः
प्रसभनियमितार्च्चिश्चिच्चमत्कार एषः।। १२।।
अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-
न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहः।
उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-
ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।। १३।।

अमल अबाधित अलख गुन गावना है,
पावना परम सुद्ध भावना है भविकी।।
मिथ्यात तिमिर अपहारा वर्धमान धारा,
जैसी उभै जामलौं किरण दीपैं रविकी।
ऐसी है अमृतचन्द्र कला त्रिधारूप धरै,
अनुभौ दसा गरंथ टीका बुद्धि कविकी।। ५२।।

**શબ્દાર્થ**:- કામગવિ = કામધેનુ. અલખ = આત્મા. પાવના = પવિત્ર. અપહારા = નાશ કરનારી. વર્ધમાન = ઉન્નતિરૂપ. ઉભૈ જામ = બે પહોર. ત્રિધારૂપ = ત્રણ પ્રકારની.

**અર્થ**:- અમૃતચંદ્રસ્વામીની ચંદ્રકળા અનુભવની, ટીકાની અને કવિતાની-એમ ત્રણ રૂપે છે તે સદાકાળ અક્ષર અર્થ અર્થાત્ મોક્ષપદાર્થથી ભરપૂર છે, સેવા કરવાથી કામધેનુ સમાન મહાસુખદાયક છે, એમાં નિર્મળ અને શુદ્ધ પરમાત્માના ગુણસમૂહનું વર્ણન છે, પરમ પવિત્ર છે, નિર્મળ છે અને ભવ્યજીવોને ચિંતવન કરવા યોગ્ય છે, મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરનાર છે, બપોરના સૂર્ય સમાન ઉન્નતિશીલ છે. ૫૨.

(દોહરા)

नाम साध्य साधक कह्यौ, द्वार द्वादसम ठीक।
समयसार नाटक सकल, पूरन भयौ सटीक।। ५३।।

**અર્થ**:- સાધ્ય-સાધક નામના બારમા અધિકારનું વર્ણન કર્યું અને શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત સમયસારજી સમાપ્ત થયું. ૫૩.

**ગ્રંથના અંતમાં ગ્રંથકારની આલોચના (દોહરા)**

अब कवि निज पूरब दसा, कहैं आपसौं आप।
सहज हरख मनमैं धरै, करै न पश्चाताप।। ५४।।

**અર્થ**:- સ્વરૂપનું જ્ઞાન થવાથી પ્રસન્નતા પ્રગટ થઈ છે અને સંતાપનો અભાવ થયો છે તેથી હવે કાવ્યકર્તા પોતે જ પોતાની પૂર્વદશાની આલોચના કરે છે. ૫૪.

( સવૈયા એકત્રીસા )

जो मैं आपा छांड़ि दीनौ पररूप गहि लीनौ,
कीनौ न बसेरौ तहां जहां मेरौ थल है।
भोगनिकौ भोगी ह्वै करमकौ करता भयौ,
हिरदै हमारे राग द्वेष मोह मल है।।
ऐसी विपरीत चाल भई जो अतीत काल,
सो तो मेरे क्रियाकी ममताहीकौ फल है।
ग्यान दृष्टि भासी भयौ क्रियासौं उदासी वह,
मिथ्या मोह निद्रामैं सुपनकोसौ छल है।। ५५।।

**શબ્દાર્થઃ-** બસેરૌ = નિવાસ. થલ = સ્થાન. અતીત કાલ = પૂર્વ સમય.

**અર્થઃ-** મેં પૂર્વે મારા સ્વરૂપનું ગ્રહણ કર્યું નહોતું, પરપદાર્થોને પોતાના માન્યા અને પરમ સમાધિમાં લીન ન થયો, ભોગોનો ભોક્તા થઈને કર્મોનો કર્તા થયો અને હૃદય રાગ-દ્વેષ-મોહના મળથી મલિન રહ્યું. આવી વિભાવ પરિણતિમાં અમે મમત્વભાવ રાખ્યો અર્થાત્ વિભાવપરિણતિને આત્મપરિણતિ સમજ્યા, તેના ફળથી અમારી આ દશા થઈ. હવે જ્ઞાનનો ઉદય થવાથી ક્રિયાથી વિરક્ત થયો છું, આગળ કહેલું જે કાંઈ થયું તે મિથ્યાત્વની મોહનિદ્રામાં સ્વપ્ન જેવું છળ થયું છે, હવે નિદ્રા ઊડી ગઈ. ૫૫.

( દોહરા )

अमृतचंद्र मुनिराजकृत, पूरन भयौ गिरंथ।
समयसार नाटक प्रगट, पंचम गतिको पंथ।। ५६।।

---

यस्माद्द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।
भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्नं क्रियायाः फलं
तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।। १४।।
स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैर्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः।। १५।।

इती समयसारकलशाः समाप्ताः।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** સાક્ષાત્ મોક્ષનો માર્ગ બતાવનાર શ્રી અમૃતચંદ્ર મુનિરાજકૃત નાટક ‘સમયસાર ગ્રંથ’ સંપૂર્ણ થયો. ૫૬.

## બારમા અધિકારનો સાર

-જે સાધે તે સાધક, જેને સાધવામાં આવે તે સાધ્ય છે. મોક્ષમાર્ગમાં “મૈં સાધ્ય સાધક મૈં અબાધક”ની નીતિથી આત્મા જ સાધ્ય છે અને આત્મા જ સાધક છે, ભેદ એટલો જ છે કે ઊંચી અવસ્થા સાધ્ય અને નીચલી અવસ્થા સાધક છે, તેથી કેવળજ્ઞાની અર્હંત સિદ્ધ પર્યાય સાધ્ય અને સમ્યગ્દષ્ટિ શ્રાવક સાધુ (વગેરે) અવસ્થાઓ સાધક છે.

અનંતાનુબંધીની ચોકડી અને દર્શનમોહનીયત્રયનો અનુદય થવાથી સમ્યગ્દર્શન થાય છે અને સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ જીવ ઉપદેશનો વાસ્તવિક પાત્ર થાય છે, તેથી મુખ્ય ઉપદેશ તન, ધન, જન આદિ તરફથી રાગ દૂર કરવાનો અને વ્યસન તથા વિષય-વાસનાઓથી વિરક્ત થવાનો છે. જ્યારે લૌકિક સંપત્તિ અને વિષય-વાસનાઓથી ચિત્ત વિરક્ત થઈ જાય છે ત્યારે ઇન્દ્ર, અહમિંદ્રની સમ્પદા પણ વિરસ અને નિસ્સાર જણાવા લાગે છે તેથી જ્ઞાનીઓ સ્વર્ગાદિની અભિલાષા કરતા નથી કારણ કે જ્યાંસુધી (ઉપર) ચડીને ‘દેવ ઇક ઇન્દ્રી ભયા’ની ઉક્તિ અનુસાર ફરી નીચે પડે છે તેને ઉન્નતિ જ કહેતા નથી અને જે સુખમાં દુઃખનો સમાવેશ છે તે સુખ નથી દુઃખ જ છે, તેથી વિવેકી જીવ સ્વર્ગ અને નરક બન્નેને એક સરખા ગણે જ છે.

આ સર્વથા અનિત્ય સંસારમાં કોઈ પણ વસ્તુ એવી નથી જેના પ્રત્યે અનુરાગ કરવામાં આવે; કારણ કે ભોગોમાં રોગ, સંયોગમાં વિયોગ, વિદ્યામાં વિવાદ, શુચિમાં ગ્લાનિ, જયમાં હાર પ્રાપ્ત થાય છે. ભાવએ છે કે સંસારની જેટલી સુખ સામગ્રી છે તે દુઃખમય જ છે, તેથી સુખની સહેલી એકલી ઉદાસીનતા જાણીને તેની જ ઉપાસના કરવી જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**સ્વ. કવિવર પં. બનારસીદાસજી વિરચિત**

## ચૌદ ગુણસ્થાનાધિકાર

## ( ૧૩ )

**મંગળાચરણ ( દોહરા )**

**जिन-प्रतिमा जिन-सारखी, नमै बनारसि ताहि।**
**जाकी भक्ति प्रभावसौं, कीनौ ग्रन्थ निवाहि।। १।।**

**શબ્દાર્થઃ-** સારખી = જેવી. નિવાહિ = નિર્વાહ.

**અર્થઃ-** જેની ભક્તિના પ્રસાદથી આ ગ્રંથ નિર્વિઘ્ન સમાપ્ત થયો એવી જિનરાજ-સમાન જિન-પ્રતિમાને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૧.

**જિન-પ્રતિબિંબનું માહાત્મ્ય ( સવૈયા એકત્રીસા )**

**जाके मुख दरससौं भगतके नैननिकौं,**
**थिरताकी बानी बढ़ै चंचलता विनसी।**
**मुद्रा देखि केवलीकी मुद्रा याद आवै जहां,**
**जाके आगै इंद्रकी विभूति दीसै तिनसी।।**
**जाकौ जस जपत प्रकास जगै हिरदेमैं,**
**सोइ सुद्धमति होइ [१]हुती जु मलिनसी।**
**कहत बनारसी सुमहिमा प्रगट जाकी,**
**सोहै जिनकी छबि सुविद्यमान जिनसी।। २।।**

**શબ્દાર્થઃ-** બાનિ = આદત. વિનસી = નષ્ટ થઈ. વિભૂતિ = સમ્પત્તિ. તિનસી ( તૃણસી ) = તણખલા સમાન. મલિનસી ( મલીનસી ) = મેલા જેવી. જિનસી = જિનદેવ જેવી.

**અર્થઃ-** જેમના મુખનું દર્શન કરવાથી ભક્તજનોના નેત્રોની ચંચળતા નષ્ટ

---

૧. ' કુમતિ મલિનસી ' એવો પણ પાઠ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે અને સ્થિર થવાની આદત વધે છે અર્થાત્ એકદમ ટકટકી લગાવીને જોવા લાગે છે; જે મુદ્રા જોવાથી કેવળી ભગવાનનું સ્મરણ થઈ જાય છે, જેની સામે સુરેન્દ્રની સંપત્તિ પણ તણખલા સમાન તુચ્છ ભાસવા લાગે છે, જેના ગુણોનું ગાન કરવાથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે અને જે બુદ્ધિ મલિન હતી તે પવિત્ર થઈ જાય છે. પં. બનારસીદાસજી કહે છે કે જિનરાજના પ્રતિબિંબનો પ્રત્યક્ષ મહિમા છે, જિનેન્દ્રની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર સમાન સુશોભિત થાય છે. ૨.

**જિન-મૂર્તિપૂજકોની પ્રશંસા ( સવૈયા એકત્રીસા )**

जाके उर अंतर सुद्रिष्टिकी लहर लसी,
विनसी मिथ्यात मोहनिद्राकी ममारखी।
सैली जिनशासनकी फैली जाकै घट भयौ,
गरबकौ त्यागी षट-दरवकौ पारखी।।
आगमकै अच्छर परे हैं जाके श्रवनमैं,
हिरदै-भंडारमैं समानी वानी आरखी।
कहत बनारसी अलप भवथिति जाकी,
सोई जिन प्रतिमा प्रवांनै जिन सारखी।। ३।।

**શબ્દાર્થઃ-** સુદ્રિષ્ટિ = સમ્યગ્દર્શન. મમારખી = મૂર્છા-અચેતનપણું. સૈલી ( શૈલી ) = પદ્ધતિ. ગરવ ( ગર્વ ) = અભિમાન. પારખી = પરીક્ષક. શ્રવન = કાન. સમાની = પ્રવેશ કરી ગઈ. આરખી ( આર્ષિત ) ઋષિ પ્રણીત. અલપ ( અલ્પ ) = થોડી.

**અર્થઃ-** પં. બનારસીદાસજી કહે છે કે જેના અંતરંગમાં સમ્યગ્દર્શનની લહેરો ઉત્પન્ન થઈને મિથ્યાત્વમોહનીયજનિત નિદ્રાની અસાવધાની નષ્ટ થઈ ગઈ છે, જેમના હૃદયમાં જૈનમતની પદ્ધતિ પ્રગટ થઈ છે, જેમણે મિથ્યાભિમાનનો ત્યાગ કર્યો છે, જેમને છ દ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ થઈ છે, જેમને અરહંત કથિત આગમનો ઉપદેશ શ્રવણગોચર થયો છે, જેમના હૃદયરૂપ ભંડારમાં જૈનઋષિઓના વચનો પ્રવેશ કરી ગયા છે, જેમનો સંસાર નિકટ આવ્યો છે, તેઓ જ જિન-પ્રતિમાને જિનરાજ સમાન માને છે. ૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રતિજ્ઞા ( ચોપાઈ )**

जिन-प्रतिमा जन दोष निकंदै।
सीस नमाइ बनारसि बंदै।।
फिरि मनमांहि विचारै ऐसा।
नाटक गरंथ परम पद जैसा।।४।।
परम तत्त परचै इस मांही।
गुनथानककी रचना नांही।।
यामैं गुनथानक रस आवै।
तो गरंथ अति सोभा पावै।।५।।

**શબ્દાર્થઃ-** निकंदै = નષ્ટ કરે. ગુનથાનક ( ગુણસ્થાન ) = મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થા-વિશેષને ગુણસ્થાન કહે છે. यामैं = આમાં.

**અર્થઃ-** જિનરાજની પ્રતિમા ભક્તોનું મિથ્યાત્વ દૂર કરે છે. તે જિનપ્રતિમાને પં. બનારસીદાસજીએ નમસ્કાર કરીને મનમાં એવો વિચાર કર્યો કે નાટક સમયસાર ગ્રંથ પરમપદરૂપ છે અને આમાં આત્મતત્ત્વનું વ્યાખ્યાન તો છે, પરંતુ ગુણસ્થાનોનું વર્ણન નથી. જો આમાં ગુણસ્થાનોની ચર્ચા ઉમેરાય તો ગ્રંથ બહુ જ ઉપયોગી થઈ શકે. ૪. ૫.

**( દોહરા )**

इह विचारि संछेपसौं, गुनथानक रस चोज।
वरनन करै बनारसी, कारन सिव-पथ खोज।।६।।
नियत एक विवहारसौं, जीव चतुर्दस भेद।
रंग जोग बहु विधि भयौ, ज्यौं पट सहज सुफेद।।७।।

**શબ્દાર્થઃ-** સંછેપસૌં = થોડામાં. જોગ ( યોગ ) = સંયોગ. પટ = વસ્ત્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** આમ વિચારીને પંડિત બનારસીદાસજી મોક્ષમાર્ગને શોધવામાં કારણભૂત ગુણસ્થાનોનું સંક્ષેપમાં વર્ણન કરે છે. ૬. જીવપદાર્થ નિશ્ચયનયથી એકરૂપ છે અને વ્યવહારનયથી ગુણસ્થાનોના ભેદથી ચૌદ પ્રકારનો છે. જેવી રીતે શ્વેત વસ્ત્ર રંગોના સંયોગથી અનેક રંગનું થઈ જાય છે, તેવી જ રીતે મોહ અને યોગના સંયોગથી સંસારી જીવોમાં ચૌદ અવસ્થાઓ પ્રાપ્ત થાય છે. ૭.

**ચૌદ ગુણસ્થાનોનાં નામ (સવૈયા એકત્રીસા)**

प्रथम मिथ्यात दूजौ सासादान तीजौ मिश्र,
चतुर्थ अव्रत पंचमौ विरत रंच है।
छट्ठौ परमत्त नाम सातमो अपरमत्त,
आठमो अपूरवकरन सुख संच है।।
नौमौ अनिवृत्तिभाव दशमो सूच्छम लोभ,
एकादशमो सु उपसांत मोह बंच है।
द्वादशमो खीनमोह तेरहो सजोगी जिन,
चौदहो अजोगी जाकी थिति अंक पंच है।। ८।।

**શબ્દાર્થઃ-** રંચ = જરા પણ. સુખ સંચ = આનંદનો સંગ્રહ, વંચ (વંચકતા) = ઠગાઈ-દગો. થિતિ = સ્થિતિ. અંક પંચ = પાંચ અક્ષર.

**અર્થઃ-** પહેલું મિથ્યાત્વ, બીજું સાસાદન, ત્રીજું મિશ્ર, ચોથું અવ્રતસમ્યગ્દષ્ટિ, પાંચમું દેશવ્રત, છઠ્ઠું પ્રમત્તમુનિ, સાતમું અપ્રમત્તમુનિ, આઠમું અપૂર્વકરણ, નવમું અનિવૃત્તિકરણ, દશમું સૂક્ષ્મલોભ, અગિયારમું ઉપશાંતમોહ, બારમું ક્ષીણમોહ, તેરમું સયોગી જિન અને ચૌદમું અયોગી જિન જેની સ્થિતિ અ, ઇ, ઉ, ઋ, લૃ-આ પાંચ અક્ષરોના ઉચ્ચારણના સમય જેટલી છે. ૮.

**મિથ્યાત્વ ગુણસ્થાનનું વર્ણન (દોહરા)**

बरनै सब गुनथानके, नाम चतुर्दस सार।
अब बरनौं मिथ्यातके, भेद पंच परकार।। ९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થઃ-** ગુણસ્થાનોના ચૌદ મુખ્ય નામ બતાવ્યા, હવે પાંચ પ્રકારના મિથ્યાત્વનું વર્ણન કરે છે. ૯.

**મિથ્યાત્વ ગુણસ્થાનમાં પાંચ પ્રકારના મિથ્યાત્વનો ઉદય રહે છે. ( સવૈયા એકત્રીસા )**

प्रथम एकांत नाम मिथ्यात अभिग्रहीत,
दूजौ विपरीत अभिनिवेसिक गोत है।
तीजौ विनै मिथ्यात अनाभिग्रह नाम जाकौ,
चौथौ संसै जहां चित्त भौंरकौसौ पोत है।।
पांचमौ अग्यान अनाभोगिक गहलरूप,
जाकै उदै चेतन अचेतसौ होत है।
एई पांचौं मिथ्यात जीवकौं जगमैं भ्रमावैं,
इनकौ विनास समकितकौ उदोत है।।१०।।

**શબ્દાર્થઃ-** ગોત = નામ. ભૌંર = વમળ. પોત = વહાણ. ગહલ = અચેતનપણું. ઉદોત = પ્રગટ થવું.

**અર્થઃ-** પહેલું અભિગ્રહીત અર્થાત્ એકાંત મિથ્યાત્વ છે, બીજું અભિનિવેશિક અર્થાત્ વિપરીત મિથ્યાત્વ છે, ત્રીજું અનાભિગ્રહ અર્થાત્ વિનય મિથ્યાત્વ છે, ચોથું ચિત્તને વમળમાં પડેલા વહાણની જેમ ડામાડોળ કરનાર સંશય મિથ્યાત્વ છે, પાંચમું અનાભોગિક અર્થાત્ અજ્ઞાન મિથ્યાત્વ સર્વથા અસાવધાનીની મૂર્તિ છે. આ પાંચેય મિથ્યાત્વ જીવને સંસારમાં ભ્રમણ કરાવે છે અને એનો નાશ થવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ૧૦.

**એકાંત મિથ્યાત્વનું સ્વરૂપ ( દોહરા )**

जो इकंत नय पच्छ गहि, छकै कहावै दच्छ।
सो इकंतवादी पुरुष, मृषावंत परतच्छ।।११।।

**શબ્દાર્થઃ-** મૃષાવંત = જૂઠો. પરતચ્છ ( પ્રત્યક્ષ ) = સાક્ષાત્.

**અર્થ**:- જે કોઈ એક નયની હઠ પકડીને, તેમાં જ લીન થઈને પોતાને તત્ત્વજ્ઞાની કહે છે. તે પુરુષ એકાંતવાદી સાક્ષાત્ મિથ્યાત્વી છે. ૧૧.

### વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

ग्रंथ उकत पथ उथपि जो, थापै कुमत स्वकीउ।
सुजस हेतु गुरुता गहै, सो विपरीती जीउ।। १२।।

**શબ્દાર્થ**:- ઉક્ત = કહેલું. ઉથપિ = ખંડન કરીને. ગુરુતા = બડાઈ.

**અર્થ**:- જે આગમકથિત માર્ગનું ખંડન કરીને સ્નાન, સ્પર્શ્ય, અસ્પર્શ્ય આદિમાં ધર્મ બતાવીને પોતાનું કપોલકલ્પિત પાખંડ પુષ્ટ કરે છે અને પોતાની પ્રસિદ્ધિ માટે મોટો બનીને ફરે છે તે જીવ વિપરીત મિથ્યાત્વી છે. ૧૨.

### વિનય મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

देव कुदेव सुगुरु कुगुरु, ठानै समान जु कोइ।
नमै भगतिसौं सबनिकौं, विनै मिथ्याती सोइ।। १३।।

**અર્થ**:- જે સુદેવ-કુદેવ, સુગુરુ-કુગુરુ, સત્શાસ્ત્ર-કુશાસ્ત્ર, બધાને એક સરખા ગણે છે અને વિવેક વિના બધાની ભક્તિ, વંદન કરે છે તે જીવ વિનય મિથ્યાત્વી છે. ૧૩.

### સંશય મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

जो नाना विकलप गहै, रहै हियै हैरान।
थिर ह्वै तत्त्व न सद्दहै, सो जिय संसयवान।। १४।।

**અર્થ**:- જે જીવ અનેક પ્રકારનું અવલંબન કરીને ચંચળ ચિત્તવાળો રહે છે અને સ્થિરચિત્ત થઈને પદાર્થનું યથાર્થ શ્રદ્ધાન કરતો નથી તે સંશય મિથ્યાત્વી છે. ૧૪.

### અજ્ઞાન મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

जाकौ तन दुख दहलसौं, सुरत होत नहि रंच।
गहल रूप वरतै सदा, सो अग्यान तिरजंच।। १५।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** સુરત = ભાન, રંચ = જરાપણ. ગહલ = અચેતનપણું.

**અર્થઃ-** જેને શારીરિક કષ્ટના ઉદ્વેગથી જરાપણ ભાન (રહ્યું) નથી અને સદૈવ તત્ત્વજ્ઞાનથી અજાણ રહે છે, તે જીવ અજ્ઞાની છે, પશુ સમાન છે. ૧૫.

**મિથ્યાત્વના બે ભેદ (દોહરા)**

**पंच भेद मिथ्यातके, कहै जिनागम जोइ।**
**सादि अनादि सरूप अब, कहूं अवस्था दोइ।। १६।।**

**અર્થઃ-** જૈનશાસ્ત્રોમાં જે પાંચ પ્રકારના મિથ્યાત્વનું વર્ણન કર્યું છે તેના સાદિ અને અનાદિ બન્નેનું સ્વરૂપ કહું છું. ૧૬.

**સાદિ મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)**

**जो मिथ्या दल उपसमै, ग्रंथि भेदि बुध होइ।**
**फिर आवै मिथ्यातमैं, सादि मिथ्याती सोइ।। १७।।**

**અર્થઃ-** જે જીવ દર્શનમોહનીયના દળને અર્થાત્ મિથ્યાત્વ, સમ્યક્-મિથ્યાત્વ અને સમ્યક્-પ્રકૃતિને ઉપશમ કરીને મિથ્યાત્વ ગુણસ્થાનથી ચઢીને સમ્યક્ત્વનો સ્વાદ લે છે અને પછી મિથ્યાત્વમાં પડે છે તે સાદિ મિથ્યાત્વી છે. ૧૭.

**અનાદિ મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)**

**जिनि ग्रंथी भेदी नहीं, ममता मगन सदीव।**
**सो अनादि मिथ्यामती, विकल बहिर्मुख जीव।। १८।।**

**શબ્દાર્થઃ-** વિકલ = મૂર્ખ. બહિર્મુખ = પર્યાયબુદ્ધિ.

**અર્થઃ-** જેણે મિથ્યાત્વનો કદી અનુદય નથી કર્યો, જે સદા શરીરાદિમાં અહંબુદ્ધિ રાખતો આવ્યો છે તે મૂર્ખ આત્મજ્ઞાનથી શૂન્ય અનાદિ-મિથ્યાત્વી છે. ૧૮.

**સાસાદન ગુણસ્થાનનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા (દોહરા)**

**कह्यौ प्रथम गुनथान यह, मिथ्यामत अभिधान।**
**करूं [1]अलप वरनन अबै, सासादन गुनथान।। १९।।**

---

૧. 'અલપરૂપ અબ બરનવૌ' એવો પણ પાઠ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** આ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનનું સ્વરૂપ કહ્યું, હવે સંક્ષેપમાં સાસાદન ગુણસ્થાનનું કથન કરું છું. ૧૯.

**સાસાદન ગુણસ્થાનનું સ્વરૂપ ( સવૈયા એકત્રીસા )**

जैसैं कोऊ छुधित पुरुष खाइ खीर खांड,
वौन करै पीछेकौ लगार स्वाद पावै है।
तैसैं चढ़ि चौथै पांचए कै छट्ठे गुनथान,
काहू उपसमीकौ कषाय उदै आवै है।।
ताही समै तहांसौं गिरै प्रधान दसा त्यागी,
मिथ्यात अवस्थाकौ अधोमुख ह्वै धावै है।
बीचि एक समै वा छ आवली प्रवांन रहै,
सोई सासादान गुणथानक कहावै है।। २०।।

**શબ્દાર્થઃ-** ખાંડ = સાકર. વૌન = વમન. પ્રધાન = ઊંચી. અધોમુખ = નીચે. આવલી = અસંખ્ય સમયની એક આવલી થાય છે.

**અર્થઃ-** જેવી રીતે કોઈ ભૂખ્યો માણસ સાકરમિશ્રિત ખીર ખાય અને વમન થયા પછી તેનો કિંચિત્માત્ર સ્વાદ લેતો રહે, તેવી જ રીતે ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાન સુધી ચઢેલા કોઈ ઉપશમસમ્યક્ત્વીને કષાયનો ઉદય થાય છે તો તેજ સમયે ત્યાંથી મિથ્યાત્વમાં પડે છે, તે પડતી દશામાં એક સમય અને અધિકમાં અધિક છ આવલી સુધી જે સમ્યક્ત્વનો કિંચિત્ સ્વાદ મળે છે તે સાસાદન ગુણસ્થાન છે.

**વિશેષઃ-** અહીં અનંતાનુબંધીની ચોકડીમાંથી કોઈ એકનો ઉદય રહે છે. ૨૦.

**ત્રીજું ગુણસ્થાનક કહેવાની પ્રતિજ્ઞા ( દોહરા )**

सासादन गुणथान यह, भयौ समापत बीय।
मिश्रनाम गुणथान अब, वरनन करूं तृतीय।। २१।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** બીય (બીજો) = બીજા.

**અર્થ:-** આ બીજા સાસાદન ગુણસ્થાનનું સ્વરૂપ સમાપ્ત થયું. હવે ત્રીજા મિશ્ર ગુણસ્થાનનું વર્ણન કરે છે. ૨૧.

**ત્રીજા ગુણસ્થાનનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)**

उपसमी समकिती कै तो सादि मिथ्यामती,
दुहुंनिकौं मिश्रित मिथ्यात आइ गहै है।
अनंतानुबंधी चौकरीकौ उदै नाहि जामैं,
मिथ्यात समै प्रकृति मिथ्यात न रहै है।।
जहां सद्दहन सत्यासत्यरूप समकाल,
ग्यानभाव मिथ्याभाव मिश्र धारा वहै है।
याकी थिति अंतर मुहूरत उभयरूप,
ऐसौ मिश्र गुनथान अचारज कहै है।। २२।।

**અર્થ:-** આચાર્ય કહે છે કે ઉપશમ-સમ્યગ્દૃષ્ટિ અથવા સાદિ મિથ્યાદૃષ્ટિ જીવને જો મિશ્ર-મિથ્યાત્વ નામની કર્મપ્રકૃતિનો ઉદય આવી પડે અને અનંતાનુબંધીની ચોકડી તથા મિથ્યાત્વ-મોહનીય અને સમ્યક્ત્વ-મોહનીય આ છ પ્રકૃતિઓનો ઉદય ન હોય, ત્યાં એકસાથે સત્યાસત્ય શ્રદ્ધાનરૂપ જ્ઞાન અને મિથ્યાત્વમિશ્ર ભાવ રહે છે તે મિશ્ર ગુણસ્થાનક છે, એનો કાળ અંતર્મુહૂર્ત છે.

**ભાવાર્થ:-** અહીં ગોળ-મિશ્રિત દહીં સમાન સત્યાસત્ય-મિશ્રિત ભાવ રહે છે. ૨૨.

**ચોથા ગુણસ્થાનકનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા (દોહરા)**

मिश्र दसा पूरन भई, कही यथामति भाखि।
अब चतुर्थ गुनथान विधि, कहौं जिनागम साखि।। २३।।

**અર્થ:-** પોતાના ક્ષયોપશમ અનુસાર મિશ્ર ગુણસ્થાનનું કથન સમાપ્ત થયું, હવે જિનાગમની સાક્ષીપૂર્વક ચોથા ગુણસ્થાનનું વર્ણન કરું છું. ૨૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

### ચોથા ગુણસ્થાનનું વર્ણન (સવૈયા એકત્રીસા)

केई जीव समकित पाइ अर्ध पुदगल-
परावर्त काल तांई चोखे होइ चितके।
केई एक अंतरमुहूरतमैं गंठि भेदि,
मारग उलंघि सुख वेदै मोख वितके।।
तातैं अंतरमुहूरतसौं अर्धपुदगल लौं,
जेते समै होहिं तेते भेद समकितके।
जाही समै जाकौं जब समकित होइ सोई,
तबहीसौं गुन गहै दोस दहै इतके।। २४।।

**શબ્દાર્થઃ-** ચોખે = સારા. વેદૈ = ભોગવે. દહૈ = બાળે. ઇતકે = સંસારના.

**અર્થઃ-** જે કોઈ જીવને સંસાર-ભ્રમણનો કાળ વધારેમાં વધારે અર્દ્ધપુદ્‌ગલપરાવર્તન અને ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત બાકી રહે છે તે નિશ્ચયસમ્યગ્દર્શન ગ્રહણ કરીને ચાર ગતિરૂપ સંસારને પાર કરનાર મોક્ષસુખની વાનગી લે છે. અંતર્મુહૂર્તથી માંડીને અર્દ્ધ-પુદ્‌ગલપરાવર્તન કાળના જેટલા સમય છે તેટલા જ સમ્યક્ત્વના ભેદ છે. જે વખતે જીવને સમ્યક્ત્વ પ્રગટ થાય છે ત્યારથી જ આત્મગુણ પ્રગટ થવા માંડે છે અને સાંસારિક દોષ નષ્ટ થઈ જાય છે. ૨૪.

(દોહરા)

अध अपूव्व अनिवृत्ति त्रिक, करन करै जो कोइ।
मिथ्या गंठि विदारि गुन, प्रगटै समकित सोइ।। २५।।

**અર્થઃ-** જે અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણપૂર્વક મિથ્યાત્વનો અનુદય કરે છે તેને આત્માનુભવ ગુણ પ્રગટ થાય છે અને તે જ સમ્યક્ત્વ છે. ૨૫.

**સમ્યક્ત્વના આઠ વિવરણ (દોહરા)**

समकित उतपति चिहन गुन, भूषन दोष विनास।
अतीचार जुत अष्ट विधि, बरनौं विवरन तास।। २६।।

**અર્થઃ-** સમ્યક્ત્વનું સ્વરૂપ, ઉત્પત્તિ, ચિહ્ન, ગુણ, ભૂષણ, દોષ, નાશ અને અતિચાર;- આ સમ્યક્ત્વના આઠ વિવરણ છે. ૨૬.

**(૧) સમ્યક્ત્વનું સ્વરૂપ (ચોપાઈ)**

सत्यप्रतीति अवस्था जाकी।
दिन दिन रीति गहै समताकी।।
छिन छिन करै सत्यकौ साकौ।
समकित नाम कहावै ताकौ।। २७।।

**અર્થઃ-** આત્મસ્વરૂપની સત્ય પ્રતીતિ થવી, દિન-પ્રતિદિન સમતાભાવમાં ઉન્નતિ થવી અને ક્ષણે-ક્ષણે પરિણામોની વિશુદ્ધિ થવી એનું જ નામ સમ્યગ્દર્શન છે. ૨૭.

**(૨) સમ્યક્ત્વની ઉત્પત્તિ (દોહરા)**

कै तौ सहज सुभाउ कै, उपदेसै गुरु कोइ।
चहुंगति सैनी जीउकौ, सम्यकदरसन होइ।। २८।।

**અર્થઃ-** ચારેય ગતિમાં સંજ્ઞી જીવને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે પોતાની મેળે અર્થાત્ નિસર્ગજ અને ગુરુના ઉપદેશથી અર્થાત્ અધિગમજ થાય છે. ૨૮.

**(૩) સમ્યક્ત્વના ચિહ્ન (દોહરા)**

आपा परिचै निज विषै, उपजै नहिं संदेह।
सहज प्रपंच रहित दसा, समकित लच्छन एह।। २९।।

**અર્થઃ-** પોતામાં જ આત્મ-સ્વરૂપનો પરિચય થાય છે, કદી સંદેહ ઊપજતો નથી અને છળ-કપટરહિત વૈરાગ્યભાવ રહે છે, એ જ સમ્યગ્દર્શનનું ચિહ્ન છે. ૨૯.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**( ૪ ) સમ્યગ્દર્શનના આઠ ગુણ ( દોહરા )**

करुना वच्छल सुजनता, आतम निंदा पाठ।
समता भगति विरागता, धरमराग गुन आठ।। ३०।।

**અર્થઃ-** કરુણા, મૈત્રી, સજ્જનતા, સ્વ-લઘુતા, સમતા, શ્રદ્ધા, ઉદાસીનતા અને ધર્માનુરાગ-આ સમ્યક્ત્વના આઠ ગુણ છે. ૩૦.

**( ૫ ) સમ્યક્ત્વના પાંચ ભૂષણ ( દોહરા )**

चित प्रभावना भावजुत, हेय उपादै वानि।
धीरज हरख प्रवीनता, भूषन पंच बखानि।। ३१।।

**અર્થઃ-** જૈનધર્મની પ્રભાવના કરવાનો અભિપ્રાય, હેય-ઉપાદેયનો વિવેક, ધીરજ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો હર્ષ અને તત્ત્વ-વિચારમાં ચતુરાઈ; આ પાંચ સમ્યગ્દર્શનના ભૂષણ છે.૩૧.

**( ૬ ) સમ્યગ્દર્શન પચ્ચીસ દોષ વર્જિત હોય છે. ( દોહરા )**

अष्ट महामद अष्ट मल, षट आयतन विशेष।
तीन मूढ़ता संजुगत, दोष पचीसौं एष।। ३२।।

**અર્થઃ-** આઠ મદ, આઠ મળ, છ અનાયતન અને ત્રણ મૂઢતા-આ બધા મળીને પચ્ચીસ દોષ છે. ૩૨.

**આઠ મહામદના નામ ( દોહરા )**

जाति लाभ कुल रूप तप, बल विद्या अधिकार।
इनकौ गरब जु कीजिये, यह मद अष्ट प्रकार।। ३३।।

**અર્થઃ-** જાતિ, ધન, કુળ, રૂપ, તપ, બળ, વિદ્યા અને અધિકાર;-એનો ગર્વ કરવો એ આઠ પ્રકારના મહામદ છે. ૩૩.

**આઠ મળના નામ ( ચોપાઈ )**

आसंका अस्थिरता वांछा।
ममता द्रिष्टि दसा [१]दुरगंछा।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वच्छल रहित दोष पर भाखै।
चित प्रभावना मांहि न राखै।। ३४।।

**અર્થ:-** જિન-વચનમાં સંદેહ, આત્મ-સ્વરૂપમાંથી ડગવું, વિષયોની અભિલાષા, શરીરાદિમાં મમત્વ, અશુચિમાં ગ્લાનિ, સહધર્મીઓ પ્રત્યે દ્વેષ, બીજાઓની નિંદા, જ્ઞાનની વૃદ્ધિ આદિ ધર્મ-પ્રભાવનાઓમાં પ્રમાદ;-આ આઠ મળ સમ્યગ્દર્શનને દૂષિત કરે છે. ૩૪.

**છ અનાયતન ( દોહરા )**

कुगुरु कुदेव कुधर्म धर, कुगुरु कुदेव कुधर्म।
इनकी करै सराहना, यह षडायतन कर्म।। ३५।।

**અર્થ:-** કુગુરુ, કુદેવ, કુધર્મના ઉપાસકો અને કુગુરુ, કુદેવ, કુધર્મની પ્રશંસા કરવી એ છ અનાયતન છે. ૩૫.

**ત્રણ મૂઢતાના નામ અને પચ્ચીસ દોષોનો સરવાળો ( દોહરા )**

देवमूढ, गुरुमूढता, धर्ममूढता पोष।
आठ आठ षट तीन मिलि, ए पचीस सब दोष।। ३६।।

**અર્થ:-** દેવમૂઢતા અર્થાત્ સાચા દેવનું સ્વરૂપ ન જાણવું તે, ગુરુમૂઢતા અર્થાત્ નિર્ગ્રન્થ મુનિનું સ્વરૂપ ન સમજવું અને ધર્મમૂઢતા અર્થાત્ જિનભાષિત ધર્મનું સ્વરૂપ ન સમજવું; આ ત્રણ મૂઢતા છે. આઠ મદ, આઠ મળ, છ અનાયતન અને ત્રણ મૂઢતા-આ બધા મળીને પચ્ચીસ દોષ થયા. ૩૬.

**( ૭ ) પાંચ કારણોથી સમ્યક્ત્વનો વિનાશ થાય છે. ( દોહરા )**

ग्यान गरब मति मंदता, निठुर वचन उदगार।
रुद्रभाव आलस दसा, नास पंच परकार।। ३७।।

**અર્થ:-** જ્ઞાનનું અભિમાન, બુદ્ધિની હીનતા, નિર્દય વચનો બોલવા, ક્રોધી પરિણામ અને પ્રમાદ-આ પાંચ સમ્યક્ત્વના ઘાતક છે. ૩૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**( ૮ ) સમ્યગ્દર્શનના પાંચ અતિચાર ( દોહરા )**

लोक हास भय भोग रुचि, अग्र सोच थिति मेव।
मिथ्या आगमकी भगति, मृषा दर्सनी सेव।। ३८।।

**અર્થઃ-** લોક-હાસ્યનો ભય, અર્થાત્ સમ્યક્ત્વરૂપ પ્રવૃત્તિ કરવામાં લોકોની મશ્કરીનો ભય, ઇન્દ્રિયના વિષય ભોગવવામાં અનુરાગ, આગામીકાળની ચિંતા, કુશાસ્ત્રોની ભક્તિ, અને કુદેવોની સેવા; આ સમ્યગ્દર્શનના પાંચ અતિચાર છે. ૩૮.

**( ચોપાઈ )**

अतीचार ए पंच परकारा।
समल करहिं समकितकी धारा।।
दूषन भूषन गति अनुसरनी।
दसा आठ समकितकी वरनी।। ३९।।

**અર્થઃ-** આ પાંચ પ્રકારના અતિચાર સમ્યગ્દર્શનની ઉજ્જવળ પરિણતિને મલિન કરે છે. અહીં સુધી સમ્યગ્દર્શનને સદોષ અને નિર્દોષ દશા પ્રાપ્ત કરાવનાર આઠ વિવેચનોનું વર્ણન કર્યું. ૩૯.

**મોહનીય કર્મની સાત પ્રકૃતિઓના અનુદયથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ( દોહરા )**

प्रकृति सात अब मोहकी, कहूं जिनागम [१]जोइ।
जिनकौ उदै निवारिकै, सम्यग्दरसन होइ।। ४०।।

**અર્થઃ-** મોહનીય કર્મની જે સાત પ્રકૃતિઓના અનુદયથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તેમનું જિનશાસન અનુસાર કથન કરું છું. ૪૦.

**મોહનીય કર્મની સાત પ્રકૃતિઓના નામ ( સવૈયા એકત્રીસા )**

चारित मोहकी च्यारि मिथ्यातकी तीन तामैं,
प्रथम प्रकृति अनंतानुबंधी कोहनी।

---

૧. જોઈને.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बीजी महा-मानरसभीजी मायामयी तीजी,
चौथी महालोभ दसा परिग्रह पोहनी।।
पाँचईं मिथ्यातमति छट्ठी मिश्रपरनति,
सातईं समै प्रकृति समकित मोहनी।
एई षट विगवनितासी एक कुतियासी,
सातौं मोहप्रकृति कहावैं सत्ता रोहनी।। ४१।।

**શબ્દાર્થઃ-** ચારિત્રમોહ = જે આત્માના ચારિત્ર ગુણોનો ઘાત કરે. અનંતાનુબંધી = જે આત્માના સ્વરૂપાચરણ ચારિત્રને ઘાતે-અનંત સંસારના કારણભૂત મિથ્યાત્વની સાથે જેમનો બંધ થાય છે. કોહની = ક્રોધ. પોહની = પુષ્ટ કરનારી. વિગવનિતા = વાઘણ. કુતિયા = કૂતરી અથવા કર્કશા સ્ત્રી. રોહની = ઢાંકનારી.

**અર્થઃ-** સમ્યક્ત્વની ઘાતક ચારિત્રમોહનીયની ચાર, અને દર્શનમોહનીયની ત્રણ એવી સાત પ્રકૃતિઓ છે. તેમાંથી પહેલી અનંતાનુબંધી ક્રોધ, બીજી અભિમાનના રંગમાં રંગાયેલી અનંતાનુબંધી માન, ત્રીજી અનંતાનુબંધી માયા, ચોથી પરિગ્રહને પુષ્ટ કરનારી અનંતાનુબંધી લોભ, પાંચમી મિથ્યાત્વ, છઠ્ઠી મિશ્રમિથ્યાત્વ અને સાતમી સમ્યક્ત્વમોહનીય છે. આમાંથી છ પ્રકૃતિઓ વાઘણ સમાન સમ્યક્ત્વની પાછળ પડીને ભક્ષણ કરનારી છે અને સાતમી કૂતરી અથવા કર્કશા સ્ત્રી સમાન સમ્યક્ત્વને સકંપ અથવા મલિન કરનાર છે. આ રીતે આ સાતેય પ્રકૃતિઓ સમ્યક્ત્વના સદ્ભાવ રોકે છે. ૪૧.

**સમ્યક્ત્વોના નામ ( છપ્પા )**

सात प्रकृति उपसमहि, जासु सो उपसम मंडित।
सात प्रकृति छय करन-हार छायिकी अखंडित।।
सातमांहि कछु खपैं, कछुक उपसम करि रक्खै।
सो छय उपसमवंत, मिश्र समकित रस रक्खै।।
षट प्रकृति उपसमै वा खपैं, अथवा छय उपसम करै।
सातईं प्रकृति जाके उदय, सो वेदक समकित धरै।। ४२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ-** અખંડિત = અવિનાશી, ચકખૈ = સ્વાદ લે. ખપૈં = ક્ષય કરે.

**અર્થઃ-** જે ઉપર કહેલી સાતેય પ્રકૃતિઓને ઉપશમાવે છે તે ઔપશમિક સમ્યગ્દષ્ટિ છે. સાતેય પ્રકૃતિઓનો ક્ષય કરનાર ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે, આ સમ્યક્ત્વ કદી નષ્ટ થતું નથી. સાત પ્રકૃતિઓમાંથી કેટલીકનો ક્ષય થાય અને કેટલીકનો ઉપશમ થાય તો તે ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ છે, તેને સમ્યક્ત્વનો મિશ્રરૂપ સ્વાદ મળે છે. છ પ્રકૃતિઓનો ઉપશમ હોય અથવા ક્ષય હોય અથવા કોઈનો ક્ષય અને કોઈનો ઉપશમ હોય, કેવળ સાતમી પ્રકૃતિ સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોય તો તે વેદક સમ્યક્ત્વધારી હોય છે. ૪૨.

**સમ્યક્ત્વના નવ ભેદોનું વર્ણન ( દોહરા )**

**छयउपसम वरतै त्रिविधि, वेदक च्यारि प्रकार।**
**छायक उपसम जुगल जुत, नौधा समकित धार।। ४३।।**

**શબ્દાર્થઃ-** ત્રિવિધિ = ત્રણ પ્રકારનું. જુગલ = બે. જુત = સહિત.

**અર્થઃ-** ક્ષયોપશમ સમ્યક્ત્વ ત્રણ પ્રકારનું છે, વેદક સમ્યક્ત્વ ચાર પ્રકારનું છે અને ઉપશમ તથા ક્ષાયિક એ બે ભેદ બીજા મેળવવાથી સમ્યક્ત્વના નવ ભેદ થાય છે. ૪૩.

**ક્ષયોપશમ સમ્યક્ત્વના ત્રણ ભેદોનું વર્ણન ( દોહરા )**

**च्यारि खिपै त्रय उपसमै, पन छै उपसम दोइ।**
**छै षट् उपसम एक यौं, छयउपसम त्रिक होइ।। ४४।।**

**અર્થઃ-** ( ૧ ) ચારનો[૧] અને ત્રણનો[૨] ઉપશમ, ( ૨ ) પાંચનો[૩] ક્ષય બેનો[૪] ઉપશમ, ( ૩ ) છનો[૫] ક્ષય એકનો ઉપશમ- આ રીતે ક્ષયોપશમ-સમ્યક્ત્વના ભેદ છે. ૪૪.

---

૧. અનંતાનુબંધીની ચોકડી. ૨. દર્શનમોહનીયનો ત્રિક.
૩. અનંતાનુબંધી ચોકડી અને મહામિથ્યાત્વ.
૪. મિશ્રમિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિ.
૫. અનંતાનુબંધીની ચોકડી, મહામિથ્યાત્વ અને મિશ્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### વેદક સમ્યક્ત્વના ચાર ભેદ (દોહરા)

जहां च्यारी परकिति खिपहिं, द्वै उपसम इक वेद।
छय-उपसम वेदक दसा, तासु प्रथम यह भेद।। ४५।।
पंच खिपैं इक उपसमै, इक वेदै जिहि ठौर।
सो छय-उपसम वेदकी, दसा दुतिय यह और।। ४६।।
छै षट वेदै एक जौ, छायक वेदक सोइ।
षट उपसम इक प्रकृति विद, उपसम वेदक होइ।। ४७।।

**અર્થઃ**- (૧) જ્યાં [૧]ચાર પ્રકૃતિઓનો ક્ષય [૨]બેનો ઉપશમ અને [૩]એકનો ઉદય છે તે પ્રથમ ક્ષયોપશમવેદક સમ્યક્ત્વ છે, (૨) જ્યાં [૪]પાંચ પ્રકૃતિઓનો ક્ષય [૫]એકનો ઉપશમ અને એકનો ઉદય છે તે બીજું ક્ષયોપશમવેદક સમ્યક્ત્વ છે, (૩) જ્યાં [૬]છ પ્રકૃતિઓનો ક્ષય અને એકનો ઉદય છે તે ક્ષાયિકવેદક સમ્યક્ત્વ છે, (૪) જ્યાં [૭]છ પ્રકૃતિઓનો ઉપશમ અને એકનો ઉદય છે તે ઉપશમવેદક સમ્યક્ત્વ છે. ૪૫. ૪૬. ૪૭.

### અહીં ક્ષાયિક અને ઉપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ ન કહેવાનું કારણ (દોહરા)

उपसम छायककी दसा, पूरव षट पदमांहि।
कही प्रगट अब पुनरुकति, कारन वरनी नांहि।। ४८।।

**શબ્દાર્થઃ**- પુનરુકતિ (પુનરુક્તિ) = વારંવાર કહેવું.

**અર્થઃ**- ક્ષાયિક અને ઉપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ પહેલાં ૪૨મા છપ્પા છંદમાં કહેલું છે, તેથી પુનરુક્તિ દોષના કારણે અહીં લખ્યું નથી. ૪૮.

### નવ પ્રકારના સમ્યક્ત્વોનું વિવરણ (દોહરા)

छय-उपसम वेदक खिपक, उपसम समकित च्यारि।
तीन च्यारि इक इक मिलत, सब नव भेद विचारि।। ४९।।

---

૧. અનંતાનુબંધીની ચોકડી. ૨. મહામિથ્યાત્વ અને મિશ્ર. ૩. સમ્યક્ પ્રકૃતિ.
૪. અનંતાનુબંધી ચોકડી અને મહામિથ્યાત્વ. ૫. મિશ્ર. ૬. અનંતાનુબંધીની ચોકડી, મહામિથ્યાત્વ અને મિશ્ર. ૭. અનંતાનુબંધીની ચોકડી, મહામિથ્યાત્વ અને મિશ્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થ**:- ક્ષયોપશમસમ્યક્ત્વ ત્રણ પ્રકારનું, વેદકસમ્યક્ત્વ ચાર પ્રકારનું અને ઉપશમ સમ્યક્ત્વ એક તથા ક્ષાયિકસમ્યક્ત્વ એક, -આ રીતે સમ્યક્ત્વના મૂળ ભેદ ચાર અને ઉત્તર ભેદ નવ છે. ૪૯.

**પ્રતિજ્ઞા ( સોરઠા )**

अब निहचै विवहार, अरु सामान्य विशेष विधि।
कहौं च्यारि परकांर, रचना समकित भूमिकी।। ५०।।

**અર્થ**:- સમ્યક્ત્વ-સત્તાની નિશ્ચય, વ્યવહાર, સામાન્ય અને વિશેષ-એવી ચાર વિધિ કહે છે. ૫૦.

**સમ્યક્ત્વના ચાર પ્રકાર ( સવૈયા એકત્રીસા )**

मिथ्यामति-गंठि-भेदि जगी निरमल जोति,
जोगसौं अतीत सो तो निहचै प्रमानियै।
वहै दुंद दसासौं कहावै जोग मुद्रा धरै,
मति श्रुतग्यान भेद विवहार मानियै।।
चेतना चिहन पहिचानि आपा पर वेदै,
पौरुष अलख तातैं सामान्य बखानियै।
करै भेदोभेदकौ विचार विसतार रूप,
हेय गेय उपादेयसौं विशेष जानियै।। ५१।।

**શબ્દાર્થ**:- ગંઠિ ( ગ્રંથિ ) = ગાંઠ. ભેદિ = નષ્ટ કરીને. અતીત = રહિત. દુંદદસા = સવિકલ્પપણું.

**અર્થ**:- મિથ્યાત્વ નષ્ટ થવાથી મન વચન કાયથી અગોચર જે આત્માની નિર્વિકાર શ્રદ્ધાનની જ્યોતિ પ્રકાશિત થાય છે, તેને નિશ્ચય-સમ્યક્ત્વ જાણવું જોઈએ. જેમાં યોગ, મુદ્રા, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિના વિકલ્પ છે, તેને વ્યવહારસમ્યક્ત્વ જાણવું. જ્ઞાનની અલ્પ શક્તિને કારણે ચેતના-ચિહ્નના ધારક આત્માને ઓળખીને નિજ અને પરનું સ્વરૂપ જાણવું તે સામાન્ય સમ્યક્ત્વ છે અને હેય જ્ઞેય ઉપાદેયના ભેદાભેદ સવિસ્તારપણે સમજવા તે વિશેષ સમ્યક્ત્વ છે.૫૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચોથા ગુણસ્થાનના વર્ણનનો ઉપસંહાર ( સોરઠા )**

थिति सागर तेतीस, अंतर्मुहूरत एक वा।
अविरतसमकित रीति, यह चतुर्थ गुनथान इति।। ५२।।

**અર્થઃ-** અવ્રત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસસાગર અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. આ ચોથા ગુણસ્થાનનું કથન સમાપ્ત થયું. ૫૨.

**અણુવ્રત ગુણસ્થાનનું વર્ણન પ્રતિજ્ઞા ( દોહરા )**

अब वरनौं इकईस गुन, अरु बावीस अभक्ष।
जिनके संग्रह त्यागसौं, सोभै श्रावक पक्ष।। ५३।।

**અર્થઃ-** જે ગુણોના ગ્રહણ કરવાથી અને અભક્ષ્યોના ત્યાગથી શ્રાવકને પાંચમું ગુણસ્થાન સુશોભિત થાય છે, એવા એકવીસ ગુણો અને બાવીસ અભક્ષ્યોનું વર્ણન કરું છું.૫૩.

**શ્રાવકના એકવીસ ગુણ ( સવૈયા એકત્રીસા )**

लज्जावंत दयावंत प्रसंत प्रतीतवंत,
परदोषकौ ढकैया पर-उपगारी है।
सौमद्दष्टी गुनग्राही गरिष्ट सबकौं इष्ट,
शिष्टपक्षी मिष्टवादी दीरघ विचारी है।।
विशेषग्य रसग्य कृतग्य तग्य धरमग्य,
न दीन न अभिमानी मध्य विवहारी है।
सहज विनीत पापक्रियासौं अतीत ऐसौ,
श्रावक पुनीत इकवीस गुनधारी है।। ५४।।

**શબ્દાર્થઃ-** પ્રસંત = મંદકષાયી. પ્રતીતવંત = શ્રદ્ધાળુ. ગરિષ્ટ = સહનશીલ. ઇષ્ટ = પ્રિય. શિષ્ટ પક્ષી = સત્યપક્ષમાં સહમત. દીરઘ વિચારી = આગળથી વિચારનાર. વિશેષજ્ઞ = અનુભવી. રસજ્ઞ = મર્મ જાણનાર. કૃતજ્ઞ = બીજાના ઉપકારને નહિ ભૂલનાર. મધ્ય વ્યવહારી = દીનતા અને અભિમાન રહિત. વિનીત = નમ્ર. અતીત = રહિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થ**:- લજ્જા, દયા, મંદ કષાય, શ્રદ્ધા, બીજાના દોષ ઢાંકવા, પરોપકાર, સૌમ્યદ્રષ્ટિ, ગુણગ્રાહકપણું, સહનશીલતા, સર્વપ્રિયતા, સત્યપક્ષ, મિષ્ટ વચન, દીર્ઘદ્રષ્ટિ, વિશેષજ્ઞાન, શાસ્ત્રજ્ઞાનનું મર્મજ્ઞપણું, કૃતજ્ઞતા, તત્ત્વજ્ઞાનીપણું, ધર્માત્માપણું, ન દીન કે ન અભિમાની મધ્યવ્યવહારી, સ્વાભાવિક વિનયવાન, પાપાચરણથી રહિતપણું, - આવા એકવીસ પવિત્ર ગુણોનું શ્રાવકોએ ગ્રહણ કરવું જોઈએ. ૫૪.

**બાવીસ અભક્ષ્ય ( કવિત્ત )**

ओरा घोरबरा निसिभोजन,
बहुबीजा बैंगन संधान।
पीपर बर ऊमर कठूंबर,
पाकर जो फल होइ अजान।।
कंदमूल माटी विष आमिष,
मधु माखन अरु मदिरापान।
फल अति तुच्छ तुसार चलित रस,
जिनमत ए बाईस अखान।। ५५।।

**શબ્દાર્થ**:- ઘોરબરા = દ્વિદળ. નિસિભોજન = રાત્રે આહાર કરવો. સંધાન = અથાણું, મુરબ્બો. આમિષ = માંસ. મધુ = મધ. મદિરા = દારૂ. અતિ તુચ્છ = બહુ ઝીણા. તુષાર = બરફ. ચલિત રસ = જેનો સ્વાદ બગડી ગયો હોય. અખાન = અભક્ષ્ય.

**અર્થ**:- (૧) કરા (૨) દ્વિદળ[૧] (૩) રાત્રિભોજન (૪) ઘણા બીજવાળી વસ્તુ[૨] (૫) રીંગણા (૬) અથાણું, મુરબ્બા (૭) પેપા (૮) વડના ટેટા (૯) ઊમરડાના ફળ (૧૦) કઠૂમર (૧૧) પાકરના ફળ (૧૨) [૩]અજાણ્યા ફળ (૧૩) કંદમૂળ (૧૪) માટી (૧૫) વિષ (૧૬) માંસ (૧૭) મધ (૧૮) માખણ (૧૯) દારૂ (૨૦) અતિસૂક્ષ્મ ફળ (૨૧) બરફ (૨૨) ઉતરી ગયેલા-બેસ્વાદ રસવાળી વસ્તુ, -આ બાવીસ અભક્ષ્ય જૈનમતમાં કહ્યા છે. ૫૫.

---

૧. જે અનાજની બે દાળ થાય છે તેમાં ઠંડુ દૂધ, દહીં, છાશ વગેરે મેળવીને ખાવાથી અભક્ષ્ય થાય છે.
૨. 'જિન બહુબીજનકે ઘર નાહિં, તે સબ બહુબીજા કહલાહિં'-ક્રિયાકોશ.
૩. જેને ઓળખતા ન હોય તે ફળ.

**પ્રતિજ્ઞા ( દોહરા )**

अब पंचम गुनथानकी, रचना बरनौं अल्प।
जामैं एकादस दसा, प्रतिमा नाम विकल्प।। ५६।।

**અર્થઃ-** હવે પાંચમા ગુણસ્થાનનું થોડુંક વર્ણન કરીએ છીએ, જેમાં અગિયાર પ્રતિમાઓના ભેદ છે. ૫૬.

**અગિયાર પ્રતિમાઓના નામ ( સવૈયા એકત્રીસા )**

दर्सनविसुद्धकारी बारह विरतधारी,
सामाइकचारी पर्वप्रोषध विधि वहै।
सचितकौ परहारी दिवा अपरस नारी,
आठौं जाम ब्रह्मचारी निरारंभी ह्वै रहै।।
पाप परिग्रह छंडै पापकी न शिक्षा मंडै,
कोऊ याके निमित्त करै सो वस्तु न गहै।
ऐते देसव्रतके धरैया समकिती जीव,
ग्यारह प्रतिमा तिन्है भगवंतजी कहै।। ५७।।

**અર્થઃ-** ( ૧ ) સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિ ઉત્પન્ન કરનાર દર્શન પ્રતિમા છે, ( ૨ ) બાર વ્રતોનું આચરણ વ્રત પ્રતિમા છે, ( ૩ ) સામાયિકની પ્રવૃત્તિ સામાયિક પ્રતિમા છે, ( ૪ ) પર્વમાં ઉપવાસ-વિધિ કરવી તે પ્રોષધ પ્રતિમા છે, ( ૫ ) સચિત્તનો ત્યાગ સચિત્તવિરતિ પ્રતિમા છે, ( ૬ ) દિવસે સ્ત્રીસ્પર્શનો ત્યાગ એ દિવા મૈથુનવ્રત પ્રતિમા છે, ( ૭ ) આઠે પહોર સ્ત્રીમાત્રનો ત્યાગ બ્રહ્મચર્ય પ્રતિમા છે, ( ૮ ) સર્વ આરંભનો ત્યાગ નિરારંભ પ્રતિમા છે, ( ૯ ) પાપના કારણભૂત પરિગ્રહનો ત્યાગ તે પરિગ્રહત્યાગ પ્રતિમા છે, ( ૧૦ ) પાપની શિક્ષાનો ત્યાગ તે અનુમતિત્યાગ પ્રતિમા છે, ( ૧૧ ) પોતાને માટે બનાવેલા ભોજનાદિનો ત્યાગ તે ઉદ્દેશવિરતિ પ્રતિમા છે. - આ અગિયાર પ્રતિમા દેશવ્રતધારી સમ્યગ્દષ્ટિ જીવોની જિનરાજે કહી છે. ૫૭.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

संजम अंस जग्यौ जहां, भोग अरुचि परिनाम।
उदै प्रतिग्याकौ भयौ, प्रतिमा ताकौ नाम।। ५८।।

**અર્થઃ-** ચારિત્ર ગુણનું પ્રગટ થવું, પરિણામોનું ભોગોથી વિરક્ત થવું અને પ્રતિજ્ઞાનો ઉદય થવો એને પ્રતિમા કહે છે. ૫૮.

### દર્શન પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

आठ [१]मूलगुण संग्रहै कुविसन क्रिया न कोइ।
दरसन गुन निरमल करै, दरसन प्रतिमा सोइ।। ५९।।

**અર્થઃ-** દર્શન ગુણની નિર્મળતા, આઠ મૂળગુણોનું[૧] ગ્રહણ અને સાત કુવ્યસનોનો ત્યાગ એને દર્શન પ્રતિમા કહે છે. ૫૯.

### વ્રત પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

पंच अनुव्रत आदरै, तीनौं गुनव्रत पाल।
सिच्छाव्रत चारौं धरै, यह व्रत प्रतिमा चाल।। ६०।।

**અર્થઃ-** પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત ધારણ કરવાને વ્રત પ્રતિમા કહે છે.

**વિશેષઃ-** અહીં પાંચ અણુવ્રતનું નિરતિચાર પાલન હોય છે, પણ ગુણવ્રત અને શિક્ષાવ્રતોના અતિચાર સર્વથા ટળતા નથી. ૬૦.

### સામાયિક પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

[२]दर्व भाव विधि संजुगत, हियै प्रतिग्या टेक।
तजि ममता समता ग्रहै, अंतरमुहूरत एक।। ६१।।

---

૧. પંચ પરમેષ્ઠીમાં ભક્તિ, જીવદયા, પાણી ગાળીને કામમાં લેવું, મદ્ય ત્યાગ, માંસ ત્યાગ, રાત્રિ ભોજન ત્યાગ અને ઉદંબર ફળોનો ત્યાગ-એ આઠ મૂળ ગુણ છે, કયાંક કયાંક મદ્ય, માંસ, મધ અને પાંચ પાપના ત્યાગને આઠ મૂલગુણ કહ્યા છે, કયાંક કયાંક પાંચ ઉદંબર ફળ અને મદ્ય, માંસ, મધના ત્યાગને મૂળગુણ બતાવ્યા છે.

૨. 'સર્વ' એવો પણ પાઠ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( ચોપાઈ )

जो अरि मित्र समान विचारै।
आरत रौद्र कुध्यान निवारै।।
संयम सहित भावना भावै।
सो सामायिकवंत कहावै।। ६२।।

**શબ્દાર્થ:-** દર્વવિધિ = બાહ્ય ક્રિયા-આસન, મુદ્રા, પાઠ, શરીર અને વચનની સ્થિરતા આદિની સાવધાની. ભાવ વિધિ = મનની સ્થિરતા અને પરિણામોમાં સમતાભાવ રાખવા. પ્રતિજ્ઞા = આખડી. અરિ = શત્રુ. કુધ્યાન = ખોટા વિચાર. નિવારૈ = દૂર કરે.

**અર્થ:-** મનમાં સમયની પ્રતિજ્ઞાપૂર્વક દ્રવ્ય અને ભાવવિધિ સહિત, એક મુહૂર્ત અર્થાત્ [1]બે ઘડી સુધી મમત્વભાવ રહિત સામ્યભાવનું ગ્રહણ કરવું, શત્રુ અને મિત્ર પર એક સરખો ભાવ રાખવો, આર્ત અને રૌદ્ર બન્ને કુધ્યાનોનું નિવારણ કરવું અને સંયમમાં સાવધાન રહેવું તે સામાયિક પ્રતિમા કહેવાય છે. ૬૧-૬૨.

**ચોથી પ્રતિમાનું સ્વરૂપ ( દોહરા )**

सामायिककीसी दसा, च्यारि पहरलौं होइ।
अथवा आठ पहर रहै, प्रोसह प्रतिमा सोइ।। ६३।।

**અર્થ:-** બાર કલાક અથવા ચોવીસ કલાક સુધી સામાયિક જેવી સ્થિતિ અર્થાત્ સમતાભાવ રાખવાને પ્રોષધ પ્રતિમા કહે છે. ૬૩.

**પાંચમી પ્રતિમાનું સ્વરૂપ ( દોહરા )**

जो सचित्त भोजन तजै, पीवै प्राशुक नीर।
सो सचित्त त्यागी पुरुष, पंच प्रतिग्यागीर।। ६४।।

**અર્થ:-** સચિત્ત ભોજનનો ત્યાગ કરવો અને પ્રાસુક[2] જળ પીવું તેને સચિત્તવિરતિ પ્રતિમા કહે છે. ૬૪.

**વિશેષ:-** અહીં સચિત્ત વનસ્પતિનું મુખથી વિદારણ કરતા નથી. ૬૪.

---

૧. ચોવીસ મિનિટની ઘડી થાય છે. ૨. ગરમ કરેલું અથવા લવીંગ, એલચી, રાખ વગેરે નાખીને સ્વાદ બદલી નાખવાથી પ્રાસુક પાણી થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### છઠ્ઠી પ્રતિમાનું સ્વરૂપ (ચોપાઈ)

जो दिन ब्रह्मचर्य व्रत पालै।
तिथि आये निसि दिवस संभालै।।
गहि नौ वाड़ि करै व्रत रख्या।
सो षट् प्रतिमा श्रावक अख्या।। ६५।।

**અર્થઃ-** નવ વાડ સહિત દિવસે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું અને પર્વની તિથિએ દિવસે અને રાત્રે બ્રહ્મચર્ય પાળવું એ દિવામૈથુનવ્રત પ્રતિમા છે. ૬૫.

### સાતમી પ્રતિમાનું સ્વરૂપ (ચોપાઈ)

जो नौ वाड़ि सहित विधि साधै।
निसि दिन ब्रह्मचर्य आराधै।।
सो सप्तम प्रतिमा घर ग्याता।
सील-सिरोमनि जग विख्याता।। ६६।।

**અર્થઃ-** જે નવ વાડ સહિત સદાકાળ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે, તે બ્રહ્મચર્ય નામની સાતમી પ્રતિમાનો ધારક જ્ઞાની જગત્‌વિખ્યાત શીલશિરોમણિ છે. ૬૬.

### નવ વાડના નામ (કવિત્ત)

तियथल वास प्रेम रुचि निरखन,
दे परीछ भाखै मधु वैन।
पूरव भोग केलि रस चिंतन,
गुरु आहार लेत चित चैन।।
करि सुचि तन सिंगार बनावत,
तिय परजंक मध्य सुख सैन।
मनमथ-कथा उदर भरि भोजन,
ये नौवाड़ि [१]कहै जिन बैन।। ६७।।

---

૧. 'કહૈ મત જૈન' –એવો પણ પાઠ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થઃ-** તિયથલ વાસ = સ્ત્રીઓના સમુદાયમાં રહેવું. નિરખન = દેખવું. પરીછ (પરોક્ષ) = અપ્રત્યક્ષ. ગુરુ આહાર = ગરિષ્ટ ભોજન. સુચિ = પવિત્ર. પરજંક = પલંગ. મનમથ = કામ. ઉદર = પેટ.

**અર્થઃ-** સ્ત્રીઓના સમાગમમાં રહેવું, સ્ત્રીઓને રાગ ભરેલી દૃષ્ટિએ જોવી, સ્ત્રીઓ સાથે [1]પરોક્ષપણે રાગસહિત વાતચીત કરવી, પૂર્વકાળમાં ભોગવેલા ભોગ-વિલાસોનું સ્મરણ કરવું, આનંદદાયક ગરિષ્ટ ભોજન કરવું, સ્નાન, મંજન આદિ દ્વારા શરીરને જરૂર કરતાં વધારે શણગારવું, સ્ત્રીઓના પલંગ, આસન ઉપર સૂવું કે બેસવું. કામકથા અથવા કામોત્પાદક કથા, ગીતો સાંભળવાં, ભૂખ કરતાં વધારે અથવા ખૂબ પેટ ભરીને ભોજન કરવું, એના ત્યાગને જૈનમતમાં બ્રહ્મચર્યની નવ વાડ કહી છે. ૬૭.

### આઠમી પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

जो विवेक विधि आदरै करै न पापारंभ।
सो अष्टम प्रतिमा धनी, कुगति विजै रनथंभ।। ६८।।

**અર્થઃ-** જે વિવેકપૂર્વક ધર્મમાં સાવધાન રહે છે અને સેવા, કૃષિ, વેપાર આદિનો પાપારંભ કરતો નથી, તે કુગતિના રણથંભને જીતનાર આઠમી પ્રતિમાનો સ્વામી છે. ૬૮.

### નવમી પ્રતિમાનું સ્વરૂપ (ચોપાઈ)

जो दसधा परिग्रहकौ त्यागी।
सुख संतोष सहित वैरागी।।
समरस संचित किंचित ग्राही।
सो श्रावक नौ प्रतिमा वाही।। ६९।।

**અર્થઃ-** જે વૈરાગ્ય અને સંતોષનો આનંદ પ્રાપ્ત કરે છે તથા દસ પ્રકારના પરિગ્રહોમાંથી થોડાક વસ્ત્ર અને પાત્ર માત્ર રાખે છે, તે સામ્યભાવનો ધારક નવમી પ્રતિમાનો સ્વામી છે. ૬૯.

---

૧. પડદા વગેરેની ઓથમાં રહીને, અથવા પત્ર વડે.

### દસમી પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

परकौं पापारंभकौ, जो न देइ उपदेस।
सो दसमी प्रतिमा सहित, श्रावक विगत कलेस।। ७०।।

**અર્થઃ-** જે કુટુંબી અને અન્ય જનોને વિવાહ, વેપાર આદિ પાપારંભ કરવાનો ઉપદેશ આપતા નથી, તે પાપરહિત દસમી પ્રતિમાનો ધારક છે. ૭૦.

### અગિયારમી પ્રતિમાનું સ્વરૂપ (ચોપાઈ)

जो सुछंद वरतै तजि डेरा।
मठ मंडपमैं करै बसेरा।।
उचित आहार उदंड विहारी।
सो एकादश प्रतिमा धारी।। ७१।।

**અર્થઃ-** જે ઘર છોડીને મઠ, મંડપમાં નિવાસ કરે છે, અને સ્ત્રી, પુત્ર, કુટુંબ આદિથી વિરક્ત થઈને સ્વતંત્રપણે રહે છે, તથા કૃત, કારિત, અનુમોદન રહિત યોગ્ય આહાર લે છે, તે અગિયારમી પ્રતિમા ધારક છે. ૭૧.

### પ્રતિમાઓ સંબંધી મુખ્ય ઉલ્લેખ (દોહરા)

एकादश प्रतिमा दसा, कहीं देसव्रत मांहि।
वही अनुक्रम मूलसौं, गहौ सु छूटै नाहिं।। ७२।।

**અર્થઃ-** દેશવ્રત ગુણસ્થાનમાં અગિયાર પ્રતિમા ગ્રહણ કરવાનો ઉપદેશ છે, તે શરૂઆતથી ઉત્તરોત્તર અંગીકાર કરવી જોઈએ અને નીચેની પ્રતિમાઓની ક્રિયાઓ છોડવી ન જોઈએ. ૭૨.

### પ્રતિમાઓની અપેક્ષાએ શ્રાવકોના ભેદ (દોહરા)

षट प्रतिमा तांई जघन, मध्यम नौ परजंत।
उत्तम दसमी ग्यारमी, इति प्रतिमा विरतंत।। ७३।।

**અર્થઃ-** છઠ્ઠી પ્રતિમા સુધી જઘન્ય શ્રાવક, નવમી પ્રતિમા સુધી મધ્યમ શ્રાવક અને દસમી-અગિયારમી પ્રતિમા ધારણ કરનારાઓને ઉત્કૃષ્ટ શ્રાવક કહે છે. આ પ્રતિમાઓનું વર્ણન પૂરું થયું. ૭૩.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### પાંચમા ગુણસ્થાનનો કાળ ( ચોપાઈ )

एक कोडि पूरव गिनि लीजै।
तामैं आठ बरस घटि कीजै।।
यह उत्कृष्ट काल थिति जाकी।
अंतरमुहूरत जघन दशाकी।। ७४।।

**અર્થઃ-** પાંચમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ એક કરોડ પૂર્વેમાં આઠ વર્ષ ઓછા, અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત છે. ૭૪.

### એક પૂર્વનું માપ ( દોહરા )

सत्तर लाख किरोर मित, छप्पन सहस किरोड़।
ऐते बरस मिलाइके, पूरव संख्या जोड़।। ७५।।

**અર્થઃ-** સત્તર લાખ અને છપ્પન હજારને એક કરોડ વડે ગુણવાથી જે સંખ્યા પ્રાપ્ત થાય છે, એટલા વર્ષનો એક પૂર્વ[૧] થાય છે. ૭૫.

### અંતર્મુહૂર્તનું માપ ( દોહરા )

अंतर्मुहूरत द्वै घरी, कछुक घाटि उतकिष्ट।
एक समय एकावली, अंतरमुहूर्त कनिष्ट।। ७६।।

**અર્થઃ-** બે ઘડીમાં એક સમય ઓછો હોય તે અંતર્મુહૂર્તનો ઉત્કૃષ્ટ કાળ છે અને એક આવળી[૨] કરતાં એક સમય વધારે હોય તે અંતર્મુહૂર્તનો જઘન્ય કાળ છે તથા વચ્ચેના અસંખ્ય ભેદો છે. ૭૬.

### છઠ્ઠા ગુણસ્થાનના વર્ણનની પ્રતિજ્ઞા ( દોહરા )

यह पंचम गुनथानकी, रचना कही विचित्र।
अब छट्ठे गुनथानकी दसा कहूं सुन मित्र।। ७७।।

**અર્થઃ-** પાંચમા ગુણસ્થાનનું આ વિચિત્ર વર્ણન કર્યું; હવે હે મિત્ર, છઠ્ઠા ગુણસ્થાનનું સ્વરૂપ સાંભળો. ૭૭.

---

૧. ચોરસી લાખ વર્ષનો એકપૂર્વાંગ થાય છે અને ચોરસી લાખ પૂર્વાંગનો એક પૂર્વ થાય છે
૨. અસંખ્યાત સમયની એક આવળી થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

### છઠ્ઠા ગુણસ્થાનનું સ્વરૂપ (દોહરા)

पंच प्रमाद दशा धरै, अट्ठइस गुनवान।
थविरकल्पि जिनकल्पि जुत, है प्रमत्त गुनथान।। ७८।।

**અર્થ:-** જે મુનિ અઠ્ઠાવીસ મૂળગુણોનું પાલન કરે છે, પરંતુ પાંચ પ્રકારના પ્રમાદોમાં કિંચિત્ વર્તે છે, તે મુનિ પ્રમત્ત ગુણસ્થાની છે. આ ગુણસ્થાનમાં સ્થવિરકલ્પી અને જિનકલ્પી બન્ને પ્રકારના સાધુ રહે છે. ૭૮.

### પાંચ પ્રમાદોના નામ (દોહરા)

धर्मराग विकथा वचन, निद्रा विषय कषाय।
पंच प्रमाद दसा सहित, परमादी मुनिराय।। ७९।।

**અર્થ:-** ધર્મમાં અનુરાગ, વિકથા વચન, નિદ્રા, વિષય[૧], કષાય[૨] -એવા પ્રમાદ સહિત સાધુ છઠ્ઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત મુનિ હોય છે. ૭૯

### સાધુના અઠ્ઠાવીસ મૂળગુણ (સવૈયા એકત્રીસા)

पंच महाव्रत पालै पंच समिति संभालै,
पंच इंद्री जीति भयौ भोगी चित चैनकौ।
षट आवश्यक क्रिया दर्वित भावित साधै,
प्रासुक धरामैं एक आसन है सैनकौ।।
मंजन न करै केश लुंचै तन वस्त्र मुंचै,
त्यागै दंतवन पै सुगंध स्वास वैनकौ।
ठाडौ करसे आहार लघुभुंजी एक बार,
अट्ठाइस मूलगुनधारी जती जैनकौ।। ८०।।

**શબ્દાર્થ:-** પંચ મહાવ્રત = પાંચ પાપોનો સર્વથા ત્યાગ. પ્રાસુક = જીવ રહિત સૈન (શયન) સૂવું. મંજન =સ્નાન. કેશ=વાળ. લુંચૈ. = ઉખાડે. મુંચૈ=છોડે. કરસે= હાથથી. લઘુ= થોડું. જતી= સાધુ.

---

૧-૨. અહીં અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન - આ ત્રણ ચોકડીના બાર કષાયોનો અનુદય અને સંજવલન કષાયનો તીવ્ર ઉદય રહે છે, તેથી આ સાધુ કિંચિત્ પ્રમાદને વશ હોય છે અને શુભાચારમાં વિશેષપણે વર્તે છે અહીં વિષય સેવન અથવા સ્થળરૂપે કષાયમાં વર્તવાનું પ્રયોજન નથી. હા, શિષ્યોને ઠપકો આપવો વગેરે વિકલ્પ તો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** પાંચ મહાવ્રત પાળે છે, પાંચે સમિતિપૂર્વક વર્તે છે, પાંચે ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈને પ્રસન્ન થાય છે, દ્રવ્ય અને ભાવ છ આવશ્યક સાધે છે, ત્રસ જીવ રહિત ભૂમિ પર પડખું બદલ્યા વિના શયન કરે છે, જીવનભર સ્નાન કરતા નથી, હાથથી કેશલોચ કરે છે, નગ્ન રહે છે, દાતણ કરતા નથી તો પણ વચન અને શ્વાસમાં સુગંધ જ નીકળે છે, ઊભા રહીને ભોજન લે છે, થોડું ભોજન લે છે, ભોજન દિવસમાં એક જ વાર લે છે, આવા અઠ્ઠાવીસ મૂળગુણોના ધારક જૈન સાધુ હોય છે. ૮૦.

**પંચ અણુવ્રત અને પંચ મહાવ્રતનું સ્વરૂપ ( દોહરા )**

**हिंसा मृषा अदत्त धन, मैथुन परिगह साज।**
**किंचित त्यागी अनुव्रती, सब त्यागी मुनिराज।। ८१।।**

**શબ્દાર્થઃ-** મૃષા= જૂઠ. અદત્ત= આપ્યા વિનાનું.

**અર્થઃ-** હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ - આ પાંચ પાપોના કિંચિત્ ત્યાગી અણુવ્રતી શ્રાવક અને સર્વથા ત્યાગી મહાવ્રતી સાધુ હોય છે. ૮૧.

**પાંચ સમિતિનું સ્વરૂપ ( દોહરા )**

**चलै निरखि भाखै उचित, भखै अदोष अहार।**
**लेइ निरखि डारै निरखि, समिति पंच परकार।। ८२।।**

**અર્થઃ-** જીવજંતુની રક્ષા માટે જોઈને ચાલવું તે ઈર્યાસમિતિ છે, હિત, મિત અને પ્રિય વચન બોલવા તે ભાષાસમિતિ છે, અંતરાય રહિત નિર્દોષ આહાર લેવો તે એષણાસમિતિ છે, શરીર, પુસ્તક, પીંછી, કમંડળ આદિ જોઈ -તપાસીને લેવા મૂકવા તે આદાન નિક્ષેપણસમિતિ છે, ત્રસ જીવ રહિત પ્રાસુક ભૂમિ ઉપર મળ-મૂત્રાદિનો ત્યાગ કરવો તે પ્રતિષ્ઠાપનસમિતિ છે;- આવી આ પાંચ સમિતિ છે. ૮૨.

**છ આવશ્યક ( દોહરા )**

**समता वंदन थुति करन, पड़कौना सज्झाव।**
**काउसग्ग मुद्रा धरन, षडावसिक ये भाव।। ८३।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:-** સમતા= સામાયિક કરવી. વંદન= ચોવીસ તીર્થંકરો અથવા ગુરુ આદિને વંદન કરવા. પડિકૌના (પ્રતિક્રમણ) = લાગેલા દોષોનું પ્રાયશ્ચિત કરવું સજ્ઝાવ = સ્વાધ્યાય. કાઉસગ્ગ (કાયોત્સર્ગ) = ખડ્ગાસન થઈને ધ્યાન કરવું. ષડાવસિક = છ આવશ્યક.

**અર્થ:-** સામાયિક, વંદન, સ્તવન, પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ આ સાધુના છ આવશ્યક કર્મ છે. ૮૩.

**સ્થવિરકલ્પી અને જિનવિકલ્પી સાધુઓનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)**

थविरकलपि जिनकलपी दुविधि मुनि,
दोऊ वनवासी दोऊ नगन रहतु है।
दोऊ अठाईस मूलगुनके धरैया दोऊ,
सरव त्यागी ह्वै विरागता गहतु हैं।।
थविरकलपि ते जिनकै शिष्य साखा होइ,
बैठिकै सभामैं धर्मदेसना कहतु हैं।
एकाकी सहज जिनकलपि तपस्वी घोर,
उदैकी मरोरसौं परीसह सहतु हैं।। ८४।।

**અર્થ:-** સ્થવિરકલ્પી અને જિનકલ્પી એવા બે પ્રકારના જૈન સાધુ હોય છે. બન્ને વનવાસી છે, બન્ને નગ્ન રહે છે, બન્ને અઠ્ઠાવીસ મૂળગુણના ધારક હોય છે, બન્ને સર્વપરિગ્રહના ત્યાગી-વૈરાગી હોય છે. પરંતુ સ્થવિરકલ્પી સાધુ શિષ્યસમુદાયની સાથે રહે છે તથા સભામાં બેસીને ધર્મોપદેશ આપે છે અને સાંભળે છે, પણ જિનકલ્પી સાધુ શિષ્ય છોડીને નિર્ભય એકલા વિચરે છે અને મહાતપશ્ચરણ કરે છે તથા કર્મના ઉદયથી આવેલા બાવીસ પરિષહો સહે છે. ૮૪.

**વેદનીય કર્મજનિત અગિયાર પરિષહ (સવૈયા એકત્રીસા)**

ग्रीषममैं धुपथित सीतमैं अकंपचित,
भूखै धरैं धीर प्यासै नीर न चहतु हैं।
डंस मसकादिसौं न डरैं भूमि सैन करैं,
बध बंध विथामैं अडौल ह्वै रहतु हैं।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चर्या दुख भरै तिन फाससौं न थरहरै,
मल दुरगंधकी गिलानि न गहतु हैं।
रोगनिकौ न करैं इलाज ऐसे मुनिराज,
वेदनीके उदै ये परीसह सहतु हैं।। ८५।।

**અર્થઃ-** ગરમીના દિવસોમાં તડકામાં ઊભા રહે છે એ ઉષ્ણપરિષહજય છે, શિયાળામાં ઠંડીથી ડરતા નથી એ શીતપરિષહજય છે, ભૂખ લાગે ત્યારે ધીરજ રાખે છે, એ ભૂખપરિષહજય છે, તરસ લાગે ત્યારે પાણીની ઈચ્છા કરતા નથી એ તૃષાપરિષહજય છે, ડાંસ મચ્છરનો ભય રાખતા નથી એ દંશમશકપરિષહજય છે, ભૂમિ ઉપર સૂવે છે એ શય્યાપરિષહજય છે, મારવા, બાંધવાના કષ્ટમાં અચળ રહે છે એ વધપરિષહજય છે, ચાલવાનું કષ્ટ સહન કરે છે એ ચર્યાપરિષહજય છે, તૃણ, કાંટો વગેરે લાગે તો ગભરાતા નથી એ તૃણસ્પર્શપરિષહજય છે, મળ અને દુર્ગંધમય પદાર્થો પ્રત્યે ગ્લાનિ કરતા નથી એ મળપરિષહજય છે, રોગજનિત કષ્ટ સહન કરે છે પણ તેના નિવારણનો ઉપાય કરતા નથી, એ રોગપરિષહજય છે. આ રીતે વેદનીયકર્મના ઉદયજનિત અગિયાર પરિષહ મુનિરાજ સહન કરે છે. ૮૫.

**ચારિત્રમોહજનિત સાત પરિષહ ( કુંડલિયા )**

ऐते संकट मुनि सहै, चारितमोह उदोत।
लज्जा संकुच दुख धरै, नगन दिगंबर होत।।
नगन दिगम्बर होत, श्रोत रति स्वाद न सेवै।
तिय सनमुख द्दग रोकि, मान अपमान न बेवै।।
थिर ह्वै निरभै रहै, सहै कुवचन जग जेते।
भिच्छुकपद संग्रहै, लहै मुनि संकट ऐते।। ८६।।

**શબ્દાર્થઃ-** સંકટ = દુઃખ. ઉદોત = ઉદયથી. શ્રોત =કાન. દગ = નેત્ર. બેવૈ ( વેદૈ ) = ભોગવે. કુવચન = ગાળ. ભિચ્છુક = યાચના.

**અર્થઃ-** ચારિત્રમોહના ઉદયથી મુનિરાજ નિમ્ન-લિખિત સાત પરિષહ સહન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે અર્થાત્ જીતે છે. (૧) નગ્ન દિગંબર રહેવાથી લજ્જા અને સંકોચજનિત દુઃખ સહન કરે છે, એ નગ્નપરિષહજય છે, (૨) કર્ણ આદિ ઇન્દ્રિયોના વિષયોનો અનુરાગ ન કરવો તે અરતિપરિષહજય છે. (૩) સ્ત્રીઓના હાવભાવમાં મોહિત ન થવું, તે સ્ત્રીપરિષહજય છે. (૪) માન- અપમાનની પરવા કરતા નથી એ સત્કારપુરસ્કારપરિષહજયછે. (૫) ભયનું નિમિત્ત મળવા છતાં પણ આસન ધ્યાનથી દૂર થતા નથી તે નિષદ્યાપરિષહજય છે. (૬) મૂર્ખાઓના કટુ વચન સહન કરવા તે આક્રોશપરિષહજય છે. (૭) પ્રાણ જાય તોપણ આહારાદિને માટે દીનતારૂપ પ્રવૃત્તિ ન કરવી, એ યાચનાપરિષહજય છે. આ સાત પરિષહ ચારિત્રમોહના ઉદયથી થાય છે. ૮૬.

**જ્ઞાનાવરણીયજનિત બે પરિષહ (દોહરા)**

अलप ग्यान लघुता लखै, मति उतकरष विलोइ।
ज्ञानावरन उदोत मुनि, सहै परीसह दोइ।। ८७।।

**અર્થઃ-** જ્ઞાનાવરણીયજનિત બે પરિષહ છે. અલ્પજ્ઞાન હોવાથી લોકો નાના ગણે છે, એનાથી જે દુઃખ થાય છે તેને સાધુ સહન કરે છે, એ અજ્ઞાનપરિષહજય છે. જ્ઞાનની વિશાળતા હોવા છતાં પણ ગર્વ કરતા નથી, એ પ્રજ્ઞાપરિષહજય છે. આવા આ બે પરિષહ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી જૈન સાધુ સહન કરે છે. ૮૭.

**દર્શનમોહનીયજનિત એક અને અંતરાયજનિત એક પરિષહ (દોહરા)**

सहै अदरसन दुरदसा, दरसन मोह उदोत।
रोकै उमग अलाभकी, अंतरायके होत।। ८८।।

**અર્થઃ-** દર્શનમોહનીયના ઉદયથી સમ્યગ્દર્શનમાં કદાચ દોષ ઉત્પન્ન થાય તો તેઓ સાવધાન રહે છે-ચલાયમાન થતા નથી, એ દર્શનપરિષહજય છે. અંતરાય કર્મના ઉદયથી વાંછિત પદાર્થની પ્રાપ્તિ ન થાય, તો જૈનમુનિ ખેદખિન્ન થતા નથી, એ અલાભપરિષહજય છે.૮૮.

**બાવીસ પરિષહોનું વર્ણન (સવૈયા એકત્રીસા)**

एकादस वेदनीकी, चारितमोहकी सात,
ग्यानावरनीकी दोइ, एक अंतरायकी।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

दर्सनमोहकी एक, द्वाविंसति बाधा सबै,
केई मनसाकी, केई वाकी, केई कायकी।।
काहूकौ अलप काहूकौ बहुत उनीस तांई,
एक ही समैमैं उदै आवै असहायकी।
चर्या थित सज्जामांहि एक सीत उस्न मांहि,
एक दोइ होहिं तीन नांहि समुदायकी।। ८९।।

**શબ્દાર્થઃ-** મનસાકી= મનની. વાકી (વાકયકી) = વચનની. કાય = શરીર. સજ્જા = શય્યા. સમુદાય = એકસાથે.

**અર્થઃ-** વેદનીયના અગિયાર, ચારિત્રમોહનીયના સાત, જ્ઞાનાવરણના બે, અંતરાયનો એક અને દર્શનમોહનીયનો એક-એવી રીતે બધા મળીને બાવીસ પરિષહો છે. તેમનામાંથી કોઈ મનજનિત, કોઈ વચનજનિત, અને કોઈ કાયજનિત છે. આ બાવીસ પરિષહોમાંથી એક સમયે એક સાધુને વધારેમાં વધારે ઓગણીસ સુધી પરિષહો ઉદયમાં આવે છે, કારણ કે ચર્યા, આસન અને શય્યા આ ત્રણમાંથી કોઈ એક અને શીત ઉષ્ણમાંથી કોઈ એક, આ રીતે પાંચમાં બેનો ઉદય હોય છે, બાકીના ત્રણનો ઉદય હોતો નથી. ૮૯.

**સ્થવિરકલ્પી અને જિનકલ્પી સાધુની સરખામણી (દોહરા)**

नाना विधि संकट-दसा, सहि साधै सिवपंथ।
थविरकल्पि जिनकल्पि धर, दोऊ सम निगरंथ।। ९०।।

जो मुनि संगतिमैं रहै, थविरकल्पि सो जान।
एकाकी जाकी दसा, सो जिनकल्पि बखान।। ९१।।

**અર્થઃ-** સ્થવિરકલ્પી અને જિનકલ્પી બન્ને પ્રકારના સાધુ એક સરખા નિર્ગ્રંથ હોય છે અને અનેક પ્રકારના પરિષહો જીતીને મોક્ષમાર્ગ સાધે છે. જે સાધુ સંઘમાં રહે છે તે સ્થવિરકલ્પી છે અને જે એકલવિહારી છે તે જિનકલ્પી છે. ૯૦-૯૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( ચોપાઈ )

थविरकलपी धर कछुक सरागी।
जिनकलपी महान वैरागी।।
इति प्रमत्तगुनथानक धरनी।
पूरन भई जथारथ वरनी।। ९२।।

**અર્થઃ-** સ્થવિરકલ્પી સાધુ કિંચિત્ સરાગી હોય છે અને જિનકલ્પી સાધુ અત્યંત વૈરાગી હોય છે. આ છઠ્ઠા ગુણસ્થાનનું યથાર્થ સ્વરૂપ વર્ણવ્યું. ૯૨.

**સાતમા ગુણસ્થાનનું વર્ણન ( ચોપાઈ )**

अब वरनौं सप्तम विसरामा।
अपरमत्त गुनथानक नामा।।
जहां प्रमाद क्रिया विधि नासै।
धरम ध्यान थिरता परगासै।। ९३।।

**અર્થઃ-** હવે સ્થિરતાના સ્થાન અપ્રમત્તગુણસ્થાનનું વર્ણન કરે છે, જ્યાં ધર્મધ્યાનમાં ચંચળતા લાવનાર પાંચ પ્રકારની પ્રમાદ-ક્રિયા નથી અને મન ધર્મધ્યાનમાં સ્થિર થાય છે. ૯૩.

( દોહરા )

प्रथम करन चारित्रकौ, जासु अंत पद दोइ।
जहां अहार विहार नहिं अपरमत्त है सोइ।। ९४।।

**અર્થઃ-** જે ગુણસ્થાનના અંત સુધી ચારિત્રમોહના ઉપશમ અને ક્ષયનું કારણ અધઃપ્રવૃત્તિકરણ ચારિત્ર રહે છે અને આહાર વિહાર રહેતા નથી તે અપ્રમત્તગુણસ્થાન છે.

**વિશેષઃ-** સાતમા ગુણસ્થાનના બે ભેદ છે- પહેલું સ્વસ્થાન અને બીજું સાતિશય. જ્યાંસુધી છઠ્ઠાથી સાતમા અને સાતમાથી છઠ્ઠામાં અનેકવાર ચઢ-ઉતર રહે છે, ત્યાં સુધી સ્વ-સ્થાન ગુણસ્થાન રહે છે અને સાતિશય ગુણસ્થાનમાં અધઃકરણના પરિણામ રહે છે, ત્યાં આહાર વિહાર નથી. ૯૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આઠમા ગુણસ્થાનનું વર્ણન ( ચોપાઈ )**

अब वरनौं अष्टम गुनथाना।
नाम अपूरवकरन बखाना।।
कछुक मोह उपशम करि राखै।
अथवा किंचित छय करि नाखै।। ९५।।

**અર્થઃ-** હવે અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનનું વર્ણન કરું છું, જ્યાં મોહનો કિંચિત્ ઉપશમ[૧] અથવા કિંચિત્ ક્ષય[૨] થાય છે. ૯૫.

जे परिनाम भए नहिं कबही।
तिनकौ उदै देखिये जबही।।
तब अष्टम गुनथानक होई।
चारित करन दूसरौ सोई।। ९६।।

**અર્થઃ-** આ ગુણસ્થાનમાં એવા વિશુદ્ધ પરિણામ હોય છે જેવા પૂર્વે કદી થયા નહોતા, તેથી આ આઠમા ગુણસ્થાનનું નામ અપૂર્વકરણ છે. અહીં ચારિત્રના ત્રણ કરણોમાંથી અપૂર્વકરણ નામનું બીજું કરણ થાય છે. ૯૬.

**નવમા ગુણસ્થાનનું વર્ણન ( ચોપાઈ )**

अब अनिवृत्तिकरन सुनु भाई।
जहां भाव थिरता अधिकाई।।
पूरव भाव चलाचल जेते।
सहज अडोल भए सब तेते।। ९७।।

**અર્થઃ-** હે ભાઈ, હવે અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનનું સ્વરૂપ સાંભળો. જ્યાં પરિણામોની અધિક સ્થિરતા છે, આના પહેલાં આઠમા ગુણસ્થાનમાં જે પરિણામ કિંચિત્ ચપળ હતા, તે અહીં અચળ થઈ જાય છે. ૯૭.

---

૧-૨. ઉપશમ શ્રેણીમાં ઉપશમ અને ક્ષપકશ્રેણીમાં ક્ષય થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जहां न भाव उलटि अध आवै।
सो नवमो गुनथान कहावै।।
चारितमोह जहां बहु छीजा।
सो है चरन करन पद तीजा।।९८।।

**શબ્દાર્થ**:- ઉલટિ = પાછા ફરીને. અધ =નીચે. છીજા=નાશ પામ્યો.

**અર્થ**:- જ્યાં ચડેલા પરિણામ પાછા પડી જતા નથી, તે નવમું ગુણસ્થાન કહેવાય છે. આ નવમા ગુણસ્થાનમાં ચારિત્રમોહનીયનો [૧]ઘણો અંશ નાશ પામી જાય છે, એ ચારિત્રનું ત્રીજું કરણ છે. ૯૮.

**દસમા ગુણસ્થાનનું વર્ણન (ચોપાઈ)**

कहौं दसम गुनथान दुसाखा।
जहँ सूछम सिवकी अभिलाखा।।
सूछमलोभ दसा जहँ लहिये।
सूछमसांपराय सो कहिये।।९९।।

**અર્થ**:- હવે દસમા ગુણસ્થાનનું વર્ણન કરું છું, જેમાં આઠમા અને નવમા ગુણસ્થાન પેઠે ઉપશમ અને ક્ષાયિક શ્રેણીના ભેદ છે. જ્યાં મોક્ષની અત્યંત સૂક્ષ્મ અભિલાષામાત્ર છે, અહીં સૂક્ષ્મ લોભનો ઉદય છે તેથી એને સૂક્ષ્મ સામ્પરાય કહે છે. ૯૯.

**અગિયારમા ગુણસ્થાનનું વર્ણન (ચોપાઈ)**

अब उपशांतमोह गुनथाना।
कहौं तासु प्रभुता परवांना।।
जहां मोह उपशमै न भासै।
यथाख्यातचारित परगासै।।१००।।

**અર્થ**:- હવે અગિયારમા ગુણસ્થાન ઉપશાંતમોહનું સામર્થ્ય કહું છું, અહીં મોહનો સર્વથા ઉપશમ છે- બિલકુલ ઉદય દેખાતો નથી અને જીવને યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે. ૧૦૦.

---

૧. સૂક્ષ્મલોભ સિવાયનો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વળી-( દોહરા )**

जाहि फरसकै जीव गिर, परै करै गुन रद्द।
सो एकादसमी दसा, उपसमकी सरहद्द।। १०१।।

**અર્થઃ**- જે ગુણસ્થાનને પ્રાપ્ત થઈને જીવ અવશ્ય પડે જ છે અને પ્રાપ્ત થયેલા ગુણનો નાશ કરે છે, તે ઉપશમચારિત્રની ચરમસીમા પ્રાપ્ત અગિયારમું ગુણસ્થાન છે. ૧૦૧.

**બારમા ગુણસ્થાનનું વર્ણન ( ચોપાઈ )**

केवलग्यान निकट जहँ आवै।
तहां जीव सब मोह खिपावै।।
प्रगटै यथाख्यात परधाना।
सो द्वादसम खीन गुनठाना।। १०२।।

**અર્થઃ**- જ્યાં જીવ મોહનો સર્વથા ક્ષય કરે છે અથવા કેવળજ્ઞાન બિલકુલ પાસે આવી જાય છે અને યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે, તે ક્ષીણમોહ નામનું બારમું ગુણસ્થાન છે. ૧૦૨.

**ઉપશમશ્રેણીની અપેક્ષાએ ગુણસ્થાનોનો કાળ ( દોહરા )**

षट सातैं आठैं नवैं, दस एकादस थान।
अंतरमुहूरत एक वा, एक समै थिति जान।। १०३।।

**અર્થઃ**- ઉપશમશ્રેણીની અપેક્ષાએ છઠ્ઠા, સાતમા, આઠમા, નવમા, દસમા અને અગિયારમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત અથવા જઘન્યકાળ એક સમય છે. ૧૦૩.

**ક્ષપકશ્રેણીમાં ગુણસ્થાનોનો કાળ ( દોહરા )**

छपकश्रेनि आठैं नवैं, दस अर वलि बार।
थिति उत्कृष्ट जघन्य भी, अंतरमुहूरत काल।। १०४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** ક્ષપકશ્રેણીમાં આઠમા, નવમા, દસમા અને બારમા ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત તથા જઘન્ય પણ અંતર્મુહૂર્ત છે. ૧૦૪.

**તેરમા ગુણસ્થાનનું વર્ણન (દોહરા)**

छीनमोह पूरन भयौ, करि चूरन चित-चाल।
अब सजोगगुनथानकी, वरनौं दसा रसाल।। १०५।।

**અર્થઃ-** ચિત્તની વૃત્તિને ચૂર્ણ કરનાર ક્ષીણમોહ ગુણસ્થાનનું કથન સમાપ્ત થયું, હવે પરમાનંદમય સયોગગુણસ્થાનની અવસ્થાનું વર્ણન કરું છું. ૧૦૫.

**તેરમા ગુણસ્થાનનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)**

जाकी दुखदाता-घाती चौकरी विनसि गई,
चौकरी अघाती जरी जेवरी समान है।
प्रगट भयौ अनंतदंसन अनंतग्यान,
बीरजअनंत सुख सत्ता समाधान है।।
जामैं आउ नाम गोत वेदनी प्रकृति अस्सी,
इक्यासी चौरासी वा पचासी परवांन है।
सो है जिन केवली जगतवासी भगवान,
ताकी जो अवस्था सो सजोगीगुनथान है।। १०६।।

**શબ્દાર્થઃ-** ચૌકરી = ચાર. વિનસિ ગઈ = નષ્ટ થઈ ગઈ. અનંતદંસન = અનંત દર્શન. સમાધાન = સમ્યક્ત્વ. જગતવાસી = સંસારી, શરીર સહિત.

**અર્થઃ-** જે મુનિને દુઃખદાયક ઘાતીયા ચતુષ્ક અર્થાત્ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય નષ્ટ થઈ ગયા છે અને અઘાતી ચતુષ્ક બળી ગયેલી સીંદરીની જેમ શક્તિહીન થયા છે, જેને અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંતસુખ સત્તા અને પરમાવગાઢ સમ્યક્ત્વ પ્રગટ થયા છે, જેમને આયુ, નામ, ગોત્ર અને વેદનીયકર્મોની માત્ર એંસી, એકયાસી, ચોર્યાસી અથવા પંચાસી પ્રકૃતિઓની સત્તા રહી છે, તે કેવળજ્ઞાની પ્રભુ સંસારમાં સુશોભિત થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે અને તેની જ અવસ્થાને [1]સયોગકેવળી ગુણસ્થાન કહે છે.

**વિશેષઃ-** તેરમા ગુણસ્થાનમાં જે [2]પંચાસી પ્રકૃતિઓની સત્તા કહેવામાં આવી છે, તે તો સામાન્ય કથન છે. કોઈ કોઈને તો તીર્થંકર પ્રકૃતિ, આહારક શરીર, આહારક અંગોપાંગ, આહારક બંધન, આહારક સંઘાત સહિત પંચાસી પ્રકૃતિઓની સત્તા રહે છે, પણ કોઈને તીર્થંકર પ્રકૃત્તિની સત્તા નથી હોતી, તો ચોરાસી પ્રકૃતિઓની સત્તા રહે છે અને કોઈને આહારક ચતુષ્કની સત્તા નથી રહેતી અને તીર્થંકર પ્રકૃતિની સત્તા રહે છે અને કોઈને આહારક ચતુષ્કની સત્તા નથી રહેતી અને તીર્થંકર પ્રકૃતિની સત્તા રહે છે તો એકાસી પ્રકૃતિઓની સત્તા રહે છે, તથા કોઈને તીર્થંકર પ્રકૃતિ અને આહારક ચતુષ્ક પાંચેની સત્તા નથી રહેતી, માત્ર એંસી પ્રકૃતિઓની સત્તા રહે છે. ૧૦૬.

**કેવળજ્ઞાનીની મુદ્રા અને સ્થિતિ ( સવૈયા એકત્રીસા )**

जो अडोल परजंक मुद्राधारी सरवथा,
अथवा सु काउसग्ग मुद्रा थिरपाल है।
खेत सपरस कर्म प्रकृतिकै उदै आयै,
बिना डग भरै अंतरीच्छ जाकी चाल है।।
जाकी थिति पूरव करोड़ आठ वर्ष घाटि,
अंतरमुहूरत जघन्य जग-जाल है।
सो है देव अठारह दूषन रहित ताकौं,
बानारसि कहै मेरी वंदना त्रिकाल है।। १०७।।

**શબ્દાર્થઃ-** અડોલ = અચળ. પરજંક મુદ્રા = પદ્માસન. કાઉસગ્ગ ( કાયોત્સર્ગ ) = ઊભા આસને. અંતરીચ્છ = ઉપર. ત્રિકાલ = સદૈવ.

**અર્થઃ-** જે કેવળજ્ઞાની ભગવાને પદ્માસન અથવા કાયોત્સર્ગ મુદ્રા ધારણ કરેલી છે, જે ક્ષેત્ર-સ્પર્શ નામકર્મની પ્રકૃતિના ઉદયથી પગ ઉપાડયા વિના ઊંચે ગમન કરે છે, જેમની સંસારની સ્થિતિ ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વમાં [3] આઠ વર્ષ ઓછાની

---

૧. અહીં મન, વચન, કાયાના સાત યોગ થાય છે, તેથી આ ગુણસ્થાનનું નામ સયોગકેવળી છે. ૨. પંચાસી પ્રકૃતિઓના નામ પહેલા અધિકારમાં કહી આવ્યા છીએ. ૩. મોક્ષગામી જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચોથા કાળની અપેક્ષાએ એક કરોડ પૂર્વનું છે અને આઠ વર્ષની ઉંમર સુધી કેવળજ્ઞાન થતું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે, તે સર્વજ્ઞદેવ અઢાર દોષરહિત છે. પં. બનારસીદાસજી કહે છે કે તેમને મારા ત્રિકાળ વંદન છે. ૧૦૭.

**કેવળી ભગવાનને અઢાર દોષ હોતા નથી ( કુંડળિયા )**

दूषन अट्ठारह रहित, सो केवलि संजोग।
जनम मरन जाकै नही, नहिं निद्रा भय रोग।।
नहिं निद्रा भय रोग, सोग विस्मय न मोह मति।
जरा खेद परस्वेद, नांहि मद बैर विषै रति।।
चिंता नांहि सनेह, नांहि जहँ प्यास न भूखन।।
थिर समाधि सुख सहित, रहित अट्ठारह दूषन।। १०८।।

**શબ્દાર્થઃ-** સોગ = શોક. વિસ્મય =આશ્ચર્ય. જરા = વૃદ્ધાવસ્થા. પરસ્વેદ ( પ્રસ્વેદ ) =પરસેવો. સનેહ =રાગ.

**અર્થઃ-** જન્મ, મૃત્યુ, નિદ્રા, ભય, રોગ, શોક, આશ્ચર્ય, મોહ, વૃદ્ધાવસ્થા, ખેદ, પરસેવો, ગર્વ, દ્વેષ, રતિ, ચિંતા, રાગ, તરસ, ભૂખ- આ અઢાર દોષ સયોગકેવળી જિનરાજને હોતા નથી અને નિર્વિકલ્પ આનંદમાં સદા લીન રહે છે ૧૦૮.

**કેવળજ્ઞાની પ્રભુના પરમૌદારિક શરીરના અતિશય ( કુંડળિયા )**

वानी जहां निरच्छरी, सप्त धातु मल नांहि।
केस रोम नख नहिं बढ़ैं, परम उदारिक मांहि।।
परम उदारिक मांहि, जांहि इंद्रिय विकार नसि।
यथाख्यातचारित प्रधान, थिर सुकल ध्यान ससि।।
लोकालोक प्रकास-करन केवल रजधानी।
सो तेरम गुनथान, जहां अतिशयमय वानी।। १०९।।

**શબ્દાર્થઃ-** નિરચ્છરી = અક્ષર રહિત. કેસ ( કેશ ) = વાળ. ઉદારિક ( ઔદારિક ) = સ્થૂળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સસિ ( શશિ )= ચંદ્રમા.

**અર્થઃ-** તેરમા ગુણસ્થાનમાં ભગવાનની અતિશયવાળી નિરક્ષરી દિવ્યધ્વનિ ખરે છે. તેમનું પરમૌદારિક શરીર સાત ધાતુઓ અને મળ-મૂત્રરહિત હોય છે. કેશ, રોમ અને નખ વધતા નથી, ઈન્દ્રિયોના વિષયો નષ્ટ થઈ જાય છે, પવિત્ર યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે, સ્થિર શુકલધ્યાનરૂપ ચંદ્રમાનો ઉદય થાય છે. લોકાલોકના પ્રકાશક કેવળજ્ઞાન ઉપર તેમનું સામ્રાજ્ય રહે છે. ૧૦૯.

**ચૌદમા ગુણસ્થાનના વર્ણનની પ્રતિજ્ઞા ( દોહરા )**

यह सयोगगुनथानकी, रचना कही अनूप।
अब अयोगकेवल दसा कहूं जथारथ रूप।। ११०।।

**અર્થઃ-** આ સયોગી ગુણસ્થાનનું વર્ણન કર્યું, હવે અયોગકેવળી ગુણસ્થાનનું વાસ્તવિક વર્ણન કરું છું. ૧૧૦.

**ચૌદમા ગુણસ્થાનનું સ્વરૂપ ( સવૈયા એકત્રીસા )**

जहां काहू जीवकौं असाता उदै साता नाहिं,
काहूकौं असाता नाहिं, साता उदै पाइयै।
मन वच कायसौं अतीत भयौ जहां जीव,
जाकौ जसगीत जगजीतरूप गाइयै।।
जामैं कर्म प्रकृतिकी सत्ता जोगी जिनकीनी,
अंतकाल द्वै समैमैं सकल खिपाइयै।
जाकी थिति पंच लघु अच्छर प्रमान सोई,
चौदहौं अजोगी गुनठाना ठहराइयै।। १११।।

**શબ્દાર્થઃ-** અતીત = રહિત. ખિપાઈયૈ= ક્ષય કરે છે. લઘુ=હ્રસ્વ.

**અર્થઃ-** જ્યાં કોઈ જીવને [1]અશાતાનો ઉદય રહે છે શાતાનો નથી રહેતો અને

---

૧. કેવળજ્ઞાની ભગવાનને અશાતાનો ઉદય વાંચીને વિસ્મિત ન થવું જોઈએ. ત્યાં અશાતા કર્મ ઉદયમાં શાતારૂપ પરિણમે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ જીવને શાતાનો ઉદય રહે છે અશાતાનો નથી રહેતો. જ્યાં જીવને મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિ સર્વથા શૂન્ય થઈ જાય છે, જેમના જગતજયી હોવાના ગીત ગાવામાં આવે છે, જેમને સયોગી જિન સમાન અઘાતિયા કર્મ-પ્રકૃતિઓની સત્તા રહે છે તેમનો અંતના બે સમયમાં સર્વથા ક્ષય[૧] કરે છે, જે ગુણસ્થાનનો કાળ હ્રસ્વ પાંચ અક્ષર જેટલો છે, તે અયોગીજિન ચૌદમું ગુણસ્થાન છે. ૧૧૧.

એ પ્રમાણે ચૌદ ગુણસ્થાન અધિકારનું વર્ણન સમાપ્ત થયું.

**બંધનું મૂળ આસ્રવ અને મોક્ષનું મૂળ સંવર છે ( દોહરા )**

चौदह गुनथानक दसा, जगवासी जिय मूल।
आस्रव संवर भाव द्वै, बंध मोखके मूल।। ११२।।

**અર્થઃ-** ગુણસ્થાનોની આ ચૌદ અવસ્થાઓ સંસારી અશુદ્ધ જીવોની છે, આસ્રવ અને સંવરભાવ બંધ અને મોક્ષના મૂળ છે અર્થાત્ આસ્રવ બંધનું મૂળ છે અને સંવર મોક્ષનું મૂળ છે.૧૧૨.

**સંવરને નમસ્કાર ( ચોપાઈ )**

आस्रव संवर परनति जौलौं।
जगतनिवासी चेतन तौलौं।।
आस्रव संवर विधि विवहारा।
दोऊ भव-पथ सिव-पथ धारा।। ११३।।
आस्रवरूप बंध उतपाता।
संवर ग्यान मोख-पद-दाता।।
जा संवरसौं आस्रव छीजै।
ताकौं नमस्कार अब कीजै।। ११४।।

**અર્થઃ-** જ્યાંસુધી આસ્રવ અને સંવરના પરિણામ છે, ત્યાં સુધી જીવનો સંસારમાં નિવાસ છે. તે બન્નેમાં આસ્રવ-વિધિનો વ્યવહાર સંસાર માર્ગની પરિણતિ

૧. પુનિ ચૌદહેં ચૌથે સુકલબલ બહત્તર તેરહ હતી. ( જિનેન્દ્ર-પંચકલ્યાણક )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે અને સંવર-વિધિનો વ્યવહાર મોક્ષમાર્ગની પરિણતિ છે. ૧૧૩. આસ્રવ બંધનો ઉત્પાદક છે અને સંવર જ્ઞાનનું રૂપ છે, મોક્ષ પદને આપનાર છે. જે સંવરથી આસ્રવનો અભાવ થાય છે તેને નમસ્કાર કરું છું ૧૧૪.

**ગ્રંથના અંતમાં સંવરસ્વરૂપ જ્ઞાનને નમસ્કાર**

जगतके प्रानी जीति ह्वै रह्यौ गुमानी ऐसौ,
आस्रव असुर दुखदानी महाभीम है।
ताकौ परताप खंडिवैकौं प्रगट भयौ,
धर्मकौं धरैया कर्म-रोगकौ हकीम है।।
जाकै परभाव आगै भागैं परभाव सब,
नागर नवल सुखसागरकी सीम है।
संवरकौ रूप धरै साधै सिवराह ऐसौ,
ग्यान पातसाह ताकौं मेरी तसलीम है।। ११५।।

**શબ્દાર્થ**:- ગુમાની = અભિમાની. અસુર= રાક્ષસ. મહાભીમ = અત્યંત ભયાનક. પરતાપ (પ્રતાપ) = તેજ. ખંડિવૈકૌ = નષ્ટ કરવા માટે. હકીમ = વૈદ્ય. પરભાવ (પ્રભાવ) = પરાક્રમ. પરભાવ = પુદ્ગલજનિત વિકાર. નાગર = ચતુર. નવલ = નવીન. સીમ = મર્યાદા. પાતશાહ= બાદશાહ. તસલીમ = વંદન.

**અર્થ**:- આસ્રવરૂપ રાક્ષસ જગતના જીવોને પોતાને વશ કરીને અભિમાની થઈ રહ્યો છે, જે અત્યંત દુઃખદાયક અને મહા ભયંકર છે, તેનો વૈભવ નષ્ટ કરવાને જે ઉત્પન્ન થયો છે, જે ધર્મનો ધારક છે, કર્મરૂપ રોગ માટે જે વૈદસમાન છે, જેના પ્રભાવ આગળ પરદ્રવ્યજનિત રાગ-દ્વેષ આદિ વિભાવ દૂર ભાગે છે, જે અત્યંત પ્રવીણ અને અનાદિકાળથી પ્રાપ્ત કર્યું નહોતું તેથી નવીન છે, જે સુખના સમુદ્રની સીમાને પ્રાપ્ત થયું છે, જેણે સંવરનું રૂપ ધારણ કર્યું છે, જે મોક્ષમાર્ગનો સાધક છે, એવા જ્ઞાનરૂપ બાદશાહને મારા પ્રણામ છે. ૧૧૫.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# તેરમા અધિકારનો સાર

જેવી રીતે સફેદ વસ્ત્ર ઉપર જુદા જુદા રંગોનું નિમિત્ત મળવાથી તે અનેકાકાર થાય છે, તેવી જ રીતે શુદ્ધબુદ્ધ આત્મા સાથે અનાદિકાળથી મોહ અને યોગનો સંબંધ હોવાથી તેની સંસારી દશામાં, અનેક અવસ્થાઓ થાય છે, તેમનું જ નામ ગુણસ્થાન છે. જોકે તે અનેક છે પણ શિષ્યોને સંબોધવા માટે શ્રીગુરુએ ૧૪ બતાવ્યા છે. આ ગુણસ્થાન જીવના સ્વભાવ નથી, પણ અજીવમાં હોતા નથી, જીવમાં જ હોય છે તેથી જીવના વિભાવ છે અથવા એમ કહેવું જોઈએ કે વ્યવહારનયથી ગુણસ્થાનોની અપેક્ષાએ સંસારી જીવોના ચૌદ ભેદ છે.

પહેલા ગુણસ્થાનમાં મિથ્યાત્વ, બીજામાં અનંતાનુબંધી, ત્રીજામાં મિશ્રમોહનીયનો ઉદય મુખ્યપણે રહે છે અને ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વ, અનંતાનુબંધી અને મિશ્રમોહનીયનો, પાંચમામાં અપ્રત્યાખ્યાનાવરણીયનો, છઠ્ઠામાં પ્રત્યાખ્યાનાવરણીયનો અનુદય રહે છે. સાતમા, આઠમા અને નવમામાં સંજ્વલનનો ક્રમપૂર્વક મંદ, મંદતર અને મંદતમ ઉદય રહે છે. દસમામાં સંજ્વલન સૂક્ષ્મલોભ માત્રનો ઉદય અને અન્ય સર્વમોહનો ક્ષય છે. અગિયારમામાં સર્વમોહનો ઉપશમ અને બારમામાં સર્વ મોહનો ક્ષય છે. અહીં સુધી છદ્મસ્થ અવસ્થા છે, કેવળજ્ઞાનનો વિકાસ નથી. તેરમામાં પૂર્ણજ્ઞાન છે પરંતુ યોગો દ્વારા આત્મપ્રદેશ સકંપ હોય છે, અને ચૌદમા ગુણસ્થાનમાં કેવળજ્ઞાની પ્રભુના આત્મપ્રદેશ પણ સ્થિર થઈ જાય છે. બધા ગુણસ્થાનોમાં જીવ સદેહ[૧] રહે છે, સિદ્ધ ભગવાન ગુણસ્થાનોની કલ્પનાથી રહિત છે, તેથી ગુણસ્થાન જીવનું નિજ-સ્વરૂપ નથી, પર છે, પરજનિત છે, -એમ જાણીને ગુણસ્થાનોના વિકલ્પોથી રહિત શુદ્ધ બુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ.

---

૧. વિગ્રહગતિમાં કાર્માણ અને તૈજસ શરીરનો સંબંધ રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ

(ચોપાઈ)

भयौ ग्रंथ संपूरन भाखा।
वरनी गुनथानककी साखा।।
वरनन और कहांलौं कहियै।
जथा सकति कहि चुप ह्वै रहियै।। १।।

**અર્થઃ-** ભાષાનો સમયસાર ગ્રંથ સમાપ્ત થયો અને ગુણસ્થાન અધિકારનું વર્ણન કર્યું. એનું વિશેષ કેટલું વર્ણન કરીએ? શક્તિ અનુસાર કહીને ચુપ થઈ જવું ઉચિત છે. ૧.

(ચોપાઈ)

लहिये ओर न ग्रंथ उदधिका।
ज्यौं ज्यौं कहियै त्यौं त्यौं अधिका।।
तातैं नाटक अगम अपारा।
अलप कवीसुरकी मतिधारा।। २।।

**અર્થઃ-** ગ્રંથરૂપ સમુદ્રનો પાર પામી શકાતો નથી, જેમ જેમ કથન કરતા જઈએ તેમ તેમ વધતો જ જાય છે, કારણ કે નાટક અપરંપાર છે અને કવિની બુદ્ધિ તુચ્છ છે. ૨.

**વિશેષઃ-** અહીં ગ્રંથને સમુદ્રની ઉપમા આપી છે અને કવિની બુદ્ધિને નાની નદીની ઉપમા છે.

(દોહરા)

समयसार नाटक अकथ, कविकी मति लघु होइ।
तातैं कहत बनारसी, पूरन कथै न कोइ।। ३।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** સમયસાર નાટકનું વર્ણન મહાન છે અને કવિની બુદ્ધિ થોડી છે, તેથી પંડિત બનારસીદાસજી કહે છે કે તેને કોઈ પૂરેપૂરું કહી શકતા નથી. ૩.

**ગ્રંથ-મહિમા ( સવૈયા એકત્રીસા )**

जैसैं कोऊ एकाकी सुभट पराक्रम करि,
जीतै किहि भांति चक्रि कटकसौं लरनौ।
जैसैं कोऊ परवीन तारू भुजभारू नर,
तरै कैसै स्वयंभूरमन सिंधु तरनौ।।
जैसैं कोऊ उद्दमी उछाह मनमांहि धरै,
करै कैसै कारज विधाता कैसौ करनौ।
तैसैं तुच्छ मति मोरी तामैं कविकला थोरी,
नाटक अपार मैं कहांलौं याहि वरनौ।। ४।।

**અર્થઃ-** જો કોઈ એકલો યોદ્ધો પોતાના બાહુબળથી ચક્રવર્તીની સેના સાથે લડે તો તે કેવી રીતે જીતી શકે? અથવા કોઈ જળતારિણી વિદ્યામાં કુશળ મનુષ્ય સ્વયંભૂરમણ સમુદ્ર તરવા ઈચ્છે, તો કેવી રીતે પાર પામી શકે? અથવા કોઈ ઉદ્યમી મનુષ્ય મનમાં ઉત્સાહિત થઈને વિધાતા[1] જેવું કામ કરવા ઈચ્છે, તો કેવી રીતે કરી શકે? તેવી જ રીતે મારી બુદ્ધિ અલ્પ છે અથવા કાવ્ય-કૌશલ્ય ઓછું છે અને નાટક મહાન છે, એનું હું ક્યાં સુધી વર્ણન કરું? ૪.

**જીવ-નટનો મહિમા ( સવૈયા એકત્રીસા )**

जैसे वट वृच्छ एक, तामैं फल हैं अनेक,
फल फल बहु बीज, बीज बीज वट है।
वटमांही फल, फल मांही बीज तामैं वट,
कीजै जो विचार, तौ अनंतता अघट है।।

---

૧. અહીં દષ્ટાંત માત્ર ગ્રહણ કર્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तैसै एक सत्तामैं, अनंत गुन परजाय,
पर्जैमैं अनंत नृत्य तामैंऽनंत ठट है।
ठटमैं अनंतकला, कलामैं अनंतरूप,
रूपमैं अनंत सत्ता, ऐसौ जीव नट है।। ५।।

**અર્થ**:- જેવી રીતે એક વડના ઝાડ પર અનેક ફળ હોય છે, પ્રત્યેક ફળમાં ઘણા બીજ અને પ્રત્યેક બીજમાં પાછું વડના ઝાડનું અસ્તિત્વ રહે છે અને બુદ્ધિથી વિચારવામાં આવે તો પાછું તે વડવૃક્ષમાં ઘણા ફળ અને પ્રત્યેક ફળમાં અનેક બીજ અને પ્રત્યેક બીજમાં વડવૃક્ષની સત્તા પ્રતીત થાય છે. આ રીતે વડવૃક્ષના અનંતપણાનો છેડો-પત્તો મળતો નથી. તેવી જ રીતે જીવરૂપી નટની એક સત્તામાં અનંત ગુણ છે, પ્રત્યેક ગુણમાં અનંત પર્યાયો છે, પ્રત્યેક પર્યાયમાં અનંત નૃત્ય છે, પ્રત્યેક નૃત્યમાં અનંત ખેલ છે, પ્રત્યેક ખેલમાં અનંત કળા છે અને પ્રત્યેક કળાની અનંત આકૃતિઓ છે, -આ રીતે જીવ ઘણું જ વિલક્ષણ નાટક કરનાર છે. ૫.

(દોહરા)

ब्रह्मग्यान आकासमैं, उड़ै सुमति खग होइ।
यथा सकति उद्दिम करै, पार न पावै कोइ।। ६।।

**અર્થ**:- બ્રહ્મજ્ઞાનરૂપી આકાશમાં જો શ્રુતજ્ઞાનરૂપી પક્ષી શક્તિ અનુસાર ઊડવાનો પ્રયત્ન કરે, તો કદી અંત પામી શકતો નથી. ૬.

(ચોપાઈ)

ब्रह्मग्यान-नभ अंत न पावै।
सुमति परोछ कहांलौं धावै।।
जिहि विधि समयसार जिनि कीनौं।
तिनके नाम कहौं अब तीनौं।। ७।।

**અર્થ**:- બ્રહ્મજ્ઞાનરૂપ આકાશ અનંત છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે, કયાં સુધી દોડ લગાવે? હવે જેમણે સમયસારની જેવી રચના કરી છે તે ત્રણેના નામ કહું છું. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### ત્રણ કવિઓના નામ (સવૈયા એકત્રીસા)

कुंदकुंदाचारिज प्रथम गाथाबद्ध कंरि,
समैसार नाटक विचारि नाम दयौ है।
ताहीकी परंपरा अमृतचंद्र भये तिन,
संसकृत कलस सम्हारि सुख लयौ है।।
प्रगट्यौ बनारसी गृहस्थ सिरीमाल अब,
किये हैं कवित्त हियै बोधिबीज बयौ है।
सबद अनादि तामैं अरथ अनादि जीव,
नाटक अनादि यौं अनादि ही कौ भयौ है।। ८।।

**અર્થઃ-** આને પહેલાં સ્વામી કુંદકુંદાચાર્યે પ્રાકૃત ગાથા છંદમાં રચ્યું, અને સમયસાર નામ રાખ્યું. તેમની જ રચના પર તેમની જ આમ્નાયના સ્વામી અને અમૃતચંદ્રસૂરિ સંસ્કૃતભાષાના કળશ રચીને પ્રસન્ન થયા. પછી શ્રીમાળ જાતિમાં પંડિત બનારસીદાસજી શ્રાવકધર્મના પ્રતિપાલક થયા, તેમણે કવિત્તાઓની રચના કરીને હૃદયમાં જ્ઞાનનું બીજ વાવ્યું આમ તો શબ્દ અનાદિ છે તેનો પદાર્થ અનાદિ છે, જીવ અનાદિ છે, નાટક અનાદિ છે, તેથી નાટક સમયસાર અનાદિકાળથી જ છે. ૮.

### સુકવિનું લક્ષણ (ચોપાઈ)

अब कछु कहौं जथारथ वानी।
सुकवि कुकविकी कथा कहानी।।
प्रथमहिं सुकवि कहावै सोई।
परमारथ रस वरनै जोई।। ९।।

कलपित बात हियै नहिं आनै।
गुरुपरंपरा रीति बखानै।।
सत्यारथ सैलि नहिं छंडै।
मृषावादसौं प्रीति न मंडै।। १०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થઃ-** હવે સુકવિ અને કુકવિની થોડીક વાસ્તવિક ચર્ચા કરું છું. તેમાં સુકવિની પ્રથમ શ્રેણી છે. તેઓ પારમાર્થિક રસનું વર્ણન કરે છે, મનમાં કપોળકલ્પના કરતા નથી અને ઋષિ-પરંપરા અનુસાર કથન કરે છે. સત્યાર્થ-માર્ગને છોડતા નથી અને અસત્ય કથનમાં પ્રેમ જોડતા નથી. ૯-૧૦.

**( દોહરા )**

**छंद सबद अच्छर अरथ, कहै सिद्धांत प्रवांन।**
**जो इहि विधि रचना रचै, सो है सुकवि सुजान।। ११।।**

**અર્થઃ-** જે છંદ, શબ્દ, અક્ષર, અર્થની રચના સિદ્ધાંત અનુસાર કરે છે તે જ્ઞાની સુકવિ છે. ૧૧.

**કુકવિનું લક્ષણ ( ચોપાઈ )**

**अब सुनु कुकवि कहैं है जेसा।**
**अपराधी हिय अंध अनेसा।।**
**मृषाभाव रस वरनै हितसौं।**
**नई उकति उपजावैं चितसौं।। १२।।**
**ख्याति लाभ पूजा मन आनै।**
**परमारथ-पथ भेद न जानै।।**
**वानी जीव एक करि बूझै।**
**जाकौ चित जड ग्रंथ न सूझै।। १३।।**

**અર્થઃ-** હવે કુકવિ કેવા હોય છે તે કહું છું, તે સાંભળો. તે પાપી હૃદયનો, અંધ અને હઠાગ્રહી હોય છે; તેના મનમાં જે નવી કલ્પનાઓ ઊપજે છે તેનું અને સાંસારિક રસનું વર્ણન ખૂબ પ્રેમથી કરે છે, તે મોક્ષમાર્ગનો મર્મ જાણતો નથી અને મનમાં ખ્યાતિ, લાભ, પૂજા આદિની ઈચ્છા રાખે છે. છે. તે વચનને આત્મા જાણે છે, હૃદયનો મૂર્ખ હોય છે, તેને શાસ્ત્રજ્ઞાન નથી.૧૨-૧૩.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ચોપાઈ)

वानी लीन भयौ जग डोलै।
वानी ममता त्यागि न बोलै।।
है अनादि वानी जगमांही।
कुकवि बात यह समझै नांहि।। १४।।

**અર્થઃ-** તે વચનમાં લીન થઈને સંસારમાં ભટકે છે, વચનની મમતા છોડીને કથન કરતા નથી. સંસારમાં વચન અનાદિકાળના છે એ તત્ત્વ કુકવિઓ સમજતા નથી. ૧૪.

વાણીની વ્યાખ્યા(સવૈયા એકત્રીસા)

जैसै काहू देसमैं सलिल-धारा कारंजकी,
नदीसौ निकसि फिर नदीमैं समानी है।
नगरमैं ठौर ठौर फैलि रही चहुं और,
जाकै ढिग बहै सोइ कहै मेरौ पानी है।
त्यौंही घट सदन सदनमैं अनादि ब्रह्म
वदन वदनमैं अनादिहीकी वानी है।
करम कलोलसौं उसासकी बयारि बाजै,
तासौं कहै मेरी धुनि ऐसौ मूढ़ प्रानी है।। १५।।

**અર્થઃ-** જેવી રીતે કોઈ સ્થાનમાં પાણીની ધારા શાખારૂપ થઈને નદીમાંથી નીકળે છે અને પાછી તે જ નદીમાં મળી જાય છે, તે શાખા શહેરમાં જ્યાં-ત્યાં થઈને વહી નીકળે છે, તે જેના મકાન પાસે થઈને વહે છે તે જ કહે છે કે આ પાણી મારું છે, તેવી જ રીતે હૃદયરૂપ ઘર છે અને ઘરમાં અનાદિ બ્રહ્મ છે અને પ્રત્યેકના મુખમાં અનાદિકાળનું વચન છે, કર્મની લહેરોથી ઉચ્છ્‌વાસરૂપ હવા વહે છે તેથી મૂર્ખ જીવ તેને પોતાની ધ્વનિ કહે છે. ૧૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(દોહરા)

ऐसे मूढ़ कुकवि कुधी, गहै मृषा मग दौर।
रहै मगन अभिमानमैं, कहैं औरकी और।। १६।।
वस्तुसरूप लखै नहीं, बाहिज द्रिष्टि प्रवांन।
मृषा विलास विलोकिकैं, करै मृषा गुन गान।। १७।।

**અર્થ**:- આ રીતે મિથ્યાદષ્ટિ કુકવિઓ ઉન્માર્ગ પર ચાલે છે અને અભિમાનમાં મસ્ત થઈને અન્યથા કથન કરે છે. તેઓ પદાર્થનું અસલી સ્વરૂપ જોતા નથી, બાહ્યદષ્ટિથી અસત્ય પરિણતિ જોઈને જૂઠું વર્ણન કરે છે. ૧૬-૧૭.

**જૂઠું ગુણગાન કથન (સવૈયા એકત્રીસા)**

मांसकी गरंथि कुच कंचन-कलस कहैं,
कहैं मुख चंद जो सलेषमाको घरु है।
हाड़के दसन आहि हीरा मोती कहैं ताहि,
मांसके अधर ओंठ कहैं बिंबफरु है।।
हाड़ दंड भुजा कहैं कौंलनाल कामधुजा,
हाड़हीकै थंभा जंघा कहैं रंभातरु है।
योंही झूठी जुगति बनावैं औ कहावैं कवि,
येतेपर कहैं हमैं सारदाको वरु है।। १८।।

**શબ્દાર્થ**:- ગરંથિ = ગાંઠ. કુચ = સ્તન. સલેષમા (શ્લેષ્મા) = કફ. દસન = દાંત. આહિ = છે. બિંબફરુ (બિંબાફલ) = લાલ રંગનું બિમ્બ નામનું ફળ. કૌંલનાલ (કમલનાલ) = કમળની દાંડી. રંભાતરુ = કેળનું ઝાડ.

**અર્થ**:- કુકવિ માંસના પિંડરૂપ સ્તનોને સુવર્ણઘટ કહે છે, કફ ખાંસી વગેરેના ઘરરૂપ મુખને ચંદ્રમા કહે છે, હાડકાના દાંતને હીરા-મોતી કહે છે, માંસના હોઠને બિમ્બફળ કહે છે, હાડકાના દંડરૂપ હાથને કમળની દાંડલી અથવા કામદેવની પતાકા કહે છે, હાડકાના થાંભલારૂપ જાંઘને કેળનું વૃક્ષ કહે છે. તેઓ આ રીતે જૂઠી જૂઠી યુક્તિઓ રચે છે અને કવિ કહેવાય છે, અને છતાં પણ કહે છે કે અમને સરસ્વતીનું વરદાન છે. ૧૮.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ચોપાઈ)

मिथ्यावंत कुकवि जे प्रानी।
मिथ्या तिनकी भाषित वानी।।
मिथ्यामती सुकवि जो होई।
वचन प्रवांन करै सब कोई।। १९।।

**અર્થઃ-** જે પ્રાણી મિથ્યાદષ્ટિ અને કુકવિ હોય છે તેમનું કહેલું વચન અસત્ય હોય છે, પરંતુ જે સમ્યગ્દર્શનને પામ્યા તો ન હોય પણ શાસ્ત્રોક્ત કવિતા કરે છે, તેમનું વચન શ્રદ્ધાન કરવા યોગ્ય હોય છે. ૧૯.

(દોહરા)

वचन प्रवांन करै सुकवि, पुरुष हिए परवांन।
दोऊ अंग प्रवांन जो, सो है सहज सुजान।। २०।।

**અર્થઃ-** જેમની વાણી શાસ્ત્રોક્ત હોય છે અને હૃદયમાં તત્ત્વશ્રદ્ધાન હોય છે, તેમના મન અને વચન બન્ને પ્રામાણિક છે અને તેઓ જ સુકવિ છે. ૨૦.

**સમયસાર નાટકની વ્યવસ્થા (ચોપાઈ)**

अब यह बात कहूं है जैसे।
नाटक भाषा भयौ सु ऐसै।।
कुंदकुंदमुनि मूल उधरता।
अमृतचंद्र टीकाके करता।। २१।।

**અર્થઃ-** હવે એ વાત કહું છું કે નાટક સમયસારની કાવ્ય-રચના કેવી રીતે થઈ છે. આ ગ્રંથના મૂળકર્તા કુંદકુંદસ્વામી અને ટીકાકાર અમૃતચંદ્રસૂરિ છે. ૨૧.

समैसार नाटक सुखदानी।
टीका सहित संस्कृत वानी।।
पंडित पढ़ै दिढ़मति बूझै।
अलपमतीकौं अरथ न सूजै।। २२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** સમયસાર નાટકની સુખદાયક સંસ્કૃત ટીકા પંડિતો વાંચે છે અને વિશેષ જ્ઞાનીઓ સમજે છે, પરંતુ અલ્પબુદ્ધિ જીવોની સમજમાં આવી શકતી નહોતી. ૨૨.

पांडे राजमल्ल जिनधर्मी।
समैसार नाटकके मर्मी।।
तिन गिरंथकी टीका कीनी।
बालबोध सुगम कर दीनी।। २३।।
इहि विधि बोध-वचनिका फैली।
समै पाय अध्यातम सैली।।
प्रगटी जगमांही जिनवानी।
घर घर नाटक कथा बखानी।। २४।।

**અર્થઃ-** નાટક સમયસારના જ્ઞાતા, જૈનધર્મી પાંડે રાજમલજીએ આ ગ્રંથની બાલબોધ સહજ ટીકા કરી. આ રીતે સમય જતાં આ આધ્યાત્મિક વિદ્યાની ભાષા વચનિકા વિસ્તૃત થઈ, જગતમાં જિનવાણીનો પ્રચાર થયો અને ઘેર ઘેર નાટકની ચર્ચા થવા લાગી. ૨૩-૨૪.

**( ચોપાઈ )**

नगर आगरे मांहि विख्याता।
कारन पाइ भए बहु ग्याता।।
पंच पुरुष अति निपुन प्रवीने।
निसिदिन ग्यान, कथा रस-भीने।। २५।।

**અર્થઃ-** પ્રસિદ્ધ શહેર આગ્રામાં [1]નિમિત્ત મળતાં એના અનેક જાણકાર થયા, તેમાં પાંચ મનુષ્ય અત્યંત કુશળ થયા, જે દિનરાત જ્ઞાનચર્ચામાં તલ્લીન રહેતા હતા. ૨૫.

---

૧. સત્સંગ, ગુરુગમ વગેરેનું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(દોહરા)

रूपचंद पंडित प्रथम, दुतिय चतुर्भुज नाम।
तृतिय भगोतीदास नर, कौंरपाल गुन धाम।। २६।।
धर्मदास ये पंचजन, मिलि बैठैं इक ठौर।
परमारथ-चरचा करैं, इनके कथा न और।। २७।।

**અર્થઃ-** પહેલા પંડિત રૂપચંદજી, બીજા પંડિત ચતુર્ભુજજી, ત્રીજા પંડિત ભગવતીદાસજી, ચોથા પંડિત કુંવરપાલજી અને પાંચમા પંડિત ધર્મદાસજી. -આ પાંચેય સજ્જનો મળીને એક સ્થાનમાં બેસતા અને મોક્ષમાર્ગની ચર્ચા કરતા, બીજી વાતો કરતા નહિ. ૨૬-૨૭.

कबहूं नाटक रस सुनैं, कबहूं और सिद्धंत।
कबहूं बिंग बनाइकै, कहैं बोध विरतंत।। २८।।

**અર્થઃ-** એ કોઈ વાર નાટકનું રહસ્ય સાંભળતા, કોઈ વાર બીજા શાસ્ત્રો સાંભળતા અને કોઈવાર તર્ક ઉઠાવીને જ્ઞાનચર્ચા કરતા. ૨૮.

चित कौरा करि धरमधर, सुमति भगोतीदास।
चतुरभाव थिरता भये, रूपचंद परगास।। २९।।

**અર્થઃ-** કુંવરપાલજીનું ચિત્ત કયારા સમાન અર્થાત્ કોમળ હતું, ધર્મદાસજી ધર્મના ધારક હતા, ભગવતીદાસજી સુમતિવાન હતા, ચતુર્ભુજજીના ભાવ સ્થિર હતા અને રૂપચંદજીનો પ્રકાશ ચંદ્ર સમાન હતો. ૨૯.

(ચોપાઈ)

जहां तहां जिनवानी फैली।
लखै न सो जाकी मति मैली।।
जाकै सहज बोध उतपाता।
सो ततकाल लखै यह बाता।। ३०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ-** જ્યાં-ત્યાં ( બધે ) જિનવાણીનો પ્રચાર થયો, પણ જેમની બુદ્ધિ મલિન છે તે સમજી શકયા નહિ. જેના ચિત્તમાં સ્વાભાવિક જ્ઞાન ઉત્પન્ન થયું છે તે આનું રહસ્ય તરત સમજી જાય છે. ૩૦.

( દોહરા )

घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन।
मति-मदिराके पानसौं, [1]मतवाला समुझै न।। ३१।।

**અર્થઃ-** પ્રત્યેક હૃદયમાં જિનરાજ અને જૈનધર્મનો નિવાસ છે, પરંતુ ધર્મના પક્ષરૂપી દારૂ પીવાને લીધે મતવાલા લોકો સમજતા નથી. ૩૧.

( ચોપાઈ )

बहुत बढ़ाई कहांलौं कीजै।
कारिजरूप बात कहि लीजै।।
नगर आगरे मांहि विख्याता।
बानारसी नाम लघु ग्याता।। ३२।।
तामैं कवितकला चतुराई।
कृपा करैं ये पांचौं भाई।।
पंच प्रपंच रहित हिय खोलै।
ते बनारसीसौं हँसि बोलै।। ३३।।

**અર્થઃ-** અધિક મહિમા કયાં સુધી કહીએ, મુદ્દાની વાત કહેવી ઉચિત છે. પ્રસિદ્ધ શહેર આગ્રામાં બનારસી નામના અલ્પજ્ઞાની થયા. તેમનામાં કાવ્ય-કૌશલ હતું અને ઉપર જણાવેલા પાંચે ભાઈઓ તેમના ઉપર કૃપા રાખતા હતા, તેમણે નિષ્કપટ થઈને સરળ ચિત્તથી હસીને કહ્યું.૩૨-૩૩.

---

૧. અહીં મતવાળા શબ્દના બે અર્થ છે - (૧) મતવાળા = નશામાં, (૨) મતવાળા= જેમને ધર્મનો પક્ષપાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

नाटक समैसार हित जीका।
सुगमरूप राजमली टीका।।
कवितबद्ध रचना जो होई।
भाषा ग्रंथ पढ़ै सब कोई।। ३४।।

**અર્થ:-** જીવનું કલ્યાણ કરનાર નાટક સમયસાર છે. તેની રાજમલજી રચિત સરળ ટીકા છે. ભાષામાં જો છંદબદ્ધ રચના કરવામાં આવે તો આ ગ્રંથ બધા વાંચી શકે. ૩૪.

तब बनारसी मनमहिं आनी।
कीजै तो प्रगटै जिनवानी।।
पंच पुरुषकी आज्ञा लीनी।
कवितबद्धकी रचना कीनी।। ३५।।

**અર્થ:-** ત્યારે બનારસીદાસજીએ મનમાં વિચાર્યું કે જો આની કવિતામાં રચના કરું, તો જિનવાણીનો ખૂબ પ્રચાર થશે. તેમણે તે પાંચેય સજ્જનોની આજ્ઞા લીધી અને કવિત્તબદ્ધ રચના કરી. ૩૫.

सोरहसौ तिरानवै बीतै।
आसौ मास सित पच्छ बितीतै।।
तिथि तेरस रविवार प्रवीना।
ता दिन ग्रंथ समापत कीना।। ३६।।

**અર્થ:-** વિક્રમ સંવત્ સોળસો ત્રાણુંના, આસો માસના શુકલપક્ષની તેરસ અને રવિવારના દિવસે આ ગ્રંથ સમાપ્ત કર્યો. ૩૬.

(દોહરા)

सुख-निधान सक बंध नर, साहिब साह किरान।
सहस-साह सिर-मुकुट मनि, साहजहां सुलतान।। ३७।।

**અર્થઃ**- તે વખતે હજારો બાદશાહોમાં મુખ્ય, મહાપ્રતાપી અને સુખદાયક મુસલમાન બાદશાહ શાહજહાન હતો. ૩૭.

जाकै राज सुचैनसौं, कीनौं आगम सार।
ईति भीति व्यापी नहीं, यह उनकौ उपगार।। ३८।।

**અર્થઃ**- તેમના રાજ્યમાં આનંદપૂર્વક આ ગ્રંથની રચના કરી અને કોઈ ભયનો ઉપદ્રવ ન થયો એ એમની કૃપાનું ફળ છે. ૩૮.

ગ્રંથના સર્વ પદ્યોની સંખ્યા (સવૈયા એકત્રીસા)

तीनसै दसोत्तर सोरठा दोहा छंद दोउ,
युगलसै पैंतालीस ईकतीसा आने हैं।
छ्यासी चौपाई, सैंतीस तेईसे सवैए,
बीस छप्पै अठारह कवित्त बखाने हैं।।
सात पुनि ही अडिल्ल, चारि कुंडलिए मिलि,
सकल सातसै सत्ताइस ठीक ठानै हैं।
बत्तीस अच्छरके सिलोक कीने लेखै,
ग्रंथ-संख्या सत्रह सै सात अधिकानै हैं।। ३९।।

**અર્થઃ**- ૩૧૦ સોરઠા અને દોહા, ૨૪૫ એકત્રીસા સવૈયા, ૮૬ ચોપાઈ, ૩૭ તેવીસા સવૈયા, ૨૦ છપ્પા, ૧૮ કવિત્ત (ધનાક્ષરી), ૭ અડિલ્લ, ૪ કુંડલિયા-આવી રીતે આ બધા મળીને ૭૨૭ નાટક સમયસારના પદ્યોની સંખ્યા છે; ૩૨ અક્ષરના શ્લોકના પ્રમાણથી ગ્રંથ સંખ્યા ૧૭૦૭ છે. ૩૯.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समयसार आतम दरव, नाटक भाव अनंत।
सो है आगम नाममैं, परमारथ विरतंत।। ४०।।

**અર્થઃ-** સર્વ દ્રવ્યોમાં આત્મદ્રવ્ય પ્રધાન છે અને નાટકના ભાવ અનંત છે, તેનું આગમમાં સત્યાર્થ કથન છે. ૪૦.

# સમાપ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઈડરના ભંડારની પ્રતિનો અંતિમ અંશ.

ઈહ ગ્રંથકી પરતિ એક ઠૌર દેષી થી, વાકે પાસ બહુત પ્રકાર કરિ માંગી, પૈ વા પરતિ લિખનકૌ નહિં દીની, પાછેં પાંચ ભઈ મિલિ વિચારી ક્યિો, જ્યો ઐસી પરતિ હોવે તો બહુત આછૌ. ઐસો વિચારિકૈ તિન પરતિ જુદી ૨ દેષિકૈં અર્થ વિચારિકૈ અનુક્રમે ૨ સમુચ્ચય લિષી હૈ.

(દોહરા)

समयसार नाटक अकथ, अनुभव-रस -भंडार।
याको रस जो जानहीं, सो पावें भव-पार।।१।।

(ચોપાઈ)

अनुभौ-रसके रसियानै।
तीन प्रकार एकत्र बखानै।।
समयसार कलसा अति नीका।
राजमली सुगम यह टीका।।२।।
ताके अनुक्रम भाषा कीनी।
बनारसी ग्याता रसलीनी।।
ऐसा ग्रंथ अपूरव पाया।
तासैं सबका मनहिं लुभाया।।३।।

(દોહરા)

सोई ग्रंथके लिखनको, किए बहुत परकार।
वाँचनको देवे नहीं, ज्यौं [१]कृपी रतन-भँडार।।४।।

---

૧. કૃપી =કૃપણ, કંજૂસ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मानसिंघ चिंतन क्यिो, क्यौं पावे यह ग्रंथ।
गोविंदसौं इतनी कहीं, सरस सरस यह ग्रंथ।। ५।।

तब गोविंद हरषित भयौ, मन विच धर उल्लास।
कलसा टीका अरु कवित, जे जेते तिहिं पास।। ६।।

( ચોપાઈ )

जो पंडित जन बांचौ सोइ।
अधिकौ उचो चौकस [१]जोइ।।
आगे पीछे अधिकौ ओछौ।
देखि विचार सुगुरुसौं पूछौ।। ७।।

अलप मती है मति मेरी।
मनमें धरहुं चाह घनेरी।।
ज्यौं निज भुजा समुद्रहि तरनौ।
है अनादि ❈ ❈ ❈ ❈

---

१ देखकर।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સમયસાર નાટકના પદ્યોની

વર્ણાનુક્રમણિકા



| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| **अ** | | अमृतचंद्र बोले मृदुवानी | ३१३ |
| अचल अखंडित ग्यानमय | ३०५ | अमृतचंद्र मुनिराजकृत | ३६३ |
| अच्छर अरथमैं मगन रहै सदा | ३६१ | अलख अमूरति अरूपी | २०७ |
| अजथारथ मिथ्या मृषा | २३ | अलप ग्यान लघुता लखै | ३९६ |
| अतीचार एपंच प्रकारा | ३७८ | अविनासी अविकार परमरसधाम हैं | ५ |
| अद्‌भूत ग्रंथ अध्यातम वानी | ३१२ | अशुभमैं हारि शुभजीति यहै | ३४७ |
| अद्य अपूव्व अनवृत्ति त्रिक | ३७४ | अष्ट महामद अष्ट मल | ३७६ |
| अनुभव चिंतामनि रतन, | | असंख्यात लोक परवांन जे | १९३ |
| अनुभव है रसकूप | १३ | अस्तिरूप नासति अनेक एक | ३५४ |
| अनुभव चिंतामनि रतन | | अहंबुद्धि मिथ्यादसा | १८९ |
| जाके हिय परगास | १४६ | **आ** | |
| अनुभौके रसकौं रसायन कहत | १४ | आचारज कहैं जिन वचनकौ | ३०४ |
| अपनैही गुन परजायसौं प्रवाहरूप | ३७ | आठ मूलगुण संग्रहै | ३८६ |
| अपराधी मिथ्यामती | २२८ | आदि अंत पूरन–सुभाव–संयुक्त है | ३४ |
| अब अनिवृत्तिकरन सुनु भाई | ३९९ | आतमकौ अहित अध्यातम | १२१ |
| अब उपशांतमोह गुनथाना | ४०० | आतम सुभाउ परभाउकी | १४८ |
| अब कछु कहौं जथारथ वानी | ४१२ | आपा परिचै निज विषै | ३७५ |
| अब कवि निज पूरब दसा | ३६२ | आस्रवकौ अधिकार यह | १२१ |
| अब निहचै विवहार | ३८२ | आस्रवरूप बंध उतपाता | ४०६ |
| अब पंचम गुनथानकी | ३८५ | आस्रव संवर परनति जौलौं | ४०६ |
| अब बरनौं अष्टम गुनथाना | ३९९ | आसंका अस्थिरता वांछा | ३७६ |
| अब बरनौं इकईस गुन | ३८३ | **इ** | |
| अब बरनौं सप्तम विसरामा | ३९८ | इति श्री नाटक ग्रंथमैं | २४४ |
| अब यह बात कहूँ है जैसे | ४१६ | इहभव–भय परलोक–भय | १६० |
| अब सुनि कुकवि कहौं है जैसा | ४१३ | इह विचारि संछेपसौं | ३६७ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| इह विधि जो परभावविष | ३४९ | एकादस प्रतिमा दसा | ३९० |
| इहि विधि आतम ग्यान हित | ३३२ | एकादस वेदनीकी चारितमोहकी | ३९६ |
| इहि विधि जे जागे पुरुष | १३९ | ए जगवासी यह जगत् | २०२ |
| इहि विधि जे पूरन भये | २४० | एतेपर बहुरौं सुगुरु | १३८ |
| इहि विधि जो विपरीत पख | २७७ | **ऐ** | |
| इहि विधि बोध–वचनिका फैली | ४१७ | ऐते संकट मुनि सहै | ३९५ |
| इहि विधि वस्तु व्यवस्था जानै | २०९ | ऐसी महिमा ग्यानकी | २७८ |
| इहि विधि वस्तु व्यवस्था जैसी | २३३ | ऐसे मूढ़ कुकवि कुधी | ४१४ |
| **उ** | | **ओ** | |
| उत्तम पुरुषकी दसा ज्यौं | १८४ | ओरा घोरबरा निसिभोजन | ३८४ |
| उपजैं विनसै थिर रहै | २२५ | **अं** | |
| उपसम छायककी दसा | ३८१ | अंतर–दृष्टि–लखाऊ | १०१ |
| उपसमी समकिती कै तौ सादि | ३७३ | अंतर्मुहूरत द्वै घरी | ३९१ |
| **ऊ** | | **क** | |
| ऊंचे ऊंचे गढ़के कंगूरे | ४६ | कबहूं नाटक रस सुनैं | ४१८ |
| **ए** | | कबहू सुमति व्है कुमतिकौ | ११ |
| एई छहौं दर्व इनहीकौ है | २२६ | करता करम क्रिया करै | ७२ |
| एक करम करतव्यता | ७२ | करता किरिया करमकौ | ९५ |
| एक कोडि पूरव गनि लीजै | ३९१ | करता दरवित करमकौ | २५३ |
| एक जीव वस्तुके अनेक | २६३ | करता परिनामी दरब | ७१ |
| एक देखिये जानिये | ४० | करता याकौ कौन है | २५३ |
| एक परजाइ एक समैमैं विनसि | २५८ | करनीकी धरनीमैं महामोह राजा | २९० |
| एक परिनामके न करता दरब | ७३ | करनी हित हरनी सदा | २९० |
| एकमैं अनेक है अनेकहीमैं | २६५ | करम अवस्थामें असुद्धसौ | ३५८ |
| एकरूप आतम दरब | ३९ | करम करै फल भोगवै | २७० |
| एकरूप कोऊ कहै | ३१३ | करमके चक्रमेमैं फिरत जगवासी | ११७ |
| एक वस्तु जैसी जु है | २५२ | करमके भारी समुझैं न गुनकौ | २३७ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| करम पिंड अरु रागभाव | ९१ | क्रिया एक करता जुगल | २५३ |
| करम–भरम जग–तिमिर–हरन | २ | कीचसौ कनक जाकै नीचसौ | १८४ |
| करम सुभासुभ दोइ | १०२ | कुगुरु कुदेव कुधर्म धर | ३७७ |
| कर्मजाल–जोग हिंसा | १७६ | कुंजरकौं देखि जैसैं रोस करि | १८७ |
| कर्मजाल–वर्गनाकौं वास | १७५ | कुटिल कुरुप अंग लगी है | २७९ |
| कर्मजाल–वर्गनासौं जगमैं | १७४ | कुंदकुंद नाटक विषै | ३१२ |
| कर्मनिकौ करता है भोगनिकौ | २४४ | कुंदकुंद मुनिराज प्रवीना | ३०६ |
| करुना वच्छल सुजनता | ३७६ | कुंदकुंदाचारिज प्रथम गाथाबद्ध | ४४१ |
| करै और फल भोगवै | २५३ | कुबिजा कारी कूबरी | २७९ |
| करै करम सोई करतारा | ९० | कुमती बाहिज द्रिष्टिसौं | ३०३ |
| कलपित बात हियै नहीं आनै | ४१२ | कुलकौ आचार ताहि मूरख धरम | १८१ |
| कलावंत कोविद कुसल | २२ | कृपा प्रसम संवेग दम | ३४६ |
| कही निरजराकी कथा | १७२ | केई उदास रहैं प्रभु कारन | २०४ |
| कहै अनातमकी कथा | २५९ | केई कहैं जीव क्षनभंगुर | २६१ |
| कहै विचच्छन पुरुष सदामें एकहौं | ५० | केई क्रूर कष्ट सहैं तपसौं सरीर | १४३ |
| कहै विचच्छन मैं रह्यौ | २९३ | केई जीव समकित पाई अर्ध | ३७४ |
| कहै सुगुरु जो समकिती | २०५ | केई मिथ्याद्रिष्टी जीव धरै | ३०१ |
| कहौं दसम गुनथान दुसाखा | ४०० | केई मूढ़ विकल एकंत पच्छ गहैं | २५४ |
| कहौं मुकित–पदकी कथा | ३१२ | केवलग्यान निकट जहँ आवै | ४०१ |
| कहौं सुद्ध निहचै कथा | १३ | कै अपनौं पद आप संभारत | ४१ |
| कह्यौ प्रथम गुनथान यह | ३७१ | कै तौ सहज सुभाउकै | ३७५ |
| काच बांधै सिरसौं सुमनि बांधै | १७८ | कोऊ अज्ञ कहै ज्ञेयाकार | ३२३ |
| काज विना न करै जिय उद्यम | १४४ | कोऊ अनुभवी जीव कहै | २१८ |
| काया चित्रसारीमैं करम परजंक | १३८ | कोऊ एक छिनवादी कहै | ३३० |
| कायासौं विचारै प्रीति मायाहीसौं | २५९ | कोऊ कुधी कहै ग्यान मांहि | ३२२ |
| काहू एक जैनी सावधान वै परम | २१३ | कोऊ क्रुर कहै काया जीव | ३२६ |
| किये अवस्थामें प्रगट | ३४९ | कोऊ ग्यानवान कहै ग्यान तौ | ३५६ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| कोऊ दुरबुद्धि कहै पहले न हुतौ | ३३७ | ग्यानकौ कारन ज्ञेय आतमा | ३१८ |
| कोऊ पक्षपाती जीव कहै | ३२८ | ग्यानकौ सहज ज्ञेयाकर रूप | २६८ |
| कोऊ पसु ग्यानकी अनंत विचित्राई | ३२१ | ग्यान गरब मति मंदता | ३७७ |
| कोऊ बालबुद्धी कहै | ३३१ | ग्यानचक्र मम लोक | १६२ |
| कोऊ बुद्धिवंत नर निरखै शरीर | ३५ | ग्यान चेतनाके जगे | २८६ |
| कोऊ भाग्यवान कहै | ३५६ | ग्यानद्रिष्टि जिन्हके घट अंतर | ३५० |
| कोऊ महामूरख कहत एक पिंड | ३२९ | ग्यानधर्म अविचल सदा | २७८ |
| कोऊ मिथ्यामती लोकालोक | ३२० | ग्यान बोध अवगम मनन | २३ |
| कोऊ मूढ़ कहै जैसै प्रथम सवांरी | ३१९ | ग्यानभान भासत प्रवान | २८८ |
| कोऊ मूरख यौं कहैं | २७६ | ग्यान–भाव ग्यानी करै | ८० |
| कोऊ मंद कहै धर्म–अधर्म | ३२४ | ग्यान मिथ्यात न एक | ९१ |
| कोऊ सठ कहै जेतौ ज्ञेयरूप | ३२४ | ग्यानवंत अपनी कथा | २८७ |
| कोऊ सिष्य कहै गुरु पांही | ९७ | ग्यानवंतकौ भोग निरजरा–हेतु है | ८२ |
| कोऊ सिष्य कहै स्वामी | १०२ | ग्यान सकति वैराग्य बल | १५६ |
| कोऊ सिष्य कहै स्वामी राग–द्वेष | २७५ | ग्यान सरूपी आतमा | ८० |
| कोऊ सुनवादी कहै ज्ञेयके | ३२५ | ग्यानावरनीकै गयैं जानियै जु है | २४१ |
| **ख** | | ग्यानी ग्यानमगन रहै | १५२ |
| खांडो कहिये कनककौ | ५९ | ग्यानी भेदग्यानसौं विलेछि | २०९ |
| खं विहाय अंबर गगन | २० | ग्यायक भाव जहां तहां | २८५ |
| ख्याति लाभ पूजा मन आनै | ४१३ | ग्रंथ उकत पथ उथपि जो | ३७० |
| **ग** | | ग्रंथ रचै चरचै सुभ पंथ | १३५ |
| गुन परजैमैं द्रिष्टि न दीजै | ३०१ | ग्रीषममैं धूपथित सीतमैं अकंप | ३९४ |
| गुन विचार सिंगार | ३०८ | **घ** | |
| गुरु उपदेश कहा करै | ३४३ | घट घट अंतर जिन बसै | ४१९ |
| ग्यान उदै जिन्हके घट अंतर | १४५ | घटमैं है प्रमाद जब ताई | २३४ |
| ग्यानकला घटघट बसै | १४६ | **च** | |
| ग्यानकला जिनके घट जागी | १५६ | चलै निरखि भाखै उचित | ३९३ |
| ग्यानकौ उजागर सहज सुखसागर | ५ | चाकसौ फिरत जाकौ संसार | ३५० |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| चारितमोहकी च्यारि मिथ्यातकी | ३७८ | जगत चक्षु आनंदमय | ३०५ |
| चित कौरा करि धरमधर | ४१८ | जगतमैं डोलैं जगवासी नररूप | २०१ |
| चित प्रभावना भावजुत | ३७६ | जगमैं अनादिकौ अग्यानी कहै | ६९ |
| चिदानंद चेतन अलख | २० | जगवासी अग्यानी त्रिकाल | २४७ |
| चित्रसारी न्यारी परजंक न्यारौ | १३९ | जगवासी जीवनिसौं गुरु उपदेस | १३७ |
| चिनमुद्राधारी ध्रुव धर्म | २४८ | जगी सुध्द समकित कला | ३५२ |
| चेतन अंक जीव लखि लीन्हा | २५० | जथा अंधके कंधपर | २८६ |
| चेतन करता भोगता | २५५ | जदपि समल विवहारसौं | ४० |
| चेतनजी तुम जागि विलोकहु | ३३८ | जब चेतन संभारि निज पौरुष | ५८ |
| चेतन जीव अजीव अचेतन | ६२ | जब जाकौ जैसौ उदै | १७७ |
| चेतन मंडित अंग अखंडित | २२३ | जब जीव सोवै तब समुझै सुपन | १४० |
| चेतनरूप अनूप अमूरति | ९ | जब यह वचन प्रगट सुन्यौ | २५७ |
| चेतन लक्षन आतमा, आतम | २२० | जबलग ग्यान चेतना न्यारी | २८७ |
| चेतन लच्छन आतमा, जड | १९६ | जबलग जीव सुद्ध वस्तुकौं | १७९ |
| चेतनवंत अनंत गुन परजै | १४ | जब सुबोध घटमैं परगासै | ३०९ |
| चेतनवंत अनंत गुन सहित | ५७ | जबहीतैं चेतन विभावसौं उलटि | २९६ |
| चौदह गुनथानक दसा | ४०६ | जम कृतांत अंतक त्रिदस | २१ |
| च्यारि खिपै त्रय उपशमै | ३८० | जमकौसौ भ्राता दुखदाता है | १५९ |
| **छ** | | जहां काहू जीवको असाता उदै | ४०५ |
| छपकश्रेनी आठैं नवैं | ४०१ | जहां ग्यान किरिया मिलै | २८६ |
| छयउपसम बरतै त्रिविधि | ३८० | जहां च्यारि परकिति खिपहि | ३८१ |
| छय–उपसम वेदक खिपक | ३८१ | जहां तहां जिनवानी फैली | ४१८ |
| छिनमैं प्रवीन छिनहीमैं | २०५ | जहां न भाव उलटि अध आवै | ४०० |
| छीनमोह पूरन भयौ | ४०२ | जहां न रागादिक दसा | ११४ |
| छै षट वेदै एक जौ | ३८१ | जहां परमातम कलाकौ परकास | १७३ |
| छंद सबद अछर अरथ | ४१३ | जहां प्रमाद दसा नहि व्यापै | २३४ |
| **ज** | | जहांलौ जगतके निवासी जीव | १८३ |
| जगतके प्रानी जीति वै रह्यो | ४०६ | जहां सुद्ध ग्यानकी कला उदोत | २८४ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| जाकी दुखदाता–घाती चाकरी | ४०२ | जाहि फरसकै जीव गिर | ४०१ |
| जाकी परम दसा विषै | ३४४ | जाही समै जीव देह बुद्धिकौ | ६८ |
| जाके उदै होत घट–अंतर | ९५ | जिनपद नांहि शरीरकौ | ४५ |
| जाके उर अंतर निरंतर | १४२ | जिन–प्रतिमा जन दोष निकंदै | ३६७ |
| जाके उर अंतर सुद्रिष्टिकी | ३६६ | जिनि प्रतिमा जिन–सारखी | ३६५ |
| जाके उर कुबजा बसै | २८४ | जिनि ग्रंथी भेदी नहीं | ३७१ |
| जाके घट ऐसी दसा | ३५२ | जिन्हकी चिहुंटी चिमटासी | २३१ |
| जाके घट अंतर मिथ्यात | ३५३ | जिन्हकी सहज अवस्था ऐसी | २३९ |
| जाके चेतन भाव चिदानंद सोइ | २२२ | जिन्हके सुद्दष्टिमै अनिष्ट इष्ट | १५८ |
| जाक देह–द्युतिसौं दसौं दिसा | ४४ | जिन्हके देहबुद्धि घट अंतर | ३०३ |
| जाके परगासमैं न दीसैं | ११८ | जिन्हकी मिथ्यामति नही | २३० |
| जाके मुख दरससौं भगतके | ३६५ | जिन्हके हियेमैं सत्य सुरज | १४७ |
| जाके मुकति समीप | ३३७ | जिन्हकै दरब मिति साधन | २१६ |
| जाकै घट प्रगट विवेक | ८ | जिन्हकैं धरम ध्यान पावक | २३१ |
| जाकै घट समता नही | २२८ | जिन्हकैं सुमतिजागी | २२२ |
| जाकै पद सोहत सुलच्छन | ४० | जिन्हिके वचन उर धारत | ४ |
| जाकै राज सुचैनसौं | ४२१ | जिय करता जिय भोगता | २५४ |
| जाकै वचन श्रवन नहि | ३४५ | जिहि उतंग चढि फिर पतन | २४१ |
| जाके हिरदैमैं स्याद्वाद साधना | ३५४ | जीव अनादि सरूप मम | २९१ |
| जाकौ अधो अपूरब अनवृति | ३३६ | जीव अरु पुद्गल करम रहैं | २५१ |
| जाकौ तन दुख दहलसौं | ३७० | जीव करम करता नहि ऐसैं | २४५ |
| जाकौ विकथा हित लगै | ३४५ | जीव करम संजोग | २७४ |
| जाति लाभ कुल रूप तप | ३७६ | जीव ग्यानगुन सहित | ७० |
| जामैं धूमकौ न लेश वातकौ न | १५३ | जीव चेतना संजुगत | ८१ |
| जामैं बालपनौं तरुनापौ | ४५ | जीव तत्त्व अधिकार यह | ५५ |
| जामैं लोक वेद नांहि थापना | २२७ | जीव निरजीव करता करम | २३ |
| जामैं लोकालोकके सुभाव | ४६ | जीव मिथ्यात न करै | ९२ |
| जासौं तू कहत यह संपदा हमारी | २०२ | जूवा आमिष मदिरा दारी | ३४६ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| जे अविकलपी अनुभवी | २३६ | जैसैं काहू देसमें सलिल धारा | ४१४ |
| जे असुद्ध परनति धरैं | २५२ | जैसैं काहू देसकौ बसैया | १५१ |
| जे केई निकटभव्यरासी | ११५ | जैसैं काहू नगरकै बासी | ३४२ |
| जे जिय मोह नींदमैं सौवैं | १७८ | जैसैं काहू बाजीगर चौहटै | ८७ |
| जे जीव दरबरूप तथा | ३५१ | जैसैं काहू रतनसौं बीध्यौं है | ११ |
| जे जे मनवंछित विलास | १५० | जैसैं कोऊ एकाकी सुभट | ४१० |
| जे जे मोह करमकी परनति | १९४ | जैसैं कोऊ कूकर छुधित | १९२ |
| जेते जगवासी जीव | १०९ | जैसैं कोऊ छुधित पुरुष | ३७२ |
| जेते जीव पंडित खयोपसमी | ११६ | जैसैं कोऊ जन गयौ | ४९ |
| जेते मनगोचर प्रगट–बुद्धि | १११ | जैसैं कोऊ पातुर बनाय | ५२ |
| जे दुरबुद्धि जीव | ३४० | जैसैं कोऊ मनुष्य अजान | २१० |
| जे न करैं नयपच्छ विवाद | ८४ | जैसैं कोऊ मूरख महासमुद्र | १० |
| जे निज पूरब कर्म उदै | १५७ | जैसैं कोऊ सुभट सुभाइ | १८५ |
| जे परमादी आलसी | २३५ | जैसैं गजराज नाज घासके | ७६ |
| जे परिनाम भए नहिं कबही | ३९९ | जैसैं गजराज परयौ | १७७ |
| जे प्रमाद संजुगत गुसांई | २३४ | जैसैं चंद किरनि प्रगटि भूमि | २७३ |
| जे मिथ्यामति तिमिरसौं | २५२ | जैसैं छैनी लोहकी | २१४ |
| जे विवहारी मूढ नर | ३०३ | जैसैं तृण काठ बांस | ३१ |
| जे समकिती जीव समचेती | २३९ | जैसैं नर खिलार चौपारिकौ | २८२ |
| जैसैं उसनोदकमैं उदक–सुभाव | ७९ | जैसैं नर खिलार संतरजकौ | २८३ |
| जैसैं एक जल नानारूप | ८९ | जैसैं नाना बरन पुरी बनाइ | १९५ |
| जैसैं रजसोधा रज सोधिकैं | १२७ | जैसैं निसि वासर कमल रहै | १३२ |
| जैसैं एक पाकौ आंबफल | ३५६ | जैसैं पुरुष लखै परवत चढि | २३६ |
| जैसैं वट वृक्ष एक तामें फल हैं | ४१० | जैसैं फिटकड़ी लोद हरड़ेकी | १५० |
| जैसैं करवत एक काठ | ६४ | जैसैं बनवारीमैं कुधातके | ३१ |
| जैसैं काहू चतुर संवारी है | २६६ | जैसैं भूप कौतुक सरुप करै | १३१ |
| जैसैं काहू चंडाली जुगल पुत्र | ९६ | जैसैं मतवारो कोऊ कहै | १०६ |
| जैसैं काहू जंगलमैं पावसकौ | ३४२ | जैसैं महा धूपकी तपतिमैं | ७७ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| जैसैं महारतनकी ज्योतिमैं | ८७ | जो दुरमती विकल अग्यानी | २५२ |
| जैसैं महिमंडलमैं नदीकौ प्रवाह | १९६ | जो दुहुपनमैं एक थौ | २५७ |
| जैसैं मुगध धान पहिचानै | ३०२ | जो नर सम्यकवंत कहावत | १३४ |
| जैसैं मृग मत्त वृषादित्यकी | १९० | जो नव करम पुरानसौं | १८ |
| जैसैं रवि–मंडलके उदै | ३३ | जो नवकरि जीरन करै | १६ |
| जैसैं राजहंसके वदनके | ७८ | जो नाना विकलप गहै | ३७० |
| जैसैं रंक पुरुषकै भायैं | १८६ | जो निहचै निरमल सदा | २४५ |
| जैसैं सलिल समूहमैं | १५ | जो नौ बाडि सहित विधि साधै | ३८८ |
| जैसैं सांख्यमती कहैं अलख | २५५ | जो पद भौपद भय हरै | १४० |
| जैसो जो दरब ताके तैसो गुन | ७० | जो परगुन त्यागंत | १६७ |
| जैसो जो दरब तामैं तैसोई सुभाउ | १५४ | जो पुमान परधन हरै | २२४ |
| जैसो निरभेदरूप निहचै | २९५ | को पुरवकृत करम फल | २९३ |
| जो अडोल परजंक मुद्राधारी | ४०३ | जो पुरवकृत करम विरख | २९४ |
| जो अपनी दुति आप विराजत | २५ | जो पुरव सत्ता करम | १८ |
| जो अरि मित्र समान विचारै | ३८७ | जो बिनु ग्यान किया अवगाहै | १३६ |
| जोई इकंत नय पच्छ गहि | ३६९ | जो मन विषय कषायमैं | २०७ |
| जोई करम उदोत धरि | १७ | जो मिथ्या दल उपसमै | ३७१ |
| जोई जीव वस्तु अस्ति | ३३५ | जो मुनि संगीतमैं रहै | ३९७ |
| जोई द्रिग ग्यान चरनातम | ३०० | जो मैं आपा छांडि दीनौ | ३६३ |
| जो उदास वै जगतसौं | ३४४ | जो विलसै सुख संपदा | २६३ |
| जो उपयोग स्वरूप धरि | १८ | जो विवेक विधि आदरै | ३८९ |
| जो कबहूं यह जीव पदारथ | १२३ | जो विशुद्ध भावनि बंधै | १७ |
| जोग धरैं रहै जोगसौं भिन्न | २६ | जो सचित भोजन तजै | ३८७ |
| जो जगकी करनी सब ठानत | १९७ | जो सामायिकको दसा | ३८७ |
| जो दयालता भाव सो | २९९ | जो सुछंद वरतै तजि डेरा | ३९० |
| जो दरवास्रव रूप न होई | १११ | जो सुवचन रुचिसौं सुनै | ३४४ |
| जो दसधा परिग्रहको त्यागी | ३८९ | जो संवरपद पाइ अनंदै | १३० |
| जो दिन ब्रह्मचर्य व्रत पालै | ३८८ | जो स्ववस्तु सत्तारुप | १६४ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| जो हितभाव सु राग है | ११४ | तन चेतन विवहार एकसे | ४८ |
| जौलौं अष्ट कर्मको विनास नांही | १०४ | तनता मनता वचनता | १७ |
| जौलौं ज्ञानकौ उदोत तौलौं नहि | १५५ | तब बानारसी मनमहिं आनी | ४२० |
| ज्यौं कलधौत सुनारकी संगति | २२० | ता कारन जगपंथ इत | २३५ |
| ज्यौं घट कहिये घीवकौ | ६० | तातैं आतम धरमसौं | २८९ |
| ज्यौं चिरकाल गड़ी वसुधामहि | ४८ | तातैं चिदभावनिविषै | २७७ |
| ज्यौं जगमैं विचरै मतिमंद | ११२ | तातैं भावित करमकौं | २५४ |
| ज्यौं ज्यौं पुग्गल बल करै | २७६ | तातैं मेरै मतविषैं | २५६ |
| ज्यौं तन कंचुक त्यागसौं | ३२७ | तातैं विषै कषायसौं | २०७ |
| ज्यौं दीपक रजनी समै | २७७ | तामैं कवितकला चतुराई | ४१९ |
| ज्यौं नट एक धरै बहु भेख | २२१ | तियथल बास प्रेम रुचि निरखन | ३८८ |
| ज्यौं नर कोउ गिरै गिरिसौं तिहि | २९ | तिहूं लोकमांहि तिहूं काल सब | १८२ |
| ज्यौं पंथी ग्रीषम समै | १५ | तीन काल अतीत अनागत | २३० |
| ज्यौं माटीमैं कलस होनकी | ८३ | तीनसै दसोत्तर सोरठा दोहा | ४२१ |
| ज्यौं वरषै वरषा समै | ३३८ | तो गरंथ अति सोभा पावै | ३१२ |
| ज्यौं हिय अंध विकल | २४९ | त्याग जगो परवस्तु सब | १४९ |
| जंह ध्रुवधर्म कर्मछय लच्छन | ३८ | त्यौं सुग्यान जानै सकल | २७८ |
| **झ** | | **थ** | |
| झूठी करनी आचारै | २२८ | थविरकलपि जिनकलपि | ३९४ |
| **ठ** | | थविरकलपि धर कछुक सरागी | ३९८ |
| ठौर ठौर रकतके कुंड | १९९ | थिति पूरन करि जो करम | १९ |
| **ड** | | थिति सागर तेतीस | ३८३ |
| डूंघा प्रभु चूंघा चतुर | ३४४ | **द** | |
| डूंघा सिद्ध कहै सब कोऊ | ३४५ | दया–दान–पूजादिक विषय | ८२ |
| **त** | | दरब करम करता अलख | २६७ |
| तजि विभाव हूजै मगन | ३०१ | दरब करम पुग्गल दसा | २८२ |
| तत्त्वकी प्रतीतिसौं लख्यौ है | ४१ | दरबकी नय परजायनय दोऊ | ८८ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| दरवित ये सातौं विसन | ३४७ | **न** | |
| दरसन–ग्यान–चरन त्रिगुनातम | ३८ | नख सिख मित परवांन | १६१ |
| दरसन ग्यान चरन दसा | २९९ | नगर आगरे मांहि विख्याता | ४१७ |
| दरस विलोकनि देखनौं | २२ | नटबाजी विकलप दसा | २६६ |
| दर्व खेत काल भाव च्यारौं | ३१५ | नाटक समैसार हित जीका | ४२० |
| दर्व भाव विधि संजुगत | ३८६ | नाना विधि संकट दसा | ३९७ |
| दर्वित आस्त्रव सो कहिए जहं | ११० | नाम साध्य–साधक कह्यौ | २६२ |
| दर्सन विसुद्धिकारी बारह विरत– | ३८५ | निज निज भाव क्रियासहित | २५० |
| दसधा परिग्रह–वियोग–चिंता | १६० | निजरूपा आतम सकति | ३५८ |
| दुरबुद्धि मिथ्यामती | २५९ | निपुन विचच्छन विबुध बुध | २२ |
| दूषन अठ्ठारह रहित | ४०४ | निरभिलाष करनी करै | २४९ |
| देखु सखी यह ब्रह्म विराजित | ३७० | निरभै निराकुल निगम वेद | २९५ |
| देव कुदेव सुगुरु कुगुरु | ३७० | नियत एक विवहारसौं | ३६७ |
| देवमूढ गुरुमूढ़ता | ३७७ | निराकार चेतना कहावै दरसन | २१९ |
| देह अचेतन प्रेत–दरी रज | १९७ | निराकार जो ब्रह्म कहावै | २७१ |
| **ध** | | निराबाध चेतन अलख | ६० |
| धरति धरम फल हरति | २१४ | निसि दिन मिथ्याभाव बहु | ९० |
| धरम अरथ अरु काम सिव | १८० | निहचै अभेद अंग उदै गुनकी | २६४ |
| धरमकौ साधन जु वस्तुकौ | १८१ | निहचै दरबद्रिष्टि दीजै | ३५९ |
| धरम न जानत बखानत | ८ | निहचै निहारत सुभाव | २४६ |
| धर्मदास ये पंचजन | ४१८ | निहचैमैं रूप एक विवहारमैं | २८ |
| धर्ममैं न संसै सुभकर्म | १६८ | नै अनंत इहबिधि कही | ३१३ |
| धर्मराग विकथा वचन | ३९२ | नंदन बंदन थुति करन | २३३ |
| धायौ सदा काल पै न पायौ | २०६ | **प** | |
| धीरके धरैया भवनीरकै | २३८ | पद सुभाव पुरब उदै | २६२ |
| ध्यान धरै करै इन्द्रिय–निग्रह | १३६ | परकी संगति जो रचै | २२४ |
| | | परकौं पापारंभकौ | ३९० |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| परमपुरुष परमेसुर परमज्योति | १९ | प्रगटरुप संसारमैं | ३०७ |
| परम प्रतीति उपजाय गनधरकीसी | ५५ | प्रगटि भेदविग्यान आपगुन | १२८ |
| परम रूप परतच्छ | १६५ | प्रथम अज्ञानी जीव कहै | ६७ |
| पर सुभावमैं मगन है | २७८ | प्रथम एकांत नाम मिथ्यात | ३६९ |
| परिग्रह त्याग जोग थिर तीनौं | २३९ | प्रथम करन चारित्रकौ | ३९८ |
| पाटी बांधी लोचनिसौं सकुचै | २०० | प्रथम नियत नय दूजी | ८६ |
| पांडे राजमल्ल जिनधर्मी | ४१७ | प्रथम निसंसै जानि | १६८ |
| पाप अधोमुख एन अघ | २१ | प्रथम मिथ्यात दूजौ सासादन | ३६९ |
| पाप–पुन्नकी एकता | १०९ | प्रथम सुद्रिष्टिसौ सरीररूप | २०८ |
| पाप बंध पुन्न बंध दुहूंमैं | ९८ | प्रथम सिंगार वीर दूजौ रस | ३०७ |
| पुग्गलकर्म करै नहि जीव | ८० | प्रभु सुमरौ पूजौ पढ़ौ | १४४ |
| पुद्गल परिनामी दरब | ८१ | प्रज्ञा धिसना सेमुसी | २१ |
| पुन्य सुकृत ऊरध वदन | २१ | **फ** | |
| पुव्वकरमविष तरु भए | २९३ | फरस जीभ नासिका | १६३ |
| पूरव करम उदै रस भुंजै | १४९ | फरस–बरन–रस–गंध | १५ |
| पूरव अवस्था जे करम–बंध कीने | ११३ | **ब** | |
| पूरब बंध उदय नहि व्यापै | २३९ | बरनै सब गुनथानके | ३६८ |
| पूर्व उदै सनबंध | १३३ | बहुत बढ़ाई कहालौं कीजै | ४१९ |
| पूर्व बंध नासै सोतो संगीत कला | १६९ | बहुविधि क्रिया कलेससौं | १४६ |
| पंच अकथ परदोष | १६८ | बात सुनि चौंकि उठै बातहीसौं | १४६ |
| पंच अनुव्रत आदरै | ३८६ | बानारसी कहै भैया भव्य सुनौ | ४३ |
| पंच खिपैं इक उपशमै | ३८१ | बालापन काहू पुरुष | २५७ |
| पंच परकार ग्यानावरनकौ नास | ३६१ | बैदपाठी ब्रह्म मांनि निहचै सुरूप | २६३ |
| पंच प्रमाद दसा धरै | ३९२ | बौध छिनकवादी कहै | २५६ |
| पंच भेद मिथ्यातके | ३७० | बंदौं सिव अवगाहना | ९ |
| पंच महाव्रत पालै पंच समिति | ३९२ | बंध द्वार पुरौ भयौ | २१२ |
| पंडित विवेक लहि एकताकी | १४१ | बंध बढावै अंध वै | १७९ |
| प्रकृति सात अब मोहकी | ३७८ | | |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| बंधै करमसौं मूढ ज्यौं | १५७ | मिश्र दसा पूरन भई | ३७३ |
| ब्रह्मग्यान आकासमैं | ४११ | मुकितके साधककौं बाधक | १०३ |
| ब्रह्मग्यान–नभ अंत न आवै | ४११ | मूढ करमकौ करता होवै | १५६ |
| **भ** | | मूढ मरम जानैं नही | २७२ |
| भयौ ग्रंथ संपूरन भाखा | ४०९ | मुनि महंत तापस तपी | २२ |
| भयौ सुध्द अंकूर गयौ | २४० | मुरखकै घट दुरमति भासी | २७८ |
| भावकरम करतव्यता | २५४ | मृषा मोहकी परनति फैली | २९१ |
| भाव पदारथ समय घन | १९ | मैं करता मैं कीन्ही कैसी | १८८ |
| भेदग्यान आरासौं दुफारा करै | २१२ | मैं कीनौं मैं यौं करौं | २८९ |
| भेदग्यान तबलौं भलौ | १२६ | मैं त्रिकाल करनीसौं न्यारा | २९२ |
| भेदग्यान संवर जिन्ह पायौ | १२६ | मोख चलिवेकौ सौंन करमकौ | १२ |
| भेदग्यान साबू भयौ | १२७ | मोख सरुप सदा चिनमूरति | १०१ |
| भेदग्यान संवरनिदान निरदोष | १२५ | मोह मद पाइ जिनि संसारी | १७२ |
| भेदविज्ञान जग्यौ जिन्हके घट | ६ | मोह महातम मल हर | १५२ |
| भेदि मिथ्यात सु बेदि महारस | १२४ | **य** | |
| भेषधरि लोकनिकौं बंचै सो | २९९ | यथा जीव करता न कहावै | २४६ |
| भेषमैं न ग्यान नहि ग्यान गुरु | २९८ | यथा सूत संग्रह विन | २६२ |
| भैया जगवासी तू उदासी व्हैकैं | ५६ | यह अजीव अधिकारकौं | ६७ |
| **म** | | यह एकन्त मिथ्यात पख | २५७ |
| मनवचकाया करमफल | २८९ | यह निचोर या ग्रंथको | ११७ |
| महा धीठ दुखकौ वसीठ | ७४ | यह पंचम गुनथानकी | ३९१ |
| महिमा सम्यकज्ञानकी | १३१ | यह सयोगगुनथानकी | ४०५ |
| माटी भूमि सैलकी सो संपदा | २२९ | या घटमैं भ्रमरुप अनादि | ६३ |
| माया छाया एक है | ३३९ | याहौं नर–पिंडमैं विराजै | २०३ |
| मांसकी गरंथि कुच कंचन–कलस | ४१५ | याही वर्तमानमै भव्यनिकौ | ४२ |
| मिथ्यामति गंठि–भेद जगी | ३८२ | **र** | |
| मिथ्यावंत कुकवि जे प्रानी | ४१५ | रमा संख विष घनु सुरा | ३४९ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| रविकै उदोत अस्त होत दिन दिन | १८९ | वस्तु स्वरुप लखै नही | ४१४ |
| राग विरोध उदै जबलौं तबलौं | २७४ | वह कुबिजा वह राधिका | २८२ |
| राग विरोध विमोह मल | ११४ | वानी जहां निरच्छरी | ४०४ |
| राणाकौसौ बाना लीनै आपा साधै | २१५ | वानी लीन भयौ जग डोलै | ४१३ |
| राम–रसिक अर राम–रस | २३२ | विनसि अनादि असुद्धता | ३५२ |
| रूपकी न झांक हीयैं करमकौ | १९१ | विभाव सकति परनतिसौं विकल | ३६० |
| रूपकी रसीली भ्रम कुलफकी | २८१ | विवहार–द्दष्टिसौं विलोकत | ८५ |
| रूपचंद पंडित प्रथम | ४१८ | विसम भाव जामैं नहीं | ३४८ |
| रूप–रसवंत मूरतीक एक पुद्‌गल | ६१ | वेदनवारौ जीव | १६३ |
| रेतकीसी गढी किधौं मढी है | १९८ | **श** | |
| रे रुचिवंत पचारि कहै गुरु | २०४ | शिष्य कहै प्रभु तुम कह्यौ | २५३ |
| **ल** | | शिष्य कहै स्वामी जीव | ३१४ |
| लक्ष्मी सुबुद्धि अनुभूति कउस्तुभ | ३४८ | शुद्धनय निहचै अकेलौ आपु | ३० |
| लज्जावंत दयावंत प्रसंत | ३८३ | शोभित निज अनुभूति जुत | २५ |
| लहिये और न ग्रंथ उदधिका | ४०९ | श्रवन कीरतन चिंतवन | २१७ |
| लियैं द्रिढ पेच फिरै लोटन | १९१ | **ष** | |
| लीन भयौ विवहारमैं | १४४ | षट प्रतिमा तांई जघन | ३९० |
| लोकनिसौं कछु नातौ न तेरौ | ३३९ | षट् सातैं आठैं नवैं | ४०१ |
| लोक हास भय भोग रूचि | ३७८ | **स** | |
| लोकालोक मान एक सत्ता है | २२५ | सकल–करम–खल–दलन | ३ |
| **व** | | सकल वस्तु जगमैं असहाई | २६९ |
| वचन प्रवांन करैं सुकवि | ४१६ | तरंज खेलै राधिका | २८४ |
| वरतै ग्रंथ जगत हित काजा | ३०९ | सत्तर लाख किरोर मित | ३९१ |
| वरनादिक पुदगल–दसा | ५९ | सत्त्यप्रतीति अवस्था जाकी | ३७५ |
| वरनादिक रागादि यह | ५८ | सदगुरु कहै भव्यजीवनिसौं | ३४ |
| वरनी संवरकी दसा | १३० | सदा करमसौं भिन्न | १९३ |
| वस्तु विचारत ध्यावतैं | १३ | सबदमांहि सतगुरु कहै | ३४१ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| પદ્ય | પૃષ્ઠ | પદ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| सबरसगर्भित मूल रस | ३०९ | सुद्धभाव चेतन असुद्धभाव चेतन | ७५ |
| समकित उतपति चिहन गुन | ३७५ | सुद्ध सुछंद अभेद अबाधित | १२२ |
| समता–रमता उरधता | १६ | सुद्धातम अनुभव जहां | २३३ |
| समता बंदन थुति करन | ३९३ | सुद्धातम अनुभौ कथा | ३०३ |
| समयसार आतम दरब | ४२२ | सुद्धातम अनुभौ क्रिया | ३०५ |
| समयसार नाटक अकथ | ४०९ | सुन प्रानी सदगुरु कहै | १९८ |
| समझैं न ग्यान कहैं करम कियेसौं | १०५ | सो बुध करम दसा रहित | २९३ |
| समैसार नाटक सुखदानी | ४१६ | सोरहसौ तिरानवै बीतै | ४२० |
| सम्यकवंत कहै अपने गुन | २९२ | सोभामैं सिंगार बसै | ३०७ |
| सम्यकवंत सदा उर अंतर | १३३ | संकलेश परिनामनिसौं | ९७ |
| सम्यक सत्य अमोघ सत | २३ | संकलेश भावनि बँधै | १७ |
| सरबविसुद्धी द्धारलौं | ३१० | संजम अंस जग्यौ जहां | ३८६ |
| सरलकौं सठ कहै | १८७ | संतत जाके उदरमैं | १६ |
| सर्वसुद्धी द्वार यह | ३०६ | स्यादवाद अधिकार अब | ३१४ |
| सहै अदरसन दुरदसा | ३९६ | स्यादवाद अधिकार यह | ३३५ |
| सात प्रकृति उपसमहि | ३७९ | स्यादवाद आतमदशा | ३३२ |
| साधी दधि मंथमैं अराधी | २२७ | स्वपर प्रकासक सकति हमारी | ३५७ |
| साध्य सुद्ध केवल दशा | ३३६ | स्वारथके साचे परमारथके साचे | ७ |
| सामायिककीसी दसा | ३८७ | **ह** | |
| सासादन गुनथान यह | ३२९ | हांसीमैं विषाद बसै | ३४० |
| सिद्ध समान रुप निज जानै | २८७ | हिरदै हमारे महा मोहकी | २८८ |
| सिद्धक्षेत्र त्रिभुवनमुकुट | २१ | हिंसा मृषा अदत्त धन | ३९३ |
| सिष्य कहै स्वामी तुम करनी | १०० | है नांही नांही सु है | ३१७ |
| सील तप संजम विरति दान | ९९ | हौं निहचै तिहुँकाल | २७ |
| सुख निधान सक बंध नर | ४२१ | **ज्ञ** | |
| सुगुरु कहै जगमैं रहै | २७७ | | |
| सुगुरु ग्यानकै देह नहि | २९७ | ज्ञेयाकार ग्यानकी परणति | २७० |
| सुद्ध दरब अनुभौ करै | २७२ | ज्ञेयाकार ब्रह्म मल मानै | २७१ |
| सुद्धनयातम आतमकी | ३६ | | |
| सुद्ध बुद्ध अविरूद्ध | १६६ | | |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# श्रीमदमृतचन्दसूरिविरचित नाटक समयसार
# कलशोंकी वर्णानुक्रमणिका


| કળશ | પૃષ્ઠ | કળશ | પૃષ્ઠ |
|---|---|---|---|
| **अ** | | अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी | ७६ |
| अकर्ता जीवोऽयं | २४६ | अज्ञानमय भावानामज्ञानी | ८३ |
| अखण्डितमनाकुलं | ३६ | अज्ञानमेतदधिगम्य | १८३ |
| अचिन्त्यशक्तिः स्वयमेव | १४६ | अज्ञानान्मृगपृष्णिकां जलधिया | ७७ |
| अच्छाच्छा स्वयमुच्छलन्ति | १४२ | अज्ञानी प्रकृतिस्वभाव | २४८ |
| अतो हताः प्रमादिनो | २२८ | अज्ञांन ज्ञानमप्येवं | ८० |
| अतः शुद्धनयायत्तं | ३० | **आ** | |
| अत्यन्तं भावयित्वाविरति | २९४ | आक्रामन्नविकल्पभावमचलं | ८८ |
| अत्र स्याद्वादशुध्यर्थ | ३१४ | आत्मनश्चिन्तयैवालं | ४० |
| अथ महामदनिर्भरमन्थरं | १०९ | आत्मभावान्करोत्यात्मा | ७५ |
| अद्वैताऽपि हि चेतना | २१९ | आत्मस्वभाव परभावभि | ३३ |
| अध्यास्य शुद्धनय | ११५ | आत्मानुभूतिरिति | ३५ |
| अध्यास्यात्मनि सर्वभावभवनं | ३२९ | आत्मानं परिशुद्धमीप्सुभिन्न | २६१ |
| अनन्तधर्मणस्तत्त्वं | २५ | आत्मा ज्ञानं स्वयं ज्ञानं | ८० |
| अनवरतमनन्तै | २२४ | आसंसारत एव धावति | ७४ |
| अनाद्यनन्तमचलं | ६० | आसंसारविरोधिसंवर | १२१ |
| अनेनाध्ववसायेन | १८९ | आसंसारात्प्रतिपदममी | १३७ |
| अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं | २९५ | **इ** | |
| अयि कथमति मृत्वा | ४३ | इति परिचिततत्वै | ४९ |
| अर्थालम्बनकाल एव कलयन् | ३२७ | इति वस्तुस्वभावं स्वं | १९७ |
| अलमलमतिजल्पै | ३०४ | इति वस्तुस्वभावं स्वं | १९६ |
| अवतरति न यावद्वृत्ति | ५० | इति सति मह | ५१ |
| अविचलितचिदात्म | ३६१ | इतीदमात्मनस्तत्त्वं | ३०५ |
| अस्मिन्नानादिनि महत्यविवेकनाटये | ६३ | | |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| કળશ | પૃષ્ઠ | કળશ | પૃષ્ઠ |
|---|---|---|---|
| इतो गतमनेकतां | ३५९ | एकं ज्ञानमनाद्यनंतमचलं | १६६ |
| इत: पदार्थप्रथनावगुण्ठनाद्विना | २९५ | एवं तत्त्वव्यवस्थित्या | ३३२ |
| इत्थं परिग्रहमपास्य समस्तमेव | १४८ | एवं ज्ञानस्य शुद्धस्य | २९७ |
| इत्थं ज्ञानक्रकचकलना | ६४ | एष ज्ञानघनो नित्यमात्मा | ३७ |
| इत्यज्ञानविमूढानां | ३३२ | एषैकैव हि वेदना | १६३ |
| इत्याद्यनेकनिजशक्ति सुनितरो पि | ३३५ | **क** | |
| इत्यालोच्य विवेच्य तत्किल | २०९ | कर्तुर्वेदयितुश्च युक्तिवशतो | २६२ |
| इत्येवं विरचय्य संप्रति | ६९ | कर्तुत्वं न स्वभावोऽस्य | २४५ |
| इदमेकं जगच्चक्षु | ३०५ | कथमपि समुपान्त | ४० |
| इदमेवात्र तात्पर्य्यं | ११७ | कथमपि हि लभन्ते | ४१ |
| इन्द्रजालमिदमेवमुच्छलत् | ८७ | कर्ता कर्ता भवति न यथा | ९२ |
| **उ** | | कर्ता कर्मणि नास्ति नास्ति | ९१ |
| उदयति न नयश्री | ३२ | कर्तारं स्वफलेन यत्किल | १५६ |
| उन्मुक्तमुन्मोच्यमशेष | २९६ | कर्म सर्वमपि सर्वविदो | ९९ |
| उभयनयविरोध | २७ | कर्मैव प्रवितर्क्यं कर्तु हतकै: | २५४ |
| एकस्य वस्तुन इहान्यतरेण सार्द्धं | २५१ | कषाय कलिरेकत: | ३६० |
| एकत्वे नियतस्य शुद्धनयतो | २९ | कान्तयैव स्नपयन्ति ये | ४४ |
| एकत्वं व्यवहारतो न तु | ४८ | कार्यत्वादकृतं न कर्म | २५३ |
| एकमेव हि तत्स्वाद्यं | १४० | कृतकारितानुमननै | २८७ |
| एकश्चितश्चिन्मय एवभावो | २२२ | क्लिश्यन्तां स्वयमेव | १४३ |
| एकस्य बद्धो न तथा परस्य | ८५ | क्वचिल्लसति मेचकं | ३५८ |
| एकज्ञायकभाव निर्भर | १४१ | **घ** | |
| एको दूरात्त्यजति मदिरां | ९६ | घृतकुम्भाभिघानेऽपि | ६० |
| एको मोक्षपथो य एष | ३०१ | **च** | |
| एक: कर्ता चिदहमिह | ६७ | चिच्छक्तिव्याप्तसर्वस्व | ५७ |
| एक: परिणमित सदा | ७२ | चित्पिण्डचण्डमविलासविकास | ३५३ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| કળશ | પૃષ્ઠ | કળશ | પૃષ્ઠ |
|---|---|---|---|
| चित्स्वभावभरभावितभावा | ८७ | द्विधाकृत्य प्रज्ञाक्रकच | २१२ |
| चिरमिति नवतत्त्व | ३१ | **ध** | |
| चित्रात्मशक्तिसमुदायमयो | ३५४ | धीरोदारमहिम्न्यनादिनिधने | ११७ |
| चैद्रूप्यं जडरूपतां च | १२२ | **न** | |
| **ज** | | न करिष्यामि न कारयिष्यामि | २९० |
| जयति सहजतेज: | ३६१ | न करोमि न कारयामि | २८९ |
| जानाति य: स न करोति | १७९ | न कर्म्मबहुलं जगन्न | १७४ |
| जीवाजीवविवेकपुष्कलदृशा | ५५ | न जातु रागादिनिमित्तभाव | १९५ |
| जीवादजीवमिति | ६२ | न द्रव्येन खण्डयामि न क्षेत्रे | ३५६ |
| जीव: करोति यदि पुद्‌गलकर्म | ८० | ननु परिणाम एव किल | २३८ |
| **ट** | | नम: समयसाराय | २५ |
| टङ्कोत्कीर्णविशुद्धबोधविसरा | ३३१ | न हि विदधति बद्ध | ३४ |
| टङ्कोत्कीर्णस्वरस | १६७ | नाश्नुते विषयसेवनेऽपि | १३३ |
| **त** | | नास्ति सर्वोऽपि सम्बन्ध: | २५० |
| तज्जज्ञानस्यैव सामर्थ्य | १३१ | निजमहिमरतानां | १२४ |
| तथापि न निरर्गलं | १७६ | नित्यमविकारसुस्थित | ४५ |
| तदथ कर्म शुभाशुभभेदतो | ९५ | निर्वर्त्यते येन यदत्रकिंचित् | ५९ |
| त्वक्त्वाऽशुद्धिविधायि | २३९ | नि: शेषकर्म्मफलसंन्यसनात्मनैवं | २९३ |
| त्यजतु जगदिदानीं | ४२ | निषिद्धे सर्वस्मिन् | १०० |
| त्यक्तं येन फलं स कर्म | १५७ | नीत्वा सम्यक् प्रलयम | २४४ |
| **द** | | नैकस्य हि कर्तारौ द्वौ | ७३ |
| दर्शनज्ञानचारित्र | २९९ | नैकान्तसङ्गतदृशा स्वयमेव वस्तु | ३५० |
| दर्शनज्ञानचारित्रै | ३९ | नोभौ परिणमत: खलु | ७२ |
| दर्शनज्ञानचारित्रै | ३८ | **प** | |
| दूरं भूरिविकल्पजालगहने | ८९ | पदमिदं ननु कर्म दुरासदं | १४६ |
| द्रव्यलिङ्गममकारमीलतै | ३०३ | परद्रव्यग्रहं कूर्वन् | २२४ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| કળશ | પૃષ્ઠ | કળશ | પૃષ્ઠ |
|---|---|---|---|
| परपरणतिहेतो | २६ | भेदविज्ञानत: सिद्धा: | १२६ |
| परपरिणतिमुज्झत् | ६८ | भेदज्ञानोच्छलन | १२७ |
| परमार्थेन तु व्यकतज्ञा | ३९ | भेदोन्मादं भ्रमरसभरा | १०६ |
| पूर्णैकाच्युतशुद्धबोधमहिमा | २७७ | भोक्तृत्वं न स्वभावोऽस्य | २४७ |
| पूर्वबद्ध निजकर्म | १४९ | **म** | |
| पूर्वालम्बितबोध्यनाशसमये | ३२६ | मग्ना: कर्मनयावलम्बनपरा | १०५ |
| प्रच्युत्य शुद्धनयत: | ११६ | मज्जन्तु निर्भरममी | ५२ |
| प्रत्यक्षालिखितस्फुटस्थिर | ३२३ | मा कर्तारममी स्पृशन्तु | २५५ |
| प्रत्याख्याय भविष्यकर्म | २९१ | मिथ्यादृष्टे: स एवास्य | १८८ |
| प्रमादकलित: कथं भवति | २३५ | मोहविलासाविजृम्भित | २९० |
| प्रज्ञाछेत्री शितेयं | २१३ | मोहाधदहमकार्ष | २८८ |
| प्राकारकवलितांबर | ४६ | मोक्षहेतुतिरोधान | १०२ |
| प्राणोच्छेदमुदाहरन्ति मरणं | १६३ | **य** | |
| प्रादुर्भावविराममुद्रित | ३३० | य एव मुक्त्वा नयपक्षपातं | ८४ |
| **ब** | | यत्तु वस्तु कुरुतेऽन्य वस्तुन: | २७० |
| बन्धच्छेदात्कलयदतुलं | २४० | यत्सन्नाशमुपैतितन्न नियतं | १६४ |
| बहिर्लुठति यद्यपि | २६८ | यदि कथमपिधारावाहिना | १२३ |
| बाह्यार्थग्रहणस्वभावभरतो | ३२१ | यदहकार्षं यदहमचीकरं | २८७ |
| बाह्यार्थै: परिपीतमुज्झित | ३१४ | यदिह भवति रागद्वेष | २७६ |
| **भ** | | यदेतज्ज्ञानात्मात्मा ध्रुवम् | १०१ |
| भावयेद्भेदविज्ञान | १२६ | यस्माद्द्वैतमभूत्पूरा | ३६३ |
| भावास्रवाभावमयं प्रपन्नो | १११ | यत्र प्रतिक्रमणमेव | २३२ |
| भावो रागद्वेषमोहैर्विना | ११० | यादृक ताद‍ृगिहास्ति | १५४ |
| भिन्त्वा सर्वमपि स्वलक्षण | २१८ | यावत्पाक मुपैति कर्मविरति | १०४ |
| भिन्नक्षैत्रनिषण्णबोध्य | ३२४ | ये तु कर्तारमात्मानं | २४९ |
| भूतं भान्तमभूतमेव रभसा | ३४ | ये तु स्वभावनियमं | २५२ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| કળશ | પૃષ્ઠ | કળશ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ये त्वेनं परिहृत्य संवृतिपथ | ३०१ | वस्तु चैकमिह नान्यवस्तुनो | २६९ |
| ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां | ३५० | विकल्पक: परं कर्ता | ९० |
| योऽयं भावो ज्ञानमात्रोऽह | ३५६ | विगलन्तु कर्मविषतरु | २९२ |
| य: करोति स करोति केवलं | ९० | विजहति न हि सत्ता | ११३ |
| य: परणमति: सकर्ता | ७१ | विरम किमपरेणा | ५६ |
| य: पूर्वभावकृतकर्म्म | २९३ | विश्रान्त: परभावभावकलना | ३२८ |
| **र** | | विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा | १९३ |
| रागजन्मनि निमित्ततां | २७७ | विश्वं ज्ञानमिति प्रतर्क्य | ३२० |
| रागद्वेषद्वयमुदयते | २७४ | वृत ज्ञानस्वभावेन | १०१ |
| रागद्वेषविमोहानां | ११४ | वृत्तं कर्मस्वभावेन | १०२ |
| रागद्वेषविभावमुक्तमहसो | २८४ | वृत्त्यंशभेदतोऽत्यन्तं | २५८ |
| रागद्वेषाविह हि भवति | २७४ | वेद्यवेदकविभावचलत्वा | १५० |
| रागद्वेषोत्पादकं तत्वदृष्टया | २७५ | व्यतिरिक्त परद्रव्यादेवं | २९७ |
| रागादयो बन्धनिदानमुक्ता: | १९४ | व्यवहरणनय: स्याद्य | २८ |
| रागादीनां झगिति विगमात् | ११८ | व्यवहारविमूढदृष्टय: | ३०२ |
| रागादीनामुदयमदयं | २१० | व्याप्यव्यापकता तदात्मनि | ७० |
| रागाद्यास्रवरोधतो | १३० | व्यावहारिकदृशैव केवलं | २६७ |
| रागोद्गारमहारसेन सकलं | १७२ | **श** | |
| रुन्धन् बन्धं नवमिति | १६९ | शुद्धद्रव्यनिरूपणार्पित | २७० |
| **ल** | | शुद्धद्रव्यस्वरसभवनात्किं | २७३ |
| लोक: कर्म ततोऽस्तु सोस्तु | १७५ | **स** | |
| लोक: शाश्वत एक एष | १६१ | सकलमपि विहायाह्नाय | ५८ |
| **व** | | संन्यस्तव्यमिदं समस्तमपि | १०३ |
| वर्णादिसामग्र्यमिदं विदन्तु | ५९ | संन्यस्यन्निजबुद्धिपूर्वमिनिशं | १११ |
| वर्णाद्या वा रागमोहादयो वा | ५८ | समस्तमित्येवमपास्य कर्म | २९१ |
| वर्णाद्यै: सहितस्तथा | ६१ | सम्पद्यते संवर एष साक्षा | १२५ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





| કળશ | પૃષ્ઠ | કળશ | પૃષ્ઠ |
|---|---|---|---|
| सम्यग्दष्टय एव साहसमिदं | १५९ | **ह** | |
| सम्यग्दष्टि: स्वयमयमहं | १३४ | हेतुस्वभावानुभवाश्रयाणां | ९७ |
| सम्यग्दष्टे र्भवति नियतं | १३३ | **क्ष** | |
| सर्वत: स्वरसनिर्भरभावं | ५० | क्षणिकमिदमिहैक: | २५६ |
| सर्वत्राध्यवसानमेवमखिलं | १९३ | **ज्ञ** | |
| सर्वस्यामेव जीवन्त्यां | ११२ | ज्ञप्ति: करोतौ नहि भासतेऽन्त: | ९१ |
| सर्वद्रव्यमयं प्रपद्य | ३२४ | ज्ञानमय एव भाव: | ८२ |
| सर्वं सदैव नियतं | १८२ | ज्ञानवान् स्वरसतोऽपि | १५२ |
| सिद्धान्तोऽयमुदात्तचित्र | २२३ | ज्ञानस्य संचेतनयैव नित्यं | २८५ |
| स्थितेति जीवस्य निरन्तराया | ८१ | ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो | ७८ |
| स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य | ८१ | ज्ञानादेव ज्वलनपयसो | ७९ |
| स्याद्वादकौशलसुनिश्चल संयमाभ्यां | ३५१ | ज्ञानिन् कर्म्म न जातु | १५५ |
| स्याद्वाददीपितलसन्महसि प्रकाशे | ३५४ | ज्ञानिनो नहि परिग्रह भावं | १५० |
| स्वशक्तिसंसूचित वस्तुतत्वै | ३६३ | ज्ञानिनो ज्ञाननिर्वृत्ता: | ८२ |
| स्वक्षेत्रस्थितये पृथग्विधि | ३२५ | ज्ञानी करोति न न वेदयते च कर्म | २४९ |
| स्वेच्छासमुच्छलद | ८६ | ज्ञानी जानन्नपीमां | ७१ |
| स्वं रूप किल वस्तुनोऽस्ति | १६५ | ज्ञेयाकारकलङ्कमेचकचिति | ३२२ |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com